
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

(ભાગ-૪)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'પ્રવચનસાર' ઉપરના પ્રવચનો

(ગાથા ૯૩ થી ૧૦૪)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર,
અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

પ્રથમાવૃત્તિ : ૨૯-૦૯-૨૦૦૪
(ઉત્તમ ક્ષમાવણી દિન)
પ્રત : ૧૦૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૪૪ + ૮ = ૪૫૨
પડતર કિંમત : ૧૦૫/-
મૂલ્ય : ૩૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૦૭૫/A
માતૃછાયા - ૪, આંબાવાડી
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૨૦૩૪૭૦

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : (૦૭૯) ૨૧૬૭૬૦૩

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been donated by Vitraag Sat Sahitya Trust who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Pravachan Suddha Part 4 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 December 2011 | First electronic version |

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ' નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ - ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ - જે ૐ ધ્વનિ - તે અહીંયા કહે છે.' અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહા મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું ? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો ! એ છે કહાન ગુરુદેવ !! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે ! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનું મહાન સૌભાગ્ય 'વીતરાગ

સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજાં અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવશે. ચતુર્થ ભાગના આ પ્રવચનોમાં કુલ ૨૯ પ્રવચનો છે. જેમાં ૯૩થી ૧૦૪ ગાથાઓનો સમાવેશ થાય છે. આ ગાથાઓ 'દ્રવ્યસામાન્ય અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થ બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્યક્તિગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્યક્તિગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી.** પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન પામે. તેના ફળસ્વરૂપે 'પ્રવચન સુધા' ભાગ–૩ પ્રકાશિત કરતા અમોને અત્યંત હર્ષ થાય છે.

મે. હેવિકા ફાઉન્ડેનશ, લંડન તરફથી રૂ. ૨૫,000/- પ્રાપ્ત થયેલ છે. જેમનો અત્રે હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. તદ્ઉપરાંત વીસ હજાર રૂપિયાથી નીચે આવેલ દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. તથા આ પ્રવચનોના પ્રકાશનાર્થ અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ

પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય, એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**શ્રાવણ વદ-૨, તા. ૩૧-૦૮-૨૦૦૪**
**(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની**
**૯૧મી જન્મ જયંતી)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




## અનુક્રમણિકા


| સળંગ પ્રવચન ક્રમાંક | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પ્રવચન–૮૬ | ગાથા–૯૩ | ૦૦૭ |
| પ્રવચન–૮૭ | ગાથા–૯૩ | ૦૧૩ |
| પ્રવચન–૮૮ | ગાથા–૯૩ | ૦૨૮ |
| પ્રવચન–૮૯ | ગાથા–૯૩, ૯૪ | ૦૪૪ |
| પ્રવચન–૯૦ | ગાથા–૯૪ | ૦૬૩ |
| પ્રવચન–૯૧ | ગાથા–૯૪ | ૦૭૮ |
| પ્રવચન–૯૨ | ગાથા–૯૪ | ૦૯૧ |
| પ્રવચન–૯૩ | ગાથા–૯૫ | ૧૦૮ |
| પ્રવચન–૯૪ | ગાથા–૯૫ | ૧૨૩ |
| પ્રવચન–૯૫ | ગાથા–૯૬ | ૧૪૪ |
| પ્રવચન–૯૬ | ગાથા–૯૬, ૯૭ | ૧૫૯ |
| પ્રવચન–૯૭ | ગાથા–૯૭, ૯૮ | ૧૭૭ |
| પ્રવચન–૯૮ | ગાથા–૯૮ | ૧૯૪ |
| પ્રવચન–૯૯ | ગાથા–૯૮ | ૨૦૮ |
| પ્રવચન–૧૦૦ | ગાથા–૯૮, ૯૯ | ૨૨૪ |
| પ્રવચન–૧૦૧ | ગાથા–૯૯ | ૨૪૨ |
| પ્રવચન–૧૦૨ | ગાથા–૯૯ | ૨૫૫ |
| પ્રવચન–૧૦૩ | ગાથા–૯૯, ૧૦૦ | ૨૬૭ |
| પ્રવચન–૧૦૪ | ગાથા–૧૦૦ | ૨૮૪ |
| પ્રવચન–૧૦૫ | ગાથા–૧૦૦ | ૨૯૬ |
| પ્રવચન–૧૦૬ | ગાથા–૧૦૦ | ૩૦૭ |
| પ્રવચન–૧૦૭ | ગાથા–૧૦૦ | ૩૨૦ |
| પ્રવચન–૧૦૮ | ગાથા–૧૦૦ | ૩૩૩ |
| પ્રવચન–૧૦૯ | ગાથા–૧૦૦, ૧૦૧ | ૩૪૬ |
| પ્રવચન–૧૧૦ | ગાથા–૧૦૧ | ૩૬૨ |
| પ્રવચન–૧૧૧ | ગાથા–૧૦૧ | ૩૭૪ |
| પ્રવચન–૧૧૨ | ગાથા–૧૦૨ | ૩૯૦ |
| પ્રવચન–૧૧૩ | ગાથા–૧૦૩ | ૪૦૫ |
| પ્રવચન–૧૧૪ | ગાથા–૧૦૪ | ૪૨૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।।१।।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।।२।।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।।३।।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।।१।।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।।२।।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

**नमः श्रीसिद्धेभ्यः**

# પ્રવચન સુધા

ભાગ-૪

अथ ज्ञेयतत्त्वप्रज्ञापनम्। तत्र पदार्थस्य सम्यग्द्रव्यगुणपर्यायस्वरूपमुपवर्णयति -

**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि।**
**तेहिं पुणो पज्जाया पज्जयमूढा हि परसमया।।९३।।**
**अर्थः खलु द्रव्यमयो द्रव्याणि गुणात्मकानि भणितानि।**
**तैस्तु पुनः पर्यायाः पर्ययमूढा हि परसमयाः।।९३।।**

इह किल यः कश्चन परिच्छिद्यमानः पदार्थः स सर्व एव विस्तारायतसामान्यसमुदायात्मना द्रव्येणाभिनिर्वृत्तत्वाद्द्रव्यमयः। द्रव्याणि तु पुनरेकाश्रयविस्तारविशेषात्मकैर्गुणैरभिनिर्वृत्तत्वाद्गुणात्मकानि। पर्यायास्तु पुनरायतविशेषात्मका उक्तलक्षणैर्द्रव्यैरपि गुणैरप्यभिनिर्वृत्तत्वाद्द्रव्यात्मका अपि गुणात्मका अपि। तत्रानेकद्रव्यात्मकैक्यप्रतिपत्तिनिबन्धनो द्रव्यपर्यायः।

---

इतः ऊर्ध्वं `सत्तासंबद्धेदे' इत्यादिगाथासूत्रेण पूर्णं संक्षेपेण यद्व्याख्यातं सम्यग्दर्शनं तस्येदानीं विषयभूतपदार्थव्याख्यानद्वारेण त्रयोदशाधिकशतप्रमितगाथापर्यन्तं विस्तरव्याख्यानं करोति। अथवा द्वितीयपातनिका-पूर्वं यद्व्याख्यातं ज्ञानं तस्य ज्ञेयभूतपदार्थान् कथयति। तत्र त्रयोदशाधिकशतगाथासु मध्ये प्रथमतस्तावत् `तम्हा तस्स णमाइं' इमां गाथामादिं कृत्वा पाठक्रमेण पञ्चत्रिंशद्गाथापर्यन्तं सामान्यज्ञेयव्याख्यानं, तदनन्तरं `दव्वं जीवमजीवं' इत्याद्येकोनविंशतिगाथापर्यन्तं विशेषज्ञेयव्याख्यानं अथानन्तरं `सपदेसेहिं समग्गो लोगो'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



स द्विविधः, समानजातीयोऽसमानजातीयश्च। तत्र समानजातीयो नाम यथा अनेकपुद्गलात्मको द्व्यणुकस्त्र्यणुक इत्यादि; असमानजातीयो नाम यथा जीवपुद्गलात्मको देवो मनुष्य इत्यादि । गुणद्वारेणायतानैक्यप्रतिपत्तिनिबन्धनो गुणपर्यायः। सोऽपि द्विविधः, स्वभावपर्यायो विभावपर्यायश्च। तत्र स्वभावपर्यायो नाम समस्तद्रव्याणामात्मीयात्मीयागुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीय-मानषट्स्थानपतितवृद्धिहानिनानात्वानुभूतिः, विभावपर्यायो नाम रूपादीनां ज्ञानादीनां वा स्वपरप्रत्ययप्रवर्तमानपूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषानेकत्वापत्तिः। अथेदं दृष्टान्तेन द्रढयति - यथैव हि सर्व एव पटोऽवस्थायिना विस्तारसामान्यसमुदायेनाभिधावताऽऽयत-सामान्यसमुदायेन चाभिनिर्वर्त्यमानस्तन्मय एव, तथैव हि सर्व एव पदार्थोऽवस्थायिना विस्तारसामान्यसमुदायेनाभिधावताऽऽयतसामान्यसमुदायेन च द्रव्यनाम्नाभिनिर्वर्त्यमानो द्रव्यमय एव। यथैव च पटेऽवस्थायी विस्तारसामान्यसमुदायोऽभिधावन्नायतसामान्यसमुदायो वा

---

इत्यादिगाथाष्टकपर्यन्तं सामान्यभेदभावना, ततश्च `अत्थित्तणिच्छिदस्स हि' इत्याद्येकपञ्चाशद्गाथापर्यन्तं विशेषभेदभावना चेति द्वितीयमहाधिकारे समुदायपातनिका। अथेदानीं सामान्यज्ञेयव्याख्यानमध्ये प्रथमा नमस्कारगाथा, द्वितीया द्रव्यगुणपर्यायव्याख्यानगाथा, तृतीया स्वसमयपरसमयनिरूपणगाथा, चतुर्थी द्रव्यस्य सत्तादिलक्षणत्रयसूचनगाथा चेति पीठिकाभिधाने प्रथमस्थले स्वतन्त्रगाथाचतुष्टयम्। तदनन्तरं `सब्भावो हि सहावो' इत्यादिगाथाचतुष्टयपर्यन्तं सत्तालक्षणव्याख्यानमुख्यत्वं, तदनन्तरं `ण भवो भंगविहीणो' इत्यादिगाथात्रयपर्यन्तमुत्पादव्ययध्रौव्यलक्षणकथनमुख्यता, ततश्च `पाडुब्भवदि य अण्णो' इत्यादिगाथाद्वयेन द्रव्यपर्यायगुणपर्यायनिरूपणमुख्यता। अथानन्तरं `ण हवदि जदि सद्दव्वं' इत्यादिगाथाचतुष्टयेन सत्ताद्रव्ययोरभेदविषये युक्ति कथयति, तदनन्तरं `जो खलु दव्वसहावो' इत्यादि सत्ताद्रव्ययोर्गुणगुणिकथनेन प्रथमगाथा, द्रव्येण सह गुणपर्याययोरभेदमुख्यत्वेन `णत्थि गुणो त्ति व कोई' इत्यादि द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयं, तदनन्तं द्रव्यस्य द्रव्यार्थिकनयेन सदुत्पादो भवति, पर्यायार्थिकनयेनासदित्यादिकथनरूपेण `एवंविहं' इतिप्रभृति गाथाचतुष्टयं, ततश्च `अत्थि त्ति य' इत्याद्येकसूत्रेण नयसप्तभङ्गीव्याख्यानमिति समुदायेन चतुर्विंशति गाथाभिरष्टभिः स्थलैर्द्रव्यनिर्णयं करोति। तद्यथा-अथ सम्यक्त्वं कथयति -

**तम्हा तस्स णमाइं किच्चा णिच्चं पि तम्मणो होज्ज।**
**वोच्छामि संगहादो परमट्ठविणिच्छयाधिगमं।।१०।।**

**तम्हा तस्स णमाइं किच्चा** यस्मात्सम्यक्त्वं विना श्रमणो न भवति तस्मात्कारणात्तस्य सम्यक्चारित्रयुक्तस्य पूर्वोक्ततपोधनस्य नमस्यां नमस्क्रियां नमस्कारं कृत्वा **णिच्चं पि तम्मणो**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



गुणैरभिनिर्वर्त्यमानो गुणेभ्यः पृथगनुपलम्भाद्गुणात्मक एव, तथैव च पदार्थेष्ववस्थायी विस्तारसामान्यसमुदायोऽभिधावन्नायतसामान्यसमुदायो वा द्रव्यनामा गुणैरभिनिर्वर्त्यमानो गुणेभ्यः पृथगनुपलम्भाद्गुणात्मक एव। यथैव चानेकपटात्मको द्विपटिका त्रिपटिकेति समानजातीयो द्रव्यपर्यायः, तथैव चानेकपुद्गलात्मको द्व्यणुकस्त्र्यणुक इति समानजातीयो द्रव्यपर्यायः। यथैव चानेककौशेयककार्पासमयपटात्मको द्विपटिका त्रिपटिकेत्यसमानजातीयो द्रव्यपर्यायः, तथैव चानेकजीवपुद्गलात्मको देवो मनुष्य इत्यसमानजातीयो द्रव्यपर्यायः। यथैव च क्वचित्पटे स्थूलात्मीयागुरुलघुगुणद्वारेण कालक्रमप्रवृत्तेन नानाविधेन परिणमनान्नानात्वप्रतिपत्तिर्गुणात्मकः स्वभावपर्यायः, तथैव च समस्तेष्वपि द्रव्येषु सूक्ष्मात्मीयात्मीयागुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीयमानषट्स्थानपतितवृद्धिहानिनानात्वानुभूतिः गुणात्मकः स्वभावपर्यायः। यथैंव च पटे रूपादीनां स्वपरप्रत्ययप्रवर्तमान-

---

**होज्ज** नित्यमपि तद्गतमना भूत्वा **वोच्छामि** वक्ष्याम्यहं कर्ता **संगहादो** संग्रहात्संक्षेपात् सकाशात्। किम्। **परमट्ठविणिच्छयाधिगमं** परमार्थविनिश्चयाधिगमं सम्यक्त्वमिति। परमार्थविनिश्चयाधिगमशब्देन सम्यक्त्वं कथं भण्यत इति चेत् - परमोऽर्थः परमार्थः शुद्धबुद्धैकस्वभावः परमात्मा, परमार्थस्य विशेषेण संशयादिरहितत्वेन निश्चयः परमार्थविनिश्चयरूपोऽधिगमः शङ्काद्यष्टदोषरहितश्च यः परमार्थतोऽर्थावबोधो यस्मात्सम्यक्त्वात्तत् परमार्थविनिंश्चयाधिगमम्। अथवा परमार्थ-विनिश्चयोऽनेकान्तात्मकपदार्थसमूहस्तस्याधिगमो यस्मादिति।।१०।। अथ पदार्थस्य द्रव्यगुणपर्यायस्वरूपं निरूपयति - **अत्थो खलु दव्वमओ** अर्थो ज्ञानविषयभूतः पदार्थः खलु स्फुटं द्रव्यमयो भवति। कस्मात्। तिर्यक्सामान्योर्द्धतासामान्यलक्षणेन द्रव्येण निष्पन्नत्वात्। तिर्यक्सामान्योर्द्धतासामान्यलक्षणं कथ्यते-एककाले नानाव्यक्ति-गतोऽन्वयस्तिर्यक्सामान्यं भण्यते। तत्र दृष्टान्तो यथा-नानासिद्धजीवेषु सिद्धोऽयं सिद्धोऽय-मित्यनुगताकारः सिद्धजातिप्रत्ययः। नानाकालेष्वेकव्यक्तिगतोन्वय ऊर्ध्वतासामान्यं भण्यते। तत्र दृष्टान्तः यथा-य एव केवलज्ञानोत्पत्तिक्षणे मुक्तात्मा द्वितीयादिक्षणेष्वपि स एवेति प्रतीतिः। अथवा नानागोशरीरेषु गौरयं गौरयमिति गोजातिप्रतीतिस्तिर्यक्सामान्यम्। यथैव चैकस्मिन् पुरुषे बालकुमाराद्यवस्थासु स एवायं देवदत्त इति प्रत्यय ऊर्ध्वतासामान्यम्। **दव्वाणि गुणप्पगाणि भणिदाणि** द्रव्याणि गुणात्मकानि भणितानि। अन्वयिनो गुणा अथवा सहभुवो गुणा इति गुणलक्षणम्। यथा अनन्तज्ञान-सुखादिविशेषगुणेभ्यस्तथैवागुरुलघुकादिसामान्यगुणेभ्यश्चाभिन्नत्वद्गुणात्मकं भवति सिद्धजीवद्रव्यं, तथव स्वकीयस्वकीयविशेषसामान्यगुणेभ्यः सकाशादभिन्नत्वात् सर्वद्रव्याणि गुणात्मकानि भवन्ति।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



पूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषाने-कत्वापत्तिर्गुणात्मको विभावपर्यायः, तथैव च समस्तेष्वपि द्रव्येषु रूपादीनां ज्ञानादीनां वा स्वपरप्रत्ययप्रवर्तमानपूर्वोत्तरावस्था-वतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषानेकत्वापत्तिर्गुणात्मको विभावपर्यायः। इयं हि सर्वपदार्थानां द्रव्यगुणपर्यायस्वभावप्रकाशिका पारमेश्वरी व्यवस्था साधीयसी, न पुनरितरा। यतो हि बहवोऽपि पर्यायमात्रमेवावलम्ब्य तत्त्वाप्रतिपत्तिलक्षणं मोहमुपगच्छन्तः परसमाय भवन्ति। ।।९३।।

---

**तेहिं पुणो पज्जाया** तैः पूर्वोक्तलक्षणैर्द्रव्यैर्गुणैश्च पर्याया भवन्ति। व्यतिरेकिणः पर्याया अथवा क्रमभुवः पर्याया इति पर्यायलक्षणम्। यथैकस्मिन् मुक्तात्मद्रव्ये किंचिदूनचरम-शरीराकारगतिमार्गणाविलक्षणः सिद्धगतिपर्यायः तथाऽगुरुलघुकगुणषड्वृद्धिहानिरूपाः साधारण-स्वभावगुणपर्यायाश्च, तथा सर्वद्रव्येषु स्वभावद्रव्यपर्यायाः स्वजातीयविजातीयविभावद्रव्यपर्यायाश्च, तथैव स्वभावविभावगुणपर्यायाश्च `जेसिं अत्थि सहाओ' इत्यादिगाथायां, तथैव `भावा जीवादीया' इत्यादिगाथायां **च पञ्चास्तिकाये** पूर्वं कथितक्रमेण यथासंभवं ज्ञातव्याः। **पज्जयमूढा हि परसमया** यस्मादित्थंभूतद्रव्यगुणपर्यायपरिज्ञानमूढा अथवा नारकादिपर्यायरूपो न भवाम्यहमिति भेदविज्ञानमूढाश्च परसमया मिथ्यादृष्टयो भवन्तीति। तस्मादियं पारमेश्वरी द्रव्यगुणपर्यायव्याख्या समीचीना भद्रा भवतीत्यभिप्रायः।।९३।।

---

હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે. તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (–સાચું) દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વર્ણવે છે :–

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

અન્વયાર્થ :- [अर्थः खलु] પદાર્થ [द्रव्यमयः] દ્રવ્યસ્વરૂપ છે; [द्रव्याणि] દ્રવ્યો [गुणात्मकानि] ગુણાત્મક [भणितानि] કહેવામાં આવ્યાં છે; [तैः तु पुनः] અને વળી દ્રવ્ય તથા ગુણોથી [पर्यायाः] પર્યાયો થાય છે. [पर्ययमूढाः हि] પર્યાયમૂઢ જીવો [परसमयाः] પરસમય (અર્થાત્ મિથ્યાદ્દષ્ટિ) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ટીકા :– આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખોય વિસ્તારસામાન્યસમુદાયાત્મક અને આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (-દ્રવ્યસ્વરૂપ) છે. વળી દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી રચાયેલાં (–ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે. વળી પર્યાયો – કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે તેઓ – જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે. તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે. તે દ્વિવિધ છે : (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય. ત્યાં, (૧) સમાનજાતીય તે – જેવા કે અનેકપુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે; (૨) અસમાનજાતીય તે – જેવા કે જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે. ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. તે પણ દ્વિવિધ છે : (૧) સ્વભાવપર્યાય અને (૨) વિભાવપર્યાય. તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય; (૨) રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે વિભાવપર્યાય.

હવે આ (પૂર્વોક્ત કથન) દૃષ્ટાંતથી દૃઢ કરવામાં આવે છે :–

જેમ આખુંય પટ અવસ્થાયી (–સ્થિર રહેતા) એવા વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા (–વહેતા, પ્રવાહરૂપ) એવા આયતસામાન્યસમુદાય વડે રચાતું થકું તે-મય જ છે, તેમ આખોય પદાર્થ 'દ્રવ્ય'નામના અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા આયતસામાન્યસમુદાય વડે રચાતો થકો દ્રવ્યમય જ છે. વળી જેમ પટમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે, તેમ પદાર્થોમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય – જેનું નામ 'દ્રવ્ય' છે તે –ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે. વળી જેમ અનેકપટાત્મક (–એકથી વધારે વસ્ત્રોના બનેલા) દ્વિપટિક, ત્રિપટિક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેકપુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે; અને જેમ અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેકજીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. વળી જેમ ક્યારેક પટમાં પોતાના સ્થૂલ અગુરુલઘુગુણ દ્વારા કાળક્રમે પ્રવર્તતા અનેક પ્રકારોરૂપે પરિણમવાને લીધે અનેકપણાની પ્રત્તિપત્તિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે; અને જેમ પટમાં, રૂપાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપે અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં, રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે.

ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (–પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી–ઉત્તમ–પૂર્ણ–યોગ્ય છે, બીજી કોઈ નહિ; કારણ કે ઘણાય (જીવો) પર્યાયમાત્રને જ અવલંબીને તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા પરસમય થાય છે.

ભાવાર્થ :– પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય અનંતગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયો બે પ્રકારના છે : (૧) દ્રવ્યપર્યાય; (૨) ગુણપર્યાય. તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારના છે : (૧) સમાનજાતીય – જેમ કે દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે સ્કંધ; (૨) અસમાનજાતીય – જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણપર્યાયો પણ બે પ્રકારના છે : (૧) સ્વભાવપર્યાય – જેમ કે સિદ્ધના ગુણપર્યાયો; (૨) વિભાવપર્યાય – જેમ કે સ્વપરહેતુક મતિજ્ઞાનપર્યાય.

આવું જિનેન્દ્રભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જ યથાર્થ છે. જે જીવો દ્રવ્ય-ગુણને નહિ જાણતા થકા કેવળ પર્યાયને જ અવલંબે છે તેઓ નિજ સ્વભાવને નહિ જાણતા થકા પરસમય છે. ૯૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૩**
**પ્રવચન નં. – ૮૬**
**તા. ૨૭-૫-૭૯**

હવે, આ 'જ્ઞેય અધિકાર' આવે છે. આ 'જ્ઞેય અધિકાર' દર્શન(નો) અધિકાર છે. પહેલો 'જ્ઞાન અધિકાર' છે, આ બીજો 'સમકિત અધિકાર' છે, ત્રીજો 'ચરણાનુયોગ'નો અધિકાર છે. આહા..હા...!

**'હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે.'** આહા..હા...! પહેલાં એ આવી ગયું છે કે, આત્મા જ્ઞાન પ્રમાણે છે, જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે, જ્ઞેય લોકાલોક પ્રમાણે છે. આવી ગયું છે ને ? પહેલાં શરૂઆતમાં (આવી ગયું છે). આત્મા જ્ઞાનપ્રમાણ છે, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે, જ્ઞેય લોકાલોકપ્રમાણ છે. આહા..હા...! એવી તો પહેલી શરૂઆતમાં વાત કરી ગયા છે. એ પણ બાપા, અલૌકિક વાતું છે, ભાઈ ! ભલે સંક્ષેપરુચિ હોય, વિસ્તાર (ન હોય) પણ છતાં એની રુચિમાં તો પૂર્ણ જાણવું અને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ જ હોય છે. આહા..હા...!

એ સંક્ષેપરુચિનો અર્થ (સંવત) ૮૦ની સાલમાં કર્યો હતો. કેટલાં વર્ષ થાય ? પંચાવન (વર્ષ થયાં). 'મૂળચંદજી' ત્યાં બેઠા હતા. અર્થ તો એવો કર્યો હતો કે, 'જુઓ ! સૌ એમ માને કે, અમે સંપ્રદાયમાં છીએ, અમને ભલે વિશેષ જ્ઞાન નથી પણ સંપ્રદાયની દૃષ્ટિ તે સાચી – સમ્યક્ છે. એને સંક્ષેપરુચિ કહીએ એમ નથી.' (સંવત) ૮૦ની વાત છે. ૮૦ની સાલ ! સંવત–૧૯૮૦ ! પંચાવન વર્ષ પહેલાં ! સભા મોટી (હતી) હજારો માણસો (હતા). 'મૂળચંદજી' સાંભળતા હતા એને ગોઠ્યું નહિ. એમ કીધું (કે), 'સંપ્રદાયમાં અમને થોડું જ્ઞાન છે માટે પણ અમે તો બરાબર સમકિતી છીએ, સંક્ષેપરુચિવાળા છીએ, એમ નથી.' સંક્ષેપરુચિનો અર્થ વિસ્તારનું જ્ઞાન નથી પણ વાસ્તવિક તત્ત્વ જે છે તેની દૃષ્ટિ, તેની રુચિ અને તેનું જ્ઞાન છે. તેને સંક્ષેપરુચિ કહેવામાં આવે છે. સંક્ષેપરુચિનો અર્થ એ લોકો એવો કરતા કે, વિશેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવાનું ન હોય પણ ભગવાને કીધું એ સત્ય છે, આપણને સાચો સંપ્રદાય મળ્યો છે, ગણધર જેવા સમકિત અને જ્ઞાન આપણને મળ્યા છે ! હવે આપણે ચારિત્ર કરવાનું બાકી છે.' એમ કહેતા હતા. 'મૂળચંદજી' હતા એ એમ કહેતા હતા. આહા..હા...!

અહીં કહે છે, જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન (કરે છે) એટલે જણાવે છે. **'તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (–સાચું)...'** (અર્થાત્) પદાર્થ – વસ્તુ કઈ રીતે છે ? (તેનું) **'દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વર્ણવે છે :–'** જોયું ? આ દ્રવ્ય, ગુણ, પર્યાય આવ્યા. પહેલેથી શબ્દ ઉપાડ્યા – દ્રવ્ય, ગુણ, પર્યાય. ગાથા :–

**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि।**
**तेहिं पुणो पज्जाया पज्जयमूढा हि परसमया।।९३।।**

**છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,**
**વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.**

અર્થ (એટલે) પદાર્થ. આહા..હા...! પહેલાં એક અન્વયાર્થ લઈએ. પહેલી ગાથા છે ને ? અન્વયાર્થ છે ને ? (**अर्थः खलु**) એટલે પદાર્થ (**द्रव्यमयः**) દ્રવ્યસ્વરૂપ છે; પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્યો ગુણસ્વરૂપ છે. આહા..હા...! એ તો અભેદ એક જ છે એમ કીધું. દ્રવ્યસ્વરૂપ છે તે ગુણસ્વરૂપ જ છે. આ..હા...! એમ કહેવામાં આવ્યા છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. અને વળી દ્રવ્ય અને ગુણોથી (અર્થાત્) જે દ્રવ્ય છે એ સ્વરૂપ છે અને તે દ્રવ્ય ગુણસ્વરૂપ છે. તે દ્રવ્ય અને ગુણોથી પર્યાયો થાય છે. આહા..હા...! (**पर्ययमूढाः**) પર્યાયમૂઢ જીવો. અર્થમાં સમાનજાતીય અને અસમાનજાતીય એમ બધું લીધું છે, સ્વભાવ-વિભાવપર્યાય એમ લીધું છે. લોકોને સમજાય એ રીતે શૈલી લીધી છે. દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી પર્યાય છે. પર્યાયમૂઢ છે તેની દૃષ્ટિ તો પરદ્રવ્ય ઉપર જાય છે. સમાન-અસમાનજાતી ઉપર જાય છે. એ પર્યાયમૂઢ છે. આહા..હા...! અર્થાત્ તે પરસમય મિથ્યાદૃષ્ટિ છે.

**ટીકા :– 'આ વિશ્વમાં...'** પહેલું વિશ્વ લીધું. ઘણા પદાર્થવાળું તત્ત્વ – તેને અહીં વિશ્વ કહે છે. ઘણા પદાર્થથી ભરેલું (છે) તેને વિશ્વ કહે છે. **'આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે...'** જે કોઈ જાણવામાં આવતો વિશ્વમાં પદાર્થ છે, **'તે આખોય...'** આ..હા..હા...! તે પદાર્થ આખોય **'વિસ્તારસામાન્યસમુદાયાત્મક...'** નીચે અર્થ કર્યો છે. 'વિસ્તારસામાન્યસમુદાય =

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિસ્તારસામાન્યરૂપ સમુદાય; વિસ્તાર એટલે પહોળાઈ. દ્રવ્યના પહોળાઈ અપેક્ષાના (– એકસાથે રહેનારા, સહભાવી) ભેદો...' (એટલે કે) ગુણ. પહોળાઈ એટલે આમ તીરછા. ભગવાનઆત્મા કે દરેક વસ્તુ એમાં અનંત ગુણો છે એ આમ તીરછા છે અને પર્યાય છે તે આમ–આયત છે. વિસ્તાર એટલે પહોળાઈ – દ્રવ્યની પહોળાઈ. 'દ્રવ્યના પહોળાઈ અપેક્ષાના (–એકસાથે રહેનારા, સહભાવી) ભેદો...' દ્રવ્યની સાથે રહેનારા એમ નહિ. દ્રવ્યના પહોળાઈ અપેક્ષાએ... આહા..હા...! એકસાથે રહેનારા સહભાવી ભેદો. એ ગુણો છે એ સહભાવી એકસાથે રહે છે. આહા..હા...! અનંતા ! એવા સહભાવી 'ભેદોને (વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે;...' આ..હા...! પહોળાઈ... પહોળાઈ. આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ આમ તીરછા છે. પર્યાય છે તે આમ કાળ અપેક્ષાએ આયત – આમ લાંબી છે. એક પછી એક... એક પછી એક... એક પછી એક...

અહીં કહે છે, 'જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર-વિશેષો...' આમ તીરછા ! 'ગુણો છે. તે વિસ્તાર-વિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ...' દ્રવ્યના વિશેષ ગુણ છે – ભેદો, એમને ગૌણ કરીએ 'તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે.' તે અનંતા ગુણોનું જે સામાન્ય અને વિશેષપણું છે એ એકલું દ્રવ્ય છે, એકલું દ્રવ્ય ભાસે છે. આહા..હા...! વિસ્તારસામાન્ય પહોળાઈથી રહેલા ગુણો (છે) એ ગુણોનું એકરૂપ જે છે તે દ્રવ્ય છે. આહા..હા...! 'એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય (અથવા વિસ્તારસામાન્યસમુદાય) તે દ્રવ્ય છે.' તે વસ્તુ છે. શું કીધું, સમજાણું ?

વસ્તુમાં ગુણો છે એ વિશેષ છે. દ્રવ્ય સામાન્ય છે એમાં આ ગુણો વિશેષ છે. એ અનંતા ગુણોનું વિશેષપણું જે છે એનું વિશેષપણું જો લક્ષમાં ન લો તો એ અનંત ગુણનું રૂપ તે આખું દ્રવ્ય છે, વિસ્તારસામાન્યનું રૂપ તે પદાર્થ છે. આવી ભાષા ! દ્રવ્યમાં ગુણો આમ (તીરછા) રહેલાં છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતા (ગુણો છે) છતાં એ ક્રમે-ક્રમે રહ્યા નથી. અક્રમે સહભાવી ગુણો સાથે રહ્યા છે. દ્રવ્યની સાથે રહ્યા છે એમ નહિ. કેમકે દ્રવ્યની સાથે તો પર્યાય પણ રહી છે પણ અનંતા ગુણો એકસાથે આમ સાથે રહ્યા છે. આહા..હા...! એવા આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય તે દ્રવ્ય છે.

**'અને આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો...'** બીજી અપેક્ષાએ (વાત કરી છે) છે તો દ્રવ્ય એનું એ. વિસ્તારસામાન્યનું દ્રવ્ય જુદું અને આયતસામાન્યનું દ્રવ્ય જુદું એવું કાંઈ નથી. ગુણોનો આમ વિસ્તાર છે એ દ્રવ્યના વિશેષણ વિશેષ હોવાથી એમ કહેવાય પણ એવું વિશેષણ લક્ષણ કાઢી નાખો તો તે સામાન્યવિસ્તાર ગુણો તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? **'અને આયતસામાન્યસમુદાયાત્મક...'** 'આયતસામાન્યસમુદાય = આયતસામાન્યરૂપ સમુદાય. આયત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે લંબાઈ...' આમ (લંબાઈમાં). પર્યાય છે એ એક પછી એક... એક પછી એક... એક પછી એક... આમ થાય છે. ગુણો છે તે એકસાથે અક્રમ છે. પર્યાય ક્રમ છે, ગુણો સહભાવી છે, પર્યાય ક્રમભાવી છે. આહા..હા...!

પદાર્થના અનંત ગુણો છે એ બધા સહભાવી – સાથે છે અને પર્યાય સાથે નથી. પર્યાય એક પછી એક... એક પછી એક આમ લંબાઈમાં અનંતી પર્યાય છે. આહા..હા...! 'કાળ અપેક્ષિત પ્રવાહ. દ્રવ્યના લંબાઈ અપેક્ષાના (–એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી, કાળ-અપેક્ષિત) ભેદોને (–આયતવિશેષોને) પર્યાયો કહેવામાં આવે છે.' એક પછી એક... એક પછી એક... એક પછી એક... એમ ક્રમબદ્ધ–ક્રમભાવી (પર્યાયો છે). આહા..હા...! એમ તો અંદર કીધું ને ? ક્રમભાવી... ક્રમભાવી ! ક્રમે થનારા – એ ક્રબમદ્ધ આવી ગયું. આ..હા...!

ત્યાં ('સમયસાર'માં) ક્રમબદ્ધ વિશેષ કહેવા માટે 'ક્રમનિયમિત' નાખ્યું છે. ક્રમે તો થાય પણ નિશ્ચિત જે સમયે જે થવાની તે થાય. એટલે 'ક્રમનિયમિત' (શબ્દ) 'સર્વવિશુદ્ધ (જ્ઞાન અધિકાર)' નાખ્યો. વસ્તુ ક્રમબદ્ધ છે. એને અહીં 'ક્રમભાવી પર્યાય' કીધી. આહા..હા...! જૂના માણસને પણ કઠણ પડે ! તો તદ્દન બિચારા નવા (હોય), સંપ્રદાયની દૃષ્ટિવાળા હોય એને તો (એમ થાય કે) શું કહે છે આ ? આમાં કાંઈક સામાયિક કરવી, પૌષધ કરવા, પ્રતિક્રમણ કરવા (એવું તો કાંઈ આવતું નથી). સાચી સામાયિક કેમ થાય એની વાત ચાલે છે. અત્યારે તો એ બધી ખોટી સામાયિક, ખોટા પૌષધ અને ખોટા પ્રતિક્રમણ (થાય છે). કેમકે હજી જ્યાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ નથી ત્યાં અવ્રતનું, પ્રમાદનું અને કષાયનું પ્રતિક્રમણ ક્યાંથી આવ્યું ? આહા..હા...! (અહીંયાં) મિથ્યાત્વના પ્રતિક્રમણની વ્યાખ્યા ચાલે છે અને સમ્યગ્દર્શન થાય અને સમ્યક્જ્ઞાન થાય તેની વાત છે.

(અહીંયાં કહે છે કે) 'તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને ગૌણ કરીએ...' એટલે ? પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... એવા વિશેષ ગૌણ કરીએ તો તે ત્રણેકાળની પર્યાયો તે દ્રવ્ય છે. વિસ્તારસામાન્ય પણ દ્રવ્ય છે અને આમ લંબાઈથી (કહીએ) તો એ પણ દ્રવ્ય જ છે. વિસ્તારસામાન્યનું દ્રવ્ય જુદું અને આયતસમુદાયનું દ્રવ્ય જુદું (છે) એમ નથી. સમજાણું કાંઈ આમાં ? આમ એકસાથે અનંતા ગુણો છે એ પણ વિસ્તારસામાન્ય(રૂપ) દ્રવ્ય છે અને એની દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી જે ત્રિકાળી પર્યાય (છે) તે ત્રિકાલી પર્યાયનો સમુદાય, એ ત્રિકાળી વિશેષ કાઢી નાખો તો (આયત) સમુદાય દ્રવ્ય રહે છે. જેમ વિસ્તારસામાન્યનું દ્રવ્ય છે, એવી જ રીતે આયત(સામાન્ય)સમુદાયનું એ જ દ્રવ્ય છે. વિસ્તારસામાન્યનું દ્રવ્ય જુદું અને આયતસામાન્યનું દ્રવ્ય જુદું (છે) એમ નથી. એ તો બે પ્રકારે સમજાવ્યું છે. એના બે જુદાં-જુદાં દ્રવ્ય નથી. વિસ્તારસામાન્યનું દ્રવ્ય તીરછું છે તે અને લંબાઈસામાન્યનું દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ લંબાયું છે – એમ બે જુદાં (દ્રવ્યો) છે એમ નથી. આહા..હા...! હજી તો દ્રવ્યને, ગુણને, પર્યાયને સમજાવવામાં આ વાત છે. અરે...! શું થાય ?

આહા..હા...! નાની-નાની ઉંમરના જુઓ ને બિચારા અસાધ્ય થઈ જાય ! આ..હા..હા...! બાપુ ! (આ તો) સાધ્ય થવાની વાતું છે. મિથ્યાદૃષ્ટિ છે એ અસાધ્ય છે. અહીં તો બાહ્યથી અસાધ્ય છે. આ..હા...! જેને હજી આ દ્રવ્ય, ગુણ, પર્યાયની વાસ્તવિકતાની ખબરું નથી એ અસાધ્ય પ્રાણી છે. આહા..હા...! એ મિથ્યાત્વમાં અસાધ્ય થઈ ગયા છે. એને સાધ્ય નથી કે આ દ્રવ્ય (છે) તે વિસ્તારસામાન્ય ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે. ત્રિકાળી લંબાઈની પર્યાયો – એક ગુણની એક સમયની પર્યાય અને એવી ત્રિકાળી પર્યાયો તે આખો ગુણ (છે), એવા અનંતા ગુણની પર્યાય અને તે અનંતી પર્યાયના સમુદાય(રૂપ) વિશેષણ કાઢી નાખો તો જેવું વિસ્તારસામાન્યનું દ્રવ્ય છે એ જ પોતે આયતસામાન્યનું દ્રવ્ય છે. હવે આવી ભાષા... વિસ્તારસામાન્ય ને (આયતસામાન્ય) ! 'લાડનુ'માં ક્યાંય સાંભળી હતી ? આહા..હા...! અરે...રે...! આવી વાત છે, બાપા !

આત્મા કહો કે પરમાણુ કહો કે છ દ્રવ્યમાંથી કોઈ પણ દ્રવ્ય (હોય) દ્રવ્ય જ એને કહીએ કે, આમ વિસ્તાર–તીરછા રહેલાં ગુણોનો પિંડલો તે દ્રવ્ય (છે) અને પર્યાયનો આમ (–લંબાઈરૂપ સમુદાય) તે દ્રવ્ય (છે). દ્રવ્ય એટલે આ સામાન્યનું દ્રવ્ય બીજું અને વિસ્તારનું દ્રવ્ય (બીજું છે) એમ નહિ. દ્રવ્ય તો એનું એ (છે). આહા..હા...! લંબાઈની અપેક્ષાએ એક પછી એક... એક પછી એક... એક પછી એક... પર્યાય (થાય છે). કેમકે અનંતી પર્યાયનો પિંડ તે ગુણ (છે) અને અનંતા ગુણનો એકરૂપ વિસ્તાર તે દ્રવ્ય (છે). આ..હા...! એ તો એનું એ થયું. આ..હા...! વિસ્તારસામાન્યથી કહો તોપણ દ્રવ્ય અને આયત–લંબાઈથી પૂર્ણ પર્યાય તે પણ દ્રવ્ય. પર્યાયનો વિશેષ ભાગ ને અનંત ને એવું કાઢી નાખો તો એ અનંતી પર્યાયનો સમુદાય તે જ દ્રવ્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, બાપુ !

વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ એવો અલૌકિક છે ! અને એના ફળ પણ આ..હા..હા..હા...! એનું ફળ અનંત આનંદ !! કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેના ફળમાં થાય ! આ..હા..હા...! જેને અંદર આવા દ્રવ્ય, ગુણ, પર્યાય નિર્વિકલ્પપણે બેઠા... આ..હા..હા...! એ વિસ્તારસામાન્ય અને આયતસમુદાયનું દ્રવ્ય તો તેનું તે (છે એમ) નિર્ણય કરનારી પર્યાય છે. વર્તમાન પ્રગટ પર્યાય ! ભૂત-ભવિષ્યની પર્યાય તો અંદરમાં છે અને આ પ્રગટ પર્યાય છે તે નિર્ણય કરે છે. આ..હા..હા...! કહે છે કે, એ બધી પ્રગટ અને (અપ્રગટ) પર્યાયનો પિંડ (તે) દ્રવ્ય (છે) એમ પર્યાય નિર્ણય કરે છે. પ્રગટ પર્યાય એમ નિર્ણય કરે છે. આહા..હા...! છતાં વળી ૪૯ (ગાથામાં) કહ્યું કે પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી – અડતું નથી (અને) એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી–અડતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા..હા...! એ તો વર્તમાનની અપેક્ષાએ (કહ્યું). (બાકી) ત્રિકાળ પર્યાયનો સમુદાય તે તો દ્રવ્ય છે. ત્રિકાળ ને વિશેષ ને પર્યાય ને એવા ભેદ લક્ષમાંથી કાઢી નાખો તો ત્રિકાળની લંબાઈ(રૂપ) પર્યાય તે દ્રવ્ય છે. આહા..હા...!

**'આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (–દ્રવ્યસ્વરૂપ) છે.'** આ હજી એકલા દ્રવ્યની વ્યાખ્યા કરી. આહા..હા...! હવે એના ગુણોની વ્યાખ્યા કરશે...

ભાઈ ! આ તો દુનિયા, જગત સામે બળવો છે. જેને સુખ જોઈતું હોય તેણે સાચો નિર્ણય કરવો પડશે. આમ સર્વ પ્રકારે પોતાને દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપનો નિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિક્ય બુદ્ધિ ટકી રહે. પ્રસંગ આવ્યે ડામાડોળ ન થઈ જાય માટે બધા પડખે સાચો નિર્ણય કરવો જોઈએ. પણ પક્ષપાતી થઈ દેવાદિની ભક્તિ-પૂજાદિ કરે તો તેથી કાંઈ મિથ્યાત્વ ટળે નહિ.

***(પરમાગમસાર–૭૨૭)***

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૩**
**પ્રવચન નં. – ૮૭**
**તા. ૨૮-૫-૭૯**

'પ્રવચનસાર', ('જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન'ની) પહેલી ગાથા–૯૩. ભગવાનના જ્ઞાનમાં જે છ દ્રવ્ય જણાણાં છે, એમાં દ્રવ્ય કોને કહીએ ? ગુણ કોને કહીએ ? અને પર્યાય કોને કહીએ ? એ જ્ઞાનની વિશેષતા જાણવા માટે સ્વના લક્ષે તેનું જ્ઞાન કરવામાં આવે છે.

અહીંયાં ('સ્વાધ્યાય મંદિર'માં) 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ' એમ લખ્યું હતું ને ? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' ! એક વાર 'થાન'ના (એક ભાઈ) આવ્યા. (એને એમ થયું કે) આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ એટલે ? હજી જૈનમાં પણ દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા અને પર્યાય (કોને કહેવાય) એની પણ ખબર ન મળે ! ઈ કહે, 'આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' (એટલે) અહીં પૈસાવાળા કરોડપતિઓ બહુ આવે છે ઈ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ ?' (અમે) કીધું 'ભાઈ ! ઈ દ્રવ્યનું – પૈસાનું અહીં શું કામ છે ?'

દ્રવ્ય તો આ આત્મા એને અહીં (દ્રવ્ય) કહ્યું. દ્રવ્ય કોને કહીએ ? કે, વિસ્તારસામાન્યસમુદાયનો પિંડ તેને દ્રવ્ય કહીએ. આ ભાષા ! એટલે ? જે આ દ્રવ્ય – વસ્તુ આત્મા છે, એમાં જ્ઞાન, દર્શન (આદિ) અનંત ગુણો(નો) આમ વિસ્તાર છે. વિસ્તારસામાન્યસમુદાયને દ્રવ્ય કહીએ. આત્મામાં આમ તીરછા અનંત ગુણો જે છે એ અનંત છે પણ આમ (તીરછા) છે. પર્યાય એમ નથી, પર્યાય છે ઈ એક પછી એક... એક પછી એક... એમ કાળક્રમે થાય. પર્યાય ક્રમે (થાય) છે અને ગુણ અક્રમે છે. એટલે દ્રવ્ય કોને કહીએ ? આત્મદ્રવ્ય પણ કોને કહીએ ? કે, વિસ્તારસામાન્ય(સ્વરૂપ) જે જ્ઞાન, દર્શન (આદિ) અનંત ગુણો છે તે આમ વિસ્તાર–આમ તીરછા સામાન્ય છે. અનંત ગુણનું સામાન્ય એકરૂપ (છે) તેને દ્રવ્ય કહીએ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજી અપેક્ષાએ દ્રવ્ય કોને કહીએ ? કે, જે આ દ્રવ્ય છે એની ત્રણે કાળની આયત-પર્યાયો છે. ગુણ છે એ આમ સહભાવી એકસાથે અક્રમે છે (અને) પર્યાય ક્રમભાવી છે. અનંત ગુણની એ ક્રમભાવી પર્યાયો એક સમયે અનંતી (છે) એવા ત્રણેકાળની પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. ઈ બન્ને એક જ વાત છે. અનંત ગુણનો તીરછો વિસ્તારસામાન્યસમુદાય તે દ્રવ્ય કે ત્રિકાળી અનાદિઅનંત પર્યાયો છે તેનો સમુદાય (તે) દ્રવ્ય–(એ) બધી એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ ? આવું સાંભળ્યું ન હોય ! સામાયિક કરો ને પૌષધ કરો ને પ્રતિક્રમણ કરો ! મરી ગયો કરી-કરીને અનંતવાર ! તત્ત્વની ખબર ન મળે. દ્રવ્ય કોને કહેવા ? ગુણ કોને કહેવા ? પર્યાય કોને કહેવી ? આહા..હા...! આ દ્રવ્યની વ્યાખ્યા આપણે આવી ગઈ. આજે હવે ગુણની વ્યાખ્યા છે.

દ્રવ્ય એને કહીએ – પરમાણુ હો કે છએ દ્રવ્યમાંથી કોઈ (પણ) દ્રવ્ય (હોય), આત્મા હો કે ધર્માસ્તિ કે અધર્માસ્તિ, આકાશ (કે) કાળ (હોય), ભગવાને જાતિએ છ દ્રવ્ય જોયા છે, સંખ્યાએ અનંત છે. પણ તે અનંત દ્રવ્યનું દ્રવ્ય એને કેમ કહેવું ? કે, એમાં અનંતા ગુણો આમ તીરછા વિસ્તારસામાન્ય અક્રમે એકસાથે રહેલાં છે. તેથી તેના સમુદાયને દ્રવ્ય – વસ્તુ કહીએ અને આયતપર્યાય આમ ત્રણે કાળની છે, એ ત્રણે કાળની પર્યાયમાં એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય છે, એવી જે અનાદિઅનંત પર્યાય-અવસ્થા–હાલત છે, એનો પિંડ તે દ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત છે. (આ) જ્ઞેય અધિકાર (છે). ખરેખર તો આ સમકિતનો અધિકાર છે.

સમ્યક્દ્રષ્ટિ – ધર્મની પહેલી શ્રેણીવાળો; શ્રાવક – પાંચમું ગુણસ્થાન એ તો બહુ જુદી ચીજ છે, આ વાડાના શ્રાવક એ કાંઈ શ્રાવક છે નહિ. આ..હા...! અંતરમાં શ્રાવક થવા પહેલાં સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શનમાં આ આત્મદ્રવ્ય કેવું છે, તેનું એને ત્યાં જ્ઞાન થાય છે. આહા..હા...! સોનામાં જેમ પીળાશ ને ચીકાશ ને વજન આમ એકસાથે છે ને ? એમ આત્માની અંદરમાં આત્માને દ્રવ્ય કેમ કહેવું ? કે, એમાં અનંત જ્ઞાનાદિ ગુણો અનંત... અનંત... અનંત... અનંત... છે પણ બધા આમ વર્તમાન તીરછા વિસ્તાર(સ્વરૂપ) છે. કાળક્રમે વિસ્તાર એ તો પર્યાય છે. આ વિસ્તાર (તીરછો છે). અનંત ગુણનો પિંડ જે સમુદાય તેને દ્રવ્ય કહીએ અથવા ત્રણે કાળની અનાદિઅનંત પર્યાયનો પિંડ (છે) તેને દ્રવ્ય (કહીએ). એ તો એકની એક વાત છે. ગુણથી દ્રવ્ય કીધું, પર્યાયથી દ્રવ્ય કીધું. ત્યાં સુધી તો આવી ગયું છે.

'**વિસ્તારસામાન્યસમુદાયાત્મક...**' (એટલે) વિસ્તારસામાન્ય સમુદાયસ્વરૂપ (અને) આયતસામાન્યસમુદાયસ્વરૂપ '**દ્રવ્યથી રચાયેલો હોવાથી...**' આહા..હા...! આવા ગુણ અને આવા પર્યાયથી રચાયેલો હોવાથી. આહા..હા...! (કોઈએ) રચ્યો હશે ? અનાદિથી ભગવાને (આવો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોયો છે. દરેક પરમાણુ અને આત્મા (છે એમાં સૌના) પોતાના અનંતા ગુણોનો વિસ્તાર (છે) અને પર્યાયનો ક્રમ (છે) એનાથી રચાયેલો એટલે હોવાવાળો (છે) એને દ્રવ્ય કહેવામાં આવે છે, એ દ્રવ્યસ્વરૂપ છે. આહા..હા...!

શ્રોતા :– રચાયેલો એટલે નવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાષા તો શું થાય ? રચાયેલો એટલે એ રીતે છે. દરેક દ્રવ્ય –વસ્તુ ભગવાને દીઠી એમાં કોઈ દ્રવ્યનો કોઈ એક કર્તા નથી. કોઈ ઈશ્વર કર્તા છે એમ નથી. એ દ્રવ્ય પોતે જ અનંત ગુણના વિસ્તારસામાન્યસમુદાયનો પિંડ (છે) અને આયતસામાન્યસમુદાયનો પિંડ (છે). એને દ્રવ્ય એટલે વસ્તુ કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ શું થાય ? બાપુ ! અત્યારે તો તત્ત્વની વાત સમજ્યા વિના બહારની બધી વાતું થોથેથોથા ચાલે. (એમાં) ધર્મ થઈ જાય એમ માને. અરે..રે...! જિંદગી ચાલી જાય છે, ભાઈ ! આહા..હા...!

(એક મુમુક્ષુભાઈ) અહીં બેસતા. હેમરેજ થઈ ગયું (તો) અસાધ્ય થઈ ગયા. આહા..હા...! આ દશા જડની ! જે સમયે જે પર્યાય થવાની એ થવાની જ. એ બધી પર્યાયનો પિંડ તે પરમાણુ છે. આ (શરીર) જે છે, આ કાંઈ એક ચીજ નથી, આ તો અનંતા પરમાણુનો દળ – પિંડ છે. એના કટકા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો Point રહે – છેલ્લી ચીજ (રહે) એને પરમાત્મા જિનેશ્વરદેવ પરમાણુ કહે. પરમ+અણુ ! એ પરમ અણુ પણ વિસ્તારસામાન્યસમુદાય અનંત ગુણનો પિંડ છે અને અનંતી આયત – લંબાઈથી થયેલી, આમ ક્રમે થયેલી પર્યાયનો પિંડ તે પરમાણુ છે.

શ્રોતા :– બન્ને મળીને છે ?

સમાધાન :– બન્ને મળીને એક છે – એક જ વસ્તુ (છે). વિસ્તારસામાન્યનું એક દ્રવ્ય છે અને આયતસામાન્યનું એક (દ્રવ્ય છે) એમ નહિ. આ..હા..હા...! દ્રવ્યની સ્થિતિ આ છે. એને વિસ્તારસામાન્યસમુદાયથી જાણો કે આયતસામાન્યસમુદાયથી (જાણે પણ) દ્રવ્ય આ છે. આ..હા..હા...! દ્રવ્ય એટલે અહીં પૈસો નહિ.

શ્રોતા :– ઈ પણ આમાં લખેલું એવું દ્રવ્ય તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ દ્રવ્ય આ. પૈસો તો અનંત પરમાણુનો પિંડ છે, ઈ એક દ્રવ્ય નથી. પૈસો, આ નોટ, રૂપિયો, સોનું, પાઈ એ તો અનંત પરમાણુનું દળ છે. એમાંનો અનંતમાં ભાગમાં એક પરમાણુ જે છે તે એક-એક પરમાણુ અનંતા સામાન્ય ગુણના વિસ્તારથી ભરેલું તત્ત્વ છે અને (તેની) પર્યાયો અનાદિ-અનંદ છે એનો પિંડ તે પરમાણુ છે. આવી વાત છે ! એ દ્રવ્યની વ્યાખ્યા તો આવી ગઈ. હવે ગુણની વ્યાખ્યા (કહે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**વળી દ્રવ્યો...**' એટલે જગતમાં જે દ્રવ્ય છે, પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા ભગવાને જાતિએ છ (દ્રવ્ય) અને સંખ્યાએ અનંત દ્રવ્ય જોયાં (છે). એમાં '**દ્રવ્યો એક જેમનો આશ્રય છે...**' ગુણ છે અનંત, પણ આશ્રય એનો એક (દ્રવ્ય) છે. આ..હા...! નીચે (અર્થ આપ્યો) છે. 'અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે.'

ભગવાનઆત્મા ! એમાં જ્ઞાન, દર્શન એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ગુણ છે. જે અનંતની સંખ્યાનો પાર ન મળે ! એવા અનંત ગુણો એક દ્રવ્યના આશ્રયે છે. પહેલી દ્રવ્યની વ્યાખ્યા કરી હતી, હવે આ ગુણની વ્યાખ્યા છે. ગુણ કોને કહેવા ? કે, ભગવાનઆત્મા જે એક દ્રવ્ય છે એને આશ્રયે અનંત... અનંત... ગુણો રહ્યાં છે તેને ગુણ કહેવા. એમ પરમાણુ એક છે – એક રજકણ–Point, એમાં પણ વર્ણ, રસ, ગંધ, સ્પર્શાદિ અનંત ગુણ છે તેનો આશ્રય એક પરમાણુ દ્રવ્ય છે. આ..હા..હા...!

આ દ્રવ્ય, ગુણ, પર્યાય તો હજી એકડાના મીંડાની વાતું છે. આહા..હા...! એને (–અજ્ઞાનીને) દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી, (એની) ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય !? આ..હા..હા...! અહીં પ્રભુ કહે છે કે, બાપુ ! તું મૂઢ થઈને અનાદિથી (રખડે છે). દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય કોને કહેવી એની તને ખબર નથી, તેથી વર્તમાન એક સમયની પર્યાય છે (તેને જ પોતાનું સ્વરૂપ માને છે). અહીં સજાતીય અને વિજાતીય (પર્યાયને) ભેગી નાખી છે. બે પરમાણુ ભેગા થઈને, ભેગા થાતા નથી પણ સંયોગ છે એને દ્રવ્યપર્યાય કહીએ. આ..હા...! આત્મા અને અંદર આ મનુષ્ય ગતિ – બન્ને અસમાનજાતી (છે). અસમાનજાતીને દ્રવ્યપર્યાય કહીએ. આહા..હા...! એ વિભાવિક દ્રવ્યપર્યાય (છે). આહા...હા...! વ્યંજનપર્યાય અને અર્થપર્યાય (એમ) શાસ્ત્રમાં બે નામ છે. વ્યંજનપર્યાય એટલે દ્રવ્યપર્યાય. અર્થપર્યાય એટલે દ્રવ્યપર્યાય સિવાયના અનંતા ગુણની પર્યાય તે અર્થપર્યાય (કહેવાય). આહા...હા...! આવું છે.

(અહીં કહે છે) '**દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ...**' વિસ્તારવિશેષસ્વરૂપ ! ઓ..હો..હો...! (એટલે) ગુણો. વિસ્તાર છે ને ? પહેલાં આવી ગયું છે ને ? આત્મામાં એવા વિસ્તારવિશેષો છે. દ્રવ્ય છે એ સામાન્ય છે પણ આ વિસ્તારવિશેષોસ્વરૂપ '**ગુણોથી રચાયેલાં...**' એવા ગુણોથી થયેલા. આ...હા...હા...! છે ? (પહેલાં) એમ કીધું હતું '**દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (–દ્રવ્યસ્વરૂપ) છે.**' અહીં (કહે છે) '**ગુણોથી રચાયેલાં (–ગુણોનાં બનેલાં) હોવાથી...**' ગુણસ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

દ્રવ્યની વ્યાખ્યા કાલે થઈ ગઈ. આ તો આજે ગુણની વ્યાખ્યા આવે છે. ગુણ એટલે દરેક વસ્તુમાં વિસ્તાર(સામાન્યસ્વરૂપ) એક સમયમાં અક્રમે સાથે રહેલા ભાવોને ગુણ કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. તે ગુણ અનંત હોવા છતાં તે ગુણનો આશ્રય દ્રવ્ય એક છે. આહા..હા...! ભગવાનઆત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન એવા અનંત... અનંત... ગુણો છે. વિસ્તાર કીધું ને ? વિસ્તારવિશેષ છે. પરમાણુ સામાન્ય છે અને આ (ગુણો) એના વિશેષો છે. (એવા) '**વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી...**' આ...હા...હા...! એટલે એ શક્તિઓના સત્ત્વથી (રચાયેલા) હોય છે તેથી તેને ગુણસ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

આ જ્ઞેય અધિકાર સમકિતનો અધિકાર છે. જેવું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ છે તેવું ઓળખીને પ્રતીત કરે, તેને આ સમ્યગ્દર્શનનો વિષય છે. હજી તો ચોથા ગુણસ્થાન(ની વાત ચાલે છે). આહા..હા...! પાંચમું અને છઠ્ઠું (ગુણસ્થાન) બાપુ ! એ તો કોઈ અલૌકિક વાતું છે ! આહા...હા...! (આ) ગુણની વ્યાખ્યા આવી. દ્રવ્યની (વ્યાખ્યા) આવી ગઈ, આ ગુણની વ્યાખ્યા (કહી).

'**વળી પર્યાયો–કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે...**' ઓલા (ગુણો) વિસ્તારવિશેષોસ્વરૂપ હતા. પર્યાયો આયતવિશેષોસ્વરૂપ (છે). દ્રવ્ય – આત્મામાં કે પરમાણુમાં એક પછી એક... એક પછી એક... એક પછી એક... એક સમયમાં અનંતી પર્યાયો, (બીજે સમયે) અનંતી, (ત્રીજે સમયે) અનંતી, એમ એક પછી એક અનંતી... અનંતી... અનાદિ–અનંત પર્યાય (થાય છે તેને) આયત કહેવાય. (આયત એટલે) આમ લંબાઈ. ગુણો લંબાઈમાં નથી, ગુણો આમ વિસ્તારમાં (તીરછા) છે. (એ રીતે પર્યાયો કે) '**જેઓ આયતવિશેષોસ્વરૂપ છે...**' (અર્થાત્) લંબાઈમાં કાળક્રમે થતી દશાઓમાં (છે) '**તેઓ – જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી...**' (અર્થાત્) દ્રવ્યથી પણ તે પર્યાય ઊપજે છે અને ગુણથી પણ તે ઊપજે છે. પર્યાય (દ્રવ્યોથી) '**તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે.**'

પર્યાયના બે પ્રકાર કીધા (– દ્રવ્યાત્મક અને ગુણાત્મક). સમજાણું ? પર્યાય દ્રવ્ય અને ગુણને આશ્રયે થતી હોવાથી તે અનંતી પર્યાયો – અવસ્થાઓ જે છે એનો સમુદાય તે ગુણ છે (અને) ગુણનો સમુદાય તે દ્રવ્ય છે. અહીં તો દ્રવ્ય લેવું છે. '**દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી...**' આહા..હા...! એમ કરીને એમ સિદ્ધ કર્યું કે, દરેક પરમાણુ અને દરેક આત્માની વર્તમાન પર્યાય અને ત્રિકાળી પર્યાય રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે. એ દ્રવ્ય પોતે એને રચે છે. એ પર્યાયને બીજું દ્રવ્ય રચે છે એમ નહિ. આ..હા..હા...!

આ હાથ આમ હાલે છે, જુઓ ! આ ભાષા નીકળે છે એ એની જડની પર્યાય છે. એ જડની પર્યાય છે એનો આખો સમુદાય તે દ્રવ્ય છે. પણ તે પર્યાય બીજા દ્રવ્ય ઊપજાવે છે (અર્થાત્) આત્મા આ શરીરને હલાવે છે એમ ત્રણકાળમાં નથી. કારણ કે પર્યાય (છે) એ દ્રવ્યની પર્યાય છે અને એ દ્રવ્ય પર્યાયને પામે છે. એ ત્રણ વાત આવી ગઈ છે. વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ વર્તમાન અવસ્થાને પામે છે, પહોંચે છે... આહા...હા...! સમજાય છે કાંઈ ? પમાય છે, પ્રાપ્ત થાય છે, પહોંચાય છે, પામે છે... આ...હા...! અને પ્રાપ્ત થાય છે. આ..હા..હા..હા...!

આ શરીર આમ હાલે, આ ભાષા આમ હાલે, આ હોઠ હાલે એ પરમાણુની – જડની પર્યાય છે. એ પર્યાય એના દ્રવ્યથી રચાયેલી અને કાં એના ગુણથી રચાયેલી છે. એના દ્રવ્ય અને ગુણ છે એનાથી એ રચાયેલી છે. બીજા દ્રવ્ય અને ગુણ (કે) બીજા પરમાણુથી રચાય છે કે આત્માથી આ ભાષા-પર્યાય રચાય છે કે હાથ (હલે) છે, એમ નહિ. આહા...હા...! આવું (સમજવા) ક્યાં નવરા (છે) ? ધંધા આડે વાણિયાને નવરાશ ન મળે અને માથે (સંપ્રદાયમાં જે) કહે ઈ 'જય નારાયણ !' કરીને અનંતકાળથી જિંદગી ગાળી. આ...હા...!

પરમાત્મા જિનેશ્વરદેવ (પ્રણીત)... એ 'મૂલક' આવી ગયું છે ને ? (૯૨મી ગાથા). 'શબ્દબ્રહ્મમૂલક' ! ભગવાનનો શબ્દબ્રહ્મ જે વાણી છે તે સમ્યક્જ્ઞાનમાં મૂળ (નિમિત્ત) છે. એ વાણી સિવાય બીજાની વાણી – અજ્ઞાનીઓની વાણી નિમિત્ત પણ હોઈ શકે નહિ, એમ કહે છે. આહા...હા...! જિનેશ્વરદેવની વાણી ! પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ ! એમની વાણીને સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં મૂળ કહ્યું છે. એ નિમિત્ત છે. બીજાની વાણી (એટલે કે) અજ્ઞાનીએ આત્માને જોયો નથી, એની વાણી નિમિત્ત થઈ શકે નહિ. આહા..હા...! (માટે) પહેલાં એણે સર્વજ્ઞની વાણી કેવી છે ? અને ક્યાં છે ? એનો નિર્ણય કરવો પડશે. સર્વજ્ઞ કોણ છે ? ક્યાં છે ? કેમાં છે ? અને તેમની વાણી શેમાં છે ? એ નિર્ણય કરવો પડશે. આ..હા..હા...! ઝીણી વાત બહુ, બાપુ ! આ..હા..હા...!

એ સર્વજ્ઞ અને સર્વજ્ઞની વાણી સંપ્રદાયમાં છે જ નહિ. સ્થાનકવાસી સંપ્રદાય હો કે શ્વેતાંબર સંપ્રદાય (હો), એમાં સર્વજ્ઞ પણ નથી અને સર્વજ્ઞની વાણી પણ એમાં નથી. કલ્પીને બધું કર્યું છે.

શ્રોતા :– કેવળજ્ઞાન તો માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કલ્પીને માને છે, કીધું ને ! કેવળજ્ઞાનને માને છે પણ એક સમયમાં જાણે અને બીજે સમયે દેખે (છે) એમ માને છે !! અનંત ગુણની બધી પર્યાય એકસાથે છે એમ માનતા નથી. બધો ફેર છે પણ ઈ કોણ વિચારે છે ? જેમાં પડ્યા (એમાં) 'જય નારાયણ !' (કરીને ચાલતી પકડે) !

શેઠ મોટો ! પચાસ કરોડ રૂપિયા ! 'મુંબઈ... મુંબઈ !' આવ્યા હતા, હમણાં 'મુંબઈ' દર્શન કરવા આવ્યા હતા. પચાસ કરોડ રૂપિયા ! ધૂડ મોટી ! આ..હા..હા...! ઘણી મોટી દુકાનો છે, પણ કોની દુકાન બાપા ? એ તો જડની દશા (છે). એ પરમાણુઓ જે છે તે તેની પર્યાયને પ્રાપ્ત કરે છે... આ..હા..હા...! અને તે પર્યાય દ્રવ્ય અને ગુણથી રચાયેલી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું દ્રવ્ય અને એના ગુણ (છે) એનાથી પર્યાય રચાયેલી છે. અરે...! આ તે કેમ બેસે ? કોઈ દી' સાંભળવા ન મળે. આહા..હા...!

આ પગ જે હાલે છે એ પર્યાય પગના પરમાણુની છે. આત્માએ પગ હલાવ્યો છે એમ ત્રણકાળમાં છે નહિ. અર...ર...ર...! આવી વાત ક્યાંય સાંભળે નહિ. આ પગ હાલે ને ? તે પગની પર્યાય, આમ ગતિ–અવસ્થા કરે છે, એ અવસ્થા દ્રવ્ય, ગુણથી ઉત્પન્ન થયેલી અવસ્થા છે. તેના રજકણોથી ઉત્પન્ન થયેલી, એના ગુણથી ઉત્પન્ન થયેલી પર્યાય (છે), આત્માથી નહિ. આત્મા પગને હલાવી શકે નહિ ! આ...હા...! અરે...! કેમ બેસે ?

શ્રોતા :– પક્ષઘાત થાય ત્યારે બેસે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યારે તો ખબર પડે (કારણ કે) હલાવી શકે નહિ. આ જુઓ ને બિચારા, (આ ભાઈ), પાંત્રીસ વર્ષથી તો બ્રહ્મચર્ય અમારી પાસે લીધું હતું ! તેત્રીસ વર્ષની ઉંમરે ! તેત્રીસ વર્ષની ઉંમરે 'રાજકોટ'માં ૨૦૦૦(ની સાલમાં) અમારી પાસે જાવજીવનું બ્રહ્મચર્ય (લીધેલું). એનો બાપ વિરોધમાં ! શ્વેતાંબર અને વિરોધમાં ! છતાં એણે તેત્રીસ વર્ષની ઉંમરે (બ્રહ્મચર્ય લીધેલું). પાંત્રીસ વર્ષ થયાં. (અત્યારે) અડસઠ વર્ષની ઉંમર (છે). અત્યારે 'વડોદરા'માં હેમરેજમાં (અસાધ્ય થઈ ગયા છે). અહીં હતા ત્યારે તો આ (વાતનું) બહુ ઘૂંટણ ને મનન (કરતાં). (આ) દેહની દશા !

જે કાળે, જડની જે પર્યાય થવાની તે પરમાણુ અને ગુણથી તેની પર્યાય થઈ છે. આહા...હા...! પરમાણુ દ્રવ્ય છે. એવા આ અનંતા પરમાણુ છે. આ પૈસો, આ મકાન અનંત... અનંત... જડ પરમાણુના દળ (છે). તે એક-એક પરમાણુની વર્તમાન દશા (છે તે) તેના દ્રવ્ય અને ગુણથી પર્યાય થાય છે. આ...હા...હા...! કડિયો મકાન બનાવે છે ? (તો કહે છે) ના...! સઈ (– દરજી) કપડું સીવે છે ? (તો કહે છે) ના...! કુંભાર ઘડો કરે છે ? ના...! ત્યારે (કોઈ એમ પૂછે કે) ઘડાની પર્યાય થઈ કેમ ? (તો કહે છે કે) એના પરમાણુ અને પરમાણુમાં જે ગુણો છે તેનાથી ઘડાની પર્યાય રચાયેલી છે, કુંભારથી નહિ. અરે...રે...! આવી વીતરાગની વાત કોણ સાંભળે ? આહા...હા...! આવી વાત છે ! શું કીધું ?

**'દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી રચાયેલાં (–ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે. વળી પર્યાયો–કે જેઓ આયતવિશેષોસ્વરૂપ છે તેઓ – જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં...'** તે પર્યાયો **'દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલા હોવાથી...'** આ...હા...હા...! ભારે આકરી વાત ! વીતરાગનું તત્ત્વ સમજવું (બહુ આકરું છે), બાપુ ! વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ ! જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન ! આ...હા...હા...! એમણે કહેલાં દ્રવ્યો – તત્ત્વો સમજવામાં ઘણી ધીરજ જોઈએ, ભાઈ ! આ...હા...! અને એને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતે છે એ રીતે નહિ સમજે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા...!

અહીં કહે છે કે, પરમાણુમાં અને આત્મામાં જેટલી પર્યાય થાય તે પર્યાયની રચના તે દ્રવ્ય અને ગુણથી થઈ છે. એ પર્યાયની રચના બીજું તત્ત્વ કરે એમ જો માને તો એને પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી, એ મિથ્યાદૃષ્ટિ છે. આ ગુણની વ્યાખ્યા ચાલી. ગુણમાંથી પર્યાય (થાય છે). આહા...હા...! (ઘણા એમ કહે) આવું ક્યાંથી કાઢ્યું ? અરે... ભગવાન ! બાપા ! અનંત તીર્થંકરો અનાદિથી કહેતા આવ્યા છે ! પણ (તું) વાડામાં બંધાઈ ગયેલો અને માથે જે કહે (એમાં) હા... હા... કરીને જિંદગી ગાળી તત્ત્વથી વિરુદ્ધ (વર્ત્યો). આ...હા...હા...!

પહેલાં એમ આવ્યું હતું કે, દ્રવ્ય, ગુણ-પર્યાયને પહોંચે, પ્રાપ્ત કરે. એમ આવ્યું હતું ને ? અહીં એમ આવ્યું કે, પર્યાયને દ્રવ્ય અને ગુણ રચે છે. આ...હા...હા...! સમજાય છે કાંઈ ? આહા...હા...! રોટલી જે થાય છે, એ રોટલીની પર્યાય જે છે, એ પરમાણુ અને પરમાણુના ગુણોથી રચાયેલી છે. સ્ત્રી કહે કે, મેં રોટલી કરી એ વાતમાં મિથ્યાત્વભાવ છે અથવા એ શું કહેવાય ? વેલણું ! વેલણાથી રોટલી થઈ એ પણ મિથ્યાદૃષ્ટિ માને છે. કેમકે વેલણાની પર્યાય એના દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી છે અને રોટલીની પર્યાય તે તેના પરમાણુ અને દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થયેલી (છે). શું કીધું ઈ ? વેલણું ! વેલણાના દ્રવ્ય-ગુણથી રોટલીની પર્યાય થઈ નથી. (ભાઈ) ! આવું બધું જજમાં આવ્યું હતું ક્યાં ? ત્યાં જજમાં બધા ગપ્પા મારતા હતા. આહા..હા...! બધાને એમ હતું ને !

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે) અનંત સામાન્ય – વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય તે દ્રવ્ય. એ દ્રવ્યનો... આ...હા...હા...! એટલે (કે) દ્રવ્યના આત્મસ્વભાવની સંભાવના નામ અનુભવ '**કરવાને નપુંસક હોવાથી...**' આ...હા...હા...! એ અસમાનજાતીય ઉપર દૃષ્ટિ પડી અને એ જ મારું સ્વરૂપ છે એને માનીને (પરિણમે છે કે જે સકળ) અવિદ્યાનું મૂળ છે, એ આત્મસ્વભાવ જે કહ્યો કે, દ્રવ્ય-ગુણ અને પર્યાય એનાં કીધાં પણ આત્મદ્રવ્ય છે એ ગુણ અને પર્યાયનો આખો અખંડ પિંડ (છે) એવા જે દ્રવ્યસ્વભાવની વાત કરી હતી (તેને અનુભવવાને નપુંસક છે). આ...હા...હા...! યથોક્ત = યથા+ઉક્ત નામ (પૂર્વે જે) કહ્યું (એવા) '**આત્મસ્વભાવની સંભાવના...**' એવો જે આત્મસ્વભાવ–અનંત ગુણ અને અનંતી પર્યાયનું એકરૂપ દ્રવ્ય તે આત્મસ્વભાવ – તે વસ્તુ (છે) એની સંભાવના (એટલે) એનો અનુભવ. અહીં (ફૂટનોટમાં) સંભાવનાના ઘણાં અર્થ કર્યા છે. 'સંભાવના = સંચેતન' (એટલે) એનું ચેતવું. 'અનુભવ' કરવો, 'માન્યતા; આદર.' આ...હા...હા...!

ભગવાનઆત્મા ! અનંત ગુણ–વિસ્તારસામાન્ય અને અનંત પર્યાય–લંબાઈ–આયતસામાન્ય(નો પિંડ) એ દ્રવ્ય–વસ્તુ છે, વસ્તુ ! એ વસ્તુના સ્વભાવની સંભાવના, એ વસ્તુના સ્વભાવની માન્યતા, એ વસ્તુના સ્વભાવનું સંચેતન (અર્થાત્) એમાં જાગ્રત થવું... આહા...હા...! તેનો અનુભવ કરવો, એને પોતાનું માનવું... આ...હા...હા...! એ કરવાને નપુંસક છે. આ...હા...હા...! અરે...! એનું વીર્ય જે છે (એ) પર્યાયબુદ્ધિમાં અસમાનજાતી (ઉપર) ત્યાં જતાં, એને પોતાનું માને એવી માન્યતા (જે થાય છે)... આ...હા...! એ નપુંસક છે. આ...હા...હા...! એ વીર્યને ત્યાં રોક્યું છે. એ રોકેલું વીર્ય (છે) એ વાસ્તવિક વીર્ય નથી, એ નપુંસકતા છે. આ...હા...હા...!

શ્રોતા :– ઘડીકમાં અપવાસ કરે, ઘડીકમાં બ્રહ્મચારી થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગમે એ ધંધા કરે ને ! ધંધા છોડીને બેઠાં માટે થઈ ગયું ? પણ અંદરમાં... આહા...હા...! યથોક્ત દ્રવ્યસ્વભાવનો અનુભવ કરવાને અસમર્થ (છે). આહા...હા...! આ તો વીતરાગની વાતું છે, બાપા ! શું કહીએ ? એના પૂર્ણ રહસ્ય તો સંતો જાણે, કેવળી જાણે ! આહા...હા...! આ...હા...હા...!

કહે છે, એવો પર્યાયબુદ્ધિ (જીવ) એટલે અસમાનજાતીનો આશ્રય કરતાં, યથોક્ત આત્મસ્વભાવનો આશ્રય કરવો જોઈએ, આશ્રય કરવો કહો કે અનુભવ કરવો કહો, સંચેતન (કરવું કહો), આત્મદ્રવ્ય જેવું છે તેવું ચેતવું–સંચેતન કહો, એની માન્યતા કહો કે આત્મસ્વભાવનો અનુભવ કહો, એવો અનુભવ કરવાને નપુંસક હોવાથી... આ...હા...હા...! ગજબ વાત કરી છે ને ! એને કાંઈ પડી છે ? સમાજ સમતોલ રહેશે કે નહિ ? સમાજમાં (આ વાત) બેસશે કે નહિ ? બાપુ ! માર્ગ આ છે, ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ...હા...હા...! ભગવાનઆત્મા ! પૂર્ણ સ્વભાવ ! એનો જે અનુભવ, એનો આશ્રય અને એનું સંચેતન જાગવું એનો અભાવ છે એ નપુંસકતા છે, કહે છે. આ...હા...હા...! જે વીર્ય દ્રવ્યસ્વભાવને અવલંબીને દ્રવ્ય–ત્રિકાળી જ્ઞાયકનો અનુભવ કરે... આ...હા...હા...! તે મરદ છે, તે મરદનું વીર્ય છે, આ...હા...! એ આત્માનું વીર્ય છે. આહા..હા...! આવી વાતું ! પેલી 'તત્સૂત્રી...' (આદિની ક્રિયામાંથી) નીકળીને આમાં આવવું (લોકોને કઠણ પડે) પણ આ તો પરમ સત્ય છે, પ્રભુ ! જગતની સાથે મેળ ન ખાય એથી (સત્ય) કંઈ અસત્ય ન થઈ જાય. આહા..હા...!

પરમ સત્ય પ્રભુ ! આવો જે ભગવાન(સ્વરૂપ) આત્મસ્વભાવ ! છે આત્મા ભલે દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ, પણ એનો દ્રવ્યસ્વભાવ (જે) છે એનો જે અનુભવ જોઈએ એનો અનુભવ કરવાને (અજ્ઞાની) નપુંસક છે. આ...હા...હા...! અને મનુષ્યદેહ આદિ ઉપર લક્ષ કરીને તેનો અનુભવ કરવાને ઉદાર છે એ નપુંસક છે. આ...હા...હા...! આવી વાતું છે ! ઓ...હો...હો...! દિગંબર સંતો(એ) ગજબ કામ કર્યા (છે) !! આ..હા...! કેવળીને ભુલાવી દે ! પાંચમા આરામાં કેવળી નથી એને ભુલાવે એવું સંતોએ કામ કર્યું છે !! આ...હા...હા...! આ...હા...હા...! એવી વાત ક્યાં છે ? પ્રભુ ! આ...હા...હા...!

જેમાં ભવનો અંત આવે એવી દૃષ્ટિ કરી નથી, આત્મસ્વભાવનો અનુભવ કર્યો નથી. આ...હા...હા...! ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક(સ્વરૂપ છે) ! પેલું ('સમયસાર'–૧૫૬ ગાથામાં) આવ્યું ને ? 'વિદ્વજ્જનો ભૂતાર્થ તજી (વ્યવહારમાં વર્તન કરે)' ત્યાં એમ આવ્યું (કે), વિદ્વાનો નિશ્ચય છોડીને વ્યવહારમાં વર્તે છે. (જ્યારે) 'નિયમસાર'–૫૮ શ્લોક છે એ ૪૧(મી) ગાથાનો છે. શું કહ્યું ? ૪૧–ગાથામાં ક્ષાયિકભાવ પણ જીવમાં નથી એમ કીધું છે. એથી એ ગાથામાં–૫૮–કળશમાં આમ નાખ્યું કે, આ...હા...હા...! જેમાં ક્ષાયિકભાવ નથી ! પ્રભુ ! આત્મદ્રવ્ય સ્વભાવ તો જો ! આહા...હા...! આત્મદ્રવ્ય સ્વભાવમાં ઉદયભાવ તો નથી, ઉપશમ તો નથી, ક્ષયોપશમ તો નથી (પણ) ક્ષાયિક(ભાવ) પણ નથી ! આ...હા...હા...! એવો જે આત્મદ્રવ્ય સ્વભાવ (છે) એને વિદ્વાનો પંચમગતિની પ્રાપ્તિ માટે (એ) પંચમભાવને સ્મરે છે. આને વિદ્વાન કીધાં ! આ...હા...હા...! પેલામાં ('સમયસાર'ની ૧૫૬ ગાથામાં) વિદ્વાન એને કીધાં કે, (જે) શાસ્ત્રમાંથી વ્યવહાર ગોતીને કાઢ્યો, નિશ્ચય પડ્યો રહ્યો !

શ્રોતા :– બે જાતના પંડિતો થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બે જાતના ! છે ને ? 'નિયમસાર' ! આ...હા...! પેલું 'સમયસાર'નું તો આપણે આવી ગયું – વ્યવહાર અભૂતાર્થ છે. આ તો ('નિયમસાર'ની) ૪૧(મી ગાથા) છે ને ? (એમાં) મૂળ તો કહેવું છે કે, ક્ષાયિકભાવ આત્મામાં નથી. (૫૮ કળશમાં એમ કહે છે કે) '**(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો...**' આ..હા..હા...! '**પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' '**પૂજનીય પંચમગતિ**' (એટલે) સિદ્ધ(દશા) ! એ (સાધ્ય) પણ લીધું. '**વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' એ સાધ્ય લીધું અને ધ્યેય (શું) ? (તો કહે છે કે) '**પંચમભાવને સ્મરે છે.**' આ...હા...! ક્ષાયિકભાવ પણ જેમાં નથી ! આ...હા...! એવો ચૈતન્યપિંડ ! ચૈતન્યદળ ! અતીન્દ્રિય અનંતગુણનું એકરૂપ(સ્વરૂપ) પ્રભુ ભગવંત ! જિનસ્વરૂપ ભગવંત આત્મા ! આહા...હા...! એ પંચમગતિને (પ્રાપ્ત કરવા) માટે વિદ્વાનો આવા પંચમભાવને યાદ કરે છે, પંચમભાવને અનુભવે છે. કારણ કે એમાં ઉપર કહ્યું હતું કે, ચાર ભાવો આવરણ સંયુક્ત છે, એમ કહ્યું છે. ચાર ભાવો આવરણ સંયુક્ત છે એમ કહ્યું છે. ક્ષાયિકભાવ આવરણ સંયુક્ત એટલે ? ક્ષાયિકમાં પણ કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે ને ? અને આ પંચમભાવ–સ્વભાવભાવ છે (એને) તો કોઈ અપેક્ષા છે નહિ. એવો ત્રિકાળી આનંદકંદ પ્રભુ ! દ્રવ્યસ્વભાવ જ્ઞાયકસ્વભાવ ધ્રુવસ્વભાવ ભૂતાર્થસ્વભાવ ! આ...હા...હા...! જેને કર્મના નિમિત્તની અને નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી. ક્ષાયિકભાવમાં તો (કર્મના) નિમિત્તના અભાવની અપેક્ષા આવી. આહા...હા...! અહીં કહેવું છે તો ઇ કે, એક કોર વિદ્વજ્જનો–વિદ્વાનો નિશ્ચયને છોડીને વ્યવહારમાં વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને વિદ્વાનો... આ...હા...હા...! પંચમગતિ માટે પંચમભાવ એટલે ધ્રુવને અનુભવે છે તે વિદ્વાન સાચા છે. આહા...હા...! આવી વાતું છે ! (આવી વાત છે પણ) બેસે, બાપુ, હોં ! આત્મા છે ને ! અંદર આત્મા (છે), આહા...હા...! એટલે ન સમજાય એ વાત ન લેવી, એમાં એ આડ ન નાખવી. આહા..હા...!

ભગવાનઆત્મા ! 'કુંદકુંદાચાર્યે' ('સમયસાર'ની) પાંચમી ગાથામાં તો એમ કહ્યું ને કે, '**जदि दाएज्ज**' દેખાડીશ '**एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' એક શબ્દ '**दाएज्ज**' તો પહેલું કહ્યું પણ જો કદાચ '**दाएज्ज**' – કહેવાનું નીકળ્યું તો પ્રમાણ કરજે – સ્વભાવનો અનુભવ કરજે એમ કહે છે. '**पमाणं**' ! આ...હા...હા...! ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો અનુભવ કરજે ! એકલી હા પાડીને ત્યાંને ત્યાં રહીશ નહિ. આ..હા..હા...! પંચમઆરાના સંત પંચમઆરાના જીવને આટલી મોટી વાત કરે છે ! બાપુ ! એ મોટપ તારી કેવડી છે એને કાળ નડતો નથી, ભાઈ ! જેમાં ક્ષાયિકભાવ નથી પછી તારે એમાં કયો પ્રશ્ન લેવો છે ? આ..હા..હા...!

પરમ અમૃતનો સાગર અંદર પૂર્ણ ભર્યો છે ! અતીન્દ્રિય ગુણનો સાગર ! પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનાદિથી એ પૂર્ણ જ છે ! જેને આવરણ નથી, જેમાં ઓછપ નથી, જેમાં વિપરીતતા નથી, જે નિરાવરણ છે, અવિપરીત છે અને પૂર્ણ છે. આ..હા..હા...! એવો દ્રવ્યસ્વભાવ (છે). અહીં '**યથોક્ત આત્મસ્વભાવ**' કીધો છે ને ? આત્મસ્વભાવ તો પહેલાં એ વર્ણવ્યો હતો કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય (છે). પણ વસ્તુ શું છે ? (કે), ઇ બધું થઈને દ્રવ્ય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ (દે). ભલે વિસ્તારસામાન્ય(સ્વરૂપ) અનંત ગુણો છે, આયતસામાન્ય(સ્વરૂપ) અનંત પર્યાયો છે પણ એનું મૂળ રૂપ તો દ્રવ્ય છે. આ..હા..હા...! એવો જે યથોક્ત આત્મ(સ્વભાવ) કીધો હતો... આ..હા..હા...! એમ કહીને (એમ કહે છે કે), પ્રભુ ! તને આવા મનુષ્યદેહના અવતાર મળ્યા, ભાઈ ! આ ખોવાઈ જશે તો તું ક્યાં જઈશ ? ભાઈ ! આ..હા...! તારો પત્તો નહિ લાગે, બાપા ! આ..હા...! દુનિયામાં કઠણ પડે, દુનિયા ન માને, એકાંત કહે તોપણ (એનું) લક્ષ છોડી દે. એકલા દ્રવ્યસ્વભાવના આશ્રયથી જ ધર્મ થાય એ વાત(ને) કોઈ એકાંત કહે તો ભલે કહે. વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ (સ્વરૂપ) છે, છતાં આશ્રય કરવા લાયક તો દ્રવ્યસ્વભાવ છે. જે ગુણ અને પર્યાયનો પિંડ દ્રવ્ય કીધો હતો. આ..હા..હા..હા...! આ 'જ્ઞેય અધિકાર' છે. દ્રવ્ય જે પૂર્ણ જ્ઞેય છે... આહા..હા...! એ તો અનંત ગુણ અને અનંતી પર્યાય – બન્નેનું એકરૂપ તે દ્રવ્ય છે. એવો જે યથોક્ત આત્મસ્વભાવ કહ્યો હતો... આ..હા..હા...! હિન્દી કરતાં ગુજરાતીમાં સ્પષ્ટ આવે, કાલે એટલું બધું સ્પષ્ટ નહોતું આવતું.

'**યથોક્ત...**' (એટલે) યથા કહેલું. (મૂળ શાસ્ત્રમાં નીચે ફૂટનોટમાં) છે ને ? '(પૂર્વ ગાથામાં) જેવો કહ્યો તેવો' '**આત્મસ્વભાવ...**' એટલે કે અનંતગુણસામાન્ય વિસ્તાર અને અનંતી પર્યાયનું એકરૂપ તે દ્રવ્ય છે. તે યથોક્ત કહેલો જે આત્મસ્વભાવ તેની '**સંભાવના...**' (અર્થાત્) તેનું જાણવું, તેને ચેતવું, તેનો અનુભવ કરવો, તેને માનવું... આ..હા...! એવું કરવાને જેની પર્યાયબુદ્ધિમાં અસમાનજાતીય (દ્રવ્યપર્યાય) પર દૃષ્ટિ છે... આહા..હા...! એ '**નપુંસક હોવાથી...**' આ..હા..હા...!

શ્રોતા :– આમ તો ખાલી એકલું શરીર દેખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેખાય છે (પણ) એ દેખનારો કોણ છે ? દેખનારો (જે) દેખાય છે તેમાં નથી. પર દેખાય છે તેમાં દેખનારો નથી, દેખનારો (દેખનારમાં) છે, જાણનારો જાણનારમાં છે. જાણનારો દેહને જાણે છે તેમાં એ નથી. આહા..હા...! આવી વાતું છે. લોકોને આકરું પડે, અભ્યાસ નહિ અને બીજી રીતે સંપ્રદાય ચલાવ્યા (એમાં) આવું મૂળ તત્ત્વ હતું એ રહી ગયું. વીતરાગ સર્વજ્ઞ ! એમાં દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા, બાપા ! આ...હા...હા...! કેવળીના વિરહમાં કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય એનો ઉપાય બતાવ્યો છે. તને કેવળજ્ઞાન કેમ થાય ? (એ બતાવે છે), અત્યારે ભલે કેવળી નથી. આ..હા..હા...!

આ...હા...હા...! પ્રભુ ! તને દ્રવ્યસ્વભાવ કીધો ને ! વિસ્તારસામાન્યનો સમુદાય દ્રવ્ય, આયતસામાન્ય સમુદાય દ્રવ્ય – એ તો બે થઈને એક જ છે, હોં ! બે દ્રવ્ય કાંઈ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ...હા...! એવો જે દ્રવ્યસ્વભાવ... આ...હા...હા...! તેની **'સંભાવના કરવાને નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે...'** આ...હા...હા...! 'શરીર તે હું' એવી દ્રવ્યપર્યાયમાં જ બળને – વીર્યને ધારણ કરે છે તેથી તેને નપુંસક કહેવામાં આવ્યા છે. આ...હા...હા...! જે વીર્ય સ્વભાવદૃષ્ટિ પડતાં સ્વભાવની રચનાનું કાર્ય કરે એ વીર્ય જે નથી અને એ બળ – વીર્ય અસમાનજાતીમાં જોડાણું... આ...હા...હા...હા...! એને અહીંયાં નપુંસકવીર્ય કીધું પ્રભુ ! આહા...હા...! સંતોએ તો થોડામાં ઘણું (સમાડી દીધું છે). આ...હા...! હજી તો હજાર વર્ષ પહેલાં થયા એની આ વાત છે, ટીકા એની છે. ભગવાનને તો ૨૫૦૦ વર્ષ થયા. ભગવાનને (મોક્ષ) પધાર્યા તો ૨૫૦૦ (વર્ષ) થયા. આ તો ૧૦૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં સંત વિચરતા હતા. આહા...હા...! એ 'અમૃતચંદ્રાચાર્ય' પ્રભુ ! એમ કહે છે કે, પ્રભુ ! તને ૯૩ (ગાથામાં) આત્મદ્રવ્ય તો બતાવ્યું. એ દ્રવ્યસ્વભાવનો અનુભવ કરવાને નપુંસક, એનો અનુભવ કરવાને નાલાયક... આહા...હા...! (એવા જીવે) અસમાનજાતીય શરીરમાં બળ જોડી દીધું. આહા...હા...!

મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય, ચાર ગતિમાં બીજા ભવમાં ક્યાંય થાય છે ? (એક) મારવાડી આવ્યો હતો, પંડિત હતો. કાંઈ વાત બેસે નહિ. (ઈ એમ કહેતો હતો કે) મનુષ્યભવ હોય તો કેવળજ્ઞાન થાય તો મનુષ્યભવ સાધન છે ને ? અરે... પ્રભુ ! શું કહે છે તું આ ?

શ્રોતા :– મનુષ્યભવમાં દુઃખેથી સાધન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! એનો અભાવ (થાય છે). આના સદ્ભાવમાં એનો અભાવ થઈ જાય છે. એનો અભાવ કરવો પડતો પણ નથી. દ્રવ્યસ્વભાવ આવો જે છે વિસ્તારસામાન્યસમુદાય(સ્વરૂપ) એવું જે દ્રવ્ય (છે) એની દૃષ્ટિ અને અનુભવ કરતાં અસમાનજાતીયની એકતાબુદ્ધિ ત્યાં તૂટી જાય છે આ...હા...!

'અબ હમ અમર ભયે ન મરેંગે' આવે છે ? એ 'આનંદઘનજી'નું (બ્રહ્મવિલાસમાં) નાખ્યું છે. 'યા કારણ મિથ્યાત્વ દિયો તજ, અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યું કર ભવ ધારણ કરેંગે, અબ હમ ભવ ધારણ કરેંગે નહીં' આ...હા...હા...!

શ્રોતા :– શ્વેતાંબરના શાસ્ત્રોને સાચા માન્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણે ?

શ્રોતા :– 'આનંદઘનજી'એ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ 'આનંદઘનજી'ની વાત નથી. આ તો આપણા બીજા પંડિતની મેં વાત કરી. 'આનંદઘનજી'ના શબ્દો છે એ આપણામાં છે. કેવા કીધાં ? 'બ્રહ્મવિલાસ'માં છે. દિગંબરના પંડિતમાં આ છે. મારે ઈ કહેવું છે. 'આનંદઘનજી'ના શબ્દ લીધાં છે. 'અબ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે ? ક્યું કર દેહ ધરેંગે ? અબધુ...' આ...હા...હા...! 'અબ હમ અમર ભયે ન મરેંગે' ત્રિકાળી અમરવસ્તુને જ્યાં અનુભવી (ત્યાં) અમે તો હવે અમર થઈ ગયા ! આ...હા...હા...!

ભગવાન દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ છે... આ..હા..હા...! જ્ઞાયકભાવને પકડ્યો અને જ્યાં અનુભવ્યો ને માન્યો... આ...હા...હા...! અને તે સૂતો હતો એને જગાડ્યો... આહા..હા...! રાગ અને અસમાનજાતીમાં સૂતો હતો એને જગાડ્યો, જાગ્રત થયો ભગવાનઆત્મા ! એને હવે ભવ નથી. એક-બે ભવ હોય ઈ તો જ્ઞાનના જ્ઞેય છે. આ...હા...હા...!

અહીં કહે છે – એ (આત્મસ્વભાવની) ભાવના કરવાને અસમર્થ (હોવાથી) '**તેમાં જ બળ ધારણ કરે છે...**' શેમાં ? અસમાનજાતીય જે 'શરીર છે એ હું છું' (તેમાં બળ ધારણ કરે છે). 'હું આત્મદ્રવ્ય છું' આવો છું એવી એની આ બાજુ દૃષ્ટિ નથી તેથી 'આ (શરીર તે) હું છું' એમ દૃષ્ટિ થઈ છે. પર્યાય જેટલો છું એમ નહિ પણ શરીર છું એમ એની દૃષ્ટિ થઈ છે. આહા...હા...! '**તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અમસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે),...**' આહા...હા...! પેલામાં આવે છે ને ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ! '**शरीराद्यं खलु धर्मसाधनम्**' લ્યો ! એ તો નિમિત્તના કથનની વાત છે. શરીરાદિ સાધન કેવાં ? જ્યાં દયા, દાન, વ્રત, ભગવાનની ભક્તિનો ભાવ પણ સાધન નથી (ત્યાં શરીર સાધન કેવાં ?) આહા...હા...! અરે...! આવી વાત ક્યાં મળે ? પ્રભુ ! આવો મનુષ્યદેહ અને એમાં પણ જૈનપણું મળ્યું, એમાં આ વાણી સાંભળવાનો જોગ (મળ્યો) ઈ કાંઈ ઓછી વાત છે ? પ્રભુ ! ઓ...હો...હો...હો...! અરે...! બિચારા ક્યાં પડ્યા છે ! અત્યારે તો જુઓને આ બધું (કેવું ચાલે છે !) ક્લાસમાં છોકરાઓને ઈંડાં આપો ! એવું ચાલે છે, કહે છે. મોટો લેખ આવે છે. ક્લાસમાં છોકરાઓને ઈંડાં આપો ! અરે..રે...! આ...હા...હા...! ક્યાં ગયા ? ઈંડાંને ખવડાવો, આમ કરો. અરે...! એને આ વાત સાંભળવા મળે નહિ.

(કહે છે) પોતાના સ્વભાવનો અનુભવ કરવાને નપુંસક (છે) અને અસમાનજાતીય (શરીરમાં) સર્વ બળ–જોર ત્યાં વાપર્યું છે. આ...હા...હા...! કીધું ને ? '**તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે),...**' બળવાળા ! અસમાનજાતીયને પોતાનું માનવાના બળવાળા છે–ઊંધાં જોરવાળા (છે). આ...હા...હા...!

'**તેઓ–જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે...**' આ...હા...હા...હા...! છે ? 'નિરર્ગળ = અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે).' આ..હા..હા...! આ એકાંતદૃષ્ટિ થઈ, જોઈ ? (હું) આ સ્વભાવ છું અને વિભાવ ને મનુષ્યપણું નથી એ અનેકાંતદૃષ્ટિ છે. આહા..હા...! 'શ્રીમદ્દે' કહ્યું ને ? અનેકાંત પણ સમ્યક્ એકાંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા નિજપદની પ્રાપ્તિ (એટલે) આ બાજુ ઢળ્યા વિના અનેકાંતપણું સાચું નહિ થાય. આહા..હા...! આવ્યું છે ને ? તે ’દી એક કલાક વ્યાખ્યાન આપ્યું હતું, ‘વવાણિયા’માં ! આ લીટીમાં (એક કલાક) ! બાપુ ! અનેકાંત... અનેકાંત... (કહે છે) પણ અનેકાંતમાં સમ્યક્ એકાંત એવા દ્રવ્યસ્વભાવ તરફ ઢળ્યા વિના અનેકાંતનું સાચું જ્ઞાન નહિ થાય. આ..હા..હા...! અંતરના દ્રવ્યસ્વભાવ તરફ ઝૂક્યા વિના, પર્યાય અને પર્યાયમાં રાગ છે એવું વ્યવહારનું જ્ઞાન પણ યથાર્થ નહિ થાય. આ..હા..હા...!

ઈ તો બારમી ગાથામાં આવી ગયું ને ? એના અર્થ પણ ઊંધા કરે છે. ‘વ્યવહાર સંભાળો’ એવો અર્થ કર્યો છે. ‘વ્યવહાર પ્રયોજનવાન છે’ (એમ જે કહ્યું છે) એટલે વ્યવહારને સંભાળો. અરે...! સંભાળવાની વાત નથી, પ્રભુ ! એ તો તે સમયે પર્યાય હીણી (છે) અને શુદ્ધતાની પૂર્ણતા નથી તેને તે કાળે તે જ્ઞાને જાણવું. તે જ્ઞાનનો પર્યાય તે કાળે તેવો જ હોય. એવી એની દશા છે એવું વર્ણન કર્યું છે. (એ વ્યવહાર) જાણવા લાયક છે. હવે એને ઠેકાણે બધાં ત્યાંથી ઉપાડે છે (કે વ્યવહાર પ્રયોજનવાન છે). પહેલો પ્રશ્ન અહીં ‘વઢવાણ’ના (એક ભાઈ) લાવ્યા હતા કે, ‘બારમી ગાથામાં કહ્યું છે કે, વ્યવહાર પ્રયોજનવાન છે.’ પ્રશ્ન ત્યાંથી જ ઉપાડ્યો, ભાઈ ! (સંવત–૧૯૯૪)માં આવ્યા ને ૯૪માં ? પેલા મકાનમાંથી અહીં આવ્યા. ૯૪ની વાત છે, ૪૧ વર્ષ થયાં. ઈની ઈ વાત અત્યારે દિગંબરના પંડિતો કરે છે – ‘જુઓ ! બારમી ગાથામાં વ્યવહાર પ્રયોજનવાન (કહ્યો છે), પોતાના સ્થાનમાં બન્ને પ્રયોજનવાન છે.’ પ્રયોજનવાન એટલે શું પણ ? એ જાણવા લાયક છે (કે) પર્યાયમાં એવી અશુદ્ધતા આદિ વસ્તુ છે એને જાણે, બસ ! તે વખતે, તે કાળે, તે-તે સમયનું જે જ્ઞાન છે તે જ્ઞાન તેને જાણે. બીજે સમયે બીજું (જાણે)–અશુદ્ધતા થોડી ઘટી અને શુદ્ધતા વધી તો તેને તે જાણે. જાણવાનું પ્રયોજન છે, આદરવા લાયક (છે) એ વાત છે નહિ. એનો અર્થ (ઊંધો) કરે.

(બીજાએ એવો અર્થ કર્યો કે) ‘પુણ્યફળા અરહંતા’ ! માળા, ગજબ કરે છે ને ! પુણ્યનું ફળ અરિહંત (પદ) મળે છે. અહીં તો કહે છે ઈ વાત ક્યાં છે ? ત્યાં તો પાઠ લીધો છે કે, પુણ્યફળ આત્માને અકિંચિત્કર છે. એમ પાઠ લીધો છે. ટીકા(નો) પહેલો શબ્દ જોતા નથી અને ટીકા કાઢીને પોતે એની ટીકા કરે – પુણ્યના ફળ(માં) અરિહંત પદ મળે છે. એ તો એને વાણીનો, ચાલવાનો (–વિહારનો) યોગ આદિ છે એ બધું પુણ્યનું ફળ છે એમ બતાવવું છે. અરિહંતપદ થયું છે એ કંઈ પુણ્યને લઈને થયું છે એ પ્રશ્ન ત્યાં છે નહિ. આ..હા..હા...! આવા અર્થ કરે એને કરવું શું ?

શ્રોતા :– એવા ઊંધાં અર્થ કરનારા હોય જ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોય જ. નહિતર સંસાર અનાદિ(અનંત) રહેશે (કેવી રીતે ?) આસ્રવને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધને (ધર્મ) માનનારા ન હોય તો સંસાર રહેશે (નહિ). મુકિતના જીવની સંખ્યા કરતાં સંસારના જીવની સંખ્યા અનંતી રહેશે. આહા..હા...! મુક્તિના જીવની સંખ્યા કરતાં અથવા મોક્ષમાર્ગના જીવની સંખ્યા કરતાં સંસારના માર્ગના જીવની સંખ્યા અનંત... અનંત... અનંત... અનંત... સદાય રહેશે. આ..હા...! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**જેમને નિરર્ગળ...**' આ..હા..હા...! (અર્થાત્) અંકુશ વિનાની, હદ વિનાની. '(જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે).' આ..હા...! જુઓ ! 'આ મનુષ્યપણું હું છું અને મનુષ્ય(પણાથી) મને લાભ થાય' એ દૃષ્ટિને એકાંતદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ કીધી છે. હવે આ પંડિત તે 'દી આવ્યો હતો (ઈ એમ કહે કે), 'જુઓ ! મનુષ્યપણું હોય તો કેવળ(જ્ઞાન) થાય. એ વિના થાય ?' અરે... પ્રભુ ! સાંભળને ! 'વજ્રનારાચસંહનન હોય તો કેવળ થાય.' અરે... ભાઈ ! એમ નથી, બાપુ ! કેવળજ્ઞાનની પર્યાય તો મોક્ષમાર્ગની પર્યાયથી પણ થતી નથી. એ તો ત્રિકાળી દ્રવ્યમાં એવી અનંતી શક્તિઓ છે તેમાં જ્યાં અંદર એકાગ્ર થાય છે તો પર્યાયમાં કેવળજ્ઞાન થાય છે. આહા..હા...! એ દ્રવ્યસ્વભાવની ભાવનામાંથી કેવળજ્ઞાન થાય છે, પૂર્વનો મોક્ષમાર્ગ છે એનાથી પણ નહિ. આ..હા...! કારણ કે પૂર્વનો મોક્ષમાર્ગ તો વ્યય થઈ જાય છે અને આ તો ઉત્પાદ્ છે. વ્યયમાંથી ઉત્પાદ્ ક્યાંથી આવે ? આહા..હા...! એ મોક્ષની–કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યસ્વભાવનો અનુભવ કરતાં, અંતર એકાગ્ર થતાં તે આવે છે. આ..હા...! નથી એને મનુષ્યપણાની જરૂર, નથી એને વજ્રનારાચસંહનનની જરૂર. આ..હા...! એને કર્મ અકર્મરૂપે પરિણમે માટે કેવળજ્ઞાન થાય એની (પણ) જરૂર નથી. જ્ઞાનાવરણીય કર્મ જે છે એ અકર્મરૂપે પરિણમશે, એની પર્યાય અકર્મરૂપે થશે એથી અહીં કેવળજ્ઞાન થશે એમ નથી. આ..હા..હા..હા...!

સર્વજ્ઞ જિનેશ્વરદેવ ત્રિલોકનાથે (એમ જોયું છે કે) ભગવાનઆત્મા પરમ પદાર્થ, અનંત-અનંત ગુણની ધ્રુવ ધાતુ (છે). જેણે જ્ઞાયકપણું ધારી રાખ્યું છે, અનંત ગુણને જેણે ધારી રાખ્યા છે એવી ચૈતન્યધાતુનો આશ્રય કરવાને નપુંસક અને અસમાનજાતીયમાં બળ ધારણ કરવાને જોરાવર (છે એને) એકાંતદૃષ્ટિ ઊછળે છે (એમ) કહે છે. (તે જીવ) મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

ત્યારે (વળી કોઈ એમ કહે કે), અનેકાંત કરવું હોય તો (એમ કહો કે) સ્વભાવના આશ્રયથી પણ થાય અને આનાથી (–વ્યવહારથી) પણ થાય – એનું નામ અનેકાંત. (પરંતુ) એમ અનેકાંત નથી. આ..હા...! અનેકાંતમાં સમ્યક્ એકાંત જ્યારે થાય છે ત્યારે પર્યાયનું જ્ઞાન કરે એનું નામ અનેકાંત (છે). આ..હા...! શું થાય ? ભાઈ ! વાસ્તવિક પરમાત્મા – કેવળજ્ઞાનના વિરહ પડ્યા. સંતોની વળી આવી વાણી રહી ગઈ. આ..હા..હા...!

'**એકાંતદૃષ્ટિ ઊછળે છે એવા...**' (જીવો) શું કરે છે ? કે, '**આ હું મનુષ્ય જ છું...**' જોયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



? મનુષ્ય જ છું (એટલે આ) ગતિ. **'મારું જ આ મનુષ્યશરીર છે'** આત્મા કહ્યો નથી ? જીવને ત્રણ શરીર હોય, ચાર હોય, પાંચ હોય એમ નથી કહ્યું ? આત્માને ત્રણ શરીર તો હોય જ – ઔદારિક, તૈજસ અને કાર્માણ. વૈક્રિયક (શરીરમાં) હોય તો વૈક્રિયક, તૈજસ અને કાર્મણ (શરીર હોય) અને આહારક આવે તો વળી એને ચાર (શરીર) થઈ જાય. વૈક્રિયક કરવાની શક્તિ હોય તો વળી પાંચ થઈ જાય. આહા..હા...! જીવને શરીર હોય, જડને હોય ? એમ માણસ કહે છે. અહીં કહે છે કે, જડમાં જડનું હોય, જીવને જડ (શરીર) હોય જ નહિ. આહા..હા...!

**'આ હું મનુષ્ય જ છું,...'** એક વાત, **'મારું જ આ મનુષ્યશરીર છે'** જુઓ આ ! હું મનુષ્ય છું અને મારું જ આ શરીર છે. **'એમ અહંકાર...'** આ..હા..હા...! એમ **'મમકાર...'** આહા..હા...! મારાપણું એ **'વડે ઠગાતા થકા,...'** ઠગાય છે, ભાઈ ! આહા..હા...!

એક પંડિત એમ કહેતો હતો કે, 'મનુષ્ય હોય તો કેવળ(જ્ઞાન) થાય, વજ્રનારાચસંહનન હોય તો કેવળ થાય. મનુષ્ય હોય તો કેવળ થાય. બીજી ગતિમાં થાય છે ? માટે એ ગતિ કારણ છે. વજ્રનારાચસંહનન હોય તો કેવળ થાય, બીજા પાંચ હોય તો કોઈ 'દી થાય છે ? માટે સંહનન કારણ છે.' આમ ઊંધાં લાકડાં ખોસે ! (એની ઉપર) જોર આપે છે. આ..હા..હા...! (આવા) અહંકાર, મમકાર વડે ઈ ઠગાય છે. આહા..હા...!

**'અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...'** આ..હા..હા..હા...! ચળે નહિ એવો ચેતનાવિલાસ – આત્મવ્યવહાર. આત્મા છે એ તો ત્રિકાળ નિશ્ચય (છે) પણ એનો વ્યવહાર જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે) એ આત્મવ્યવહાર છે. પર્યાય છે ને ? ભગવાન ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય લેતા જે સમ્યગ્દર્શનપર્યાય થાય એ પર્યાય છે. દ્રવ્ય છે એ તો ત્રિકાળી છે. એ તો ત્રિકાળી ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવે છે એ આત્માનો વ્યવહાર છે. આ..હા..હા...! આ વ્યવહાર... વ્યવહાર કરે છે ને ? પણ આ વ્યવહાર નથી ? આહા..હા...! આ વ્યવહાર–દયા, દાન, વ્રત, ભક્તિનો વ્યવહાર (એને વ્યવહાર કહે છે) પણ આ વ્યવહાર નથી ? બાપા ! આ સદ્‌ભુત વ્યવહાર છે, પેલો તો અસદ્‌ભુત વ્યવહાર છે. આ સદ્‌ભુત વ્યવહાર છે, પોતાની પર્યાય છે ને (એટલે). આહા..હા...! આવી વાતું !

'ઋષભદેવ' (ભગવાનના) વખતમાં સાધુઓ જ્યાં ઊંધું કરવા મંડ્યા તો દેવે આવીને રોક્યા ! ગજબ વાત છે ! કાળ એવો હતો. દેવ આવીને (કહે છે કે) 'નગ્નપણું રાખીને જો આ કંઈ બીજી ચીજ કરશો–સદોષ આહાર આદિ કરશો તો દંડ કરશું. નગ્નપણું છોડીને બીજું કરો.' આહા..હા...! વિરુદ્ધ કરતા (તો) દેવો આવતા. આ તો એનાથી અનંતગણું વિરુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે તો દેવ પણ ન મળે, સંતાઈ ગયા ! પુણ્ય નહિ ને એટલા ! પણ આ દેવ છે ને અંદર મોટો !

દેવાધિદેવ ભગવાન ! આહા..હા...! જે એક સમયમાં પંચમભાવ પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયક ભૂતાર્થ (છે). આ..હા..હા...! જે છતી ચીજ છે – છતા માલવાળી ચીજ છે એને તો ગણતો નથી અને મનુષ્યપણું મળ્યું ને હું મનુષ્ય છું ને આ મારું મનુષ્યનું શરીર છે (એમ માને છે). આહા..હા...! પૈસા, બાયડી, છોકરાં તો ક્યાંય રહી ગયા, પણ આ તો નજીકમાં છે અને પર્યાયદૃષ્ટિ છે એટલે ત્યાં દૃષ્ટિ ગઈ. આ..હા...! એ મનુષ્ય તે હું અને એ મારું શરીર. આ..હા...! પૈસા તે હું એ તો બહુ દૂર રહી ગયું. આ..હા...! અહીં તો પર્યાયબુદ્ધિવાળો અહીં અટક્યો છે (એમ કહે છે). **'એમ અહંકાર મમકાર વડે ઠગાતા થકા, અવિચલિત...'** (એટલે) ચળે નહિ એવા **'ચેતનાવિલાસમાત્ર...'** ચેતનાવિલાસ ! આ..હા..હા...! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ ચેતનાવિલાસ છે. આ..હા..હા...! રાગાદિ અને મનુષ્યપણું હું (એવી માન્યતા) એ તો બધી અજ્ઞાનભાવની ચેષ્ટા છે. આહા..હા...!

ભગવાનઆત્મા ! અનંત વિસ્તારસમાન્યસમુદાયનો પિંડ (છે) એનું જ્યાં જ્ઞાન થયું તો એ પર્યાયમાં નિર્મળતા આવી – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા (એ) નિશ્ચય મોક્ષમાર્ગને અહીંયાં આત્મવ્યવહાર કહેવામાં આવે છે. આ..હા..હા...! અરે...! શું થાય ? ભાઈ ! નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ તો રાગની અપેક્ષાએ તેને નિશ્ચય કહ્યો પણ દ્રવ્યની અપેક્ષાએ તો એ પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. આ..હા..હા..હા...! **'ચેતનાવિલાસમાત્ર...'** ભાષા શું (છે) ?

શ્રોતા :– આટલું બધું યાદ રાખવું ?

સમાધાન :– આમાં યાદ ક્યાં રાખવું (છે) ? વસ્તુની સ્થિતિ જ આ રીતે છે. સંસારમાં બધું યાદ કેમ રાખે છે ?

અમારે ત્યાં (દુકાનમાં) 'આણંદજી' હતો ને, 'આણંદજી' ? (એ) બહુ યાદ રાખે. પછી છેલ્લે તો (એવું થઈ ગયું હતું કે), એને ઉપાડીને બેસાડે. છેલ્લે કહે, 'મને કોઈએ છોડવાનું કહ્યું નહિ.' પણ તને અમે તો કહેતા હતા. પણ પેલા ઘરના માણસોએ ન કહ્યું એમ. ઘરના માણસોએ ન કહ્યું કે, હવે તમે ઘરે રહો. દુકાને બે કલાક આવે, કાગળ વાંચે, (બીજું) કાંઈ વાંચે. પણ એની ધારણા ઘણી હતી. હજારો (જાતના) માલ પડ્યા હોય, કયા ભાવે આવ્યો હતો, કેટલો વેચાણો, કેટલો બાકી અને હવે નવા ભાવે કેટલો આવશે (એ) બધું એને યાદ (રહે). 'મુંબઈ' માલ લેવા ઈ જાતો. ત્રણ-ચાર 'દીએ, ત્રણ-ચાર 'દીએ (જાવું પડે એટલે) પાસ લીધો હતો, 'પાલેજ'થી 'મુંબઈ'નો પાસ ! ત્રણ-ચાર 'દીએ જાવું પડે (એટલે) મહિનાનો પાસ લીધેલો. ત્રણ-ચાર 'દીએ માલ લેવા જાવું પડે. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચીસ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પચીસ હજાર, પચાસ હજાર(નો માલ લાવવો પડે). ધંધો મોટો હતો ને ! આ તો તે ’દીની વાત છે. (સંવત) ૧૯૬૪-૬૫-૬૬(ની સાલ) ! આહા..હા...! (હું) થડે બેઠો હોઉં ત્યારે રેલમાંથી ઊતરીને નીકળે, હાથમાં છત્રી (હોય) અને એકદમ આમ... આમ... (ચાલે) ! (ત્યાર પછી) એના પગ રહી ગયા (તો) ઉપાડીને બેસાડે ત્યારે (બેસી શકે). આ..હા..હા...! માલ લઈને જ્યારે આવતો (અને) રેલમાંથી ઊતરે; નહિતર એ તો ‘કુંવરજીભાઈ’માં નોકર હતો, છતાં માલ લઈ આવે, આમ કરે... તેમ કરે... એમાં પગ પડ્યા રહ્યા, ઉપાડીને બેસાડે ત્યારે બેસાય. આહા..હા...! એમાં પોતાને અભિમાન (થાય) કે, આ મેં કર્યું, આ શરીરનું કર્યું, મેં આનું કર્યું... આનું કર્યું... અહીં તો શરીર સુધીની વાત લીધી. આગળ જતાં બધાંને થાય કે, આ કર્યું... આ કર્યું... આ કર્યું... એ તો વળી તીવ્ર મિથ્યાત્વ (છે). આહા..હા...!

(અહીંયાં કહે છે કે), ‘**અવિચલિતચેતનાવિલાસ...**’ કેવો ચેતનાવિલાસ ? ભાષા જુઓ ! અહીં તો જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધ્રુવ દ્રવ્યના ધ્યેયે પ્રગટ્યા તેને અવિચલિત દશા કીધી છે. એ દશા ફરે એવી નથી એમ કહે છે. આ..હા..હા...! પડશે અને પડી જશે એ વાત અહીં છે જ નહિ. આ..હા..હા...! આ..હા..હા...! ‘**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...**’ આ..હા..હા...! (આત્મવ્યવહાર અર્થાત્) આત્માનું વર્તન. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન (થયા) એ આત્માનું વર્તન કહેવાય છે. નિશ્ચય સમ્યક્ દ્રવ્યના સ્વભાવથી પ્રગટ થયેલી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર(ની પર્યાય) એ આત્માનું વર્તન છે, રાગ એ આત્માનું વર્તન નહિ. આ..હા..હા..હા...! આ...રે...! (આ) ટીકા !

‘મુંબઈ’માં ઉપાધિના પાર ન મળે (એમાં) આવી વાતું ક્યાં (સાંભળવા મળે ?)

શ્રોતા :– આખું વાતાવરણ જુદું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવતા, માણસો બિચારા સાંભળવા આવતા, પણ પછી ટકે ક્યાં સુધી ? આ..હા...! અરે..રે...! આવો મનુષ્યદેહ (મળ્યો) અને સમયે-સમયે ચાલ્યો જાય છે. એમાં કહે છે કે, આ પરમાં જેને અભિમાન વર્તે છે... આ..હા...! એને તો આત્મવ્યવહાર નથી, એ તો મનુષ્યનો વ્યવહાર છે, સંસારનો વ્યવહાર છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ શરીરને (પોતાનું) માનીને (જે કંઈ) કરે છે એ બધો સંસારવ્યવહાર છે, આત્મવ્યવહાર નહિ. આ..હા...!

આત્મવ્યહાર – ‘**અવિચલિતચેતનાવિલાસમાત્ર...**’ (અહીંયાં) ‘માત્ર’ કેમ કહ્યું ? (કેમકે) એમાં જરી પણ રાગના અંશની મદદ નથી. અવિચલિતચેતનામાત્ર વિલાસ ! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એની અહીં જરી પણ સહાય–મદદ નથી. આ..હા..હા...! ‘**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત...**’ થઈ ગયા–ભ્રષ્ટ થઈ ગયા. ‘હું મનુષ્ય, મનુષ્યની ક્રિયા હું કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શકું' (એવી માન્યતાવાળા જીવો) ચૈતન્યવિલાસ(સ્વરૂપ) આત્મવ્યવહારથી ભ્રષ્ટ છે. નિશ્ચયથી તો ભ્રષ્ટ છે પણ આત્માના વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો...'** દેખો ! આ મેં દયા પાળી ને મેં વ્રત કર્યા ને મેં અપવાસ કર્યા ! (જેમ) છાતીએ છોકરાને આમ પકડે છે એમ આ ક્રિયાકાંડને છાતીએ પકડી (રાખે છે). આ..હા..હા...! ટીકા તે ટીકા (છે) ! ગજબ છે !! **'સમસ્ત ક્રિયાકલાપને...'** દયા ને દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા ને મંદિર બનાવ્યા ને હાથી કાઢ્યા ને ઇન્દ્ર બન્યા... આહા..હા...! એવા ક્રિયાકલાપને છાતીએ પકડતો... આહા..હા...! **'છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને...'** એ તો મનુષ્યનો વ્યવહાર છે, દેખો ! છે ? એ મનુષ્યપણાની ગતિનું વર્તન છે, એ જીવનું (વર્તન) નહિ. આ..હા..હા...! દેહથી કંઈ ક્રિયા થાય એ બધું મનુષ્યવર્તન છે, જડનું વર્તન છે, એ આત્માનું નહિ. આ..હા...!

**'એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા...'** આ..હા...! **'પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે...'** પરદ્રવ્યસ્વરૂપ કર્મ (સાથે એટલે) આ રાગ સાથે, કર્મ સાથે, શરીર (આદિ) **'(–પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે)...'** પરમાં જોડાઈ ગયો. (તેથી તે જીવ) **'ખરેખર પરસમય થાય છે...'** (અર્થાત્) તે મિથ્યાદૃષ્ટિ છે. 'પરસમય'(નો અર્થ નીચે) છે ને ? 'જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે.' એ આત્માથી બાહ્ય ચાલ્યો ગયો, (એ) પરસમય–મિથ્યાદૃષ્ટિ છે. આ..હા...! **'ખરેખર પરસમય (થાય છે) અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.'** મિથ્યાત્વરૂપે પરિણમે છે.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૪**
**પ્રવચન નં. – ૯૧**
**તા. ૧-૬-૭૯**

('પ્રવચનસાર') ૯૪–ગાથા(નો) બીજો પેરેગ્રાફ, પહેલો પેરેગ્રાફ ચાલ્યો છે. **'જેઓ, અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે...'** આત્મા છે એનું દ્રવ્ય ત્રિકાળ છે, ગુણ ત્રિકાળ છે અને વર્તમાન પર્યાય છે પણ એને પર સાથે કાંઈ ભેળસેળપણું નથી. ભલે કર્મ હો, શરીર હો (પરંતુ) એ સ્વદ્રવ્યને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય બીજા કોઈ પદાર્થની સાથે ભેળસેળ(પણું) નથી, ભિન્ન છે. આહા..હા...! **'અસંકીર્ણ'** (એટલે) ભેળસેળ વિનાનો. **'દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો–'** અહીં નીચે (મૂળ શાસ્ત્રમાં ફૂટનોટમાં) તો 'સ્પષ્ટ ભિન્ન, દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત' (એવો) અર્થ લખ્યો છે. પણ ખરેખર તો દ્રવ્ય (કે) જે વિસ્તારસામાન્યસમુદાયનો પિંડ (છે). એમાં ગુણ અને પર્યાય છે ઈ પોતે પરથી ભેળસેળ વિનાનું છે છતાં આશ્રય લેવા લાયક તો ત્રિકાળી દ્રવ્ય છે. આહા..હા...!

જ્ઞાયકભાવ ધ્રુવભાવ સ્વભાવભાવ એકરૂપભાવ ! તેનો આશ્રય લેતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. આ..હા...! **'કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે...'** આ..હા..હા...! ભગવાનઆત્મા ! પૂર્ણસ્વરૂપ દ્રવ્યસ્વભાવનો આશ્રય (લેવો) એ સકળ વિદ્યાનું એક મૂળ છે. આ..હા...! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન જે સાચી વિદ્યા (છે) એનું એ મૂળ છે. ભગવાન દ્રવ્યસ્વભાવ ત્રિકાળી અનંત ગુણનો ચૈતન્ય, અમૃતનો સાગર–અમર... આ..હા...! તેનો આશ્રય કરવો એ બધી વિદ્યાઓનું મૂળિયું છે, બધાં ભણતરનું મૂળિયું આ છે. ગમે તે રીતે ભણ્યો હોય. આ..હા...! **'સકળ વિદ્યાઓનું એક મૂળ છે...'** એના ભેદો નહિ (પણ) એકરૂપ જે ત્રિકાળ સ્વભાવ ! આ..હા..હા...! કાયમ રહેનાર દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, જ્ઞાયકભાવ, ભૂતાર્થભાવ એક જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આશ્રય કરવા લાયક છે. આ 'જ્ઞેય અધિકાર' છે અને એ સમકિતનો અધિકાર છે.

આત્માનો સ્વભાવ ! એક સમયની પર્યાય, ગુણ અને દ્રવ્ય (એમ) ત્રણ (ભેદ) કરીને પરથી ભેળસેળ વિનાનો (કહ્યો) છે છતાં એને આશ્રય કરવા લાયક પર્યાય અને ગુણભેદ નથી. આ તો ધીરાના કામ છે, ભાઈ ! અરે...! અનંતકાળથી જન્મ-મરણ કરે છે. કહે છે કે, એ જન્મ-મરણના નાશની વિદ્યાનું મૂળ સમ્યક્જ્ઞાનની વિદ્યા (છે), એનું મૂળ એ વિદ્યા (છે). આહા..હા...! એ વિદ્યાનું મૂળ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવો તે સકળ વિદ્યાનું મૂળ છે. આહા..હા...!

પ્રશ્ન :– બે ભેગા છે એને જુદાં કેવી રીતે કરવાં ?

સમાધાન :– ભેગા ક્યાં છે ? ભેગા નથી. ગુણ દ્રવ્યને આશ્રયે તન્મય છે, ભિન્ન નથી. પર્યાય ભિન્ન છે પણ પર્યાયે ત્રિકાળ દ્રવ્યનો આશ્રય લેવો એ સકળ વિદ્યાનું મૂળ છે. આ..હા...!

બાર અંગ અને શાસ્ત્રની સમ્યક્ વિદ્યાનો હેતુ આ પ્રભુ પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયે પરમાં ભેળસેળ વિનાની સ્થિતિ(એ) છે છતાં આશ્રય કરવા માટે તો ત્રિકાળ દ્રવ્યસ્વભાવ છે. આહા..હા...! (તેનો આશ્રય કરે) ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ધર્મની એને શરૂઆત થાય. કેમકે દ્રવ્યસ્વભાવ જે મહાપ્રભુ ! ચેતન મહાપ્રભુ ! અનંત... અનંત... ગુણની શક્તિથી (ભરેલો) મહાપ્રભુ પોતે ! આ..હા..હા...! એનો આશ્રય લેતા (સમ્યગ્દર્શન થાય). આશ્રય લેનાર પર્યાય છે એટલે પર્યાયની હયાતી આવી ગઈ. ગુણ અને દ્રવ્ય અભેદ છે. આહા..હા...! આવી વાતું છે !

દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ હોવા છતાં ગુણ પણ ધ્રુવ અને દ્રવ્ય પણ ધ્રુવ છે. એવો એનો સ્વભાવ (છે). હવે અહીં પર્યાય એનો આશ્રય લે ત્યાં પર્યાય પણ આવી ગઈ. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! અગમ પ્યાલા, અજર પ્યાલા ! એવું છે. 'અગમ પ્યાલા પીઓ મતવાલા, ચીન્હી અધ્યાતમ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા' ! 'આનંદઘનજી'ના શબ્દો છે. આ..હા...!

પહેલાં (પેરેગ્રાફમાં) એમ કહ્યું હતું કે, જીવપુદ્ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો આશ્રય કે જે સકળ અવિદ્યાનું એક મૂળ છે, એમ હતું. પર્યાયનું લક્ષ કરનાર પર્યાયને પકડી શકતો નથી તેથી તેનું અસમાનજાતીય (એવા) શરીર ઉપર લક્ષ જાય છે અને તેથી શરીરને પોતાનું માનનાર 'હું મનુષ્ય છું, હું દેવ છું' એમ માનનાર (જીવની આવી માન્યતા) સકળ અવિદ્યાનું મૂળ છે. આહા..હા...!

અહીંયાં (બીજા પેરેગ્રાફમાં) સકળ વિદ્યાનું મૂળ લેવું છે. પૂરેપૂરા ગુણોની શક્તિ અને તેની પૂરેપૂરી શક્તિનો આખો સાગર એવો જે દ્રવ્યસ્વભાવ (છે) એનો આશ્રય–એનું અવલંબન–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેના તરફનો ઝુકાવ... આ..હા..હા...! એ સકળ વિદ્યાઓનું મૂળ છે. આવી વાત છે ! સકળ વિદ્યાનું એક મૂળ છે. પેલામાં એમ આવ્યું હતું કે, '**સકળ અવિદ્યાઓનું એક મૂળ છે**' એમાં પણ 'એક' આવ્યું હતું. આહા..હા...! અહીંયાં ખરેખર પર્યાય અને અસમાનજાતીય દ્રવ્ય ઉપર લક્ષ છે એ લક્ષ જાય છે–છૂટે છે ત્યારે પર્યાયનું લક્ષ દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે. સમજાણું કાંઈ ? એટલે અહીં ગુણ-પર્યાયવાળું (દ્રવ્ય) હોવા છતાં તેની પર્યાય દ્રવ્યસ્વભાવ તરફ જતાં એને એકલો ત્રિકાળ દ્રવ્યનો આશ્રય રહે છે. આહા..હા...! આવી ઝીણી વાતું !

અરે..રે...! હમણાં ક્યાંક લખાણ આવ્યું હતું કે, ઘણાં જીવો તિર્યંચમાં ઊપજશે. લખાણ ક્યાંક આવ્યું હતું ખરું. આહા..હા...! જેને આત્મા તરફનું વલણ નથી આખો 'દી ચોવીસ કલાક પાપ(માં જાય), એકાદ કલાક ક્યાંક સાંભળવા જાતો હોય તો શુભભાવ થાય પણ (બાકીના) ત્રેવીસ કલાકમાં પાપ ! આહા..હા...!

પ્રશ્ન :– ધંધો છોડી દે તો ખાય-પીવે શું ?

સમાધાન :– ખાવા-પીવાનું શું ? એની કોર જોડાય તો ખાવા-પીવાનું આવે છે ? એ ખાવા-પીવાના પરમાણુ આવવાનાં (હોય) તે આવે, એમ નથી કીધું ? કે, 'દાણે દાણે ખાનાર કા નામ હૈ' આવે છે ને તમારે (હિન્દીમાં) ?

પ્રશ્ન :– બૈઠે-બૈઠે આ જાયેગા ?

સમાધાન :– બૈઠે-બૈઠે આ જાયેગા ! યોગ્યતા ઐસી હૈ. ખાનેવાલે કા નામ પરમાણુ મેં હૈ (યાની) જો પરમાણુ આનેવાલા હૈ (વહી) આયેગા, નહીં આનેવાલા નહીં આયેગા. તેરા પ્રયત્ન વહાં કુછ કામ કર સકતા નહિ. આહા..હા...!

(અહીંયાં કહે છે કે) '**સકળ વિદ્યાઓનું એક મૂળ છે તેનો–આશ્રય કરીને...**' જોયું ? આહા..હા...! ભગવાન ! પર્યાય છે ઈ આ બાજુ (–પર તરફ) છે (એ) આ બાજુ (–સ્વ તરફ) જતાં એને એકદમ દ્રવ્યનો જ આશ્રય આવે છે. આ..હા...! એ આવ્યું છે ને ? કે, પરનું લક્ષ છોડ તેમાં સ્વનું લક્ષ આવે છે. આ બાજુનું–પરનું લક્ષ છોડતાં દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ જાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! દૃષ્ટિમાં જે અસમાનજાતીય શરીર (છે) એ પર્યાયબુદ્ધિ છે તેથી ત્યાં એનું વલણ થઈ ગયું છે. એ તેનાથી છૂટે એટલે ખરેખર ગુણ ઉપર ન જતાં એ પર્યાયથી છૂટ્યો કે (સીધો) દ્રવ્ય ઉપર જાય છે. આહા..હા...! ત્યારે એ સકળ વિદ્યાનું મૂળ એવો દ્રવ્યસ્વભાવ એને પકડવામાં–સમ્યગ્દર્શનમાં આવે છે. આ..હા..હા..હા...! છે ?

'**આશ્રય કરીને યથોક્ત...**' યથા+ઉક્ત – યથોક્ત જેમાં (–૯૩ ગાથામાં) કહ્યું હતું એવું દ્રવ્ય. વિસ્તારસામાન્ય ગુણ, આયતસામાન્ય પર્યાયનો પિંડ જે યથોક્ત સ્વભાવ... આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા '**આત્મસ્વભાવની સંભાવનામાં સમર્થ હોવાને લીધે...**' આ..હા...! પેલો (–પર્યાયબુદ્ધિ જીવ) અવિદ્યામાં–પરમાં પુરુષાર્થમાં સમર્થ હતો, આ આત્મા તરફ જ્યાં વલણ અને ઝુકાવ થયો ત્યારે આત્મા તરફના અનુભવમાં તેનો પુરુષાર્થ વળે છે. સંભાવનામાં સમર્થ છે (એટલે) આત્માનો અનુભવ કરવાને સમર્થ છે. 'સંભાવના' (શબ્દ) આવી ગયો છે. સંભાવના–અનુભવ કરવો. આમાં ક્યાંય સંભાવનાનો અર્થ નથી ? સંભાવના આવે છે ને ? આ બાજુ ડાબા પાને (છે). (સંભાવના અર્થાત્) સંચેતન. આ..હા...! ભગવાનઆત્મા ! પૂર્ણ નિત્યાનંદ પ્રભુ ! તેના તરફનું સંચેતન... આહા..હા...! તેનો અનુભવ, તેની માન્યતા. માન્યતા (એટલે) એકલી માન્યતા એમ નહિ, હોં ! અનુભવમાં (સાચી) માન્યતા (થાય). આ..હા...! આદર–ત્રિકાળી સ્વભાવની માન્યતા, અનુભવ અને આદર. સંચેતન (એટલે) એનું ચેતન જાગવું. જે રાગ અને પર્યાયબુદ્ધિમાં અસમાનજાતીય (દ્રવ્યપર્યાયમાં) જાગતો હતો એ ચૈતન્યના ત્રિકાળી સ્વભાવ તરફના ઝુકાવમાં પડ્યો એને સંચેતન થયું, ભગવાન જાગ્રત થયો ! આહા..હા...! સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનમાં એણે દ્રવ્યનો આશ્રય લીધો તેથી તે જાગ્રત થઈ ગયો. આ..હા..હા...! માણસને આવું ઝીણું પડે.

'**સંભાવનામાં સમર્થ હોવાને લીધે...**' જેણે ભગવાનઆત્માનો આશ્રય લીધો, એમાં અનંત... અનંત.. સામર્થ્ય (ભર્યું છે), અનંત વીર્યનું પણ સામર્થ્ય ભર્યું છે. આહા..હા...! અનંત વીર્ય, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા એવા સ્વભાવનો ધરનાર ભગવાન ! એનો આશ્રય લેતાં, અનુભવ કરવાને સમર્થ હોવાને લીધે. ભગવાનઆત્માનો અનુભવ કરવાને તાકાતવાળો થયો. આ..હા...! અનાદિથી રાગનું વેદન હતું... આહા..હા...! એ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ પડતાં એને આનંદના વેદનની ભાવના પ્રગટી. આવું છે.

'**પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને...**' આ..હા...! પર તરફના લક્ષવાળું જોર હતું – અસમાનજાતી તરફ (લક્ષ હતું), પર્યાયમાં પર્યાય પકડી શકતો નહોતો એટલે એનું લક્ષ શરીર ઉપર જાતું હતું. એવું પર્યાયમાત્રનું બળ દૂર કરીને (અર્થાત્) એ તરફના વલણને દૂર કરીને. આવી વાત છે. '**આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે...**' પર તરફની પર્યાયબુદ્ધિ–અસમાનજાતીય દ્રવ્યપર્યાયની પર્યાયબુદ્ધિ (હતી) તેનું લક્ષ છૂટે છે અને સ્વભાવનો આશ્રય કરે છે ત્યાં સ્વભાવમાં જ સ્થિતિ કરે છે. સ્વ-ભાવ – પોતાનો કાયમી નિત્યાનંદ પ્રભુ ! દ્રવ્યનો જે નિત્ય સ્વભાવ, કાયમી સ્વભાવ, સત્‌નું આખું પૂર્ણ સત્ત્વ (છે) તેમાં આશ્રય કરે છે, તેમાં સ્થિતિ કરે છે. આહા..હા...! આવી વાતું છે. તેમાં '**(–લીન થાય છે),...**'

'**તેઓ–જેમણે સહજ ખીલેલી અનેકાન્તદૃષ્ટિ...**' આ..હા..હા...! સહજ ખીલેલી ! સ્વભાવમાં પર્યાય નથી, રાગ નથી, પર નથી... આહા..હા...! એવી સ્વભાવિક ખીલેલી. આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અનેકાન્તદૃષ્ટિ વડે...'** ત્રિકાળ સ્વભાવ તે હું છું અને ભેદ અને અસમાનજાતીય પર્યાય હું નથી–એનું નામ અનેકાન્ત છે. આહા..હા...! એ **'અનેકાન્તદૃષ્ટિ વડે સમસ્ત એકાંતદૃષ્ટિના પરિગ્રહના આગ્રહો (–પકડો) પ્રક્ષીણ કર્યા છે...'** આ..હા..હા...! સ્વભાવસન્મુખના અનુભવ વડે. આ..હા..હા...! સમસ્ત જે એકાંતદૃષ્ટિ હતી (અર્થાત્) શરીર મારું, રાગ મારો એવી જે એકાંતદૃષ્ટિ હતી, એનાથી મને કલ્યાણ થાય, દયા, દાન, વ્રતના પરિણામ કરું તો મારું કલ્યાણ (થાય) એ બધી દૃષ્ટિ એકાંતદૃષ્ટિ હતી – મિથ્યાદૃષ્ટિ હતી. આહા..હા...! **'એકાંતદૃષ્ટિના પરિગ્રહના આગ્રહો...'** (પરિગ્રહ એટલે) તેનો સ્વીકાર, અંગીકાર. તેને છોડી દઈને. આ..હા...!

ભગવાન પરિપૂર્ણ અમૃતગુણથી ભરેલો, પ્રભુગુણથી ભરેલો, શાંતિગુણથી ભરેલો, સ્વચ્છતાગુણથી ભરેલો એવા-એવા અનંતા... અનંતા.. ગુણથી ભરેલો ભગવાન એકરૂપ સ્વભાવ, (જેમાં) ભેદ નહિ, એવા સ્વભાવમાં આવતા સમસ્ત એકાંતદૃષ્ટિનો આગ્રહ છૂટી ગયો છે. **'પ્રક્ષીણ કર્યા છે...'** આ..હા..હા...! ભાષા તો જુઓ ! પ્રક્ષીણ – ક્ષય કર્યો છે. આ..હા..હા...! પંચમઆરાના સંત પંચમઆરાના અપ્રતિબુદ્ધ જીવ જ્યારે પ્રતિબુદ્ધ પામે છે તેની આ વાત કરે છે. આહા..હા...! જેણે એકાંતદૃષ્ટિના પકડના ભાવ નાશ કરી દીધા છે. આ..હા...! એકલાં ક્ષીણ (નથી કહ્યું) પ્રક્ષીણ એમ (કહ્યું) છે ને ? આ..હા...! પ્ર-ક્ષીણ કર્યા છે. પ્ર – વિશેષે નાશ કર્યા છે. આ..હા...!

'પ્રવચનસાર'માં પહેલાં આવે છે ને ? કે, 'કુંદકુંદાચાર્ય' કેવા છે ? **'સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે...'** શરૂઆતમાં આવે છે. સર્વ એકાંતદૃષ્ટિનો નાશ કર્યો છે. અહીં કહે છે... આહા..હા...! ગુણભેદથી લાભ થાય, પર્યાયભેદથી લાભ થાય, દયા, દાનના વિકલ્પથી આત્માને (લાભ થાય) એ સર્વ એકાંતદૃષ્ટિનો દ્રવ્યનો આશ્રય કરતાં (બધાંને) પ્રક્ષીણ કરી નાખ્યા – વિશેષ નાશ કરી દીધી છે. આહા..હા...! આમ અનેકાન્ત અને એકાન્ત છે. આ (અજ્ઞાની તો) કહે, વ્યવહારથી પણ થાય, પર્યાયબુદ્ધિથી થાય, દ્રવ્યબુદ્ધિથી થાય. આ..હા...! બે પ્રકાર પડ્યા તો એકબીજાને વિરોધ છે. પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ બન્ને તદ્દન વિરુદ્ધ છે. આ..હા...! આવી વાત સાંભળતા હજી કઠણ પડે, સાંભળવા મળે નહિ એ વિચારે ક્યારે ? અરે...! જિંદગી જાય છે. આહા..હા...! ઘણાં જીવો એમને એમ બફમમાં ને બફમમાં જિંદગી ગાળી જન્મ-મરણના આંટામાં પાછા ચાલ્યા જાય છે. આ..હા...!

અહીંયાં તો પ્રભુ બિરાજે છે ને ! ચૈતન્ય મહાપ્રભુ ! આ..હા..હા...! જેમાં ભવ ને ભવનો અભાવ અને પર્યાય જેમાં નથી. જે પર્યાય એનો આશ્રય કરે તે પર્યાય એમાં નથી. આહા..હા...! એવી **'સમસ્ત એકાંતદૃષ્ટિના પરિગ્રહના આગ્રહો (–પકડો) પ્રક્ષીણ કર્યા છે...'** આ..હા..હા...! લ્યો, આ તો બીજા આત્માની વાત લીધી છે. (પહેલાં કીધી) એ 'કુંદકુંદાચાર્ય'ની છે. છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરૂઆતમાં ?

'કુંદકુંદાચાર્ય' ! આ..હા...! **'સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...'** પાનું ત્રીજું છે. આહા..હા...! એ શબ્દો જેણે દ્રવ્યનો આશ્રય કર્યો છે એને લાગુ પડે છે. **'સંસારસમુદ્રનો કિનારો...'** છે ત્રીજે પાને ? **'જેમને નિકટ છે એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા–શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ), સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...'** સાતિશય વિવેકજ્યોતિ ! રાગ અને પરથી ભિન્ન વિશેષ–ઉત્તમ વિવેકજ્યોતિ પ્રગટ થઈ કે, જે જ્યોતિ પ્રગટ થઈ તે હવે અસ્ત થવાની નથી. આ..હા..હા...! **'અને સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે...'** જોયું ? સમસ્ત એકાન્તવાદની અવિદ્યાનો અભિનિવેશ–આગ્રહ–અભિપ્રાય અસ્ત થયો છે. આહા..હા...! **'એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત)...'** છોડી દઈને અત્યંત મધ્યસ્થ થઈ ગયા છે. આ..હા..હા...! એ શબ્દ અહીં વાપર્યા. ભગવાન 'કુંદકુંદાચાર્ય'માં વાપર્યા એ શબ્દ અહીંયાં દ્રવ્યના આશ્રયમાં વાપર્યા. આ..હા..હા...!

આત્મા છે ને ! કહે છે, તું પણ આત્મા છો ને ! પ્રભુ ! (તું) એક સમયની પર્યાયની રમતમાં પડ્યો (તેથી) પ્રભુ ! તને સૂઝ પડતી નથી. આ..હા..હા...! સૂઝ-બુઝ પડતી નથી, પ્રભુ ! એક સમયની પર્યાયની રમતુંમાં અનંતકાળ ગાળ્યો, પ્રભુ ! માટે તને એમાં સૂઝ પડતી નથી. પણ પ્રભુ તો મહાપ્રભુ અંદર બિરાજે છે. અંતરમાં એવા મહાપ્રભુનો આશ્રય લઈ અને જેણે એકાંતદૃષ્ટિ સર્વથા છોડી દીધી છે. આ..હા..હા...! આમ તો આ બાજુ (–સ્વભાવ બાજુ) ઢળી ગયો છે. નય છે એ સમ્યક્ એકાંત (છે). આહા..હા...! પણ સમ્યક્ એકાંત મિથ્યા એકાંતનો નાશ કરીને સમ્યક્ એકાંત ઉત્પન્ન થયું છે. આ..હા..હા...! સમસ્ત એકાંતદૃષ્ટિની પકડને... આહા..હા...! (પરિગ્રહ એટલે) 'સ્વીકાર; અંગીકાર' **'પ્રક્ષીણ કર્યા છે...'** આ..હા..હા...!

**'એવા–મનુષ્યાદિ ગતિઓમાં અને તે ગતિઓનાં શરીરોમાં...'** ગતિ અને ગતિના શરીરમાં **'અહંકાર-મમકાર નહિ કરતાં...'** આહા..હા...! ૯૪ (ગાથા) છે ને ? અહંકાર અને મમકારનો અર્થ આમાં બીજો કાંઈક કર્યો છે. ટીકામાં છે, જુઓ ! **'मनुष्यादिपर्यायरूपोऽहमित्यहङ्कारो भण्यते,...'** 'જયસેનાચાર્ય'ની ટીકા. **'मनुष्यादिपर्यायरूपोऽहमित्यहङ्कारो भण्यते, मनुष्यादिशरीरं तच्छरीराधारोत्पन्नपंचेन्द्रियविषयसुखस्वरूपं च ममेति ममकारो भण्यते,...'** અહં અને મમ– બન્નેનો ફેર પાડ્યો. આહા..હા...! ટીકામાં છે–'જયસેનાચાર્ય'ની ટીકા ! જે પેરેગ્રાફ વંચાય છે ને એની ઉપર જ છે. આહા..હા...! જેને પર પ્રત્યેના અહંકાર (અર્થાત્) મનુષ્ય છું, દેવ છું, ગતિ છું એનો અહંકાર છૂટી ગયો છે અને એના તરફથી મને સુખ થતું (હતું) એવો મમકાર છૂટી ગયો છે. એમ બે અર્થ કર્યા. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અહંકાર-મમકાર નહિ કરતાં...'** આ..હા..હા...! **'અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક...'** આહા..હા...! (સંચારિત અર્થાત્) 'લઈ જવામાં આવતા. (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક...)' રત્નનો દીવો '(...એકરૂપ જ છે,...)' ગમે તેટલા ઓરડામાં લઈ જાવ તો તે એકરૂપ જ રહે છે. આ..હા..હા...! ગમે તેવા રાગ અને મનુષ્યદેહ, દેવ આદિ દેહમાં હો પણ એ તો રત્નનો દીવો એવોને એવો ચૈતન્યમૂર્તિ ભગવાન છે. આહા..હા...! અનેક ઓરડામાં રત્નનો દીવો લઈ જાવ તો રત્નના દીવામાં એની ચમકને (લાવવા) કાંઈ પવન લાવવો પડતો નથી. આહા..હા...! તેમ ઓરડામાં જતાં તે ઓરડારૂપે તે રત્ન થતું નથી. આહા..હા...! એમ ભગવાનઆત્મા અનેક શરીરોમાં અને રાગાદિમાં ભલે વર્તાઈ ગયો છતાં પણ ચૈતન્યરત્ન તો એનાથી ભિન્ન જ વર્તે છે. આ..હા..હા...! આવું વ્યાખ્યાન ! બાપુ ! માર્ગ તો પ્રભુનો આવો છે. આ..હા...!

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગપણું પ્રાપ્ત કરવાનો ઉપદેશ (આપે) છે. આહા..હા...! ભાઈ ! તું વીતરાગભાવથી ભરેલો પ્રભુ છો ને ! આ..હા..હા...! તારામાં વીતરાગભાવ જિનસ્વરૂપ ઠસોઠસ ભર્યું છે ને ! આ..હા...! એનો જેણે આશ્રય લીધો એને સમસ્ત એકાંતદૃષ્ટિ ક્ષય થઈ ગઈ છે. આ..હા..હા...! પ્રક્ષીણ થઈ ગઈ છે, વિશેષે ક્ષય થઈ ગઈ છે. આ..હા..હા...! પ્રભુ ! વર્તમાન(માં) તો ક્ષયોપશમ સમકિત હોય છે ને ? ક્ષાયિક તો છે નહિ, તોપણ કહીએ છીએ કે, ક્ષયોપશમ સમકિતમાં પણ... આ..હા..હા...! સમસ્ત એકાંતદૃષ્ટિનો વિશેષે નાશ થઈ ગયો છે. આ..હા..હા...! ભલે ક્ષયોપશમ હો કે બીજે ભવે ક્ષાયિક થવાની તૈયારી હોય, એવો અહીંયાં હોય પણ એના એકાંતના જેટલા બધાં આગ્રહ (છે એ બધાં) છૂટી ગયા છે, નાશ થઈ ગયા છે. આહા..હા...! એકલો પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ ભગવાન ધ્રુવ સ્વભાવ જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે ચૈતન્યના પ્રકાશના નૂર પ્રગટ્યા... આ..હા..હા...! એમાં એકાંતના બધાં આગ્રહો નાશ થઈ જાય છે અને નિર્મળ અનેકાન્તપર્યાય પ્રગટ થાય છે. આહા..હા...! સમસ્ત એકાંતદૃષ્ટિનો નાશ–પ્રક્ષીણ થાય છે (એ) વ્યય કીધો પણ આ ત્રિકાળી આનંદના નાથનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન આદિ જે અનેકાન્તપર્યાય છે તે ઉત્પન્ન થાય છે. આ..હા..હા...! આ 'જ્ઞેય અધિકાર' છે. જ્ઞેયનું આવું સ્વરૂપ છે એમ કહે છે. જ્ઞાનમાં જણાવાલાયક જે જ્ઞેય છે એનું સ્વરૂપ જ આવું છે. આ કોઈ પંથ ને પક્ષ ને વાડો નથી. આહા..હા...! જૈનધર્મ કોઈ વાડો નથી. કોઈ પંથ નથી કે, અમારો પંથ આ અને તારો પંથ આ – એમ અહીં નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા...!

જેણે ભગવાન પૂર્ણાનંદના નાથનો આશ્રય લીધો એને સમસ્ત એકાંતદૃષ્ટિ નાશ થઈ જાય છે. આ..હા..હા...! આહા..હા...! એને શરીર આદિમાં હું છું (એવી બુદ્ધિનો) નાશ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે અને પરમાં કંઈક ઠીક છે – બહુ ગરમી થઈ ગઈ હોય અને હવા આવે તો ઠીક છે એમ અંદર બુદ્ધિ થઈ જાય એ મિથ્યાત્વ છે. પંખો આવે (ને) પંખો ? આહા..હા...! આપણે મોટી સભામાં તો બધે ઉપર પંખા રાખે. સાંભળવું છે આ અને માથે પંખા રાખે !! 'મુંબઈ', 'અમદાવાદ' બધે ! આહા..હા...! અહીં બીજું કહેવું છે. અહીં શરીરમાં જરી ગરમી હોય ને એમાં જ્યાં ઠંડી હવા આવે તો એને ઠીક લાગે એ મમકાર છે. આહા..હા...! 'શરીરાદિ હું છું' એ અહંકાર છે અને પ્રતિકૂળતામાં ઠીક ન લાગે એ પણ એક મમકાર છે–મમતા છે. આહા..હા...! બારણા બંધ થાય અને અંદર ગરમી લાગે (તો) કહે છે કે, એના પ્રત્યેનો જે મમકાર હતો (કે) આ ગરમી છે એ ઠીક નથી, ઈ મમકાર છૂટી જાય છે. આ..હા..હા...! ગરમી એટલી બધી લાગી હોય–લૂ (લાગી હોય)... આહા..હા...! એમાં આમ ઠંડી હવા એટલે એને ઠીક પડે. કહે છે કે, એવો મમકાર જ્ઞાનીને છૂટી જાય છે. આ..હા..હા..હા...! પહેલાંમાં (–અહંકારમાં) પરનું હુંપણું છે એ છૂટી જાય છે અને બીજામાં (–મમકારમાં) 'પરમાં ઠીક છે કે અઠીક છે' એ બધું છૂટી જાય છે. આ..હા..હા...! શરીરાદિ અહં–હું છું એ છૂટી જાય છે અને અનુકૂળ-પ્રતિકૂળતામાં જે ઠીક-અઠીક(પણાની) બુદ્ધિ હતી એ છૂટી જાય છે. આહા..હા...! ગજબ કામ કર્યા છે ને ! વસ્તુની સ્થિતિ વર્ણવી છે, હોં ! આહા..હા...!

તે '**ગતિઓમાં અને તે ગતિઓનાં શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં...**' આ..હા..હા...! અનુકૂળ ચીજમાં મને ઠીક છે અને પ્રતિકૂળમાં ઠીક નથી, એ બધો મમકારનો આગ્રહ... આ..હા..હા...! જ્ઞાનીને છૂટી જાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! તેથી ('સમયસાર'માં) 'નિર્જરા (અધિકારમાં ૨૧૦થી ૨૧૩ ગાથામાં)' કહ્યું છે ને ? (કે), (જ્ઞાનીને) પાણીનો પરિગ્રહ નથી, આહારનો પરિગ્રહ નથી, આહા..હા...! પુણ્યનો પરિગ્રહ નથી, પાપનો પરિગ્રહ નથી. આહા..હા...! એ આદિ (કહીને) પછી ઘણું નાખ્યું છે.

જ્યાં ભગવાન અંદરથી જાગ્યો, અનેકાન્તદૃષ્ટિ થતાં એકાંતદૃષ્ટિનો નાશ થયો ત્યાં પરમાં કંઈ પણ ઠીક-અઠીકપણું (છે) એવી શ્રદ્ધા ઊડી જાય છે. આવો માર્ગ છે, બાપા ! આહા..હા...! છતાં એ જ્ઞાની ચક્રવર્તી સમકિતી હતા. (એમનો) બત્રીસ કવળનો આહાર (હોય છે એમાંથી) એક કવળ છન્નુ કરોડ પાયદળ પચાવી ન શકે એ ખાતા ! છતાં એ ખાતા નહિ (એમ અહીંયાં કહે છે). આ..હા..હા...! 'આ ઠીક છે' એવી દૃષ્ટિ જ ત્યાં નહોતી. 'અઠીક છે' એવી દૃષ્ટિ પણ નથી. અસ્થિરતાનો રાગ આવી જાય પણ અંદર દૃષ્ટિ(માં) ઠીક-અઠીક છે જ નહિ. આ..હા..હા...! આખી દુનિયાની અનુકૂળતામાંથી અહંકાર જાય છે અને અનુકૂળતામાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. આખી દુનિયાની પ્રતિકૂળતામાંથી 'પ્રતિકૂળતા મારામાં છે' એમ ઊડી જાય છે અને પ્રતિકૂળતા છે માટે દ્વેષ થાય છે એ (બુદ્ધિ) ઊડી જાય છે. પ્રતિકૂળતાને કારણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વેષ થાય છે (એ ઊડી જાય છે). ગજબ વાત છે, બાપા ! આ..હા..હા...! શું સંતોએ કામ કર્યા છે અને સ્પષ્ટ કર્યું છે !! આહા..હા...! અહં (એટલે) આ હું, મમ (એટલે) આ મારું. મને આ ઠીક પડે છે કે અઠીક પડે છે ઈ બધો મમકાર છે. આહા..હા...!

'**મનુષ્યાદિ ગતિઓમાં અને તે ગતિઓનાં શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક...**' રત્નનો દીવો લીધો એને હવા લાગે તોપણ એનો પ્રકાશ કંઈ હલે છે ? આહા..હા...! અંધારા ઓરડામાં લઈ જાવ તો એ પ્રકાશનો અભાવ થાય છે ? આ..હા..હા...! એમ મનુષ્યગતિ કે દેવગતિ કે નારકગતિ (ગમે ત્યાં જાય આત્મા એકરૂપ જ રહે છે). આ..હા..હા...! સ્વ ભગવાન પૂર્ણાનંદ ! એનો જ્યાં આશ્રય લીધો એટલે એ બધાંમાં આ અનુકૂળ અને પ્રતિકૂળ એવી જે બુદ્ધિ–દૃષ્ટિ (છે એ) છૂટી જાય છે. આહા..હા...! છતાં ઇન્દ્રિયથી નિવર્ત્યા નથી (એમ) આવે છે ને ? ઇન્દ્રિયના વિષયથી નિવર્ત્યા નથી. 'ગોમ્મટસાર' ! ચોથે (ગુણસ્થાને) સમકિતી અવ્રતી છે ને ! પણ દૃષ્ટિમાંથી (નિવર્ત્યા છે), બાપુ ! આહા..હા...! આખી દુનિયાની કોઈ પણ ચીજમાં મને ઠીક પડશે કે અઠીક પડશે એવી બુદ્ધિનો નાશ થઈ ગયો છે, બાપુ ! આહા..હા...! અસ્થિરતાનો રાગ આવે ઇ કાંઈ એકતાબુદ્ધિ થઈ નથી. આ (મિથ્યાદૃષ્ટિને) તો એકતાબુદ્ધિ થઈ છે. આહા..હા...! ગરમી હોય ને આમ શરીરને ચંદન ચોપડે, તોપણ જેને એ જ્ઞેય છે એ સિવાય 'આ ઠીક છે' એવો એનો મમકાર ગયો છે કહે છે. આ..હા..હા..હા...! 'જયસેનાચાર્યદેવ'(ની ટીકામાં) 'અહં' અને 'મમ' બે શબ્દ છે એટલે બેનો અર્થ તો જુદો કરવો પડે ને ! આ..હા...! બે શબ્દ છે તો એના વાચ્યો પણ બે (છે). આહા..હા...!

ત્રણલોકનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! ધ્રુવ પરમસ્વભાવ, પંચમભાવ, પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ ! પારિણામિકભાવ (કહ્યો) છે પણ પારિણામિકભાવ પરમાણુમાં પણ છે એથી કરીને ત્યાં જ્ઞાયકભાવ લીધો છે. જ્ઞાયકભાવ ! એકલા જ્ઞાનપ્રકાશનો પુંજ પ્રભુ ! રત્નનો દીવડો જેમ ઓરડામાં ફરે છતાં એનો પ્રકાશ હલે નહિ એવો આ ભગવાનઆત્મા ! ગમે તેવા પ્રસંગમાં, રાગ-દ્વેષ આદિના પ્રસંગમાં અસ્થિરતામાં આવ્યો પણ એમાંથી ઈ હલતો નથી. 'એ મારું છે અને મને થયું છે' એમ એ માનતો નથી. આહા..હા...! આવી વાતું છે ! અહીં નવરા ક્યારે (પડે) અને આવું ક્યારે કરે ? જિંદગી આખી જાય છે. આહા..હા...! કરવાનું તો આ છે, ભાઈ ! મનુષ્યદેહ મળ્યો એમાં કરવાનું તો ભવમાં ભવના અંતની વાતું કરવાની છે, બાપા ! ભવમાં ભવના અંતના ભાવને પ્રગટ કરવાનો છે. આહા..હા...!

એવો '**અનેક ઓરડાઓમાં સંચારિત રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...**' અનેક ઓરડામાં જતાં એ રત્નદીપક અનેકરૂપે થાય છે એમ નથી. ઓરડો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાનો હોય, મોટો હોય, અંધારું હોય, ઉકરડા જેવા ભર્યા હોય કે રૂપાળો સારો હોય એ રત્ન(દીપક) તો ત્યાં એકરૂપ રહે છે. એમ આ ભગવાનઆત્મા ! આ..હા..હા...! રાગની અસ્થિરતા હો કે દ્વેષની અસ્થિરતા હો પણ ત્યાં તો ચૈતન્યદીવડો તો એકલો જાણન-દેખન (સ્વભાવમાં) ઊભો રહે છે. આ..હા..હા...! **'એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા...'** અનેક ઓરડામાં રત્ન જાય પણ રત્ન તો એકરૂપ જ રહે છે. એમ અનેક શરીરમાં (આત્મા જવા છતાં એકરૂપ જ રહે છે). પેલું આવે છે ને ? સ્વધર્મવ્યાપકત્વશક્તિ ! અનંત શરીરમાં રહેવા છતાં એ સ્વધર્મવ્યાપકત્વશક્તિ પરને અડી જ નથી. આહા..હા...! ૪૭ શક્તિ છે (એમાં એક) સ્વધર્મવ્યાપકત્વશક્તિ (છે). પરમાં રહ્યા છતાં... આ..હા..હા...! એનો ગુણ એવો છે (કે એ પરને અડતો નથી), આહા..હા...! સ્વધર્મવ્યાપકત્વ ! ૨૫મી (શક્તિ) છે. આહા..હા...! અનેક શરીરોમાં રહ્યા છતાં રત્નનો દીવડો જેમ એવોને એવો રહે છે એવો ભગવાનઆત્મા ! જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી ગઈ છે એનો આત્મા એવોને એવો રહે છે. આ..હા..હા...!

(એક જણ એમ કહેતો હતો કે) 'આ તો બાવા થઈએ તો થાય.' બાવો જ છો પણ, સાંભળને ! આહા..હા...! (એ કોઈ) 'દી રાગમાં આવ્યો નથી, રાગરૂપ થયો નથી પછી તારે બાવો નવો ક્યાં કરવો છે ? કોઈ સ્થળમાં, કોઈ ક્ષેત્રમાં રહ્યા અને કોઈ કાળ, ભાવમાં રહ્યા પરરૂપે થયો જ નથી. જ્યાં રાગરૂપે થયો નથી. આહા..હા...! એ તો ચૈતન્યચમત્કાર ! રત્નદીવડો ! આહા..હા...! એ રત્નનો (દીપક) અંધારારૂપે થયો જ નથી. આ..હા..હા...! એમ ભગવાનચૈતન્યરત્ન ! જેણે સ્વનો આશ્રય લઈને બધી એકાંતદૃષ્ટિનો નાશ કર્યો એને અનેકાન્ત ચૈતન્યરત્ન દીવડો એવોને એવો રહે છે. આ..હા...! આ સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત છે. આ..હા...!

**'એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા (–અનુભવતા થકા),...'** આ..હા..હા...! **'અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...'** આ..હા..હા...! પેલો (–અજ્ઞાની) ભ્રષ્ટ હતો. આ અવિચલિતચેતનાવિલાસ (એટલે) જ્ઞાનચેતના ! આ..હા..હા...! જ્ઞાનચેતના જાગી એનો વિલાસ થયો. ચળે નહિ એવો ચેતનાવિલાસ ! આહા..હા...! આ..રે...! આવી વાતું ! ચળે નહિ એવો અવિચલિત ચેતનાવિલાસ ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (પ્રગટ થયા) એ ચેતનાનો વિલાસ (છે). આ..હા...! રાગાદિનો અનુભવ તે અચેતનાનો વિલાસ (છે). આહા..હા...! જડનો વિલાસ ! આહા..હા...!

ભગવાનઆત્મા ! પૂર્ણાનંદના નાથને જ્યાં અવલંબ્યો... આહા..હા...! આશ્રય કર્યો એ **'અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...'** (પ્રગટ થયો). આ વ્યવહાર ! પેલો દયા, દાનના વ્યવહારની તો વાત જ (દૂર રહી ગઈ). આહા..હા...! (આ તો) આત્મવ્યવહાર ! આત્મવ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઈ (છે). એ તો 'પરમાર્થ વચનિકા' ચિઠ્ઠીમાં છે ને ? મોક્ષમાર્ગ વ્યવહાર છે. ભાઈ ! 'પરમાર્થ વચનિકા'માં છે. મોક્ષમાર્ગ વ્યવહાર છે, નિશ્ચય તો દ્રવ્ય છે. બાપુ ! પર્યાય છે ને ? આ..હા..હા...! એ તો રાગને વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો એ અપેક્ષાએ ચેતનાવિલાસ–નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનની અપેક્ષાએ પેલા (રાગને) વ્યવહાર કહ્યો (અને) આને નિશ્ચય કહ્યો પણ આમ દ્રવ્યની અપેક્ષાએ ભગવાન પૂર્ણાનંદનો નાથ ! એમાં (જે) પરિણમન થયું, પરિણમન થયું એ પર્યાય જ વ્યવહાર છે. આ..હા..હા..હા...! આવી વાતું !

ત્રણલોકના નાથ પરમાત્માનો પોકાર છે, ભાઈ ! તારે માટે પ્રભુનો પોકાર છે, ભાઈ ! અંદર ચેતના(સ્વરૂપ) પ્રભુ પડ્યો છે ને ! ભગવાન ! એની પર્યાયમાં એનો વિલાસ (પ્રગટ થયો). એ દ્રવ્યમાં તો હતો પણ પર્યાયમાં ચેતનાવિલાસ આવ્યો. સ્વભાવનો આશ્રય લેતા જે દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા એ ચેતનાનો વિલાસ છે. આ..હા..હા...! પંચ મહાવ્રતના પરિણામ (છે) એ તો રાગનો વિલાસ છે, કર્મચેતનાનો વિલાસ છે. આ..હા..હા...! અવિચલિતચેતનાવિલાસ ! ચળે નહિ એવો ચેતનાવિલાસ ! રત્નનો દીવડો ગમે ત્યાં લઈ જાવ (તોપણ) એના પ્રકાશમાંથી ચળે નહિ. એને હવાની ઝપટ લાગે (અને બુઝાઈ જાય એમ ન બને). પરમ 'દી નહોતું થયું ? હવાનું (વાવાઝોડુ) ! એવી હવામાં રત્નના દીવાનો પ્રકાશ કાંઈ હલતો હશે ? આહા..હા...! આ દીવો તો જરીક (હવા આવે ત્યાં) લબકઝબક થાય. રત્નનો દીવો લબકઝબક ન થાય. આહા..હા...! એમ ધ્રુવ સ્વભાવ ભગવાનઆત્મા ! એને જેણે પકડ્યો એની પર્યાય તો અવિચલિતચેતનાવિલાસ છે. એ ચેતનાની, આનંદની રમતું છે. આ..હા..હા..હા...! એને અહીંયાં આત્મવ્યવહાર કહેવામાં આવે છે.

શરીરની ક્રિયા તો ક્યાંય ગઈ, દયા, દાન ને દેવ-ગુરુની ભક્તિનો વ્યવહાર પણ ક્યાંય ગયો. આ..હા..હા...! અહીંયાં તો ભગવાનઆત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એને જેણે સમ્યગ્દર્શનમાં પકડ્યો, પૂર્ણાનંદના નાથને જેણે સમ્યક્જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યો એની પર્યાયમાં અવિચલિતચેતનાવિલાસ પ્રગટ્યો છે. એને ધર્મ કહેવામાં આવે છે. આ..હા..હા..હા...! ભગવાન ત્રણ લોકના નાથ ! જિનેશ્વરદેવનો જગત પાસે આ પોકાર છે ! આહા..હા...! પ્રભુ ! તારી ચીજ અંદર પૂર્ણાનંદથી ભરેલી, પૂર્ણ અનંત ગુણના રત્નથી (ભરેલી) ! ચૈતન્યરત્નાકર મોટો સાગર અંદર છે ! આ..હા..હા...! અરે.. પ્રભુ ! તેં કોઈ 'દી ત્યાં નજર પણ કરી નથી. એની નજરું (કરવામાં) તને નિધાન દેખાશે ! અને એ નજરું થઈ તે નિર્મળ પર્યાય – ચેતનાનો વિલાસ – આત્મવ્યવહાર છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્રવ્યના આશ્રયે પ્રગટ્યા એ વ્યવહાર છે. દયા, દાન, ભક્તિ ને જાત્રા એ બધા વ્યવહાર નહિ, એ તો રાગ છે. આહા..હા...! આવી વાત છે. ભાઈ ! આવી વાતું છે. ઓ..હો..હો..હો...! 'સમયસાર', 'પ્રવચનસાર',

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'નિયમસાર' ગજબ વાત છે !! જેણે ચૈતન્યસૂર્યના ભેટા કેમ થાય એની વાતું કરી છે !!

આ..હા..હા...! પરમસ્વભાવભાવ કારણપરમાત્મા ! કારણપરમાત્મા ભગવાનઆત્મા ! આ..હા..હા..હા...! ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાનઆત્મા ભગવાને જોયો, એવા આત્માને જે પકડે એને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય, એને ધર્મની શરૂઆત થાય. એ વિના લાખ જાત્રા, પૂજા, ભક્તિ, દયા, દાન કરે એમાં એકલો રાગ, બંધન અને અધર્મ છે. આહા..હા...! આકરું કામ, ભાઈ ! અનંતકાળ થયા એણે આ વસ્તુને (જાણી નથી). ભગવાન પૂર્ણાનંદથી ભરેલો (છે) તે તરફનો ઝુકાવ જ કર્યો નથી. બહારના ઝુકાવમાં (ધર્મ) માની આ (કર્યું) ને જાત્રા કરી ને ભક્તિ કરી ને પૂજા કરી ને દાન કર્યા ને વ્રત કર્યા ને અપવાસ કર્યા... હવે એવું તો અનંત વાર કર્યું, સાંભળ ને ! એ રાગની ક્રિયામાં ધર્મ માનતા એકાંતદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

અહીંયાં તો પરમાત્મસ્વરૂપે પોતે બિરાજમાન (છે) ! આ..હા..હા...! પરમાત્મા જે કેવળી થયા એ ક્યાંથી થયા ? પ્રભુ ! એ પરમાત્મપદ કાંઈ બહારથી આવે છે ? એ અંદરમાં ભર્યું છે – પરમાત્મપદ જ ભર્યું છે. આ..હા..હા...! કેમ બેસે ? એવો જે ભગવાન પૂર્ણાનંદનો સાગર આત્મા ! એનો જેણે આશ્રય લીધો અને સમાનજાતી અને અસમાનજાતીયની પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ છોડી દીધી... આહા..હા...! એને એકાંતદૃષ્ટિનો નાશ થઈ જાય છે અને અનેકાન્તદૃષ્ટિવાળું તત્ત્વ એવુંને એવું શોભાયમાન પ્રગટ થાય છે. આવી ઝીણી વાતું છે, પ્રભુ ! શું કરીએ ? આ..હા..હા...! પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથની આ વાણી છે ! જગતને સાંભળવા મળે નહિ, અરે..રે..રે...! આ..હા...! શું થાય ? અનંતકાળ રખડવામાં ગયા. આહા..હા...!

અહીં કહે છે, અહીં કહેવું છે શું ? કે, આત્મા જે પૂર્ણાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે એને જેણે સમ્યગ્દર્શનમાં અને સમ્યક્જ્ઞાનમાં પકડ્યો, એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર(ની) દશા જે પ્રગટ થાય તે નિર્મળ વીતરાગી પર્યાય છે–એ ચેતનાવિલાસ છે અને એ ચેતનાવિલાસ આત્માનો વ્યવહાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા એ આત્માનો વ્યવહાર નથી. આહા..હા...! અરે...! આકરું લાગે (પણ) શું થાય ? પ્રભુ ! આ..હા...! ગાથા તે ગાથાઓ છે ને ! આ..હા..હા...!

એક વાર પ્રભુ ! સાંભળ તો ખરો ! તારી ચીજ અંદર ચૈતન્યના અનંત ગુણના ભારથી ભરેલી (છે) ! આહા..હા...! એને રાગ ન હોય, પુણ્ય–દયા, દાન, વ્રત એને ન હોય, ભાઈ ! એ બધો વિકાર છે. આ..હા..હા...! નિર્વિકારી ભગવાન ! એનો જ્યાં અંદરમાં આશ્રય લીધો... આ..હા..હા...! ત્યારે અવિચળ ચેતનાવિલાસ(ની) દશા પ્રગટ થઈ, અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતી દશા પ્રગટ થઈ. આ..હા..હા...! એને અહીંયાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–ધર્મ કહે છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતી અવિચળ ચેતના(વિલાસની) દશા પ્રગટ થઈ. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ? એને અમે આત્માનો વ્યવહાર કહીએ છીએ, (એમ) કહે છે. આત્માનો વ્યવહાર ! આ..હા..હા...! અહીં તો હજી (સંપ્રદાયમાં એમ કહે છે કે), જાત્રા કરવી ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને દયા, દાન (કરવા) ને વ્રત ને અપવાસ (કરવા) એ બધો વ્યવહાર છે. વ્યવહાર નથી, બાપુ ! (એને વ્યવહાર કહેવો) એ તો અસદ્ભુત કથન છે. એ તારો આત્માનો વ્યવહાર નહિ, એ તો જડનો વ્યવહાર છે. આહા..હા...! આકરું પડે, પ્રભુ ! આહા..હા...!

તારી પ્રભુતાને મોળપ ન આપ, ભાઈ ! આ..હા...! જેટલી પ્રભુતા છે તેટલી રાખ. એને પર્યાયમાં હું છું એટલો ન માન. આહા..હા...! પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગસ્વભાવથી ભરેલો પ્રભુ ભગવાન ! એનો જ્યાં અનુભવ–સંભાવના થયો, માન્યતા– અનુભવ (થયો તો) કહે છે કે, એ અનુભવ ચેતનાવિલાસ છે. એ આત્માના ચેતનની ચેતનાવિલાસ છે. ચેતન તો ત્રિકાળી (છે) પણ એની પર્યાયમાં આનંદનો વિલાસ આવ્યો એ ચેતનાવિલાસ છે એને અમે આત્મવ્યવહાર કહીએ છીએ. પરમાત્માનો આ પોકાર છે ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથનો આ પોકાર દિવ્યધ્વનિમાં ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ વાત હતી એ સંતો જગત પાસે જાહેર કરે છે. આહા..હા...!

અરે..રે...! ક્યાં જિંદગી જાય (છે) ? આ..હા...! આખો દી' ધંધાના પાપ, બાયડી-છોકરાને સાચવવાના પાપ, આખો દી' બાવીસ કલાક આ પાપ ! કલાક-બે કલાક કો'ક દી' દેરાસર જાય, કોઈ જાત્રાએ જાય એમાં કોઈ શુભ ભાવ–પુણ્ય થાય, એ પુણ્ય છે એ તો અધર્મ છે, એ ધર્મ નથી. આ વાત બેસે કેમ ? બાપા ! આહા..હા...! બાપુ ! તને શલ્ય રહી ગયા, ભાઈ ! ઈ એકાંતદૃષ્ટિનું શલ્ય રહી ગયું છે. આ..હા..હા...! રાગને લઈને ચૈતન્યને કાંઈ ધર્મનો લાભ થાય (એ માન્યતામાં) તને એકાંતદૃષ્ટિનું મિથ્યાત્વનું શલ્ય રહી ગયું છે. આહા..હા...! એ ચેતનના વિલાસમાં આવતા એ શલ્ય નીકળી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો ફક્ત આત્મવ્યવહાર ઉપર વજન છે.

આ..હા..હા...! ભગવાન પૂર્ણ અમૃતનો સાગર છે, પ્રભુ ! સર્વજ્ઞ પરમાત્મા કેવળીને જે અનંત આનંદ પ્રગટ્યો એ ક્યાંથી આવ્યો ? પ્રભુ ! એ આનંદ કોઈ બહારથી આવે છે ? અંદરમાં ભર્યો છે, ભાઈ ! પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય ઈ અવેડામાં આવે છે. એમ ભગવાનમાં અંતરઆત્મામાં અંદર બધાં પ્રભુ – ભગવાન છે, હોં ! આ..હા..હા..હા...! અનંત... અનંત... આનંદ અને જ્ઞાનથી ભરેલા પ્રભુ છે. આ..હા..હા...! એનો આશ્રય લેતા – એનું અવલંબન લેતા જે આનંદ અને શાંતિની ચેતના પ્રગટ થાય તેને અમે આત્માનો વ્યવહાર કહીએ છીએ. આ..હા..હા...! આત્મા ત્રિકાળી છે તે નિશ્ચય છે અને એનો અનુભવ કરવો – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર – દયા, દાન ને વ્રતના પરિણામરહિત નિર્વિકારી દશા (પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવી)... આ..હા..હા...! એને અહીંયાં આત્મવ્યવહાર કહેવાય છે. આ..હા...! છે ? પછી જરી વાત છે પણ (અત્યારે) વખત થઈ ગયો...

**ગાથા–૯૪**
**પ્રવચન નં. – ૯૨**
**તા. ૨-૬-૭૯**

'પ્રવચનસાર' ૯૪–ગાથા. બીજા પેરેગ્રાફની પાંચમી લીટીથી શરૂ કરવું છે. બીજા પેરેગ્રાફની છેલ્લી પાંચ લીટી. '**અવિચલિતચેતનાવિલાસ...**' છે ? શું કહે છે ? બે લીટી આવી ગઈ હતી. અહીંથી (લેવું) છે – '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...**' ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ એમ કહે છે કે, આત્મા જે અંદર શુદ્ધ ચૈતન્ય પરમાનંદ અમૃતનો ઘન છે તેની અંતરની દૃષ્ટિ કરી, એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કરી અને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની જે નિર્વિકારી દશા પ્રગટ થાય તે અવિચલિતચેતનાવિલાસ આત્માનો વ્યવહાર છે. આહા..હા...! આવી વાત જગતને તો આકરી પડે.

દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો ભાવ એ બધો રાગ છે, એ કંઈ આત્મવ્યવહાર નથી, એ તો મનુષ્યનો વ્યવહાર છે. આહા..હા...! આકરું કામ ! જગત બિચારું શું કરે ? (જ્યાં સત્ય સાંભળવા) મળતું નથી. અરે...! અનંતકાળ થયા અંદર ચૈતન્યવસ્તુ અનંત ગુણનો ભંડાર ! અનંત ચૈતન્યરત્નથી ભરેલો પ્રભુ ! જેમાં દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ છે ઇ પણ નથી. આહા..હા...! એવા ધર્મીને એટલે આત્માને અવલંબીને... ઝીણી વાત છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ ! એવો જે ભગવાનઆત્મા અંદર બધાંને બિરાજે છે... આહા..હા...! એની અવિચલિતચેતનાવિલાસમાત્ર ! અંતરના અનુભવની દૃષ્ટિ. એ ચૈતન્યસ્વભાવને અનુસરીને થતી નિર્મળ પરિણતિ, નિર્મળ પર્યાય એ અવિચલિત–ન ચળે એવી ચેતનાવિલાસમાત્ર (છે). જેમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ નથી. કારણ કે એ તો બધાં પુણ્યબંધના કારણ (છે) અને ખરેખર તો એ અધર્મ છે. અર..ર..ર...! આવી વાત કેમ સહન કરે ? અત્યારે એને ધર્મ માનીને સંપ્રદાય ચાલે છે. આહા..હા...!

શ્રોતા :– આ કાળે તો શુભઉપયોગ જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જ વસ્તુ છે. કહે ગમે તે. વસ્તુ(સ્થિતિ તો આ છે). ચૈતન્યસ્વરૂપ ભગવાન–અસ્તિ (છે). એ આગળ આવશે, લક્ષણ બતાવશે ત્યાં (આવશે). અસ્તિ સામાન્ય કહ્યું છે ને ? ભાઈ ! અસ્તિ સામાન્ય–છે... છે... છે... છે... ઝીણી વાત છે, પ્રભુ ! છે... છે... છે... એવો ત્રિકાળ ચેતનાસ્વભાવ ! અનંત આનંદ ને અનંત શાંતિ, અનંત અતીન્દ્રિય ગુણનું ધામ પ્રભુ ! આ..હા..હા...! એને અવલંબીને – એનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (થાય). નિશ્ચય – સાચાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વભાવને આશ્રયે – અવલંબીને થાય. આવી વાત છે, પ્રભુ ! એ અવિચલિતચેતનાવિલાસ છે. ચેતનાવિલાસમાત્ર કેમ કહ્યું ? (કેમકે) એને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના વિકલ્પનો જરી પણ સંબંધ નથી. એ બધાં બંધના કારણ – સંસાર છે. આ..હા..હા...! શું થાય ? અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. આહા..હા...! આમ કરોડાધિપતિ હોય ઈ મરીને પશુ – બોકડો થાય, ગધેડો થાય. આહા..હા...!

શ્રોતા :– ઈ આપ કહો છો ત્યારે રાડ બોલે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાડ પડે છે, વાત સાચી છે. આહા..હા...! ઘણાંઓને તો માંસ ને દારૂ નથી, પ્રભુ ! એટલે નરકગામી તો નથી પણ પુણ્ય પણ નથી. સાચા સત્‌સમાગમથી સત્ય પ્રરૂપણા સાંભળતા દરરોજ બે-ચાર કલાક સાંભળવામાં જે પુણ્ય થાય એ પણ નથી. એને એકલા પાપના પરિણામ (થાય છે), પ્રભુ તો ક્યાંય એક કોર રહી ગયો. આહા..હા...!

અહીં તો ભગવાન ત્રિલોકનાથની વાણીમાં – દિવ્યધ્વનિમાં અવાજ – પોકાર આવ્યો છે – પ્રભુ ! તું પ્રભુ છો ! મારી જાતનો તું છો. મારી જાતની નાતનો તું છો. આહા..હા...! તારામાં અનંત ગુણની પ્રભુતા પડી છે, પ્રભુ ! એને અવલંબીને – એનો આશ્રય કરીને જે નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન ને નિર્મળ શાંતિ–ચારિત્ર – આત્માની નિર્મળ પર્યાય (પ્રગટ થયા) એને અહીંયાં અવિચલિતચેતનાવિલાસ કહેવામાં આવે છે. આહા..હા...! આવો માર્ગ (એમાં) ક્યાં પહોંચવું ? એક તો ધંધા આડે નવરાશ ન મળે. ધંધાથી નવરો થાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છ-સાત કલાક ઊંઘમાં જાય, બાયડી-છોકરાને સાચવવા માટે, રાજી કરવામાં જાય. અર..ર..ર...! કે'દી આ કરે ? શું કરે ?

પરિભ્રમણ કરતાં અનંત... અનંતકાળ થયો, પ્રભુ ! એ પરિભ્રમણને ટાળવાનો ઉપાય આ એક છે કે, જે ભગવાનઆત્મા ! પૂર્ણાનંદ અનંત ગુણનો ઢગલો – રાશિ પડી છે... આહા..હા...! એનું અવલંબન લેતાં – એનો આશ્રય કરતાં – એનો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કરતાં જે શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય તેને અહીંયાં અવિચળ – ન ચળે એવી ચેતનાવિલાસ (કહે) છે. જેમ દ્રવ્ય ન ચળે (એમ). આ..હા..હા...! ભગવાન ત્રિકાળી વસ્તુ આત્મા તો પરમાત્મસ્વરૂપ જ છે. સ્વભાવ અને શક્તિએ તો પરમાત્મસ્વરૂપ છે, એ કોઈ દી' ચળે નહિ. આ..હા..હા...! એ જેમ ચળે નહિ તેમ તેનો આશ્રય લીધેલી દશા પણ ચળે નહિ. આ..હા...! આ..હા...! આવી વાત છે, પ્રભુ ! શું થાય ? વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથની અકષાય કરુણા છે ! આ..હા..હા...! અકષાય કરુણા છે, પ્રભુ ! તારા અંતરમાં – તારા મૂળ સ્વભાવ આત્મામાં અનંત... અનંત... પવિત્રતા (ભરી છે) એનો પિંડ તું છો. અનંત... અનંત... શુદ્ધ ચૈતન્યઘનની રાશિ છો. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ–રાગ (થાય છે) પ્રભુ ! ઈ તારામાં નથી. એ તારા નથી, તારામાં નથી, ત્યાં તું નથી. જ્યાં તું છે ત્યાં તે રાગ નથી. આ..હા..હા...! આવી વાત !

(એવો) '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...**' એને વ્યવહાર કહીએ. આત્મા જે ત્રિકાળી નિશ્ચય વસ્તુ છે–સત્... સત્... સચ્ચિદાનંદ પ્રભુ ! સત્–શાશ્વત જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવનો સાગર છે એને નિશ્ચય કહીએ, એને પરમ સત્ય કહીએ ત્યારે તેનો આશ્રય લઈને જે દશા પ્રગટી છે તેને આત્માનો વ્યવહાર કહીએ. આ..હા..હા...! આવી વાત છે. શું થાય ? ભાઈ ! બધી ખબર છે, દુનિયાની ખબર નથી (કાંઈ) ? આ..હા...! દુનિયા કેમ ચાલે છે અને કેમ છે એ બધી ખબર છે. આ..હા...! ૬૬ વર્ષથી તો નિવૃત્તિ–દીક્ષા છે. ભલે દીક્ષા સ્થાનકવાસીમાં લીધી (પણ) દીક્ષા હતી જ કે'દી ? આ..હા...! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું (એની) ખબર ન મળે ત્યાં દીક્ષા કેવી ? આહા..હા...! દખ્યા (–દુખિયા) હતા ! રાગને ધર્મ માનવો ઈ દુઃખ (છે). ઈ દુઃખી, દુઃખી છે. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! તારે જો કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના અંત, ભવના અંત લાવવા હોય (તો આ વાત છે). ભવભ્રમણ ! આ..હા..હા...! 'નિયમસાર'માં નથી (આવતું) ? ચાર-પાંચ શબ્દો છે. ભગવંત ને ભવી... 'નિયમસાર'માં છે, ચાર-પાંચ બોલ છે. (શાસ્ત્ર) છે અહીં ? (૧૨મો શ્લોક છે). '**ભવના ભયને ભેદનારા...**' બધાં 'ભ'-'ભ'. '**ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે...**' ભગવાન ત્રણલોકનો નાથ ! એના '**પ્રત્યે શું તને ભક્તિ નથી ?**' આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ 'ભ'-'ભ' આવ્યા. **'ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી ? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છો.'** આહા..હા...! પાંચમી ગાથામાં ભગવાનનું સ્વરૂપ છે ને એટલે (આમ કહ્યું છે). **'अत्तागमतच्चाणं... ववगयअसेसदोसो सयलगुणप्पा...।'** સર્વ ગુણવાળો છે એની અંદર (કહેવું છે). આહા..હા...! પ્રભુ ! ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ પરમાત્મા તો મહાવિદેહમાં બિરાજે છે. 'મહાવીર' આદિ પ્રભુ તો મોક્ષ પધાર્યા. 'ણમો સિદ્ધાણં'(માં) ગયા. આ 'ણમો અરિહંતાણં' અરિહંતપદમાં આ વર્ણવ્યું. આહા..હા...! ભવના ભયને ભેદનારા ભગવાન પ્રત્યે તને ભક્તિ નથી ? આ..હા...! એમ કહે છે. એ તો હજી શુભરાગ છે. આહા..હા...!

અહીં તો પરમાત્મા પોતે આત્મા ભવના ભયને છેદનારો પ્રભુ આત્મા પોતે છે. આ..હા..હા...! અરે... ભગવાન ! બાળક હોય કે વૃદ્ધ હો એ તો શરીરની દશા (છે). આત્મા તો અંદર ત્રિલોકનાથ આનંદનો કંદ પ્રભુ બિરાજે છે, ભગવાન છે. ભગવતસ્વરૂપ બિરાજે છે. આ..હા...! એની જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન (પ્રગટ થયા એ અવિચલિત ચેતનાવિલાસ છે). વળી એક જણ હમણાં એવું લખે છે કે, આત્માનું ચિંતન અને સમ્યક્ તો સાતમા ગુણસ્થાને હોય. 'કરુણાદીપ'માં (આવ્યું છે). અરે... ભગવાન ! શું કરે ? અહીંનું તોડવા માટે ક્યાં લઈ જાય છે ! અરે... પ્રભુ ! અહીંનું (કોઈ) વ્યક્તિનું નથી, આ તો આત્માનું છે અને અનંત વીતરાગોએ કહેલું છે તે છે, પ્રભુ ! આહા..હા...!

અહીં કહે છે, **'અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર...'** એને વ્યવહાર કહીએ. આહા..હા...! આ શરીરની ક્રિયા, પરની ક્રિયાની તો કંઈ વાત જ નથી પણ અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે ઈ તો રાગ છે, એ પણ આત્મવ્યવહાર નહિ. આહા..હા...! **'આત્મવ્યવહારને અંગીકાર કરીને...'** આ..હા..હા...! અમૃતનો સાગર ભગવાનઆત્મા ! જેમાં પૂર્ણ અમૃત ભર્યું છે એનો આશ્રય કરી અને જે અવિચળચેતના (પ્રગટ થઈ) એને અંગીકાર કરી... જોયું ? એવા વ્યવહારને અંગીકાર કરી (એમ કહ્યું છે) ! આત્મા (તો) ઠીક પણ આત્માના વ્યવહારને અંગીકાર કરી (એમ કહ્યું). આહા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ ! શું થાય ? અત્યારે તો એવી બધી ગડબડ ચડી છે કે, 'સોનગઢ'ને ખોટું ઠરાવવા લોકો બિચારા પ્રયત્ન કરે (છે). કરો, બાપા ! તમે પણ ભગવાન છો, પ્રભુ ! (પણ) મૂળમાં ભૂલ છે. આહા..હા...!

અહીં પ્રભુ એમ કહે છે કે, **'અવિચલિત ચેતનાવિલાસ...'** આ 'પ્રવચનસાર' છે ! પ્રવચન એટલે ભગવાનની દિવ્યધ્વનિ ! 'ૐધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' આ આગમનાં વચનો ! આ..હા..હા...! એ પરમાત્માનો જગત પાસે પોકાર છે કે, તું પોતે મારી જાતનો ભગવાન છો, ભાઈ ! એ ભગવાન અંદર છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો તું આશ્રય લે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો પામર, નપુંસકતા છે. આ..હા..હા...! આવી વાતું... આ..હા...! સાંભળવી આકરી પડે !

ત્યાં (સંપ્રદાયમાં) આખો દી' ઈ જ ચાલે – આ કરો... આ કરો... જીવને 'મા હણો, મા હણો' ઈ વાત આવે. (એમ કહે કે આ) 'ભગવાનનો પોકાર છે કે, 'મા હણો, મા હણો' અરે...! સાંભળને ! અત્યારે (બીજું એક) બહુ નાખે છે – 'વીર કહે છે કે, જીવો અને જીવવા દો.' એ નાખે છે, બહુ નાખે છે. જીવો કોને કહેવું, બાપુ ! આહા..હા...! ઈ અંગ્રેજીમાં આવે છે એને લોકોએ અહીં નાખી દીધું – 'જીવો અને જીવવા દો' અરે...! જીવતર તો પ્રભુ ! તારું આનંદનું જીવન એ જીવતર છે. આ ચેતનાવિલાસ (છે) એ તારું જીવતર છે. આ..હા..હા...! પહેલી જીવતરશક્તિ આવી ને ? ૪૭ શક્તિમાં જીવતરશક્તિ ! અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા, સુખ, વીર્ય... આ..હા..હા...! એનું જે નિર્વિકારદશા(રૂપે) પરિણમન થવું એ અવિચલચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર (છે). ધંધો મારો ઈ વ્યવહારની અહીં વાત નથી. ઈ વ્યવહાર આત્માનો નથી, ઈ તો જડનો વ્યવહાર છે. આહા..હા...!

**'આત્મવ્યવહારને અંગીકાર કરીને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે...'** આ..હા..હા...! પરમાત્મા 'પ્રવચનસાર'માં કહે છે એ સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આ..હા...! ક્રિયાકલાપ (એટલે) આ કર્યું, ભક્તિ કરી ને વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને વર્ષીતપ કર્યું ને ફલાણું કર્યું ને ઢીકણું કર્યું, મહિનાના અપવાસ કર્યા – એ બધા રાગના ક્રિયાકલાપ–રાગ છે, બાપા ! એ આત્માની વસ્તુ નહિ. આ..હા..હા...! એ **'સમસ્ત ક્રિયાકલાપને...'** એમ. એક પણ શુભનો રાગ ગમે તે હો એ ક્રિયાકલાપ છે. આહા..હા...! સમસ્ત ક્રિયા એટલે રાગની ક્રિયાના સમૂહને **'ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો...'** એ તો મનુષ્યનો વ્યવહાર છે, એ તો સંસારીનો વ્યવહાર છે. આહા..હા...! એ તો (ભવ)ભ્રમણમાં રખડતા જીવના પરિભ્રમણનું કારણ (છે) એ વ્યવહાર છે. અરે..રે...! આ..હા...!

પ્રશ્ન :– ક્રિયાકલાપમાં આત્માનો વિચાર આવે કે નહિ ?

સમાધાન :– વિચાર એ ક્રિયાકલાપ – વિકલ્પ છે. ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે એ ક્રિયાકલાપ છે. ઝીણી વાત છે.

શ્રોતા :– એને આંગણું કહ્યું છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આપણે આવી ગયું છે, કીધું હતું. 'કળશટીકા'માં ! અરે...! શું થાય ? ભાઈ !

**'જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે...'** ભગવાનની ભક્તિનો, વ્રતનો, તપનો વિકલ્પમાત્ર ઊઠે ઈ વિકલ્પ છે, ઈ રાગ છે, એ ક્રિયાનો સમૂહ છે, રાગનો સમૂહ (છે) એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભેટવામાં આવે છે **'એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા...'** (અર્થાત્) ધર્મી જીવ તેનો આશ્રય નહિ કરતા. આહા..હા...! ધર્મી – જન્મ-મરણના અંત લાવનારો ધર્મી – સમ્યક્દૃષ્ટિ – ધર્મની પહેલી સીઢીવાળો એને કહીએ કે જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એનો આશ્રય લઈને જે શાંતિ અને આનંદ પ્રગટ થયો એ રાગની ક્રિયાકલાપને ભેટતો નથી (અર્થાત્) એ મારા છે અને મારે કરવાલાયક છે એમ કરતો નથી. આહા..હા...! આવી વાત છે.

શ્રોતા :– આવી વાત તો રોજ સાંભળવા જેવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદર ભગવાન છે, બાપુ ! ભગવાન ન હોય તો ભગવાન આવશે ક્યાંથી ? અરિહંત પરમાત્મા(ને) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટ્યું એ ક્યાંથી આવ્યું ? એ અંતરમાં પડ્યું છે. પ્રભુ ! અનંત જ્ઞાન, દર્શન શક્તિરૂપ સ્વભાવ ભગવાન છો ! આ..હા..હા...! એનો આશ્રય લઈને જેણે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો અવિચલિતચેતનાવિલાસ પ્રગટ કર્યો છે તે ક્રિયાકાંડના ભાવને ભેટતો નથી. એ ક્રિયાકાંડ– દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામને–વિકલ્પને પોતાનાં માનતો નથી – એને ભેટતો નથી. આહા..હા...! આવી વાતું છે !

આ તો એક વિચાર એવો આવ્યો હતો કે, ૫૫ વર્ષ થાય તો નોકરી છોડી દે છે. આ વાણિયા ધંધા કરે તો ૫૫ વર્ષે પણ નવરો થાતો નથી. ૫૫ વર્ષની ઉંમર થાય એટલે (કહે કે) હવે છોડી દ્યો ! આને ધંધા આડે ૬૫ વર્ષ થાય તોપણ છોડતો નથી. પાપ એકલું ! આહા..હા...!

અહીં તો (કહે છે કે), દયા, દાન ને વ્રત ને તપના પરિણામ, સાધુ નામ ધરાવીને ક્રિયાઓ કરે એ ક્રિયા મારી છે (એમ માનીને) ભેટે એ મિથ્યાદૃષ્ટિ છે, એ અજ્ઞાની છે, એ જૈન નથી, એને જૈનની ખબર નથી. આહા..હા...! આવી વાતું છે, બાપુ ! આ..હા...! આ તો જંગલ છે, વાડામાં હોય તો રહેવા પણ દે નહિ. અરે...! આવું ક્યાં (કાઢ્યું) ? (એમ કહે). આહા..હા...!

કહે છે કે, **'જેમાં સમસ્ત ક્રિયાકલાપ...'** (અર્થાત્) દયા, દાન, વ્રત, તપ આદિ (અને) પરમાત્માનો વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એને માનવાનો રાગ એ બધો ક્રિયાકલાપ–રાગ છે. એને ભેટવામાં આવે છે એ મનુષ્યનો વ્યવહાર છે, એ આત્મવ્યવહાર નહિ. આહા..હા...! એનો **'આશ્રય નહિ કરતા...'** બે વાત થઈ – આત્મવ્યવહારને અંગીકાર કરીને અને મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા, એમ અનેકાન્ત કર્યું. આહા..હા...! સામે પુસ્તક છે ને, ભાઈ ! આ કાંઈ 'સોનગઢ'નું પુસ્તક નથી. આ તો ભગવાનની વાણીનું છે. આહા..હા...! સંતોએ જગતને જાહેર કર્યું છે. આહા..હા...! જેને એ વ્યવહારરત્નત્રયના વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે છે એમાં હોંશું આવે છે એ મિથ્યાદૃષ્ટિ છે, જૈન(પણાની) એને ખબર નથી. આહા..હા...!

જૈન તો એને કહીએ કે, જે જિનસ્વરૂપ 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન' એ જિનસ્વરૂપી પ્રભુની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની વીતરાગદશા થવી તેને જૈન કહે છે. જિન તો એનું સ્વરૂપ છે. એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર – નિર્વિકલ્પ અનુભવ (થાય) એને જૈન કહેવામાં આવે છે, બાકી બધાં અજૈન છે. આ..હા..હા...!

શ્રોતા :– નામધારી જૈન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નામ ઊંધા રાખે. (પહેલાં) દાખલો આપતા. શું કહેવાય ? કોથળી ! કડવી ! (શ્રોતા :– કરિયાતુ). હા, કરિયાતુ ! કરિયાતાની કોથળી (હોય અને) ઉપર નામ આપે સાકર ! એટલે સાકર થઈ જાય ? આ..હા...! અમે જૈન છીએ, અમે સ્થાનકવાસી છીએ, અમે દેરાવાસી છીએ, અમે દિગંબર છીએ... એ તો બધાં નામ છે, બાપા ! જૈનપણું તો આ છે. આ..હા..હા...! (જે) મનુષ્યનો ક્રિયાકલાપનો વ્યવહાર (છે તેને) છાતીએ ભેટે છે કે, મારું છે, મેં કર્યા છે, આ દયા પાળી, આ વ્રત પાળ્યા, તપ કર્યા – એ મિથ્યાદૃષ્ટિ (છે), એને જૈનની ખબર નથી. એને જૈનપણું શું છે એની ખબર નથી. આહા..હા...!

(જ્ઞાનીપુરુષ તો આત્મવ્યવહારને) અંગીકાર કરી, મનુષ્યના વ્યવહારનો આશ્રય નહિ કરતા થકા, '**રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે...**' દયા, દાનના વિકલ્પો અટકી ગયા, રોકાઈ ગયા. આ..હા..હા...! (ઉન્મેષ એટલે) 'પ્રગટ થવું તે; પ્રાકટ્ય; સ્ફુરણ' થવું. ભગવાનઆત્મા ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (પ્રગટ થયા) એને રાગનું સ્ફુરણ થતું નથી. (એ) વ્યવહારના દયા, દાન, વ્રત આદિના વિકલ્પના અનુભવમાં આવતો નથી. આ..હા..હા...! આવી વાત ! (અજ્ઞાની એમ કહે છે કે) એ તો એકાન્ત કહેવાય. અનેકાન્ત એને કહીએ (કે) વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય. અહીં કહે છે કે, નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એને અનેકાન્ત કહીએ. આવી વાત છે. અરે... પ્રભુ ! એ બધી (વાત) જાણીએ (છીએ), બાપા ! (આખી) દુનિયાને જાણીએ છીએ, બાપા ! અહીં તો શરીરને ૯૦ વર્ષ થયા. ૯૦... ૯૦ કોને કહે ! ૯૦ વર્ષ ! આહા..હા...! આ તો સરાફ દુકાન છે, સરાફીનો વેપાર છે. આહા..હા...! ખોટો રૂપિયો (હોય તો) જડી દે, ચાલવા દે નહિ, પાછો ન આપે ! એમ આ દયા, દાન, વ્રત અને તપમાં ધર્મ મનાવે (એ) તારો ખોટો રૂપિયો છે. લાંબું નહિ ચાલે, મરી જઈશ, ચાર ગતિમાં રખડીશ. આહા..હા...! આવી વાત ! એ લોકોને બિચારા(ને) બેસે નહિ એટલે એકાંત કરીને કાઢી નાખે છે. બાપા ! ભાઈ ! તને ખબર નથી. આ અનેકાન્ત છે. વસ્તુના સ્વરૂપની શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી એ (આત્મવ્યવહાર) અંગીકાર કરવો અને રાગાદિને ઉત્પન્ન થવા ન દેવા એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનેકાન્ત છે.

સમ્યગ્દર્શન થવામાં, એ પ્રશ્ન ઊઠ્યો હતો. 'કળશટીકા'માં ! કે, તમે જ્ઞાન... જ્ઞાન... કરો છો પણ ભગવાને તો દર્શન, જ્ઞાન, ચારિત્ર (ત્રણ થઈને) મોક્ષમાર્ગ કહ્યો છે. (તો કહે છે કે) સમ્યગ્દર્શન થતાં એ ત્રણે ભેગા આવી જાય છે. બે-ત્રણ ઠેકાણે આવે છે ને ? અરે... પ્રભુ ! આ તો ઊલટપલટની વાતું છે, નાથ ! આહા..હા...! આ શરીર ને વાણી જડ માટીનાં પૂતળાં છે. મીણ જેમ ઓગળી જશે એમ આ ઓગળી જવાના, બાપા ! આ તો જડ ધૂડ છે.

અંદરમાં દયા, દાન, વ્રતના પરિણામ આવે એને પણ ધર્મી પોતે અંગીકાર કરતો નથી. આહા..હા...! એનો આશ્રય કરતો નથી. આહા..હા...! '**રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે પરમ ઉદાસીનતાને અવલંબતા થકા,...**' આ..હા..હા...! '**સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...**' એ રાગાદિ પરદ્રવ્ય છે. એનો પરિચય દૂર કર્યો છે. આહા..હા...! ભગવાનઆત્માનો પરિચય કર્યો છે. આ..હા...! આહા..હા...! પાગલ જેવું લાગે ! આ બધાં લાખો માણસ કહે એ ખોટું ? અને આ સાચું ? (એમ લાગે). આ તો સત્ય છે, સત્ય છે, બાપા ! સત્‌ને કોઈ સંખ્યાની જરૂર નથી. બહુ માનનારા હોય તો સત્ય છે એવું કાંઈ છે નહિ. આહા..હા...! સત્ય તો આ છે.

'**સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી...**' સ્વદ્રવ્યના–અસંગના સંગમાં આવી ગયો, અંદર અસંગ આત્મા પ્રભુ છે એના સંગમાં જ્યાં આવ્યો એણે પરસંગને છોડી દીધો. આ..હા...! '**પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...**' આ..હા..હા...! '**કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી...**' ઠીક ! કેવળ સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણ પ્રભુ ! જિનસ્વરૂપી, વીતરાગમૂર્તિ આત્મા (છે) એમ પરમાત્માનો પોકાર છે. આહા..હા...! '**કેવળ સ્વદ્રવ્ય**' જોયું ? એકલું સ્વદ્રવ્ય નહિ, કેવળ સ્વદ્રવ્ય ! એકલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! આ..હા...! '**કેવળ સ્વદ્રવ્ય સાથે...**' આહા..હા...! ટીકા ! '**સંગતપણું...**' પરિચય હોવાથી '**ખરેખર સ્વસમય થાય છે...**' તે સ્વસમય થાય છે. (નીચે સ્વસમયનો અર્થ) છે ને ? 'જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે.' એને સ્વસમય કહીએ. આહા..હા...! '**ખરેખર સ્વસમય થાય છે અર્થાત્ સ્વસમયરૂપે પરિણમે છે.**' એટલે કે આત્મા આનંદનો નાથ પ્રભુ ! શુદ્ધ ચૈતન્યઘન એ ચૈતન્યઘનપણે શુદ્ધપણે પરિણમે છે એને અહીં સ્વસમય આત્મા કહેવામાં આવે છે. એને આત્મા કહેવામાં આવે છે. આ..હા..હા...! આવી ભાષા !

'**માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.**' લ્યો ! (આ) સરવાળો ! '**માટે સ્વસમય...**' એટલે શુદ્ધ ચૈતન્યનું પવિત્ર પરિણમન, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય એ '**સ્વસમય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ આત્માનું તત્ત્વ છે.**' એ આત્માનું તત્ત્વ છે–એ આત્માનો ભાવ છે. આહા..હા...! '**માટે...**' આ કારણે '**સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.**' આ તો પરિણમનમાં તત્ત્વ લીધું, ભાઈ ! કારણ કે આત્મા તો શુદ્ધ આનંદઘન છે જ પણ 'આ છે' એવું પરિણમન ન કરે ત્યાં સુધી એ સ્વસમય ન થયો. આ..હા...! (જ્યારે પરિણમન થયું) ત્યારે એને આત્માનું તત્ત્વ કહ્યું. આ..હા...!

તત્ત્વાર્થ – અર્થ (એટલે) દ્રવ્ય એનું પરિણમન તે તત્ત્વ–ભાવ. એ આત્માનું તત્ત્વ છે. આકરી વાતું ! અહીં દુકાનના ધંધા આડે નવરા થાય નહિ, કલાક મળે તો ક્યાંક સાંભળવા જાય. દેરાવાસી હોય તો ભગવાનની ભક્તિ કરે, પૂજા કરે. પછી ત્રેવીસ કલાક દુકાન ને સૂવામાં ને બાયડી-છોકરાને રાજી રાખવામાં (જાય). અરે..રે...! પ્રભુ ! ત્યાં તો પુણ્યના પણ ઠેકાણા નથી. આહા..હા...! અહીં તો (કહે છે) પુણ્યતત્ત્વ પણ આત્મા(નું) તત્ત્વ નહિ. આત્મતત્ત્વ તો એને કહીએ કે વીતરાગી સ્વભાવરૂપ... આ..હા..હા...! પરિણમન કરે તેને આત્મતત્ત્વ કહીએ. આહા..હા...! વાદવિવાદે તો કાંઈ પાર પડે એવું નથી.

(એક) દેરાવાસી (સાધુ) આવ્યો હતો ને ? એનું (અહીંની) વિરુદ્ધનું લખાણ આવે છે. 'લીમડી'માં આવ્યો હતો. 'લીમડી' આવ્યો (ત્યારે) બે-ત્રણ સાધુ (હતા), બે-ત્રણ ગૃહસ્થ હતા. (આવીને કહ્યું કે) 'આપણે વિચાર કરીએ.' (મેં) કીધું 'અમે કોઈની સાથે વિચાર કરતા નથી.' આ (વાતનો) મેળ કોની સાથે ખાય ? (તો કહે કે) 'તમારી આબરૂ શી ?' (મેં) કીધું 'અહીં આબરૂ છે કોની ?' (તો કહે કે) 'તમારું આવડું મોટું નામ અને તમે ચર્ચાની ના પાડો !' એમ કરતાં છેલ્લે બોલ્યો કે, 'આ ચશ્માં વિના જણાય ?' (મેં) કીધું 'આવી ગઈ ચર્ચા.' આ જડ માટી છે એનાથી આત્મા જાણતો હશે ?

પ્રશ્ન :– તો લગાવ્યા શું કરવા ?

સમાધાન :– ઈ એની મેળાએ આવ્યા અને એની મેળાએ રહ્યા છે. આહા..હા...! જાણનાર ચશ્માંથી અને આ જડની આંખથી પણ જાણતો નથી. અરે..રે...! આ કોડા છે ને કોડા ? આ જડ માટી ! એનાથી પણ જાણતો નથી. જાણનાર પોતે પોતાની દશામાં જાણનારને જાણે છે. આ..હા...! 'કરુણાદીપ' (માસિકમાં) બધું લાંબું-લાંબું ઘણું આવે છે. એના વિરુદ્ધમાં આ દિગંબરો નાખે છે. આજે આવ્યું છે (પણ) આપણે વાંચતા નથી. આહા..હા...!

અહીં કહે છે કે, પ્રભુ આત્માની અનંત પ્રભુતા ! એ પ્રભુતાપણે પ્રભુત્વપર્યાયમાં પ્રભુતા થઈ, નિર્વિકારી વીતરાગ સમ્યગ્દર્શન (થયું) તે આત્મતત્ત્વ છે. તે સ્વસમય છે, લ્યો !

**ભાવાર્થ :– 'હું મનુષ્ય છું, શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું,...**' આહા..હા...! આ હાથ ચાલે, આ પગ ચાલે એ બધી ક્રિયા હું કરું છું. એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા...! એ અજીવને જીવ માનનારા છે. આ તો અજીવ–માટી છે. આ હાથ આમ ચાલે છે, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પગ આમ ચાલે એ તો જડની ક્રિયા છે, આત્માને લઈને પગ ચાલતો નથી. આ..હા...! આ જે ભાષા નીકળે છે એ આત્માને લઈને નહિ. એ તો જડ પરમાણુ છે એમાંથી ભાષાની પર્યાય આવે છે. શરીરાદિ (એમાં) શરીર, વાણી (આદિ) '**સમસ્ત ક્રિયાઓ હું કરું છું,...**' પરની દયા પાળું છું. પરને મદદ કરું છું, પરને સુખી કરું છું, પૈસા આપીને બધાંને સગવડતા આપું છું–એ બધી માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. આ..હા...! શરીરાદિ પરની ક્રિયા કરી શકતો નથી. અરે..રે...! આખો દી' કરે ને કહે કે, કરી શકતો નથી ! ભાઈ ! તને કરે એ ખબર નથી. આહા..હા...!

જમીન ઉપર જે પગ ચાલે છે એ પગ જમીનને અડતો નથી. પ્રભુ ! તને આકરું લાગશે. વીતરાગમાર્ગ એવો છે. પગ જમીનને અડતો નથી એમ ત્રણલોકના નાથનો પોકાર છે. કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. કેમ બેસે ભાઈ તને ? આહા..હા...! સત્યને પડખે ચડ્યો નથી (અને) અસત્યના પડખાં સેવ્યા છે. આહા..હા...! આ જમીનને અડ્યા વિના પગ ચાલે ! આ પુસ્તક (આ ઠવણીને) લઈને (એના) આધારે ઉપર રહ્યું છે એમ પણ નહિ. એ (પુસ્તકના) પરમાણુમાં આધાર નામનો ગુણ છે એને લઈને અહીં ઉપર રહ્યું છે, આને લઈને નહિ. અરે... અરે...! આ હોઠ હલે છે એ આત્માની ઇચ્છાથી નહિ. અજ્ઞાની એવી સમસ્ત ક્રિયાઓને હું કરું છું (એમ માને છે).

'**સ્ત્રી-પુત્ર–ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું**' મેં સ્ત્રીને ગ્રહણ કરી. પાણીગ્રહણ કર્યું. આહા..હા...! પુત્ર ! મારો પુત્ર આવો મોટો થયો છે. મહિને ૨૫૦૦૦ હજારનો પગાર ! આ..હા...! કેવો કર્મી જાગ્યો છે ! એ મારો પુત્ર છે. આ મારો દીકરો ! દીકરો (કહે છે) પણ દીકરાનો આત્મા જુદો અને એનું શરીર જુદું. એ તો માટી–શરીર જુદું છે અને આત્મા જુદો (છે). તારો દીકરો ક્યાંથી આવ્યો ? અરે..રે...! આહા..હા...! દીકરાને પરણાવે, પરણાવે ત્યારે પેલો એના બાપને પગે લાગે, મને ઠીક કર્યું, નાખ્યો–મને જેલમાં નાખ્યો ! આહા..હા...! બધાંને પગે લાગે. મોટા બાપ હોય, દાદા હોય, સાસુ-સસરા બેઠા હોય તો એને પગે લાગે. આ..હા...! શું છે પ્રભુ આ ? આ ગાંડપણું શું છે ?

(અહીં) કહે છે કે, સ્ત્રી ને પુત્ર ને ધન ને કપડાંને ગ્રહણ કરું અને છોડું – એ માન્યતા મિથ્યાત્વ છે. પરદ્રવ્યના ગ્રહણત્યાગ સ્વરૂપમાં છે જ નહિ. આત્મામાં એ ગુણ છે– ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ ! પરમાત્માનું વચન છે ! આત્મા (કે) પરમાણુથી માંડીને લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર કે કોઈ પણ પરદ્રવ્યને તેં ગ્રહ્યા નથી, એને તું છોડતો નથી. તેના ત્યાગગ્રહણરહિત તારું સ્વરૂપ છે. આહા..હા...! એને ઠેકાણે '**ગ્રહણત્યાગનો હું સ્વામી છું**' એમ માને. મેં આટલું છોડ્યું, આમ છોડ્યું, પાંચ હજાર દાનમાં આપ્યા હતા, ફલાણું ભેગું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યું હતું, વકીલાત કરી અને (પછી) છોડી દીધી (એમ માનનાર પણ) મૂઢ છે. વકીલાત કોણ કરે ? એ તો જડ ભાષા છે. આ..હા..હા...! આ (ભાઈ) છોડીને બેઠા છે (પણ) હજી ક્યાંક જવાના છે.

શ્રોતા :– જવાબદારી બાકી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જવાબદારી કોની ? આહા..હા...! એ સ્ત્રી, પુત્ર, ધન, કપડાં, દાગીના, મકાન, મહેલને મેં ગ્રહ્યાં અને મેં ત્યાગ્યાં (એમ) એનો સ્વામી થાય એ મૂઢ છે. આહા..હા...! (એ) '**વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર...**' (છે), એ મનુષ્યનો વ્યવહાર છે, એ મિથ્યાદૃષ્ટિનો વ્યવહાર છે, ધર્મીનો નહિ. આ..હા...!

'**માત્ર અચલિત ચેતના તે જ હું છું**' આ..હા...! ટૂંકું કર્યું છે. '**અચલિત ચેતના તે જ હું છું' એમ માનવું–પરિણમવું તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન) છે.**' એ આત્માનું વર્તન છે. આ..હા..હા...! આ અપવાસ કરું છું ને વ્રત લીધા છે ને... વ્રત એટલે સંવર, અપવાસ એટલે નિર્જરા–તપ. આહા..હા...! એ પરદ્રવ્યના ત્યાગગ્રહણમાં મિથ્યાદૃષ્ટિ રોકાઈ ગયો. આ..હા...! માત્ર અચલિત ચેતના ! ચેતના ભગવાન ચળે નહિ એવી પર્યાય જે સ્વદ્રવ્યને આશ્રયે થાય. '**એમ માનવું–પરિણમવું તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન) છે.**'

'**જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે,...**' શરીર મારું, વાણી મારી, હું રૂપાળો, મારું શરીર મજબુત લઠ્ઠ જેવું, મારું શરીર પાતળું – કાઠે પાતળું ! શું કહેવાય છે ઈ ? પાતળી કાઠી (જેવું). શરીર (તારું) હતું (ક્યારે) ? આ તો માટી–ધૂડ છે. આ આત્મામાં હતું અને આત્માનું છે કે'દી ? મારી કાઠી પાતળી છે એમ કહે છે ને ? મારી કાઠી લઠ્ઠ જેવી ! આહા..હા...!

'**જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તે એકાંતદૃષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થાય છે...**' મિથ્યાત્વ–શ્રદ્ધામાં એ રાગી-દ્વેષી થાય છે '**અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે...**' (અર્થાત્) પરદ્રવ્યસ્વરૂપ કાર્ય સાથે '**સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે;...**' પરસમય એટલે મિથ્યાદૃષ્ટિ છે, અનાત્મા છે. આહા..હા...!

'**અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે...**' આહા..હા...! ભગવાનઆત્મા ! ભાષા આમ કરી, જોઈ ? '**ભગવાન આત્મસ્વભાવ**' ! શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાતા-દૃષ્ટા આનંદ(રૂપ) '**સ્વભાવમાં જ સ્થિત છે, તે અનેકાંતદૃષ્ટિવાળા...**' કહો, આને અનેકાન્ત કહે (છે). (અજ્ઞાની) કહે કે, આને પણ માને અને આને પણ માને (એટલે કે) વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય એ અનેકાન્ત (છે). અહીં કહે છે કે, વ્યવહારથી ન થાય અને નિશ્ચયથી થાય એનું નામ અનેકાન્ત છે. બહુ ફેર, બાપુ ! આ..હા...! નવા સાંભળનારને તો એવું લાગે... આ તે શું (કહે છે) ? આ તે કાંઈ જૈનની વાત છે ? જૈનમાં તો છ કાયની દયા પાળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એમ આવે). સંવત્સરી ઉપર કાગળ લખે તો (એમ લખે) છ કાયના પિયર, છ કાયના રખવાળ, છ કાયના ગોવાળ ! સંવત્સરીના કાગળમાં લખતા ને ? કોના ગોવાળ ? બાપા ! આહા..હા...!

'**તે અનેકાંતદષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં...**' વ્યવહાર જે દયા, દાન રાગાદિ છે તેનો આશ્રય નહિ કરતા '**આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થતા નથી...**' આ..હા..હા...! એ જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં રહે છે. '**અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં...**' આ..હા...! '**કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય** (આત્મા) **છે.**' આ..હા...! આવી વ્યાખ્યા ! પેલી (વ્યાખ્યા તો એવી આવે કે) ત્રસ જીવ તેને કહીએ કે (જે) હાલેચાલે તેને ત્રસ કહીએ, સ્થાવર એને કહીએ કે (જે) સ્થિર રહે તેને સ્થાવર (કહીએ). અહીં કહે (છે) કે, આત્મા એને કહીએ કે, જે પુણ્ય-પાપપણે ન પરિણમે અને શુદ્ધ વીતરાગપણે પરિણમે તેને આત્મા કહીએ. અરે..રે...! આ ક્યાં મેળ ખાય ? (આ) 'કલકત્તા'માં ક્યાંય ન મળે, 'કલકત્તા'માં ધૂડ છે. એ ૯૪ ગાથા (પૂરી) થઈ, હવે ૯૫ (ગાથા).

'**હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :–**' પહેલાં પદાર્થનું સ્વરૂપ બતાવ્યું હતું, હવે પદાર્થનું લક્ષણ બતાવે છે. ૯૩ (ગાથામાં) દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા, પર્યાય (કોને કહેવી) ? એમ બતાવ્યું. હવે આ દ્રવ્યનું લક્ષણ બતાવે છે, જે લક્ષણથી ઓળખી શકાય. આહા..હા...! '**હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :–**'

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं ।**
**गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति ।।९५।।**

આ..હા..હા...! મુનિરાજ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે... આ..હા..હા...! ભગવાન આમ કહે છે... એમ કરીને (કહે છે). '**वुच्चंति**' છે ને ? ભગવાન આમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' તો ત્રીજે નંબરે આવ્યા. '**मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी। मंगलं कुन्दकुन्दार्यो...**' શ્વેતાંબરમાં 'સ્થૂલભદ્ર' (આવે છે). આ..હા..હા...! અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' ત્રીજે નંબરે (આવે છે). (છેલ્લું પદ છે) '**जैनधर्मोस्तु मंगलम्।।**' જૈન ધર્મ એ મંગલિક (છે). આહા..હા...! 'મંગ' નામ પવિત્રતા અને 'લ' નામ લાતી. પવિત્રતાની પ્રાપ્તિ (થાય) તેને મંગલિક કહીએ. એ મંગલિક આ ! શુદ્ધસ્વરૂપ ભગવાન ત્રિકાલ મંગળસ્વરૂપ છે તેનો આશ્રય લઈને નિર્વિકલ્પ – રાગ વિનાની દશા, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ થાય એને મંગલિક કહેવામાં આવે છે. આહા..હા...! '**अरिहंता मंगलम्, सिद्धा मंगलम्**' એ તો બધી વ્યવહારની વાતું છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'केवलीपण्णत्तो धम्मो मंगलम्'** અત્યારે (પર્યાયને મંગલિક કહેવી છે). નહિતર ખરું મંગલિક તો દ્રવ્ય છે કે જેનો આશ્રય લઈને (પર્યાયમાં પવિત્રતા પ્રગટે છે) પણ અહીંયાં પર્યાયને આત્મતત્ત્વ કહ્યું ને ! આહા..હા...! પૂર્ણાનંદની પ્રાપ્તિ અથવા પૂર્ણાનંદ પ્રભુની પ્રતીતિ, અનુભવ (થયો) એને મંગલિક કહેવામાં આવે છે. એનું આ લક્ષણ દર્શાવે છે.

**છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ્-વ્યય-ધ્રુવયુક્ત છે,**
**વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.**

ભગવાને તેને દ્રવ્ય કહ્યું. એનો થોડોક અન્વયાર્થ લઈએ. **'સ્વભાવને છોડ્યા વિના...'** છે ને અન્વયાર્થ ? **'જે ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે તથા ગુણવાળું ને પર્યાયસહિત છે,...'** હજી દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ શું (છે) એની ખબર ન મળે, જે જૈનના એકડાના મીંડાની વાતું (છે). પર્યાય (એટલે) શું ? (એવો) એક જણાએ પ્રશ્ન કર્યો હતો, લ્યો ! પેલો પંડિત આવ્યો હતો એ પણ પ્રશ્ન કરતો હતો ! દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને (કહેવા), પર્યાય (કોને કહેવી) હજી તો નામ (આવડતા ન હોય). આહા..હા...! એક જણ (કહે કે), દ્રવ્ય કોને કહેવું ? (તો કહે કે), પૈસાને દ્રવ્ય કહેવું. આહા..હા...!

અહીં તો કહે છે, **'છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ્-વ્યય-ધ્રુવયુક્ત છે, વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને.'** ભગવાને એમ કહ્યું. ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે તથા ગુણવાળું છે ને પર્યાય–અવસ્થાસહિત છે તેને દ્રવ્ય કહે છે. તેને પરમાત્માએ વીતરાગ કેવળી પરમાત્માએ ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે દ્રવ્ય કહ્યું છે. આહા..હા...!

વિશેષ આવશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ द्रव्यलक्षणमुपलक्षयति -

**अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं।**
**गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति।।९५।।**
**अपरित्यक्तस्वभावेनोत्पादव्ययध्रुवत्वसंबद्धम्।**
**गुणवच्च सपर्यायं यत्तद्द्रव्यमिति ब्रुवन्ति।।९५।।**

इह खलु यदनारब्धस्वभावभेदमुत्पादव्ययध्रौव्यत्रयेण गुणपर्यायद्वयेन च यल्लक्ष्यते तद्द्रव्यम्। तत्र हि द्रव्यस्य स्वभावोऽस्तित्वसामान्यान्वयः। अस्तित्वं हि वक्ष्यति द्विविधं, स्वरूपास्तित्वं सादृश्यास्तित्वं चेति। तत्रोत्पादः प्रादुर्भावः, व्ययः प्रच्यवनं, ध्रौव्यमबस्थितिः। गुणा विस्तारविशेषाः। ते द्विविधाः सामान्यविशेषात्मकत्वात्। तत्रास्तित्वं नास्तित्वमेकत्वमन्यत्वं

---

द्रव्यस्य सत्तादिलक्षणत्रयं सूचयति - **अपरिच्चत्तसहावेण** अपरित्यक्तस्वभावमस्तित्वेन सहाभिन्नं **उत्पादव्वयधुवत्तसंजुत्तं** उत्पादव्यध्रौव्यैः सह संयुक्तं **गुणवं च सपज्जायं** गुणवत्पर्यायसहितं च **जं** यदित्थंभूतं सत्तादिलक्षणत्रयसंयुक्तं **तं दव्वं ति वुच्चंति** तद्द्रव्यमिति ब्रुवन्ति सर्वज्ञाः। इदं द्रव्यमुत्पादव्ययध्रौव्यैर्गुणपर्यायैश्च सह लक्ष्यलक्षणभेदे अपि सति सत्ताभेदं न गच्छति। तर्हि किं करोति। स्वरूपतयैव तथाविधत्वमवलम्बते। तथाविधत्वमवलम्बते कोऽर्थः। उत्पादव्ययध्रौव्यस्वरूपं

---

હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છે :-

છોડયા વિના જ સ્વભાવને ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત છે,
વળી ગુણ ને પર્યય સહિત જે, ‘દ્રવ્ય’ ભાખ્યું તેહને. ૯૫.

અન્વયાર્થ :- [अपरित्यक्तस्वभावेन] સ્વભાવને છોડ્યા વિના [यत्] જે [उत्पादव्ययध्रुवत्वसंबद्धम्] ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે [च] તથા [गुणवत् सपर्यायं] ગુણવાળું ને પર્યાયસહિત છે, [तत्] તેને [द्रव्यम् इति] ‘દ્રવ્ય’ [ब्रुवन्ति] કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



द्रव्यत्वं पर्यायत्वं सर्वगतत्वमसर्वगतत्वं सप्रदेशत्वमप्रदेशत्वं मूर्तत्वममूर्तत्वं सक्रियत्वमक्रियत्वं चेतनत्वमचेतनत्वं कर्तृत्वमकर्तृत्वं भोक्तृत्वमभोक्तृत्वमगुरुलघुत्वं चेत्यादयः सामान्यगुणाः। अवगाहहेतुत्वं गतिनिमित्तता स्थितिकारणत्वं वर्तनायतनत्वं रूपादिमत्ता चेतनत्वमित्यादयो विशेषगुणाः। पर्याया आयतविशेषाः। ते पूर्वमेवोक्ताश्चतुर्विधाः। न च तैरुत्पादादिभिर्गुणपर्यायैर्वा सह द्रव्यं लक्ष्यलक्षणभेदेऽपि स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव द्रव्यस्य तथाविधत्वादुत्तरीयवत्। यथा खलूत्तरीयमुपात्तमलिनावस्थं प्रक्षालितममलावस्थयोत्पद्यमानं तेनोत्पादेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथा द्रव्यमपि समुपात्तप्राक्तनावस्थं समुचितबहिरङ्गसाधनसन्निधिसद्भावे विचित्रबहुतरावस्थानं स्वरूपकर्तृकरणसामर्थ्य-स्वभावेनान्तरङ्गसाधनतामुपागतेनानुगृहीतमुत्तरावस्थयोत्पद्यमानं तेनोत्पादेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते।

---

गुणपर्यायस्वरूप च परिणमति शुद्धात्मवदेव। तथा हि-केवलज्ञानोत्पत्तिप्रस्तावे शुद्धात्मरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिरूपकारणसमयसारपर्यायस्य विनाशे सति शुद्धात्मोप-लम्भव्यक्तिरूपकार्यसमयसारस्योत्पादः कारणसमयसारस्य व्ययस्तदुभयाधारभूतपरमात्मद्रव्यत्वेन ध्रौव्यं च। तथानन्तज्ञानादिगुणाः, गतिमार्गणाविपक्षभूतसिद्धगतिः, इन्द्रियमार्गणाविपक्ष-भूतातीन्द्रियत्वादिलक्षणाः शुद्धपर्यायाश्च भवन्तीति। यथा शुद्धसत्तया सहाभिन्नं परमात्मद्रव्यं पूर्वोक्तोत्पादव्ययध्रौव्यैर्गुणपर्यायैश्च सह संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि सति तैः सह सत्ताभेदं न **करोति,** स्वरूपत एव तथाविधत्वमवलम्बते।

---

ટીકા :– અહીં (આ વિશ્વમાં) જે, સ્વભાવભેદ કર્યા વિના, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે. તેમાં (–સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય એ છ શબ્દો કહ્યા તેમાં), દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય. અસ્તિત્વ બે પ્રકારનું કહેશે : (૧) સ્વરૂપ-અસ્તિત્વ અને (૨) સાદ્રશ્ય-અસ્તિત્વ. ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું); વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું); ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું). ગુણો તે વિસ્તારવિશેષો. તેઓ સામાન્ય–વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે. તેમાં, અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેતનત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોક્તૃત્વ, અભોક્તૃત્વ, અગુરુલઘુત્વ ઇત્યાદિ સામાન્યગુણો છે; અવગાહહેતુત્વ, ગતિનિમિત્તતા, સ્થિતિકારણત્વ, વર્તનાયતનત્વ, રૂપાદિમત્ત્વ, ચેતનત્વ ઇત્યાદિક વિશેષગુણો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



यथा च तदेवोत्तरीयममलावस्थयोत्पद्यमान मलिनावस्थया व्ययमानं तेन व्ययेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथा तदेव द्रव्यमप्युत्तरावस्थयोत्पद्यमानं प्राक्तनावस्थया व्ययमानं तेन व्ययेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयमेककालममलावस्थयोत्पद्यमानं मलिनावस्थया व्ययमानमवस्थायिन्योत्तरीयत्वावस्थया ध्रौव्यमालम्बमानं ध्रौव्येण लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमप्येक-कालमुत्तरावस्थयोत्पद्यमानं प्राक्तनावस्थया

---

तथाविधत्वं कोऽर्थः। उत्पादव्ययध्रौव्यगुणपर्यायस्वरूपेण परिणमति। तथा सर्वद्रव्याणि स्वकीयस्वकीययथोचितोत्पादव्ययध्रौव्यैस्तथैव गुणपर्यायैश्च सह यद्यपि संज्ञालक्षणप्रयोजनादिभिर्भेदं कुर्वन्ति तथापि सत्तास्वरूपेण भेदं न कुर्वन्ति, स्वभावत एव तथाविधत्वमवलम्बते। तथाविधत्वं कोऽर्थः। उत्पादव्ययादिस्वरूपेण परिणमन्ति। अथवा यथा वस्त्रं निर्मलपर्यायेणोत्पन्नं मलिनपर्यायेण

---

પર્યાયો તે આયતવિશેષો. તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.

દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે અથવા ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથવા ગુણપર્યાયવાળું) છે – વસ્ત્રીની જેમ.

જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર, ધોવામાં આવતાં, નિર્મળ અવસ્થાથી (–નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે (અર્થાત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે); તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ – કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે – અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી રીતે તે જ દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



व्ययमानमवस्थायिन्या द्रव्यत्वावस्थया ध्रौव्यमालम्बमानं ध्रौव्येण लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयं विस्तारविशेषात्मकैर्गुणैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमपि विस्तारविशेषात्मकैर्गुणैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयमायतविशेषात्मकैः पर्यायवर्तिभिस्तन्तुभिर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमप्यायतविशेषात्मकैः पर्यायैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते।।९५।।

---

विनष्टं तदुभयाधारभूतवस्त्ररूपेण ध्रुवमविनश्वरं, तथैव शुक्लवर्णादिगुणनवजीर्णादिपर्यायसहितं च सत् तैरुत्पादव्ययध्रौव्यैस्तथैव च स्वकीयगुणपर्यायैः सह संज्ञादिभेदेऽपि सति सत्तारूपेण भेदं न करोति। तर्हि किं करोति। स्वरूपत एवोत्पादादिरूपेण परिणमति, तथा सर्वद्रव्याणीत्यभिप्रायः।।९५।।

---

તે જ વસ્ત્ર એકીવખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિતિ થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.

વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ (શુકલત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષોસ્વરૂપ પર્યાયવર્તી (–પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે, પરંતુ તેને તે પર્યાયોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. ૯૫.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૫**
**પ્રવચન નં. – ૯૩**
**તા. ૩-૬-૭૯**

'પ્રવચનસાર' ૯૫–ગાથા, એની ટીકા. **'અહીં (આ વિશ્વમાં) જે, સ્વભાવભેદ કર્યા વિના,...'** શું કહે છે ? ઝીણી વાત છે. દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા અને પર્યાય કોને કહેવી ? દ્રવ્ય, ઉત્પાદ્-વ્યય (હોવા છતાં) સ્વભાવભેદ કર્યા વિના અભેદ છે. **'સ્વભાવભેદ કર્યા વિના, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય...'** (અર્થાત્) નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાણી અવસ્થા વ્યય-નાશ થાય અને ધ્રુવપણે કાયમ રહે. આહા..હા...! દરેક વસ્તુનો આવો સ્વભાવ છે. આત્મા પણ પોતાના ઉત્પાદ્-વ્યય અને ધ્રુવસહિત દ્રવ્ય છે. એના ઉત્પાદ્‌ને માટે બીજાની જરૂર નથી, તેમ બીજા દ્રવ્યના (એટલે કે) આત્મા સિવાય શરીર, વાણી આદિ બધી ચીજોની અવસ્થા જે ઉત્પન્ન થાય એ એના ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનો સ્વભાવભેદ કર્યા વિના દ્રવ્યસ્વરૂપ છે. આ..હા...! એના ઉત્પાદ્‌ની પર્યાય કરવા માટે બીજું દ્રવ્ય (કંઈ) કરે એમ બને નહિ. ઝીણી વાત છે, ભાઈ ! તત્ત્વની વાત અનંતકાળમાં એણે સાંભળી નથી, સમજ્યો નથી. આહા..હા...!

દ્રવ્ય–વસ્તુ **'સ્વભાવભેદ કર્યા વિના, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે,...'** આહા..હા...! દરેક વસ્તુ (આવી રીતે લક્ષિત થાય છે). એમ આત્મા(માં) નવી અવસ્થા ઉત્પન્ન થાય, પુરાણી (અવસ્થા) વ્યય થાય અને ધ્રુવ(પણે કાયમ રહે) અને ગુણ ધ્રુવ (છે) અને પર્યાય-અવસ્થા (છે). એ ઉત્પાદ્-વ્યય-ધ્રુવ–ત્રણ અને ગુણ-પર્યાય (દ્વય) – એનાથી દ્રવ્ય(નું) લક્ષ થાય છે. એ એના લક્ષણો છે અને એનાથી દ્રવ્ય જણાય છે.

આ..હા..હા...! આ આત્મદ્રવ્ય સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપથી ભરેલો પ્રભુ ! એ પણ એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયથી જણાય છે. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રથી એ જણાય એવો નથી એમ કહે છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– કાલે આપે કહ્યું હતું કે, ગુરુગમ વિના જણાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુરુગમ એટલે એ તો એને એવું હોય. આ ભવમાં કે પરભવમાં સત્‌સમાગમ – સાચો સત્‌સમાગમ હોય એટલું, પણ એનાથી પામે છે એમ નથી. એ તો દેશનાલબ્ધિ હોય છે એથી એનાથી પામે છે એમ નથી.

ભગવાનઆત્મા ! સચ્ચિદાનંદ પ્રભુ ! એનું લક્ષણ તો એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી તે જણાય અને કાં એ ધ્રુવ એટલે ગુણ અને ઉત્પાદ્-વ્યય એટલે પર્યાય – ગુણ-પર્યાયથી જણાય. એમ આ પરમાણુ છે – આ શરીર જડ-ધૂડ (છે) એનો એક-એક પરમાણુ પણ એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી જણાય અને તેના ગુણ-પર્યાયથી જણાય. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળજ્ઞાની પરમાત્માની આ વાણી ! બહુ ઝીણું ! આ..હા...!

(કહે છે) '**સ્વભાવભેદ કર્યા વિના,...**' (અર્થાત્) ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયનો સ્વભાવભેદ કર્યા વિના વસ્તુ છે. આહા..હા...! ઉત્પાદ્-વ્યય-ધ્રુવ પણ એનો સ્વભાવ છે અને ગુણ-પર્યાય (પણ) એનો સ્વભાવ છે. આહા..હા...! આમ કંઈ સમજવું નહિ અને બહારથી કંઈક ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને દાન, દયા કરીએ (તો) ધર્મ થઈ જાય. ભાઈ ! ઝીણી વાત છે, બાપુ ! એવી વાતું તો અનંત વાર કરી છે. આહા..હા...!

અહીંયાં તો દ્રવ્ય જે ચૈતન્યભગવાન ! પૂર્ણાનંદ અને અતીન્દ્રિય અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ કર્યા વિના તેનાથી જણાય એવો છે અને તેના ગુણ અને પર્યાય (એટલે) ઉત્પાદ્-વ્યય તે પર્યાય છે અને ધ્રુવ તે ગુણ છે (તેનાથી જણાય એવો છે). (આ) બીજી રીતે કહ્યું. (પહેલાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ) ત્રણ થઈને કહ્યું આ બે (ગુણ-પર્યાય) થઈને કહ્યું. પણ ત્રણ થઈને પણ સ્વભાવભેદ વિના દ્રવ્ય છે અને ગુણ-પર્યાય પણ સ્વભાવભેદ વિના દ્રવ્ય છે. આ..હા..હા...! દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં ! દ્રવ્ય એટલે વસ્તુ જે અનાદિ (છે તેની વાત છે).

પરમાત્મા–આત્મા અનાદિ છે એમ આ પરમાણુ જે (છે), આ શરીર જડ-માટીના જે પરમાણુ છે એ અનાદિ છે. એ પરમાણુના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી પરમાણુ-દ્રવ્ય જણાય અને કાં એના કાયમ રહેનારા ગુણ અને બદલતી અવસ્થાથી જણાય. એમ ભગવાનઆત્મા ! આ..હા..હા...! એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી જણાય અને કાં ગુણ-પર્યાય(થી જણાય). એ તો એક જ છે. ગુણ-પર્યાયથી તે દ્રવ્ય લક્ષ થાય. લક્ષ કરનાર પર્યાય (છે અને જેનું લક્ષ કરે છે તે) દ્રવ્ય-વસ્તુ છે. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર અને અનંત ગુણનું ધામ ! અનંત ચૈતન્યરત્નાકર પ્રભુ આત્મા છે !! આ..હા..હા...! એની દૃષ્ટિ કરવા માટે કહે છે કે, એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી તેને જણાવ્યો છે. આહા..હા...! કેમકે દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે થાય છે તે ઉત્પાદ્ છે. પ્રથમ ધર્મ–સમ્યગ્દર્શન થાય એ પણ ઉત્પાદ્ છે, પૂર્વની પર્યાયનો વ્યય છે અને કાયમ ટકવું (– ટકનાર) ધ્રુવ અને તેના ગુણ છે. એટલે દૃષ્ટિનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે, એ ઉત્પાદ્થી જણાય એવું તે દ્રવ્ય છે. રાગ ને દયા, દાન ને વ્રત, ભક્તિની વિકારની પર્યાય છે તો એની પર્યાય પણ એનાથી ખસીને જાણવું છે દ્રવ્ય. એટલે જેનું લક્ષ (કરે છે એવા) ગુણ-પર્યાય તે દ્રવ્ય, ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ તે દ્રવ્ય. ઉત્પાદ્-વ્યયમાં વિકારી પર્યાય પણ આવી ગઈ. ગુણ-પર્યાયમાં વિકારી (અને) અવિકારી બન્ને (પર્યાય) આવી ગઈ.

અહીં તો એને લક્ષણ કહ્યું છે. લક્ષ–ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એની ઉત્પાદ્–અવસ્થા (એટલે) નવી અવસ્થા ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા–બદલતી પર્યાયનો વ્યય-નાશ થાય અને કાયમ સદૃશપણે રહેનારો ભગવાન ધ્રુવ (છે). એમ ગુણ છે તે કાયમ રહેનારા છે અને પર્યાય (છે) તે ઉત્પાદ્-વ્યયવાળી છે. એ ગુણ-પર્યાયથી પણ તે જણાય અને ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ કર્યા વિના (પણ) તે (દ્રવ્ય) જણાય. આવું કોઈ ’દી સાંભળ્યું ન હોય અને એમને એમ બહારથી ધર્મ થઈ જાય. આહા..હા...! દેવ-ગુરુની ભક્તિ કરો, બસ ! એનાથી થઈ જશે. ધૂડ પણ નહિ થાય, સાંભળ ને ! એ તો રાગ છે. રાગ અહીં થાય છે – આત્મામાં એની પર્યાયમાં (થાય છે). એના લક્ષણથી જાણવું હોય તો તે દ્રવ્ય જણાય. એવી રીતે અહીં લક્ષણ લીધું છે. ‘પંચાસ્તિકાય’માં પણ લીધું છે ને ? આ..હા...! ભલે વિકારપર્યાય ઉત્પન્ન થાય અને વિકાર વ્યય થાય અને નિર્વિકારી (ગુણ) ધ્રુવ રહે, એ નિર્વિકારી ગુણ ધ્રુવ રહે અને વિકારી-અવિકારી પર્યાય (થાય) પણ એ પર્યાય અને ગુણથી જણાવાલાયક તે દ્રવ્ય છે. હવે આવું (વસ્તુનું સ્વરૂપ) ! (લોકોને) નવરાશ ક્યાં (છે) ? ઝીણી વાત (છે એટલે) લોકો પછી એમ કહે (કે ઝીણું પડે છે).

બાપુ ! અનંતકાળ... અનંતકાળ વીત્યો, ભાઈ ! એ દ્રવ્ય-વસ્તુ શું છે ? ચૈતન્યભગવાન કોણ છે ? એની એને ખબર પણ નથી. બહારથી વિષય છોડો ને બાયડી-છોકરાં છોડો ને દુકાન-ધંધો છોડો (એમાં) ધૂડ પણ (ધર્મ નથી). (એવું તો) અનંતવાર છોડ્યું ! એ ક્યાં ગ્રહણ કર્યું હતું તે છોડે. પર વસ્તુનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..હા...! આકરી વાત છે, ભાઈ !

આત્મા પ્રભુ છે એના ગુણ-પર્યાય અને ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી સ્વભાવભેદ થયા વિના તે જણાય. આ..હા...! એ પર વસ્તુનો તો એમાં અનાદિથી ત્યાગ જ છે. પર વસ્તુ તો એણે ગ્રહી જ નથી. ભગવાનઆત્મા ! એણે એક પરમાણુ પણ ગ્રહ્યો નથી તો બાયડી, છોકરા, દુકાન ને પૈસા ગ્રહ્યા હતા અને એને છોડ્યા એ વાત સ્વરૂપમાં નથી. આહા..હા...! આ..હા...! બાયડી હતી તે છોડી, હજારો રાણીઓ છોડીને દીક્ષા લીધી એથી એ દીક્ષા ચારિત્ર છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આહા..હા...! પરના ત્યાગ-ગ્રહણથી રહિત તો પ્રભુ ત્રિકાળ છે. હવે એ ત્રિકાળી જે વસ્તુ છે એની દૃષ્ટિ કરવી હોય અને એને ઓળખવો હોય તો એના ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાયથી સ્વભાવભેદ (કર્યા વિના ઓળખાય). જે દ્રવ્યનો સ્વભાવ છે એ જ ગુણ-પર્યાય અને ઉત્પાદ્-વ્યયનો સ્વભાવ છે. સ્વભાવ જુદો પાડીને આ આત્મા જણાય એમ નથી. આ.હા...! છે ? નીચે છે.

'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યત્રય = ઉત્પાદ્, વ્યય ને ધ્રૌવ્ય – એ ત્રિપુટી (ત્રણનો સમૂહ). ગુણ-પર્યાયદ્વય = ગુણ ને પર્યાય – એ યુગલ (બેનો સમૂહ). લક્ષિત થાય છે = લક્ષ્યરૂપ થાય છે; ઓળખાય છે. [(૧) ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય તથા (૨) ગુણપર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય તે લક્ષ્ય છે.]' આ..હા...! આવી વાતું ! બાપુ ! આહા..હા...!

આ તો જડ છે, માટી–ધૂડ છે. આ શરીર તો માટી–ધૂડ છે. અંદર કર્મ છે એ પણ માટી–ધૂડ છે. સ્ત્રી, કુટુંબ-પરિવાર તો પર વસ્તુ છે. એમાં કંઈ તારો સ્વભાવ છે અને તારી પર્યાયમાં એ છે એમ છે નહિ. તારી પર્યાયમાં વિકાર અને અવિકારી દશા થાય અને કાયમ રહેનારું ધ્રુવ રહે, તો એ ધ્રુવ અને ઉત્પાદ્-વ્યયથી લક્ષ તો દ્રવ્ય(નું) કરવાનું છે કે, આ કોના (ઉત્પાદ્-વ્યય-ધ્રુવ) છે ? સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! અનંતકાળમાં એણે આત્મતત્ત્વનો વાસ્તવિક વિચાર જ કર્યો નથી. એમને એમ જીવન ગાળ્યા અને જાણે ધર્મ થઈ ગયો ! આહા..હા...!

'**ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે.**' છએ દ્રવ્ય, હોં ! આ પરમાણુને ઓળખવો હોય તો એ ગતિ કરે છે એવી જે પર્યાય અને સ્થિર રહે છે એવી જે પર્યાય – ઉત્પાદ્-વ્યય અને કાયમ રહે છે એવો જે ધ્રુવ – એ ઉત્પાદ્-વ્યયથી અને ધ્રુવથી તે પરમાણુ જણાય છે. આમ ગતિ થઈ માટે આત્માએ એની ગતિ કરી અને પર્યાય કરી (એમ નથી). આ..હા..હા...! શું વસ્તુ !! આ શરીર આમ ચાલે છે તે આત્માથી ઉત્પાદ્ (થયો છે) એમ નથી. એ ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી તો પરમાણુ જણાય છે. આહા..હા...! અરે..રે...! આવી સત્ય વાત ક્યાં છે ? લોકો ઓઘે-ઓઘે આખી જિંદગીયું ગાળે, તત્ત્વની વાતની ખબર ન મળે. આહા..હા...!

કહે છે કે, '**ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને ગુણ-પર્યાયદ્વયથી લક્ષિત...**' કોણ ? '**તે દ્રવ્ય છે.**' ચાહે તો પરમાણુ હો – આ રજકણ. (આ શરીર) કાંઈ એક ચીજ નથી, આના કટકા કરતાં... કરતાં... છેલ્લો Point રહે તે પરમાણુ (છે). એ પરમાણુ પણ તેના ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાય(થી) સ્વભાવભેદ કર્યા વિના તેના લક્ષણથી લક્ષિત (થાય) છે. આહા..હા...! એવું છે. બીજા આત્માએ તેને હલાવ્યો અને ભાષા બોલે એ (ભાષા) આત્માએ કરી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ છે નહિ. કેમકે એ ભાષાના પરમાણુમાં પણ ભાષાપર્યાયપણે ઉત્પન્ન થવું અને પૂર્વની વચનવર્ગણા સમુચ્ચય હતી તેનો વ્યય થવો અને પરમાણુપણે કાયમ રહેવું એવા એ ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી એ ભાષાના પરમાણુ ઓળખાય છે. આ બોલે છે માટે અંદર આત્મા છે એમ ઓળખાય, એમ છે નહિ. આહા..હા...! આવું સ્વરૂપ !

સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણ કાળ ત્રણ (લોક) પ્રભુએ જોયા એ પરમેશ્વરની આ વાણી છે, ભાઈ ! આહા..હા...! તું પણ પરમેશ્વર છો ! પણ તારા પરમેશ્વરને ઓળખવા માટે તારા ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ જોઈએ. આ..હા...! છે ધ્રુવ, એને (જાણવા) ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ (જોઈએ). છે તો ધ્રુવ દ્રવ્ય. પણ એ ઉત્પાદ્-વ્યય ને ધ્રુવથી જણાય. એને સ્વભાવગત કર્યા વિના (ન જણાય). આ..હા..હા...! ભાષા તો સાદી છે, પ્રભુ ! વસ્તુ કંઈ એવી છે. અત્યારે તો ગડબડ એટલી ચાલી છે કે, આ વાત (સાંભળીને) એવું લાગે કે, આ તે ક્યાંની વાત કરે છે ? ભાઈ ! તારા ઘરની વાત છે, પ્રભુ ! તને તારી ખબર નથી.

એમ કહે છે ને કે, હાલેચાલે તે ત્રસજીવ. એમ નથી કહે છે. હાલવા-ચાલવાની જે પર્યાય છે (જે) પહેલાં સ્થિર હતી અને (પછી) વ્યય થઈને હાલવાચાલવાનો ઉત્પાદ્ થયો અને પરમાણુપણે કાયમ રહ્યા એનાથી તો એ પરમાણુ – દ્રવ્ય જણાય છે. એનાથી આત્મા જણાય છે (એમ નથી). આ ભાષા કરે માટે તે આત્મા છે એમ નથી, પ્રભુ ! આહા..હા...! આવી વાત છે.

'**તેમાં (– સ્વભાવ...)**' એક સ્વભાવ આવ્યો, એક '**(ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય...)**' (એમ) ચાર આવ્યા, '**(ગુણ ને પર્યાય...)**' છ આવ્યા. છ શબ્દો કહ્યા – સ્વભાવ, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, ગુણ અને પર્યાય. હવે છની વ્યાખ્યા (કહે છે). છ શબ્દો થયા તેની વ્યાખ્યા (કહે છે). આહા..હા...!

તેમાં '**દ્રવ્યનો સ્વભાવ...**' દરેક પરમાણુ અને દરેક ભગવાનઆત્માનો દ્રવ્યનો સ્વભાવ '**તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.**' એટલે છે... છે... છે... છે... છે... છે... છે... છે... એવું જે અસ્તિત્વ – (એવો) એકરૂપ દ્રવ્યનો સ્વભાવ તે અન્વય નામ એકરૂપતા, ત્રિકાળી સદ્દશભાવ. આહા..હા...! છે ? '**દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્યરૂપ અન્વય.**' છે... છે... છે... આદિ નથી, અંત નથી એવી ચીજ અંદર છે. ચાહે તો પરમાણુ હો કે ચાહે તો આત્મા હો. ઈ છે... છે... છે... અસ્તિત્વ નામ હયાતી. એ અસ્તિત્વસામાન્યરૂપને અન્વય એટલે કાયમ રહેનારી ચીજ કહીએ.

હવે, એ અસ્તિત્વના બે પ્રકાર (છે). છે... છે... છે... એ આત્માનું અને પરમાણુનું અસ્તિત્વનું હયાતીનું સ્વરૂપ. પરમાણુ પણ છે, છે ને છે ને આ ? આહા..હા...! બીજાં ચાર તો ભલે જાણવામાં ન આવે. પણ આ છે ને ? આ શરીર, આ નાક... આહા..હા...! એક વાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પદ્મપ્રભમલધારીદેવે' 'નિયમસાર'માં કહ્યું કે, પ્રભુ ! તું સ્ત્રીના શરીરની વિભૂતિને (સ્મૃતિમાં લે કે) આવું સુંદર છે ને આવું શરીર છે ને આવું આ છે ને આવું (આ છે). એની સ્મૃતિમાં પ્રભુ ! તું ભુલાઈ જાય છે. આહા..હા...! એના શરીરની આકૃતિ, શરીરનું સંસ્થાન, સ્ત્રીના સ્ત્રી પ્રમાણે શરીરના અવયવોની સ્થિતિ તો જડની વિભૂતિ છે. એ સ્ત્રીની વિભૂતિને દેખી પ્રભુ ! તું ભુલાઈ જા છો. તારી વિભૂતિ અંદર ગુણ-પર્યાયથી જણાય એવી ચીજ છે એને તું ભૂલી જા છો. આ..હા..હા...! એમ સ્ત્રીને પુરુષ(જોતાં પોતાની વિભૂતિ ભુલાઈ જાય છે). પુરુષના સુંદર અવયવો, એની વિભૂતિ આદિ દેખી અને એના સ્મરણમાં તું રોકાઈ ગયો. પ્રભુ ! તારું સ્મરણ તેં ન કર્યું. આહા..હા...! સ્મરણ છે ઉત્પાદ્‌ની પર્યાય પણ એ ઉત્પાદ્‌ની પર્યાય દ્રવ્યને જણાવે છે એનું લક્ષ ન કર્યું પણ ઉત્પાદ્‌માં પેલી વિભૂતિ દેખીને આશ્ચર્ય (પામે છે) આ..હા..હા...! શરીર સુંદર છે ને રૂપાળું છે ને આવા શરીરના અવયવો છે. પ્રભુ ! તું ભુલમાં પડી ગયો, હોં ! આ..હા...! ભુલભુલામણી નથી (આવતી) ? ભુલભુલામણી ! શું કહેવાય ? મેંદી...! ત્યાં 'વડોદરા'માં મેંદીની મોટી (ભુલભુલામણી) છે.

(સંવત) ૧૯૬૩ની સાલમાં (એક) મહિનો કેસ ચાલ્યો હતો ને ? ૬૩ની સાલ ! એમાં અંદર ગયા હતા (પણ પછી) નીકળવું કઈ રીતે ? 'વડોદરા'માં મેંદીની બનાવેલી એક મોટી ભુલભુલામણી છે. એમાં ગયા તો ગયા પણ નીકળવું કઈ રીતે ? માણસ ઊભો હતો (એને પૂછ્યું કે) પણ નીકળવું કઈ રીતે ? ૬૩ની (સાલની) વાત છે – સંવત-૧૯૬૩ ! ૧૭ વર્ષની ઉંમર હતી, ૭૩ વર્ષ પહેલાંની વાત છે. 'વડોદરા'માં અમારો મોટો કેસ ચાલતો હતો. અફીણનો મોટો કેસ ચાલતો હતો. એ (વખતે) ભુલભુલામણી જોવા ગયેલા. ઘણાં માણસ અમારી સાથે હતા. કોઈને પૂછ્યા વિના અંદર ગયા ખરા (પણ) આમાં નીકળવું કઈ રીતે ? જોડે માણસ હતો (એને કહ્યું) કે, તું પૈસા લે અને અમને (બહાર નીકળવાનો રસ્તો) બતાવ. પછી એણે કીધું, આમ થઈને આમ જાવ તો આમ (નીકળશો). એ ભુલભુલામણી કહેવાય.

એમ આત્મા અનાદિ(થી) પોતાની વિભૂતિને ભૂલી, પોતાની અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય (ગુણોના) સાગરને ભૂલી અને ભુલભુલામણી – આ પરની ઋદ્ધિ–સ્ત્રીની ને પુરુષની, પૈસાની, મકાનની, આબરૂની-કીર્તિની ભુલભુલામણીમાં પેસી ગયો, હવે નીકળવું શી રીતે ? કહે છે કે, નીકળવાનો એ ઉપાય છે કે, એને તું ભૂલી જા. એના ઉત્પાદ્-વ્યયથી તો એના પરમાણુ –શરીરનું લક્ષ થાય. એનો આત્મા છે એ પણ એના ઉત્પાદ્-વ્યય ને ધ્રુવથી તેને જણાય. તું એને જાણ માટે તેને એ (દ્રવ્ય) જાણવામાં આવ્યું એમ નહિ. તને જાણવામાં તું ત્યારે આવે કે તારો જે ઉત્પાદ્ છે – (જે) નવી પર્યાય થાય છે એ લક્ષણ દ્રવ્યનું છે, ત્યાં જો તો તને જણાય. આ..હા..હા...! પર્યાયમાં દ્રવ્યસ્વભાવની સ્મૃતિ પ્રગટ કર. કેમકે ઉત્પાદ્-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યય-ધ્રુવ સ્વભાવભેદ કર્યા વિનાનું એનું લક્ષણ છે. આ..હા..હા...! શું થોડી વાતમાં (વસ્તુસ્વરૂપ બતાવ્યું છે) !! દયા પાળી, વ્રત કર્યાં, કાંઈક શાસ્ત્ર ભણ્યા ને શાસ્ત્ર મોઢે કર્યાં (તો) માણસને લાગે કે ધર્મ થઈ ગયો. ધૂડ પણ નથી, શાસ્ત્ર અનંતવાર મોઢે કર્યા, સાંભળ ને ! શાસ્ત્ર પરવસ્તુ છે. આ..હા...! એને યાદ કરતાં તારું સ્વરૂપ શું છે ઇ તો પર્યાયમાં ભુલાઈ જાય છે.

અહીંયાં તો આત્મા અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! એની નવી પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય, સમકિતની ઉત્પત્તિ થાય, મિથ્યાત્વનો વ્યય થાય અને ગુણપણે ધ્રુવ તરીકે કાયમ રહે એવા લક્ષણથી તે જણાય એવો છે. આહા..હા...! આ કઈ જાતની વાત ! બાપુ ! સત્ય માર્ગ આ છે, ભાઈ ! (બાકી) બધા બહારના માર્ગ (મિથ્યા છે). આહા..હા...! '**દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વસામાન્ય...**' છે... છે... છે... એ તો સામાન્યસ્વરૂપ થયું. હવે ઈ અસ્તિત્વના બે પ્રકાર (કહે છે).

'**(૧) સ્વરૂપ-અસ્તિત્વ અને (૨) સાદૃશ્ય-અસ્તિત્વ. ઉત્પાદ્ તે પ્રાદુર્ભાવ...**' અસ્તિત્વના બે પ્રકાર – સ્વરૂપ-અસ્તિત્વ (અને સાદૃશ્ય-અસ્તિત્વ). પોતે પોતાનું સ્વરૂપ છે તે સ્વરૂપ-અસ્તિત્વ અને પોતે અને બીજાં બધાં છે એ સાદૃશ્ય-અસ્તિત્વ (છે). ઉત્પાદ્નો અર્થ પ્રાદુર્ભાવ **(અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું); વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું); ધ્રૌવ્ય તે અવસ્થિતિ...**' આ તો અર્થ કરે છે, હોં !

'**ગુણો તે વિસ્તારવિશેષો.**' આત્મામાં ગુણ જે છે એ આમ વિસ્તારવિશેષ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા અતીન્દ્રિય અનંત ગુણો તે આમ વિસ્તાર(સ્વરૂપ) છે. આહા..હા...! જેમ સોનામાં પીળાશ, ચીકાશ અને વજન આમ એક સાથે તીરછા છે. એમ આ પ્રભુ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ વિસ્તારસામાન્ય આમ તીરછા રહેલાં (છે). વસ્તુમાં આમ એકસાથે સહભાવ તીરછા રહેલાં (છે) એને ગુણ કહીએ. આહા..હા...! છે ? '**ગુણો તે વિસ્તારવિશેષો.**'

'**તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે.**' અસ્તિત્વના પણ બે પ્રકાર–સ્વરૂપ-અસ્તિત્વ અને સાદૃશ્ય-અસ્તિત્વ. એમ ગુણના બે પ્રકાર. કેટલું યાદ રાખવું ? કોઈ 'દી સાંભળ્યું ન હોય. આ..હા...! પેલા કહે, ગુરુની ભક્તિ કરો એટલે કલ્યાણ થઈ (જશે). લાખ ભક્તિ કર ને ! એ તો પરદ્રવ્ય છે. ભક્તિનો તો રાગ છે, વિકલ્પ છે, એ તો પુણ્યબંધનું કારણ છે, એ કંઈ ધર્મ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આ..હા...! અનંત-અનંત ગુણસ્વરૂપ પ્રભુ ! એને ઓળખવો હોય તો કહે છે કે, એના ઉત્પાદ્-વ્યયથી ઓળખાય એવો છે, બીજા વડે ઓળખાય એવું નથી અને એના ગુણ ઓળખવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય તો તે ગુણ વિસ્તારવિશેષ છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત ગુણો આમ વિસ્તાર(થી) પડ્યા છે અને પરમાણુમાં–એક રજકણમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંતા (ગુણો) આમ પડ્યા (છે)–આડા પડ્યા છે–વિસ્તાર(થી) પડ્યા છે. આહા..હા...! '**તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે.**' હવે, એમાં સામાન્ય (ગુણોની) વાત કરે છે. દરેક આત્મામાં પણ હોય, પરમાણુમાં પણ હોય, છએ દ્રવ્યમાં હોય એને સામાન્ય ગુણ તરીકે કહેવામાં આવે છે. આહા..હા...! ૯૫ ગાથા !

'**અસ્તિત્વ,...**' (અર્થાત્) 'છે' એવો અસ્તિત્વગુણ છે ઈ સામાન્ય છે. એટલે કે આત્મામાં પણ છે અને પરમાણુમાં પણ અસ્તિત્વ નામનો ગુણ છે. એમ છ દ્રવ્ય છે. ભગવાને તો છ દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ. (એમ) છ દ્રવ્ય ભગવાન કેવળી પરમાત્માએ જોયા છે. આહા..હા...! એમાં દરેક દ્રવ્ય(માં) સામાન્ય અસ્તિત્વ ગુણ (છે). આત્મામાં પણ અસ્તિત્વ છે, પરમાણુમાં પણ છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્યમાં અસ્તિત્વ છે માટે તેને સામાન્ય કહેવામાં આવે છે.

'**નાસ્તિત્વ,...**' (અર્થાત્) પરથી નથી. આત્મા પરથી નથી, પરમાણુ પરથી નથી એવું નાસ્તિત્વ સામાન્યગુણ છે. એ નાસ્તિત્વ છએ દ્રવ્યમાં છે માટે તેને સામાન્ય કહેવામાં આવે છે. આ..હા...!

'**એકત્વ,...**' છે ? એકત્વપણું–એકપણું. સ્વરૂપ જે છે, દ્રવ્ય-ગુણ આદિ છે પણ છે એકપણું. એ તો ૪૭ શક્તિમાં આવે છે – એક-અનેકશક્તિ આવે છે. આ એકપણું સામાન્ય છે. કેમકે આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયથી એક છે એમ પરમાણુ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયથી એક છે. એવું એકપણું છે ઈ આત્મામાં પણ છે અને પરમાણુમાં પણ છે. અરે..રે...! આ..હા...! માટે તે સામાન્ય છે.

'**અન્યત્વ,...**' (એટલે) અનેરાપણું. આહા..હા...! આત્માથી પરમાણુ અન્યત્વ છે (અને) પરમાણુથી આત્મા અન્યત્વ છે (અર્થાત્) અન્યપણું છે. આ આત્માથી શરીરનું અન્યપણું છે અને શરીરથી આત્મા(નું) અન્યપણું છે. એ સામાન્યગુણ છે. આત્મામાં પણ અન્યત્વ છે અને શરીરમાં પણ અન્યત્વ (છે). જડમાં પણ અન્યત્વ નામનો ગુણ છે. આહા..હા...!

'**દ્રવ્યત્વ,...**' દ્રવ્યત્વ એ સામાન્ય ગુણ છે. એ તો છ બોલ (–ગુણ) આવે છે – અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, (પ્રદેશત્વ). એ તો આવે છે, અહીં તો વધારે નાખ્યા છે. દ્રવ્યપણું (એટલે) દ્રવે છે. દરેક પદાર્થ દ્રવે (છે) એટલે પાણીમાંથી જેમ તરંગ ઊઠે એ દ્રવે છે કહેવાય. એમ દરેક દ્રવ્યમાં એક દ્રવ્યત્વ નામનો ગુણ છે કે જેને લઈને એ દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવે. દ્રવે એટલે પરિણમે. આહા..હા...! એનું પરિણમવું એના દ્રવ્યત્વને લઈને છે. દરેક દ્રવ્યનું પર્યાયનું પરિણમવું એના દ્રવ્યત્વને લઈને છે. બીજા (દ્રવ્યનું) પરિણમવું બીજા દ્રવ્યને લઈને છે એમ છે નહિ. બહુ આકરું કામ છે. આ..હા...! અત્યારે ચાલતો વિષય ક્યાંય ન મળે. (અત્યારે તો એમ કહે છે કે) ભક્તિ કરો ને વિનય કરો ને શાસ્ત્ર વાંચો... ગુરુની કૃપાથી મોક્ષ થઈ જશે. ધૂળ પણ નહિ થાય, સાંભળને ! આ..હા...! પરદ્રવ્યની કૃપા(ની) પર્યાય તો એમાં રહી, (એમાં) તારી પર્યાય ક્યાં આવી ? આહા..હા...! બહુ ઝીણી વાત, બાપુ ! આહા..હા...! એ દ્રવ્યત્વ આત્મામાં પણ છે અને છએ દ્રવ્યમાં છે.

'**પર્યાયત્વ,...**' જોયું ? છએ દ્રવ્યમાં પર્યાયત્વ નામનો ગુણ છે કે જેને લઈને પર્યાય થાય. પરદ્રવ્યને લઈને થાય એમ નથી. આહા..હા...! દરેક દ્રવ્યમાં – છએ દ્રવ્યમાં પર્યાયત્વ નામનો ગુણ છે, સામાન્યગુણ છે. બધાંમાં છે માટે સામાન્યગુણ છે. વિશેષ(ગુણ) પછી લેશે.

'**સર્વગતત્વ,...**' આહા..હા...! સર્વગતત્વ (એટલે) વ્યાપક છે ને ? દરેક (દ્રવ્ય) પોતામાં સર્વગતપણે છે ને ? દરેકમાં એ સર્વગતત્વગુણ છે.

'**અસર્વગતત્વ,...**' સર્વમાં નથી અને પોતામાં જ છે એવો પણ એક ગુણ છે, એ પણ સામાન્ય છે.

'**સપ્રદેશત્વ,...**' (એટલે) પ્રદેશપણું. એને અહીં સામાન્ય કીધું. ભલે કાળાણું (પણ) એક પ્રદેશ છે ને ? ભલે પ્રદેશો નથી પણ (એક) પ્રદેશ છે ને ! પ્રદેશત્વ સામાન્ય ગુણ છે, છએ દ્રવ્યમાં છે. આહા..હા...!

'**અપ્રદેશત્વ,...**' ભેદ વિનાનું અપ્રદેશપણું. એ પણ દરેક દ્રવ્યમાં છે. અપ્રદેશત્વ – જ્યાં પ્રદેશનો ભેદ નથી એવું અપ્રદેશત્વ સ્વરૂપ સામાન્ય છે.

'**મૂર્તત્વ,...**' આહા..હા...! મૂર્તપણું પણ સામાન્ય છે. જડમાં મૂર્તત્વ છે એ સામાન્ય છે. ચૈતન્યમાં મૂર્તપણું કહેવું એ અપેક્ષિત છે. પણ અહીંયાં મૂર્તત્વને સામાન્યગુણમાં લીધો છે.

'**અમૂર્તત્વ,...**' એ પણ સામાન્ય છે. પરની અપેક્ષા કરીને મૂર્તત્વ કહેવું એ પણ સામાન્ય છે અને પરની અપેક્ષા વિના અમૂર્તપણું (છે) એ સામાન્ય છે. આહા..હા...!

'**સક્રિયત્વ,...**' આ..હા...! એ ગતિ કરે. એ સક્રિયપણું સામાન્ય છે. ભલે ધર્માસ્તિકાય આદિમાં નથી પણ આત્મામાં છે ને ? આત્મામાં અને પરમાણુમાં છે માટે ઘણાંમાં છે માટે સામાન્ય(ગુણ છે).

'**અક્રિયત્વ,...**' ગતિ ન કરે એવું અક્રિયત્વપણું એનો ગુણ છે. આહા..હા...!

'**ચેતનત્વ,...**' ચેતનત્વને અહીં સામાન્યમાં લીધું છે. કેમકે ઘણાં છે ને (એટલે). ભલે બીજાં પાંચ દ્રવ્યમાં ચેતન(ત્વ) નથી પણ ચેતનત્વ અનંતમાં છે માટે ચેતનત્વને સામાન્યગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધો છે. નહિતર ચેતનત્વ એ વિશેષ(ગુણ) છે. પણ અનંત આત્મામાં ચેતનપણું છે એથી તેને સામાન્ય કહેવામાં આવે છે. ભાઈ ! આ વિષય જુદી જાતનો છે, બાપુ !

**'અચેતનત્વ,...'** આહા..હા...! જડનું અચેતનત્વ એ પણ સામાન્ય છે.

**'કર્તૃત્વ,...'** આહા..હા...! આત્મામાં પણ કર્તૃત્વ છે અને બીજા (દ્રવ્યોમાં) પણ કર્તૃત્વ છે.

**'અકર્તૃત્વ,...'** પરનું ન કરી શકે એવું અકર્તૃત્વ પણ સામાન્ય છે.

**'ભોક્તૃત્વ,...'** આહા..હા...! પોતાની દશાને ભોગવે એવો એક ભોક્તૃત્વ નામનો ગુણ દરેક દ્રવ્યમાં છે. આહા..હા...! જડની પર્યાય જડ ભોગવે. આ..હા...! પેલામાં તો એમ આવે કે, બે જણ કરે તો જડને ભોગવવું પડે, એવું આવે. 'સમયસાર'માં આવે છે ને ? કે, વિકાર પરિણામ જીવ પણ કરે અને જડ (પણ) કરે તો બન્નેને (ફળ) ભોગવવું પડે. અહીં બીજી અપેક્ષા છે – એની જે પર્યાય છે તે ભોગવે છે. એમ વાત છે. સુખ-દુઃખને ભોગવે એ તો ચૈતન્યની વાત છે, પણ જડમાં પણ એની પર્યાયનું ભોગવવું છે ને ? આહા..હા...! સામાન્યગુણ લીધો (છે).

**'અભોક્તૃત્વ,...'** એ પણ સામાન્યગુણ છે. પરને ભોગવતો નથી. પોતાને ભોગવે છે એ ભોક્તૃત્વગુણ પણ બધાંમાં છે (અને) પરને ભોગવતો નથી એ (અભોક્તૃત્વ) સામાન્યગુણ પણ બધાંમાં છે. આહા..હા...! આ આત્મા શરીરને ભોગવતો નથી. આત્મા સ્ત્રીના શરીરને ભોગવતો નથી. આહા..હા...! એ તો જડ છે, માટી – ધૂડ છે. એનામાં અકર્તૃત્વગુણ છે એ આત્માનું (કાંઈ) કરી શકતો નથી અને આત્મા એનું કરી શકતો નથી. શરીરને ભોગવી શકતો નથી. આહા..હા...! છે ? **'અભોક્તૃત્વ,...'** પરને ભોગવી શકતો નથી. દરેક દ્રવ્ય પરને ભોગવી શકતો નથી. આ..હા..હા...! પોતાની પર્યાયને ભોગવે એવો ભોક્તૃત્વગુણ બધાંમાં છે અને બીજાને ન ભોગવે એવો સામાન્યગુણ પણ દરેકમાં છે. આત્મા આહાર, પાણી કરી શકતો નથી.

શ્રોતા :– લાડવો તો ખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ જ કહે છે. લાડવા, દાળ-ભાત કે સ્ત્રીનું શરીર આત્મા ભોગવતો નથી. એને ભોગવે છે (એમાં) તો રાગ-દ્વેષને ભોગવે છે કાં આનંદને ભોગવે છે. ધર્મ પામેલો હોય તો અતીન્દ્રિય આનંદને ભોગવે, ન પામ્યો હોય તો રાગ-દ્વેષને ભોગવે પણ પરને તો ભોગવી શકે નહિ. આ..હા..હા...! ભારે આકરું, ભાઈ ! દાળ-ભાત ને શાકને ભોગવી શકતો નથી, લૂગડાંને અડી શકતો નથી, લૂગડાંને આત્મા ભોગવી શકતો નથી. બાપુ ! એવી વસ્તુ છે. એ આત્માને ભોગવી શકે નહિ (અને) આત્મા એને ભોગવી શકે નહિ. એવો અભોક્તૃત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(નામનો) સામાન્યગુણ દરેક દ્રવ્યમાં છે. આહા..હા...! આજનો વિષય જરીક ઝીણો છે. આહા..હા...! ધીમેથી, ધીરેથી (સમજવું), બાપુ ! આ તો અનંતકાળ ચાલ્યો ગયો, તત્ત્વની દૃષ્ટિ વિના વાસ્તવિક તત્ત્વની શું સ્થિતિ છે (તેનું જ્ઞાન ન કર્યું). જેને કર્તા-ભોક્તામાં પરની અપેક્ષા છે નહિ. આહા..હા...!

પરમાણુને પણ આત્મા ભોગવે એમ નથી. તે પરમાણુને ન ભોગવે એવો એનામાં ગુણ છે. એમ પરમાણુમાં પણ આત્માને ભોગવે એવો ગુણ નથી અને પરમાણુ આત્માને ન ભોગવે એવો એનામાં ગુણ છે. આહા..હા...! એક પરમાણુ બીજા પરમાણુને કરી શકે નહિ, તેમ બીજાને ભોગવી શકે નહિ. બહુ લાંબી વાત લીધી છે. આ..હા...! ૯૫ ગાથા ઝીણી છે. શાસ્ત્ર અને સિદ્ધાંત (સમજવા), પરમાત્માએ કહેલાં તત્ત્વોને સમજવાં અને એની સ્વતંત્રતાની પ્રસિદ્ધિ થવી એ બહુ અલૌકિક વાત છે ! આહા..હા...!

અહીં તો કહે છે કે, સ્ત્રીનું શરીર મેં ભોગવ્યું એમ જો કોઈ કહે તો કહે છે કે, એ જૂઠી વાત છે. આત્મામાં પરને ભોગવે એવો કોઈ ગુણ જ નથી. પોતાની પર્યાયને ભોગવે અને પરને ન ભોગવે એવો ગુણ છે. આહા..હા...! તૃષા લાગી હોય (અને) બરફ-આઇસક્રીમ (ખાય). અરે...! એ આઇસક્રીમના પરમાણુ આત્મા ભોગવે (એ) ત્રણકાળમાં (નથી). એ આઇસક્રીમને આત્મા અડી શકતો નથી. પ્રભુ ! તને ઝીણું પડે. આઇસક્રીમને આત્મા અડી શકતો નથી. અડી શકે નહિ, એ ખાય, એ ક્યાંથી આવ્યું પ્રભુ તને ? આ..હા..હા...! રસગુલ્લા, મેસૂબ, ઘીની પૂરી... આ..હા..હા...! કોઈ કહેતું નહોતું ? કે, 'મુંબઈ'માં તો એક થાળીના ૩૫ રૂપિયા !

(એક મુમુક્ષુના) દીકરાનું સગપણ કર્યું. ૩૦૦ માણસ જમાડ્યા. વીસીમાં ! તો એક-એકની થાળીના ૩૫ રૂપિયા ! અંદર આપતા હશે કાંઈક ઊંચું બધું ! ધૂડ ! પણ કહે છે કે, એ ધૂડને – થાળીને આત્મા ભોગવી શકતો નથી. આહા..હા...! મેસૂબ હોય, ઘીની પૂરી હોય, અળવીના પાંદડાંનાં પત્તરવેલિયાં હોય. આહા..હા...!

નાનો છોકરો હોય એને આમ... આમ... બચ્ચી ભરે છે ને ? (અહીં) કહે છે કે, આ હોઠ એના શરીરને અડ્યા જ નથી. આ તે વાત કોણ માને ? જગતના તત્ત્વની ખબર ન મળે. આહા..હા...! એ બચ્ચી ભરે છે ને છોકરાને ? કહે છે કે, આ (હોઠ) એને અડ્યા જ નથી ને ! આહા..હા...! આ પરમાણુ તે પરમાણુને અડ્યા જ નથી તો એને ભોગવે શી રીતે ? અને કરે શી રીતે ? આ..હા..હા...!

શ્રોતા :– સંતોષ તો થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગનો સંતોષ કરે, ઈ રાગ કરે. મારો છોકરો રૂપાળો છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલો જન્મ્યો છે ને છ મહિના થયા છે અને આમ રૂપાળું શરીર છે... આ..હા..હા...! ભારે રૂપ લઈને આવ્યો ! અને એમાં કાંઈક બાપનો અણસાર આવે. અણસાર તો આવે ને ? બાપનો અણસાર આવે એટલે (બાપને એમ થાય કે) મારા જેવો અણસાર આવ્યો ! પણ તું ક્યાં ? અને (એ ક્યાં) ?

પ્રશ્ન :– એ અણસાર કેમ આવ્યો ?

સમાધાન :– એ તો જડ (છે). આહા..હા...! બાપનો અણસાર છોકારાના પરમાણુની અવસ્થામાં આવે એમ વ્યવહારથી કહેવાય. જણાય એટલે (કહેવાય) બાકી વ્યવહાર એટલે જૂઠો વ્યવહાર છે. આ..હા..હા...!

શ્રોતા :– બાપ એવા બેટા એમ તો કહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ કહેવાય, ભાષા કહેવાય, બાકી છે નહિ. દીકરા કોના ને બાપ કોનો ? આહા..હા...! ભગવાનઆત્મા ! એને દીકરાનો જીવ અને દીકરાનું શરીર એનું ક્યાં છે ? એનું તત્ત્વ તો ત્યાં છે. આહા..હા...! એ તત્ત્વને ભગવાનઆત્મા અડતો પણ નથી તો મારા ક્યાંથી થયા ? આ..હા...! બહુ ઝીણી વાત, બાપુ ! આવી વાત ક્યાં (છે) ? કો'ક દયા પાળવામાં રોકાઈ ગયા ને કો'ક વ્રત પાળવામાં રોકાઈ ગયા ને અપવાસ કરવામાં રોકાઈ ગયા ને કોઈ ભગવાનની અને ગુરુની ભક્તિ (કરવામાં રોકાઈ ગયા). બધાં રોકાઈ ગયા ત્યાં, પણ એ ભાવ તો રાગ છે. દયાનો ભાવ રાગ છે, એની પર્યાય તો તારામાં છે. આહા..હા...! એ ભાવને લઈને ત્યાં પરનું જીવતર થયું છે, દયા પાળી છે એમ છે નહિ. આહા..હા...! આવું (સમજવા) ક્યારે નવરો (થાય) ?

'**અગુરુલઘુત્વ...**' જેટલા ગુણો અને પર્યાય છે એમાં ઘટે-વધે નહિ, કોઈ એક ગુણ(નો) અભાવ ન થઈ જાય (એવો) દરેક પરમાણુમાં અને દરેક આત્મામાં અગુરુલઘુત્વગુણ (છે). આહા..હા...! એ પણ દરેક દ્રવ્યમાં છે અને અગુરુલઘુગુણ પોતપોતાના દરેક ગુણમાં પણ છે. આહા..હા...! ગાથા ઝીણી છે. બરાબર રવિવારે આવું આવે છે ! આહા..હા...!

શરીરમાં એક-એક રજકણની અવસ્થા આત્મા કરી શકે નહિ અને ભોગવી શકે નહિ. એવો આત્મામાં અકર્તા અને અભોક્તા ગુણ છે. એમ પરમાણુમાં પણ અકર્તા અને અભોક્તા (ગુણ) છે. આ..હા..હા...! એક પરમાણુ બીજાં પરમાણુને અડતો નથી તેથી (એને) કરે અને ભોગવે ક્યાંથી આવે ? આહા..હા...! આવું એક કલાક (ચાલે ઈ) યાદ રાખવું ! દુકાનના ધંધા, નોકરીના ધંધા... આખો દી' મજૂરી ! ભલે પછી બે-પાંચ લાખ પેદા થાય (પણ) મોટા મજૂર છે ! આહા..હા...! તત્ત્વની વસ્તુ શું (છે) ? કેમ (એની) મર્યાદા છે ? વસ્તુની સ્થિતિની મર્યાદામાં કેમ છે ? (એ સમજવું જોઈએ). જેમ ગઢ પાકો હોય (તો) અંદર પ્રવેશ ન થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શકે એમ (એક) પરમાણુ બીજા પરમાણુમાં પ્રવેશ ન કરે. આત્મા પરમાણુમાં જાય નહિ અને પરમાણુ આત્મામાં પ્રવેશ ન કરે. દરેક દ્રવ્ય એવો વજ્ર કિલ્લો છે !! આ..હા...!

'**ઇત્યાદિ સામાન્યગુણો છે;...**' આમાં ચેતનને પણ કેમ સામાન્ય (ગુણ કીધો) ? કેમકે આત્મા ઝાઝા છે ને (એ અપેક્ષાએ) અને મૂર્તપણું પણ પરમાણુ ઝાઝા છે ને એ અપેક્ષાએ (કહ્યું), હોં ! (બાકી) આત્મામાં મૂર્તપણું નથી. ઘણા પરમાણુમાં મૂર્તપણું છે ને માટે (સામાન્યગુણમાં નાખ્યું). મૂર્તપણું આત્મામાં નથી પણ ઘણા પરમાણુમાં છે માટે મૂર્તત્વ સામાન્યગુણ કીધો. અને અમૂર્તત્વ ઘણા આત્મામાં છે માટે તેને પણ સામાન્યગુણમાં લીધું. સમજાણું કાંઈ ? આત્મામાં મૂર્તપણું લાગુ પડે છે એમ નથી. આ તો વાસ્તવિક કથન છે. આત્મા મૂર્ત છે જ નહિ. અને મૂર્તને સામાન્યગુણ કીધો ઈ ઘણાં દ્રવ્યમાં છે માટે (અર્થાત્) ઘણા પરમાણુમાં છે માટે (કહ્યું) પણ બધાં દ્રવ્યમાં છે માટે (સામાન્યગુણ છે) એમ નહિ. આ..હા..હા...! એક હિન્દી ભાઈ ઈ જ વાંધો કરતા હતા ને ? કે, મૂર્ત કીધો છે, એને મૂર્ત કીધો છે. 'ભીંડવાળા !' મૂર્ત કહ્યો, બાપુ ! એ મૂર્ત તો ઉપચારથી છે. બાકી મૂર્તપણું તો અનંત પરમાણુઓમાં – ઘણાંમાં છે માટે મૂર્તને સામાન્યગુણ કહ્યો છે. પણ આત્મામાં પણ મૂર્તપણું છે માટે સામાન્ય(ગુણ) છે એમ નહિ.

ચેતનપણું બધાંમાં છે માટે સામાન્ય(ગુણ) છે એમ નહિ. પણ ચેતનપણું ઘણાંમાં છે –ઘણા આત્મામાં છે અને બધા આત્મામાં છે માટે તેને સામાન્ય(ગુણ) કીધો છે. પણ એ ચેતનપણું જડમાં પણ છે માટે સામાન્ય કહ્યું છે એમ નથી. આ..હા..હા...! કેટલું યાદ રાખવું આમાં ? મગજમાં કેટલાય ઊંધાં લાકડાં ગરી ગયા હોય ! અનાદિનાં લાકડાં છે એમાં આ વાતને પહોંચવી (કઠણ લાગે).

હવે વિશેષ(ગુણો કહે છે). '**અવગાહહેતુત્વ,...**' આકાશનો અવગાહહેતુત્વ વિશેષ (ગુણ) છે. એ આકાશમાં જ છે, બીજામાં નથી. આહા..હા...!

'**ગતિનિમિત્તતા,...**' ધર્માસ્તિ ! ધર્માસ્તિ નામનો પદાર્થ છે. ભગવાન સર્વજ્ઞે જોયો છે. તે ગતિનિમિત્તતા તે ધર્માસ્તિકાયનો વિશેષગુણ છે. એવી ગતિનિમિત્તતા બધાંમાં છે નહિ.

'**સ્થિતિકારણત્વ,...**' અધર્માસ્તિ નામનો પદાર્થ છે એમાં સ્થિતિકારણત્વ એનો જ ગુણ છે, બીજાં બધાંમાં નથી. ઈ એક જ દ્રવ્ય છે.

'**વર્તનાયતનત્વ,...**' કાળનું લક્ષણ (છે). વર્તવું એ કાળનું લક્ષણ (છે), એ વિશેષ છે.

'**રૂપાદિમત્ત્વ,...**' જડ ! રૂપાદિપણું (અર્થાત્) વર્ણ, ગંધ, રસ, સ્પર્શપણું એ વિશેષ(ગુણ) છે. (પહેલાં) મૂર્ત કીધું હતું ઇ ઘણાંમાં થઈને ગણ્યું હતું અને આ રૂપાદિમત્વ વિશેષ(ગુણ) છે. એ પુદ્ગલ પરમાણુ સિવાય બીજામાં નથી. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**ચેતનત્વ,...**' જુઓ ! ફરી પાછું લીધું ! પહેલાં બધાંમાં હતું એમ ગણ્યું હતું અને હવે ચેતનત્વ એક આત્મામાં જ છે અને બીજામાં નથી માટે વિશેષગુણ (છે). ચેતનત્વના બે પ્રકાર લીધા. એક ચેતનત્વ ઘણાંમાં છે માટે સામાન્ય અને એક ચેતનત્વ આત્મામાં જ છે અને જડમાં નથી માટે વિશેષ. આહા..હા...! '**ઇત્યાદિક વિશેષગુણો છે.**' સામાન્યગુણ પણ અનંત છે (અને) વિશેષગુણ પણ અનંત છે. આ તો નામ આટલાં આપ્યાં. આહા..હા...!

એક-એક આત્મામાં સામાન્ય અસ્તિત્વ આદિ અનંત ગુણ છે અને જ્ઞાન, દર્શન, આનંદ આદિ વિશેષગુણ પણ અનંત છે. અનંતનો ગંજ છે, પ્રભુ ! અરે...! આ..હા..હા...! અમરનાથ ! ભગવાન અમરનાથ છે ! કોઈ 'દી નાશ થાય નહિ, નિત્યાનંદ રહે, ધ્રુવસ્વરૂપ રહે. આહા..હા...! એનું ચેતનપણું છે એ વિશેષગુણ છે, બીજાં જડમાં નથી એ અપેક્ષાએ અને ઘણાં આત્મામાં છે એ અપેક્ષાએ એને સામાન્ય કહ્યું. એકને એક (ગુણને) બેમાં લાગુ પાડ્યા. એ તો ગુણની વ્યાખ્યા થઈ. પહેલી દ્રવ્યની કીધી. સ્વરૂપ-અસ્તિત્વ અને સાદૃશ્ય-અસ્તિત્વ એમ કરીને દ્રવ્ય છે. ગુણમાં આ પ્રકાર પાડ્યા – સામાન્ય અને વિશેષ. આહા..હા...! (હવે પર્યાયની વ્યાખ્યા કરે છે).

'**પર્યાયો...**' અવસ્થાઓ '**તે આયતવિશેષો.**' દરેક દ્રવ્યમાં પર્યાય ક્રમે-ક્રમે આમ લંબાઈથી એક પછી એક થાય. ગુણ છે તે આમ (તીરછા) હોય અને પર્યાય છે તે આમ ક્રમે થાય એથી તેને આયત–લંબાઈ કીધી. આહા..હા...! એક ગાથામાં તો કેટલું સમાડી દીધું છે !!

આત્મામાં વિકારને મૂર્ત કીધો છે પણ એ કંઈ વાસ્તવિક નથી, એ તો ઉપચારથી કીધો છે. એ મૂર્ત ગુણ જેમ જડમાં છે એમ આત્મામાં છે એમ નહિ. મૂર્તત્વ ગુણ તો જડમાં જ છે, આત્મામાં છે નહિ. આ..હા...! પણ અપેક્ષાથી જાણવા માટે કહ્યું હોય. કેમકે મૂર્ત કર્મ નિમિત્ત છે ને એનાથી થયેલા (છે). સ્વભાવ અનંત ગુણનો પિંડ પ્રભુ છે તો કોઈ ગુણ વિકાર કરે એવો તો કોઈ ગુણ છે નહિ. એ અપેક્ષાએ ગણીને જ્યારે સ્વભાવને અરૂપી અને અમૂર્ત કીધો ત્યારે વિભાવને રૂપી અને મૂર્ત કીધો. આ..હા...! પણ એ વાસ્તવિક નથી. આહા..હા...! આવી વાતું ક્યાંય જજમાં પણ નથી અને (બીજે) ક્યાંય નથી. અત્યારે તો વાડામાં ક્યાંય નથી. ભારે આકરું પડે બિચારાને, શું કરે ? અરે... ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ! એમનાં કહેલાં વચનો છે અને વસ્તુની મર્યાદા આમ જ છે. એમ જ્યાં સુધી ન જાણે, એવો વિવેક ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. આહા..હા...!

મારો પ્રભુ મારી પર્યાયને ભોગવે પણ પરને ત્રણકાળમાં ભોગવે નહિ. તો એને પર્યાયનું ભોગવવું એ દ્રવ્યનું છે અને એ ભોગવવાનું લક્ષણ છે એનાથી આત્માનું લક્ષ કરવાનું છે – દ્રવ્યનું લક્ષ કરવાનું છે. આ..હા..હા...! પરનો અભોક્તા છે પણ અભોક્તાપર્યાયથી દ્રવ્યનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષ કરવાનું છે, ત્રિકાળી દ્રવ્ય આત્મા છે એના ઉપર લક્ષ કરવાનું છે. આહા..હા...! આવું ઝીણું ! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું ન હોય (એટલે એમ લાગે) આવો તે નવો માર્ગ ક્યાંથી કાઢ્યો હશે !? આ તો અનાદિનો છે, બાપુ ! આહા..હા...!

'**પર્યાય તે આયતવિશેષો.**' એ આપણે ૯૩(મી ગાથામાં) આવી ગયું છે – વિસ્તારસામાન્યસમુદાય અને આયતસામાન્યસમુદાય. આયત એટલે આમ ક્રમે-ક્રમે પર્યાય–અવસ્થા–હાલત થાય. દરેક પરમાણુ અને દરેક આત્માની એક પછી એક અવસ્થા–પર્યાય બદલે. એ આયત એટલે આમ લંબાઈથી થાય. એકસાથે બધી પર્યાય નથી. એક પછી એક... એક પછી એક... એક પછી એક અવસ્થા છે. એ આયતવિશેષો (છે). '**તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.**' લ્યો ! આહા..હા...! પર્યાયો કીધા હતા – દ્રવ્યના સમાનજાતીય અને અસમાનજાતીય (દ્રવ્યપર્યાયો) અને ગુણના સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય. આહા..હા...!

'**દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે...**' હવે વસ્તુ જે છે આત્મા અને આ જે જડ પરમાણુ છે એને ઉત્પાદ્-વ્યય-ધ્રુવ સાથે '**અથવા ગુણ-પર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં...**' ઉત્પાદ્-વ્યય લક્ષણ છે, ગુણ-પર્યાય લક્ષણ છે (અને) દ્રવ્ય તે લક્ષ્ય છે એવો લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં. શું કીધું ? આ ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ તે લક્ષણ છે, ગુણ-પર્યાય તે લક્ષણ છે અને દ્રવ્ય તે તેનું લક્ષ્ય છે. એ લક્ષ્ય અને લક્ષણનો ભેદ હોવા છતાં '**સ્વરૂપભેદ નથી,...**' એના પ્રદેશભેદ કોઈ જુદાં નથી. આહા..હા...! એક પરમાણુના ભેદથી જેમ બીજો પરમાણુ જુદો છે, એક આત્માથી (બીજો આત્મા જેમ જુદો છે) એવું આ ત્રણમાં જુદાપણું નથી–એના પ્રદેશો જુદા નથી. અહીં અત્યારે એ કહેવું છે, હોં ! આ..હા...!

વળી, જ્યારે ('સમયસાર'માં) 'સંવર અધિકાર'માં (વાત) આવે ત્યારે ઉત્પાદ્‌ની પર્યાયના પ્રદેશ–ક્ષેત્ર ભિન્ન છે (એમ કહે), ઈ વળી જુદી વસ્તુ (છે). આ..હા..હા...! ઈ એક સમયની પર્યાય છે તેટલાનું ક્ષેત્ર અને ધ્રુવનું ક્ષેત્ર – બન્ને જુદાં ગણ્યાં છે. અહીં એ વાત નથી લેવી. અહીં તો ફક્ત ઉત્પાદ્-વ્યય-ધ્રુવની વસ્તુ તે દ્રવ્ય છે. ભલે લક્ષ્ય અને લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ નથી. આહા..હા...! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ પોતાના જ પ્રદેશમાં છે. ગુણ અને પર્યાય પણ પોતાના જ ક્ષેત્રમાં છે. ક્ષેત્ર ને પ્રદેશ ને શું આ તે વાત છે ? બાપુ ! ધર્મની વાત એવી ઝીણી છે. આહા..હા...! ૯૫મી ગાથા (બહુ ઝીણી) ! આહા..હા...!

'**સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથવા ગુણપર્યાયવાળું) છે–**' દરેક વસ્તુ સ્વરૂપથી તો ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ અને ગુણ-પર્યાયવાળી છે. હવે એનો દૃષ્ટાંત કહેશે. '**વસ્ત્રની જેમ.**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૯૫
પ્રવચન નં. – ૯૪
તા. ૪-૬-૭૯

'પ્રવચનસાર', ૯૫–ગાથા. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ દ્રવ્યના છે (છતાં) એમાં સ્વભાવભેદ નથી. દરેક દ્રવ્યમાં દ્રવ્યપણું, ગુણપણું અને પર્યાયપણું (છે) એ એનો સ્વભાવ છે. ગુણ-પર્યાય (એમ) બે વાત લીધી છે ને ? ગુણ-પર્યાય પણ એનો સ્વભાવ છે. હવે, અહીં દૃષ્ટાંત આપે છે.

**'જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર,...'** વસ્ત્ર(એ) મલિન અવસ્થા ધારણ કરી છે **'એવું વસ્ત્ર, ધોવામાં આવતાં, નિર્મળ અવસ્થાથી (–નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું તે ઉત્પાદ્ વડે લક્ષિત થાય છે;...'** એ વસ્ત્ર ઉત્પાદ્ વડે લક્ષિત થાય છે. લક્ષણ કીધાં છે ને ? ઉત્પાદ્-વ્યય-ધ્રુવ લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે, એમ ગુણ-પર્યાય લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે. એમ વસ્ત્રમાં મલિન પર્યાયનો વ્યય થઈ નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તે વસ્ત્રનું પોતાનું સ્વરૂપ છે. આહા..હા...! એ નિર્મળ પર્યાય જે (ઉત્પન્ન) થઈ એ લક્ષણ (છે) અને વસ્ત્ર લક્ષ્ય છે. એ ઊપજતી પર્યાય પાણીથી, ધોકાથી કે સાબુથી ઉત્પન્ન થઈ નથી. આહા..હા...! એમ કહેવા માગે છે. **'તે ઉત્પાદ્ વડે લક્ષિત થાય છે;...'**

**'પરંતુ તેને તે ઉત્પાદ્ સાથે સ્વરૂપભેદ નથી,...'** વસ્ત્ર જે નિર્મળ પર્યાયપણે ઊપજ્યું એ ઊપજવા(રૂપ) પર્યાય એના સ્વભાવથી જુદી (નથી) – (તેને દ્રવ્ય સાથે) સ્વરૂપભેદ નથી. દ્રવ્યનું સ્વરૂપ (જુદું) અને પર્યાયનું સ્વરૂપ જુદું છે એમ નથી. **'સ્વરૂપથી જ તેવું છે (અર્થાત્ ઉત્પાદ્સ્વરૂપે જ પોતે પરિણત છે);...'** એ દૃષ્ટાંત થયો. ઝીણી વાતું છે, ભાઈ !

**'તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...'** જોયું ? છ દ્રવ્યમાંથી કોઈ(પણ) દ્રવ્યે પોતાથી પૂર્વની અવસ્થા પ્રાપ્ત કરેલી છે. આહા..હા...! પૂર્વની અવસ્થા કોઈ નિમિત્તથી થઈ છે એમ નથી. નિમિત્ત છે એમ કહેશે (ખરા). બીજી ચીજ નિમિત્ત છે પણ એ નિમિત્તથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે ઊપજતી નથી. પ્રત્યેક દ્રવ્યનો પર્યાય પોતાથી ઊપજે છે તે તેનું સ્વરૂપ છે. ઉત્પાદ્ તેનું લક્ષણ છે (અને) દ્રવ્ય તેનું લક્ષ્ય છે. ઉત્પાદ્થી દ્રવ્ય લક્ષ્યમાં આવે છે. ઉત્પાદ્થી બીજી ચીજ જોડે હતી તેનું એ લક્ષ્ય છે અને એનું આ લક્ષણ છે એમ નથી. આ..હા..હા...! બહુ ઝીણી (વાત) !

પ્રત્યેક પદાર્થ – આત્મા અને પરમાણુએ પોતાની પૂર્વ અવસ્થા જે ધારેલી છે, એમ કીધું ને ? છે ? આ..હા...! **'જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે...'** એ પણ પરને લઈને કરી નથી. આહા..હા...! **'એવું દ્રવ્ય પણ–કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના...'** પર્યાય જે ઉત્પન્ન થાય છે એને ઉચિત બહિરંગ (એટલે) એને યોગ્ય બહિરંગ સાધનની સંનિધિ (અર્થાત્) હાજરી હોય છે. બીજી ચીજની–નિમિત્તની ત્યાં હાજરી હોય છે. એના **'સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે...'** (કોણ ?) દ્રવ્ય. તે દ્રવ્ય અવસ્થા કરે છે. ઝીણી વાત છે, ભાઈ !

**'અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તા...'** આહા..હા...! જે દ્રવ્ય પૂર્વની અવસ્થા ધારણ કરે છે એ અવસ્થા પણ પોતાનું સ્વરૂપકર્તા અને સાધનથી થઈ છે. છે ? આહા..હા...! તે (દ્રવ્ય) **'અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે–અંતરંગસાધન...'** (અર્થાત્) દ્રવ્યમાં પોતામાં જ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે. દરેક દ્રવ્યની પર્યાય થાય તે સ્વરૂપકર્તા અને સ્વરૂપના સાધન (વડે થાય). પોતાના દ્રવ્યમાં જ કર્તા અને સાધન છે. પરદ્રવ્ય એના કર્તા અને સાધન છે નહિ. છતાં નિમિત્ત છે. તેને યોગ્ય ઉચિત નિમિત્ત હોય છે, છતાં પણ અંતરંગ સાધન અને અંતરંગ કર્તા (તે દ્રવ્ય પોતે છે). પૂર્વની પર્યાય પ્રાપ્ત (થવામાં) અને નવી (પર્યાય) પ્રાપ્ત થવામાં પોતે જ સ્વરૂપકર્તા અને સ્વરૂપસાધન છે. આ..હા..હા...! આવું ઝીણું છે.

દરેક દ્રવ્ય... આ..હા..હા...! એક દાખલો (લઈએ). આ ચશ્માં આમ છે, જુઓ ! આ જે પૂર્વની અવસ્થા છે (એ બદલીને) એની આમ નવી અવસ્થા થઈ. હવે એને બહિરંગ ઉચિત–યોગ્ય (નિમિત્ત) આંગળી છે પણ આંગળી તેની કર્તા નથી. આમથી આમ (ચશ્માંની અવસ્થા) થાય તેની કર્તા આંગળી નથી. એ પરમાણુમાં પોતાની પર્યાય થવાનું કર્તાપણાનું અને સાધનપણાનું એનું પોતાનું સામર્થ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

શ્રોતા :– કર્તા અને કરણપણું મૂળભૂત સિદ્ધાંત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ છે. દરેક દ્રવ્ય – આત્મા હો કે પરમાણુ હો કે ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય ભગવાને દીઠાં (તેમાંથી કોઈ પણ દ્રવ્ય હો) એ દ્રવ્યે જે પૂર્વની અવસ્થા ધારણ કરી છે એ પણ પોતાના સ્વરૂપકર્તા અને સ્વરૂપસાધનથી પ્રાપ્ત કરી છે, નિમિત્તથી નહિ. નિમિત્ત હો, ઉચિત–યોગ્ય નિમિત્ત હો, પણ તેની પૂર્વની જે અવસ્થા છે તેમાંથી વ્યય થઈને...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ? આ..હા...! (સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે) '**અનુગ્રહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું...**' છે ? તે દ્રવ્ય નવી અવસ્થાએ ઊપજતું. પૂર્વની જે અવસ્થા (પ્રાપ્ત થયેલી) છે તેનું કર્તા અને કરણ–સાધન જીવ છે કે દ્રવ્ય છે. એનું નિમિત્ત હો, પણ નિમિત્ત તેનો કર્તા નથી તેમ નિમિત્ત તે પર્યાય પ્રાપ્ત થઈ તેનું સાધન નથી. આહા..હા...! આવી ઝીણી વાતું છે. વાસ્તવિક તત્ત્વ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. પૂર્વની અવસ્થા પ્રાપ્ત થયેલી છે તેને અનુગ્રહીત થતાં... આ..હા..હા...! તે પરમાણુમાં કે આત્મામાં નવી અવસ્થા થવામાં સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણનું સામર્થ્ય હોવાથી દ્રવ્યમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે. એક તો વિષય ઝીણો, એમાં ગુજરાતી ! આહા..હા...! તત્ત્વજ્ઞાન ઝીણું ઘણું, બાપુ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું અને જોયું એ બીજા કોઈએ જોયું નથી અને કહ્યું નથી. બીજામાં ક્યાંય છે નહિ. સર્વજ્ઞ સિવાય, એ પણ દિગંબરધર્મ સિવાય ક્યાંય આવી વાત છે નહિ. આ..હા..હા...!

દરેક દ્રવ્ય... આ હાથ છે ને, જુઓ ! (એની આંગળી) આમ (વાંકી) થાય છે એ અવસ્થા (છે). પૂર્વની (સીધી) અવસ્થા એણે પ્રાપ્ત કરી છે અને હવે નવી અવસ્થા આમ થઈને આમ (વાંકી) થાય છે (એ) નવી અવસ્થા ધારણ કરે છે તો એ નવી અવસ્થા ધારણ થવામાં અનુકૂળ ભલે બીજી આંગળી છે પણ એનાથી કર્તા, કરણ–સાધન નથી. આ (વળેલી આંગળીના) પરમાણુ એ પર્યાયની કર્તા અને પર્યાયનું કરણ–સાધન છે. આવી વાત છે.

લખવાની ક્રિયા (થાય) છે (એમાં) કલમ છે એ કલમને આંગળી અડી નથી અને કલમ જે આમ-આમ થાય છે એ કલમની પર્યાય પૂર્વે જે પ્રાપ્ત હતી એનું કર્તા અને કરણ એ કલમ હતી. કલમના પરમાણુ એની પૂર્વની (પર્યાયના) કર્તા અને કરણ છે અને એ પર્યાય આમ લખવામાં બદલે છે. આ..હા..હા...! એ લખવાની પર્યાય પૂર્વની પર્યાયથી નવી ઉત્તર અવસ્થા થઈ તો નવી અવસ્થાનું થવું, એમાં ભલે બીજાનું–આંગળી આદિનું ઉચિત નિમિત્ત હો, પણ એ કલમ ચાલે છે એના કર્તા અને કરણ–સાધન તેના પરમાણુ છે. આહા..હા...! આંગળી ઉચિત નિમિત્ત છે એટલું. (ફક્ત) હાજરી છે, એના કર્તા-કરણ નથી. આહા..હા...!

શ્રોતા :– એને રાહ તો જોવી પડે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ પ્રશ્ન જ નથી.

શ્રોતા :– એના માટે ઊભા રહેવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ ઊભા રહેવું પડે નહિ. એની પર્યાય થવા કાળે જ્યારે થાય ત્યારે સામે અનુકૂળ નિમિત્ત હો, પણ એ અનુકૂળ નિમિત્ત છે એ કર્તા, કરણ–સાધન થયું એમ નથી. બહુ આકરું કામ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર જીવની દયા પળાવાની હોય, એનું આયુષ્ય અને શરીર રહેવાનું હોય એ તો એના પોતાના પરમાણુની પર્યાય અને જીવને રહેવાની પર્યાયનું પ્રાપ્ય છે. એમાં જીવ રહે છે એ કર્મને લઈને પણ નહિ, આયુષ્યને લઈને નહિ. આયુષ્ય અને કર્મ એને ઉચિત નિમિત્ત છે, પણ એ આયુષ્યને લઈને આત્મા શરીરમાં રહ્યો છે એમ નથી. આવી વાત છે. આત્મા જે આ શરીરમાં રહ્યો છે એની જે પૂર્વની રહેવાની પર્યાય છે એને જીવે પોતે પ્રાપ્ત કરી છે અને પછી પણ જે નવી ઉત્તર પર્યાય થાય તેનો કર્તા અને કરણ–સાધન આત્મા છે. એને નવી પર્યાય ઉત્પન્ન થવામાં આયુષ્ય અને કોઈ કર્મ નિમિત્ત છે તો એનાથી કર્તા, કરણ–સાધન થયું છે એમ નથી. આ..હા..હા...! આવું ઝીણું છે. વીતરાગનો માર્ગ બહુ ઝીણો, ભાઈ ! અત્યારે તો ગોટા ઊઠ્યા છે, આનાથી થાય ને આનાથી થાય ને આનાથી થાય. નિમિત્ત આવે તો નિમિત્તથી થાય, નિમિત્તની રાહ જોવી (પડે).

માટીના પિંડની પર્યાય (છે). એ પિંડરૂપે જે માટીમાં પર્યાય છે એને પ્રાપ્ત છે એ પોતાના કર્તા, કરણથી પ્રાપ્ત છે. એ પિંડની અવસ્થા બદલીને ઘટરૂપ અવસ્થા થાય તે ઘટરૂપ અવસ્થાનો કર્તા અને કરણ તે પરમાણુ છે, કુંભાર નહિ. કુંભાર ઉચિત નિમિત્ત છે પણ કુંભાર તે ઘડાની પર્યાયનો કર્તા અને સાધન નથી. સમજાય છે કાંઈ ? આવી વાત છે.

શ્રોતા :– પર સાથે સંબંધ તોડી નાખવાની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– (સંબંધ) છે જ નહિ, સંબંધ માન્યો છે, છે ક્યાં ? આહા..હા...! એને તો એના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે સંબંધ છે. એમ કીધું ને ? આહા..હા...! પરને લઈને કાંઈ થાય (એમ નથી). આહા..હા...!

ગુરુ કાંઈક ભાષા (દ્વારા) સમજાવે છે ઈ ભાષાની પર્યાયને પ્રાપ્ત (એ પરમાણુ છે). એ પરમાણુથી ભાષાની પર્યાય પ્રાપ્ત (થાય) છે, આત્માથી નહિ. આહા..હા...! અને ભાષાની પહેલી પર્યાય વચનવર્ગણારૂપે હતી એ વચનવર્ગણાની પર્યાયને પ્રાપ્ત હતી. પછી ભાષાપણે થઈ, એ ઉત્તર અવસ્થા થઈ તેમાં જીવની ઇચ્છા ઉચિત નિમિત્ત (છે), પણ એ ભાષા થઈ એ પોતાના કરણ અને કર્તાના સાધન વડે થઈ છે, આત્માથી નહિ.

પ્રશ્ન :– વર્ગણામાં રજકણો તો ઘણાં હતાં, એટલા જ કેમ ભાષારૂપે પરિણમ્યા ?

સમાધાન :– એક-એક રજકણ પોતાની પર્યાયને ઉત્પન્ન કરનારું કર્તા અને કરણ છે, બીજા પરમાણુને લઈને નહિ. આવું છે, પ્રભુ ! એક-એક પરમાણુ પૂર્વની પર્યાયને પ્રાપ્ત છે એ પણ પોતાના કર્તા-કરણ(ના સામર્થ્યથી) અને એમાંથી ઉત્તર પર્યાય નવી થઈ એ પણ પોતાના કર્તા અને કરણ–સાધનથી (થઈ). ઉચિત નિમિત્ત હો (ભલે) પણ નિમિત્તથી થયું નથી. કુંભારથી ઘડો થયો નથી, વણકરથી વસ્ત્ર વણાણું નથી. સ્ત્રીથી રોટલી થઈ નથી, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પગ ચાલે છે ઈ આત્માથી પગ ચાલતો નથી. એ પગના રજકણો જે છે એની અવસ્થા આમ હતી (પછી) આમ થઈ એ નવી અવસ્થા ધારણ થઈ તે પગની અવસ્થાનો કર્તા, કરણ ઇ પગના પરમાણુ છે. આત્માને લઈને ઇ પગ ચાલે છે (એમ) ત્રણકાળ ત્રણલોકમાં નહિ. આહા..હા...! આવું સ્વરૂપ છે, પ્રભુ !

પ્રશ્ન :– જીવ છે માટે ચાલે છે ને ?

સમાધાન :– બિલકુલ નહિ. ઇ તો કહે છે. જીવ છે તો જીવની પોતાની પર્યાયને પ્રાપ્ત જીવ છે. આ શરીરની જે પર્યાય છે એ પણ એના પોતાના કારણે શરીરની પર્યાય છે અને એ પર્યાય શરીરપણે પ્રાપ્ત છે. (શરીર) આમ ગતિ કરે છે ત્યારે એ નવી ઉત્તર પર્યાય થઈ, એ ઉત્તર પર્યાયમાં ઉચિત નિમિત્ત ભલે આત્મા હો પણ એનાથી તે ચાલવાની પર્યાય થાય (છે એમ નથી). એના કર્તા, કરણ એ પરમાણુ છે. કર્તા-કરણ આત્મા છે (એમ) બિલકુલ નહિ. આવી વાતું છે ! વીતરાગમાર્ગ (આવો છે) ! અત્યારે તો વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને આ કરો... ચાલ્યું છે.

અહીં તો કહે (છે) કે, (ભગવાન પાસે) મૂકવા (માટે) હાથમાં આમ ચોખા રાખે એ ચોખાની પહેલી પર્યાય જે અહીં હતી અને પછી આમ ગઈ, એ પર્યાયને પ્રાપ્ત ઈ ચોખાના પરમાણુ (છે). (પરમાણુના) કર્તા-કરણ(થી) થઈ. આંગળીને લઈને ભગવાન પાસે ચોખા ગયા એમ નથી. આ..હા..હા...! આવો ઝીણો માર્ગ, બાપુ ! પ્રભુ ! તારી ભિન્નતા (આવી છે). દરેક દ્રવ્યની ભિન્નતા (આવી છે). આ..હા..હા...!

દરેક દ્રવ્ય... ભગવાને છ દ્રવ્ય જોયાં – અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ. (એ) દરેક દ્રવ્યની જે પૂર્વ પર્યાય પ્રાપ્ત છે એ પણ પોતાના કર્તા અને કરણ–સાધનથી પ્રાપ્ત છે અને તેનો વ્યય થઈને નવી ઉત્તર અવસ્થાને દરેક દ્રવ્ય ધારણ કરે તેને ઉચિત નિમિત્ત ભલે હો, પણ એ ઉચિત નિમિત્ત એના કર્તા અને કરણ–સાધન નથી. એ નવી અવસ્થામાં તે-તે દ્રવ્યના કર્તા અને કરણ–સાધન એનો સ્વભાવ છે. આ..હા..હા...! દુનિયાથી જુદું છે. આહા..હા...!

(અહીં કહે છે) '**અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તા...**' આ..હા...! પરમાણુમાંથી ઘડાની પર્યાય થઈ (તેમાં) એ પરમાણુ પોતે અંતર (સાધનભૂત) સ્વરૂપકર્તા અને પોતે કરણ–સાધન છે. કુંભાર તો ઉચિત નિમિત્ત છે, ચાકડો નિમિત્ત (છે) પણ નિમિત્તથી તે ઘડાની પર્યાય થઈ નથી. આ..હા..હા...! આવું છે.

પાણી છે, પાણી ! આમ તૃષા લાગી (હોય). તે પાણીની અવસ્થા જે (પહેલાં) બીજી હતી અને આમ અંદર ગઈ (પછી) બીજી થઈ. એ પરમાણુની પર્યાય પ્રાપ્ત હતી એનો સ્વરૂપકર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઈ પરમાણુ હતા. આ હાથને લઈને પાણી અંદર આવ્યું એમ નથી. આહા..હા...! એ પાણીના પરમાણુ જે દ્રવ્ય છે તેની પૂર્વ પર્યાયની પ્રાપ્તિ પણ પોતાના સ્વરૂપકર્તા અને સાધનથી છે અને આમ અંદર જતાં પાછી પર્યાય બદલે છે તો એ બદલતી અવસ્થાનો કર્તા, કરણ તે પરમાણુ છે. આ..હા..હા...!

પાણી છે એ ઊનું થાય છે, ઊનું. (તેમાં) અગ્નિ ઉચિત નિમિત્ત છે, પણ એ ઉચિત નિમિત્તથી પાણી ઊનું થતું નથી. પાણીની જે પહેલી ઠંડી અવસ્થા હતી તેને પ્રાપ્ત એ પાણી–જળ છે અને પછી (એ પાણી) ઉષ્ણ અવસ્થાને પ્રાપ્ત થયું તેના કર્તા અને કરણ તે પાણીના પરમાણુ છે, અગ્નિ નહિ. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. બીજા તત્ત્વની એને રાહ જોવી પડે (એમ નથી).

પેલું આવ્યું છે ને ? બેનમાં નથી આવ્યું ? કે, 'દ્રવ્ય તેને કહેવાય કે પોતાના કાર્ય માટે પરદ્રવ્યના સાધનની રાહ જોવી પડે નહિ.' બેનના વચનામૃતમાં આવ્યું છે. તમારે આવ્યું છે ને ? લીધું ? બેનના વચનામૃત ! એમાં આ શબ્દ છે કે, પ્રત્યેક દ્રવ્યના કાર્યને માટે પરદ્રવ્યની રાહ જોવી પડે નહિ. આ..હા..હા...! એ સિદ્ધાંત (છે). છે ને ? આ અરીસામાં (લખ્યું છે). આહા..હા...! દ્રવ્ય એને કહીએ (કે જેને) પોતાની પર્યાયના કાર્યને માટે પરદ્રવ્યની રાહ જોવી પડે નહિ. આ..હા..હા...! અરે...! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે જાણ્યો અને કહ્યો છે, કર્યો નથી. પરનું કાંઈ કર્યું નથી. કર્યું છે પોતાનું. આ..હા..હા...!

જેમકે આત્મામાં પૂર્વ પર્યાયની પ્રાપ્તિ મિથ્યાત્વની હોય એ પણ પોતાના કર્તા, કરણથી મિથ્યાત્વની પ્રાપ્તિ છે. દર્શનમોહનો ઉદય થયો માટે અહીં મિથ્યાત્વ છે એમ નથી. દર્શનમોહનો ઉદય ઉચિત નિમિત્ત છે પણ એને લઈને અહીં મિથ્યાત્વ થાય છે એમ નથી. મિથ્યાત્વ થવામાં આત્માના કર્તા અને કરણ–સાધનથી મિથ્યાત્વ થાય છે. આહા..હા...! હવે, પૂર્વની મિથ્યાત્વની પ્રાપ્તિ છે એમાંથી ગુલાંટ ખાઈને સમ્યક્ થાય છે–સમ્યગ્દર્શન ! તે સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ (થઈ) છે, એમ નથી. સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ આત્માના કર્તા, કરણ–સાધનથી સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ થાય છે. આ..હા..હા..હા...! આવું છે. વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ ! એનું તત્ત્વજ્ઞાન ઝીણું બહુ, બાપુ ! આ..હા..હા...! સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ (કહ્યું છે) ! આ..હા..હા...!

એમ આત્મામાં ચારિત્રની પર્યાય થાય – વીતરાગી ચારિત્ર ! દયા, દાન, વ્રત(ના) પરિણામ છે એ કંઈ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. વ્રતના પરિણામ પણ અચારિત્ર છે. ચારિત્ર તો એને કહીએ કે, જે આનંદમૂર્તિ પ્રભુ આત્મા ! તેના તરફની સન્મુખતાથી તેમાં–આનંદમાં રમે–ચરે એને ચારિત્ર (કહેવાય). એ ચારિત્રની પર્યાયમાં ચારિત્રમોહનો ઉદય છે તેનો અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયો માટે અહીં ચારિત્રની પર્યાય થઈ, એમ નથી. ચારિત્રમોહનો અભાવ ઉચિત નિમિત્ત છે, પણ એને લઈને અહીં ચારિત્રની પર્યાય થાય એમ નથી. પૂર્વે અચારિત્રની પર્યાયને પ્રાપ્ત હતો એમાં પણ એના સ્વરૂપકર્તા અને કરણ આત્મા હતો... આ..હા..હા...! અને ચારિત્રની પર્યાયને પ્રાપ્ત (થયો) તેનો પણ કર્તા અને કરણ આત્મા છે. મહાવ્રત આદિના પરિણામ હતા માટે ચારિત્રની પર્યાય થઈ એમ નથી. આવું જગતથી ઊંધું છે, ભાઈ !

વીતરાગમાર્ગ ! આ..હા..હા...! વીતરાગ સિવાય ક્યાંય એ વાત છે નહિ. બધે બધાએ ગપ્પાં માર્યાં છે. તીર્થંકર સર્વજ્ઞ ત્રિલોકનાથ ! સર્વજ્ઞ પરમેશ્વરે જેવું (કેવળજ્ઞાનમાં) જોયું એવું વાણી દ્વારા આવ્યું. એ સિવાય ક્યાંય સાચી વાત છે નહિ. આહા..હા...! આ ધર્મ પણ સાચો અને આ ધર્મ પણ સાચો એવું છે નહિ.

એક વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે જે આત્મા કહ્યો એ આત્મા અનંત ગુણનો સાગર છે એની અંતરદૃષ્ટિ અનુભવ થઈને પછી સ્વરૂપમાં રમે એને ચારિત્ર કહીએ. એ ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તેમાં ચારિત્રમોહના કર્મના ઉદયનો અભાવ ઉચિત નિમિત્ત હો, પણ એને લઈને ચારિત્રની પર્યાય થઈ છે એમ નથી. ચારિત્રની પર્યાયના સ્વરૂપનો કર્તા, કરણ આત્મા છે. આ..હા..હા...! આવું છે, ભગવાન ! આ..હા..હા...! આચાર્યે તો ૭૨ ગાથામાં 'ભગવાન' તરીકે બોલાવ્યો છે. 'સમયસાર' સવારે ચાલે છે ને ? ભગવાનઆત્મા ! આ..હા..હા...! અનંત... અનંત... ગુણનો ભરેલો પ્રભુ ! એની વર્તમાન પર્યાયને પ્રાપ્ત છે એ પણ પોતાથી છે. કોઈ કર્મને લઈને છે એમ નથી અને નવી પર્યાયને પ્રાપ્ત થાય તેમાં પણ કર્મના અભાવનું નિમિત્ત હો, પણ અભાવનું નિમિત્ત દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો કર્તા નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકારી વીતરાગી પર્યાય (થઈ) એને જીવ પોતે પોતાથી પ્રાપ્ત કરે છે. એનો કર્તા અને સાધન આત્મા છે. આહા..હા...! એને મહાવ્રતના પરિણામ અને શુભ ભાવ હતા માટે ચારિત્ર થયું એમ નથી. આવું છે.

પ્રશ્ન :– અંતરંગસાધનભૂત કર્તા અને કરણ કહ્યું તો બાહ્ય કર્તા, કરણ પણ હશે ને ?

સમાધાન :– નહિ, નહિ. સ્વરૂપકર્તા અને કરણ અંતરંગ છે. બાહ્યની ચીજ તો નિમિત્ત માત્ર છે. એ સ્વરૂપકર્તા અને કરણ નથી. 'અંતર' શબ્દ પડ્યો છે ને ? '**ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના**' એ તો બહિરંગ સાધન – નિમિત્ત થયું. '**અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે–અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગ્રહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું...**' આ..હા..હા...! '**ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે;...**' આહા..હા...! એ નવી અવસ્થા જે થઈ તેના લક્ષણ વડે તે દ્રવ્ય લક્ષિત થાય છે. એ ઉત્પાદ્ થયો માટે એમાં કર્મ લક્ષિત થાય છે કે કર્મનો અભાવ થયો એમ લક્ષિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે એમ નથી. આહા..હા...! આ વીતરાગમાર્ગ બહુ ઝીણો છે, બાપા !

ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે, પ્રભુ ! 'સીમંધરસ્વામી' ભગવાન ! ત્યાંથી આ વાત આવી છે !! 'કુંદકુંદાચાર્ય' ત્યાં પ્રભુ પાસે ગયા હતા. અત્યારે સમવસરણમાં બિરાજે છે. ધર્મ કથા (ચાલી રહી છે). મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. ૫૦૦ ધનુષનો દેહ ! કરોડ પૂર્વનું આયુષ્ય ! એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એ એક પૂર્વ (છે) એવું કરોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. આઠ 'દી ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. આ..હા...! સાક્ષાત્ ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે મનુષ્યપણામાં બિરાજે છે. આ..હા...! એમની ૐધ્વનિ સાંભળી 'કુંદકુંદાચાર્ય' પ્રભુ આઠ દી' ત્યાં રહ્યા હતા. આહા..હા...! આમનો ચાર હાથનો દેહ, ભગવાનનો ૫૦૦ ધનુષ(નો દેહ) ! બે હજાર હાથ ઊંચાં ! માણસો પણ એવા ઊંચાં. તીડ જેવું દેખાય, તીડ ! આ તીડ (આવે) છે ને ? તીડ ! તીડ કહેવાય ને ? ઊડતું (હોય). ચક્રવર્તીએ પૂછ્યું 'પ્રભુ ! આ તીડ જેવો માણસ કોણ છે ?!' 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા, આઠ દિન ત્યાં રહ્યા. ૫૦૦ ધનુષનો દેહ ! અને આ ચાર હાથના ! 'પ્રભુ ! આ તીડ જેવું કોણ છે ?' એમ ચક્રવર્તીએ ભગવાનને પૂછ્યું. ભગવાનનો ઉત્તર આવ્યો 'હે ચક્રવર્તી ! એ ભરતક્ષેત્રના 'કુંદકુંદ' નામના આચાર્ય છે.' આ..હા..હા...! એમ ભગવાનની વાણી નીકળી ! આ..હા..હા...!

શ્રોતા :– ભગવાનની વાણી તો ૐ નીકળે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ૐ જ નીકળે છે. ૐ નીકળે એમાંથી એ લોકો સમજી જાય. ભગવાનની વાણી આવી ન હોય, ભગવાનની વાણી તો ૐ છે, એકાક્ષરી છે. ઇચ્છા વિના વાણી નીકળે એ એકાક્ષરી (છે). જ્યાં ઇચ્છા છે ત્યાં એકાક્ષરી નથી. આહા..હા...! એવી વાત છે. અત્યારે તો ખીચડો કરી નાખે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને મદદ કરે ને સહાય કરે. બીજાની સહાય હોય ત્યારે એમાં કાંઈક થાય.

આ લાકડી આમ ઊંચી થાય છે, જુઓ ! ઊંચી થાય છે તો આંગળીને લઈને ઊંચી થાય છે એમ નથી, એમ કહે છે. એની પૂર્વ પર્યાય આમ હતી અને પછી આમ થઈ એની પર્યાયનું કર્તા, કરણ એ પરમાણુ છે, આંગળી નહિ. આંગળીથી ઊંચી થઈ નથી, આંગળી ઉચિત નિમિત્ત છે, પણ એનાથી કર્તા, કરણ થયું નથી. આહા..હા...! આવું છે. બહુ ફેર ! વીતરાગનો માર્ગ...!

દરેક દ્રવ્યની પર્યાય સ્વતંત્ર (છે). તેનો કર્તા પોતે. એ પણ હજી અપેક્ષા છે. પર્યાયનો કર્તા–દ્રવ્યસ્વરૂપ કર્તા (છે એ પણ અપેક્ષા છે). ખરેખર તો દરેક દ્રવ્યની પર્યાય પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયને કરે. પર્યાય કર્મ, પર્યાય કર્તા, પર્યાય સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય અધિકરણ (છે). છ દ્રવ્યમાં જે એક સમયની પર્યાય થાય એ પર્યાય(નું) ષટ્કારકનું પરિણમન પોતાથી છે, દ્રવ્ય-ગુણથી પણ નહિ. આ..હા..હા...! નિમિત્તથી તો નહિ (પણ) દ્રવ્ય-ગુણથી નહિ. એક સમયની પર્યાય ષટ્કારકરૂપે (પોતે પરિણમે છે). પર્યાય પોતે કર્તા, પર્યાય પોતે કર્મ–કાર્ય, પર્યાય પોતે કરણ–સાધન, પર્યાય પોતે સંપ્રદાન–પર્યાયે પર્યાય માટે પર્યાય કરી, પર્યાયથી પર્યાય થઈ એ અપાદાન, પર્યાયના આધારે પર્યાય થઈ એ અધિકરણ. (આમ) એક સમયની પર્યાયમાં ષટ્કારકો (છે). અનાદિ-અનંત દરેક દ્રવ્યની પર્યાય આ રીતે થાય છે. આ..હા..હા...!

અહીં તો પર્યાયને લક્ષણ કહી દ્રવ્યને લક્ષ્ય બનાવવું છે ને એટલે એને સ્વરૂપકર્તા અને સ્વરૂપસાધન કહેવામાં આવ્યું. આહા..હા...! બાકી તો પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયની અવસ્થા... આગળ આવશે. પોતાનો ઉત્પાદ્(રૂપ) જે પર્યાય થાય તેને ધ્રુવ અને વ્યયની અપેક્ષા નથી. નિમિત્તની તો અપેક્ષા નથી (પણ ધ્રુવ અને વ્યયની અપેક્ષા નથી). ૧૦૧ ગાથામાં આવશે. ૧૦૧–'પ્રવચનસાર !' આ તો ૯૫ ગાથા છે. આ..હા...!

અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ, અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંત આત્માઓ છે. લસણ ને ડુંગળી(માં) અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંત આત્માઓ છે. એ દરેક આત્મા... આ..હા..હા...! પોતાની વર્તમાન પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમતી તેની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! આવું સાંભળવું મુશ્કેલ પડે. જેની પર્યાયની ઉત્પત્તિ માટે દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. વ્યયની અપેક્ષા નથી, ધ્રુવની અપેક્ષા નથી. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તેને તેના દ્રવ્યની અને વ્યયની પણ અપેક્ષા નથી તો નિમિત્ત હોય તો થાય એ વાત છે નહિ. નિમિત્ત હો (ભલે પણ) તેનાથી થાય (એમ) ત્રણકાળમાં નથી. આ..હા..હા...! આવું ભગવાન ચૈતન્યસ્વરૂપ !! આ..હા...!

એને જે સમ્યગ્દર્શનની–ધર્મની પર્યાય (થાય), સમ્યગ્દર્શનની–ધર્મની શરૂઆત પહેલાં ધર્મની પર્યાય થાય એ પર્યાય ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શનની પર્યાય થાય છે. એ પર્યાયને નિશ્ચયથી દ્રવ્ય-ગુણનો પણ આશ્રય નહિ. અહીં તો લક્ષણ અને લક્ષ્ય સિદ્ધ કરવું છે માટે સમ્યગ્દર્શનની જે પર્યાય થઈ તે લક્ષણ છે અને એનાથી દ્રવ્ય લક્ષ્ય (થાય) છે. એટલું અહીં સિદ્ધ કરવું છે અને તેના સ્વરૂપમાં જ એ છે. તે તે દ્રવ્ય સમકિતપણે થયું છે એ દ્રવ્યનું સ્વરૂપ છે. એ કોઈ પરને લઈને સમકિત થાય (એમ નથી). કર્મને લઈને, દયા, દાન, વ્રતના પરિણામ થયા માટે સમકિત થાય છે એવું સ્વરૂપમાં છે નહિ. આહા..હા...! ભારે આકરું ! આખી દુનિયાથી વિરુદ્ધ લાગે, પાગલ જેવું લાગે ! વીતરાગનો માર્ગ, બાપા ! જગતને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાંભળવા મળ્યો નથી. આહા..હા...! વ્રત પાળ્યા ને આ કર્યા ને તે કર્યા... ધૂડ પણ કરી નથી. પરિષહ સહન કર્યા એમાં શું થયું ? પરિષહ તો બહારની સંયોગી ચીજ છે એને સહન કરવાનો પર્યાય કાંઈ એનાથી થયો છે ? આહા..હા...! એક આનંદની પર્યાયમાં સમતા થઈ છે એનો કર્તા, કર્મ, સાધન તો એનો આત્મા છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

આ તો વીતરાગ ત્રણલોકનો નાથ પરમેશ્વર બિરાજે છે એની આ વાણી છે ! આ ત્રણલોકના નાથની વાણી છે ! આ..હા...! એ કહે છે '**સ્વરૂપકર્તાના સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગ્રહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદ્ વડે લક્ષિત થાય છે; પરંતુ તે ઉત્પાદ્ની સાથે સ્વરૂપભેદ નથી...**' તે-તે દ્રવ્યની તે પર્યાય થઈ (તે) તેના સ્વરૂપથી જુદી છે એમ નથી. સ્વરૂપથી જ એવી છે. આહા..હા...!

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે;...**' આ..હા..હા...! એ પૂર્વની જે મલિન અવસ્થા હતી તેનો વ્યય (થયો) પણ એ વ્યય લક્ષણ (છે) અને દ્રવ્ય લક્ષ્ય છે. વ્યય, કોઈ બીજી ચીજ થઈ (એટલે કે) પાણીને લઈને, ધોકાને લઈને એનું મલિનપણું ટળ્યું (એમ નથી). વસ્ત્રની મલિનતા ટળી, એ મલિનતા ટળીને નિર્મળતા થઈ એ પાણીને લઈને અને ધોકાને લઈને નિર્મળતા થઈ એમ બિલકુલ નથી. એ વસ્ત્ર જ પોતે નિર્મળ પર્યાયપણે ઊપજતું થકું જેને વ્યય અને ધ્રુવની પણ અપેક્ષા નથી. આહા..હા...! '**મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે;...**' અહીં વ્યય (વડે લક્ષિત થાય છે એમ) કીધું, પહેલાં ઉત્પાદ્થી (લક્ષિત થાય છે એમ) કહેવું હતું ને ? પહેલું ઉત્પાદ્થી કીધું.

'**પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે;...**' આહા..હા...! '**તેવી રીતે તે જ દ્રવ્ય પણ...**' દરેક દ્રવ્ય (પણ) '**ઉત્તર અવસ્થાથી ઊપજતું અને પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે;...**' વ્યય વડે તે દ્રવ્ય લક્ષિત થાય છે. વ્યય વડે બીજી ચીજ (લક્ષિત નથી થતી). માથે ધોકો પડ્યો માટે મલિનતા ગઈ (અને) નિર્મળતા થઈ એમ લક્ષિત થતું નથી. ત્યાં લક્ષણ નથી. વ્યય થયો છે એ લક્ષણ દ્રવ્યનું છે. આ..હા..હા...! આવી વાતું !

શ્રોતા :– લક્ષણ-લક્ષ્ય ભેદ બતાવવો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લક્ષણ એનું છે અને એ લક્ષ્ય છે – એ દ્રવ્ય લક્ષ્ય છે. એ વ્યય થયું એ લક્ષણનું લક્ષ્ય દ્રવ્ય છે. વ્યય થયું એ જોડે ચીજ હતી એણે વ્યય કરી – મલિનતાનો વ્યય કર્યો એમ નથી. આ..હા..હા...! આવું સ્વરૂપ છે. આખી ૯૫–ગાથા ઝીણી છે. કાલે પણ ઝીણું હતું. આ..હા...! '**વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નથી,...**' વ્યય તો તે દ્રવ્યનું સ્વરૂપ જ છે. '**સ્વરૂપથી જ તેવું છે.**'

હવે ધ્રુવ(નું સ્વરૂપ બતાવે છે). '**વળી જેવી રીતે...**' પહેલાં ઉત્પાદ્‌ની વાત કરી, પછી વ્યયની કરી, હવે ધ્રુવની કરે છે. આહા..હા...! '**વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકીવખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થા...**' (વસ્ત્રત્વ એટલે) વસ્તુપણું '**અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' આ..હા...! વસ્ત્ર ટકતું થકું ધ્રુવ વડે લક્ષિત થાય છે. આહા..હા...! છે ? '**પરંતુ તેને તે ધ્રૌવ્ય સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે;...**' એ તો દૃષ્ટાંત થયો.

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું,...**' આત્મામાં સમ્યગ્દર્શનપણાની પર્યાયપણે ઊપજતું. આ..હા...! અને '**પૂર્વ અવસ્થાથી વ્યય પામતું...**' મિથ્યાત્વપણાથી નાશ પામતું '**અને ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું...**' આ..હા..હા...! સમ્યગ્દર્શનની પર્યાય લક્ષણ છે (અને) એનું લક્ષ ધ્રુવ ઉપર છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે, ભૂતાર્થ છે. ('સમયસાર'ની) ૧૧મી ગાથા ! ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય – લક્ષણ ધ્રુવને – લક્ષ(ને) બતાવે છે. આહા..હા...! એ પર્યાય, કર્મનો ક્ષય થયો અને ઉપશમ થયો એમ બતાવે છે, એમ નહિ. આહા..હા...!

ચાર ઘાતિ કર્મનો નાશ થતાં કેવળજ્ઞાન થાય એમ 'તત્ત્વાર્થસૂત્ર'માં શબ્દ છે. એ તો નિમિત્તના કથન છે. ચાર ઘાતિ કર્મની પર્યાય જે કર્મપણે હતી એ જ્યારે અકર્મપણે થઈ એ પોતાના સ્વરૂપથી થઈ છે. ભગવાને અહીં કેવળજ્ઞાન પ્રગટ કર્યું માટે તે કર્મની પર્યાયને અકર્મપણે પરિણમવું પડ્યું, એમ નથી અને કર્મની પર્યાય જ્યારે અકર્મપણે થઈ તેથી અહીં કેવળજ્ઞાન થયું, એમ નથી. એ કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ્‌ પૂર્વની (પર્યાયનો) વ્યય થતાં – ચાર જ્ઞાન, મોક્ષમાર્ગનો વ્યય થતાં જે કેવળજ્ઞાનની પર્યાય મોક્ષપણે થઈ એનો સ્વરૂપકર્તા અને કરણ એ આત્મા છે. વજ્રનારાચસંહનન મજબૂત છે અને મનુષ્યપણું છે માટે કેવળજ્ઞાન થયું છે એમ નથી. આહા..હા...! આવી વાતું છે. ભગવાન પરમાત્માએ કહેલો પંથ આ છે. આ..હા...! 'તત્ત્વાર્થસૂત્ર'માં ભાષા એવી આવે કે, ચાર ઘાતિ (કર્મનો) ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન થાય. અહીં કહે છે કે, કેવળજ્ઞાનની પર્યાય પૂર્વે જે ચાર જ્ઞાનની પર્યાય હતી તેનો વ્યય થયો એ વ્યયનો કર્તા, કર્મ પણ આત્મા (છે) અને કેવળજ્ઞાનનો ઉત્પાદ્‌ થયો એનો કર્તા, કર્મ, કરણ–સાધન પણ આત્મા (છે). કર્મને લઈને (કેવળજ્ઞાન) થયું એ બિલકુલ જૂઠી વાત છે. આ..હા..હા..હા...!

શ્રોતા :– જૈનધર્મમાં તો કર્મની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૈનધર્મમાં તો આત્માની વાત છે, કર્મની નહિ. પેલા ઈશ્વરકર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે, ત્યારે આ જૈન કહે છે અમારા વિકારનો કર્તા કર્મ (છે) અને કર્મ ટળે તો અમે મોક્ષ જઈએ. ઈ તો એનું એ જડ કર્તા ઠરે. આ..હા..હા...! પેલાને ચૈતન્યને કલ્પિત ઈશ્વરકર્તા ઠરાવ્યું અને આણે જડ(ને કર્તા) ઠરાવ્યો. અંદર જડ કર્મ છે એ જ્યારે ઉદય આવે ત્યારે અમને વિકાર થાય અને એ કર્મ ખસી જાય તો અમારો વિકાર ટળે. એ વાત બિલકુલ જૂઠી છે.

શ્રોતા :– કર્મ ખસી તો જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને કારણે (ખસે છે). એ તો એની પર્યાયમાં પૂર્વ પર્યાય કર્મપણે હતી એની ઉત્તર પર્યાય અકર્મપણે થઈ એનો કર્તા, કર્મ, કરણ–સાધન એના પરમાણુ છે. અહીં કેવળજ્ઞાન થયું માટે ત્યાં અકર્મપણે પર્યાય થઈ એમ નથી. આ..હા..હા...! ગહન વિષય છે, પ્રભુ ! વીતરાગ પરમાત્મા... આ..હા...! એનું તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે. આ..હા...! લોકોએ બહારથી ખતવી નાખ્યો. આહા..હા...! ૯૫ ગાથામાં કેટલું (ભરી દીધું છે) !! આહા..હા...!

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ...**' આત્મા કે પરમાણુ આદિ દ્રવ્ય '**એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું...**' નવી અવસ્થાથી ઊપજતું '**પૂર્વ અવસ્થાથી વ્યય પામતું...**' થકું – પૂર્વની અવસ્થાથી અભાવ થયું થકું '**ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી...**' જોયું ? અવસ્થા લીધી ! અવસ્થ એટલે કાયમ ટકે છે ને ? '**દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' ભગવાનઆત્મા તો ધ્રૌવ્ય વડે જણાય છે. આ..હા..હા..હા...! વળી, પર્યાય વડે ધ્રુવ જણાય ? અહીં તો ધ્રુવપણું જે છે (એ) જે ખ્યાલમાં આવ્યું, એ ધ્રુવપણું ખ્યાલમાં આવ્યું એ ધ્રૌવ્ય લક્ષણ છે, એ ધ્રુવનું લક્ષણ છે એમ કહે છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્રો સાંભળવા આવે એ વાત કેવી હશે ? પહેલાં દેવલોકના શકરેન્દ્ર છે (એ) એકાવતારી છે – એક ભવે મોક્ષ જનારા (છે). શકરેન્દ્ર ! સૌધર્મઇન્દ્ર ! એક ભવે મોક્ષ જનારા ! એની રાણી છે એ એક ભવે મોક્ષ જનારા ! એ સભામાં આવે એ વાણી કેવી હશે ? બાપા ! સાધારણ કથા-વાર્તા હશે ? આ..હા..હા...!

કહે છે કે, '**તે જ દ્રવ્ય પણ એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું,...**' પોતાથી ઊપજતું. '**પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' આહા..હા...! જાણે છે જ્ઞાન, પણ એ ધ્રૌવ્યપણું જણાવે છે ધ્રુવને. ધ્રૌવ્યપણું જણાવે છે ધ્રુવને. જાણે છે પર્યાય. ધ્રુવપણું કંઈ જાણતું નથી, ધ્રુવ તો ધ્રુવ છે. પણ અહીં તો ધ્રૌવ્યપણું એનું લક્ષણ છે એવું પર્યાયે જાણ્યું અને એ લક્ષણથી ધ્રુવ છે તેમ પર્યાયે લક્ષ કર્યું. બહુ ફેરફાર છે, ભાઈ ! આહા..હા...! ન સમજાય તો રાત્રે પૂછવું. રાતનો વખત છે ને ? સવા સાતથી આઠ – પોણો કલાક ! ચર્ચામાં (પૂછવું). ઝીણી વાત છે, ભાઈ ! આ..હા...!

'**ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે;...**' શું કીધું ? '**દ્રવ્યત્વ અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લક્ષિત થાય છે;...**' આ..હા..હા...! લક્ષિત તો પર્યાય કરે છે, પણ એ ધ્રૌવ્યપણું છે તે ધ્રુવનું લક્ષ કરાવે છે. એ ધ્રૌવ્યપણું જે છે એ લક્ષણ છે અને ધ્રુવ ચીજ છે એ લક્ષ્ય છે. એમ પર્યાય જાણે છે. આ..હા..હા...! આવો ઉપદેશ ! (બહારમાં તો એમ કહે) વિષય સેવવા નહિ, ચોવિહાર કરવો, સામાયિક કરવી, પ્રતિક્રમણ કરવા... પણ હજી તત્ત્વની દૃષ્ટિ વિના સામાયિક આવી ક્યાંથી ? આ..હા...!

તત્ત્વ સ્વતંત્ર છે. દરેક તત્ત્વની એક સમયની પર્યાય ક્રમબદ્ધ (થાય છે). ક્રમબદ્ધ ! દરેક દ્રવ્યમાં એક સમયમાં જે પર્યાય (થાય) એ ક્રમબદ્ધ–ક્રમસર થવાની છે, આગળ-પાછળ નહિ. જ્યાં જે પર્યાય થવાની તે થશે. એ પર્યાયના લક્ષણથી દ્રવ્ય લક્ષિત થાય છે. આહા..હા...! ક્રમબદ્ધનો લેખ થોડો આવ્યો છે, 'જૈનમિત્ર'માં આવ્યો છે, થોડુંક આવ્યું છે, થોડુંક સાધારણ. આહા..હા...!

એ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય ત્રણની વ્યાખ્યા થઈ. હવે ગુણ અને પર્યાયની વ્યાખ્યા (કહેશે). પહેલાં કહ્યું હતું ને ? છે ને આમાં ? '**उप्पादव्वयधुवत्तसंबद्धं**' એની વ્યાખ્યા થઈ. હવે, '**गुणवं च सपज्जायं**' એની વ્યાખ્યા કરે છે. આ..હા...! 'ગુણપર્યાય દ્રવ્યમ્' ગુણ અને પર્યાય તે દ્રવ્ય છે. પહેલાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ તે દ્રવ્ય છે (એમ કીધું). આહા..હા...!

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ...**' આ વસ્ત્ર છે ને ? એમાં ગુણો છે. એ ગુણ છે એ વિસ્તાર છે. પરમાણુમાં ગુણ છે એ આમ વિસ્તાર(સ્વરૂપ) છે, વિસ્તારવિશેષ છે. છે ને ? '**(શુક્લત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે;...**' આ ધોળું છે એ ધોળા વડે (લક્ષિત થાય છે). ધોળી તો પર્યાય છે પણ એના વડે લક્ષિત થાય છે. નહિતર ધોળી છે એ તો પર્યાય છે અને રંગ જે છે એ એનો ગુણ છે. (પરમાણુમાં) રંગ જે છે એનો ગુણ છે અને આ એની ધોળી તો પર્યાય છે પણ સમજાવવું છે એટલે આમ લીધું. કાળી, ધોળી, લીલી એ તો પર્યાય છે અને રંગ જે ત્રિકાળી પરમાણુમાં છે એ ગુણ છે. આ..હા..હા...! આવું છે.

'**વસ્ત્ર વિસ્તારવિશેષ...**' દ્રવ્ય છે એ સામાન્ય (છે અને) એના ગુણો (છે) તે એનો વિશેષ વિસ્તાર છે. આહા..હા...! એ વસ્ત્ર '**વિસ્તારવિશેષોસ્વરૂપ (શુક્લત્વાદિ)...**' સુંવાળા આદિ '**ગુણો વડે...**' છે તો એ પર્યાય. (તેના વડે) '**લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી,...**' વસ્ત્રને જે ધોળા આદિ ગુણો છે તેનાથી તે વસ્ત્ર લક્ષિત થાય છે. છતાં તે ગુણ અને દ્રવ્ય(માં) સ્વરૂપભેદ નથી. આહા..હા...! બહુ ઝીણું ! '**સ્વરૂપથી જ તેવું છે;...**'

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ...**' દરેક દ્રવ્યમાં વિસ્તાર અનંતા ગુણો છે. આમ વિસ્તાર (છે). પરમાણુ છે એમાં પણ અનંતા ગુણો છે. આત્મામાં પણ અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણો છે, એક ધર્માસ્તિકાય તત્ત્વમાં પણ અનંત ગુણો છે, એક કાળાણુ એક દ્રવ્ય છે એમાં પણ અનંત ગુણ છે. વસ્તુ છે તેમાં વિસ્તારવિશેષ ગુણો – વિસ્તારવિશેષ આમ એકસાથે રહેલાં ગુણો. વિસ્તાર આમ (તીરછો) છે. આ..હા...! અને પર્યાય છે એ આમ (લંબાઈમાં) છે. એક પછી એક પર્યાય આયત, એક પછી એક પર્યાય (લંબાઈમાં) છે. (પર્યાય) ક્રમસર થાય અને ગુણો અક્રમ–એકસાથે રહેલાં છે. આહા..હા...! '**દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**' આહા..હા...!

'**વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષો...**' હવે પર્યાય લીધી. તે વસ્ત્રમાં એક પછી એક... એક પછી એક... એક પછી એક... પર્યાય થાય છે એ આયત એટલે લંબાઈ(સ્વરૂપ છે). કાળપણે–લંબાઈપણે એની પર્યાય થાય છે. એ '**આયતવિશેષોસ્વરૂપ પર્યાયવર્તી (–પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે;...**' આહા..હા...! પર્યાયવર્તી તંતુઓ વડે લક્ષિત થાય છે. તંતુઓને પર્યાય ગણી. '**પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી,...**' આહા..હા...! ગુણને અને દ્રવ્યને સ્વરૂપભેદ નથી. ગુણ લક્ષણ છે, દ્રવ્ય લક્ષ્ય છે, પણ લક્ષ્ય-લક્ષણમાં સ્વરૂપભેદ નથી. આહા..હા...! આવી વાતું !

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ...**' તે જ દ્રવ્ય – આત્મા કે પરમાણુ '**આયતવિશેષો...**' એક પછી એક પર્યાયરૂપી વિશેષ. પેલાં ગુણવિશેષ હતા, આ પર્યાયવિશેષ (છે). આહા..હા...! આયત એટલે લંબાઈથી કાળક્રમે થતી પર્યાય. એવી '**આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે,...**' આહા..હા...! કોણ ? દ્રવ્ય. કપડું–વસ્ત્ર પણ તેની પર્યાય વડે કરીને લક્ષિત થાય છે. એમ દરેક દ્રવ્ય તેની વર્તમાન પર્યાય વડે લક્ષિત થાય છે. આ..હા..હા...! એની પર્યાય પોતાથી છે, તેમાં સ્વરૂપભેદ નથી. ભેદ(રૂપ) જે ચીજ છે તેનાથી તે લક્ષ થતું નથી. એનામાં જે પર્યાય છે એનાથી તે દ્રવ્ય લક્ષ થાય છે. છતાં તે ગુણને, પર્યાયને, દ્રવ્યને ભેદ નથી. આહા..હા...! અહીં અત્યારે આ અપેક્ષા કહેવી છે ને (એટલે આમ કહે છે). આવું કોઈ 'દી જિંદગીમાં સાંભળ્યું નહિ હોય. આહા..હા...! તત્ત્વની વસ્તુ એવી ઝીણી છે, બાપુ ! વાસ્તવિક દ્રવ્ય, ગુણ અને પર્યાય શું છે અને ગુણ ને પર્યાય એ દ્રવ્ય છે એ શું છે એની વ્યાખ્યા છે. આ..હા...!

'**તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય...**' એની પર્યાય–અવસ્થા વડે દ્રવ્ય (લક્ષિત) થાય છે. બીજું તત્ત્વ છે માટે એ લક્ષ થાય છે એમ નથી. આ..હા..હા...! આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ એ પર્યાય વડે દ્રવ્ય લક્ષિત થાય છે. એ પર્યાય વડે દ્રવ્ય લક્ષિત થાય છે. સમ્યગ્દર્શન થયું (તો) મિથ્યાદર્શનનો અભાવ થયો, એવી અપેક્ષા ત્યાં લાગુ પડતી નથી. આહા..હા...! દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શનપર્યાય જણાય છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નથી. એ સમ્યગ્દર્શનની પર્યાય – નિર્મળ વીતરાગી આત્મજ્ઞાન(ની) પર્યાય આત્માને જણાવે છે. આત્મા તેનું લક્ષ્ય છે અને આ પર્યાય તેનું લક્ષણ છે. અરે... અરે...! આમાં વાતે-વાતે ફેર ! છે તો Logic, પ્રભુએ તો યુક્તિથી સિદ્ધ કર્યું છે. મુનિરાજ દિગંબર સંત વનવાસી હતા. વનવાસમાં રહીને ટીકાઓ બનાવી છે. આ..હા..હા...! એ એનું સ્વરૂપ જ છે, સ્વરૂપથી તે જુદું નથી.

વિશેષ કહેશે...

આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કરીને અને રાગની વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચય રત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે કેમ કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી. પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે. એવા ભાન સહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો ! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્‌બિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા. મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્‌બિંબ-જિનબિંબ છે. ***(પરમાગમસાર–૭૦૧)***

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ क्रमेणास्तित्वं द्विविधमभिदधाति; स्वरूपास्तित्वं सादृश्यास्तित्वं चेति। तत्रेदं स्वरूपास्तित्वाभिधानम् -

**सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं।**
**दव्वस्स सव्वकालं उप्पादव्वयधुवत्तेहिं।।९६।।**

**सद्भावो हि स्वभावो गुणैः स्वकपर्ययैश्चित्रैः।**
**द्रव्यस्य सर्वकालमुत्पादव्ययध्रुवत्वैः।।९६।।**

अस्तित्वं हि किल द्रव्यस्य स्वभावः, तत्पुनरन्यसाधननिरपेक्षत्वादनाद्यनन्ततया-हेतुकयैकरूपया वृत्त्या नित्यप्रवृत्तत्वाद्विभावधर्मवैलक्षण्याच्च भावभाववद्भावान्नानात्वेऽपि प्रदेशभेदाभावाद्द्रव्येण सहैकत्वमवलम्बमानं द्रव्यस्य स्वभाव एव कथं न भवेत्। तत्तु द्रव्यान्तराणामिव द्रव्यगुणपर्यायाणां न प्रत्येकं परिसमाप्यते। यतो हि परस्परसाधितसिद्धियुक्तत्वात्तेषामस्तित्वमेकमेव, कार्तस्वरवत्। यथा हि द्रव्येण वा क्षेत्रेण वा

---

एवं नमस्कारगाथा, द्रव्यगुणपर्यायकथनगाथा, स्वसमयपरसमयनिरूपणगाथा, सत्तादिलक्षणत्रयसूचनगाथा चेति स्वतन्त्रगाथाचतुष्टयेन **पीठिका**भिधानं प्रथमस्थलं गतम्। अथ प्रथमं तावत्स्वरूपास्तित्वं प्रतिपादयति - **सहावो हि** स्वभावः स्वरूपं भवति हि स्फुटम्। कः कर्ता। **सब्भावो** सद्भावः शुद्धसत्ता शुद्धास्तित्वम्। कस्य स्वभावो भवति। **दव्वस्स**

---

હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે : સ્વરૂપ-અસ્તિત્વ અને સાદ્રશ્ય-અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે :-

ઉત્પાદ–ધ્રૌવ્ય–વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી,
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

અન્વયાર્થ :- [सर्वकालं] સર્વકાળે [गुणैः] ગુણો તથા [चित्रैः स्वकपर्ययैः] અનેક પ્રકારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



कालेन वा भावेन वा कार्तस्वरात् पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेण पीततादिगुणानां कुण्डलादिपर्यायाणां च स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य कार्तस्वरास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैः पीततादिगुणैः कुण्डलादिपर्यायैश्च यदस्तित्वं कार्तस्वरस्य स स्वभावः तथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा द्रव्यात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेण गुणानां पर्यायाणां च स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य द्रव्यास्तित्वेन निष्पादितनिष्पत्तियुत्कैर्गुणैः पर्यायैश्च यदस्तित्व द्रव्यस्य स स्वभावः। यथा वा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा पीततादिगुणेभ्यः कुण्डलादिपर्यायेभ्यश्च पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण कार्तस्वरस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैः

---

मुक्तात्मद्रव्यस्य। तच्च स्वरूपास्तित्वं यथा मुक्तात्मना सकाशात्पृथग्भूतानां पुद्गलादिपञ्चद्रव्याणां शेषजीवानां च भिन्नं भवति, न च तथा। कः सह। **गुणेहिं सगपज्जएहिं** केवलज्ञानादिगुणः किञ्चिदूनचरमशरीराकारादिस्वकपर्यायैश्च सह। कथंभूतैः। **चित्तेहिं** सिद्धगतित्वमतीन्द्रिय-त्वमकायत्वमयोगत्वमवेदत्वमित्यादिबहुभेदभिन्नैः। न केवलं गुणपर्यायैः सह भिन्नं न भवति। **उत्पादव्वयधुवत्तेहि** शुद्वात्मप्राप्तिरूपम क्षपर्यायस्योत्पादो रागादिविकल्परहितपरमसमाधिरूप-मोक्षमार्गपर्यायस्य व्ययस्तथा मोक्षमोक्षमार्गाधारभूतान्वयद्रव्यत्वलक्षणं ध्रौव्यं चेत्युक्तलक्षणोत्पादव्ययध्रौव्यैश्च सह भिन्नं न भवति। कथम्। **सव्वकालं** सर्वकालपर्यन्तं यथा भवति। कस्मात्तैः सह भिन्नं न भवतीति चेत्। यतः कारणाद्गुणपर्यायास्तित्वेनोत्पादव्ययध्रौव्यास्तित्वेन च कर्तृभूतेन शुद्धात्मद्रव्यास्तित्वं साव्यते, शुद्धात्मद्रव्यास्तित्वेन च गुणपर्यायोत्पादव्ययध्रौव्यास्तित्वं साध्यत इति। तद्यथा-यथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः सुवर्णादभिन्नानां पीतत्वादिगुणकुण्डलादिपर्यायाणां

---

પોતાના પર્યાયો વડે [उत्पादव्ययध्रुवत्वैः] તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે [द्रव्यस्य सद्भावः] દ્રવ્યનું જે અસ્તિત્વ, [हि] તે ખરેખર [स्वभावः] સ્વભાવ છે.

ટીકા :– અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાને લીધે અનાદિ–અનંત હોવાથી તથા અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી, ભાવ અને ભાવવાન્પણાને લીધે અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ નહિ હોવાને કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય ? (જરૂર હોય.) તે અસ્તિત્વ–જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



पीततादिगुणैः कुण्डलादिपर्यायैश्च निष्पादितनिष्पत्तियुक्तस्य कार्तस्वरस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः, तथा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा गुणेभ्यः पर्यायेभ्यश्च पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण द्रव्यस्वरूपमुपादाय प्रवर्तमान-प्रवृत्तियुक्तैर्गुणैः पर्यायैश्च निष्पादितनिष्पत्तियुक्तस्य द्रव्यस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः। किंच - यथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा कार्तस्वरात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेण कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्याणां स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य कार्तस्वरास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैः कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्यैर्यदस्तित्वं कार्तस्वरस्य स स्वभावः, तथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा द्रव्यात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेणोत्पाद-

---

संबन्धि यदस्तित्वं स एव सुवर्णस्य सद्भावः, तथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः परमात्मद्रव्यादभिन्नानां केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारादिपर्यायाणां सबन्धि यदस्तित्वं स एव मुक्तात्मद्रव्यस्य सद्भावः। यथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः पीतत्वादिगुणकुण्डलादिपर्यायेभ्यः सकाशादभिन्नस्य सुवर्णस्य सम्बन्धि यदस्तित्वं स एव पीतत्वादिगुणकुण्डलादिपर्यायाणां स्वभावो भवति, तथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारपर्यायेभ्यः सकाशादभिन्नस्य मुक्तात्मद्रव्यस्य संबन्धि यदस्तित्वं स एव केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारपर्यायाणां स्वभावो ज्ञातव्यः। अथेदानीमुत्पादव्ययध्रौव्याणामपि द्रव्येण सहाभिन्नास्तित्वं कथ्यते। यथा स्वकीयद्रव्यादिचतुष्टयेन सुवर्णादभिन्नानां कटकपर्यायोत्पादकङ्कणपर्यायविनाशसुवर्णत्वलक्षणध्रौव्याणां संबन्धि यदस्तित्वं स एव सुवर्णसद्भावः, तथा स्वद्रव्यादिचतुष्टयेन परमात्मद्रव्यादभिन्नानां मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्यायव्ययतदुभयाधारभूतपरमात्मद्रव्यत्वलक्षणध्रौव्याणां संबन्धि यदस्तित्वं

---

થઈ જાય છે તેમ – દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી, કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી (અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી – એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી) તેમનું અસ્તિત્વ એક જ છે; – સુવર્ણની જેમ.

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશઆદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



व्ययध्रौव्याणां स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य द्रव्यास्तित्वेन निष्पादितनिष्पत्ति-युक्तैरुत्पादव्ययध्रौव्यैर्यदस्तित्वं द्रव्यस्य स स्वभावः। यथा वा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्येभ्यः पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण कार्तस्वरस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैः कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्यैर्निष्पादित-निष्पत्तियुक्तस्य कार्तस्वरस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः, तथा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वोत्पादव्ययध्रौव्येभ्यः पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण द्रव्यस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैरुत्पादव्ययध्रौव्यैर्निष्पादितनिष्पत्तियुक्तस्य द्रव्यस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः।।९६।।

---

स एव मुक्तात्मद्रव्यसद्भावः। यथा स्वद्रव्यादिचतुष्टयेन कटकपर्यायोत्पादकङ्कणपर्याय-व्ययसुवर्णत्वलक्षणध्रौव्येभ्यः सकाशादभिन्नस्य सुवर्णस्य संबन्धि यदस्तित्वं स एव कटकपर्यायोत्पादकङ्कणपर्यायव्ययतदुभय धारभूतसुवर्णत्वलक्षणध्रौव्याणां स्वभावः, तथा स्वद्रव्यादिचतुष्टयेन मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्यायव्ययतदुभयाधारभूतमुक्तात्मद्रव्यत्वलक्षणध्रौव्येभ्यः सकाशादभिन्नस्य परमात्मद्रव्यस्य संबन्धि यदस्तित्वं स एव मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्याय-व्ययतदुभयाधारभूतमुक्तात्मद्रव्यत्वलक्षणध्रौव्याणां स्वभाव इति। एवं यथा मुक्तात्मद्रव्यस्य स्वकीयगुणपर्यायोत्पादव्ययध्रौव्यैः सह स्वरूपास्तित्वाभिधानमवान्तरास्तित्वमभिन्नं व्यवस्थापितं तथैव समस्तशेषद्रव्याणामपि व्यवस्थापनीयमित्यर्थः।।९६।।

---

સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, – એવા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, – એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતાં પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ–સિદ્ધિ–થાય છે, સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય; તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુદા નહિ જોવામાં આવતા ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે, કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણોની અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશઆદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે, – એવા સુવર્ણનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ગુણો અને પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે, – એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (પીળાશાદિકથી અને કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ તે પીળાશાદિક અને કુંડળાદિકનું જ અસ્તિત્વ છે, કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા હોવાથી પીળાશાદિકના અને કુંડળાદિકના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે, પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય; તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે, કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

(જેવી રીતે દ્રવ્યનું અને ગુણ–પર્યાયનું એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવ્યું, તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે.)

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ–ઉત્પાદોના, બાજુબંધઆદિવ્યયોના અને પીળાશઆદિધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, – એવાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે, – એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

અથવા જેમ, દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી, બાજુબંધઆદિવ્યયોથી અને પીળાશઆદિધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે, – એવા સુવર્ણનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે, – એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે; કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

ભાવાર્થ :– અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી; વળી તે અસ્તિત્વ અનાદિઅનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.

ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે; કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે, અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.

આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું. ૯૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૬**
**પ્રવચન નં. – ૯૫**
**તા. ૫-૬-૭૯**

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી,**
**અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.**

શું કહે છે ? '**અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.**' દરેક આત્મા કે દરેક પરમાણુ– ભગવાને છ દ્રવ્ય જોયાં છે, છ દ્રવ્ય – આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એ દરેક દ્રવ્યનું અસ્તિત્વ એટલે હોવાપણું ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય સ્વભાવવાન છે અને અસ્તિત્વ એનો સ્વભાવ છે. આ..હા...!

આત્મા – એનું અસ્તિત્વ–હોવાપણું એનો સ્વભાવ છે અને આત્મા સ્વભાવવાન છે. આત્માનું હોવાપણું પોતાના ગુણ અને પર્યાયથી છે. પરદ્રવ્યને કારણે આત્માનું હોવાપણું નથી. આ આત્મા છે અંદર – સચ્ચિદાનંદ પ્રભુ ! એનું હોવાપણું–અસ્તિત્વ એ એનો સ્વભાવ છે. દ્રવ્યનું હોવાપણું–અસ્તિત્વ એ દ્રવ્યનો સ્વભાવ છે અને દ્રવ્ય છે એ સ્વભાવવાન છે. આ..હા..હા...! થોડી ઝીણી વાત છે. આ 'પ્રવચનસાર' છે – ભગવાનની દિવ્યધ્વનિ ! 'પ્રવચનસાર' ! 'કુંદકુંદાચાર્ય' !

**'અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી નિરપેક્ષ હોવાથી...'** આહા..હા...! આત્માનું હોવાપણું (એ એનો સ્વભાવ છે) અને આ પરમાણુ છે – આ (હાથ) એક ચીજ નથી, (એના) ટુકડા કરતાં-કરતાં આખરનો છેલ્લો પરમાણુ રહે એ પણ દ્રવ્ય છે. એ દ્રવ્ય પણ પોતાના અસ્તિત્વથી છે. બીજાના અસ્તિત્વથી તેનું અસ્તિત્વ છે, એમ નથી. આ..હા...! દરેક રજકણ કે દરેક કર્મનો પરમાણુ પોતાના અસ્તિત્વથી છે. આત્મા છે એ એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અસ્તિત્વથી તે આત્મા છે, પણ એના અસ્તિત્વથી કર્મનું અસ્તિત્વ છે, એમ નથી.

આ શરીરનું હોવાપણું છે, આ શરીર પરમાણુનો પિંડ છે, એનું અસ્તિત્વ છે એ એનો – પરમાણુનો સ્વભાવ છે. આનું હોવાપણું આત્માને લઈને નથી. અંદર આત્મા જે છે, એનું હોવાપણું–તેનું અસ્તિત્વ તેના દ્રવ્યનો સ્વભાવ છે. એમાં આ શરીરાદિ જડ છે એનું હોવાપણું– અસ્તિત્વ તે પરમાણુનો સ્વભાવ છે. આનું હોવાપણું આત્માને લઈને છે અને આના હોવાપણાથી આત્માની હયાતી છે, એમ નથી. આ..હા...! ઝીણી વાત છે.

(આવું અસ્તિત્વ) '**અનાદિ–અનંત હોવાથી...**' ભગવાને છ દ્રવ્ય જોયાં (એમાં) આત્મા અને પરમાણુ (કે) દરેકનું હોવાપણું અનાદિ-અનંત (છે). આહા..હા...! 'છે' એની આદિ શી ? અને 'છે' એનો અંત શો ? દરેક પરમાણુ અને દરેક આત્મા અનાદિ-અનંત પોતાથી છે. '**અહેતુક એકરૂપ વૃત્તિએ...**' છે ? (મૂળ શાસ્ત્રમાં નીચે ફૂટનોટમાં અર્થ આપ્યો છે). (અહેતુક એટલે) અકારણ છે. આત્મા છે તેના અસ્તિત્વને કોઈ કારણ નથી. કોઈ કર્તા નથી–કોઈ ઈશ્વરકર્તા છે નહિ. બીજું દ્રવ્ય પણ કારણ નથી. આ..હા...! આત્માનું હોવાપણું અને આ પરમાણુનું હોવાપણું પોતાના અસ્તિત્વથી તે દ્રવ્ય છે. બીજાના અસ્તિત્વથી–હયાતીથી બીજું દ્રવ્ય છે એમ નથી. આહા..હા...! છે ? '**અહેતુક એકરૂપ વૃત્તિ...**' (વૃત્તિ એટલે) 'વર્તન; વર્તવું તે; પરિણતિ. (અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી...)' શું કહે છે ?

જે આત્મા છે, શરીર છે, કર્મ છે એમ અનંત પરમાણુઓ છે, અનંત આત્માઓ છે તે પોતાના અસ્તિત્વસ્વભાવથી પરિણમે છે. એનું પરિણમન કોઈ પરને કારણે થાય છે (એમ નથી). આહા..હા...! છે ? '**એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું...**' હોવાથી. આહા..હા...! આત્મા પણ સત્તા–અસ્તિત્વ (સ્વભાવે છે). અનાદિ-અનંત એનું અસ્તિત્વ છે અને તે અનાદિ-અનંત એનું જે પરિણમન છે એ સ્વતઃ છે. અસ્તિત્વગુણનું પરિણમન–પર્યાય (સ્વતઃ છે). અસ્તિત્વ એ ગુણ છે અને આત્મા તેનો ધરનાર ગુણી–ભાવવાન છે અને અસ્તિત્વગુણની પર્યાય પોતાથી થાય છે. એ અસ્તિત્વનું હોવાપણું પોતાથી પરિણમે છે, (એ) બીજાને કારણે પરિણમે છે એમ છે નહિ. ઝીણી વાતું છે, ભગવાન !

આ તો 'પ્રવચનસાર' ! 'જ્ઞેય અધિકાર' છે. જગતના જે અનંત જ્ઞેયો છે એ અનંત જ્ઞેયોનું અસ્તિત્વ છે એ અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે. એનું હોવાપણું એ દ્રવ્યનો સ્વભાવ છે. એનું હોવાપણું પરને કારણે છે એમ નથી. આ..હા..હા...! '**એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ...**' છે. શું કહે છે ? 'છે', જે 'છે' એવો અસ્તિત્વસ્વભાવ (છે) એમાં વિભાવધર્મ નથી. 'છે' એનો વિભાવધર્મ શો ? દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ છે એમાં એનો વિભાવ હોય પણ અસ્તિત્વ – 'છે' એવો દ્રવ્યનો જે અસ્તિત્વસ્વભાવ (છે) એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણતિમાં... આ..હા...! વિભાવધર્મ હોતો નથી. અસ્તિત્વ નામ સત્તા ગુણ જે છે તેમાં વિભાવધર્મ હોતો નથી. સમજાય છે કાંઈ ?

આ આત્મામાં અસ્તિત્વગુણ છે એ દ્રવ્યનો સ્વભાવ છે અને એ અસ્તિત્વનું પરિણમન થાય – પર્યાય થાય. અસ્તિત્વસ્વભાવ, સ્વભાવવાન દ્રવ્ય અને એનું પરિણમન–પર્યાય, પણ એનું પરિણમન વિભાવરૂપે કોઈ દી' હોય નહિ. અસ્તિત્વગુણનું વિભાવરૂપે પરિણમન ન હોય. 'છે' એનું વિભાવરૂપ (પરિણમન) એટલે (શું) ? 'છે' એ 'નથી' રૂપે પરિણમે ? આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગમાર્ગ(નું) તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે. આ..હા...!

અહીં તો હજી આગળ ત્યાં સુધી કહેશે કે, જુઓ ! '**ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં...**' આત્મા–ભગવાન(નું) અસ્તિત્વ છે, આ જડ પરમાણુનું પણ અસ્તિત્વ છે, કર્મનું પણ કર્મમાં અસ્તિત્વ છે. કોઈના અસ્તિત્વને કારણે કોઈનું અસ્તિત્વ છે એમ નહિ. પોતાના અસ્તિત્વને કારણે પોતાનો દ્રવ્યસ્વભાવ છે. આહા..હા...! અને તે અસ્તિત્વગુણ જ્યારે પરિણમે છે, (એ) પરિણમે છે ત્યારે હીણાપણે પરિણમે (એમ કોઈ કહે તો) એનો અર્થ શું ? વિભાવરૂપે પરિણમે (એનો અર્થ શું ?) 'છે' એ તો 'છે'રૂપે પરિપૂર્ણપણે પોતે પરિણમે છે. આ..હા..હા...!

'**ભાવ અને ભાવવાનપણાને લીધે અનેકપણું હોવા છતાં...**' (અર્થાત્) અસ્તિત્વ અને અસ્તિત્વનું ધરનાર દ્રવ્ય – એમ અનેકપણું હોવા છતાં વસ્તુ અનેક નથી – પ્રદેશભેદ નથી. અસ્તિત્વગુણના પ્રદેશ જુદાં અને દ્રવ્યના પ્રદેશ જુદા, એમ નથી. એ અસ્તિત્વ(સ્વભાવ) અને આત્માના પ્રદેશ એક જ છે. આ..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ બધી ગાથા જ ઝીણી છે. આ..હા...!

'**પ્રદેશભેદ નહિ હોવાને કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું,...**' આત્મા વસ્તુ છે અને પરમાણુ (છે) તેનો હોવાપણાનો ગુણ '**દ્રવ્યની સાથે એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય ?**' એ તો એનો સ્વભાવ જ છે. આ..હા...! પરમાણુનો પણ અસ્તિત્વ એ સ્વભાવ છે, આત્માનો પણ અસ્તિત્વ એ સ્વભાવ છે. આ..હા..હા...! '**તે અસ્તિત્વ–જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે...**' શું કહે છે ? અસ્તિત્વ નામનો જે ગુણ છે તે પ્રત્યેક દ્રવ્યમાં સમાપ્ત થઈ જાય છે. એક-એક અસ્તિત્વગુણ દરેક દ્રવ્યમાં ત્યાં સમાપ્ત થઈ જાય છે, એમ અસ્તિત્વગુણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં (ભિન્ન-ભિન્નપણે સમાપ્ત થઈ જાય છે એમ નથી). (અર્થાત્) દ્રવ્યમાં પૂર્ણ અસ્તિત્વ રહે છે, ગુણમાં પૂર્ણ અસ્તિત્વ રહે (છે) એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ થઈને આખું અસ્તિત્વ છે. શું કહ્યું ? આ તો ઝીણી વાત છે, ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ ! જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન ! અને ભગવાન 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે ત્યાં ગયા હતા, આઠ દી' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ (શાસ્ત્ર) બનાવ્યું. એની પણ ઘણાંને શંકા છે કે, મહાવિદેહમાં ગયા એ (વાત) અવિશ્વસનીય છે. આ..હા...! શાસ્ત્રમાં પાઠ છે, 'પંચાસ્તિકાય'ની સંસ્કૃત ટીકા છે એમાં પાઠ છે. 'દેવચંદજી'નું કરેલું એક 'દર્શનસાર' (નામનું) પુસ્તક છે એમાં પાઠ છે. બાકી 'અષ્ટપાહુડ' જ્યાં છેલ્લે સમાપ્ત કરે છે ત્યાં પણ પાઠ છે કે, 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. સમજાણું કાંઈ ? ત્યાં જઈ આઠ દિન રહ્યા હતા. દિગંબર સંત ! આઠ દિન પછી અહીં આવ્યા પછી શાસ્ત્ર બનાવ્યાં. એ શાસ્ત્ર બનાવ્યાને બે હજાર વર્ષ થયાં ! પછી એક હજાર વર્ષે 'અમૃતચંદ્રાચાર્ય' થયા. 'કુંદકુંદાચાર્ય' (થયા પછી) 'અમૃતચંદ્રાચાર્ય' (થયા) એની આ ટીકા છે. આ..હા..હા...! દિગંબર સંતોની આ બધી વાત છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા...!

અસ્તિત્વ જે છે; જેમ દરેક દ્રવ્યનું હોવાપણું તેના દ્રવ્યમાં પૂરેપૂરું સમાઈ જાય છે એમ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં – એક એક(માં) – દ્રવ્યમાં પૂર્ણ અસ્તિત્વ, ગુણમાં પૂર્ણ અને પર્યાયમાં પૂર્ણ (અસ્તિત્વ છે) એમ નથી. ત્રણેમાં થઈને એક પૂર્ણ અસ્તિત્વ છે. છે એમાં, જુઓને ! '**તે અસ્તિત્વ–જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે તેમ–દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી.**' આ..હા..હા..હા...!

'**કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' (અર્થાત્) દ્રવ્યની સિદ્ધિ ગુણ-પર્યાયથી અને ગુણ-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી (થાય છે). આ..હા..હા...! શું કહે છે ? દરેક આત્મા અને દરેક પરમાણુની જે વર્તમાન પર્યાય છે એની સિદ્ધિ તેના દ્રવ્યને લઈને છે. એ પર્યાયની ઉત્પત્તિ તેના દ્રવ્યને લઈને છે. બીજા દ્રવ્યને લઈને બીજાની પર્યાયની ઉત્પત્તિ (થાય) એવું ત્રણકાળમાં છે નહિ. આ..હા...!

શ્રોતા :– એનો અર્થ કે કામ જ કરવું નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કામ કરી શકતો જ નથી, શું કરે ? ઘડાની ઉત્પત્તિમાં માટી પોતે ઉત્પત્તિકારણ છે. એની ઉત્પત્તિમાં કુંભાર કારણ છે એમ નથી.

શ્રોતા :– નિમિત્તકારણ તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત ભલે હો. હોય તેની કોણ ના પાડે છે ? પણ એનાથી ઉત્પન્ન થતું નથી. નિમિત્ત હો. અહીં એ તો સિદ્ધ કરે છે કે, દરેક દ્રવ્યમાં તેનું અસ્તિત્વ પૂરું સમાઈ જાય છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણમાં એક-એકમાં અસ્તિત્વ સમાઈ જાય છે એમ નથી. ત્રણ થઈને એક અસ્તિત્વ છે. આવી વાતું છે, ભાઈ ! આ તો ભગવાનની વાણી છે !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! દિગંબર સંત ! આચાર્ય ! ત્યાંથી આવ્યા અને આ (શાસ્ત્ર બનાવ્યું) છે, બાપુ ! એવી વાત ક્યાંય બીજે છે નહિ. આ..હા..હા...!

'**તે અસ્તિત્વ–જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં...**' દરેક દ્રવ્યમાં તેનું અસ્તિત્વ પૂરું થઈ જાય છે. '**તેમ–દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી. કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' આત્મદ્રવ્યની સિદ્ધિ તેના ગુણ-પર્યાયથી થાય છે અને ગુણ-પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે. સિદ્ધિ એટલે સાબિત થાય છે. આ..હા..હા...!

આ શરીર છે – આ રજકણો એમાં અસ્તિત્વ એનો ગુણ છે અને એ અસ્તિત્વની આ પર્યાય છે. એ ગુણ અને પર્યાયમાં એક-એકમાં એનું અસ્તિત્વ પૂરું થતું નથી. એ ત્રણે દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને તેનું અસ્તિત્વ એક છે. છે ? તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અસ્તિત્વનું (એકપણું છે). ગુણ-પર્યાયને લઈને તેના દ્રવ્યની સિદ્ધિ છે અને દ્રવ્યની સિદ્ધિને લઈને ગુણ-પર્યાયની સિદ્ધિ છે. સમજાય છે ? દરેક વસ્તુ સ્વતંત્ર છે, કોઈ કોઈના દ્રવ્યને કંઈ કરે એવું ત્રણકાળમાં નથી. આહા..હા...!

આ શરીર જે આમ ચાલે છે એ એના અસ્તિત્વગુણની પર્યાયથી આમ-આમ ચાલે છે. આત્માથી આ શરીર આમ ચાલે છે (એવું) ત્રણકાળમાં નથી. લોકોને તત્ત્વ ભિન્ન-ભિન્ન છે એની શ્રદ્ધાની ખબર નથી. ખીચડો કરે છે – એક તત્ત્વ બીજા તત્ત્વને આમ કરે છે ને બીજા તત્ત્વને આમ કરે. આ..હા...!

અહીં તો એમ કહે છે કે, '**તેમની સિદ્ધિ...**' એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયની સિદ્ધિ. દરેક વસ્તુનું દ્રવ્ય એટલે કાયમી પદાર્થ, ગુણ એટલે એની શક્તિ, પર્યાય એટલે એની અવસ્થાની '**સિદ્ધિ પરસ્પર થતી હોવાથી...**' ગુણ-પર્યાયને લઈને દ્રવ્યની સિદ્ધિ અને દ્રવ્યની સિદ્ધિને લઈને ગુણ-પર્યાયની સિદ્ધિ. એની સિદ્ધિને માટે પરની સિદ્ધિ(ની જરૂર છે), એમ નથી. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની સિદ્ધિ(માં) ગુણ-પર્યાયને લઈને દ્રવ્યની સિદ્ધિ (છે) અને દ્રવ્યને લઈને ગુણ-પર્યાયની સિદ્ધિ (છે), પણ શરીરના દ્રવ્ય-ગુણ-પર્યાયને લઈને આત્માની સિદ્ધિ (છે) અને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને લઈને શરીરની સિદ્ધિ (છે), એમ નથી.

શ્રોતા :– નાડી બંધ થઈ જાય તો જીવ ચાલ્યો જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની મેળાએ એ પર્યાય (જાય છે). એ જડની પર્યાય છે. નાડી ચાલે છે એ જડની પર્યાય છે, નાડી બંધ થાય એ જડની દશા છે.

શ્રોતા :– પણ જીવ ચાલ્યો ગયો ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જીવ જાય ક્યાં ? એ પોતાનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રાખીને અહીંથી ખસી ગયો છે. દ્રવ્ય એની પોતાની પર્યાયને સિદ્ધ કરે છે. આ (નાડી બંધ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને) લઈને અહીંથી એની પર્યાય ગઈ છે એમ નથી. શરીર છૂટ્યું માટે અહીંથી આત્મા નીકળી ગયો, એમ નથી. એ નીકળવાની પર્યાયની સિદ્ધિ તેના દ્રવ્યથી થાય છે. નીકળવાની પર્યાયની સિદ્ધિ શરીર અને આયુષ્યથી થતી નથી. આ આયુષ્ય એનું પૂર્ણ થઈ ગયું માટે આ આત્મા અહીંથી નીકળ્યો એમ નથી. આ..હા...! આત્માની અહીંથી નીકળવાની પર્યાય એના દ્રવ્યને લઈને સિદ્ધ (થાય) છે, દ્રવ્ય એનું કર્તા, કરણ છે. આ..હા...! આયુષ્યને લઈને આત્મા અંદર રહે છે, એમ નથી. ઝીણી વાત છે, ભાઈ ! (અત્યારે તો) તત્ત્વની વાત જ આખી ગુમ થઈ ગઈ. બહારની ક્રિયાકાંડમાં જોડાઈ ગયા. તત્ત્વ શું છે (તેની ખબર ન મળે અને) ખીચડો કરી નાખ્યો. આહા..હા...!

શ્રોતા :– ખીચડો બહુ મીઠો લાગે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખીચડામાં કાંકરા નાખે તો ખીચડો સારો ન લાગે. એમ એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવે તો એ ખીચડો સારો ન હોય, એ (તો) મિથ્યાત્વ છે. આહા..હા...!

(અહીં કહે છે કે) '**(દ્રવ્ય, ગુણ, અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી– એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી...**' ન હોય. દ્રવ્ય ન હોય તો ગુણ, પર્યાય પણ ન હોય. ગુણ, પર્યાય ન હોય તો દ્રવ્ય ન હોય. બીજું દ્રવ્ય ન હોય તો આ ગુણ, પર્યાય ન હોય, એમ નહિ. દરેક દ્રવ્યની પર્યાય એના દ્રવ્યથી છે. એની પર્યાય પરથી નથી. આ..હા..હા..હા...! આત્મામાં જે રાગ-દ્વેષની પર્યાય થાય એ પર્યાય અને ગુણ દ્રવ્યની સિદ્ધિ કરે છે – એ દ્રવ્ય છે એની સિદ્ધિ ગુણ, પર્યાયથી (થાય છે). રાગ, દ્વેષ છે એ પર્યાયથી દ્રવ્યની સિદ્ધિ છે. એ રાગ-દ્વેષ કર્મને લઈને થયા છે એમ છે નહિ. આ..હા...! એ રાગ અને દ્વેષની પર્યાય–ચારિત્રગુણની વિપરીત પર્યાય (થાય), એ પર્યાય અને ગુણ દ્રવ્યની સિદ્ધિ કરે છે કે, આ આત્મા છે અને એ આત્મા તે ગુણ અને પર્યાયની સિદ્ધિ કરે છે. તેને લઈને આત્મા છે. આ..હા..હા...! આત્મામાં જે વિકાર થાય એ કર્મને લઈને વિકાર થાય, એમ નથી. એને લઈને વિકારની પર્યાય નથી. વિકારની પર્યાય અને ગુણથી દ્રવ્યની સિદ્ધિ છે અને દ્રવ્યને લઈને ગુણ, પર્યાયની સિદ્ધિ છે. આ..હા..હા..હા...! આકરું કામ ! આ તો કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય (કહીને) મારી નાખ્યા જગતને !

શ્રોતા :– નાનપણથી આ શીખ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નાનપણથી શીખ્યા છીએ–વાત સાચી છે. અહીં (તો અમે) નાનપણથી આ શીખ્યા છીએ–(સંવત) ૧૯૭૧થી કે, કર્મથી વિકાર ન થાય. ૬૪ વર્ષ પહેલાં ! દરેક દ્રવ્યની વિકૃત અવસ્થાનું હોવાપણું – એની સિદ્ધિ એના દ્રવ્યને લઈને છે અને એ વિકારની પર્યાયની સિદ્ધિ એના દ્રવ્યને લઈને છે. એની સિદ્ધિથી દ્રવ્યની સિદ્ધિ અને દ્રવ્યની સિદ્ધિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયની સિદ્ધિ (છે). પણ પર્યાયમાં વિકાર છે માટે એની સિદ્ધિ કર્મને લઈને છે, એમ નથી. આકરું કામ ભારે ! સમજાય છે ? ભાષા તો સાદી છે, પણ ભાઈ ! વીતરાગના ભાવ–તત્ત્વ તો આવા (છે) ! આ..હા..હા...! હજી તો આગળ બહુ આવશે. **'તેમનું અસ્તિત્વ એક જ છે;–સુવર્ણની જેમ.'**

**'જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...'** છે ? જેઓ એટલે પીળાશ આદિ ગુણો. પીળાશ ગુણ અને કુંડળાદિ પર્યાય. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે સુવર્ણથી જુદાં જોવામાં આવતાં નથી. **'કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશઆદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને...'** આ..હા..હા...! શું કહે છે ? એ કુંડળાદિ જે પર્યાય થાય છે તેનો કર્તા એ સુવર્ણ છે. એ કુંડળાદિ પર્યાય થાય છે એનું કરણ – સાધન સુવર્ણ છે. એનો કર્તા સોની છે અને હથોડો સાધન છે, એમ નથી. આવી વાત છે. શું કહ્યું ? જુઓ !

**'જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ...'** એટલે એના ગુણ અને પર્યાય **'પૃથક જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશઆદિગુણોના...'** આ..હા..હા...! એ સોનું જે છે... આ માટી લ્યો ! એમાં જે ઘડો થાય છે એ પર્યાય છે અને એમાં અંદર જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ ગુણ છે, તો એ ગુણ અને પર્યાયના કર્તા એની માટી છે. આ..હા...! એ ઘડાની પર્યાય અને વર્ણ, ગંધ ગુણના કર્તા દ્રવ્ય છે. માટી-દ્રવ્ય કર્તા છે, કુંભાર નહિ. આહા..હા...! આ ગાથાઓ તો ઊંચી છે. **'કર્તા-કરણ-અધિકરણ...'** (એમ કહ્યું છે) જોયું ? સોનાના પીળાશ આદિ ગુણ અને કુંડળાદિ પર્યાયનો કર્તા સોનું, એનું સાધન સોનું અને એનો આધાર સોનું (છે). એ કુંડળાદિ પર્યાય થઈ ઈ હેઠે એરણ છે ને એરણ ? લોઢાની ! એને આધારે થઈ (છે), એમ નથી એમ કહે છે. એ કુંડળાદિ પર્યાયનો કર્તા, કરણ અને આધાર તેનું દ્રવ્ય–સોનું છે. સોનું (છે) તે કુંડળાદિ પર્યાયનું કર્તા, કરણ અને સાધન છે. એ કુંડળાદિની પર્યાયનું કર્તા સોની અને હથોડો આદિ છે, એમ નથી. આ..હા..હા...!

શ્રોતા :– નાનપણથી આવું શીખ્યા નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નાનપણથી ક્યાંથી (શીખ્યા હોય ?) (નાનપણથી તો) વકીલાત લેવા માટે ભણ્યા હતા. એ ભણવામાં વકીલાત કરી અને વકીલાતમાં પછી બીજાને જીતાડ્યા એવા અભિમાન કર્યા. આ તો દાખલો (છે). (બાકી બીજા પણ જે) દુકાન ઉપર બેસે ત્યારે શું (થાય છે ?) એ આત્મા છે એ તો પોતાના ગુણ, પર્યાયનો કર્તા છે. એ દુકાનમાં બેઠો ઈ પૈસો દીધો કે માલ દીધો કે માલ લીધો એનો કર્તા આત્મા છે જ નહિ. અરે..રે...! આ કેમ બેસે ? ક્યાંય તત્ત્વની ખબર ન મળે અને એને ધર્મ–સમકિત થઈ જાય !! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પીળાશઆદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને...'** કોણ ? **'પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,...'** સોનાને લઈને–સોનું છે એને લઈને પીળાશ આદિ (ગુણ) અને કુંડળની પર્યાયનો આધાર છે. સોનું છે તે પીળાશગુણ અને કુંડળાદિ (પર્યાયનો) કર્તા છે, સોનું છે તે પીળાશ આદિ ગુણ અને કુંડળપર્યાયનું સાધન છે. આ..હા..હા...! **'એવા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે,...'** આહા..હા...! એ પીળાશ આદિ ગુણ અને કુંડળાદિ પર્યાય (છે) એ સુવર્ણનું અસ્તિત્વ છે. એ તો **'સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે;...'** આહા..હા...! પીળાશપણે અને કુંડળની પર્યાયપણે થવું એ સુવર્ણનો સ્વભાવ છે. આ..હા..હા...! એ સોનીએ કુંડળની પર્યાય કરી (એમ) ત્રણકાળમાં ભગવાનના માર્ગમાં નથી. અજ્ઞાનીને (ઊંધું) માનીને મિથ્યાત્વ સેવે છે. આ..હા...! એનું દ્રવ્ય–સોનું જે છે (તે કુંડળાદિ પર્યાયપણે થયું છે). આહા..હા...!

એમ રોટલી લ્યો, રોટલી–રોટી ! લોટની જે રોટલી (થાય) એ રોટલીની પર્યાયનું કર્તા, સાધન અને આધાર લોટ–આટો છે. એ રોટલીની પર્યાયનો કર્તા સ્ત્રી છે કે એનું વેલણું (છે) એ કર્તા, કરણ છે નહિ. આકરું કામ છે !

**'તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી,...'** પેલી સુવર્ણની વાત કરી, હવે બધાં પદાર્થની (વાત કરે છે). **'દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે...'** કોણ ? દ્રવ્ય. પોતાના ગુણ-પર્યાયનો કર્તા દ્રવ્ય, ગુણ-પર્યાયનું સાધન દ્રવ્ય અને ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય. આહા..હા...! નવ તત્ત્વ છે, પ્રભુ ! છ દ્રવ્ય છે એ ભિન્ન-ભિન્ન છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યથી થાય એવું અસ્તિત્વ છે નહિ. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' ઝીણી વાત બહુ સિદ્ધ કરી છે !

**'કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના...'** (અર્થાત્) તે દ્રવ્યના ગુણો. એટલે કે જેમ આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ ગુણ અને એની વર્તમાન મતિ-શ્રુત આદિ (જ્ઞાનની) પર્યાય, એ ગુણ અને પર્યાયનો કર્તા તે આત્મા છે, એ ગુણ અને પર્યાયનું સાધન પણ આત્મા છે, એ ગુણ અને પર્યાયનો આધાર પણ આત્મા છે. આ..હા..હા...! છે કે નહિ અંદર ? જુઓને !

**'કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને...'** (કોણ ?) દ્રવ્ય. દરેક દ્રવ્ય પોતાના ત્રિકાળ રહેનારા ગુણો અને વર્તમાન થતી અવસ્થા–પર્યાય – એ પર્યાય અને ગુણનો કર્તા, કરણ અને આધાર તે દ્રવ્ય છે. આ..હા..હા...! આ આંગળી છે એ આમ થાય એ એની પર્યાય છે અને એમાં વર્ણ, ગંધ, રસ ગુણો છે. એ વર્ણ, ગંધ, રસ ગુણ અને આ પર્યાયનો આધાર એના પરમાણુ છે. આ પર્યાય આમ-આમ ચાલે છે એનો કર્તા એ પરમાણુ છે, આત્મા એનો કર્તા નહિ. એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત 'કુંદકુંદાચાર્ય'ની (ગાથાની) ટીકા કરે છે. ભગવાન પાસેથી (સાંભળીને આવ્યા પછી) શાસ્ત્ર બનાવ્યા. શાસ્ત્રમાં આમ કહે છે, પ્રભુ તો આમ કહે છે, ભાઈ ! આહા..હા...! દાખલા ઘણાં મળે ત્યારે (સમજવાનું) થાય.

**'એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે,...'** લો, છે ? એ ગુણ અને એની અવસ્થા વડે દ્રવ્યનું હોવાપણું છે. તેનો **'તે સ્વભાવ છે.'** આ..હા...! આ લાકડી છે એ આમ-આમ થાય છે. અહીં પડી છે (પછી) આમ (સીધી) થઈ એ અવસ્થા બદલી. એ અવસ્થાનો કર્તા તે પરમાણુ છે. એ અવસ્થાનો કર્તા આંગળી નહિ, આત્મા નહિ, આત્માની ઇચ્છા નહિ.

દરેક દ્રવ્ય–વસ્તુના ગુણ અને પર્યાયનો કર્તા તેનું એ દ્રવ્ય છે. એ દ્રવ્ય તેનું કરણ નામ સાધન છે અને દ્રવ્ય તેનો આધાર છે, પણ એ પર્યાયનો કર્તા બીજું દ્રવ્ય છે એમ માનવું તે મિથ્યાત્વ, ભ્રમ, અજ્ઞાન છે. આ..હા..હા...! કૌંસમાં લીધું છે **'(દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતાં પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ...'** કરે છે. એ કુંડળની પર્યાય, કડાંની પર્યાયને સુવર્ણ ધારણ કરે છે. આ..હા..હા...! એ પર્યાયનો કર્તા સુવર્ણ છે. આ..હા..હા...!

અક્ષર પડે છે આમ અક્ષર, એ અક્ષર છે એ પરમાણુની પર્યાય છે. એ અક્ષરના પરમાણુ જે છે તેનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે અને અક્ષર છે એ એની પર્યાય છે. તે ગુણ અને પર્યાયના કર્તા એના પરમાણુ છે. લખનારો કહે કે, હું આ અક્ષર લખું છું અને કર્તા છું (તો એ) મિથ્યાત્વભાવ છે. આ..હા..હા...! છે ?

**'કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ–સિદ્ધિ–થાય છે, સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય; તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા...'** વસ્તુથી જુદા ગુણ અને પર્યાય જોવામાં આવતા નથી. આહા..હા...! **'તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે...'** તેના કાયમ રહેનારા ગુણ અને વર્તમાન પર્યાયનો આધાર અને કર્તા તો તે દ્રવ્ય છે. આ..હા..હા...! અહીંયાં તો કહે છે કે, પરની દયા હું પાળી શકું છું એ વાત મિથ્યાત્વ છે. આ..હા..હા...! કેમકે પરની પર્યાય છે અને પરનો ગુણ છે એ તો એના દ્રવ્યને કારણે છે. એ બચ્યો છે એ પર્યાય એના દ્રવ્યને કારણે છે. આ કહે કે, 'મેં એને બચાવ્યો' એવી પરની પર્યાય મેં કરી એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિની છે. આ..હા...! આવું છે.

પાંચ-પચાસ હજાર રૂપિયા–નોટું દાનમાં દીધા. તો કહે છે કે, એ નોટના જે પરમાણુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એને લઈને ત્યાં પર્યાય આમ ગઈ છે. એ પર્યાયનો આધાર–જવાનો આધાર એના પરમાણુ છે, પણ બીજો માણસ એમ કહે કે, મેં આ પૈસા આપ્યા–એ તદ્દન ભ્રમ અને અજ્ઞાન છે. કહો, આવું છે !

**'દ્રવ્ય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય.'** જો તે વસ્તુ ન હોય તો તેના ગુણ-પર્યાય ન હોય. **'આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.'** આ..હા..હા...!

**'અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશઆદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી જે પૃથક જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને...'** આ..હા..હા...!

પ્રશ્ન :– ગુણ-પર્યાયથી સુવર્ણ ?

સમાધાન :– ગુણ-પર્યાયથી સુવર્ણ છે. ગુણ-પર્યાય ખરેખર સુવર્ણનો કર્તા છે. ઝીણી વાત છે. દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયનો કર્તા, કરણ અને સાધન તેમ ગુણ-પર્યાય દ્રવ્યના કર્તા, કરણ અને અધિકરણ છે. અરે..રે...! આવી વાત ક્યાં (સાંભળવા મળે ?) આ તો ભેદજ્ઞાનની વાત છે, પ્રભુ ! પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયથી પરિણમે છે. એ પર્યાયનો આધાર તેનું દ્રવ્ય છે. એ પર્યાય બીજો દ્રવ્ય કરે (એમ) ત્રણકાળમાં બનતું નથી. આ..હા..હા...! આવી વાત. શું કહે છે ?

**'દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશઆદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને...'** એ પીળાશ આદિ ગુણ અને કુંડળ આદિ પર્યાય સુવર્ણના સ્વરૂપને ધારણ કરી રાખે છે. આ..હા..હા...! છે ? **'સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** (જેની એટલે) દ્રવ્યની. એના ગુણ અને પર્યાય કર્તા (છે) એનાથી તે દ્રવ્ય સિદ્ધ થાય છે. આ..હા..હા...! છે ? નીચે (ફૂટનોટમાં છે). 'પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયોથી. (સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં–સિદ્ધ થવામાં–નીપજવામાં મૂળ સાધન પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો જ છે).' આહા..હા...!

સુવર્ણ લ્યો, રોટી લ્યો, પાણી લ્યો પાણી, આ..હા...! જળ ! આમ જે (મોઢામાં) નખાય છે તે જડની અવસ્થા અને જડના પરમાણુના ગુણોથી પરમાણુનું અસ્તિત્વ છે. આ..હા...! અથવા એ પાણીનું અસ્તિત્વ, એના ગુણો અને એની જે પર્યાય થાય છે એનો આધાર એ દ્રવ્ય છે. આ..હા..હા...! બીજો કહે કે, મેં પાણી પીધું ને લીધું, એ પાણીનું કાર્ય મેં કર્યું (એ મિથ્યા માન્યતા છે).

શ્રોતા :– પાણીના પરબ બંધાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પરબ કોણ બાંધે ? દરેક દ્રવ્યની પર્યાય અને ગુણ તે દ્રવ્યને કારણે છે. આ..હા..હા...! એવું છે, બાપુ ! વીતરાગધર્મ એવો ઝીણો છે. નિશ્ચય અને સત્ય જ આ છે. બીજો વ્યવહાર છે એમ કહેવું એ તો કથન માત્ર છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આ..હા...!

ઘડો કુંભારે કર્યો એ તો કથન માત્રની ભાષા છે. બાકી ઘડાની પર્યાય અને પરમાણુના ગુણોનો આધાર એ માટીના પરમાણુ છે. એ માટીના પરમાણુથી ઘડાની પર્યાય થઈ છે, કુંભારથી નહિ. આહા..હા...! જગતને આવું કઠણ પડે (પણ) શું થાય ? પરમાત્મા જિનેશ્વરદેવ આ વાત કરે છે !! આ..હા..હા...!

**'તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...'** આ..હા..હા...! શું કહે છે ? વસ્તુ છે તેના ગુણ અને પર્યાયના કર્તા, કરણ–સાધન અને આધાર દ્રવ્ય (છે). હવે, અહીં ગુલાંટ ખાય છે કે, ગુણ અને પર્યાય તે દ્રવ્યની કર્તા, ગુણ અને પર્યાય દ્રવ્યનું કરણ–સાધન અને ગુણ અને પર્યાય દ્રવ્યનો આધાર. આવી વાતું છે, ભાઈ ! આ તો વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેણે જ્ઞાનમાં જોયું, જેવું સ્વરૂપ છે તેવું વર્ણવ્યું. આ..હા...! અહીં તો (હજી એમ માને કે) હું આનું કરી દઉં, આને સુખી કરી દઉં, બીજાને દુઃખી કરી દઉં,

શ્રોતા :– એકબીજાએ એકબીજાને મદદ કરવી જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મદદ કોણ કરે ? મદદની પર્યાય કોને કહેવી ? આહા..હા...! આકરી વાતું છે, ભાઈ !

અહીંયાં તો ગુણ-પર્યાયનો કર્તા આત્મા કે દ્રવ્ય (છે એમ પહેલાં કહ્યું) પણ હવે, દ્રવ્યનો કર્તા, કરણ અને આધાર એના ગુણ અને પર્યાય (છે એમ કહે છે). અરસપરસ લીધું છે. આ..હા..હા...! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું પણ ન હોય. જૈનમાં જન્મ્યા પણ જૈન પરમેશ્વરનું શું કહેવું છે ? (એની ખબર નથી). બીજાને મદદ કરો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી આપો. અહીં કહે છે, કોણ આપે ? સાંભળ તો ખરો ! જે પરમાણુની અવસ્થા જે ક્ષણે થાય તે અવસ્થા અને ગુણ તે દ્રવ્યના છે, એ દ્રવ્ય એનો કર્તા છે અને દ્રવ્યનો કર્તા પણ આ ગુણ અને પર્યાય છે. ગુણ અને પર્યાય તે દ્રવ્યનો કર્તા, દ્રવ્યનું કરણ અને દ્રવ્યનો આધાર (છે). એ પર્યાય દ્રવ્યનો આધાર ! આ..હા..હા...! આવું છે. નવરાશ ન મળે, વાણિયાને તો ધંધા આડે નવરાશ ન મળે. આખો 'દી પાપનો ધંધો ! બાયડી-છોકરાને સાચવવા ને વ્યાજ ઊપજાવ્યા ને પૈસા (કમાયા). એમાં ધર્મ તો નથી પણ પુણ્યના પણ ઠેકાણા નથી. આહા..હા...!

અહીંયાં તો તત્ત્વની વાત (છે). એક પરમાણુના ગુણ અને પર્યાયનો આધાર તે પરમાણુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે). આ (લાકડી) જે છે એ આ ચોપડીના આધારે રહ્યું છે એમ નથી. એમ કહે છે. એની પર્યાય અને ગુણનો આધાર તેનું દ્રવ્ય છે અને તે ગુણ-પર્યાયના આધારે તે દ્રવ્ય છે. શું કહ્યું ? આ લાકડી આમ (પુસ્તકના આધારે) રહી છે ? (તો કહે છે), ના. એ પોતાની પર્યાય અને ગુણને આધારે (તે) દ્રવ્ય છે અને તે ગુણ અને પર્યાય કર્તા અને એ દ્રવ્ય તેનું કાર્ય છે. વસ્તુ એવી છે, બાપા ! આ..હા..હા...!

આ શીશપેન છે, જુઓ ! આમ ઊંચી થાય છે. કહે છે કે, એ તો એની પર્યાય છે અને એના વર્ણ, ગંધ, રસ ગુણ છે. એ ગુણ અને પર્યાયનો કર્તા એ પરમાણુ છે અને એ ગુણ-પર્યાય કર્તા (છે) અને દ્રવ્ય તેનું કાર્ય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

પહેલાં એમ કહ્યું હતું કે, સોનાના ગુણ અને પર્યાયના કર્તા, કરણ તે દ્રવ્ય છે. કર્તા, સાધન અને આધાર (તે દ્રવ્ય છે). પછી એમ કહ્યું કે, પીળાશગુણ અને કુંડળની પર્યાય તે દ્રવ્યના કર્તા, કરણ અને આધાર છે. એમ દરેક આત્મા અને પરમાણુઓ (છે) તેના ગુણ અને પર્યાય કર્તા (છે) અને દ્રવ્યથી તેની સિદ્ધિ થાય છે અને એ દ્રવ્યની સિદ્ધિ તેના ગુણ-પર્યાયથી થાય છે. ગુણ-પર્યાયની સિદ્ધિથી તેના દ્રવ્યની સિદ્ધિ થાય છે. આવી વાત છે. 'જ્ઞેય અધિકાર' છે, આ સમ્યગ્દર્શનનો અધિકાર છે. પહેલો 'જ્ઞાન અધિકાર' ૯૨ ગાથામાં પૂરો થયો (અને) ૯૩થી ૨૦૦ (ગાથા) સુધી 'જ્ઞેય અધિકાર' (છે).

ભગવાને કેવળજ્ઞાનમાં જ્ઞેય જોયા. જેટલાં અનંત જ્ઞેયો છે -- જ્ઞાનમાં જણાય એવી વસ્તુ (છે) એ દરેક વસ્તુની શક્તિ એટલે ગુણ અને વર્તમાન અવસ્થા તે-તે દ્રવ્યને સિદ્ધ કરે છે એટલે કર્તા, કરણ ગુણ-પર્યાય છે. દ્રવ્યના ગુણ-પર્યાય કર્તા, કરણ અને આધાર (છે) અને એના ગુણ-પર્યાયનો કર્તા, (કરણ) અને આધાર એ દ્રવ્ય છે. (એમ) અરસપરસ છે. આ..હા..હા...! છે કે નહિ એમાં ? આવો માર્ગ છે, ભાઈ !

ભગવાને અનંત દ્રવ્ય જોયા. અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય (અને) એક આકાશ. એ દરેક દ્રવ્યની જે વર્તમાન પર્યાય થાય તે પર્યાયનો આધાર તેનું દ્રવ્ય છે. એ પર્યાય પરદ્રવ્યથી થાય એ (વાત) ત્રણકાળમાં નથી. આ..હા..હા...! તેમ તે પર્યાય દ્રવ્યનો કર્તા, કરણ અને આધાર છે. દ્રવ્ય તો ગુણ-પર્યાયનો કર્તા, કરણ (અને) આધાર છે પણ ગુણ-પર્યાય તે દ્રવ્યના કર્તા, કરણ–સાધન છે, એનાથી દ્રવ્ય છે. આહા..હા...! અજાણ્યા માણસને તો એવું લાગે કે, વીતરાગનો માર્ગ આવો હશે !?

શ્રોતા :– આપ શું કહો છો ઈ જ પકડાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! પરમેશ્વર ત્રણલોકના નાથ જિનેશ્વર મહાવિદેહમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બિરાજે છે. 'સીમંધર' પ્રભુ ! એની આ વાણી છે ! આ..હા..હા...!

કહે છે... આ..હા..હા...! આ હોઠ હલે છે ને ? એ પર્યાય છે. એ પર્યાય આ પરમાણુની છે અને એ પરમાણુમાં રંગ, ગંધ, રસ એના ગુણ છે. તે ગુણ અને પર્યાયથી તે દ્રવ્ય સિદ્ધ થાય છે. એટલે કે ગુણ અને પર્યાય દ્રવ્યના કર્તા, કરણ અને આધાર (છે) અને એ પરમાણુના ગુણ અને આ પર્યાય હલે છે એનો કર્તા, (કરણ), આધાર દ્રવ્ય (છે). ગાંડા જેવી વાતું લાગે ! આખો 'દી આમ કરીએ છીએ, આખો 'દી અમે કરી શકીએ છીએ, આ બધું કરીએ છીએ. ભાઈ ! તને ખબર નથી. તત્ત્વની વસ્તુની કેવી સ્થિતિ – મર્યાદા છે એની તને ખબર નથી અને તારી વિપરીત માન્યતા (છે) એ તો મિથ્યાત્વ છે. આહા..હા...!

અજ્ઞાની જ્યારે સામાયિક કરવા બેસે ત્યારે 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં...' બોલે. તો કહે છે કે, 'ણમો અરિહંતાણં'ની જે ભાષા થઈ એ પર્યાય છે અને એ પરમાણુમાં ગુણો છે – એ ગુણ અને પર્યાયનો કર્તા પરમાણુ છે, આત્મા નહિ. 'ણમો અરિહંતાણં' ભાષાનો કર્તા આત્મા નહિ. સમજાય છે ? તેમ અંદર 'ણમો અરિહંતાણં' (બોલવાનો) વિકલ્પ ઊઠ્યો એ વિકલ્પનો કર્તા અને સાધન તે જીવદ્રવ્ય છે. એ વિકલ્પનો કર્તા કોઈ કર્મ છે અને બોલવાનું થયું માટે તે વિકલ્પ થયો છે, એમ નથી. આહા..હા...! ભગવાનની ગાંડા જેવી વાતું છે ! (એમ અજ્ઞાનીને લાગે). દુનિયા ગાંડી–પાગલ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે (એમ માનવાવાળો) મોટો પાગલ છે. આહા..હા...!

બીજા દુઃખી છે એને મદદ તો કરી શકે કે નહિ ? નહિ ? ત્યારે શું દુઃખી દેખીને બેસી રહેવું ? ભાઈ ! તને ખબર નથી. સામો જીવ દુઃખી હોય એ તો એના રાગ અને અજ્ઞાનને લઈને દુઃખી છે. એને પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખી છે, એમ નથી. પ્રતિકૂળ સંયોગની પર્યાય અને એના ગુણનો આધાર એના પરમાણુ છે અને એને જે દુઃખ થાય છે એ દુઃખની પર્યાય અને ગુણનો આધાર એનો આત્મા છે. આ..હા..હા...! અરે..રે...! આ કેમ બેસે ? એ જ કહે છે.

'**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' જોયું ? આત્મામાં કે પરમાણુમાં એ જે ગુણ છે અને આત્માની પર્યાય કે પરમાણુની (જે પર્યાય છે) એ ગુણ-પર્યાયનો આધાર – એને લઈને દ્રવ્ય છે – એના આધારે દ્રવ્ય છે. એ દ્રવ્યનો એ ગુણ-પર્યાય કર્તા છે, દ્રવ્યનું એ સાધન છે અને દ્રવ્યનો તે આધાર છે. પર્યાય તે દ્રવ્યનો આધાર છે ! પર્યાય દ્રવ્યને આધારે થાય છે અને પર્યાયનો આધાર દ્રવ્ય છે. આ..હા..હા..હા...! પર્યાયને આધારે દ્રવ્ય છે અને દ્રવ્યને આધારે પર્યાય છે. આ..હા..હા...!

ભગવાને જે અનંત દ્રવ્ય જોયા, એમાં દરેક દ્રવ્યના ગુણ અને પર્યાયનું કારણ એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય છે અને એના ગુણ ને પર્યાય દ્રવ્યના કારણ છે (એટલે કે) દ્રવ્યને સિદ્ધ કરવાના કારણ છે. આ તો સમજાય (એવું) છે, ભાઈ ! આહા..હા...! આ તો વીતરાગની કૉલેજ છે ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની કૉલેજમાં તો પહેલાં કેટલી ભાષા કાંઈક સમજેલી હોય તો આ સમજાય, નહિતર તો આ સમજાય (નહિ). આહા..હા...!

ભગવાનની પૂજા વખતે સ્વા..હા... સ્વા..હા... ભાષા થાય છે. કહે છે કે, એ ભાષાની પર્યાય એના પરમાણુથી થઈ છે, આત્માથી નહિ. આ..હા..હા...! આમ જે સ્વા..હા.. (કરવાની) હાથની પર્યાય થઈ છે એનો આધાર એના પરમાણુ છે, આત્મા નહિ. આ વાત કેવી રીતે બેસે ? આ તો વીતરાગ કેવળી પરમાત્માનું મૂળ તત્ત્વ છે અને મૂળ તત્ત્વની જ્યાં ખબર ન મળે એને સમકિત નથી, એને ધર્મ કેવા ? આહા..હા...!

**'એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** આહા..હા...! શું કીધું ? **'ગુણો અને પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** (કોની ?) દ્રવ્યની. **'એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...'** આ..હા..હા...! જે પરમાણુ છે અને આત્મા દ્રવ્ય છે એના ગુણ-પર્યાય (છે) એ એનું મૂળ સાધન છે, એને પર સાધન નથી. આ..હા..હા...! આ પાનું ફરે છે. આ પાનું પરમાણુઓ છે – પુદ્‌ગલ સ્કંધ છે, એ સ્કંધની આ પર્યાય છે. એ પર્યાયની કર્તા એ સ્કંધ છે. આ આંગળીને લઈને આ ઊંચું થયું છે, એમ નથી. નહિતર પૃથક્ અનંત દ્રવ્ય રહી શકતા નથી. આ..હા..હા...! આવી વાતું છે. અહીં તો જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... મેં લખ્યું ને મેં કાગળ બનાવ્યા ને મેં આ કર્યું... (એ બધાં) મિથ્યા અભિમાન છે. આ..હા..હા...!

**'એવા દ્રવ્યનું, મૂળ સાધનપણે...'** (એવી) ભાષા લીધી, જોઈ ? આ..હા...! સોનામાં પીળાશ(ગુણ) અને પર્યાય મૂળ સાધન લીધું હતું ને ? એમ આના ગુણ અને પર્યાય મૂળ સાધન છે. આ..હા..હા...! દ્રવ્ય તો પર્યાયના કર્તા, કરણ–સાધન છે પણ પર્યાય અને ગુણ તેનું સાધન (છે) (અર્થાત્) દ્રવ્યને સિદ્ધ કરવાનું એ સાધન છે. આ..હા..હા...! એ પર્યાય થઈ, એ બીજું એક દ્રવ્ય હતું માટે એ (બીજું દ્રવ્ય) પર્યાય સિદ્ધ કરે છે, એમ નથી. બીજા દ્રવ્યની પર્યાય તે દ્રવ્યને કારણે થઈ અને આ દ્રવ્યની પર્યાય આ દ્રવ્યને કારણે થઈ અને એ મૂળ સાધન (એવા) ગુણ અને પર્યાયથી દ્રવ્ય સિદ્ધ થાય છે. બીજાના ગુણ-પર્યાયથી તેનું દ્રવ્ય સિદ્ધ થાય છે અને આના ગુણ-પર્યાયથી આત્માનું (દ્રવ્ય) સિદ્ધ થાય છે. આ..હા..હા...!

**'મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (પીળાશાદિકથી અને કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ તે પીળાશાદિક અને કુંડળાદિકનું જ અસ્તિત્વ છે, કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી...**' સોનાને પીળાશ (ગુણ) અને કુંડળાદિ પર્યાય ધારણ કરે છે, કહે છે. આ..હા..હા...! છે ? '**પીળાશાદિકના અને કુંડળાદિકના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે, પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય; તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા...**' દ્રવ્ય... દ્રવ્ય. તે-તે દ્રવ્ય એટલે વસ્તુ તેની ગુણ એટલે શક્તિ–ત્રિકાળી ભાવ અને તેની વર્તમાન થતી અવસ્થા. (એવા) '**ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે.**' આ..હા..હા...! દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણ અને પર્યાયનું જ અસ્તિત્વ છે, કહે છે. આહા..હા...! અને ગુણ-પર્યાયનું અસ્તિત્વ તે દ્રવ્યને લઈને છે. અરસપરસ છે. આહા..હા...!

બીજા દ્રવ્યને લઈને બીજા દ્રવ્યમાં કાંઈ થાય એવું વીતરાગમાર્ગમાં છે નહિ. બીજાનું દ્રવ્ય બીજાને કાંઈ કરે તો જગતનો ઈશ્વરકર્તા માનનારા છે એવું જૈનમાં રહેલાં, એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની (પર્યાયને) કરે એ જૈનમાં રહેલાં બધાં મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! ઈશ્વરકર્તા માનનારા જેમ મિથ્યાદૃષ્ટિ છે એમ જૈનના વાડામાં રહેલાં એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ જૈન નથી. આહા..હા...! આવું આકરું કામ છે, બાપા ! ઝીણી વાત છે.

'**કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી...**' આ..હા...હા..હા...! પહેલાં એમ કહેતા હતા કે, ગુણ અને પર્યાયને દ્રવ્ય ધારણ કરે છે. હવે કહે છે કે, ગુણો અને પર્યાય દ્રવ્યને ધારણ કરે છે. સમજાણું કાંઈ ? (એ રીતે) '**દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.**'

ભાષા થાય, હોઠ હલે, શરીર હલે, કલમ હલે એ બધી પર્યાયો તેના પરમાણુની પર્યાય છે. એ આત્મા એ પર્યાય કરે છે એમ ત્રણકાળમાં નથી. આત્મા બોલે છે તે બોલવાની પર્યાયનો કર્તા આત્મા (છે)–એ ત્રિકાળ જૂઠ છે. આવી વાતું છે. ગુણો અને પર્યાયો દ્રવ્યના આધાર છે અને દ્રવ્ય ગુણ અને પર્યાયનો આધાર છે. અરસપરસ (છે). દ્રવ્ય છે તેનો કર્તા, કરણ–સાધન ગુણ-પર્યાય (છે) અને એ ગુણ-પર્યાયના કર્તા, કરણ, અધિકરણ દ્રવ્ય (છે). આ..હા..હા...! શું ભગવાનની શૈલી !! વીતરાગ સિવાય આ ક્યાંય છે નહિ. જિનેશ્વરદેવ તે પણ દિગંબર ધર્મમાં આ વાત આવી છે, બીજે ક્યાંય છે નહિ. (બીજે) બધે બધાએ ગડબડ-ગડબડ ચલાવ્યું છે. દિગંબરના નામ ધરાવનાર પણ ગડબડ ચલાવે છે.

'**આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.**'

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૬, ૯૭**
**પ્રવચન નં. – ૯૬**
**તા. ૬-૬-૭૯**

'પ્રવચનસાર' ૯૬–ગાથા. કૌંસમાં આવ્યું છે ને ? ૧૭૭ પાને છે. કૌંસમાં છે. '**(જેવી રીતે દ્રવ્યનું અને ગુણ-પર્યાયનું એક જ અસ્તિત્વ છે...)**' દરેક પદાર્થ–દ્રવ્ય જે છે એનું (અને) ગુણ-પર્યાયનું અસ્તિત્વ એક જ છે. ગુણ-પર્યાયનું અસ્તિત્વ જુદું અને દ્રવ્યનું અસ્તિત્વ જુદું, એમ નથી. આહા..હા...! '**(એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવ્યું,...)**' કાલે આવ્યું હતું. '**(તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે...)**' એ તો ગુણ-પર્યાયમાં ભેદ પાડ્યા. ગુણ-પર્યાય અને ઉત્પાદ્-વ્યય ને ધ્રુવ. પર્યાયમાં ઉત્પાદ્-વ્યય આવ્યા, ધ્રુવમાં ગુણ આવ્યા. '**(ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે).**'

'**જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જેઓ...**' (જેઓ એટલે) 'જે કુંડળ આદિ ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો.' '**જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી,...**' સોનાથી તેના ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ જુદાં જોવામાં આવતા નથી. છે ? '**પૃથક્ જોવામાં આવતાં નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે...**' આ..હા...! એ સોનાની જે કુંડળ અવસ્થા થાય અને ગુણ રહે એનો કર્તા દ્રવ્ય છે. સોનામાંથી ઉત્પાદ્-વ્યય પર્યાય થાય. ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય કહ્યું છે (એટલે) અહીં ઉત્પાદ્-વ્યયની વાત છે. પહેલાં ગુણ-પર્યાયનું લીધું. સોનામાંથી જે દાગીનાની પર્યાય થાય, તેનો ઉત્પાદક સુવર્ણ–સોનું છે, સોની નહિ. આહા..હા...!

પ્રશ્ન :– હથોડા અને એરણ વિના કેમ થાય ?

સમાધાન :– હથોડા અને એરણ એના (પોતાના) કામ નથી કરતાં ? હથોડાની પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એનો કર્તા એનું દ્રવ્ય છે. હથોડો જે આમ-આમ થાય છે એ પર્યાયનો કર્તા એનું દ્રવ્ય છે. આહા..હા...!

**'કુંડળાદિ-ઉત્પાદોના, બાજુબંધઆદિવ્યયોના અને પીળાશઆદિધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ...'** સોનાની હયાતીથી જ તે ગુણ અને પર્યાય છે. આહા..હા...! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ. એ સોનાની જે કુંડળની અવસ્થા થાય, પહેલી બાજુબંધ પર્યાય હોય એનો વ્યય થાય અને પીળાશ ધ્રુવપણે રહે એના કર્તા, કરણ–સાધન સોનું છે. **'એવાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિ વ્યયો...'** (એટલે) અવસ્થા – પૂર્વની અવસ્થાનો વ્યય **'અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે;...'** એ સુવર્ણનું ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યપણે રહેવું એનો કર્તા, કરણ એ સુવર્ણ છે. એ સુવર્ણનો સ્વભાવ છે. ઝીણી વાત બહુ, બાપુ ! આહા..હા...! 'જ્ઞેય અધિકાર' છે ને ! આ સમકિતનો ખરો અધિકાર છે. આ..હા..હા...!

**'તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા...'** છે ? દ્રવ્ય પોતે જ તેના પર્યાયની ઉત્પત્તિનું કર્તા, કરણ અને અધિકરણ છે. આહા..હા...! (એ રીતે પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે) **'જેમની નિષ્પત્તિ થાય છે,–એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી...)'** એ સોનું જ ત્રણને ધારણ કરે છે. આ..હા...! **'(દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે).'** ભાષા તો સાદી છે પણ (ભાવ તો ઊંડા છે). આ..હા...!

**'અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી, બાજુબંધઆદિવ્યયોથી અને પીળાશઆદિધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...'** (જેની એટલે) દ્રવ્યની. **'એવા સુવર્ણનું, મૂળસાધનપણે...'** આ..હા..હા...! **'તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી...'** આ..હા..હા...! **'કર્તા-કરણ-અધિકરણરૂપે...'** આ..હા..હા...! એ દ્રવ્ય જે છે તેનો ઉત્પાદ્પર્યાય (છે તે તેનો કર્તા છે), વ્યયપર્યાય તેનો કર્તા છે. દ્રવ્યનો (કર્તા) ! પહેલાં દ્રવ્ય એનો કર્તા (છે) એમ લીધું હતું. ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનું દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તા (છે). (અહીંયાં કહે છે) આ ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યના કર્તા છે. આહા..હા...!

જો ઉત્પાદ્ની પર્યાય બહાર ન હોય તો તો દ્રવ્યનું કર્તાપણું રહેતું નથી. વાત સમજાય છે આમાં ? દ્રવ્યની એક-એક પર્યાય અનાદિ-અનંત છે. એમાં વર્તમાન પર્યાય પ્રગટ ન હોય તો પર્યાયમાં દ્રવ્યનું જે કર્તા, કરણપણું છે તે રહેતું નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! એવી રીતે વાત સિદ્ધ કરી છે. ભૂત અને ભવિષ્યની પર્યાયો તો દ્રવ્યમાં શક્તિરૂપે રહી, પણ વર્તમાન પર્યાય છે એ જો દ્રવ્યમાં ભળી જાય તો પર્યાય દ્રવ્યનો કર્તા છે એ પણ રહેતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

જે એની પર્યાય થાય છે... (દા.ત.) સોનાની કુંડળ (પર્યાય) થઈ એ પર્યાય જો પ્રગટ ન હોય તો સોનાનું કર્તાપણું તે પર્યાય છે. તે પર્યાય કર્તા ન રહે તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા..હા...! છે ? '**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' પહેલાં સોનાની વાત હતી. હવે અહીંયાં દરેક પદાર્થની વાત છે. '**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' વસ્તુ છે તેના ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય–એ ત્રણ દ્રવ્યના કર્તા છે. આ..હા...! દ્રવ્યની સિદ્ધિ એ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યથી થાય છે. આહા..હા...! ઘણો સિદ્ધાંત ! જો પ્રગટ પર્યાય ન હોય અને વર્તમાન પર્યાય પણ અંદર (ભળી) જાય તો દ્રવ્યને (સિદ્ધ કરનારી) ઉત્પાદ્પર્યાય (પોતે) કર્તા-કરણ-સાધન(પણે) રહેતી નથી, તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! આખું દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. કેમકે ઉત્પાદ્ છે એ કર્તા (છે). પ્રગટ પર્યાય જે છે એ દ્રવ્યની કર્તા છે, પ્રગટ પર્યાય છે એ દ્રવ્યનું કરણ–સાધન છે, પ્રગટ પર્યાય છે એ દ્રવ્યનું અધિકરણ છે–આધાર છે. ત્રણ કરણ લીધા છે. આહા..હા...! ભાષા જરી (કઠણ) છે પણ સમજાય એવું છે.

શ્રોતા :– મૂળ સાધન કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ મૂળ સાધન છે. ત્યાં શબ્દ એમ વાપર્યો છે. પહેલાં બીજી રીતે વાત કરી હતી (કે) દ્રવ્ય તેનું કારણ (છે). આ તો (કહે છે કે) ઉત્પાદ્-વ્યય-ધ્રુવ દ્રવ્યનું મૂળસાધન છે, એમ શબ્દ વાપર્યો છે, ભાઈ ! દ્રવ્ય ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનું સાધન છે ત્યાં સુધી સાધારણ વાત લીધી. આ..હા..હા...! ધીમેથી, ધીરેથી સમજવું, પ્રભુ ! આ તો (વીતરાગનો) માર્ગ (છે).

વસ્તુ જે છે એ ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યની કર્તા, કરણ અને અધિકરણ (છે) એ સાધારણ વાત કરી. પણ અહીંયાં જે દ્રવ્ય છે એમાં જો ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યના કર્તા છે એ દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા..હા...! આ વેદાંતવાળા પર્યાય માનતા નથી. (એમ કહે છે કે), પર્યાય નહિ, (માત્ર) દ્રવ્ય. પણ પર્યાય ન હોય, ભાઈ ! એક પ્રગટરૂપ પર્યાય ન હોય તો એ પર્યાય દ્રવ્યની કર્તા છે (એ સિદ્ધ ન થાય).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– દ્રવ્યને સિદ્ધ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે. દ્રવ્ય દ્રવ્યને સિદ્ધ ન કરે, પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે. આહા..હા...! આકરી વાત છે. એ તો પેલામાં આવ્યું છે. અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. ભાઈ ! 'ચિદ્‌વિલાસ'માં ! આહા..હા...! એમ અનંતા દ્રવ્યો જે છે એની વર્તમાન પર્યાય પ્રગટ ન હોય અને એ પર્યાય વિનાનું દ્રવ્ય હોય કાં વર્તમાન પર્યાય અંદરમાં ગઈ હોય તો તે પર્યાય દ્રવ્યના કર્તા, કરણ–સાધન અને અધિકરણ (છે અને એ જ ન હોય) તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? વેદાંત પ્રગટ પર્યાયને માનતા જ નથી. એકલું ધ્રુવ (માને). આ..હા...! પણ એ ધ્રુવ છે એને સિદ્ધ કરનાર કોણ ? ધ્રુવ ધ્રુવને સિદ્ધ કરે ? એની જે પર્યાય છે–ઉત્પાદ્-વ્યયની જે પર્યાય છે તે તેને સિદ્ધ કરે છે. 'આ દ્રવ્ય છે' એને ઉત્પાદ્-વ્યય સિદ્ધ કરે છે. પ્રગટ પર્યાય જે છે તે દ્રવ્યને સિદ્ધ–સાબિત કરે છે.

બીજી રીતે લઈએ તો, આ તો અસ્તિત્વગુણની વ્યાખ્યા લીધી છે પણ આખો પૂર્ણાનંદ પ્રભુ જે છે, જે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન આદિ અખંડ એક દ્રવ્યસ્વરૂપ છે એની પર્યાયથી તેની સિદ્ધિ થાય છે. એટલે (કે) પર્યાયથી તેનો નિર્ણય થાય છે.

શ્રોતા :– દીકરાથી બાપની સિદ્ધિ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દીકરો, બાપ કાંઈ ન મળે. કોઈના દીકરા, દીકરી છે જ નહિ.

આહા..હા...! અહીં તો આત્માના કે પ્રત્યેક પદાર્થના ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ ન હોય તો ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય (તો) દ્રવ્યને સિદ્ધ કરે છે. જો એમાં ઉત્પાદ્‌પર્યાય ન હોય, વ્યયપર્યાય ન હોય, ધ્રૌવ્ય ન હોય તો દ્રવ્યને સિદ્ધ કરનારું (કોઈ) રહેતું નથી. આહા..હા...! વેદાંત સર્વવ્યાપક માનીને પર્યાયને ઉડાવી દે છે. પ્રગટ પર્યાય છે એ પ્રગટ પરિણમન છે જ નહિ એમ માને છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં તો કહે છે કે, દરેક પદાર્થ (ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય સહિત છે). ધીમેથી (સમજવું) આ તો અધ્યાત્મતત્ત્વની ઝીણી વાત છે, પ્રભુ ! એ વર્તમાન પર્યાયમાં, સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય પ્રગટ ન હોય તો એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે, એ તો રહેતું નથી. આ..હા...! આવી વાતું છે. નીચે છે, જુઓ ! 'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યના કર્તા...' છે. છે નીચે ? ફૂટનોટ ! આહા..હા...! અરે...! ઉત્પાદ્‌ની પર્યાય પ્રગટ ન હોય તો દ્રવ્યને સિદ્ધ ન કરે. અરે...! પૂર્વની પર્યાય વ્યય ન થાય તો દ્રવ્યને સિદ્ધ ન કરે અને એમાં કાયમ રહેનારું ધ્રૌવ્યપણું છે એ ન હોય તો ધ્રુવ સિદ્ધ ન થાય. ધ્રુવપણું એટલે એનું સત્ત્વપણું. આ ધ્રૌવ્ય એમ આવ્યું છે ને ? ભાઈ ! ધ્રૌવ્ય ધ્રુવને સિદ્ધ કરે છે. ધ્રૌવ્યપણું કર્તા છે, એ ધ્રુવનું કર્તા છે. ધ્રુવનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્રૌવ્ય કર્તા છે, ધ્રુવનું ધ્રૌવ્ય જ સાધન છે, ધ્રુવનું ધ્રૌવ્ય જ અધિકરણ છે. આવી વાતું છે ! આવું ઝીણું છે. લોકોને સમજવામાં (કઠણ પડે). આહા..હા...! (વેદાંત) નિશ્ચયાભાસી થઈ ગયા છે. વેદાંત છે (તેણે) પ્રગટ પર્યાય છે એને માની નથી. સમજાય છે કાંઈ ? 'શ્રીમદ્' કહ્યું છે કે, પર્યાયને માની નથી માટે વેદાંત નિશ્ચયાભાસી છે. 'શ્રીમદ્'માં છે.

આમાં તો શું ખામી (હોય) ? 'પ્રવચનસાર'માં શું વસ્તુ (વર્ણવી છે) !! ઓ..હો..હો..હો...! અહીં તો કહે છે કે, સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ ન હોય તો એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે (એ વાત રહેતી નથી). એ દ્રવ્ય સિદ્ધ નહિ થઈ શકે. આ..હા..હા...! સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય પ્રગટ પરિણમનમાં બાહ્ય ઉત્પાદ્પણે ન હોય તો એ દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. એ પૂર્વની પર્યાયનો વ્યય ન થાય તો એ દ્રવ્ય સિદ્ધ થતું નથી અને ધ્રૌવ્યપણું ન હોય તોપણ દ્રવ્ય સિદ્ધ થતું નથી. આ..હા..હા..હા...! ગજબ વાત છે ! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે !! આ..હા...! થોડામાં પણ એટલું બધું સમાડી દીધું છે... કેટલું સમાડ્યું (છે) !! આ..હા...! એવી વાત (સંપ્રદાયના) ૩૨ સૂત્રમાં (ક્યાંય વાંચવા ન મળે). ૩૧ હજાર શ્લોક વરસો વરસ એક-બે મહિના વાંચતા, પણ આ (વાત) નહિ, બાપા ! આ..હા..હા...!

આ તો વસ્તુ અંતર પૂર્ણ અખંડ પરમાત્મસ્વરૂપ ! એની પર્યાય જો ન હોય તો એને સિદ્ધ કરવાનું સાધન રહ્યું નહિ, તો દ્રવ્ય પણ સિદ્ધ નહિ થાય. આ..હા..હા..હા...! દ્રવ્ય જો ન હોય તો ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ થતી નથી. એ પહેલી વાત આવી ગઈ. હવે, અહીં (કહે છે કે), ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય ન હોય તો દ્રવ્ય સિદ્ધ થતું નથી. સમજાય છે ને ? ભાષા તો સાદી છે પણ (ભાવ ગંભીર છે). એમ ભૂત અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી પણ વર્તમાનની પર્યાય વર્તમાનમાં પ્રગટ ન હોય અને અંદરમાં હોય તો એ દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. (વર્તમાન પર્યાયને નહિ માનનાર) નિશ્ચયાભાસી છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એવી વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? ઝીણી વાત બહુ, ભાઈ ! આ..હા..હા...!

દ્રવ્ય તો ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનું કર્તા, સાધન અને આધાર (છે એ તો) ઠીક, પણ આ તો ઉત્પાદ્ની પર્યાય કર્તા, કરણ–સાધન અને અધિકરણ, એમ વ્યય પણ કર્તા, સાધન અને અધિકરણ, એમ ધ્રૌવ્ય પણ કર્તા, સાધન અને અધિકરણ (છે). કોનું ? દ્રવ્યનું. આ..હા..હા...!

અહીં તો મગજમાં એમ આવ્યું કે, જે ધ્રુવ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ છે એનો પર્યાય ત્યાં વળે છે ત્યારે એ દ્રવ્ય છે એમ એને સિદ્ધ થાય છે. ભાઈ ! (શું) કીધું સમજાણું ? પર્યાયમાં દ્રવ્ય (જાણવામાં) ન આવે તો દ્રવ્ય છે એમ સિદ્ધ ક્યાંથી થયું ? દ્રવ્ય છે એમ આવ્યું ક્યાંથી ? આહા..હા...! ધીમેથી સમજવું. જો પ્રગટ પરિણમન–પર્યાય ન હોય તો આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય છે એમ જાણ્યું કોણે ? દ્રવ્ય તો ધ્રુવ છે એમાં જાણવાની ક્રિયા તો છે નહિ. સમજાણું કાંઈ ? પરિણમન છે એ દ્રવ્યને સિદ્ધ કરે છે. આ..હા..હા...! (વેદાંત એમ કહે છે કે) એ તો એકલું ધ્રુવ છે, જાઓ ! આહા..હા...! અહીં એ કહે છે. ઝીણી વાત છે, ભાઈ !

આ પ્રભુ પૂર્ણ આનંદ અને પૂર્ણ અખંડાનંદ દ્રવ્ય પ્રભુ ! એની દૃષ્ટિ થતાં... આ..હા..હા...! એ દૃષ્ટિની પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે, દ્રવ્યને નમે છે. આ..હા..હા...! એ વ્યય છે એ પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા...! ભલે વ્યય થઈ ગયું પણ સત્ હતું ને ! 'ઉત્પાદ્-વ્યય-ધ્રુવયુક્તં સત્' છે (તો) વ્યય પણ સત્ છે. આહા..હા...! એ પૂર્વની અવસ્થા વ્યય થઈ એ પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. વ્યય કર્તા-સાધન અને અધિકરણ થઈ દ્રવ્યને સિદ્ધ કરે છે. આ..હા..હા..હા...!

જેમ ઉત્પાદ્નો પર્યાય કર્તા થઈને, સાધન થઈને, અધિકરણ થઈને પ્રગટ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે તેમ પ્રગટ પર્યાય ગઈ... આ..હા..હા...! એ વ્યય પણ દ્રવ્યને સિદ્ધ કરે છે. જુઓ તો ખરા ! આ..હા..હા...! એ વ્યય કર્તા, વ્યય સાધન–કરણ અને અધિકરણ–(એમ) ત્રણ બોલ (કહ્યા). છ કારકમાંથી ત્રણ કારક લીધા. અહીં કર્મ કારક, અપાદાન કારક અને સંપ્રદાન (કારક) ત્રણ (કારક) નથી લીધા. આ..હા...! બાકી અહીં તો પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે (છે) એમ કીધું છે ને ? નહિતર તો પર્યાય જે છે એ ષટ્કારકપણે પરિણમતી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! પણ અહીં તો પર્યાયથી દ્રવ્ય સિદ્ધ કરવું છે. આ..હા..હા...! સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પાદ્ છે અને એ પર્યાય દ્રવ્યનું કર્તા, દ્રવ્યનું કરણ–સાધન અને અધિકરણ (છે). એ સમકિતની પ્રગટ પર્યાય દ્રવ્યની કર્તા, દ્રવ્યનું કરણ અને દ્રવ્યનું અધિકરણ (છે). આહા..હા...! એમાં એક ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે. સમજાય છે કાંઈ ?

'**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' દેખો ! કોણ ? ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય. (૧૭૯ પાને) બીજી લીટી. '**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...**' આ..હા..હા...! 'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' આ..હા...! તે ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય વડે કરીને દ્રવ્યની સિદ્ધિ થાય છે. ત્યારે તેનું દ્રવ્ય લક્ષમાં આવે છે. અહીં આત્મા ઉપર ઉતાર્યું એટલે (એમ કહ્યું). બીજામાં તો કાંઈ લક્ષમાં આવે એવું નથી. બીજામાં તો એની પર્યાય, ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ દ્રવ્યને સિદ્ધ કરે છે, એટલું. પણ એ દ્રવ્યને સિદ્ધ કરે છે એ જાણનાર છે આત્મા. શું કહ્યું ઈ ? બીજા જે અનંતા જડ દ્રવ્યો છે એના ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ દ્રવ્યના કર્તા, કરણ–સાધન (છે) એ કંઈ દ્રવ્ય જાણે છે ? એ જડ જાણે છે ? આહા..હા...! એ જાણનાર તો ભગવાન જ્ઞાન છે. એ જ્ઞાન એમ જાણે છે કે, આ ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ (છે) એ દ્રવ્યના કર્તા, કરણ અને અધિકરણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ જ્ઞાન જાણે છે. એમ પોતાનું જ્ઞાન પણ વર્તમાન પર્યાય જે પ્રગટ છે – સમકિતની, જ્ઞાનની, શાંતિની વગેરે એ ઉત્પાદ્ પર્યાય છે એ કર્તા, સાધન–કરણ અને અધિકરણ દ્રવ્યનું છે. આ..હા..હા...!

શ્રોતા :– મિથ્યાત્વના વ્યયથી દ્રવ્ય સિદ્ધ થાય છે ?

સમાધાન :– ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી દ્રવ્ય સિદ્ધ થાય છે. મિથ્યાત્વનો વ્યય થયો, સમકિતની ઉત્પત્તિ થઈ અને ધ્રુવપણે રહ્યું. એ ત્રણે દ્રવ્યને સિદ્ધ કરે છે. ઠીક પૂછ્યું. (કેમકે) વ્યય મિથ્યાત્વનો છે ને ! મિથ્યાત્વનો વ્યય, સમકિતની ઉત્પત્તિ–પ્રગટ પર્યાયની ઉત્પત્તિ અને પ્રગટ પર્યાય હતી તેનો વ્યય અને ધ્રુવનું ધ્રૌવ્યપણું–એનો ભાવ – એ ત્રણેય કર્તા, કરણ અને અધિકરણ દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા...! ઝીણું... ઝીણું...! વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે.

શ્રોતા :– એનાથી સિદ્ધ થાય છે. દ્રવ્યથી ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે અને ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યથી દ્રવ્ય સિદ્ધ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યથી ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે... આ..હા..હા...! અને ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યથી દ્રવ્ય સિદ્ધ થાય છે. અત્યારે આ અધિકાર છે. પહેલો અધિકાર બીજો ગયો. પહેલો અધિકાર દ્રવ્યથી ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે–એમ ગયો. પછી આ અધિકાર(માં) હવે ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી (દ્રવ્ય સિદ્ધ થાય છે એમ કહે છે). ઉત્પાદ્-વ્યય-ધ્રુવ કર્તા (છે), એ કર્તાનું કાર્ય દેખાય છે. ભલે કર્મ લીધું નથી પણ એ કર્તા દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા...! બહુ ઝીણી વાત ! આ..હા..હા...!

સમ્યગ્દર્શન થતાં તે પર્યાયનો ઉત્પાદ્, મિથ્યાત્વનો વ્યય અને કાયમ એનો ધ્રુવપણાનો ભાવ–ધ્રૌવ્યભાવ. એ ત્રણે કર્તા, કરણ અને અધિકરણ દ્રવ્યને સાબિત કરે છે. આ..હા..હા...! જેને ઉત્પાદ્નો પર્યાય પ્રગટ નથી તેને દ્રવ્ય જ સિદ્ધ થયું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? વેદાંતની લાઈન થઈ ગઈ. જેને પ્રગટ પર્યાય છે, એક સમયની પર્યાય પ્રગટ છે, એ પ્રગટ પર્યાય સિદ્ધ કરે છે દ્રવ્યને. જો પર્યાય પ્રગટ ન હોય તો દ્રવ્યને સિદ્ધ કરે કોણ ? આહા..હા...! સમજાણું કાંઈ ?

'**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' 'દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને' (એમ કહ્યું) ! ઉત્પાદે દ્રવ્યના સ્વરૂપને ધારણ કર્યું, વ્યયે દ્રવ્યના સ્વરૂપને ધારણ કર્યું, ધ્રૌવ્યથી દ્રવ્યના સ્વરૂપને–ધ્રુવને ધારણ કર્યું. આ..હા..હા...! અંતરની વાતું બહુ ઝીણી, બાપુ ! આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' ગાથામાંથી આવી ટીકા કાઢી આ..હા...! કે, 'કુંદકુંદાચાર્ય'ને આમ કહેવું છે અને ભગવાન પાસે પણ આ સાંભળ્યું છે !! ભગવાન પાસે પણ આ સાંભળ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકમાં આ છે, એની ટીકા કરીને આ દોહે છે (કે) આ એનો ભાવ છે. આહા..હા...!

એવું સાંભળ્યું હોય કે, ઉત્પાદ્ કર્તા અને દ્રવ્ય એનું કાર્ય ? આહા..હા...! પર્યાય ન હોય તો દ્રવ્ય છે એમ જાણ્યું કોણે ? (અહીં) આત્માની (વાત કરી). બીજાને (ઉત્પાદ્ પર્યાય) છે (પણ) એનામાં જાણવાનું નથી. બીજાનું અસ્તિત્વ તો છે (તેમાં પણ) ઉત્પાદ્ તેનો કર્તા અને દ્રવ્ય તેનું કાર્ય (છે) એવું આ જ્ઞાન જાણે. આ..હા...! એટલે શું ? કે, આ શરીર આદિની પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય એના પરમાણુને સિદ્ધ કરે–એમ જ્ઞાન જાણે છે. આહા..હા...! શું કીધું સમજાણું ?

આ ભાષા બોલાય છે એ ભાષાની પર્યાય છે એ ઉત્પાદ્ છે, પૂર્વની વર્ગણાનો વ્યય છે અને ધ્રુવપણું (કાયમ છે). એ ભાષાના ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ એના પરમાણુ–દ્રવ્યને સિદ્ધ કરે છે. એમ જાણે છે કોણ ? જ્ઞાન. એ ભાષાને તો ખબર પણ નથી કે શું છે ? વસ્તુનું સ્વરૂપ આમ છે પણ એનું જ્ઞાન કોને છે ? આ..હા..હા...! આ વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો, પૂજા કરો (એમાં) વખત (ગાળ્યો).

અહીં તો એ લીધું છે, ભાઈ ! એમ લીધું છે ને ? કે, અસ્તિત્વ ધર્મ વિભાવરૂપે પરિણમતો નથી. અસ્તિત્વને વિભાવ શું પણ ? 'છે' એનો વિભાવ શું ? ઓછું થઈ જાય ? 'છે' એ વિકૃત થઈ જાય ? વિકૃત થઈ જાય એટલે વિપરીત થઈ જાય ? છે ને ? પહેલાં આવી ગયું છે. ક્યાં આવ્યું ઇ ? (શ્રોતા :– ટીકાની શરૂઆતમાં). ટીકાની શરૂઆતમાં ! (અસ્તિત્વ) **'અનાદિ-અનંત હોવાથી તથા અહેતુક એકરૂપ વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી...**' અસ્તિત્વ છે – સત્ છે એમાં વિભાવ શું આવે ? અસ્તિત્વમાં વિભાવ આવે તો વિપરીત થઈ ગયું ? અસ્તિત્વ વિપરીત થઈ જાય ? વિપરીત એટલે (નથી એમ) થાય ? અસ્તિત્વ નથી એમ થઈ જાય ? આહા..હા...! શું કીધું ઈ ?

અસ્તિત્વ નામનો જે ગુણ છે એ વિભાવરૂપે થતો નથી. કેમકે 'છે' એને વિભાવરૂપે થવું એટલે શું ? 'છે' એને વિપરીતરૂપે થવું ? એટલે 'નથી' (એમ) થવું ? આહા..હા...! જ્ઞાન આદિ બીજા ગુણો નિમિત્તાધીન (થઈને) વિભાવરૂપે પરિણમે પણ આ અસ્તિત્વનો નામનો ગુણ છે... 'છે' ઈ 'છે' ઈ વિભાવરૂપે 'નથી' એમ થાય ? વિભાવરૂપે થાય એનો અર્થ ઈ થયો કે, 'છે' એ ઘટી ગયું. આહા..હા...! 'છે' એમાં ઘટે શું ? વધે શું ? આહા..હા...!

હવે, પેલા પચાસ પંડિત ભેગા થઈને એમ કહેતા કે, 'એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય ન કરે એમ ન માને તો દિગંબર નહિ !' અરે... પ્રભુ ! શું કહેવું છે ? ભાઈ ! એવો વિરોધ કરવા ખાતર આવું થાય ? હજી એમ કહે કે, વ્યવહારથી નિશ્ચય છે એમ માનતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી, નિમિત્તને બિલકુલ કર્તા માનતા નથી, એમ કહે તો વાત બરાબર છે. 'નિમિત્ત છે એમ માને પણ (નિમિત્તથી કાંઈ થાય નહિ એમ માને) તો નિમિત્ત(નું માનવું) નકામું ગયું. નિમિત્ત છે શું કરવા ?' (એમ એ લોકો કહે છે). પણ એ તો બીજી વસ્તુ છે. બીજી ચીજ છે એ બીજી ચીજને કાંઈ કરે છે – એના ઉત્પાદ્‌ને (કરે છે એમ નથી). એ ઉત્પાદ્ તો દ્રવ્ય કરે છે. એના ઉત્પાદ્‌થી દ્રવ્યની સિદ્ધિ છે. નિમિત્તના ઉત્પાદ્‌થી દ્રવ્યની સિદ્ધિ છે ? આહા..હા...! આવું છે. ભાષા તો સાદી છે, પ્રભુ ! ધીમે... ધીમે... સમજાય એવું છે, ન સમજાય એવું નથી.

'નાઈરોબી'માં મંદિરનું મુહૂર્ત (થયાને) બાર મહિના થયા. જેઠ સુદ ૧૧ થયું. પંદર લાખ (ખર્ચીને) દિગંબર મંદિર (બનાવે છે). 'આફ્રિકા'માં દિગંબર જૈન મંદિર બે હજાર વર્ષમાં કોઈ દી' નહોતું. બીજો દેશ હોય તો ત્યાં વળી હોય પણ આ તો અત્યારે (બને છે). દેશ (કાળ) એવો હોય તો બધાં દેશમાં (મંદિરો હતાં) પણ અત્યારે તો આ સ્થિતિ છે. અનાર્ય જેવો દેશ થઈ ગયો. આહા..હા...!

(અહીંયાં કહે છે કે), '**કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને...**' આહા..હા...! '**પ્રવર્તતાં ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,...**' (એટલે) દ્રવ્યની (નિષ્પત્તિ). '**એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,...**' આ..હા...! જોયું ? '**મૂળસાધન**' શબ્દ અહીં વાપર્યો છે. પેલામાં નહોતો વાપર્યો. શેમાં ? દ્રવ્યથી ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય થાય ત્યાં મૂળસાધન તરીકે નહોતું. કારણ કે તેમાં દ્રવ્ય તો છે, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યપણે કરે છે. સાધન આ છે – ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી દ્રવ્ય છે એ સાધન છે. 'મૂળસાધન' શબ્દ પહેલાંમાં નહોતો. દ્રવ્ય જે છે એ ઉત્પાદ્-વ્યય-ધ્રુવપણે થાય એ મૂળસાધન છે એમ નહોતું. ન્યાય સમજાય છે આમાં ? અહીં મૂળસાધન (કહ્યું છે). કારણ કે મૂળસાધન તો ઉત્પાદ્-વ્યય-ધ્રુવ (છે) તે દ્રવ્યને સિદ્ધ કરવાનું સાધન છે. આહા..હા...! આચાર્યે પણ ગજબ (કામ) કર્યાં છે ને ! આહા..હા...! એ વાત તે દી' થઈ હતી, વંચાઈ ગયું તે દી' (થઈ હતી).

'**મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે,...**' વસ્તુ છે તેનું હોવાપણું, એનું મૂળ સાધન ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ છે. આ..હા..હા...! એનાથી તે દ્રવ્ય સિદ્ધ થાય છે. માટે મૂળ સાધન તો એ છે. હવે એ પર્યાયને જ ન માને તો મૂળ સાધન તો રહ્યું નહિ. આહા..હા...! દ્રવ્યને સિદ્ધ કરવા માટે, દ્રવ્યનો અનુભવ કરવાને પ્રગટ પર્યાય છે એ નથી તો (મૂળસાધન તો) રહ્યું નહિ. એ લોકો ત્યાં સુધી કહે છે ને ? કે, આત્માનો અનુભવ શું ? (આત્મા અને અનુભવ) એ તો દ્વૈત થઈ ગયું. આત્માનો અનુભવ શું ? આત્મા છે, બસ ! અહીં તો કહે છે કે, છે એનો જે પર્યાયમાં અનુભવ થાય ત્યારે આ 'છે' એવું એના ખ્યાલમાં આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણપરમાત્મા છે... આ..હા..હા...! ભગવાન ત્રિકાળી આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! સનાતન સત્ય ધ્રુવ છે એ તરફ જ્ઞાન ગયા વિના, તે તરફ શ્રદ્ધા ગયા વિના આ કારણપરમાત્મા નિત્ય ધ્રુવ છે એમ કોણ નક્કી કરે ? આહા..હા...! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દંદ-ફંદ આતમ નિત ધ્યાવો' આ..હા..હા...! ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ છે, દ્રવ્યસ્વરૂપ પૂર્ણ છે એને પર્યાય સિદ્ધ કરે છે. પર્યાયથી તે દ્રવ્યની ઉત્પત્તિ થાય છે. સિદ્ધ કરે છે એટલે ઉત્પત્તિ કરે છે (એમ કહેવાય). દ્રવ્ય તો છે ઈ છે.

'શ્રીમદ્દે' (છ પદના પત્રમાં) કહ્યું છે ને કે, શ્રદ્ધા થતા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે ? કેવળજ્ઞાન તો હતું પણ શ્રદ્ધા થઈ ત્યારે એને કેવળજ્ઞાન છે એમ આસ્થા આવી. આહા..હા...! એક પત્રમાં છે.

'**એવા દ્રવ્યનું, મૂળસાધનપણે...**' પહેલાં (કહ્યું તેમાં) કરણમાં સાધન તો આવ્યું હતું. શું કીધું ? ભાઈ ! સમજાણું ? કર્તા-કરણ-અધિકરણ (કહ્યા તેમાં) સાધન તો આવ્યું હતું. છતાં વિશેષ આ સાધન (છે) કે, જે દ્રવ્ય છે એ ઉત્પાદ્-વ્યય-ધ્રુવનું કર્તા, કરણ–સાધન અને અધિકરણ છે એ કરતાં ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ એ દ્રવ્યનું સાધન છે, એ મૂળસાધન છે. આહા..હા...! એના વડે ખબર પડે છે, દ્રવ્ય વડે ખબર પડે ? આહા..હા...! આવી વાતું ! આવું તત્ત્વ ઝીણું, લ્યો ! પેલું તો ભક્તિ કરો, વ્રત કરો, ભગવાનની પૂજા કરો, રથ કાઢો, પંચકલ્યાણક કરો (એ સહેલું હતું). કરો... કરો... એમાં તો મિથ્યાત્વ છે, સાંભળને ! કરવાની બુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. અર..ર..ર...! ગજબ વાત છે, બાપુ ! શુભ ભાવ હોય કે, આવું હોય, પણ એ શુભ ભાવ વિકૃત છે. એનાથી આત્માની સિદ્ધિ ન થાય. આ આત્મા આવો છે એમ વિકૃત સ્વભાવથી સિદ્ધ ન થાય. એનો અવિકૃત નિર્મળ સ્વભાવ (છે). આહા..હા...! શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિની જે નિર્મળ પર્યાય છે તેનાથી દ્રવ્યનું ભાન થાય (છે). તેથી તેને 'દ્રવ્ય છે' એવું મૂળસાધન ઉત્પાદ્-વ્યય-ધ્રુવને કીધું. આ..હા..હા...!

ઉત્પાદ્-વ્યયનું સાધન દ્રવ્ય છે ત્યાં મૂળસાધન ન કહ્યું, ભાઈ ! શું કહ્યું ? કે, વસ્તુ છે એ ઉત્પાદ્-વ્યય-ધ્રુવની કર્તા-કરણ – સાધન અને (અધિકરણ) છે, એમ કાલે આવી ગયું છે. પણ 'મૂળસાધન' શબ્દ ત્યાં વાપર્યો નથી. અહીં '**મૂળસાધન**' (કહ્યું છે). કરણ તો આવી ગયું છે–સાધન તો આવી ગયું છે. કર્તા કીધું છે. ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય તે દ્રવ્યના કર્તા, દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે, દ્રવ્યના સ્વરૂપને જણાવે છે એ આખું ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી જણાવે છે. તો કહે છે કે, એ તો મૂળસાધન છે. આ..હા..હા...!

જો એ ઉત્પાદ્-વ્યયની પર્યાય ન હોય તો કાર્ય (શેમાં થાય ?) કાર્ય તો તેમાં થાય છે અને એ કાર્યમાં આની સિદ્ધિ થાય છે. ત્રિકાળી ભગવાન ચિદાનંદ પરમાત્મા બિરાજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ભગવાન પૂર્ણ સ્વરૂપે બિરાજે છે. અનંત... અનંત... ગુણના પૂર્ણરૂપે દ્રવ્ય પ્રભુ બિરાજે છે, જેને કારણપરમાત્મા કહો, પંચમભાવ કહો, જ્ઞાયક કહો, ભૂતાર્થ કહો. આ..હા..હા...! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ દ્રવ્યને (સિદ્ધ કરે છે). અહીં તો આપણે આત્મામાં ઉતારવું છે, હોં ! આ તો છે બધાંમાં. પણ બીજા કંઈ જાણે છે ? મૂળસાધન આ દ્રવ્યનું છે ઈ બીજા જડ દ્રવ્ય જાણે છે ? આહા..હા...! જડને માટે સાધન તો આ જ છે. ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ તે દ્રવ્યને સિદ્ધિ કરવાનું સાધન છે, પણ એને ક્યાં ખબર છે ? ખબર કરનાર જાણનારો તો ભગવાનઆત્મા છે. આ..હા...! મારા ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી (મારું) દ્રવ્ય છે અને બીજાના ઉત્પાદ્-વ્યય-ધ્રુવને લઈને એનું દ્રવ્ય છે. આ..હા..હા...! આવી વાતું હોય (એટલે) 'સોનગઢ'ની (વાત) એકાંત છે, એમ બિચારા કહે. તત્ત્વની ખબર ન મળે. જિંદગી ચાલી જાય છે, બાપા ! આહા..હા...! અરે...! અનાદિ-અનંત કાળમાં વચમાં આ એક (મનુષ્યનો) ભવ આવ્યો, એ ભવના અભાવ કરવા માટેનો આ ભવ છે. આ..હા..હા...!

શ્રોતા :– તો જ ભવ સફળ થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યારે જ તેને મનુષ્ય (કહેવાય). 'જ્ઞાયક ઇતિ મનુષ્ય' મનુષ્ય એને કહીએ કે જે જાણવાનું કાર્ય કરે. આહા..હા...! એ કોનું જાણવાનું કાર્ય કરે ? દ્રવ્યનું. આ..હા..હા...! અને તે જે સમકિતદર્શન, જ્ઞાન આદિની પર્યાય ઉત્પન્ન થઈ એ દ્રવ્યને સિદ્ધ કરવાનું મૂળસાધન છે. આહા..હા...! આમાં ક્યાંક એક ફેર પડે તો આખા તત્ત્વનો ગોટો ઊઠે. સમજાણું કાંઈ ?

'**મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું,..**' એટલે ઉત્પાદ્-વ્યય અને ધ્રુવથી મૂળસાધનથી નિષ્પન્ન થતું દ્રવ્યનું '**જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે.**' અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે. આ..હા..હા...! '(**ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી...**)' ધ્રૌવ્યો (એમ કહ્યું છે), હોં ! '(**ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે;...**)' ધ્રૌવ્યનું, ધ્રુવનું નહિ. ધ્રૌવ્ય–ધ્રુવપણું છે તે દ્રવ્યને – ધ્રુવને સિદ્ધ કરે છે. આહા..હા...! ધ્રૌવ્યપણું છે તે ધ્રુવને સિદ્ધ કરે છે. આ..હા..હા..હા...! આવી વાત !

'(**કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી...**)' આ..હા..હા...! દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યો. ધ્રૌવ્ય, હોં ! '(**ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે,...**)' આ..હા..હા..હા...! શું પણ થોડા શબ્દમાં સંતોએ જગતને દ્રવ્યની પ્રસિદ્ધિ મૂળસાધન તરીકે કહી. આ..હા...!

એમ આત્માની પણ નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિની પર્યાય અને મિથ્યાત્વનો વ્યય, એ બધાં મૂળસાધન તરીકે દ્રવ્યને સિદ્ધ કરે છે. 'છે' એની પ્રાપ્તિ, 'છે' એનો નિર્ણય એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે. 'છે' એનો નિર્ણય ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ કરે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? ઝીણું પડે તો થોડું રાતે પૂછવું. રાત્રે તો કોઈ પ્રશ્ન કરતા નથી. આહા..હા...! '(**ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય...**)' આ..હા..હા..હા...! '(**તો દ્રવ્ય પણ ન હોય**).' આ..હા..હા...! પ્રગટ પર્યાય જો ન હોય તો દ્રવ્ય જ ન હોય. આહા..હા...! '(**ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે**).'

**ભાવાર્થ :–** '**અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી;...**' અસ્તિત્વને (એટલે) 'છે' એવા સ્વભાવને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી. તે અસ્તિત્વ અને દ્રવ્ય–બન્ને એક જ પ્રદેશે છે. '**વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત...**' આવ્યું છે ને ? પહેલાં આવી ગયું છે. (ટીકાની શરૂઆતની) બીજી લીટી. જુઓ ! છે ને ? '**અનાદિ-અનંત હોવાથી**' આ..હા...! અનાદિ-અનંત અસ્તિત્વ હોવાથી '**અહેતુક...**' અનાદિ-અનંત છે તેને હેતુ શો ? આહા..હા...! વળી, અહીં ઉત્પાદ્-વ્યયને મૂળસાધન કહ્યું. પણ એ તો મૂળસાધન 'છે' એમ નિર્ણય કરવા (કહ્યું છે). આહા..હા...! આ..હા...! કેટલું Logic નાખ્યું છે ! ન્યાયથી (વાત કરી છે). માણસો મધ્યસ્થ થઈને શાસ્ત્રનો આશય શું છે એ કાઢે (નહિ), સમજે નહિ અને આડાઅવળા ગોટા કરીને અર્થ ઊભા કરે. આહા..હા...! (પછી એમ કહે કે) 'સોનગઢ'નો સિદ્ધાંત એકાંત છે. એકાંત... એકાંત એમ કહેવાનું જૈનધર્મમાં બહુ સહેલું થઈ ગયું. અરે... ભગવાન ! બાપુ ! આ..હા...!

નિર્મળ પર્યાય દ્રવ્યને પહોંચે કે વિકારી પર્યાય દ્રવ્યને પહોંચે ? આહા..હા...! એ તો આપણે આવી ગયું છે. નિર્મળ પર્યાય દ્રવ્યને પકડે. રાગ ત્યાં છે માટે એ સાધન નથી. એમ આમાં પહેલાં આવી ગયું છે. આ..હા..હા...! ભગવાન મહાપ્રભુ ! એક સમયમાં પરમાત્મસ્વરૂપ જ પ્રભુ છે. પરમાત્મસ્વરૂપ ઊણો, ઓછો, અધિક છે નહિ. તેની સમ્યગ્દર્શનની પર્યાય, જ્ઞાનની પર્યાયમાં તે અનાદિ-અનંત છે એમ સિદ્ધ થાય (છે). અહીં (ટીકામાં) તો અસ્તિત્વગુણની વાત કરી છે, પણ અહીં તો આત્મા (ઉપર ઉતાર્યું છે). આ..હા..હા...!

'**અનાદિ-અનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું...**' છે ને ? જોયું ? એકરૂપ પરિણતિ. ધ્રુવ દ્રવ્યપણે રહેવું એમ નહિ. '**એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું...**' હોવાથી. છે... છે... છે... છે... છે... છે... છે... છે... એ રૂપે જ એ પરિણમે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધાંનું અસ્તિત્વ એક જ છે. આહા..હા...! ભાઈ ! અમારે ધર્મ કરવો છે (એમાં) આ વાતને (સમજીને શું કરવું ?) પણ બાપુ ! તારે ધર્મ કરવો (છે તો) ધર્મ કરનાર કોણ ? ધર્મ પર્યાય છે કે દ્રવ્ય છે ? અને કયા દ્રવ્યને આશ્રયે પર્યાય થાય ? એની ખબરું વિના તને ધર્મ થાય ક્યાંથી ? આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– ધર્મ પોતે જ પર્યાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય પરિણમે છે એ ધર્મ છે. પણ એ સમ્યગ્દર્શન પરિણમે છે એ દ્રવ્યને સિદ્ધ કરે છે કે, આ અંશ છે એ આખા દ્રવ્યનો છે. આ..હા..હા...!

**'એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે;...'** અસ્તિત્વગુણ છે એમાં વિભાવ શો ? આ..હા..હા...! 'છે' એમાં વિભાવ શો ? 'છે' એમાંથી કાંઈ 'નથી' એમ થાય તો વિભાવ થાય. પણ 'નથી' એમ થાય જ ક્યાંથી ? આ..હા..હા...! અસ્તિત્વગુણ **'વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.'** આ..હા..હા...!

**'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે.'** દ્રવ્ય, ગુણ-પર્યાયથી નિષ્પન્ન થાય. શું કીધું ઈ ? **'ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે,...'** એક વાત. **'અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી નિષ્પન્ન થાય છે.'** બીજી વાત ટૂંકી કરી. આહા..હા...! **'વળી એવી જ રીતે...'** (અર્થાત્) જેમ ગુણ-પર્યાયનું કીધું એમ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે;...'** ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યનું હોવાપણું (અને) દ્રવ્યનું (હોવાપણું) એક જ છે. **'કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે,...'** આહા..હા...! **'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે, અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.'** આ..હા..હા...! તત્ત્વજ્ઞાન – વીતરાગનું તત્ત્વજ્ઞાન ઝીણું બહુ, બાપુ ! સર્વજ્ઞ પરમેશ્વરે જેવું જોયું છે, જેવું સ્વરૂપ છે તેવું કહ્યું છે. એણે કોઈ બીજા દ્રવ્યનું કાંઈ કર્યું નથી. કહ્યું છે એનું પણ કર્યું નથી. આહા..હા...! કહેવાની ભાષાને પણ એણે કરી નથી. આ..હા..હા...! છતાં નિમિત્તથી એમ કહેવાય (કે), એમણે જાણ્યું એવું કહ્યું. આહા..હા...! કહેનારની ભાષાની પર્યાય તો જડને સિદ્ધ કરે છે. એ કંઈ ભગવાનને સિદ્ધ નથી કરતી કે આ ભગવાનની ભાષા છે. આહા..હા...! ભાષાના ગુણ-પર્યાય ભાષાના પરમાણુને સિદ્ધ કરે છે અને ભાષાના ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ ભાષાના પરમાણુને સિદ્ધ કરે છે. આહા..હા...! આવું છે.

**'આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું.'** સ્વરૂપ-અસ્તિત્વ (એટલે) એક-એક વસ્તુ પોતાના સ્વરૂપે અસ્તિત્વ (ધરાવે) છે એમ નક્કી કર્યું. હવે સાદૃશ્ય-અસ્તિત્વ (કહે છે). એટલે છે... છે... છે... બધાં છે ને ? એ છે ઈ બધાં છે એ અપેક્ષાએ સાદૃશ્ય-અસ્તિત્વ. બધાં એક છે એમ નહિ. પણ જેવો આત્મા છે, એવા અનંત આત્મા છે, એવા અનંતા પરમાણુ છે, ધર્માસ્તિ છે, કાળાણુ છે – એ સાદૃશ્ય-અસ્તિત્વ (છે). સરખા છે. 'છે'પણે સરખાં છે, એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इदं तु सादृश्यास्तित्वाभिधानमस्तीति कथयति -

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदित्ति सव्वगयं।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं।।९७।।**

**इह विविधलक्षणानां लक्षणमेकं सदिति सर्वगतम्।**
**उपदिशता खलु धर्मं जिनवरवृषभेण प्रज्ञप्तम्।।९७।।**

इह किल प्रपञ्चितवैचित्र्येण द्रव्यान्तरेभ्यो व्यावृत्य वृत्तेन प्रतिद्रव्यं सीमानमासूत्रयता विशेषलक्षणभूतेन च स्वरूपास्तित्वेन लक्ष्यमाणानामपि सर्वद्रव्याणामस्तमितवैचित्र्यप्रपञ्चं

---

अथ सादृश्यास्तित्वशब्दाभिधेयां महासत्तां प्रज्ञापयति - इह **विविहलक्खणाणं** इह लोके प्रत्येकसत्ताभिधानेन स्वरूपास्तित्वेन विविधलक्षणानां भिन्नलक्षणानां चेतनाचेतनमूर्तामूर्तपदार्थानां **लक्खणमेगं तु** एकमखण्डलक्षणं भवति। किं कर्तृ। **सदिति** सर्वं सदिति महासत्तारूपम्। किंविशिष्टम्। **सव्वगयं** संकरव्यतिकरपरिहाररूपस्वजात्यविरोधेन शुद्धसंग्रहनयेन सर्वगतं

---

હવે આ (નીચે પ્રમાણે) સાદ્રશ્ય-અસ્તિત્વનું કથન છે :-

વિધવિધલક્ષણીનું સરવ-ગત ‘સત્ત્વ’ લક્ષણ એક છે,
–એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.

---

(કહેવું છે). છે બધાં, પણ ‘છે’પણે બધાં સરખાં છે. આહા..હા...! (હવે) ૯૭ (ગાથા).

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदित्ति सव्वगयं।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं।।९७।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रवृत्य वृत्तं प्रतिद्रव्यमासूत्रितं सीमानं भिन्दत्सदिति सर्वगतं सामान्यलक्षणभूतं सादृश्यास्तित्वमेकं खल्ववबोधव्यम्। एवं सदित्यभिधानं सदिति परिच्छेदनं च सर्वार्थपरामर्शि स्यात्। यदि पुनरिदमेवं न स्यात्तदा किंचित्सदिति किंचिदसदिति किंचित्सच्चासच्चेति किंचिदवाच्यमिति च स्यात्। तत्तु विप्रतिपिद्धमेव। प्रसाध्यं चैतदनोकहवत्। यथा हि बहूनां बहुविधानामनोकहानामात्मीयात्मीयस्य विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वं,

---

सर्वपदार्थव्यापकम्। इदं केनोक्तम्। **उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं** धर्मं वस्तुस्वभावसंग्रहमुपदिशता खलु स्फुट जिनवरवृषभेण प्रज्ञप्तमिति। तद्यथा-यथा सर्वे मुक्तात्मनः सन्तीत्युक्ते सति परमानन्दैकलक्षणसुखामृतरसास्वादभरितावस्थलोकाकाशप्रमितशुद्धा-संख्येयात्मप्रदेशैस्तथा किंचिदूनचरमशरीराकारादिपर्यायैश्च संकरव्यतिकरपरिहाररूपजातिभेदेन

---

અન્વયાર્થ :- [धर्मं] ધર્મને [खलु] ખરેખર [उपदिशता] ઉપદેશતા [जिनवरवृषभेण] જિનવરવૃષભે [इह] આ વિશ્વમાં [विविधलक्षणानां] વિવિધ લક્ષણવાળાં (ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું, [सत् इति] 'સત્' એવું [सर्वगतं] સર્વગત [लक्षणं] લક્ષણ (સાદ્રશ્ય-અસ્તિત્વ) [एकं] એક [प्रज्ञप्तम्] કહ્યું છે.

---

## વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે,
## –એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.

**'વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે'** છે... છે... છે... છે... બધાંનું એક લક્ષણ છે. પરમાણુ પણ છે, ધર્માસ્તિકાય છે, આત્મા છે, આકાશ છે. 'છે' એમાં કોણ 'નથી' એમ થાય ? છે ઈ મહાસત્તાની અપેક્ષાએ સદ્રશ્ય છે. (બધાં) 'છે' એમ. આ..હા...! **'–એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે.'** એનો થોડો અન્વયાર્થ લઈએ. થોડો વખત છે ને !

**અન્વયાર્થ :– 'ધર્મને ખરેખર ઉપદેશતા જિનવરવૃષભે...'** (જિનવરવૃષભ એટલે) જિનવરોમાં શ્રેષ્ઠ; તીર્થંકરોએ **'આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળાં...'** ભલે ચૈતન્ય લક્ષણવાળો આત્મા, જડ લક્ષણવાળો પરમાણુ આદિ. એમ વિવિધ લક્ષણવાળા ભલે હો. **'વિવિધ લક્ષણવાળાં (ભિન્ન**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिनानोकहत्वेनोत्थापितमेकत्वं तिरियति, तथा बहूनां बहुविधानां द्रव्याणामात्मीयात्मीयस्य विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वं, सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिना सदित्यस्य भावेनोत्थापितमेकत्वं तिरियति। यथा च तेषामनोकहानां सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिनानोकहत्वेनोत्थापितेनैकत्वेन तिरोहितमपि विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वमुच्चकास्ति, तथा सर्वद्रव्याणामपि सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिना सदित्यस्य भावेनोत्थापितेनैकत्वेन तिरोहितमपि विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वमुच्चकास्ति।।९७।।

---

भिन्नानामपि सर्वेषां सिद्धजीवानां ग्रहणं भवति, तथा `सर्व सत्' इत्युक्ते संग्रहनयेन सर्वपदार्थानां ग्रहणं भवति। अथवा सेनेयं वनमिदमित्युक्ते अश्वहस्त्यादिपदार्थानां निम्बाम्रादिवृक्षाणां स्वकीयस्वकीयजातिभेदभिन्नानां युगपद्ग्रहणं भवति, तथा सर्वं सदित्युक्ते सति सादृश्यसत्ताभिधानेन महासत्तारूपेण शुद्धसंग्रहनयेन सर्वपदार्थानां स्वजात्यविरोधेन ग्रहणं भवतीत्यर्थः।।९७।।

---

ટીકા :– આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારતા (વિવિધપણું–અનેકપણું દર્શાવતા), અન્ય દ્રવ્યોથી વ્યાવૃત્ત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે (સર્વ દ્રવ્યો) લક્ષિત થતાં હોવા છતાં, સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું, સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું, 'સત્' એવું જે સર્વગત સામાન્યલક્ષણભૂત સાદશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું. એ રીતે

---

**ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું, 'સત્' એવું..**' આ..હા..હા...! ભલે એનાં લક્ષણો ભિન્ન હો પણ 'છે' એમાં તો સર્વગત બધું આવી જાય છે. 'છે' ! '**સત્' એવું સર્વગત...**' (સર્વગત એટલે) સર્વમાં વ્યાપનારું '**લક્ષણ (સાદશ્ય-અસ્તિત્વ) એક કહ્યું છે.**' સત્ 'છે' એ અપેક્ષાએ એક કહ્યું. બધાં છે ને ? બે છે એમ છે કાંઈ ? એક છે ને બીજાું નથી અથવા એક છે ને બીજાું ઓછું છે, એક સત્ આખું છે ને એક સત્ ઓછું છે, એવું છે કાંઈ ? બધું સત્ પૂર્ણ છે. સ્વરૂપ-અસ્તિત્વમાં એક-એક અસ્તિત્વની વ્યાખ્યા કરી અને આ સાદશ્ય-અસ્તિત્વમાં બધાં છે એની વ્યાખ્યા કરી. આહા..હા...!

**ટીકા :– 'આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારતા (વિવિધપણું–અનેકપણું દર્શાવતા), અન્ય**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સત્' એવું કથન અને 'સત્' એવું જ્ઞાન સર્વ પદાર્થોનો પરામર્શ કરનારું છે. જો તે એમ ન હોય (અર્થાત્ જો તે સર્વપદાર્થ પરામર્શી ન હોય) તો કોઈક પદાર્થ સત્ (હયાતીવાળો) હોવો જોઈએ, કોઈક અસત્ (હયાતી વિનાનો) હોવો જોઈએ, કોઈક સત્ તથા અસત્ હોવો જોઈએ, અને કોઈક અવાચ્ય હોવો જોઈએ; પરંતુ તે તો વિરુદ્ધ જ છે. અને આ ('સત્' એવું કથન અને જ્ઞાન સર્વપદાર્થપરામર્શી હોવાની વાત) તો સિદ્ધ થઈ શકે છે, વૃક્ષની જેમ.

જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે, તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્'પણા વડે (–'સત્' એવા ભાવ વડે, હોવાપણા વડે, 'છે'પણા વડે) ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે. વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક વૃક્ષપણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે (–આબાદ રહે છે, નષ્ટ થતું નથી), તેમ સર્વ દ્રવ્યોની બાબતમાં પણ, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્'પણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે. (ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ (અર્થાત્ આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ ઇત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ વૃક્ષોમાં સાદૃશ્ય (સમાનપણું) બતાવે છે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય

---

**દ્રવ્યોથી વ્યાવૃત્ત રહીને...**' (અર્થાત્) અન્ય દ્રવ્યોથી જુદું, છૂટું, ભિન્ન રહીને. આહા..હા...! '**વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે...**' સૌનું સ્વરૂપ-લક્ષણ ભિન્ન-ભિન્ન છે એ તો બરાબર છે. એ વડે '**લક્ષિત થતાં હોવા છતાં...**' દરેક દ્રવ્ય પોતાના લક્ષણથી ભિન્ન-ભિન્ન, બીજાથી જુદાં સિદ્ધ થતાં (હોવા) છતાં '**સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું,...**' આહા..હા...! જ્ઞાનને લક્ષણે આત્મા જણાય, જડને લક્ષણે (જડ જણાય) એ બધું સ્વરૂપ-અસ્તિત્વ ભલે હો પણ એ બધાંની '**વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું,...**' (અર્થાત્) ભિન્ન-ભિન્ન નહિ, પણ 'છે', બસ ! બધાં 'છે'. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે; તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં) દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ સત્પણું (–હોવાપણું, 'છે' એવો ભાવ) કે જે સર્વ દ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદૃશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે. વળી આ પ્રમાણે જ્યારે સામાન્ય સત્પણાને મુખ્યપણે લક્ષમાં લેતાં સર્વ દ્રવ્યોના એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વ ગૌણ થાય છે, ત્યારે પણ તે (સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વસંબંધી) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે.)

(આ પ્રમાણે સાદૃશ્ય-અસ્તિત્વનું નિરૂપણ થયું.) ૯૭.

---

**'સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું, સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું,...**' (અર્થાત્) ભિન્ન-ભિન્ન નહિ ગણતું, એમ. **'સત્' એવું જે સર્વગત સામાન્યલક્ષણભૂત સાદૃશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું.**' 'છે' ઈ પણે જાણવું. ભલે દરેકના લક્ષણભેદ છે પણ 'છે'માં કોઈ ભેદ છે નહિ.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૭, ૯૮**
**પ્રવચન નં. – ૯૭**
**તા. ૭-૬-૭૯**

'પ્રવચનસાર' ૯૭–ગાથા ચાલે છે. પહેલો પેરેગ્રાફ થઈ ગયો છે. બીજો પેરેગ્રાફ. સાદૃશ્ય-અસ્તિત્વ સિદ્ધ કરે છે. એટલે શું ? કે, દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપના અસ્તિત્વથી પરથી ભિન્ન છે. દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપના અસ્તિત્વથી–દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણથી પરથી ભિન્ન છે. પણ પોતે આત્મા પણ છે–સ્વ છે અને બીજાં બધાં પદાર્થો પણ છે. એવી સાદૃશ્ય સત્‌ની અપેક્ષાએ અનેકપણું (છે) એટલે ભિન્ન છે તે લક્ષમાં લેતા નથી. એક સત્ છે... છે... છે... છે... છે... બધાં દ્રવ્યો છે. સંગ્રહનયે–સાદૃશ્યદૃષ્ટિએ (બધાં દ્રવ્ય છે). કેટલાક કહે છે કે, મહાસત્તા એક જુદો ગુણ છે. (પણ) એમ નથી. બધાં થઈને એક મહાસત્તા છે એમ નથી. પણ છે... છે... છે... એ સાદૃશ્ય-અસ્તિત્વપણું (છે). એકપણું જુદું પણ છે અને છે... છે... એમાં સાદૃશ્યપણામાં બધું આવી જાય. એમાં અનેકપણું જુદું છે એ ઢંકાઈ જાય (છે). આ વાત ! વસ્તુની સ્થિતિ (આવી છે).

પ્રશ્ન :– અનેકપણું અનેકપણું રહે, ઢંકાઈ કેવી રીતે જાય ?

સમાધાન :– (એમાં) એમ છે (કે) વસ્તુ તરીકે સ્વરૂપ-અસ્તિત્વ છે એ ભિન્ન-ભિન્ન છે, પણ જેવો પોતે 'છે' એવા બધા 'છે' એ અપેક્ષાએ સાદૃશ્ય-અસ્તિત્વથી સંગ્રહનયની દૃષ્ટિએ બધાં એક છે તેમ કહેવામાં આવે છે. છે... છે... છે... છે... એ અપેક્ષાએ. બધાં એક થઈ જાય છે એમ નથી. અન્ય વેદાંત આદિમાં તો એમ કહે કે, મહાસત્તા સર્વવ્યાપક વસ્તુ છે, એક જ છે. એમ અહીં નથી કહેવું.

અહીં તો દરેક વસ્તુ છે (એ) પોતાના સ્વરૂપે છે, પરસ્વરૂપે નથી એવું અનેકપણું હોવા છતાં પોતે છે, બીજા છે એમ 'છે'પણામાં અનેકપણું લક્ષમાં નથી આવતું. 'છે'પણામાં બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એવું લક્ષમાં આવે. આ..હા...! આવો માર્ગ છે !

**'જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને...'** બહુવિધ–ઘણાં પ્રકારનાં ઘણાં વૃક્ષોને. બે શબ્દ વાપર્યા છે ને ? **'ઘણાં'** અને **'બહુવિધ'**. ઘણાં પ્રકારનાં. આંબાનાં ઝાડ, પીપળાનાં ઝાડ (વગેરે). એ **'પોતપોતાના વિશેષલક્ષણભૂત...'** દરેક વૃક્ષ પોતપોતાના ખાસ–વિશેષ જુદાં લક્ષણભૂત **'સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું...'** પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ છે એનાથી જણાતું **'ઊભું થતું જે અનેકત્વ તેને...'** એ અનેકપણું જે છે તેને **'સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક...'** પણ છે... છે... છે... છે... (એ અપેક્ષાએ સામાન્ય છે). વનમાં આમ આંબાના ઝાડ હોય, બીજાં બાવળનાં ઝાડ હોય, પીપળાનાં ઝાડ હોય એમ એક-એકનું ભિન્નપણું છે. છતાં પણ વૃક્ષપણું બધાંમાં છે એ અપેક્ષાએ બધાં એક થાય છે. એક થાય એટલે બધી ચીજ એક થતી નથી, પણ છે... છે... છે... 'છે'પણામાં એકપણું કહેવાય છે. આહા..હા...! આવું છે.

અહીં એ વાત લેવી નથી કે, આ આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયે અનેક છે છતાં તેની દૃષ્ટિ કરવી છે એક ઉપર, એ અહીં લેવું નથી. સમજાય છે કાંઈ ? આ આત્મા દ્રવ્ય છે, ગુણ છે અને પર્યાય છે એમ અનેક છે, છતાં દૃષ્ટિનો વિષય છે તે અનેક નથી. સમ્યગ્દર્શનનો વિષય એક ત્રિકાળી ધ્રુવ છે. પર્યાય છે એ ધ્રુવનું લક્ષ કરે છે. પર્યાય પણ સાબિત કરી. પર્યાય એકપણું ત્રિકાળ છે તેની દૃષ્ટિ કરીને તેનો સ્વીકાર કરે છે. એમાં પર્યાયની સિદ્ધિ થઈ–પર્યાય છે. પર્યાય ભિન્ન છે અને એનો વિષય ત્રિકાળ (સ્વભાવ) પણ ભિન્ન છે. એમ અહીં નથી (કહેવું).

અહીં તો દરેક દ્રવ્યનું સ્વરૂપ પોતાથી છે–દ્રવ્ય-ગુણ-પર્યાયથી (છે). દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. એમ બધા પદાર્થો પણ દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. છે... છે... છે... છે... છે... એવા એકપણામાં સ્વરૂપ-અસ્તિત્વનું અનેકપણું લક્ષમાં આવતું નથી એટલે તિરોભૂત થઈ જાય છે. વાણિયાને આવી વાત (સમજવી) !

શ્રોતા :– પણ બુદ્ધિવાળા પણ વાણિયા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બુદ્ધિવાળા બધાં ઠીક (છે). વાણિયાને જૈનધર્મ–સંપ્રદાય હાથ આવ્યો છે ને ! આ..હા..હા...!

(અહીં કહે છે કે), વૃક્ષપણું એક-એક છે એ ભિન્ન છે. પણ બધાં વૃક્ષોને એકસાથે કહીએ તો બધાં(નું) વૃક્ષપણું એક છે. છતાં એકમાં અનેકપણું ઢંકાઈ જાય છે. ઢંકાવા છતાં અનેકપણું–વૃક્ષનું વૃક્ષપણું જુદું રહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! અહીં તો સાવચેત–એકાગ્ર થવું કે, ભગવાનઆત્મા ! અનંતગુણનું એકરૂપ(સ્વરૂપ છે). એમાં ગુણ છે, ગુણી છે અને પર્યાય છે. એ ત્રણ છે એ અનેક છે. છતાં સત્... સત્... સત્... તરીકે તે એક છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ રીતે એક હોવા છતાં વર્તમાન પર્યાય છે એ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ અખંડ પરમેશ્વર ! એનો એ સ્વીકાર કરે છે.

એ ('સમયસાર'ની) ૩૨૦ ગાથામાં આવ્યું છે ને ? (કે), ધ્યાતા પુરુષ (એમ ધ્યાવે છે કે), જે સકળનિરાવરણ પ્રભુ અખંડ એક (કહ્યું) ત્યાં અખંડ એક દ્રવ્ય લેવું. અહીં એક લેવું છે (એ) દ્રવ્ય-ગુણ-પર્યાયનું એકપણું (છે) તે એક લેવું છે અને બીજાં બધાં થઈને સત્ છે તેમાં એકપણું લેતાં અનેકપણું ત્યાં ઢંકાઈ જાય છે.

અહીંયાં સ્વરૂપનું જે એકપણું છે (એ લેવું છે). સમ્યગ્દર્શન છે પર્યાય અને તેમાં શ્રદ્ધા નામનો ગુણ પણ ત્રિકાળ અને દ્રવ્ય પણ ત્રિકાળ. ત્રણે છે. છતાં પર્યાય ખંડખંડ જ્ઞાનને ધ્યાનમાં લેતી નથી. આહા..હા...! પર્યાય અખંડ જ્ઞાયકભાવને લક્ષમાં, દૃષ્ટિમાં લ્યે છે. ત્યારે તેને વાસ્તવિક પૂર્ણ સત્ પોતાનું એકપણું સમ્યગ્દર્શનમાં ભાસે છે. એ જુદું અને આ (ચાલતા વિષયમાં કહે છે એ) જુદું.

આ તો દરેક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે સ્વરૂપ-અસ્તિત્વ(થી) બીજાં બધાં અસ્તિત્વ કરતાં જુદું છે. સ્વરૂપે પોતાનું હોવાપણું જુદું છે. પણ 'છે' એવા સાદૃશ્ય-સત્‌ને લઈને, 'છે' એવા એકપણાના લક્ષે અનેકનું જે જુદું એક-એક સ્વરૂપ-અસ્તિત્વ છે તે ત્યાં ઢંકાઈ જાય છે. આવો માર્ગ ! કોઈ 'દી આવું સાદૃશ્ય-અસ્તિત્વ સાંભળ્યું ન હોય. આહા..હા...!

એ કહે છે '**સાદૃશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે,...**' છે... છે... છે... છે... જડ છે, ચૈતન્ય છે... આહા..હા...! ભવી જીવ છે, અભવી જીવ છે, પર્યાય છે, ગુણ છે, દ્રવ્ય છે પણ એ છે... છેમાં બધાંના સાદૃશ્ય 'છે'પણામાં એકપણું જે ભિન્ન છે એ ઢંકાઈ જાય છે. છે ? '**એકત્વ તિરોહિત કરે છે,...**' છે... છે... એવું જે એકત્વ એ ભિન્ન સ્વરૂપનું અસ્તિત્વ છે તેને તે ઢાંકી દે છે. આહા..હા...! આ તો વીતરાગે કહેલું તત્ત્વ શું છે એની વાસ્તવિક સ્થિતિની શ્રદ્ધા કરાવે છે. બીજાં અન્યમતિઓ બીજી રીતે કહેતા હોય તો એવું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ ? આ..હા...!

'**તેમ...**' (એટલે) એ વૃક્ષની જેમ. જેમ એ વૃક્ષમાં (કહ્યું) '**તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ...**' (અર્થાત્) ભિન્ન-ભિન્ન છે એવું અનેકપણું પોતાના સ્વરૂપ-અસ્તિત્વને લઈને અનેક છે. એ અનેકત્વને '**સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક...**' (સાદૃશ્ય એટલે) સમાનપણું. છે... છે... છે... છે... ઈ અપેક્ષાએ સમાનપણું (છે). આ..હા..હા...! તે '**સાદૃશ્યદર્શક 'સત્'પણા વડે (–'સત્' એવા ભાવ વડે, હોવાપણા વડે, 'છે'પણા વડે) ઊભું થતું એકત્વ...**' છે... બધું છે. એ '**ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે.**' (અર્થાત્) અનેકને તિરોહિત કરે છે. એક-એક ભિન્ન છે તેને તે ઢાંકી દે છે. આવું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાષા તો સાદી છે પણ હવે વસ્તુ તો (જે છે તે છે). પરમાત્મા જિનેશ્વરદેવ ! જે રીતે વસ્તુનું સ્વરૂપ (જોયું છે તેવું કહ્યું છે). ભિન્ન પણ છે અને છે... છે... તરીકે સાદૃશ્યપણે બધું એક છે. એકમાં અનેકપણું ઢંકાઈ જાય છે. છતાં એકમાં અનેકપણું ભિન્ન નથી એમ નહિ. આહા..હા...!

'**વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક...**' સામાન્યલક્ષણ–છે... છે... છે... એવા '**વૃક્ષપણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં...**' એક-એક વૃક્ષનું સ્વરૂપ, ઘણાં વૃક્ષો છે... છે... છે... એની એકપણાની અપેક્ષાએ એક વૃક્ષનું ભિન્નપણું ઢંકાઈ જતું હોવા છતાં '**વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે...**' આ..હા..હા...! શું કીધું ? છે... છે... છે... છે... એ કહ્યું છતાં એમાં અનેકપણું જે ભિન્ન છે તે સ્પષ્ટપણે પ્રકાશે છે. એ ઢંકાઈ ગયું માટે ભિન્ન-ભિન્ન નથી, એમ નથી. આ..હા..હા...! '**(આબાદ રહે છે, નષ્ટ થતું નથી), તેમ...**' એ વૃક્ષનો દાખલો આપ્યો.

'**સર્વ દ્રવ્યોની બાબતમાં પણ, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્'**-' છે... છે... છે... છે... છે... છે... ઈ સામાન્યલક્ષણ (છે). આહા..હા...! (એવા) '**સત્'પણાથી ઊભા થતા એકત્વ વડે...**' સર્વ દ્રવ્યોની બાબતમાં પણ અનેકપણું ત્યાં તિરોહિત થતું હોવા છતાં '**(પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી...**' દરેક આત્મા, દરેક પરમાણુ પોતાના સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી '**ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશનમાન રહે છે.**' એક... એક... એક... સત્... સત્... સત્... કરીને કીધું માટે એકપણું જે જુદું છે એ નાશ થઈ જાય છે, એમ નથી. આહા..હા...! વીતરાગનો માર્ગ આવો છે. કોઈ એક જ સર્વવ્યાપક કહે છે, ત્યારે કોઈ એકાંત અનેક છે (એમ માને છે). પણ અનેક ભિન્ન-ભિન્ન જાત છે એને માનતા નથી. છ દ્રવ્યો છે એને જાણતા નથી. એક ચેતન છે અને પાંચ અચેતન છે. ઈ 'છે' અપેક્ષાએ બધાં સત્માં જાય છે, પણ છતાં સત્માં એકપણે હોવા છતાં અનેકપણું – જુદું દ્રવ્ય છે તેનું અસ્તિત્વ નાશ થતું નથી. આ..હા..હા...! આમ વસ્તુની સ્થિતિ જે રીતે છે તે રીતે સિદ્ધ કરે છે.

'**(ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ (અર્થાત્ આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ ઇત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન-ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે,...)**' ઝાડદીઠ અનેકપણું... અનેકપણું જુદું-જુદું છે. '**(પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે...)**' વૃક્ષપણું, બસ ! આ પણ વૃક્ષ, આ પણ વૃક્ષ, આ પણ વૃક્ષ એ અપેક્ષાએ '**(જે સર્વ વૃક્ષોમાં સાદૃશ્ય (સમાનપણું) બતાવે છે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ...)**' છે... છે... છે... છે... એને મુખ્ય કરીએ '**(ત્યારે**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અનેકપણું ગૌણ થાય છે;...)**' ભિન્ન-ભિન્ન ચીજ ત્યારે તેને ગૌણ થાય છે. વાણિયાને આ બધું (સમજવા) નવરાશ ક્યારે (મળે) ? આ 'પ્રવચનસાર' છે, ભગવાનની દિવ્યધ્વનિ ! એનું આ માખણ છે. આહા..હા...!

શ્રોતા :– સમજી શકે તો વાણિયા જ સમજી શકે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજે તો ઈ સમજે. આહા..હા...! બીજાને મળ્યું છે ક્યાં ? આ..હા...!

'**(તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં) દ્રવ્યોનું...)**' જોયું ? ઘણાં અને છ પ્રકારના–બહુવિધ છે ને ? (એ બધાં) '**(દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન-ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે,...)**' દરેક દ્રવ્ય જુદાં-જુદાં છે. '**(પરંતુ સત્પણું (–હોવાપણે, 'છે' એવો ભાવ)...**' હોવાથી. (અર્થાત્) આ પણ હોવાપણે છે, આ પણ હોવાપણે (છે), આ પણ હોવાપણે (છે). એ છે... એ છે... એ છે... એવો ભાવ '**(કે જે સર્વ દ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદૃશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે;...)**' આ અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે. આ..હા..હા...! છએ દ્રવ્ય છે એમ (કહે છે). સ્વરૂપ-અસ્તિત્વથી એક-એક દ્રવ્ય ભિન્ન છે પણ છે... છે... છે... છે... (એવા) સાદૃશ્ય લક્ષણમાં છએ દ્રવ્યો સમાઈ જાય છે.

'**(આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે).**' છે... છે... છે... છે... એમ જ્યારે બધાનું એકપણું કરીએ ત્યારે જે ભિન્ન-ભિન્ન ચીજ છે તે ગૌણ થઈ જાય છે, અભાવ થતી નથી. આહા..હા...! જેમ ('સમયસાર'ની) ૧૧મી ગાથા(માં) પર્યાયને અભૂતાર્થ કીધી ને ? એ અભૂતાર્થ (કહ્યું) પણ ગૌણ કરીને અભૂતાર્થ કહી છે. પર્યાય નથી એમ નહિ. આ..હા...! દરેક દ્રવ્યની પર્યાય પ્રગટ (છે). ત્રણે કાળે દરેક દ્રવ્યની વર્તમાન પર્યાય પ્રગટ... પ્રગટ... પ્રગટ છે. સમજાણું કાંઈ ? છતાં પર્યાય અભૂતાર્થ કીધી. એટલે કે નથી. એ ગૌણ કરીને નથી કહ્યું છે. અભાવ કરીને નથી એમ નથી કહ્યું. આ..હા..હા...! ૧૧મી ગાથા ! અર્થમાં ખુલાસો (કર્યો છે). પર્યાય જૂઠી કીધી છે તો વેદાંત થઈ જાય. એ પર્યાય તો છે. દરેક દ્રવ્યની પ્રગટ પર્યાય છે. જેમ દ્રવ્ય છે, ગુણ છે એમ પર્યાય પણ છે.

શ્રોતા :– પર્યાય ન હોય તો જાણે કોણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય પોતે જ જાણનાર (છે). કાર્ય તો પર્યાયમાં થાય છે. દ્રવ્ય-ગુણમાં કાંઈ કાર્ય થતું નથી. અનિત્ય તે નિત્યનો નિર્ણય કરે છે. નિત્ય નિત્યનો નિર્ણય કરતું નથી. આ..હા..હા...! ત્યાં પર્યાયને નથી એમ કહ્યું એ ગૌણ કરીને કહ્યું છે, પર્યાયનો અભાવ કરીને નહિ. એમ અહીંયાં બધું છે... છે... છે... છે... એકપણું કહ્યું એમાં એક-એક (સ્વરૂપ-અસ્તિત્વની) વાત ગૌણ રહે છે. એ ગૌણનો અભાવ થઈ જાય છે એમ નથી. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવું છે. '**(આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે).**'

'**(વળી આ પ્રમાણે જ્યારે સામાન્ય સત્પણાને મુખ્યપણે લક્ષમાં લેતાં...)**' (અર્થાત્) છે... છે... છે... છે... છે... છે... છે... બધાં દ્રવ્યો 'છે' એમ લક્ષમાં લેતાં '**(સર્વ દ્રવ્યોના એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વ ગૌણ થાય છે).**' જેમ વૃક્ષમાં અનેકપણું ગૌણ થઈ જાય છે એમ દ્રવ્યમાં પણ અનેકપણું છે... છે... એમાં ગૌણ થઈ જાય છે. એ વૃક્ષનો દાખલો આપ્યો. '**ત્યારે પણ તે (સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વસંબંધી) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે).**' આ..હા..હા...! બધાં છે... છે... છે... એમ સાદૃશ્ય લક્ષણ બતાવ્યું છતાં તેનું એક એકપણાનું સ્વરૂપ ભિન્ન પ્રકાશમાન રહે છે. તેનું દ્રવ્ય, તેનો ગુણ, તેની પર્યાય સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે. આ..હા..હા...! આવું સાંભળ્યું ન હોય. છ દ્રવ્ય કહે, પણ છ દ્રવ્ય શું ? 'છે' એની અપેક્ષાએ છ દ્રવ્ય એક કહેવાય. પણ એક-એક દ્રવ્યનું ભિન્ન સ્વરૂપ છે તેનું પ્રકાશમાનપણું કંઈ જાતું નથી. છે... છે... તરીકે બધાંને સાદૃશ્ય કીધું એટલે પોતાની જાત જે ભિન્ન છે એ કંઈ નાશ થતી નથી. એ તો ગૌણપણે કહ્યું છે. આ..હા..હા...! આજની ભાષા આકરી છે ! '**અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે).**' લ્યો !

'**આ પ્રમાણે સાદૃશ્ય-અસ્તિત્વનું નિરૂપણ થયું.**' છે... છે... છે... છે... એ અપેક્ષાએ સદૃશ્યપણાનું કથન કર્યું. આ..હા..હા...! આચાર્યોએ આટલી ટીકા કરીને એક-એક વાક્યની ટીકા કરે છે. મુનિ છે ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન (છે) એના અનુભવમાં છે, પણ એ વખતે વિકલ્પ આવ્યો છે, એ દુઃખરૂપ છે. એના ઉપર લક્ષ નથી, લક્ષ તો દ્રવ્ય ઉપર છે. છતાં આ જાતનો વિકલ્પ અને એ સમયની જાણવાની પર્યાય, એ બધું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? હવે ૯૮ (ગાથા).

'**હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું...**' (અર્થાત્) એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય '**અને દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું...**' અને તે-તે દ્રવ્યની સત્તા તેનાથી જુદી '**હોવાનું ખંડન કરે છે...**' શું કીધું ઈ ? બે વાત કરી -- એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિનું ખંડન કરે છે અને દ્રવ્યથી સત્તા ભિન્ન છે – એનું પણ ખંડન કરે છે. દ્રવ્ય છે તેની સત્તા (તેનાથી) અભિન્ન છે. સત્તા ભિન્ન છે અને દ્રવ્ય ભિન્ન છે, એમ છે નહિ. આ..હા..હા...!

આ બધી બાઈઓને રાંધે એમાંથી નવરાશ ન મળે, નવરા થાય અને સાંભળવા જાય તો (એમ કહેવામાં આવે કે) સામાયિક કરો, પૌષધ કરો,.. થઈ રહ્યું. પણ તત્ત્વ શું છે ? તત્ત્વના અસ્તિત્વની મર્યાદા શું છે ? (એનું ભાન ન મળે). આ..હા..હા...! એક સમયની પર્યાયની મર્યાદા એક સમય પૂરતી. ગુણની મર્યાદા ત્રિકાળ અને દ્રવ્યની મર્યાદા ત્રિકાળ. છતાં છે... છેની અપેક્ષાએ તો બધું છે. 'છે'માં બધામાં 'છે' એમ આવી જાય છે. બધાં 'છે' એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ द्रव्यैर्द्रव्यान्तरस्यारम्भं द्रव्यादर्थान्तरत्वं च सत्तायाः प्रतिहन्ति -

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा।**
**सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ।।९८।।**

**द्रव्यं स्वभावसिद्धं सदिति जिनास्तत्त्वतः समाख्यातवन्तः।**
**सिद्धं तथा आगमतो नेच्छति यः स हि परसमयः।।९८।।**

न खलु द्रव्यैर्द्रव्यान्तराणामारम्भः सर्वद्रव्याणां स्वभावसिद्धत्वात्। स्वभावसिद्धत्वं तु तेषामनादिनिधनत्वात्। अनादिनिधनं हि न साधनान्तरमपेक्षते। गुणपर्यायात्मानमात्मनः स्वभावमेव मूलसाधनमुपादाय स्वयमेव सिद्धसिद्धिमद्भूतं वर्तते। यत्तु द्रव्यैरारभ्यते न

---

अथ यथा द्रव्यं स्वभावसिद्धं तथा तत्सदपि स्वभावत एवेत्याख्याति - **दव्वं सहावसिद्धं** द्रव्यं परमात्मद्रव्यं स्वभावसिद्धं भवति। कस्मात्। अनाद्यनन्तेन परहेतुनिरपेक्षेण स्वतः सिद्धेन केवलज्ञानादिगुणाधारभूतेन सदानन्दैकरूपसुखसुधारसपरमसमरसीभावपरिणतसर्वशुद्धात्म-

---

બધું આવી જાય. પણ એ 'છે' એવું એકપણું આવવા છતાં તેના દ્રવ્યનું ભિન્નપણું–અનેકપણું છે એ કંઈ નાશ થતું નથી. એ અનેકપણું સ્પષ્ટ પ્રકાશમાન રહે છે. આ..હા..હા...!

હવે, અહીં દ્રવ્યની સત્તા દ્રવ્યથી જુદી છે એનું ખંડન કરે છે. શું કીધું ? એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ (થાય તેનું ખંડન કરે છે). આ..હા..હા...! હા, દ્રવ્યથી ઉત્પત્તિ થાય પણ પર્યાયની થાય. દ્રવ્યથી ઉત્પત્તિ થાય પણ પર્યાયની થાય. દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ થાય, એમ નથી. આ..હા..હા...! '**દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું...**' જુદાપણું '**હોવાનું ખંડન કરે છે. (અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી એમ નક્કી કરે છે).**' (અર્થાત્) વસ્તુથી એની સત્તા જે છે એ સત્તા દ્રવ્યથી જુદી નથી. આ..હા...! સમજાણું કાંઈ ?

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा।**
**सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ।।९८।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



तद्द्रव्यान्तरं, कादाचित्कत्वात् स पर्यायः, द्व्यणुकादिवन्मनुष्यादिवच्च। द्रव्यं पुनरनवधि त्रिसमयावस्थायि न तथा स्यात्। अथैवं यथा सिद्धं स्वभावत एव द्रव्यं, तथा सदित्यपि तत्स्वभावत एव सिद्धमित्यवधार्यताम्, सत्तात्मनात्मनः स्वभावेन निष्पन्ननिष्पत्तिमद्भावयुक्तत्वात्। न च द्रव्यादर्थान्तरभूता सत्तोपपत्तिमभिप्रपद्यते यतस्तत्समवायात्तत्सदिति स्यात्। सतः सत्तायाश्च न तावद्युतसिद्धत्वेनार्थान्तरत्वं, तयोर्दण्डदण्डिवद्युतसिद्धस्यादर्शनात्। अयुतसिद्धत्वेनापि न तदुपपद्यते। इहेदमिति प्रतीतेरुपपद्यत इति चेत् किंनिबन्धना हीहेदमिति प्रतीतिः। भेदनिबन्धनेति चेत् को नाम भेदः। प्रादेशिक अताद्भाविको वा। न तावत्प्रादेशिकः,

---

प्रदेशभरितावस्थेन शुद्धोपादानभूतेन स्वकीयस्वभावेन निष्पन्नत्वात्। **यच्च** स्वभावसिद्धं न भवति तद्द्रव्यमपि न भवति। द्व्यणुकादिपुद्गलस्कन्धपर्यायवत् मनुष्यादिजीवपर्यायवच्च। **सदिति** यथा स्वभावतः सिद्धं तद्द्रव्यं तथा सदिति सत्तालक्षणमपि स्वभावत् एव भवति, न च भिन्नसत्तासमवायात्। अथवा यथा द्रव्यं स्वभावतः सिद्धं तथा तस्य योऽसौ सत्तागुणः सोऽपि स्वभावसिद्ध एव। कस्मादिति चेत्। सत्ताद्रव्ययोः संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि दण्डदण्डिवद्भिन्नप्रदेशाभावात्। **इदं** के कथितवन्तः। **जिणा तच्चदो समक्खादा** जिनाः कर्तारः

---

હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે (અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી એમ નક્કી કરે છે :-

---

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'–તત્ત્વતઃ શ્રી જિનો કહે,**
**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.**

દ્રવ્ય સત્સ્વરૂપ જ છે. આ..હા...! એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ઉત્પત્તિ માને એ પણ મિથ્યાદૃષ્ટિ (છે) અને એક દ્રવ્યની સત્તા એનાથી ભિન્ન છે એમ માને એ પણ મિથ્યાદૃષ્ટિ (છે). સમજાય છે કાંઈ ?

પ્રશ્ન :– પરમેશ્વરે બધાંને પેદા કર્યા એ ખોટું ?

સમાધાન :– કોણ કરે ? (આગળ) કહેશે. દ્રવ્ય પોતે પર્યાયની ઉત્પત્તિ કરે. પોતાની પર્યાયની ઉત્પત્તિ કરે પણ (એ) દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયની કંઈ ઉત્પત્તિ કરે એમ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



पूर्वमेव युतसिद्धत्वस्यापसारणात्। अताद्भाविकश्चेत् उपपन्न एव, यद्द्रव्यं तन्न गुण इति वचनात् अयं तु न खल्वेकान्तेनेहेदमिति प्रतीतेर्निबन्धनं, स्वयमेवोन्मग्ननिमग्नत्वात्। तथा हि-यदैव पर्यायेणार्प्यते द्रव्यं तदैव गुणवदिदं द्रव्यमयमस्य गुणः, शुभ्रमिदमुत्तरीयमयमस्य शुभ्रो गुण इत्यादिवदताद्भाविको भेद उन्मज्जति। यदा तु द्रव्येणार्प्यते द्रव्यं तदास्तमित-

---

तत्त्वतः सम्यगाख्यातवन्तः कथितवन्तः **सिद्धं तह आगमदो** सन्तानापेक्षया द्रव्यार्थिकनयेनानादिनिधनागमादपि तथा सिद्धं **णेच्छदि जो सो हि परसमओ** नेच्छति न मन्यते य इदं वस्तुस्वरूपं स हि स्फुटं परसमयो मिथ्यादृष्टिर्भवति। एवं यथा परमात्मद्रव्यं

---

द્રવ્યો સ્વભાવે સિદ્ધને 'સત્' – તત્ત્વતઃ શ્રી જિનો કહે;
એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.

અન્વયાર્થ :- [द्रव्यं] દ્રવ્ય [स्वभावसिद्धं] સ્વભાવથી સિદ્ધ અને [सत् इति] (સ્વભાવથી જ) 'સત્' છે એમ [जिनाः] જિનોએ [तत्त्वतः] તત્ત્વતઃ [समाख्यातवन्तः] કહ્યું છે; [तथा] એ પ્રમાણે [आगमतः] આગમ દ્વારા [सिद्धं] સિદ્ધ છે; [यः] જે [न इच्छति] ન માને [सः] તે [हि] ખરેખર [परसमयः] પરસમય છે.

ટીકા :– ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ થતી નથી, કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે. (તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે; કારણ કે અનાદિનિધન

---

બીજા દ્રવ્યની ઉત્પત્તિ તો કરે નહિ પણ બીજા દ્રવ્યની પર્યાયની પણ ઉત્પત્તિ કરે નહિ. આ..હા..હા...! આવું છે.

**ટીકા :– 'ખરેખર દ્રવ્યો...'** એટલે વસ્તુઓ. એનાથી '**દ્રવ્યાંતરો...**' એટલે અનેરા દ્રવ્યોની '**ઉત્પત્તિ થતી નથી,...**' શું કહ્યું ? ખરેખર જે વસ્તુ છે તેનાથી અનેરી વસ્તુની ઉત્પત્તિ થતી નથી. દ્રવ્યાંતર એટલે એ દ્રવ્યથી અનેરા દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. આહા..હા...! ઈશ્વરકર્તા તો નથી પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી (એમ કહે છે). આ..હા..હા...! અકર્તાપણું તો ત્યાં સુધી સિદ્ધ કર્યું છે... આ..હા..હા...! કે, એ દ્રવ્ય પોતે પર્યાયની કર્તા છે એ પણ નહિ. આહા..હા...! ત્યાં સુધી સિદ્ધ કર્યું છે. પરની પર્યાયનો કર્તા તો નહિ પણ દ્રવ્ય પોતે (પોતાની) પર્યાયનો કર્તા પણ નહિ. પર્યાય પર્યાયથી થાય અને પર્યાય પર્યાયનું કર્તા, કરણ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



समस्तगुणवासनोन्मेषस्य तथाविधं द्रव्यमेव शुभ्रमुत्तरीयमित्यादिवत्प्रपश्यतः समूल एवाताद्भाविको भेदो निमज्जति। एवं हि भेदे निमज्जति तत्प्रत्यया प्रतीतिर्निमज्जति। तस्यां निमज्जत्यामयुतसिद्धत्वोत्थमर्थान्तरत्वं निमज्जति। ततः समस्तमपि द्रव्यमेवैकं भूत्वावतिष्ठते। यदा तु भेद उन्मज्जति, तस्मिन्नुन्मज्जति तत्प्रत्यया प्रतीतिरुन्मज्जति, तस्यामुन्मज्जत्यामयुतसिद्धत्वोत्थमर्थान्तरत्वमुन्मज्जति, तदापि तत्पर्यायत्वेनोन्मज्जज्जलराशेर्जलकल्लोल इव द्रव्यान्न व्यतिरिक्तं स्यात्। एवं सति स्वयमेव सद्द्रव्यं भवति। यस्त्वेवं नेच्छति स खलु परसमय एव द्रष्टव्यः।।९८।।

---

स्वभावतः सिद्धमवबोद्धव्यं तथा सर्वद्रव्याणीति। अत्र द्रव्यं केनापि पुरुषेण न क्रियते। सत्तागुणोऽपि द्रव्याद्भिन्नो नास्तीत्यभिप्रायः।।९८।।

---

સાધનાંતરની અપેક્ષા રાખતું નથી, ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ – કે જે મૂળ સાધન છે તેને – ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.

જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી, કાદાચિત્કપણાને લીધે પર્યાય છે; જેમ કે દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે. દ્રવ્ય તો અનવિધ (મર્યાદા વિનાનું), ત્રિસમય-અવસ્થાયી (ત્રણે કાળ રહેનારું) હોવાથી ઉત્પન્ન ન થાય.

---

છે. આહા..હા...! આવું સ્વરૂપ !

ભગવાનઆત્મા ! પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. પૂર્ણસ્વરૂપ ! પરમાત્મસ્વરૂપ ! અખંડ અનંત શક્તિઓની અખંડતાનું તત્ત્વ છે. આહા..હા...! પણ તે તત્ત્વમાં ગુણ દ્રવ્યથી જુદાં છે, સત્તા જુદી છે એમ નથી. આ..હા...! અહીં પર્યાય દ્રવ્યથી જુદી છે એમ પણ નથી લેવું. અહીં તો ફક્ત પરથી ભિન્ન પાડવું છે ને ? આ..હા...! '**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ**' બીજે ઠેકાણે ('સમયસાર') ૩૨૦ ગાથા(માં) એમ કહે (કે), મોક્ષની પર્યાય અને નિર્જરાની પર્યાયને પણ દ્રવ્ય કરતું નથી. આહા..હા...! એ બે વચ્ચેની (વાત છે) આ તો બીજાની સાથેની (ભિન્નપણાની વાત છે). આહા..હા...! આ એક (આત્મ) તત્ત્વ શરીરના તત્ત્વને ઊપજાવે કે શરીરની પર્યાયને ઊપજાવે એમ નથી. આહા..હા...! બહુ ઝીણું !

'**ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની...**' દ્રવ્યાંતર એટલે અનેરા દ્રવ્યની '**ઉત્પત્તિ થતી નથી.**' બાપથી દીકરો થતો નથી ? આ બાપથી દીકરો થયો, આ એની માથી દીકરો થયો (એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે એ રીતે જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ '(તે) સત્ છે' એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે એમ નિર્ણય હો, કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે (–દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો– રચાયેલો છે).

દ્રવ્યથી અર્થાંતરભૂત સત્તા ઉપપન્ન નથી (–બની શકતી નથી, ઘટતી નથી, યોગ્ય નથી) કે જેના સમવાયથી તે (–દ્રવ્ય) 'સત્' હોય. (આ વાત સ્પષ્ટ સમજાવવામાં આવે છે :)

પ્રથમ તો સત્‌થી સત્તાનું યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું નથી, કારણ કે દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણુ જોવામાં આવતું નથી. (બીજું,) અયુતસિદ્ધપણા વડે પણ તે (–અર્થાંતરપણું) બનતું નથી. 'આમાં આ છે (અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે (– શા કારણે) થાય છે ? ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાના કારણે થાય છે) એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), ક્યો ભેદ ? પ્રાદેશિક કે અતાદ્‌ભાવિક ? પ્રાદેશિક તો નથી, કારણ કે યુતસિદ્ધપણું પૂર્વે જ રદ કર્યું છે. અતાદ્‌ભાવિક કહેવામાં આવે તો તે ઉપપન્ન જ (-ઉચિત જ) છે, કારણ

---

તો કહે છે). બધું ગપ છે. આહા..હા...! આણે આટલા પૈસા પેદા કર્યા, આણે આટલા મકાન બનાવ્યા, એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું નથી કરતા ?

શ્રોતા :– કાલે ભક્તિમાં તો આવ્યું હતું કે, આપ સ્વાધ્યાયમંદિર લાવ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો લખ્યું છે. કોણ કરે ? કહે છે. આ..હા..હા...! અહીં તો જંગલ હતું. તમે આવ્યા પછી આ બધું થયું માટે તમારાથી થયું ! એમ નથી. આહા..હા...! (ભક્તિમાં ગવરાવ્યું) એ તો નિમિત્તની વાતું છે. આહા..હા...! એક દ્રવ્ય બીજા દ્રવ્યને બીજા ક્ષેત્રથી ખેંચી લાવે એમ પણ નથી. આહા..હા...! એક દ્રવ્ય બીજા દ્રવ્યને નવું બનાવે એમ પણ નથી, તે દ્રવ્યની પર્યાય બનાવે એમ પણ નથી. તેમ એ દ્રવ્ય, બીજા દ્રવ્યો બીજે ક્ષેત્રે હોય ત્યાંથી ખેંચીને અહીં લાવે એમ પણ નથી. આહા..હા...!

'**કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે.**' પોતાના સ્વ-ભાવ... સ્વ-ભાવ(થી સિદ્ધ છે). દરેક પદાર્થ પોતાના સ્વભાવ(થી સિદ્ધ છે). પરમાણુ, આત્મા, કાળાણુ... આ..હા..હા...! પોતાના સ્વભાવથી તે સિદ્ધ છે. પરને લઈને એ સિદ્ધ નથી. આહા..હા...! '(**તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે;...**' આ..હા..હા...! દરેક દ્રવ્યનું સ્વભાવસિદ્ધપણું અનાદિ-અનંત(પણાને) લઈને છે. આહા..હા...! દીકરામાં બાપનો અણસાર આવે (એમ કહે છે). એના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે 'જે દ્રવ્ય છે તે ગુણ નથી' એવું (શાસ્ત્રનું) વચન છે. પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે) આ અતાદ્‌ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે' એવી પ્રતીતિનો આશ્રય (–કારણ) નથી, કારણ કે તે (અતાદ્‌ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે. તે આ પ્રમાણે : જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે – પહોંચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે જ – 'શુકલ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે' ઇત્યાદિની માફક – 'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે' એમ અતાદ્‌ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે. પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે – પહોંચે છે એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવને – 'શુક્લ વસ્ત્ર જ છે' ઇત્યાદિની માફક – 'આવું દ્રવ્ય જ છે' એમ જોતાં સમૂળો જ અતાદ્‌ભાવિક ભેદ નિમગ્ન થાય છે. એ રીતે ભેદ નિમગ્ન થતાં તેના આશ્રયે (–કારણે) થતી પ્રતીતિ નિમગ્ન થાય છે. તે (પ્રતીતિ) નિમગ્ન થતાં આયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું નિમગ્ન થાય છે. તેથી

---

બાપથી દીકરો થયો એમ નહિ ? એનો અણસાર આવે એના જેવો. કોઈ કોઈના દ્રવ્યથી કોઈ કોઈની દ્રવ્યપર્યાય ઉત્પન્ન થાય એમ નથી. આહા..હા...! એ તો સમજાવવું હોય ત્યારે વ્યવહારથી સમજાવાય.

એ તો બેને લખ્યું નથી ? (કે) પિતાજીનો અણસાર દીકરામાં આવે. એટલે કે વીતરાગ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માનો અણસાર મુનિપણામાં આવે. એમ આવ્યું છે ને ? વાત એ સિદ્ધ કરી છે. આ..હા..હા...! પિતાજીના શરીર, આકાર, વાણી આદિનો અણસાર પુત્રમાં દેખાય. છે સ્વતંત્ર, પણ દેખાય. એમ ત્રિલોકનાથ વીતરાગપ્રભુ ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનું બિંબ પર્યાયમાં (દેખાય). આ..હા..હા...! એ મુનિપણામાં વીતરાગપિતાજીનો અણસાર દેખાય. આહા..હા...! છે એનાથી, એની શરીરની પર્યાય શરીરની પર્યાયથી (છે) પણ આ વીતરાગનો ભાવ પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથનો અણસાર મુનિની દશામાં દેખાય. આ..હા..હા...! શાંત... શાંત... શાંત... શાંત...! વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ...! જ્યાં રાગની પ્રેરણા અને વિકલ્પનું જ્યાં સ્થાન નથી. આહા..હા...! એવા મુનિપણાનો–વીતરાગ સ્વભાવ અનુસાર એનો નમૂનો દેખાય. આ મુનિ ! આ..હા..હા...! જેની શ્રદ્ધા વીતરાગી, જેનું જ્ઞાન વીતરાગી, જેનું ચારિત્ર વીતરાગી ! આ..હા..હા...! એ બધો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ ધર્મપિતાનો અણસાર (છે) એમ કહેવાય. થયું છે પોતાથી. એવા જ થયા છે. દેખાવ આમ શાંત મુનિ હોય ! એકલો પંચમભાવ ! આ..હા..હા...! જેમ પરમાત્માને એકલો પરમાત્મ સ્વભાવભાવ પરિણમનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધુંય (આખુંય), એક દ્રવ્ય જ થઈને રહે છે. અને જ્યારે ભેદ ઉન્મગ્ન થાય છે, તે ઉન્મગ્ન થતાં તેના આશ્રયે (–કારણે) થતી પ્રતીતિ ઉન્મગ્ન થાય છે, તે (પ્રતીતિ) ઉન્મગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું ઉન્મગ્ન થાય છે, ત્યારે પણ (તે) દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી, – જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી (અર્થાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ – દ્રવ્યથી વ્યતિરિક્ત હોતું નથી.

આ પ્રમાણે હોવાથી (એમ નક્કી થયું કે) દ્રવ્ય સ્વયમેવ સત્ છે. આમ જે માનતો નથી તે ખરેખર પરસમય જ માનવો. ૯૮.

---

પ્રગટ્યો છે એવો જ મુનિરાજને પંચમભાવ, ક્ષાયિકભાવ પર્યાયમાં આવે છે. પંચમભાવમાંથી પર્યાયમાં ક્ષાયિકભાવ (આવે છે). પારિણામિકભાવનું એ પરિણમન વીતરાગી પરિણમન (છે).

ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ છે તો એની પર્યાયમાં વીતરાગતાનો અણસાર આવે. આ..હા..હા...! રાગ અને પંચમહાવ્રતનો રાગ એ એનો અણસાર નહિ. આહા..હા...! એનો અંશ ચોથા (ગુણસ્થાનમાં) પણ આવે. વીતરાગી દૃષ્ટિ છે ને ? આ..હા..હા...! મુનિપણું એ તો ભગવાનના જાણે ખાસ પુત્ર હોય નહિ ! વીતરાગતાનો વારસો જાણે મળ્યો હોય નહિ ! આહા..હા...!

શ્રોતા :– 'ગૌતમ'ને ભગવાનના પુત્ર કહેવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ કહેવાય છે. 'સર્વજ્ઞપુત્ર' કીધાં છે. 'ગૌતમ' 'સર્વજ્ઞપુત્ર' (છે) એ આ અપેક્ષાએ. આહા..હા...! સર્વજ્ઞનો અણસાર–અંતરમાં ચાર જ્ઞાન પ્રગટ્યા, વીતરાગીદશા ! શરીરમાં વીતરાગી બિંબ આમ ઢળી ગયું !! આ..હા...! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં...' આ..હા..હા...! જેની આંખમાં, શરીરમાં ઉપશમરસ ! ભગવાનનો જેવો ઉપશમરસ છે એવો મુનિનો ઉપશમરસ છે ! બાપુ ! એ કોઈ અલૌકિક વાતું છે ! આ..હા..હા...!

પંચમભાવ ત્રિલોકનાથ મહાસત્–સત્તા ! બધું થઈને મહાસત્તા એમ નહિ, પણ પોતે મહાસત્તા એટલે મહા હોવાપણે પદાર્થ, એનો જ્યાં સ્પર્શ નથી... આહા..હા...! એનો આદર નથી, એનો આશ્રય નથી, ત્યાં તો વીતરાગભાવની શરૂઆત પણ નથી. આહા..હા...! શું કહે છે ? એ ભગવાનનો વીતરાગભાવ છે એથી એનાથી બીજા મુનિઓમાં વીતરાગભાવ આવે, એમ નથી. આ..હા..હા...!

**'સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે. (તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે;...'** ઇ તો અનાદિ-અનંત જિનસ્વરૂપ છે. આહા..હા...! પરમાણુ પણ અનાદિ-અનંત સ્વભાવસિદ્ધ છે, કાળાણુ પણ અનાદિ-અનંત સ્વભાવસિદ્ધ છે. આ..હા..હા...! જાતિ તરીકે છ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય કહ્યાં પણ સંખ્યા તરીકે અનંત (છે). એ અનંત અનાદિ-અનંત (સ્વભાવથી) પોતે છે. આહા..હા...!

'**કારણ કે અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી,...**' શું કહે છે ? જે ચીજ અનાદિ-અનંત છે (અર્થાત્) આદિ અને અંતરહિત છે એ અનાદિ-અનંત હોય તેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી. આહા..હા...! બેનના શબ્દમાં તો આવ્યું છે ને ? દ્રવ્યના કાર્ય માટે અન્ય દ્રવ્યના સાધનની રાહ જોવી પડતી નથી. આહા..હા...! દ્રવ્ય એને કહેવાય કે એના કાર્યને માટે અનેરા દ્રવ્યની રાહ જોવી પડતી નથી. આ..હા..હા..હા...! એ અનેરા દ્રવ્યને લઈને એવું (કાર્ય) પ્રગટે છે એમ નથી. એનું હોવાપણું તો અનાદિ-અનંત છે અને અનાદિ-અનંતને આશ્રયે જે દશા પ્રગટી એ પણ એનું પોતાનું સત્ છે. એ પરને લઈને ઉત્પન્ન થાય છે એમ નથી. કારણ કે વસ્તુ (જેમ) અનાદિ-અનંત દ્રવ્ય અને ગુણ છે તેમ પર્યાય અનાદિ-અનંત છે. ભલે એક સમયની સ્થિતિ હો, (પણ) એ અનાદિ-અનંત પર્યાય છે... છે... છે... છે... છે... છે... એને કોઈ ઉત્પત્તિનું કારણ નથી. આહા..હા...! વસ્તુ જેમ અનાદિ-અનંત, ગુણ અનાદિ-અનંત, પર્યાય પણ ક્રમસરમાં અનાદિ-અનંત (છે). આ..હા..હા...! એવા અનાદિ-અનંત દ્રવ્ય-ગુણ અને પર્યાયને પરની અપેક્ષા હોતી નથી. આ..હા..હા...! તત્ત્વને સમજ્યા વિના એમને એમ ઉપરટપકે એકાંત છે... એકાંત છે... એમ કહી નાખવું (એમાં) મોટી જવાબદારી છે, પ્રભુ ! આ બધું ચાલ્યું જશે, કોઈ નહિ રહે. આહા..હા...! એકલો છોડીને ચાલ્યો જશે. એકલો છે એ એકલો જ રહેશે. આ..હા...!

ખરેખર તો શુભાશુભ ભાવ કર્યા હશે એના પરમાણુ બંધાણા હશે, એ પરમાણુ પણ પોતાને કારણે આત્મા સાથે આવશે, આત્માને કારણે નહિ. આ..હા..હા..હા...! શું કહ્યું ઈ ? શુભ-અશુભ ભાવ થયા એના પરમાણુ બંધાણા, એ નિમિત્ત (છે). પરમાણુ પરમાણુથી છે. આવે છે ને ? 'પદ્મનંદી પંચવિંશતી'માં આવે છે. કર્મ પોતાથી જાય છે, સાથે આવે છે, (એ) આત્માથી નહિ. 'પદ્મનંદી'માં આવે છે. આહા..હા...! આત્માને લઈને કર્મ સાથે આવે છે, એમ નહિ. દ્રવ્ય ભિન્ન છે ને ? બીજા દ્રવ્યને લઈને બીજું દ્રવ્ય ત્યાં ખેંચાઈને આવે, એમ નથી. આ..હા..હા...! થોડા શબ્દોમાં ઘણું ભર્યુ છે... ઘણું ભર્યું છે !!

(અહીંયાં કહે છે કે) '**અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી,...**' જે અનાદિ-અનંત છે, નિધન એટલે અંત નથી. આદિ અને અંત વિનાનું છે. એને સાધનાંતર (એટલે) બીજાં સાધનની અપેક્ષા રાખતું નથી. સાધનાંતર–અનેરા સાધનની અપેક્ષા રાખતું નથી. આહા..હા...! ભગવાનઆત્મા ! પૂર્ણ ગુણનું ધામ ! એના કાર્યમાં–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના કાર્યમાં કોઈ સાધનાંતરની એને જરૂર નથી. જેમ દ્રવ્ય-ગુણને સાધનાંતરની જરૂર નથી, તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી પર્યાયને પણ અનેરા સાધનાંતરની જરૂર નથી. આ..હા..હા...!

**'ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ...'** (એટલે) દ્રવ્ય–વસ્તુ. એની શક્તિ અને અવસ્થાસ્વરૂપ એવા પોતાના સ્વભાવને. સ્વભાવ કીધો જોયું ? ગુણ અને પર્યાય પણ સ્વભાવ કીધો. આમાં તો વિકારી પર્યાય પણ સ્વભાવ કીધો. સમજાણું કાંઈ આમાં ? આત્મામાં ગુણ ત્રિકાળ (છે) અને પર્યાય વર્તમાન (છે). ઈ પર્યાય વિકૃત હો કે અવિકૃત હો, પણ એ પોતે એનો સ્વભાવ છે. આહા..હા...! કોઈ કહે કે, એ વિભાવ છે એ નિમિત્તથી ન થાય તો સ્વભાવ થઈ જાય. પણ પ્રભુ ! સાંભળને ! એ પર્યાય પણ એનો સ્વભાવ છે. આ..હા..હા...! આવું બેસવું કઠણ ! છે (પાઠમાં) ? **'ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ–કે જે મૂળ સાધન છે...'** જોયું ? આ..હા...! પહેલાં આવ્યું હતું ને ? 'મૂળ સાધન' ! ગુણ-પર્યાય, ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ દ્રવ્યને સિદ્ધ કરવાનું મૂળસાધન છે. એમ અહીં કહે છે કે, પોતાનો જે ગુણ-પર્યાયસ્વરૂપ સ્વભાવ છે એ મૂળ સાધન છે. **'તેને–ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.'** આવો ઉપદેશ ! આમાં કરવું શું પણ ? એમ કહે છે કે, પરનું કરી શકતો નથી. તારી પર્યાય પણ તારાથી થાય છે એ પણ ખરેખર તો એનો પણ કર્તા નિશ્ચયથી તો નથી. પણ પર્યાય તારી છે અને અનેરા (દ્રવ્યથી) થતી નથી માટે તારાથી થઈ છે એમ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાત છે !

ઓ..હો..હો...! શું વીતરાગમાર્ગ ! અરે...! પરમાત્મા પણ શ્રદ્ધવા, બાપુ ! આ..હા..હા...! ત્રણલોકના નાથ તીર્થંકર ! એના ગુણો અને એની અનંતી પર્યાય (હોય) એવું જગતમાં એક દ્રવ્ય છે, એવા અનંતા સિદ્ધો છે, એવા લાખ્ખો કેવળીઓ છે. બાપુ ! એની શ્રદ્ધા (એ કોઈ અલૌકિક છે) ! એમને એમ માનવું એ જુદી વાત છે. આ..હા..હા...! આવા અનંતા સિદ્ધો પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયથી, પૂર્ણ પર્યાયથી પ્રભુ બિરાજે છે એ એનું અસ્તિત્વ છે. એની પર્યાયને બીજા સાધનાંતરની પણ જરૂર નથી. આહા..હા...! એવા ભગવાન સર્વજ્ઞ બિરાજે છે, કેવળી બિરાજે છે, સિદ્ધ બિરાજે છે. આ..હા..હા...! એવો જ તારો આત્મા (છે), પ્રભુ ! આ..હા..હા...! તારી નિર્મળ પર્યાયની પ્રાપ્તિને માટે સાધનાંતરની જરૂર નથી–અનેરા સાધનની જરૂર નથી. આહા..હા...! નિર્મળ પર્યાયનું સાધન કહેવું હોય તો તે પોતાનું દ્રવ્ય છે, પોતાનું દ્રવ્ય છે. આહા..હા...! એ તો આવી ગયું ને ? કર્તા-કરણ-અધિકરણ. એ આવી ગયું ને ? ગુણ-પર્યાય દ્રવ્યનું કર્તા-કરણ છે અને દ્રવ્ય ગુણ-પર્યાયનું કર્તા-કરણ અને અધિકરણ (છે). આ..હા..હા..હા...! થોડી વાતે પણ ગજબ કામ કર્યા છે ને !! આ..હા..હા...! આવું ક્યારે મળે ? ભાઈ !

આ..હા...! એક આત્મા અનંત ગુણનો ધણિ ! અરે...! નિગોદમાં અનંત આત્માઓ (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એક આત્મા અનંત... અનંત... અનંત... અનંત ગુણનો પિંડ છે, પર્યાયની નજર ન કર. કેમકે (તેં) પર્યાયની નજર છોડીને જ્યારે દ્રવ્યદૃષ્ટિ કરી છે ત્યારે પરને પણ તું પર્યાયથી ન જો, એનું દ્રવ્ય જો ! આ..હા..હા...! એ ભગવાનસ્વરૂપ છે ! એ અનંતા નિગોદના જીવ પરમાત્મસ્વરૂપ છે. આહા..હા...! એના અસ્તિત્વમાં આ રીતે છે. એનું આવડું અસ્તિત્વ બીજા દ્રવ્યની અપેક્ષા રાખતું નથી. આ..હા..હા...! ઘણું સમાડ્યું છે ! આમાં તો ઘણું સમાડ્યું છે ! આહા..હા...! પ્રભુના વિરહ ભુલાવ્યા છે !! સંતોએ એવી સ્પષ્ટતા કરી નાખી છે ! આ..હા..હા...!

શું કીધું ? '**ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ–કે જે મૂળ સાધન છે તેને–ધારણ કરીને..**' દરેક દ્રવ્ય. '**સ્વયમેવ...**' સ્વયં જ '**સિદ્ધ થયેલું વર્તે છે.**' સ્વયમેવ–સ્વયં જ. પોતાની હયાતીનું સિદ્ધપણું વર્તે છે. આહા..હા...!

'**જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી,...**' જુઓ ! આવ્યું હવે. દ્રવ્યથી જે ઉત્પન્ન થાય છે તે અનેરું દ્રવ્ય, અનેરો ગુણ અને અનેરી પર્યાય નથી. આહા..હા...! '**કાદાચિત્કપણાને લીધે પર્યાય છે;...**' આ જુઓ આવ્યું ! આહા..હા...! દ્રવ્યથી ઉત્પન્ન થાય છે (એમ) જો કહો (તો) તે દ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! બીજાની પર્યાય અને દ્રવ્ય-ગુણ તો નહિ પણ તે દ્રવ્ય પોતાની પર્યાયને ઉત્પન્ન કરે છે. દ્રવ્ય-ગુણ ઉત્પન્ન કરે છે એમ તમારે સિદ્ધ કરવું હોય તો એ દ્રવ્ય પર્યાયને ઉત્પન્ન કરે છે. આ..હા..હા...! અંદર ફાટ... ફા..ટ.. પ્યાલા ફાટે ! ભિન્ન... ભિન્ન...! આહા..હા...! ડુંગરમાં વીજળીનો જેમ ઘા પડે અને બે ભાગ પડી જાય એમ આ અંદર ભાગ પડી જાય ! આ..હા..હા...! પ્રભુ ! તું ઉત્પન્ન કર તો તારી પર્યાયને, હોં ! અને તે પર્યાયની ઉત્પત્તિ કરતાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે તેથી તેની પર્યાયની ઉત્પત્તિ નિર્મળ થાય છે. આહા..હા...!

દ્રવ્ય છે એમ ન માને એને તો પર્યાય ધ્રુવથી થાય છે પણ એને દ્રવ્ય છે અને આ દ્રવ્યથી પર્યાય થઈ એવી સત્તાની શ્રદ્ધા ક્યાં છે ? આહા..હા...! સમજાણું આમાં ? આહા..હા...! શું કહ્યું ઇ ? જેને દ્રવ્ય છે એમ જ્યાં બેઠું એ દ્રવ્યથી ઉત્પન્ન થાય તે દ્રવ્યાંતર નથી. અનેરા દ્રવ્યની પર્યાય અને અનેરું દ્રવ્ય નથી. '**કાદાચિત્કપણાને લીધે...**' આહા..હા...! (કાદાચિત્ક એટલે) કોઈ વાર હોય એવું, અનિત્ય છે ને ઈ ? પર્યાય તો કાદાચિત્ક થાય ને ? એક પર્યાય... એક પર્યાય તે-તે સમયે થાય. આહા..હા...! એ પર્યાય સદાય થાય એમ નહિ, એ કાદાચિત્ક થાય. થાય ત્યારે થાય. એમ અનંતી પર્યાયો છે. આહા..હા...! આ અન્યમતિ સાંભળે તો (એમ થાય કે) આ શું માંડી છે !? આ તે કેવો જૈનધર્મ ! બાપુ ! મારગડા જુદા, ભાઈ !

પ્રભુ ! બધાંની સત્તાનો સ્વીકાર કરીને તારા દ્રવ્યનો સ્વીકાર થાય તો દ્રવ્યમાંથી પર્યાય થાય. એ પર્યાયથી પર્યાય ન થાય, દ્રવ્યમાંથી (પર્યાય) થાય. રાગથી ન થાય, પરથી ન થાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યમાંથી દ્રવ્યાંતર (ન થાય). ઉત્પત્તિ તમારે કહેવી હોય તો તે પર્યાયની ઉત્પત્તિ થાય. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

'**જેમ કે દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે,...**' બે અણુ–પરમાણુ, ત્રણ પરમાણુ ઉત્પન્ન થાય તે દ્રવ્યની પર્યાય થઈ. તે એના દ્રવ્યની પર્યાય છે. મનુષ્યપણું થયું તો એ પરમાણુ જડની પર્યાય છે. આ મનુષ્યપણું ઉત્પન્ન થયું છે એ જડની પર્યાય (છે), કાદાચિત્ક (છે) – આ પર્યાય સદાય આની આ રહે એમ નહિ. આ..હા..હા...! બહુ નાખ્યું છે ! બે પરમાણુ, ત્રણ પરમાણુથી તે અનંત પરમાણુની ઉત્પત્તિ તે-તે દ્રવ્યથી થાય છે,... આ..હા..હા...! બીજા આત્માથી નહિ. આહા..હા...!

અનંત પરમાણુનો આ જે સ્કંધ બને છે એ પરમાણુથી ઉત્પન્ન થયેલી આ પર્યાય છે, આત્માથી ઉત્પન્ન થયેલી નહિ. આહા..હા...! '**દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે...**' પર્યાય, હોં ! કાદાચિત્ક થાય ને એટલે કોઈ વખતે (થાય). પર્યાય કાંઈ સદાય થાતી (નથી અર્થાત્) એની એ પર્યાય સદાય થાતી નથી. એનીએ પર્યાય કાદાચિત્ક એટલે જે સમયે હોય ત્યાં થાય, એમ. કાદાચિત્કનો અર્થ પર્યાય તો સદાય થાય છે પણ એ પર્યાય કાદાચિત્ક (છે) એટલે એ સમયની હોય ત્યારે થાય છે. આ..હા..હા..હા...! ઘણું સમાડ્યું ! ઘણું સમાડ્યું !! પ્રભુ ! ઓ..હો..હો...! દ્વિ-અણુક અને મનુષ્ય વિગેરે, ભાષા વિગેરે.

'**દ્રવ્ય તો અનવધિ (મર્યાદા વિનાનું) ત્રિસમય-અવસ્થાયી,...**' છે. ત્રિસમય-અવસ્થાયી ! શું કહે છે ? પર્યાય છે એ તો કાદાચિત્ક ઉત્પન્ન થાય અને આ વસ્તુ છે એ તો ત્રિકાળ છે. ભાઈ ! આવું ક્યાં હતું ક્યાંય ? આહા..હા...! શું તત્ત્વની ઝીણવટની સ્થિતિ ! આ..હા..હા...! '**દ્રવ્ય તો અનવધિ...**' (છે). ઉત્પન્ન થાય છે એ તો પર્યાય છે. તે કાદાચિત્ક (છે) એટલે તે સમયે તે થાય તે. એ પર્યાય સદાય એની એ થાય એમ નહિ. આહા..હા...!

'**હવે એ રીતે જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ '(તે) સત્ છે' એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે...**' સત્ છે એ કંઈ દ્રવ્યથી ઉત્પન્ન થયેલું નવું સત્ છે, એમ નથી. દ્રવ્ય છે તેમ સત્ પણ છે. આ..હા..હા...! '**એમ નિર્ણય હો,...**' જેમ દ્રવ્ય છે તેમ સત્–સત્તા (છે) એ પણ એમનેએમ છે એમ નિર્ણય હો. '**કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે (–દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો–રચાયેલો છે).**' એ તો એનો સ્વભાવ જ છે. એ સ્વભાવ અને દ્રવ્ય બે જુદાં નથી. આહા..હા...! દ્રવ્યથી સત્તાસ્વભાવ ઉત્પન્ન થયો છે, એમ નથી. દ્રવ્યથી સત્‌ગુણ ઊભો થયો છે એમ નથી. જેમ દ્રવ્ય અનાદિ-અનંત છે તેમ સત્ પણ તેની સાથે અભેદ છે. આહા..હા...!

વિશેષ કહેવાશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૮**
**પ્રવચન નં. – ૯૮**
**તા. ૮-૬-૭૯**

('પ્રવચનસાર') ૯૮–ગાથા. ૧૮૪ (પાનું). '**પ્રથમ તો...**' ત્યાંથી. છે ને ? '**સત્‌થી સત્તાનું યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું...**' શું કહે છે ? જે દ્રવ્ય છે, દ્રવ્ય. સત્‌ એટલે દ્રવ્ય. એનાથી સત્તા નામનો ગુણ. તેનું '**યુતસિદ્ધપણા વડે...**' (અર્થાત્‌) દ્રવ્યને સત્તાનો સંબંધ થયો એવું તેમાં નથી. '**યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું નથી,...**' (એનો) દાખલો આપશે. શું કીધું સમજાણું ? સત્‌ છે (એટલે) દ્રવ્ય (છે). આત્મા, પરમાણુ આદિ (કોઈ પણ) દ્રવ્ય. એની જે સત્તા છે એ '**અર્થાંતરપણું નથી,...**' (અર્થાત્‌) સત્‌ જુદું અને સત્તા જુદી, દ્રવ્ય જુદું અને સત્તા જુદી એમ નથી. આ..હા...!

'**કારણ કે દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણું જોવામાં આવતું નથી.**' 'લાકડીવાળો માણસ' (એમ કહેતાં) લાકડી અને માણસ બન્ને ભિન્ન છે. લાકડીથી માણસ એમ યુતસિદ્ધ (એટલે) બીજી ચીજથી એને સિદ્ધ કરવામાં આવ્યું. એમ સત્‌માં (–દ્રવ્યમાં) એની સત્તા એ રીતે નથી. 'લાકડીવાળો માણસ' એમ 'સત્તાવાળું સત્‌' એમ નથી. આવી વાતું છે. વસ્તુની સ્થિતિ વર્ણવે છે. આ તો જ્ઞાન કરાવે છે. આશ્રય કોનો કરવો એ છેલ્લે (કહેશે). આ તો વસ્તુસ્થિતિ શું છે (તે કહે છે).

(જેમ) દંડ અને દંડી બે જુદી ચીજ છે... છે ને ? '**દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણું...**' (એટલે કે) સંબંધવાળું '**જોવામાં આવતું નથી.**' લાકડી એ દંડ (અને) દંડી (માણસ) બન્ને ભિન્ન છે. એ યુતસિદ્ધ (એટલે) એના સંયોગ-સંબંધથી વાત કરવામાં આવી. સંયોગસંબંધ ! આહા..હા...! એમ આત્મા (કે) દરેક વસ્તુ અને એની સત્તા એ રીતે નથી. સત્તા સત્‌સ્વરૂપ જ છે. સત્‌... સત્‌... સત્‌... સત્તાસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'(**બીજું), અયુતસિદ્ધપણા વડે પણ તે (–અર્થાંતરપણું) બનતું નથી. 'આમાં આ છે (અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે...**' હવે એના બે પ્રકાર પાડે છે. શું કહે છે ? યુતસિદ્ધ (એટલે) દંડ અને દંડીની પેઠે નહિ, પણ અયુતસિદ્ધ (અર્થાત્) સત્ છે તે સત્તા છે, સત્ છે ઈ સત્તાવાળું છે અને સત્તા છે તે સત્ છે એવું '**અયુતસિદ્ધપણા વડે પણ તે (–અર્થાંતરપણું) બનતું નથી.**' ભિન્નપણું (બનતું નથી).

'**આમાં આ છે (અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) 'આમાં આ છે'–**' (અર્થાત્) સત્‌માં સત્તા છે એવી '**પ્રતીતિ શાના આશ્રયે (–શા કારણે) થાય છે ?**' દ્રવ્યમાં સત્તા છે – વસ્તુમાં સત્તા છે એમ (શાના) આશ્રયે તું કહેવા માગે છે ? ઝીણું (છે પણ) Logicથી વાત છે. '**(દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે...**' એમ તું કહેવા માગે '**તો (પૂછીએ છીએ કે) 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે (–શા કારણે) થાય છે ? ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાના કારણે થાય છે).**' સત્ અને સત્તામાં ભેદના કારણે આમ (પ્રતીતિ થાય) છે ?

'**એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), કયો ભેદ ? પ્રાદેશિક કે અતાદ્‌ભાવિક ?**' સત્ દ્રવ્ય છે અને સત્તા–બેના પ્રદેશભેદ છે કે બે (વચ્ચે) અતદ્‌ભાવ છે ? સત્તા તે સત્ નહિ અને સત્ તે સત્તા નહિ–એટલો અતદ્‌ભાવ છે. પણ તું એના પ્રદેશભેદ કહેતો હો (તો) એ રીતે (વસ્તુસ્થિતિ) નથી. આ તો વીતરાગે કહેલાં તત્ત્વો બીજે ક્યાંય નથી. વીતરાગ સર્વજ્ઞે કહેલું સત્ તે સત્તાથી સત્ છે–યુતસિદ્ધ છે, એમ નથી. સત્ સત્તા બન્ને એક જ છે, પણ (અમે) પૂછીએ (છીએ) કે, તું સત્ અને સત્તા અયુતસિદ્ધ કહે છે તો એનો ભેદ કઈ રીતે (કરે છે)? પ્રદેશભેદથી અયુતસિદ્ધ છે ? કે અતદ્‌ભાવથી અયુતસિદ્ધ છે. છે ?

'**પ્રાદેશિક તો નથી, કારણ કે યુતસિદ્ધપણું પૂર્વે જ રદ કર્યું છે.**' આહા..હા...! દ્રવ્ય અને સત્તાના પ્રદેશ જુદાં (છે), એમ નથી. અરે...! આવી વાતું ! વાણિયાને નવરાશ ન મળે. સત્– છ દ્રવ્ય. એ દ્રવ્ય (અને) સત્તા તું ભેદથી કહેતો હો તો કઈ રીતે ? પ્રદેશભેદથી કે અતદ્‌ભાવભેદથી ? પ્રદેશભેદથી (તું કહે તો એ તો) અમે પહેલેથી રદ કરતા આવ્યા છીએ કે, સત્–દ્રવ્ય અને સત્તાના પ્રદેશ જુદા નથી. આહા..હા...!

પ્રશ્ન :– આવું બધું સમજવાનું ?

સમાધાન :– ઈ વસ્તુસ્થિતિ છે. જે રીતે વસ્તુ છે ઈ રીતે નહિ જાણે તો સંશય અને વિપરીતતા થઈ જાય. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે (જેવું જોયું તેવું કહ્યું છે). આ 'જ્ઞેય અધિકાર' (છે) અને 'જ્ઞેય અધિકાર' તે જ્ઞાનપ્રધાનપણે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા...! જે વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે રીતે છે તે રીતે એને જ્ઞાનમાં આવવી જોઈએ. આહા..હા...! એ તો કહ્યું કે, વાણિયાને નવરાશ ક્યાં (છે) ? આવો નિર્ણય કરવાનો વખત ક્યાં (છે) ? રળવું અને એકાદ કલાક સાંભળવા જવું... થઈ રહ્યું ! અહીં તો ભગવાન વસ્તુ(ને) Logic–ન્યાયથી સિદ્ધ કરે છે. આ..હા...!

સત્ દ્રવ્ય છે. સત્તા છે અને દ્રવ્ય છે – એ રીતે જો તું ભેદ કહેતો હો તો એ ભેદ પ્રદેશભેદથી છે ? કે અતદ્ભાવથી ભેદ છે ? (જો તું) પ્રદેશભેદથી (કહે તો તેનો તો) અમે નિષેધ કરતા આવ્યા છીએ. આહા..હા...!

શ્રોતા :– પ્રાદેશિક ભેદ અને અતાદ્ભાવિક ભેદ – બન્ને શબ્દોથી અજાણ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તેથી તો હળવે-હળવે કહીએ છીએ. ત્યાં અંદર છોકરાઓને મેં કહ્યું હતું કે, આજે ઝીણું આવશે. તમારા બાપ-દાદાએ સાંભળ્યું ન હોય.

શ્રોતા :– હતું જ ક્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હતું જ નહિ. આહા..હા...!

કહે છે કે, ભગવાન સર્વજ્ઞ તીર્થંકરે જે પદાર્થ જોયા એ પદાર્થની સ્થિતિ શી છે ? એમાં અહીંયાં એમ કહે છે કે, દ્રવ્ય સત્ છે. એ દ્રવ્ય સત્ છે–હયાતીવાળું છે તો એ સત્તાને લઈને હયાતીવાળું છે ? કે સત્તાસહિત હયાતીવાળું છે ? સત્ અને સત્તાના પ્રદેશભેદ છે ? કે અયુતસિદ્ધ છે ? એટલે કે એનાથી જોડાણ નથી. સત્ સત્તાસ્વરૂપ જ છે, સત્તા સત્સ્વરૂપ જ છે. આહા..હા...! પણ (તું) પ્રદેશભેદ કહેતો હો તો નહિ. પણ '**અતાદ્ભાવિક કહેવામાં આવે..**' અતદ્ભાવ છે ને ? (મૂળ શાસ્ત્રમાં ફૂટનોટમાં અર્થ લખ્યો છે) 'દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી–આવા દ્રવ્ય-ગુણના ભેદને (ગુણ-ગુણીભેદને) અતાદ્ભાવિક ભેદ (તે-પણે નહિ હોવારૂપ ભેદ)...' (અર્થાત્) સત્ છે તે સત્તાપણે નથી, સત્તા છે તે સત્પણે નથી. ગુણ-ગુણીનો ભેદ આમ છે. આહા..હા...! 'દ્રવ્ય અને સત્તામાં આવો ભેદ કહેવામાં આવે તો તે યોગ્ય જ છે.' પણ તું એમ કહેતો હોય (કે), સત્તાનો સંબંધ થયો માટે સત્–દ્રવ્ય છે, તો એમ નથી. આહા..હા...! આવું સાંભળવું લ્યો !

શ્રોતા :– આ તો પંડિતોને માટે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો જેને પદાર્થ સમજવો હોય અને પદાર્થની પ્રતીતિ કરવી હોય એને માટે છે. 'જ્ઞેય અધિકાર' સમ્યગ્દર્શનનો અધિકાર (છે). ૯૨–ગાથા (સુધી) જ્ઞાનનો અધિકાર હતો. આ દર્શનનો અધિકાર (છે). 'જયસેન આચાર્ય' (આ અધિકારને) દર્શનનો અધિકાર કહે છે. પહેલાં (વસ્તુ) કેમ છે એમ જાણે તો ખરો. આહા..હા...! પછી આશ્રય કોનો કરવો, એ પછીનો પ્રશ્ન (છે), પણ વસ્તુ કેમ છે, એ પછી સત્ અને સત્તાના ભેદનો આશ્રય કરવો, એમ નથી. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતદ્ભાવ હોવા છતાં (એટલે કે) જે સત્ છે તે સત્તા નથી અને સત્તા છે તે સત્ નથી. સત્–દ્રવ્ય છે તે ગુણ–સત્તા નથી અને સત્તા–ગુણ છે તે (સત્) દ્રવ્ય નથી. સમજાય છે કાંઈ આમાં ? સત્તા ગુણ છે અને સત્ દ્રવ્ય છે, પણ એ દ્રવ્ય અને ગુણ અતદ્ભાવરૂપે (છે) ખરું કે, દ્રવ્ય તે ગુણ નહિ અને ગુણ તે દ્રવ્ય નહિ. પણ એના પ્રદેશભેદ છે – ગુણના પ્રદેશ–ક્ષેત્ર જુદા અને દ્રવ્યના (જુદાં), એમ નથી. આ..હા..હા...! છે ? '**અતાદ્ભાવિક કહેવામાં આવે તો તે...**' બરાબર છે. ધીમેથી સમજે તો સમજાય એવું છે. ભાષા કાંઈ એવી (કઠણ) નથી.

સત્તા અને 'છે' – એ સત્તા–ગુણ અને સત્–દ્રવ્યને જોડાણ થયું માટે તે સત્તા છે, એમ નથી. પણ સત્ અને સત્તા (એમાં) દ્રવ્ય તે ગુણ નહિ અને ગુણ તે દ્રવ્ય નહિ એ અપેક્ષાએ અતદ્ભાવ સત્ અને સત્તા વચ્ચે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

કહે છે કે, દ્રવ્ય છે એ સત્ (છે) તેમ સત્તા છે. પણ એ સત્તાના કારણે દ્રવ્યનું જોડાણ થઈને સત્તા છે એમ નથી. યુતસિદ્ધ નથી (એટલે કે) સંબંધસિદ્ધ નથી – સંયોગસિદ્ધ નથી. દ્રવ્ય–સત્ અને સત્તાને સંયોગસિદ્ધ સંબંધ નથી. દંડ અને દંડીને સંયોગસિદ્ધ સંબંધ છે. એમ સત્તાને અને સત્ને સંયોગસિદ્ધ સંબંધ નથી. પણ સ્વભાવમાં દ્રવ્ય અને ગુણ એવો અતદ્ભાવ છે.

શ્રોતા :– આ તો ન્યાયશાસ્ત્રોની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાનનો માર્ગ–ન્યાય તો આમ છે. આહા..હા...! આવો માર્ગ છે. આ તો ધીમે-ધીમે કહીએ છીએ, ભાઈ ! આ (વાત) ક્યાંય તમારા ચોપડામાં આવે નહિ અને તમારા બાપ-દાદાએ કોઈ દી' સાંભળી નહિ હોય. આ વાત હતી જ નહિ. આહા..હા...! અમારા બાપ-દાદાએ કોઈ દી' સાંભળી નહોતી ! આહા..હા...! આ વાત જ (નહોતી), બાપુ !

(અહીંયાં) કહે છે, પ્રભુ ! વસ્તુની મર્યાદા કઈ રીતે છે ? દ્રવ્ય છે તે સત્તા (છે). પણ દ્રવ્ય-ગુણની સત્તા ભેગી છે. સત્તા જુદી અને સત્–દ્રવ્ય જુદું એમ સંબંધ થઈને સત્તા (અને) સત્ નથી. આહા..હા...! પણ અતદ્ભાવ તરીકે છે. દ્રવ્ય છે તે ગુણ નથી અને ગુણ છે તે દ્રવ્ય નથી. એ રીતે અતદ્ભાવ તરીકે એને ભેદ છે પણ સત્તા ભિન્ન અને સત્–દ્રવ્ય ભિન્ન (છે અને) એના સંયોગે આ (દ્રવ્ય) છે, એમ નથી. એમ હોય તો પ્રદેશ (ભેદ) થઈ જાય, પણ પ્રદેશભેદ છે નહિ. આહા..હા...! આવી વાતું છે ! આકરું લાગે. સ્થાનકવાસીને તો કાંઈ અભ્યાસ જ ન મળે. એ તો (એમ જ કહે) આ સામાયિક કરો ને પૌષધ કરો ને પ્રતિક્રમણ કરો... આ..હા...! શ્વેતાંબરમાં ટીકામાં કાંઈક હોય પણ આ સ્થિતિએ નહિ. આ..હા..હા...!

જગતના અનંત દ્રવ્યો (છે). એ અનંત દ્રવ્યમાં સત્તાનો એની સાથે સંબંધ છે. સ્વભાવસંબંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, સંયોગસંબંધ નથી. આહા..હા...! શું કહ્યું સમજાણું ? દ્રવ્યને અને સત્તાને સ્વભાવસંબંધ છે, સંયોગસંબંધ નથી. આહા..હા...! **'અતાદ્‌ભાવિક કહેવામાં આવે તો તે ઉત્પન્ન જ (–ઉચિત જ) છે, કારણ કે 'જે દ્રવ્ય છે તે ગુણ નથી'–'** દ્રવ્ય તો અનંત ગુણનો પિંડ છે. ગુણ છે તે એક-એક(માં) નામભેદ, સંજ્ઞાભેદ (છે). આહા..હા...! વાચ્યભેદ છે ને ? ગુણને ગુણ કહેવો અને (દ્રવ્યને) દ્રવ્ય કહેવું. **'એવું (શાસ્ત્રનું) વચન છે.'**

**'પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે) આ અતાદ્‌ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે'–'** આ..હા..હા...! એકાંતે સત્‌માં સત્તા છે, એમ નથી. સત્ એ તો સત્તાસ્વરૂપ જ છે. **'એકાંતે આમાં આ છે' એવી પ્રતીતિનો આશ્રય (–કારણ) નથી,...'** એકાંતે સત્ સત્તા જ છે, એમ નહિ. સત્–દ્રવ્ય અને સત્તા–ગુણ એટલો ભેદ અંદર છે. અતદ્‌ભાવિક કહ્યું છતાં આટલો ભેદ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! કાલનું પણ ઝીણું હતું, આજનું પણ ઝીણું ! અમારે ધર્મ કરવો છે (એમાં આનું) શું કામ (છે) ? ધર્મ કરવો છે પણ ધર્મ શું ચીજ છે ? ધર્મી સાથે ધર્મનો કોઈ પ્રદેશભેદ છે ? ધર્મી અને ધર્મની પર્યાય બે (વચ્ચે) પ્રદેશભેદ છે ? (એ સમજ્યા વિના ધર્મ નહિ થાય). અત્યારે આ વાત સિદ્ધ કરવી છે, હોં ! નિશ્ચયથી તો પર્યાય અને દ્રવ્યના પ્રદેશભેદ છે. ઈ બીજી વસ્તુ છે. ('સમયસાર') 'સંવર અધિકાર' ! અહીં તો વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવી છે.

દ્રવ્ય છે એ જ સત્તા છે. એ ગુણરૂપ છે, ગુણ છે તે દ્રવ્યરૂપ છે. એવો અતદ્‌ભાવ સંબંધ ભલે નામભેદે કહો પણ સત્તા જુદી હતી અને સત્ – દ્રવ્યની સાથે જોડાઈ ગઈ ત્યારે એની સત્ સત્તા થઈ, એમ નથી. આહા..હા...! એનો અર્થ કે સત્તાગુણને લક્ષમાં લેવો નથી. ઇ સત્તાગુણનો ધરનાર સત્ છે તેને લક્ષમાં લેવો. આ..હા..હા...!

શ્રોતા :– જ્ઞાન કરવું બન્નેનું, આશ્રય કરવો એકનો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્ઞાન કરવું જુદી વસ્તુ છે પણ વસ્તુ તો ત્રિકાળ સત્તારૂપે જે સત્ છે, એકરૂપ સત્ છે એને ગુણ-ગુણીનો અતદ્‌ભાવ છે એ પણ લક્ષમાં – દૃષ્ટિમાં લેવાનું નથી. આ..હા..હા...!

શ્રોતા :– 'સમયસાર' કરતાં પણ આ કઠણ આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ('સમયસાર'ની) એ કથની દર્શનપ્રધાન છે, આ જ્ઞાનપ્રધાન કથની છે. આમ 'નિયમસાર'માં લ્યો તો (એમ લખે છે કે) 'મારી ભાવના માટે મેં બનાવ્યું છે.' એ 'કુંદકુંદાચાર્ય' ત્યાં એમ કહે કે, ખરેખર આત્મા કોને કહેવો ? કે, પર્યાય વિનાનો જે ત્રિકાળ (છે) તેને ખરેખર આત્મા કહેવો. આ..હા..હા...! 'મારી ભાવના માટે મેં બનાવ્યું છે.' આ..હા..હા...! ખરેખર આત્મા કોને કહેવો ? કે, જેમાં ક્ષાયિકભાવ પણ નથી ! આ..હા..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉદયભાવ–રાગભાવ અને ઉપશમભાવ તો ક્યાંય રહી ગયા. આ..હા..હા...!

અહીં તો (એમ કહેવું છે કે) વસ્તુ અને સત્તા બન્નેના પ્રદેશ ભિન્ન છે એમ નથી. એના નામભેદ, સંજ્ઞાભેદ છે એટલે અતદ્ભાવ છે, પણ અતદ્ભાવ હોવા છતાં એકાંતે આ જુદું જ છે, એમ નથી. આહા..હા...! **'અતાદ્ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે'** એ ભેદ એકાંતે છે, એમ નથી. (એવો ભેદ) **'પ્રતીતિનો આશ્રય (–કારણ) નથી, કારણ કે તે (અતાદ્ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે.'** ભાષા દેખો ! આહા..હા...!

આત્મા અથવા દ્રવ્ય અને સત્તા, સત્ અને સત્તા (બે વચ્ચે) અતદ્ભાવ (છે) ખરો. દ્રવ્ય તે ગુણ નહિ અને ગુણ તે દ્રવ્ય નહિ. યુતસિદ્ધ નહિ પણ અયુતસિદ્ધ અતદ્ભાવ છે. તે અતાદ્ભાવિક ભેદ પણ બે પ્રકારે છે. **'સ્વયમેવ (પોતે જ) ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે.'** કોણ ? અતાદ્ભાવિક ભેદ. ઉન્મગ્ન એટલે ? ઉપર આવવું, તરી આવવું, પ્રગટ થવું. નિમગ્ન એટલે ડૂબી જવું, ગૌણ થવું. એટલે શું ?

**'જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે...'** આ..હા..હા...! દ્રવ્યને જ્યારે પર્યાયથી જોવામાં આવે. આહા..હા...! **'જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે–પહોંચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે જ–'શુક્લ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે' ઇત્યાદિની માફક–'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે'...'** એમ કહેવાય. પર્યાયનયથી જોવે તો ગુણવાળું દ્રવ્ય છે એમ કહેવાય. આહા..હા...! એકલો ન્યાય ભર્યો છે ! આ કોઈ 'દી વાંચ્યું છે કે નહિ ત્યાં ? ભાઈ ! આહા..હા...!

અહીં તો પરમાત્મા પોતે (એમ કહે છે કે) સત્ છે અને સત્તા (છે) એવો દ્રવ્ય (અને) ગુણ(નો) ભેદ પડ્યો (એ) અતદ્ભાવ(ભેદ) છે. અતદ્ભાવને પણ બે દૃષ્ટિએ જોવામાં આવે છે. પર્યાયથી જોઈએ... આ..હા..હા...! છે ? **'દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે–પહોંચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે જ–'શુક્લ આ વસ્ત્ર છે',...'** 'શુક્લ આ વસ્ત્ર છે' (એમ કહ્યું છે). 'શુક્લ વસ્ત્ર જ છે' એમ નહિ. પર્યાયનય છે ને ? આ..હા..હા...! ધીમેથી (સમજવું), આજનો વિષય એવો છે. એના વેપારમાં ક્યાંય સંભળાય નહિ, અપાસરે સંભળાય નહિ, દેરાસરમાં જાય તો સંભળાય નહિ, અરે...! દિગંબરમાં જાય તો અત્યારે ક્યાં ઠેકાણા છે ? વ્રત કરો ને પડિમા ધારો... આ છોડો ને આ છોડો ને આ છોડો (કહે). અરે... પ્રભુ ! વસ્તુની મર્યાદા કઈ રીતે છે એ જાણ્યા વિના દ્રવ્યનો આશ્રય (કઈ રીતે લે) ? આહા..હા...!

એક વિચાર એ આવ્યો હતો કે, જ્ઞાનપ્રધાન કથનમાં ૨૪૨ (ગાથામાં) આવે છે ને ? જ્ઞેય–જ્ઞાયકની પ્રતીતિ (તે) સમ્યગ્દર્શન (છે). એ જ્ઞાન(પ્રધાન કથન છે). પણ આ દર્શનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ લાકડી છે, જુઓ ! આ અનંત પરમાણુ છે. એ કાંઈ એક નથી. એમ અહીં આપણે આત્મામાં લેવું. આત્મા અસંખ્ય પ્રદેશી છે. હવે એમાં જે પ્રદેશનું લક્ષ થાય તે પ્રદેશ પૂર્વની અપેક્ષાએ–બીજા પ્રદેશની અપેક્ષાએ અભાવ–વિનષ્ટ–વ્યયસ્વરૂપ છે, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન સ્વરૂપ છે અને તે છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવસ્વરૂપ છે. (એ તો પહેલાં આવી ગયું) પણ હવે અહીંયાં તો કઈ અપેક્ષા લીધી ? કે, જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે એ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન છે. 'ત્યારપછી' એટલે પેલો જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો એના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– કાંઈ સમજાતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ફરીને લઈએ, લ્યો ! ભાઈ આવ્યા છે ને ! આવી ઝીણી વાત સાંભળવા આવે છે. આ..હા..હા...!

શું કહે છે ? પ્રભુ ! તારા ઘરની વાત છે આ ! વાસ્તુ એટલે એનું ઘર. વિસ્તારક્રમ એટલે એનું ઘર. આહા..હા...! પહોળું કેટલું ? એ એનું ઘર. હવે, એ પહોળામાં જે અસંખ્ય પ્રદેશ છે એમાં જે કોઈ પણ એક પ્રદેશ ઉપર લક્ષ જાય અથવા લક્ષમાં લેવો તે પ્રદેશ પૂર્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અપેક્ષાએ તો અભાવસ્વરૂપ છે–વિનષ્ટસ્વરૂપ છે. પોતાની અપેક્ષાએ ઉત્પન્ન છે અને છે... છે... અપેક્ષાએ ધ્રુવ છે. પણ હવે અહીં પાછું એમ કહે છે કે, '**વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના...**' ત્યારપછીના એટલે ? વિનષ્ટસ્વરૂપ જે કહ્યું હતું, વર્તમાન પ્રદેશની અપેક્ષાએ પૂર્વને વિનષ્ટસ્વરૂપ (કહ્યું હતું). પોતાને વિનષ્ટસ્વરૂપ કહ્યું હતું પરંતુ પેલો (પ્રદેશ) તો છે. એના પછીનો જે ઉત્પન્ન (પ્રદેશ છે), જેની અપેક્ષાએ તે પ્રદેશને વિનષ્ટ કહ્યો હતો તે વિનષ્ટની અપેક્ષાથી પછીનો (પ્રદેશ) તે ઉત્પન્ન (પ્રદેશ) છે. એ પછીનો પ્રદેશ (છે) તેને ઉત્પન્ન કહીએ, પહેલાંની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. 'ત્યારપછી' એટલે ? જે આ (લક્ષમાં લીધેલો) પ્રદેશ છે (તેને) પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો. એની પછીનો એટલે ઈ જ ઉત્પન્ન (કહ્યો). એની અપેક્ષાએ ઉત્પન્ન કીધો. સમજાણું કાંઈ ? 'ત્યારપછી' એટલે કે જે ઉત્પન્ન છે એની પછીનો એમ નહિ. ઝીણું છે. આહા..હા...!

(દૃષ્ટાંત તરીકે) માળા લ્યો ને, માળા ! (આમાં) ૧૦૮ (મણકા) છે (એમ) આત્મા અસંખ્ય પ્રદેશી છે, આ ૧૦૮ છે. હવે આ જે પ્રદેશ છે–આ પહેલો (મણકો) જે છે એ પછીની અપેક્ષાએ વિનષ્ટ છે એટલે અભાવસ્વરૂપ છે અને તે વિનષ્ટ છે એના પછીનો છે તે અપેક્ષાએ ઉત્પન્ન છે. બીજાની અપેક્ષાએ એ પ્રદેશ વિનષ્ટ હતો તે જ પ્રદેશ પછીના પ્રદેશની અપેક્ષાએ ઉત્પન્ન (છે). જેનાથી અભાવરૂપ કહ્યું હતું એનાથી આ બીજો અનેરો એટલે ઈ જ (પોતે). ઉત્પન્ન અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ. સમજાણું કાંઈ ?

એક-એક પ્રદેશ જે છે આમાંથી ગમે તે એક લ્યો. આ છે, જુઓ ! આ પ્રદેશ અહીં છે. આની અપેક્ષાએ વિનષ્ટ છે, આની અપેક્ષાએ ભાવરૂપ ન થયો અને એના પછી એટલે કે આના પછી ઈ. એના પછી ઈ. એના પછી એટલે ઉત્પન્ન થવાનો છે એના પછી એમ નહિ. જેની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો હતો એ જ વિનષ્ટની અપેક્ષાએ–પરની અપેક્ષાએ ઉત્પન્ન છે. ભાઈ ! સમજાય છે ?

આ ચાર આંગળી છે, જુઓ ! આ (લાંબી) આંગળી આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ વિનષ્ટ છે અને આના પછીની (–લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. આના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે ? હવે આંગળી ઉપર તો લીધું. આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટ છે અને આના પછીની (–લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે કાંઈ ?

પ્રશ્ન :– એકને એક ઉત્પન્ન અને એકને એક વિનષ્ટ ?

સમાધાન :– એકને એકને ત્રણ. ઉત્પન્ન-વ્યય અને ધ્રુવ–એકને ત્રણ લાગુ પાડવા છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરીને, જેમ આ પાંચ આંગળા છે. એમ આ (આત્મામાં) અસંખ્ય પ્રદેશ છે. આકાશમાં અનંત છે. જેમ આ પાંચ આંગળા છે (એમાં) આને (–લાંબી આંગળીને) જ્યારે લઈએ ત્યારે આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટસ્વરૂપ છે અને ત્યારપછીની એટલે આ (લાંબી આંગળી) પછીની આ (આંગળીની અપેક્ષાએ) ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમ દરેક પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વ્યય, એની પછીની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવ (કહીએ). આ..હા..હા...! શું શાસ્ત્રની શૈલી !

રાતે જરીક કહ્યું હતું ને ? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. 'સમયસાર'માં આવે છે–પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય. દરેક પદાર્થને તે સમયે જે પર્યાય થવાની... આપણે આ પ્રદેશ કહ્યા હવે  આપણે પરિણામમાં લઈએ. ત્યારપછીનો એટલે પહેલાં પ્રદેશ પછીનો. એટલે જેનું અહીં લક્ષ કર્યું હતું તે. '**ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી...**' (અર્થાત્) કોઈની અપેક્ષા નથી (માત્ર) છે... છે... છે... છે... છે... છે... છે... છે... એથી '**એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એક્કે સ્વરૂપે નથી),...**' એ પ્રદેશનો દૃષ્ટાંત (કહ્યો). હવે પરિણામની વાત કરે છે.

'**તેમ પ્રવાહનો જ નાનામાં નાનો અંશ...**' એટલે કે જે સમયે પર્યાય થાય છે – જે સમયે જે પરિણામ થાય છે એને થયેલા પરિણામનો અંશ કહેવાય. એને પૂર્વના પરિણામની અપેક્ષાએ તે અંશને વિનષ્ટ કહેવાય અને તે (ત્યારપછીના અંશની) અપેક્ષાએ તેને ઉત્પન્ન કહેવાય અને તેને જ આ છે... આ છે... આ છે... આ છે... એને ધ્રુવ પણ કહેવાય.

પ્રશ્ન :– એકના ત્રણ નામ ?

સમાધાન :– એકના ત્રણ ! ('સમયસાર'ની) ૭૬ (ગાથામાં) પણ એકના ત્રણ (નામ) આવ્યા ને ? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ૭૬ ગાથામાં, ભાઈ ! જે પર્યાય પ્રગટ થઈ એ ધ્રુવ છે... ધ્રુવ છે. ધ્રુવ એટલે થવાની છે તે થઈ. તે કાળ એનો ધ્રુવ (છે). એ અપેક્ષાએ ત્યાં પ્રાપ્ય કહ્યું.

ક્યાં ગયા હતા ? આજ તો ખરેખરું ગયું. ખરું હતું ને ગયું. આ..હા...! તદ્દન નવું છે. સમજાણું કાંઈ ? પ્રદેશનું તો ગયું. હવે પરિણામ ઉપર લઈએ (છીએ). જીવના પરિણામ જે છે, જે સમયે જે થવાના તે પરિણામ પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનષ્ટ (છે) અને ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). 'ત્યારપછી' એટલે પૂર્વની અપેક્ષાએ (જેને) વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વની અપેક્ષા પછીનું એ ઉત્પન્ન. આહા..હા...! આવું ઝીણું છે. ધીમે... ધીમે (કહેવાય) છે, બાપા ! આ તો વીતરાગમાર્ગ છે. આ..હા..હા...!

જૈમ એ અસંખ્ય પ્રદેશ છે એનો છેલ્લો એક અંશ જે નાનામાં નાનો (છે) એ પ્રદેશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂર્વના પ્રદેશની અપેક્ષાએ તો અભાવસ્વરૂપ–વિનષ્ટસ્વરૂપ છે પણ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). ત્યારપછી એટલે ? પૂર્વનો જે (વિનષ્ટ કહ્યો) હતો તેની પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે અને છે... છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે.

જેમ ('સમયસાર'ની) ૭૬ ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (કહ્યું). આહા..હા...! ૭૬ (ગાથામાં) શું કહ્યું ? કે, જે સમયે જે પર્યાય થવાની છે, દ્રવ્યની–આત્માની કે જડની, તે પર્યાય ધ્રુવ છે. ધ્રુવ એટલે 'છે'. એને કોઈ અપેક્ષા નથી. આ..હા..હા...! છે ! હવે, એ જ પર્યાયને પૂર્વના પરિણામની અપેક્ષાએ વિકાર્ય કહ્યું. પૂર્વ (પર્યાયનો) અભાવ છે એ અપેક્ષાએ તે જ પર્યાયને વિકાર્ય કહ્યું. પહેલું પ્રાપ્ય કહ્યું હતું તે જ પરિણામને પૂર્વની અપેક્ષાએ વિકાર્ય એટલે બદલીને થયું એમ કહ્યું અને એના ઈ પર્યાયને ઊપજ્યું છે એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહીએ. (એ રીતે) પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (છે). આવી વાતું હવે ! ૭૬, ૭૭, ૭૮, ૭૯ ચાર (ગાથામાં) આવે છે. આહા..હા...!

દરેક દ્રવ્યને તે સમયનો પરિણામ ધ્રુવ નામ તે સમયે જ થવાનો હતો (તે) થયો છે તેથી (તેને પ્રાપ્ય કહ્યું). ધ્રુવ એટલે ત્રિકાળી ધ્રુવ નહીં. આ તો નિશ્ચય ત્યાં છે. આહા..હા...! એ પરિણામ તે સમયે ત્યાં છે એની અપેક્ષાએ પ્રાપ્ય–ધ્રુવ કહીએ અને પૂર્વની અપેક્ષાએ બદલીને થયું માટે વિકાર્ય કહીએ, ઊપજ્યું છે એ અપેક્ષાએ પરની અપેક્ષા જ્યાં ન આવી, ઊપજ્યું છે એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહીએ. આ..હા..હા...! ત્યાં 'મુંબઈ'માં કાંઈ ન મળે, થોથાં (છે). આહા..હા...!

એમ જે સમયે આત્માના જે પરિણામ થવાના તે થવાના, તે તેનો અવસર જ છે, આગળ-પાછળ નહિ. પણ તે પરિણામની ત્રણ અપેક્ષા (છે). પૂર્વ પરિણામની અપેક્ષાએ વ્યય કહીએ–વિનષ્ટ કહીએ, તેને જ પૂર્વની અપેક્ષાએ ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ – ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ ! અને તેને જ પૂર્વની અપેક્ષા અને ત્યારપછીની (એમ) બે અપેક્ષા છોડી દઈએ (માત્ર) 'છે' (એ અપેક્ષાએ) તેને ધ્રુવ કહીએ. આ..હા..હા...! સમજાણું ?

પ્રશ્ન :– એકના ત્રણ ?

સમાધાન :– એકના ત્રણ ! આહા..હા...! સમજાય છે આમાં ? છે ને, છે ને ? ત્રિકાળી ધ્રુવ છે એ એકકોર રાખો. અહીં તો વર્તમાન પરિણામ ઉત્પન્ન થાય (એ) તો તે જ સમયે થાય, આઘાપાછા નહિ. ક્રમબદ્ધ ! આ એક ક્રમબદ્ધનું જો સમજે તો બધો ફેંસલો (થઈ જાય). આ અમે ગજરથ ચલાવીએ છીએ ને આ ઇન્દ્રો થયા ને આ અમે બે હાથીમાં બેઠા ને પાંચ લાખ આપ્યા. આપે કોણ, લે કોણ ? સાંભળને ! આહા..હા...! એની મેળાએ આ પર્યાય થઈ. કોઈએ પૈસા આપ્યા છે માટે થઈ છે, એમ છે નહિ, બાપુ ! આહા..હા...! સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ ?

જડના પરિણામ લ્યો... આ..હા...! આ પર્યાય ઉત્પન્ન થઈ. એ પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને એ વિનષ્ટની અપેક્ષાએ ત્યારપછીની ઈ પોતે તેને ઉત્પન્ન કહીએ. ત્યારપછી એટલે પૂર્વની અપેક્ષાએ પછી, તે ત્યારપછી અને તે કાળે છે, પરને લઈને અભાવ અને પોતાને લઈને ઉત્પન્ન એવી કોઈ અપેક્ષા નથી. 'છે' (તેને) ધ્રુવ કહીએ. આહા..હા...! ક્રમબદ્ધ આમ છે. આ..હા..હા...!

પરમાણુમાં પણ જે પર્યાય જે સમયે (થવાની તે થવાની). ભગવાનની પ્રતિમા પણ જે સમયે જે પ્રતિષ્ઠા(ની) પર્યાય થવાની એ સમયે તે પર્યાય થઈ એને પૂર્વે નહોતી એ અપેક્ષાએ વિનષ્ટ કહીએ અને વિનષ્ટની અપેક્ષાએ પછીની એટલે એ પર્યાય – થઈ તે, તેને ઉત્પન્ન કહીએ અને તેને પૂર્વની અને ઉત્પન્ન એવી અપેક્ષા ન લો તો છે એ ધ્રુવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવું બધું 'કલકત્તા'માં પણ નથી ને ક્યાંય (નથી), (બધું) થોથેથોથાં (છે). પૈસા મળે એમ દેખે. પૈસા (એને) મળે એની અહીં ના પાડે છે. એ પૈસાની પર્યાય જે સમયે અહીં આવવાની તે સમયે તેનો અવસર છે. પૂર્વની અપેક્ષાએ તે પર્યાયને વિનષ્ટ–વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને એની પર્યાય છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ એને ધ્રુવ કહીએ. આવું છે, પ્રભુ ! શું થાય ? આ કાંઈ ભગવાને કરેલું નથી.

ભગવાન તો એમ કહે છે કે, દિવ્યધ્વનિની જે ભાષાની પર્યાય થઈ તે વખતે તે પર્યાયનો અવસર હતો તે થઈ. આત્માએ કરી નથી. એ પર્યાયને પૂર્વની અપેક્ષાએ (એટલે કે ભાષા) વર્ગણાની અપેક્ષા લઈએ, હજી ભાષા થઈ નહોતી, (એવી) વર્ગણાની અપેક્ષા લઈએ તો વિનષ્ટ છે અને વર્ગણાની પછીની આ (પર્યાય) કહેવાય ત્યારપછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને તે ભાષા વર્ગણાની પર્યાય છે... છે... છે... છે... છે... એને ધ્રુવ કહીએ. આહા..હા...! હળવે-હળવે તો કહેવાય છે, બાપુ ! આવું છે. અરે..રે...! આહા..હા...!

જેમ ધ્રુવને કોઈની અપેક્ષા નથી–આ ત્રિકાળી ધ્રુવને, એમ એક સમયની પર્યાય જે જડમાં કે ચૈતન્યમાં થાય... આ..હા..હા...! તે અવસરનો – તે સમયનો જે પર્યાય (થાય) એને પૂર્વની અપેક્ષાએ ભલે વ્યય કહ્યો અને એના પછીની અપેક્ષાએ ઉત્પાદ કહ્યો પણ 'છે'ની અપેક્ષાએ તે ધ્રુવ કહીએ. આહા..હા...! તે કાળની તે પર્યાય 'છે'. આ..હા..હા...! ('સમયસાર'ની) ૭૬, ૭૭, ૭૮ (ગાથામાં) એ જ કહ્યું. આવી વાત... આ..હા..હા...! દિગંબર સંતો ઘણી સાદી ભાષામાં મૂકે છે, પણ સમજવું પડે ને ? બાપુ ! આ તમે કીધું ને આ વાંચવાનું બાકી છે, ઇ આવ્યું આ. સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ જો સમજે તો એની પરના કર્તાપણાની બુદ્ધિ તો ઊડી જાય પણ પોતાની થતી પર્યાય 'કરું છું' એ બુદ્ધિ પણ ઊડી જાય. આ..હા..હા..હા...! ગજબ વાત છે ! ભાઈ ! ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ ! એ દિવ્યધ્વનિની પર્યાય પણ કહે છે કે, તે સમયે ઉત્પન્ન થવાની. પણ પહેલાં નહોતી એ અપેક્ષાએ વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ એને ઉત્પાદ કહીએ પણ ભાષા છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ કહીએ). એ પુદ્‌ગલમાં કોઈ સમયે પર્યાય ન હોય એમ તો નથી. એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... એથી એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે. આ..હા..હા..હા...! સમજાય છે ? આખું ઉત્પાદ્-વ્યય-ધ્રુવ (સ્વરૂપ છે). ત્રિકાળી ઉપર દૃષ્ટિ જાય ત્યારે આ ઉત્પાદ, ઉત્પાદને સ્થાને ઉત્પાદ પરની અપેક્ષાએ પછીનું કહ્યું અને છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ છે). એનો નિર્ણય (યથાર્થ થાય). આ..હા..હા...! એનો અકર્તાપણાનો નિર્ણય ત્યારે થાય. 'છે' એને કરું શું ? ધ્રુવ છે–પ્રાપ્ય છે તેને કરું શું ? આ..હા..હા..હા...! પોતાની (પર્યાય), હોં ! પરની તો વાત પણ શી કરવી ? આહા..હા...! પરની દયા પાળવી ને પૈસા દેવા ને પૈસા લેવા... આ..હા..હા...! એ પર્યાય તો તારા કર્તાપણાની નથી, એમાં તારો કાંઈ અધિકાર નથી. આ..હા..હા...!

મુનિરાજ સાચા સંત હોય એને આહાર દેતી વખતે કહે છે કે, એ આહારની પર્યાય એ જાતની ત્યાં ઉત્પન્ન થવાની હતી તે થઈ. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, ત્યારપછી થવાની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ, છે... છે... છે... તેને ધ્રુવ (કહીએ). દેનારો કહે કે, મેં આહાર-પાણી આપ્યા–એ વાત એમાં રહેતી નથી. આ..હા..હા..હા...!

શ્રોતા :– બધાંને લૂલાં બનાવી દીધાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાંને પુરુષાર્થવાળા બનાવી દીધાં ! આ..હા...! વીર્યવાળા બનાવ્યા ! (હું) મારી પર્યાયનો કર્તા નથી, એવું મારું વીર્ય છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? હું જ્ઞાતા છું, તે મહાવીર્ય છે – એ મહાપુરુષાર્થ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું ! આમાં વાદવિવાદ કરે ક્યાં પાર પડે એવું છે, બાપા ! આહા..હા...! વસ્તુસ્થિતિ...!! આ..હા..હા...!

બધાં એમ કહે કે, 'કાનજીસ્વામી' અહીં આવ્યા ત્યારે આ બધું થયું. એ વાત ખોટી છે, કહે છે. અહીં ભેસું બેસતી એમાં કરોડો રૂપિયા નખાઈ ગયા ! મહારાજ આવ્યા એટલે આ થયું. ના... ના... હોં, ભાઈ ! એમ નથી, બાપુ ! તે પરમાણુની ક્રમસર અવસરે થવાની પર્યાય ત્યાં થઈ. આ..હા..હા...! તે પર્યાયનું ત્રણપણું લાગુ પડે. તેને પૂર્વની અપેક્ષાએ વ્યય લાગુ પડે, વ્યયની પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન લાગુ પડે અને વ્યય-ઉત્પન્ન બન્નેની અપેક્ષા જ્યાં છે જ નહિ, છે... છે... છે... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... છે. આહા..હા...! 'છે'ની અપેક્ષાએ એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે, બાપુ ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો ('સમયસાર'ની) ૩૨૦ (ગાથામાં) આવ્યું ને ? ભાઈ ! 'સર્વવિશુદ્ધ અધિકાર' ! ક્રમનિયમિત સિદ્ધ કરતાં ત્યાં તો મોક્ષની પર્યાય અને નિર્જરાની પર્યાયને પણ જાણે છે, એમ કહ્યું. ભલે જાણે છે એ પર્યાય પણ તે કાળે થવાની હતી. આહા..હા...! બીજી વાત છે, જાણે છે તે પર્યાય પણ તે કાળે થવાની હતી અને તે કાળે થવાની હતી તે ઉત્પાદ છે, પહેલાંની અપેક્ષાએ વ્યય છે અને છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે. પણ એ જ્ઞાનમાં જાણવાનું રાખ્યું. એ જ્ઞાનની પર્યાય કરું–એમ પણ નહિ. આ..હા..હા..હા...! જ્ઞાતાપણું અને દૃષ્ટાપણું સહજ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આવી વસ્તુની સ્થિતિ છે. આહા..હા...! ભગવાન ત્રણલોકના નાથે દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું. એ સંતોએ આ શાસ્ત્ર રચીને સમજાવ્યું. આ..હા...! આવું છે. (આ ભાઈએ) બે લાખ આપ્યા માટે ત્યાં મકાન થશે, એમ નહિ. (અહીંયાં) ના પાડે છે. આહા..હા...! ભારે વાત !

(અહીંયાં કહે છે કે), '**તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...**' હવે પર્યાય ઉપર લીધું. છે ને ? પ્રવાહ એટલે એક પછી એક દરેક દ્રવ્યમાં જે પર્યાય થાય તે એક પછી એક (થાય). એટલે જે થવાની તે એક પછી એક (થવાની એમ કહેવું છે), હોં ! એમ નહિ કે, એક પછી એક (એટલે) પહેલી કંઈક અને બીજી કંઈ પણ થઈ જાય, એમ નહિ. દિગંબરના અગ્રેસરની સાથે આ વાંધા હતા ને ! હવે મેળ કોની સાથે કરવો ? ઇ કહે કે, ક્રમબદ્ધ એમ (નથી). એક પછી એક થાય ખરું પણ આ પછી આ જ થાય (એમ નહિ). અહીં તો કહે છે કે, પૂર્વની જે અવસ્થા થઈ ત્યારપછીની જે થવાની તે જ થાય. આ..હા..હા...! થોડું પણ સત્યને બરાબર સમજવું. આ..હા...!

'**તેમ...**' (એટલે જેમ) પ્રદેશનું કહ્યું '**તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...**' દ્રવ્યમાં જે પર્યાય આયત (નામ) આમ લાંબી થાય–એક પછી એક, એક પછી એક... એનો વર્તમાન નાનામાં નાનો અંશ એ '**પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે...**' (અર્થાત્) પૂર્વ પરિણામસ્વરૂપે નથી. તે રૂપે એને વ્યય કહીએ. '**તે જ ત્યારપછી...**' '**ત્યારપછી**' એટલે ? જે વિનાશસ્વરૂપ છે – એની પહેલાં જે હતું એની અપેક્ષાએ એને વિનાશસ્વરૂપ કહીએ અને જે વિનાશસ્વરૂપ કહ્યું એને ત્યારપછીની અવસ્થાને ઉત્પન્ન કહીએ. જેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું હતું તેને જ પછીની અપેક્ષાએ ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? ન સમજાય તો રાતે પ્રશ્ન કરવો. આ તો ઝીણું છે, બાપુ ! આહા..હા...! બાપ-દાદાએ ક્યાંય સાંભળ્યું નહોતું. આહા..હા...!

જે દ્રવ્યની જે સમયે પર્યાય થાય તે થવાની તે થાય જ, તે જ થાય, બીજી નહિ. પછીની પર્યાય પણ તે જ થાય, બીજી નહિ. એના પહેલાં પણ જે પર્યાય હતી તે જ હતી. તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય, બીજી નહિ. પણ પૂર્વની અપેક્ષાએ વર્તમાન પરિણામને વ્યય કહીએ અને એના પછીની પોતે છે માટે તેને ઉત્પન્ન કહીએ અને પછીનું અને પહેલાંનું છોડી દ્યો તો તેને ધ્રુવ, અનુભય કહ્યું – ઉત્પન્ન-વ્યય નહિ, 'છે'. આ..હા..હા..હા...! આમાં બધી તકરારું–વાંધા ! બધાં (પત્રિકામાં) નાખે ''સોનગઢ'નું સાહિત્ય સંસારમાં ડુબાડી દેશે.' ભગવાન ! બાપુ ! આ વાતને... ભાઈ !

શ્રોતા :– અજ્ઞાનને ડુબાડી દેશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ડુબાડી દેશે. હું એમ જ કહેવાનો હતો. અજ્ઞાનનો નાશ કરી નાખશે એવી આ વાત છે ! આ..હા..હા...! ટકે નહિ અજ્ઞાન ! આહા..હા...! મિથ્યાત્વનો અંશ ટકે નહિ. આ..હા..હા...! પરની પર્યાય કરવાનું માને (તે પણ) મિથ્યાત્વભાવ (છે) અને પોતાની પણ રાગની ક્રિયા (કરવાનું માને) તો મિથ્યાત્વભાવ થાય, અરે...! નિર્મળ પર્યાય પણ કરું, થાવાની છે એને હું કરું (એ પણ મિથ્યાત્વભાવ છે). (જે) સમયે થવાની છે તે સમયે થવાની છે, એને ઠેકાણે કરું ઇ ત્યાં ક્યાં રહ્યું ? આ..હા..હા..હા...! કહો, સમજાય છે ? આવી ઝીણી વાત છે. આવું છે, શું થાય ?

આ..હા..હા...! સત્ આ જ છે, ભાઈ ! ભગવાનનું કહેલું અને વસ્તુનું સ્વરૂપ – સત્ આમ જ છે. એમાં ક્યાંય સંદેહને સ્થાન નથી. આઘી-પાછી પર્યાય (ન) થાય એ (વાતમાં) પણ સંદેહને સ્થાન નથી. આઘી-પાછીની વ્યાખ્યા શું ? પ્રભુ ! આ ઠેકાણે આ પર્યાય થવાની હતી એ ન થઈ, એટલે શું ? આ પર્યાય પચ્ચીસમા સમયે થઈ એટલે શું ? પચ્ચીસમા સમયે થવાની હતી તે ન થઈ અને આ થઈ એટલે શું ? ક્યાંય મેળ ક્યાં (છે) ? આહા..હા...! આ જુવાનોને થોડું આકરું પડે એવું છે. આહા..હા...!

'**તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...**' એટલે એક વર્તમાન અંશ. (તે) પૂર્વપરિણામની અપેક્ષાએ વિનાશસ્વરૂપ (છે). આ..હા..હા...! '**તે જ ત્યારપછીના...**' એટલે ? પૂર્વના પરિણામ છે એની અપેક્ષાએ ત્યારપછી થયું. '**ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...**' આહા..હા...! '**તથા તે જ...**' (એટલે) તે જ પર્યાય–તે જ પ્રવાહક્રમમાં આવેલો પર્યાય. '**પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...**' (અર્થાત્) જે પોતે સળંગ છે... છે... છે... છે... છે... છે... છે... મોતીની માળામાં જેમ સળંગ દોરો છે. છે... છે... છે... મોતી... મોતી... મોતી... ઈ દરેકને છે... છે... છે... લાગુ પડે છે. આહા..હા...!

'**તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...**' એકપ્રવાહ છે. આહા..હા...! ચૈતન્યમાં અને પરમાણુમાં એકપ્રવાહપણે ક્રમસર... ક્રમસર... ક્રમસર... એકપ્રવાહ ક્રમે... ક્રમે... થયા જ કરે છે. એ અપેક્ષાએ લઈએ તો કહે (છે કે), ઉત્પન્ન અને વ્યય ન કહેવાય. એને ધ્રુવ કહેવાય, 'છે' એમ કહેવાય. આ..હા..હા...! આવું ઝીણું કીધું હશે !? 'કુંદકુંદાચાર્ય' લઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યા અને 'અમૃતચંદ્રાચાર્યે' એની ટીકા કરી. આહા..હા...! આવું બહુ ઝીણું માટે (ન સમજાય એમ નથી). ઝીણું નથી, ભાઈ ! એને અભ્યાસમાં નથી અને જ્યાં-ત્યાં હું કરું... આ શરીર ચાલે તો હું ચલાવું, બોલું તો હું. 'સ્વાહા' – ભગવાનની (પૂજામાં) સ્વાહા (બોલાય તો) સ્વાહાની ભાષા પણ મારી અને આ આંગળા હલે એ પણ મારાથી. આવી જ્યાં હોય ત્યાં બુદ્ધિ પડી છે. આહા..હા...!

પ્રશ્ન :– આંગળા કોના ?

સમાધાન :– આંગળા જડના. અને જડની અવસ્થા થાય એ જડને કારણે થાય અને તે અવસ્થા તે સમયે તે જ થવાની હતી.

આહા..હા...! ઝીણું છે ઝીણું. આ..હા...! આ તો મૂળ માખણ છે, બાપુ ! પરમાત્માએ કહેલું સત્ (આ છે). ઉત્પાદ તે સમયનો તે જ, તે જ સમયનો (ઉત્પાદ) આહા..હા...! એને ઠેકાણે (એમ માનવું કે) મકાન બનાવું. આહા..હા...! એમાં આપણે રહેશું, બાયડી-છોકરાને પણ ત્યાં ઠીક પડે. અરે..રે...! આહા..હા...! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા...!

પ્રશ્ન :– બધાં બાવા થઈ જાય તો ત્યાગીઓને ખાવાનું આપશે કોણ ?

સમાધાન :– એ વખતે પણ ખાવાની પર્યાય (જે આવવાની તે આવવાની). ઈ પ્રશ્ન (સંવત) ૧૯૭૮(ની સાલમાં) થયો હતો. 'ચૂડામાં... ચૂડામાં !' '૭૮ની સાલ ! ત્યાં પણ (વ્યાખ્યાનમાં) ખૂબ માણસ હતું. બહાર એક પોલીસ બેઠેલો. (વ્યાખ્યાન) પૂરું થયા પછી કહે, 'મહારાજ ! તમે બહું આવું ત્યાગનું કહો છો તો બધાં ત્યાગી થઈ જાય તો એને આહાર કોણ આપશે ?' પોલીસે એવો પ્રશ્ન કર્યો હતો. '૭૮ની સાલની વાત છે. કેટલાં વર્ષ થયા ? ૫૭ ! બાપુ ! કોણ આપશે એ પ્રશ્ન અત્યારે છે જ નહિ. એ ટાણે થવાની પર્યાય હોય તે આપશે. આપશે એટલે થશે. મેં તો જવાબ બીજો આપ્યો હતો કે, એક માણસ લખપતિ છે અને પચીસ લાખ (ભેગા કરવા) માગે છે. માટે એ એમ વિચારે કે, હું પચીસ લાખ કરું તો પછી વાસણ ઉટકનાર કોણ રહેશે ? મારું રાંધનાર કોણ રહેશે ? આ લાકડાં લાવનાર કોણ રહેશે ? એમ વિચાર કરે છે ? તે 'દી, આ તો '૭૮ની વાત છે ! 'ચૂડા'માં ! આ..હા...!

ઓ..હો..હો...! માણસ સાધારણ (રીતે) વાંચી એને એમ થઈ જાય કે, આપણને સાચું જ્ઞાન થયું. બહુ આકરી વાત છે, ભાઈ ! જ્ઞાન આત્માનું થાવું જોઈએ. આત્માનું જ્ઞાન ક્યારે થાય ? કે, એની જે પર્યાય જે સમયે થવાની છે એ પર્યાયમાં ત્રણ (વાત) લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, તે પછીની અપેક્ષાએ ઉત્પન્ન, છે.. છે... અપેક્ષાએ (ધ્રુવ). એવી પર્યાયનો જ્યાં નિર્ણય કરે ત્યારે તે જ્ઞાતા-દૃષ્ટા થાય, ત્યારે તે વર્તમાન થતી પર્યાયનો પણ કર્તા ન થાય. કારણ કે એમાં એક 'ભાવ' નામનો ગુણ છે. અનંત ગુણમાં ભાવ(ગુણનું) રૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેથી એ સમયે તે પર્યાય થવાની હોય તે થાય જ. એ કરું તો થાય અને નહિતર (ન થાય), એમ છે નહિ. આ..હા..હા...! આવું પાછું વારંવાર ન આવે. આ તો સામું પુસ્તક(માં) આવ્યું હોય એનો અર્થ થાય ને ? આહા..હા...! 'ઇન્દોર'(માં) અહીંનો વિરોધ (કરવા) પચાસ પંડિતો ભેગા થયા હતા. (એમાં એમ કહ્યું કે) 'પરનું ન કરે તે દિગંબર નહિ.' અર..ર..ર...! અરે...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ...!

અહીં તો (કહે છે કે), પરનું તો ન કરે પણ પોતાની પર્યાયને પણ કરે નહિ. થાય છે તેને કરે, એ (વાત) ક્યાં છે ? સમજાય છે કાંઈ ? આ..હા..હા...! પણ આ હતું નહિ, હોં ! હતું નહિ એટલે પછી શું કરે ? સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો આ વાત જ નથી. એનામાં તો જૈનપણાથી બધી વિરુદ્ધ વાતો છે. આહા..હા...! આ તો દિગંબરમાં પણ ગોટા ઊઠ્યા ! આવું સત્ય ! પોકાર કરીને લખાણ પડ્યા છે ! આવાં પ્રસિદ્ધ પડ્યા છે ! એને એમ કહેવું કે, નહિ. આપણે કરીએ તો થાય અને ન કરીએ તો ન થાય. પરનું પણ આપણે કરીએ તો થાય, નહિતર ન થાય. અરે...! આત્મામાં પણ પર્યાય કરું તો થાય અને નહિતર ન થાય, એમ છે નહિ. સાંભળ, ભાઈ ! પ્રભુ ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને ! જ્ઞાનની પર્યાય પણ થવાની (હોય) તે કાળે થાય જ. પણ એની પ્રધાનતા દેતા, બીજી પર્યાયને કરું એમ નહિ, બીજી થાય તેને હું જાણનાર છું, ત્યાં એને ઊભો રાખે. આહા..હા...!

'**ત્યારપછીના પરિણામના...**' આ પરિણામની–પર્યાયની વાત છે, હોં ! (તે) '**ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...**' સળંગ... સળંગ... છે... છે... છે... એથી એકપ્રવાહપણું (છે). છે.. છેનું એકપ્રવાહપણું (છે) એ '**વડે અનુભયસ્વરૂપ છે.**' (અર્થાત્) એ વ્યય અને ઉત્પાદસ્વરૂપ નથી એટલે ધ્રુવસ્વરૂપ છે. આહા..હા...! એ ત્રણ-ચાર લીટીમાં આટલું બધું ભર્યું છે, લ્યો ! આહા..હા...!

વસ્તુ છે કે નહિ ? છે તો તેના ત્રણ અંશ પડે છે કે નહિ ? ત્રણ અંશ પડે છે એ ત્રણ અંશ પોતપોતાના સમયે પોતપોતાથી છે કે નહિ ? એટલે 'છે' ઈ ધ્રુવ છે, પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને પૂર્વની અપેક્ષાએ જે વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વ પછીનો એ પોતે પર્યાય છે. ત્યારપછીનો એ પર્યાય (છે) તેને ઉત્પન્ન કહીએ. આહા..હા...!

'ક્રમબદ્ધમાં એકાંત થઈ જાય છે.' એમ (લોકો) રાડ નાખે છે. હવે, અહીં તો પરનું તો (કરે) નહિ, પણ બાપુ ! ભાઈ ! શું કહીએ ? આહા..હા...! આ..હા...! તારી પર્યાય પણ તે કાળે થવાની છે (તે) અવસરે તે થાય જ. આ..હા..હા...! તેને પણ ત્રણ અપેક્ષા લાગુ પાડી અને તેને પ્રાપ્ય કહીને ધ્રુવ કીધું. આહા..હા...! આ 'પ્રવચનસાર'માં આમ કહ્યું, 'સમયસાર'માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું. આ..હા..હા...! એક જ પર્યાયમાં ત્રણ (વાત લાગુ પડે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ કર્યો હતો કે, પ્રાપ્ય એટલે ધ્રુવ. એટલે તે સમયે તે છે. આહા..હા...! એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... છે... છે... એકપ્રવાહરૂપ છે... છે... છે... આ..હા..હા...! આવો નિર્ણય કરવા જાય એને પરનું કર્તાપણું તો ઊડી જાય પણ રાગનું અને પર્યાયનું કર્તાપણું (પણ) ઊડી જાય. આહા..હા...! જ્ઞાતાપણું થાય તે જાણનારો થઈ જાય. જાણનારો થયો તે તે કાળમાં કેવળજ્ઞાનને લેશે. આહા..હા...! એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું ! આહા..હા...! આવી વાત છે.

'**આ પ્રમાણે સ્વભાવથી જ...**' જોયું ? '**સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં...**' દેખો ! છે ? '**ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ**' એક પરિણામમાં ત્રણ પ્રકારનું લક્ષણ છે–ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા...! આ કાંઈ વાર્તા નથી, પ્રભુ ! આહા..હા...! આ તો વસ્તુની સ્થિતિ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓએ આ રીતે જાણીને અનુભવ્યું છે. આ..હા..હા...! એના સંસારના અંત આવી ગયા. એ અંતનો સમય હતો. પણ જ્યારે (આત્માનું) જ્ઞાન અને આનંદ પ્રગટ્યો એને અલ્પ સમયમાં સંસારનો અંત આવી જાય, એને ભવનો અંત આવી જાય. આહા..હા...!

'**આ પ્રમાણે સ્વભાવથી જ...**' 'સ્વભાવથી જ' (કહ્યું છે). (અર્થાત્) એક પરિણામમાં ત્રણ લક્ષણપણું (છે) એ સ્વભાવથી જ છે. આ..હા..હા..હા...! '**ત્રિલક્ષણ પરિણામ...**' ત્રિલક્ષણ પરિણામ કીધું ને ? ત્રણ લક્ષણવાળું પરિણામપદ્ધતિ. '**(પરિણામોની પરંપરા)...**' પદ્ધતિ એટલે પરિણામોની પરંપરા. આહા..હા...! અરે...! એક વાર મધ્યસ્થ થઈને સાંભળે તો ખરા ! બાપુ ! શેના વિરોધ કરો છો ? ભાઈ !

'**આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય...**' છે ? હવે ત્રણમાં વર્તતું દ્રવ્ય '**સ્વભાવને નહિ અતિક્રમતું...**' એવું જે દ્રવ્ય. આવા જે ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ છોડતું. આહા..હા...! એ સ્વભાવને ઓળંગતું નથી. સમજાય છે ? '**સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું...**' સત્ત્વ એટલે ત્યાં હવે દ્રવ્ય લેવું. સત્ત્વ એટલે સત્‌પણું એટલે દ્રવ્ય. પેલું પરિણામોનું ત્રણપણું હતું. હવે અહીં (કહે છે) દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું...**' અહીં હવે દ્રવ્ય લીધું. આહા..હા...! તેથી દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું...**' આ..હા..હા...! અનુમોદવુંનો અર્થ કર્યો છે–આ રીતે જ્યારે ત્રિલક્ષણવાળો દ્રવ્યસ્વભાવ (છે) એવી દ્રવ્યદૃષ્ટિ થાય એને આનંદથી માન્ય રાખવું. અતીન્દ્રિય આનંદના વેદનથી એને માન્ય રાખવું. આહા..હા...!

વિશેષ કહેવાશે, લ્યો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૯૯
પ્રવચન નં. – ૧૦૨
તા. ૧૨-૬-૭૯

'પ્રવચનસાર' ૯૯–ગાથા. લોકોમાં નથી કહેવાતું ? (શ્રોતા :– નવ્વાણુનો ધક્કો). હા, ઈ ! આ..હા...! નવ્વાણું હતા એને પૂર્ણ કર્યા. એવું લોકોમાં આવે છે. નવ્વાણનો ધક્કો ! આ (–નવ્વાણુ ગાથા) નવ્વાણુનો ધક્કો (છે) ! આહા..હા...!

**'આ પ્રમાણે સ્વભાવથી...'** શું કહે છે ? આ છએ દ્રવ્યની વાત છે, હોં ! **'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામ...'** (અર્થાત્) ત્રણ લક્ષણવાળા પરિણામ–ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એની પદ્ધતિ (એટલે) એની પરંપરામાં **'વર્તતું દ્રવ્ય...'** ઉત્પાદ-વ્યય-ધ્રુવની પરંપરામાં વર્તતું દ્રવ્ય. દરેક (દ્રવ્ય). પણ અત્યારે અહીં આત્માની વાત મગજમાં છે. **'(પરિણામોની પરંપરામાં)...'** આ..હા...! એક તો ત્રિલક્ષણ પરિણામની પદ્ધતિ–પરંપરા, એમાં **'વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...'** એ ભગવાનઆત્મા ! ત્રિલક્ષણ પરિણામની પરંપરામાં વર્તતું (અને) સ્વભાવને નહિ છોડતું. આ..હા..હા...! **'સત્ત્વને...'** સત્ત્વ એટલે દ્રવ્ય. દ્રવ્ય–વસ્તુને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** અનુમોદવું ! એવું ત્રિલક્ષણ–ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તતું દ્રવ્ય (છે તે) તેનો સ્વભાવ છે. સ્વભાવમાં વર્તતા... આહા..હા...! દ્રવ્યને ત્રિલક્ષણ જ... ત્રિલક્ષણ જ અનુમોદવું. એ ત્રણ લક્ષણમાં વર્તતું દ્રવ્ય (છે) એ દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ જાય છે ત્યાં તેને અનુમોદન થાય છે. એટલે ? અનુસરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોદન થાય–આનંદ આવે. મોદ... મોદ...! પ્રમોદ આવે. આ..હા..હા...! ભાષા તો જુઓ !

દરેક દ્રવ્ય ત્રણલક્ષણ પરિણામપદ્ધતિમાં–પરંપરામાં વર્તતું દ્રવ્ય (છે). એમ આ આત્માને પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રિલક્ષણમાં (વર્તવું છે) એ દ્રવ્યનો સ્વભાવ છે, એમાં વર્તતું દ્રવ્ય (છે). તે સત્ત્વને (એટલે કે) તે દ્રવ્યને... આ..હા...! શું કીધું ? દ્રવ્યને '**ત્રિલક્ષણ જ અનુમોદવું...**' ઓ..હો..હો..હો...! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ એનો સ્વભાવ છે એમાં વર્તે છે. એની અંતરની પર્યાય થવા કાળે થાય છે. તેથી તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. કેમકે ત્રણમાં વર્તતું દ્રવ્ય છે. આ..હા..હા...! એ દ્રવ્ય તેનામાં વર્તતું આ ત્રણપણું (છે) એમ દૃષ્ટિ જાતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, કહે છે. આહા..હા...! અનુમોદન–મોદન – એને અનુસરીને આનંદ આવે. આ..હા..હા...!

ભગવાનઆત્મા ! અતીન્દ્રિય અનંત આનંદઅમૃતનું પૂર છે ! આહા..હા...! એવા આત્માને ત્રણલક્ષણ (પરિણામ) પદ્ધતિમાં વર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં નિર્ણય કરવા જાય છે... આ..હા..હા...! ત્યાં તેને અનુમોદન એટલે દ્રવ્યને અનુસરીને ત્યાં આગળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આ..હા..હા..હા...! જેના સ્વાદને વધારવા ચક્રવર્તીના આઠ વર્ષના રાજકુમારો.. આ..હા..હા...! અંતરમાં જતાં અનુમોદન–આનંદ આવતાં આ વસ્તુ ત્રણ લક્ષણમાં પ્રવર્તે જ છે, એમ જ્યાં દૃષ્ટિ થાય છે ત્યાં અંદર આનંદ આવે છે. આહા..હા...! અને એ આનંદને વધારવા એ રાજકુમારોને પણ અનુમોદન–આનંદ.. આનંદ.. આવે છે ! આ..હા..હા...! ક્યાંય પછી એને રુચિ જામતી નથી. આખા સંસારને એણે જાણી લીધો, કહે છે. આ..હા..હા...! એની રુચિ આનંદમાં વળી જાય છે. આ..હા..હા...!

ક્રમસર થતાં ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય (છે). લોકો કહે છે કે, આવું થાય તો એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? પણ પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આ..હા..હા...! એ ત્રણ લક્ષણે પ્રવર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં એનો નિર્ણય કરવા જાય છે, એ જ પુરુષાર્થ છે અને એમાં એને અતીન્દ્રિય આનંદ આવે છે. આ..હા..હા...! અને એ અતીન્દ્રિય આનંદ વધારવા રાજકુમારો – ચક્રવર્તીના આઠ-આઠ વર્ષના પુત્રોને દુનિયાની કંઈ પડી નથી. આ..હા..હા...! આઠ વર્ષના રાજકુમાર હોય એ એક મોરપીંછી અને કમંડળ (લઈને વન-જંગલમાં ચાલી નીકળે છે) ! આહા..હા...! એકલા વાઘ અને વરુ, નાગ અને વીંછીના જંગલમાં ઢગલા પડ્યા હોય ! આહા..હા...! ચાલી નીકળે છે. આ..હા...! અતીન્દ્રિય આનંદ આગળ બહારની કોઈ પણ (ચીજ રુચતી નથી). અરે...! વિકલ્પ ઊઠે એને ઘોર સંસારનું કારણ જાણે છે. આ..હા..હા...! શુભ વિકલ્પ ઉઠે એ પણ (સંસારનું કારણ જાણે છે).

આવો જે પ્રભુ છે–ત્રિલક્ષણ પદ્ધતિમાં પ્રવર્તતું આ દ્રવ્ય... આ..હા..હા...! એ દ્રવ્ય ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં પર્યાય જાય છે ત્યાં અનુમોદન (એટલે સ્વભાવને) અનુસરીને આનંદ આવે છે. આહા..હા...! એ આનંદને વધારવા... આ..હા..હા...! કરવાનું તો આ છે. આહા..હા...! આઠ વર્ષના રાજકુમારો જંગલમાં વાઘ ને વરુ ને નાગ(ની વચ્ચે) ચાલ્યા જાય છે. હાથમાં એક મોરપીંછી અને નાનું કમંડળ ! આ..હા..હા...! અતીન્દ્રિય આનંદ વધારવાના પ્રેમમાં જેને ક્યાંય બહારની પ્રતિકૂળતા દેખાતી નથી, તેમ બહારની કોઈ અનુકૂળતા પણ જણાતી નથી. આ..હા..હા...! એવો એ જ્ઞાતા-દૃષ્ટા... આહા..હા...! જાણનાર અને દેખનાર એવો પ્રભુ જ્યાં હાથ આવ્યો... આ..હા..હા...! જેને રત્ન મળ્યું એને હવે દુનિયાની કઈ દરકાર રહી ? આહા..હા...! આહા..હા...! આબરૂ ને લોકો પસંદ કરે ને માન આપે, દુનિયામાં ગણાઉં ને ગણતરીમાં આવું... આહા..હા...! ગણતરીમાં તો લઈ લીધો પ્રભુને ! આહા..હા...!

એ તો 'આનંદઘનજી'માં આવ્યું નહોતું ? 'વે ગુણ ગણી ન પ્રવીના, અબધું ક્યા માગું ગુણ હીના' વે ગુણ કેટલા છે ? કે, ગણતા પાર ન આવે. એ અનંતા ગુણનો સ્વાદ (આવે છે). એક આનંદનો સ્વાદ નહિ, અનંતા ગુણનો સ્વાદ ! આ..હા..હા..હા...! જેની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો ઇન્દ્રાણીઓ... આહા..હા...! એની અનુકૂળતાનો ભોગ પણ સડેલા કૂતરા જેવો લાગે. આહા..હા...! એવો ભગવાનઆત્મા પોતાના સ્વભાવને પ્રાપ્ત થયો... આ..હા..હા...! તો સ્વભાવ તો આનંદ હતો (તો અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો).

કોઈ એમ કહે છે કે, આમ તમે ક્રમબદ્ધનું નક્કી કરો, માનો તો આમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? પ્રભુ ! તું એમ રહેવા દે, ભાઈ ! એ ક્રમબદ્ધના પરિણામ, પરિણામ કાળે થાય, વ્યય થાય અને ધ્રુવ રહે એમાં વર્તતું દ્રવ્ય છે એનો નિર્ણય કરવા તો જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય. આહા..હા...! ગમે તે પ્રસંગમાં ઊભો હોય પણ એનો પોતાના અવસરે ઉત્પાદ થાય. ઈ એમાં આવ્યું ને ? હવે દાખલો આપશે. પણ એ ઉત્પાદ થાય, વ્યય થાય અને ધ્રુવ (રહે) એ દ્રવ્યનો સ્વભાવ (છે) અને દ્રવ્ય તેમાં વર્તે (છે). આ..હા..હા...! પર્યાયમાં દ્રવ્ય વર્તે એમ નહિ, દ્રવ્ય ત્રણ સ્વભામાં વર્તે છે. આહા..હા...! એમ જ્યાં અંતર દૃષ્ટિ કરવા જાય છે ત્યારે અંતર આનંદથી અનુમોદન કરે એટલે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે. આ..હા..હા...! આવી વાતું છે !

'**મોતીના હારની માફક.**' અહીં સુધી તો કાલે આવ્યું હતું. '**મોતીના હારની માફક.**' આ મોતીનો હાર છે. '**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે...**' આટલો લાંબો આ હાર છે. '**જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે,..**' આમ લટકતો, હોં ! આમ પડેલો હોય એમ નહિ. '**લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં...**' (અર્થાત્) જ્યાં-જ્યાં એનું સ્થાન છે ત્યાં-ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે મોતી છે. આ (મોતી) અહીં છે... આ અહીં છે... આ અહીં છે... આ અહીં છે... (એમ) જ્યાં-જ્યાં એનું સ્થાન છે ત્યાં જ એ મોતી છે. આ..હા...! '**પોતપોતાનાં સ્થાનોમાં...**' ભાષા શું છે ? એ મોતીનું સ્વયં પોતપોતાનું સ્થાન છે. જ્યાં-જ્યાં (જે) મોતી છે તે તેનું પોતપોતાનું સ્થાન છે. આ..હા...!

'**પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં...**' આ..હા..હા...! પોતપોતાના સ્થાનોમાં પ્રકાશતા અને પછી-પછી (એટલે) અહીં એક છે એના પછી-પછીનું. આહા..હા...! '**પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી...**' પહેલાં સ્થાનમાં મોતી છે એ પછીના સ્થાનમાં આવતા નથી. પછીના સ્થાનમાં (છે) તે પહેલાંનું સ્થાન નથી અને પહેલાંનું સ્થાન છે તે પછીના સ્થાનમાં નથી. આ દૃષ્ટાંત છે, પછી પરિણામમાં ઉતારશે. આહા..હા...!

જ્યાં-જ્યાં મોતીનું સ્થાન છે... આમ લંબાઈમાં લટકતાં, હોં ! આ..હા...! ત્યાં-ત્યાં તે સ્થાનમાં કે જ્યાં-જ્યાં પોતે છે ત્યાં. પછી-પછીના સ્થાનમાં બીજું, એના પછીના સ્થાનમાં ત્રીજું, એ પણ જેના સ્થાનમાં છે ત્યાં. આહા..હા...! '**સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી...**' જેમકે આ એક (મોતી) વચમાં છે (તો) એના પછી આ, એના પછી આ, એમ પછી-પછી પ્રગટ થાય છે. આહા..હા...! '**અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં...**' જ્યારે આ (મોતી) ઉપર લક્ષ ગયું (તો) એના પછી આ પ્રગટ થાય. પણ એના પહેલાંના તો ગયા એ ન પ્રગટ થાય. આહા..હા...! સંતોએ જગતને ન્યાલ કરવાની રીત આપી છે !! પૈસામાં ન્યાલ (માને એ ન્યાલ નહિ). ધૂડમાં મરી જઈશ ! આહા..હા...! આ તો ભગવાનઆત્મા ! જે-જે સ્થાનમાં છે એના પછી-પછીમાં થવાનું (છે) ઇ ત્યાં (છે) અને એના પહેલાં થઈ ગયા ઈ ત્યાં (ગયા). પહેલાં થયા એ હવે થાય નહિ અને પછી થાય તે તેના સ્થાનમાં ત્યાં છે. આહા..હા...! આવું આઠ વર્ષના બાળકને પણ સમજાય, બાપુ ! આહા..હા...!

આઠ વર્ષના રાજકુમાર ! આહા..હા...! 'ભરત'ના ૧૦૮ (પુત્રો) નહિ ? 'રવિકીર્તિ' રાજકુમાર ! રત્નની ગેડી અને સોનાના... શું કહેવાય ઈ ? દડા ! આ..હા...! (એનાથી) રમતા. એની માએ માણસને સાથે મોકલ્યો. 'છોકરાઓ રમે છે, ધ્યાન રાખજો.' આ..હા..હા...! ૧૦૮ ! ત્યાં એક માણસ નીકળ્યો તેણે કહ્યું કે, 'જયકુમારે' દીક્ષા લીધી.' લશ્કરના અધિપતિએ – ૯૬ કરોડ પાયદળના અધિપતિએ – 'સુલોચના'ના વરે–ધણીએ... આ..હા..હા...! દીક્ષા લીધી. સાંભળતાં રુવાંટાં (ઊભા થઈ ગયા) ! આ..હા..હા...! માણસને કહે છે કે, 'ચાલો આપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ જઈએ, ચાલો આપણે આમ જઈએ.' ભગવાન પાસે જઈએ (એમ) કહેવા જાય તો (માણસ એમ કહે કે) 'માતાની રજા નથી ને આમ નથી.' આ..હા..હા...! રત્નની... શું કહેવાય ઇ ? ગેડી ! સોનાના દડા ! આ..હા..હા...! સોનાના દડા ! કેટલા તોલદાર ! રત્નની ગેડી ! એ જ્યાં ચૈતન્ય-રત્નનું સાંભળે છે – 'જયકુમારે' ભગવાન પાસે દીક્ષા લીધી. આ..હા..હા...! માતાને પૂછવા પણ હવે જાવું નથી કે, અમને હવે રજા આપ. આ..હા..હા...! અમારો નાથ અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ ! એમાં વિકાર નથી, વિકારના ઝેર એમાં નથી. પુણ્ય-પાપના પરિણામ બન્ને ઝેર છે. આ..હા..હા...! એ પ્રભુમાં નથી. આહા..હા...! એને સાધવા 'જયકુમારે' સાધુપણું લીધું. 'અમે જવા માગીએ છીએ', એમ કીધું. નહિતર તો (માણસ) કહે કે, 'સાહેબ ! તમને તો અહીંયાં રમવા માટે (મોકલ્યા છે) અને મને જોવા ગોઠવ્યો છે. તમે અહીંથી દીક્ષા લેવા ચાલ્યા જાવ (તો) તમારી મા મને શું કહે ?' (કહે છે કે), ભાઈ ! આમ ચાલો, થોડું આમ (જઈએ). આહા..હા...!

એ ભગવાન પાસે જાય છે... પ્રભુ...! અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય એવી દીક્ષા આપો ! આ..હા..હા...! કુંવારા છે, નાની ઉંમરના બાળક છે, ૧૬-૧૬ વર્ષની ઉંમરના જુવાન ! પણ જ્યાં અતીન્દ્રિય આનંદના સ્વાદ લીધા છે અને હવે સાંભળ્યું કે, (આમણે) તો દીક્ષા લીધી. અતીન્દ્રિય આનંદને પુષ્ટ કરવા દીક્ષા લીધી. ઓ..હો..હો...! અમે પણ એ લેવા જઈએ, એમ સૌને થઈ ગયું, હોં ! એકને નહિ. ભગવાન પાસે દીક્ષા લે છે ત્યારે એની સાથે રહેલા માણસને (એમ થાય છે કે), અરે..રે...! મને આની દેખરેખ રાખવા મોકલ્યો અને આ તો દીક્ષા લે છે. ઘરે પૂછશે. આહા..હા...! જેને નથી ચિંતાનો બીજો વિકલ્પ ! અતીન્દ્રિય આનંદને સાધવા, સ્વાદ લીધા છે. આહા..હા...! એ સમયે ત્યાં પર્યાય થવાની એવો જ્યાં નિર્ણય કરે છે ત્યાં તેમાં વર્તતા દ્રવ્યનો નિર્ણય થઈ જાય છે, એમ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ કહ્યું ને ? '**ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું...**' (અર્થાત્) ઉત્પાદ-વ્યય-ધ્રુવના સ્વભાવને નહિ છોડતું. સત્ત્વ નામ દ્રવ્યને ત્રણલક્ષણ અનુમોદવું. આ..હા..હા..હા...! એ જ્યાં ત્રણ લક્ષણ છે એમ જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં એ પર્યાયમાં જે દ્રવ્ય વર્તે છે. તે સમયે તે થવાની પર્યાય થાય છે, એમાં દ્રવ્ય વર્તે છે, એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા...!

ક્રમબદ્ધનું લોકોને આકરું પડે છે. આહા..હા...! એક પછી એક પર્યાય થાય પણ આ પછી આ જ થાય એમ નહિ (એમ કહે છે). આહા..હા...! ભાઈ ! એક પછી એક, આમ આ હાર છે ને ? જુઓને ! હારમાં એક પછી એક (મોતીમાં કોઈ મોતી) આડુંઅવળું છે ?

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે સ્થાનમાં છે ત્યાં છે. પૂર્વના સ્થાનમાં પૂર્વ અને પછીના સ્થાનમાં પછી (છે). આ..હા...!

**'પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર...'** આ..હા..હા...! (પહેલાં) ઉત્પાદ-વ્યય કહ્યો. (હવે કહે છે) **'પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો..'** અંદર જે દોરો છે ઇ બધાંમાં સળંગ છે. આહા..હા...! પછી-પછીના ઉત્પન્ન થાય એ ઉત્પાદ, પહેલાં-પહેલાંના વ્યય થાય એ વ્યય. આહા..હા...! અને સળંગ રીતે લ્યો તો છે... છે... છે...ધ્રુવ. આ..હા...! **'પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો...'** એટલે બધાંમાં સળંગ રહેનારો દોરો. આ..હા..હા...! ઉત્પાદ-વ્યય-ધ્રુવ કીધું છતાં એ બધામાં રહેનારો દોરો ધ્રુવ (છે). આહા..હા...! આવો જે ભગવાનઆત્મા ! એ દરેક પર્યાયમાં વર્તતો–દોરાની જેમ. આહા..હા...! છે ?

**'અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત...'** છે. દોરો તો બધે છે... છે... છે... છે... છે... ભલે પછીના મોતી પછીમાં, પહેલાંના (મોતી) પહેલામાં પણ દોરો તો બધામાં સળંગ છે. આહા..હા...! આવી વ્યાખ્યા ! **'ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે;...'** એમાં ત્રણ લક્ષણથી તે હાર પ્રસિદ્ધિ પામે છે. છે ને ? એ દૃષ્ટાંત થઈ ગયો. હવે સિદ્ધાંત (કહે છે). આહા..હા...!

**'તેમ જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે...'** (નિત્યવૃત્તિ એટલે) નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે. આત્મા ! એવી નિત્યવૃત્તિ – ટકવું ગ્રહણ કરેલું છે. કાયમ ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... આ..હા..હા...! જેણે નિત્ય ટકવું ગ્રહણ કરેલું છે **'એવા રચાતા (પરિણમતા)...'** એવા પરિણમતા **'દ્રવ્યને વિષે,...'** આહા..હા...! ટકવાપણું જેણે ગ્રહણ કર્યું (છે) એવા રચાતા–પરિણમતા દ્રવ્યને વિષે. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યાં છે !!

**'પોતપોતાનાં અવસરોમાં પ્રકાશતા...'** (દૃષ્ટાંતમાં) **'સ્થાનોમાં પ્રકાશતાં'** કહ્યું હતું. તેમ (અહીંયાં) **'પોતાના અવસરોમાં પ્રકાશતા'** (કહ્યું). દ્રવ્યની જે-જે સમયની અવસ્થા (છે) ત્યાં-ત્યાં તે-તે પર્યાય પ્રકાશતી હતી. આ..હા..હા..હા...! ધર્મ કરવો હોય એને આટલું બધું સમજવું પડતું હશે ? બાપુ ! ધર્મની પર્યાય કેમ થાય ? જે સમયે જે પરિણામ (થવાના તે) **'પોતપોતાનાં અવસરોમાં...'** પોતપોતાનાં કાળમાં તે પર્યાય થાય છે. આહા..હા...! આઘી-પાછી નહિ. આહા..હા...! શાસ્ત્રમાં લખાણ એમ આવે કે, સાધકજીવને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. આવે છે ને ? આહા..હા...! પણ એ પણ ક્રમબદ્ધમાં જ છે. એટલે જેણે આત્માનો આનંદ અનુભવ્યો અને આનંદમાં જેને રમણતા જામી એને કેવળજ્ઞાન લેવાનો કાળ જ અલ્પ છે. આ..હા..હા...! આહા..હા...! આવી વાત છે.

**'પોતપોતાના અવસરોમાં...'** જેમ (દૃષ્ટાંતમાં) પોતપોતાનાં સ્થાનમાં હતું (એમ) આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામો...**' બધાં પરિણામો. પોતપોતાનાં કાળમાં થતાં પરિણામ. આ..હા..હા...! ચિંતા માત્ર છોડી દીધી. આહા..હા...! જેના જે સમયે જે પરિણામ થાય છે–પોતપોતાનાં સમસ્ત–બધાં પરિણામ, હોં ! આહા..હા...! પોતપોતાનાં અવસરમાં એટલે કાળમાં. પેલું ક્ષેત્ર હતું, આ કાળ છે. '**પોતપોતાનાં અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો...**' આ..હા..હા...! ભવિષ્યના પણ પહેલાં સમયે થવાના એ પછીપછી(ના છે). વર્તમાનમાં થયા એ પોતે અને વીતી ગયા-થયા-એ ગયા એ વ્યયમાં ગયા. થાશે એ ઉત્પાદમાં (ગયા) અને વર્તમાનમાં પણ એ ઉત્પાદ છે એ ધ્રુવ તરીકે દરેકને છે... છે... છે... છે... છે... આહા..હા...! આવી વ્યાખ્યા ! વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી, બાપુ !

આ રીતે જેને (નિર્ણય) થાય છે તેને કાળલબ્ધિ પાકી ગઈ. આહા..હા...! પોતપોતાનાં અવસરે પરિણામ થાય... આહા..હા...! પછી-પછીના અવસરે તે-તે કાળે તે થાય, પહેલાં-પહેલાંના અવસરમાં તે-તે કાળે થઈ ગયા. આહા..હા...! બધાં પરિણામોમાં પ્રકાશતાં – સમસ્ત પરિણામોમાં (પ્રકાશતા) અને (પછી-પછીના અવસરોએ) પછી-પછીના પરિણામો પ્રગટ થતા હોવાથી '**અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી...**' આહા..હા...! જે પરિણામ તેને સમયે થઈ ગયા તે હવે કાંઈ થવાના નથી અને પછી-પછીના થશે અને એમાં બન્નેમાં... આહા..હા...! પછી-પછી થશે તે ઉત્પાદમાં ગયું, થઈ ગયા તે વ્યયમાં ગયું. આહા..હા...! અને પરસ્પર અનુસ્યૂતિ (એટલે) દરેકમાં છે... છે... છે... તે-તે સમયે છે... છે... પછીનો ઉત્પાદ અને પહેલાંનો વ્યય એમ નહિ, છે... છે... બસ ! આ..હા...! જેમ આ બધાંમાં દોરો છે એમ દરેક પરિણામના કાળમાં તે સળંગ આત્મા છે. આહા..હા...! ઝીણો માર્ગ બહુ, ભાઈ ! આહા..હા...!

આજે એક ચોપડી આવી છે. 'તારણસ્વામી' છે એને (માનનારી) કોઈ બાઈ છે. એમ (લખે છે) કે, ભગવાનના શાસ્ત્રમાં જિનબિંબ, જિનપ્રતિમા અને જિનમંદિર છે. એ 'તારણસ્વામી'વાળા લોકો કંઈ રાખતા નથી ને ? અને તમે એમ કહો કે, 'તારણસ્વામી' એ માનતા નહોતા. તો તો પછી એનો અર્થ થયો કે, એ મિથ્યાદૃષ્ટિ હતા એવો તમે અવર્ણવાદ કરો છો. જિનબિંબ, જિનપ્રતિમા, (જિન)ભવન અનાદિના છે. એક ચોપડી આવી છે. વાત સાચી. અસંખ્ય જિનપ્રતિમાઓ સ્વર્ગમાં છે, આમ અસંખ્ય દ્વિપ સમુદ્રમાં અકૃત્રિમ છે. અઢી દ્વિપમાં કૃત્રિમ સંખ્યાત છે. બધું છે, પ્રતિમા નથી એમ નહિ. અને શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે (કે), જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મોનો નાશ થાય. આવે છે ને ? 'ધવલ'માં ! આહા..હા...! એના એક અક્ષર અને એક પદ(માં) પણ કેમ ફેરફાર થાય ? શાસ્ત્રના એક પણ અક્ષર અને એક પદથી ભ્રષ્ટ થાય (તો તે) મિથ્યાદૃષ્ટિ છે. આવું આકરું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે. (ચોપડીમાં લખે છે કે) 'એને (–'તારણસ્વામી'ને) તમે એમ માનતા હો કે, એ મૂર્તિને નથી માનતા, તો તો પછી સૂત્રને ઉથાપ્યા છે. તો તમે મિથ્યાદૃષ્ટિ ઠરાવો.' એનું લક્ષ જતાં શુભ ઉપયોગ છે, ધર્મ નથી પણ વસ્તુ છે. એ પણ પોતપોતાનાં અવસરે ત્યાં પ્રતિમા છે, મંદિર છે, જિનબિંબ છે. આહા..હા...! એ કોઈ પક્ષની વાત નથી, એ કંઈ પંથ નથી. એ તો ભગવાનનો કહેલો પંથ–માર્ગ છે તે છે. સમજાય છે ? એમાં મૂર્તિ અને જિનબિંબ નથી એમ કહેવા જાય તો સૂત્ર અને સૂત્રના પદના અર્થમાં (ફેરફાર કરી નાખ્યો). આવે છે ને ? 'સૂત્ર પાહુડ'માં ! સૂત્રનું એક પણ પદ અને એક પણ અક્ષરથી ભ્રષ્ટ થાય તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! ભલે (જિનપ્રતિમા) શુભભાવનું નિમિત્ત છે. પણ છે કે નહિ ? આહા..હા...! એ છે માટે એમાં ધર્મ છે, એમ નહિ. પણ તે ચીજ છે. જ્ઞાનીને પણ એના વંદન, પૂજાનો ભાવ એને કાળે આવે છે. ભલે એ પુણ્યબંધનું કારણ (છે) પણ એ આવે છે. આહા..હા...! તે-તે સમયના તે પૂજાના, ભક્તિના પરિણામ આવે છે, ભાઈ ! અને તે-તે સમયે સામે મંદિર આદિ ચીજ છે તેને પણ એ સિદ્ધ કરે છે. આહા..હા...! મંદિર અને જિનબિંબ નથી (એમ માને તો તેણે) સૂત્રના વચનો, વીતરાગના સિદ્ધાંત – વચનો ઉત્થાપી નાખ્યા. આહા..હા...!

'મલારગઢ' ગયા હતા ત્યાં તમે હતા ? 'મલારગઢ' ! (ત્યાં) ગયા તો એ ઢોલકા વગાડનારો ગાવામાં મૂર્તિનો વિરોધ કરવા માંડ્યો. એ લોકોમાં એવું છે–મૂર્તિનો વિરોધ જ કરે. માણસને પક્ષ થઈ જાય છે પછી સૂઝ પડતી નથી અને પાછું એ ભૂલીને જિનબિંબ અને જિનપ્રતિમાથી પણ ધર્મ થાય એમ માને એ પણ (વિપરીતતા છે). આહા..હા...! બહુ માર્ગ (સૂક્ષ્મ), બાપા ! અલૌકિક માર્ગ છે ! પાઠમાં તો એવું આવ્યું છે ને ? કે, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો (નાશ થાય છે). એવો તીવ્ર શુભ ભાવ છે. સમ્યક્દૃષ્ટિ સહિત છે તેની વાત છે, હોં ! એને રસ નથી એટલે ઘણાં ઘટી જાય છે. નિદ્ધત અને નિકાચિત હોય તેની પણ (સ્થિતિ ઘટી જાય). આહા..હા...! સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં ! એકલાં દર્શન, ભક્તિ કરે એ કંઈ (સ્થિતિ ન ઘટાડે). આ..હા..હા...! આ ત્રિલક્ષણ (પરિણામ પદ્ધતિમાં) વર્તતું દ્રવ્ય છે તેની દૃષ્ટિ સહિતના જે પરિણામ આવે (તેની વાત છે). આહા..હા...! આ કોઈ પક્ષ નથી, આ કોઈ પંથ નથી, વાડો નથી. આ તો અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, સંતો જે પંથે ગયા એ આ પંથ છે. આમાં કોઈ પક્ષ નથી. મૂર્તિને સ્થાપે તો ત્યાં જડ સ્થાપ્યા (એમ કોઈ કહે). પણ બાપુ ! એ જડ તો છે પણ જ્ઞાનીને પણ સ્વરૂપમાં સ્થિરતા (ન થાય ત્યારે), છ આવશ્યક છે ને ? છ આવશ્યક ! પૂજા આદિ એ સમયે આવે. એમ છે, ભાઈ ! તે-તે સમયે તે આવે. છતાં તેની દૃષ્ટિનું જોર ત્યાં નથી. આહા..હા...! એ પરિણામમાં વર્તતું જે દ્રવ્ય છે ત્યાં દૃષ્ટિ છે. આ..હા..હા...! ફાટ... ફાટ... બે કટકા થઈ જાય ! રાગ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન – બે ભિન્ન (થઈ જાય). આ..હા..હા...!

પર્યાયમાં વર્તતું દ્રવ્ય છે અને એ તો દ્રવ્યનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે. સ્વભાવમાં વર્તતો સ્વભાવવાન... આ..હા..હા...! તેના ઉપર દૃષ્ટિ જતાં એનું અનુમોદન થાય છે કે, આ છે. ઈ એને આનંદ આવે છે. તે-તે સમયે થાય માટે એને પુરુષાર્થ નથી, એમ નથી. પ્રભુ ! આહા..હા...! તે-તે સમયે પરિણામ થાય, બાપુ ! આઠ વર્ષનો બાળક હોય કે આઠ વર્ષની દીકરી હોય, એ પણ સમકિત પામે છે. આહા..હા...! આ તો દીકરીની વાત કીધી. આઠ વર્ષની દીકરી હોય એ સમકિત પામે ! છોકરો હોય તો વળી કેવળજ્ઞાન પામે !! આ..હા..હા...! કેમકે અંદર આત્મતત્ત્વ છે ને ? અને તત્ત્વનું–અસ્તિત્વનું મોજૂદગીમાં અનંત... અનંત.. ધ્રુવસ્વરૂપ છે ને ? આહા..હા...! ભલે એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ લક્ષણમાં વર્તે છતાં તે કાયમ રહેનારું દ્રવ્ય એમાં વર્તે છે એ દ્રવ્ય છે ને ? આ..હા..હા..હા...! એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં... એ દૃષ્ટિ જાય જ. અહીં તો (એમ) કહે છે. અહીં તો ત્રણ લક્ષણ પરિણામ પદ્ધતિમાં પ્રવર્તતું દ્રવ્ય (છે) એમ જ્યાં નક્કી કરવા જાય એટલે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આહા..હા...! આવું છે.

અહીં તો એમ કીધું, પોતપોતાનાં અવસરે પરિણામ થાય, આઘા-પછી નહિ. (દિગંબરના મોટા વિદ્વાન સાથે) મોટી ચર્ચા થઈ. (તેમણે કહ્યું કે), 'એમ નહિ. એક પછી એક પરિણામ થાય પણ આ જ થાય એવું નહિ. ક્રમનિયમિત નહિ.' (અહીંયાં તો કહે છે કે), ક્રમે (થાય) અને નિશ્ચય તે જ થાય તે થાય. આ..હા..હા...! શું થાય ? (ત્યારપછી) એણે એમ કહ્યું કે, 'સોનગઢ'નું સાહિત્ય ડૂબાડી દેશે ! અરે... પ્રભુ ! બાપુ ! માર્ગ તો આવો છે, ભાઈ ! આ..હા..હા...! આવા ટાણા મળ્યા, બાપા ! કોઈને શું કહે, કેમ (કહે એનું) તારે શું કામ છે ? આહા..હા...!

અહીં તો કહે છે કે, પોતાનું દ્રવ્ય ત્રણ લક્ષણી (પરિણામોની) પરંપરામાં વર્તતું (દ્રવ્ય છે). ઇ તો દ્રવ્ય પ્રવર્તે છે ને ? તે પ્રવર્તતું દ્રવ્ય એના સ્વભાવ(માં વર્તે છે). એ સ્વભાવ ઉપર જ્યાં દૃષ્ટિ જાય છે... આહા..હા...! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે અને અતીન્દ્રિય આનંદ આવે છે. પરુષાર્થ અને એ બધું ત્યાં આવ્યું. અકર્તાપણું આવ્યું, પુરુષાર્થ આવ્યો, આનંદ આવ્યો. અરે...! અનંતા ગુણોની સંખ્યાનો પાર નહિ. એ અનંતા ગુણોનો વ્યક્તપણે બધાં ગુણોનો અંશ આવ્યો. સવારમાં નહોતું આવ્યું ? જોગનો અંશ પણ ક્ષય થયો છે. આ..હા..હા...! શું કહે છે આ ? સમ્યગ્દર્શન થતાં – દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં એને લાયક અવિરતી;... કેમકે ચારિત્રગુણ છે એનો અંશ પણ પ્રગટ થાય છે, ભાઈ ! આહા..હા...! અરે..રે...! અને અનંત ગુણમાં એક અજોગ નામનો ગુણ છે, પ્રભુમાં ! આ..હા..હા...! પોતપોતાને અવસરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પન્ન થનારા પરિણામમાં વર્તતું દ્રવ્ય છે એમાં જતાં... આહા..હા...! એને અજોગ નામનો ગુણ છે એ પણ ચોથે ગુણસ્થાને અંશે પ્રગટ થાય છે. આ..હા..હા...! અરે...! અજોગ તો ચૌદમે (ગુણસ્થાને) આવે ને, ભાઈ ? આહા..હા...! અજોગપણાનો અંશ પ્રગટ થાય, પ્રભુ ! આ..હા..હા...! ભગવંત તું કેવડો મોટો ! આ..હા..હા..હા...! તારો જ્યાં સ્વીકાર થતાં અજોગનો અંશ પણ પ્રગટ થાય ! આ..હા..હા...! આહા..હા...! વસ્તુસ્થિતિ આ છે. આમાં કોઈ વાદવિવાદને (સ્થાન નથી). એવી સ્થિતિ છે.

પોતપોતાનાં અવસરમાં થતાં, આઘા-પછા નહિ. એક ફેરી કહ્યું હતું. ભગવાન પાસે ભક્તિ કરીને આવ્યા (પછી કહ્યું હતું). ઘણાં વર્ષ થયા. કીધું, આઘુંપાછું એટલે શું ? આઘુંપાછું ઈ શું ? આ પર્યાય અહીં થવાની તે અહીં થશે અને ત્યાંની અહીં થશે. એની વ્યાખ્યા શું ? બાપુ ! સ્વકાળે થાય છે ત્યારે થશે. એમાં આઘીપાછી પ્રશ્ન ક્યાં છે ? આહા..હા...! દુનિયા માને ન માને સત્ય તો આ છે. (દિગંબરો એમ કહે છે કે) ‘ઢૂંઢિયામાંથી તમે આવ્યા ને તમારી વાત સાચી ને અમારી ખોટી ?’ પ્રભુ ! અમે ગમે ત્યાંથી આવ્યા, તારું રહેવા દે. આ બધાં દિગંબરો અને આ બધાં પંડિતોની બધી વાત ખોટી ? સ્થાનકવાસીની પણ ખોટી, શ્વેતાંબરની પણ ખોટી અને દિગંબરની પણ ખોટી ? પણ દિગંબરનું શું કહેવું છે ઈ બાપુ, જાણ્યું નથી. (એમાં) જન્મ્યા માટે દિગંબર થઈ ગયા (એમ નથી). આહા..હા...!

શ્રોતા :– ‘મોક્ષમાર્ગ પ્રકાશક’નો સાતમો અધિકાર દિગંબર માટે જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દિગંબર નહિ, વસ્તુ જ એ છે. દિગંબર હોવા છતાં પણ મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે ઈ ટાળવા સાતમા (અધિકારમાં) વાત કરી છે. પહેલી શરૂઆત(માં વાત કરી છે). દિગંબરમાં જન્મ્યા (છતાં) મિથ્યાત્વનો એક અંશ (રહી જાય છે). વ્રતધારી સાધુ થાય પણ મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે. આ..હા..હા...! ત્યારે (‘જયપુર’નો એક જણ) એમ કહે કે, ‘દિગંબરમાં જન્મ્યા ઈ બધાં સમકિતી તો છે.’ અમારા ‘મૂળચંદજી’ એમ કહેતા કે, સ્થાનકવાસીમાં જન્મ્યા ઇ સમકિતી તો છે. લ્યો ! ઈ એમ કહેતાં. આ..હા...! બાપુ ! વસ્તુમાં ક્યાં સ્થાનકવાસી અને શ્વેતાંબર હતું ? એ તો વસ્તુનું સ્વરૂપ છે. દિગંબર છે ઈ તો જેવી વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન કરે છે. એ કોઈ પંથ અને પક્ષ નથી. આહા..હા...! કઠણ પડે, પ્રભુ ! પણ છે તો આ ! દુનિયા ભલે માને ન માને. આહા..હા...!

**‘પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર...’** સળંગ **‘અનુસ્યૂતિ રચનારો પ્રવાહ...’** પ્રવાહ, હોં ! (દૃષ્ટાંતમાં) દોરો હતો. **‘અનુસ્યૂતિ રચનારો પ્રવાહ...’** (એટલે) એક પછી એક. **‘અવસ્થિત (–ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.’** ભગવાનઆત્મા અને દરેક પરમાણુ (દરેકમાં આવો સ્વભાવ છે). દરેકનું જાણવું તો જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે કે નહિ ? કે, પરમાં થાય છે ? જડ પરમાણુમાં પણ એનું ત્રણલક્ષણપણું (પ્રસિદ્ધ છે). પ્રગટ અવસ્થા–પર્યાય છે એ તે-તે સમયે છે, પછીની પછીને સમયે (છે), પહેલાંની પહેલે સમયે (છે) પણ ઈ જ્ઞાન કોને છે ? જડને છે ? આહા..હા...!

બધેય તે અનુસ્યૂતિ (રચનારો) પ્રવાહ (એટલે કે) પરિણામ... પરિણામ... પરિણામ... પરિણામ... પરિણામ... (એવો) પ્રવાહક્રમ. વિસ્તારક્રમનો તો દૃષ્ટાંત દીધો હતો. આ પ્રવાહક્રમ (છે). પરિણામ એક પછી એક... એક પછી એક... એક પછી એક... જે થવાના તે જ થવાના. ગયા તે ગયા, એ પણ એને સમયે થયા હતા. એનો આખો પ્રવાહ ગણો તો એ પ્રવાહ ટકતો હોવાથી, પ્રવાહપણે તો દરેક પરિણામને ટકતું દેખીને '**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**' આહા..હા...! ઉત્પાદ પણ છે, વ્યય પણ છે અને ધ્રુવ પણ (છે). એક પરિણામમાં ત્રણપણું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? માણસને આવી વાત બહુ આકરી પડે (એટલે) લોકો સામાયિક કરો, પૌષધ કરો, પડિમા લઈ લ્યો, સાધુ થાઓ, આ કરો ને આ છોડો, રસ છોડો. રસ છોડે એટલે (કહે કે) આ સાધુએ રસ છોડ્યો ! અરે...! પણ હજી પહેલું મિથ્યાત્વ તો છોડ્યું નથી, રસ ક્યાંથી છોડ્યો ? આત્માનો રસ આવ્યા વિના રાગનો રસ છૂટે નહિ. આહા..હા...! અને એ આત્માનો રસ ત્યારે આવે કે, તે-તે સમયના પરિણામ ત્યાં-ત્યાં થાય, થઈ ગયા તે હવે ન થાય, નથી થયા તે તે સમયે થાય, તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે-તે સમયનું ગણતાં તે છે... છે... છે... પ્રવાહ(રૂપે છે) એ ધ્રુવ. આ..હા..હા...! એક જ પર્યાયમાં ત્રણ લાગુ પડ્યાં. એ તો 'સમયસાર'માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું હતું ને ? આ 'પ્રવચનસાર' છે. જે સમયના જે પરિણામ થાય તે પ્રાપ્ય છે, પૂર્વની અપેક્ષાએ બદલ્યો માટે તે વિકાર્ય છે, છે તો ઈના ઈ, અને ઊપજ્યા એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કીધાં. આ..હા..હા...! ગજબ વાત છે ! સત્યનું જાહેરપણું, સત્યનું પ્રસિદ્ધિપણું... ઓ..હો..હો..હો...! અહીં એ કીધું ને ? '**ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.**' આહા..હા...!

જ્યાં આ પર્યાય ઉત્પન્ન (થવાનો) કાળ છે અને પછી પણ ઉત્પન્ન (થવાનો) કાળ થશે, (તે) તેને કાળે થશે અને ઉત્પન્ન કાળ થઈ ગયો તે સમયે થતાં એ ગયા અને છે... છે... પ્રવાહની અપેક્ષાએ ધ્રુવ (છે). એમાં વર્તતું દ્રવ્ય, એ દ્રવ્યની દૃષ્ટિ થતાં તેને ત્રિલક્ષણપણાનો સાચો નિર્ણય થાય છે. આહા..હા...! આવું છે. ભાવાર્થ ! ટીકાની ભાષા જરી આકરી હોય ને (એટલે) ભાવાર્થમાં સાદી ભાષામાં (સમજાવે છે).

**ભાવાર્થ :–** '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...**' દરેક દ્રવ્ય એટલે વસ્તુ સદાય સ્વભાવમાં રહે છે. '**તેથી 'સત્' છે.**' દ્રવ્ય છે. '**તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' આહા..હા...! તે સત્ દ્રવ્ય 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' (છે) અને 'સત્ દ્રવ્ય લક્ષણમ્'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બે સૂત્ર આવે છે ને ? બાકી તો આત્મામાં અનંત ગુણમાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ પણ છે. આહા..હા...! આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ નામનો ગુણ છે જેથી તેને તે-તે સમયના તે પર્યાય ઉત્પન્ન થાય. એ ગુણને લઈને, ગુણનો ધરનાર (દ્રવ્ય છે એમ) દ્રવ્યદૃષ્ટિ થઈ એને લઈને (તે તે સમયના પરિણામ ઉત્પન્ન થાય). એ ઉત્પાદ કરવો પડે એમ નહિ. આ..હા..હા...! આવી વાત છે. '**તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' પરિણામ, હોં !

'**જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ...**' પેલી વાત જુદી હતી, ભાઈ ! સમાનજાતિ-અસમાનજાતિ એ બીજી વાત હતી, આ બીજી વાત છે. ત્યાં તો દ્રવ્યની પર્યાય એકલી સીધી ન બતાવતાં સમાનજાતિ વિભાવપર્યાયમાં પરમાણુ-પરમાણુની પર્યાય બતાવી. અસમાનજાતિમાં જીવ અને જડની (દ્રવ્યપર્યાય) બતાવી. ઇ તો દ્રવ્યપર્યાયના પ્રકાર બતાવ્યા અને પછી ગુણપર્યાયના બે ભેદ (બતાવ્યા) – સ્વભાવ (ગુણપર્યાય) અને વિભાવ (ગુણપર્યાય). ઈ જુદી શૈલી છે, આ જુદી વાત છે. આ તો અંતર જે સમયે જે પરિણામ થાય તે પરિણામ તેનો ઉત્પાદનો કાળ હતો અને પછી પણ જે પરિણામ થાય તે તેના ઉત્પાદના કાળે થાય અને ગયા તે પણ તેના ઉત્પાદના કાળે થયા હતા તે ગયા. એ અપેક્ષાએ એક-એક પર્યાયને - પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ (કહેવાય). આહા..હા...! વીતરાગમાર્ગ ! જેના ફળ બાપા ! સંસારનો (અંત) ! આ..હા..હા...! એ ચોરાશીના અવતારનો અંત ! ભાઈ ! આ..હા..હા...! ભવના અંત જેમાં છે.

ત્રણલક્ષણી પરિણામમાં વર્તતું દ્રવ્ય... આ..હા..હા...! એનો સ્વીકાર થતાં ત્યાં ભવનો અંત આવે છે. આહા..હા...! મોક્ષની પર્યાય શરૂ થાય છે. એટલે સમ્યગ્દર્શન પણ મુક્તિની એક પર્યાય છે. ભગવાન ધ્રુવ મુક્ત વસ્તુ છે એની એક પર્યાય છે. આ..હા..હા...! પૂર્ણ મુક્ત ભલે કેવળજ્ઞાન થાય ત્યારે થાય પણ અહીંયાં મુક્તસ્વરૂપ છે તો મુક્તની પર્યાય શરૂ થાય છે. આહા..હા...! જ્યાં અજોગગુણનો પણ અંશ પ્રગટ થાય છે તો ભગવાન તો અબદ્ધ અને મુક્ત છે તો એનો પણ અંશ–મુક્તનો અંશ પણ વ્યક્ત–પ્રગટ થાય જ. આહા..હા...! ત્યારે તેણે મુક્તને જાણ્યું અને માન્યું કહેવાય. જાણ્યું અને માન્યું ક્યારે કહેવાય ? કે, મુક્ત સ્વરૂપ છે તેને જાણ્યું, માન્યું ત્યારે કહેવાય કે, મુક્તની પર્યાય(ની) શક્તિમાંથી અંશે વ્યક્તતા હોય. આહા..હા...!

અહીં કહે છે '**વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે. તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે.**' જેમ વિસ્તારનો નાનો અંશ છે તેમ દ્રવ્યનો પ્રવાહ આમ (ઊર્ધ્વ છે) અને વિસ્તાર આમ (તીરછો) છે. '**દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ આકરું પડે છે ને ?

વિશેષ કહેવાશે...

**ગાથા–૯૯, ૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૩**
**તા. ૧૩-૬-૭૯**

'પ્રવચનસાર' ૯૯–(ગાથાનો) ભાવાર્થ થોડો ચાલ્યો છે. ફરીને (લઈએ). **'દરેક દ્રવ્ય...'** એટલે છએ દ્રવ્ય આવ્યાં. દરેક દ્રવ્ય એટલે બધાં દ્રવ્ય આવ્યાં. અનંતા આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ. એક વાત. **'સદાય સ્વભાવમાં રહે છે...'** તે દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે. **'તેથી 'સત્' છે.'** ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે તેમાં એ સત્ સ્થિત છે.

**'તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.'** આહા..હા...! કેટલું સ્પષ્ટ છે ! દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે અને સ્વભાવ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એટલે કે તે દ્રવ્યના સ્વભાવમાં ઉત્પન્ન (થવાના) કાળે પર્યાય ઉત્પન્ન થાય. દ્રવ્ય નહિ–દ્રવ્ય ઉત્પન્ન થાય એમ નહિ. દ્રવ્યનો જે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ (છે) એમાં એ દ્રવ્ય પોતે વર્તે છે. એ દ્રવ્ય ઉત્પાદને કરે છે. આહા..હા...! આ તો કર્મને લઈને પર્યાય થાય એ વાત આમાં રહેતી નથી.

શ્રોતા :– વ્યવહાર કથન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ કથન તો નિમિત્તના જ્ઞાન કરાવવા (માટે છે). શ્વેતાંબરમાં તો એકલી કર્મથી જ બધી વાતું (આવે). અહીં વાડામાં પણ અત્યારે તો ઈ થઈ ગયું છે.

અહીંયાં કહે છે કે, દરેક દ્રવ્ય સિદ્ધાંત અને વસ્તુસ્થિત છે. તે દ્રવ્ય સદાય પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવમાં રહે છે. કોઈ પરની પર્યાયમાં કે પરના ગુણમાં જાતું નથી. આહા..હા...! એ સ્વભાવ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે). આ..હા..હા...! દરેક દ્રવ્ય(ની) પોતાની વર્તમાન પર્યાયના ઉત્પાદમાં એનો સ્વભાવ છે માટે ઉત્પન્ન થાય છે. આહા..હા...! એના ઉત્પન્ન (થવાને) માટે બીજા દ્રવ્યના સ્વભાવની એને જરૂર નથી. કારણ કે બીજા દ્રવ્યનો સ્વભાવ પણ તેના ઉત્પાદ-વ્યયમાં છે. આહા..હા...!

જડ કર્મ જે છે એ પણ પરમાણુ દ્રવ્ય છે અને દ્રવ્ય છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવમાં છે અને સ્વભાવ છે તે તેનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એટલે કર્મ પણ તેની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, પૂર્વની પર્યાયે વ્યય થાય છે, કાયમ રહેવાની અપેક્ષાએ ધ્રુવ છે. પર્યાય પણ, હોં ! આહા..હા...! હવે કર્મ જ્યારે પોતાના સ્વભાવમાં–ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં વર્તે (છે) એ આત્માને વિકાર કરાવે એ વાત ક્યાં રહી ? સંપ્રદાયમાં અત્યારે મોટો વાંધો આ (છે). અહીં તો ના પાડે છે.

'**સ્વભાવ ઉત્પાદ...**' આ..હા..હા...! એક સમયમાં તે દ્રવ્યનો સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ(સ્વરૂપ છે). તે સમયમાં એ તેના પરિણામ છે. એ ત્રણ પરિણામ છે. આ..હા...! ત્રણ ભેદ થયા ને ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ દ્રવ્યના ત્રણ પરિણામ છે. આહા..હા...!

'**જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ,...**' વસ્તુ જેટલી પહોળી છે એના જે પ્રદેશો છે એનો નાનામાં નાનો એટલે જે પ્રદેશ છે તે નાનામાં નાનો ભાગ (છે). ભલે એ અનંત હો કે અસંખ્ય હો પણ એ દ્રવ્યનો વિસ્તારનો... વિસ્તાર (એટલે) આમ પહોળા, એમાં નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે. '**તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે.**' આહા..હા...! કેટલી ચોખ્ખી ગાથા છે ! છતાં ગડબડ ચાલે છે.

વિકાર પણ ઉત્પાદપણે દ્રવ્ય પોતે કરે એ એનો સ્વભાવ છે. અહીં તો સ્વભાવ કીધો ! વિકાર સ્વભાવ !? ત્યાં એ વાંધા આવ્યા હતા ને ? (સંવત) ૨૦૨૩ની સાલમાં ! (દિગંબરના એક મોટા વિદ્વાન એમ કહેતા હતા કે) વિકાર કર્મ વિના થાય તો એ તો સ્વભાવ થઈ જશે. અને આપણે સવારમાં આ આવ્યું હતું. દ્રવ્યઆસ્રવ વિના ભાવઆસ્રવ થાય નહિ. જડ નિમિત્ત તરીકે હોય. એના વિના ભાવઆસ્રવ થાય નહિ. પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. થાય છે તો એ દ્રવ્યના પોતાના ઉત્પાદ-વ્યય-(ધ્રુવના સ્વભાવથી). દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે અને એ સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે અને તે ઉત્પાદ તે સમયનો જે થાય, તે સમયનો જે થાય તે જ થાય. ઓ..હો..હો..હો...!

શ્રોતા :– અનેકાંત ન આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનેકાંત આવ્યું ને ! બીજે આડેઅવળે ન થાય, બીજાથી ન થાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આઘું-પાછું ન થાય, એ અનેકાંત છે. આવી વાત છે. આહા..હા...! આચાર્યોએ દિગંબર સંતોએ પરમ સત્યને સમાજની પાસે મૂકવામાં પાછી પાની રાખી નથી કે, આવી વાત હું કરીશ તો દુનિયાને બેસશે કે કેમ ? આહા..હા...!

શ્રોતા :– મુનિઓને સમાજની શું દરકાર.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને તો કોઈની દરકાર નથી. વસ્તુની સ્થિતિ છે એ પ્રમાણે પ્રસિદ્ધ કરી છે. આહા..હા...! જૈનમાં લાકડું આ–કર્મને લઈને થાય. કર્મ વિના થઈ જાય તો સ્વભાવ (થઈ જાય એમ કહે છે). અહીં તો કહે છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ (સ્વભાવ છે તેમાં) વિકાર પણ લેવો, હોં ! એકલાં અવિકારી (પરિણામ) નહિ. ઉત્પાદમાં વિકારી-અવિકારી પર્યાય (બન્ને લેવા). એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તે સ્વભાવ છે. લ્યો, અહીં તો સ્વભાવ કીધો ! વિકારને સ્વભાવ કીધો ! આહા..હા...! '**स्पष्ट भवनम् स्वभावः**' પોતાની પર્યાયમાં થાય (છે) માટે તે સ્વભાવ (કહ્યું). આહા..હા...! અત્યારે પંડિતોમાં બહુ વાંધો (છે). આહા..હા...!

શું કીધું ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામ છે. દ્રવ્ય સદાય સ્વભાવમાં છે. સ્વભાવ તેનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. આ..હા...! એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેના પરિણામ છે. દ્રવ્ય ઉત્પન્ન થતું નથી, દ્રવ્ય વ્યય થતું નથી, દ્રવ્ય ધ્રુવ રહેતું નથી. એ દ્રવ્યના ત્રણ પરિણામ છે. ઉત્પન્ન થવાનો પરિણામ, વ્યયનો પરિણામ, અને ધ્રુવપણે (રહેવું). ત્રણ ભાગ પાડ્યા ને ? (એટલે પરિણામ કીધું). આહા..હા...! એ પરિણામ છે. '**જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે,...** ' આકાશનો કે જીવનો (કોઈનો પણ). અસંખ્ય પ્રદેશમાંથી કોઈ એક પ્રદેશ. '**તેમ દ્રવ્યના પ્રવાહનો...**' આહા..હા...! જે દ્રવ્યનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ(સ્વરૂપ છે) તેમાં તે દ્રવ્ય (વર્તે છે). પ્રવાહક્રમમાં જે પર્યાય થવાની છે એ પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. આ..હા...! ચાહે તો જીવમાં વિકારી મિથ્યાત્વ થાય તોપણ તે ઉત્પાદ તેનો દ્રવ્યનો સ્વભાવ છે અને સ્વભાવ (છે) તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. મિથ્યાત્વ પણ એનો સ્વભાવ છે એમ કીધું ! આ..હા..હા..હા...!

વસ્તુ જે છે–દરેક દ્રવ્ય. ભગવાને જિનેશ્વરદેવે જે જોયું કે, દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં છે. પરને અડતી નથી, પરને અડી નથી અને પોતાનો જે સ્વભાવ છે એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. કેમકે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તે સત્ (છે) અને સત્ તે દ્રવ્ય (છે). આહા..હા...! આવી વાતને (સમજવા) ક્યાં નવરાશ (છે) ? સત્‌નો – વાસ્તવિક પદાર્થનો નિર્ણય શું ? આહા..હા...! કહે છે કે, તે દ્રવ્ય જે છે–આત્મા તેનો પ્રવાહ એટલે પર્યાયનો પ્રવાહક્રમ. જે પ્રવાહના ક્રમમાં જે પર્યાય આવવાની છે તે જ આવશે, આડીઅવળી પર્યાય નહિ થાય અને તે પ્રવાહના ઉત્પાદમાં દ્રવ્ય જ આવશે. દ્રવ્યને લઈને ઉત્પાદ છે. આહા..હા...! કર્મને લઈને આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાત્વનો ઉત્પાદ નથી, એમ કહે છે. આહા..હા...! તે પ્રવાહક્રમમાં જીવના રાગ અને દ્વેષ(ના) પરિણામ થાય તે તેનો સ્વભાવ છે. એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તેનો સ્વભાવ છે અને સ્વભાવમાં સદાય દ્રવ્ય રહેલું છે. આહા..હા...! તો એ આત્માથી તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે, કર્મથી નહિ. આકરું કામ ! જગતને સત્ય સાંભળવા મળે નહિ, બચારા ક્યાં (જાય) ? કર્મ કરે, કર્મ કરે, વિકાર કરે એ કર્મ કરે. આપણો આત્મા કર્મ કરે અને કર્મ ભોગવે. અહીં ભગવાન ના પાડે છે.

બીજા દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યના પરિણામને કરે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આ..હા..હા...! ત્યારે કહે છે કે, સ્વરૂપ શું છે ? કે, દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં છે. એક નિગોદનો જીવ–લસણ ને ડુંગળી ને લીલ-ફૂગ. ત્યાં એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ અને તેની સાથે એક-એક જીવને તૈજસ અને કાર્માણ બે-બે શરીર ! તે નિગોદનો જીવ પણ... આહા..હા...! દરેક દ્રવ્ય આવ્યું ને ? (એટલે) એનો પોતાનો મિથ્યાત્વનો ભાવ (એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવને કારણે થાય છે). એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવમાં આત્મા (વર્તે છે). ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ઉત્પાદ તે સમયના પ્રવાહક્રમમાં – કાળક્રમમાં જે પર્યાય થવાનો તેના પ્રવાહક્રમ(માં) એ ઉત્પાદ (છે). એ ઉત્પાદ દ્રવ્યને લઈને છે. આ..હા..હા...! આકરી વાતું !

દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભ રાગ છે. એને ધર્મ માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...! એ મિથ્યાદૃષ્ટિપણું જીવના દ્રવ્યનો સ્વભાવ છે. આ..હા..હા..હા...! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ પડે, બાપા ! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પ્રભુ ! એની આ વાણી છે. આહા..હા...! ન્યાયથી આમ બેસી જાય એવું છે. પણ સાંભળવા મળે ત્યારે ને ! આહા..હા...! અભવીને પણ જે મિથ્યાત્વનો ઉદય થાય છે... આહા..હા...! તે અભવીનો જીવ પણ પોતે સદાય પોતાના સ્વભાવમાં છે અને એનો સ્વભાવ તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. તો જે મિથ્યાત્વના ઉત્પાદમાં આવે છે એ દ્રવ્યના પ્રવાહક્રમમાં – એ પરિણામમાં દ્રવ્ય આવે છે. આહા..હા...!

ઘણાં એમ કહે છે કે, એકેન્દ્રિય નિગોદના જીવ છે એને કર્મનું જોર છે. (ત્યાંથી) બહાર આવ્યા પછી મનુષ્ય થયો એને કર્મનું જોર ઓછું છે. એ વાત(ની) ભગવાન અહીં ના પાડે છે. આ..હા..હા...! કેમકે દરેક દ્રવ્ય... ભગવાને અનંત દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ (એમ) છ દ્રવ્ય (જોયા). જાતિએ છ અને સંખ્યાએ અનંત (છે). દરેક દ્રવ્ય એક સમયમાં પોતાના સ્વભાવમાં વર્તે છે. આહા..હા...! અને એનો સ્વભાવ તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (છે). એથી તેને પ્રવાહક્રમમાં જે પરિણામ થવાના છે, જે થવાના છે, તે સમયે તે પરિણામ પ્રવાહક્રમમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે. ત્યાં એ દ્રવ્યનો ઉત્પાદ છે, દ્રવ્યના પરિણામ છે, એ દ્રવ્યના પરિણામ છે. આ..હા..હા...! જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાણું, દર્શનમોહનીયને લઈને સમકિત રોકાણું – બધી વાતું ખોટી. આહા..હા...! અરે..રે...!

વીતરાગ ત્રિલોકનાથ દ્રવ્યની સ્વતંત્રતાનો ઢંઢેરો પિટે છે !! કે, જે દ્રવ્ય છે... આ..હા..હા...! એને પહેલે સમયે વિકાર નહોતો (એટલે કે) મંદ હતો અને બીજે સમયે તીવ્ર આવ્યો તો કહે છે કે, કેમ આવ્યો ? આ..હા...! (તો કહે છે કે) પ્રવાહક્રમમાં તે પરિણામ તેને તે દ્રવ્યમાં ઊપજવાના હતા. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! આવી ચીજ છે. દુનિયાને આકરી પડે. કંઈ નિર્ણયનાં ઠેકાણાં ન મળે. આહા..હા...! ભક્તિનો ભાવ જે સમયે આવવાનો છે તે સમયે ઉત્પાદ તરીકે એનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે તેથી તે સમયે પ્રવાહક્રમમાં ઉત્પાદ આવશે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

**'દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...'** આ..હા..હા...! દરેક પરિણામ ! પછી મિથ્યાત્વના (પરિણામ હો કે) કેવળજ્ઞાનના, સમકિતના... આહા..હા...! ચારિત્રના (પરિણામ હો). એ સમકિતના પરિણામ ઉત્પાદરૂપે તેના પ્રવાહક્રમમાં જ્યારે આવવાના છે (તે વખતે) એ દ્રવ્ય તે પરિણામપણે ઊપજે છે. આ..હા..હા...! એ કર્મને લઈને ત્યાં સમકિત પામ્યો કે ગુરુની દેશના સાંભળી માટે પામ્યો, એમ નથી અહીં તો કહે છે. પ્રવાહક્રમમાં એ સમ્યક્‌ની પર્યાયના પરિણામ આવવાના. એ ઉત્પાદ દ્રવ્યના પરિણામ છે અને એ ત્રણ પરિણામ થઈને દ્રવ્યનો સ્વભાવ છે અને તે દ્રવ્ય તે સ્વભાવમાં વર્તે છે. આ..હા..હા...! ભાષા તો ચોખ્ખી છે, બાપુ ! અત્યારે તો કર્મને લઈને વિકાર થાય.... કર્મને લઈને વિકાર થાય... (એમ પ્રરૂપણા ચાલે છે). પ્રભુ અહીં ના પાડે છે. વાત ચોખ્ખી ચાલી છે.

ત્રેવીસ વર્ષ પહેલાં (વાત ચાલી છે). (એ વિદ્વાને એમ કહ્યું કે) 'કર્મને લઈને જ વિકાર થાય, નહિતર વિકાર સ્વભાવ થઈ જશે.' તેમણે એમ કહ્યું. (એટલે) મેં કહ્યું, વિકાર પોતાથી– ષટ્‌કારકના પરિણમનથી થાય. 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા. ઘણાં બધાં પંડિતો હતા. જે સમયમાં એને વિકાર થવાનો... આહા..હા...! તે સમયે તે વિકારના પરિણામ દ્રવ્યે કર્યા છે, એ દ્રવ્યના પરિણામ છે, કર્મને લઈને નહિ. કર્મ પરદ્રવ્ય છે. એ કર્મ પણ તેના ક્રમમાં– પ્રવાહક્રમમાં જે પરિણામ આવવાના તે પરિણામ (તેના સ્વભાવને કારણે આવવાના). ઉત્પાદ-વ્યય-ધ્રુવના સ્વભાવમાં એ કર્મના પરમાણુઓ છે અને એ પરમાણુઓ પરિણામપણે આવ્યા છે. આહા..હા...! પરમાણુ જ્ઞાનાવરણીયપણે પરિણમે છે તે સમયે તે પરમાણુમાં તે પર્યાય ઉત્પન્ન થવાનો – ઉત્પાદનો એનો સ્વભાવ છે. આ..હા..હા..હા...! આવી વાતું છે.

**'દરેક પરિણામ...'** દરેક પરિણામ છે ને ? **'સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે,...'** સ્વ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળે જ ઊપજે છે. જે સમયે તેના પરિણામ થવાના તે સમયે થાય, આઘાપાછા નહિ. આ..હા..હા...! કેમકે એ ઉત્પાદ પ્રવાહક્રમમાં એનો જે સમય આવે છે ત્યારે તે સમયના તે પરિણામ પોતાથી ઊપજે છે. એને કર્મ અને પરની અપેક્ષા છે નહિ. આહા..હા...! એમ અજ્ઞાનીને રાગ-દ્વેષ થયા એ પોતાના પરિણામથી થયા અને એ વખતે કર્મ બંધાણું. એ કર્મના પરમાણુઓ તેના કર્મરૂપી પર્યાયપણે પરિણમ્યા તેથી તે કર્મ બંધાણું છે. અહીં રાગ-દ્વેષ થયા માટે કર્મ બંધાણું છે, એમ નથી. આહા..હા...! આવી વાતું !

પ્રશ્ન :– એવું થાય કે રાગ-દ્વેષ કરે અને કર્મ ન બંધાય ?

સમાધાન :– ઈ પ્રશ્ન કર્યો હતો, ત્યાં 'રાજકોટ'માં ! એમ કે, રાગ ન કરે તો ક્યાં (કર્મ) બંધાય ? એમ પ્રશ્ન કર્યો હતો. પણ ઈ પ્રશ્ન જ અહીં નથી. મૂળ તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ. આહા..હા...! અહીંયાં રાગ થાય છે એ પણ પોતાના ઉત્પાદના પરિણામનો કાળ છે માટે દ્રવ્ય તે રાગપણે પરિણમે છે. એક વાત. અને સામે જ્યાં ચારિત્રમોહના પરિણામપણે (કર્મ) બંધાય એ પરમાણુઓ પણ તે ચારિત્રમોહની પર્યાયપણે ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ છે. ઈ સ્વભાવમાં પરમાણુઓ રહ્યા છે. તે પરમાણુ એના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહ્યાં છે. (કર્મમાં) દર્શનમોહના પરિણામ થયા એ પરિણામ તે પરમાણુએ ઉત્પન્ન કર્યા છે. અહીં મિથ્યાત્વ સેવ્યું માટે દર્શનમોહ થયો છે, એમ નથી. આવું છે. આ..હા...! વીતરાગ સિવાય આવી વાત ક્યાં છે ? શ્વેતાંબરમાં તો (કર્મને લઈને થાય ઈ ચાલે જ છે), હવે તો દિગંબરમાં પણ એ જ (ચાલે) છે. પંડિતો (એ જ પ્રરૂપણા કરે છે) કર્મને લઈને થાય... કર્મને લઈને થાય. શ્વેતાંબરમાં તો ચોખ્ખી વાત જ ઈ છે – કર્મને લઈને થાય. આહા..હા...! પરદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં પરિણામ થાય – અહીં ભગવાન ના પાડે છે. ત્રણકાળ ત્રણલોકમાં એમ બનતું નથી. દરેક કાળે દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે અને તે સ્વભાવ તેનો સત્ (છે). તે 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' તેપણાના ઉત્પાદપણે તે પર્યાય તેના કાળક્રમે આવી. એપણે એ દ્રવ્યના પરિણામ છે, દ્રવ્યથી પરિણામ ઉત્પન્ન થયા છે. આ..હા..હા..હા...! સમજાય છે ?

આ ભાષા થાય છે – ભાષાવર્ગણાથી. કહે છે કે, એ ભાષાના જે પરમાણુઓ છે તે ભાષાવર્ગણાપણે પહેલાં છે એ પણ પોતાના ઉત્પાદના કારણે છે અને પછી ભાષાપણે પરિણમ્યા એ પરમાણુઓનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ (છે) એમાં એ પરમાણુ રહ્યાં છે માટે તે ભાષાની પર્યાયપણે પરમાણુ ઉત્પન્ન થયા છે. ભાષાની પર્યાય આત્માથી થાય છે કે હોઠથી થાય છે કે જીભથી થાય છે, એમ નથી. અરે.. અરે...! આવી વાતું ! આહા..હા...! અત્યારે તો આખું ઈ જ ચાલે છે – કર્મને લઈને વિકાર થાય અને દયા, દાન ને વ્રતના શુભ પરિણામથી ધર્મ થાય. બન્ને મિથ્યાત્વ છે. તે પણ મિથ્યાત્વ તે કાળે ઉત્પન્ન થવાના પરિણામમાં દ્રવ્યે ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યા છે, કર્મે નહિ, પરને લઈને નહિ. આહા..હા...! આવી વાત છે.

શ્રોતા :– જો દ્રવ્યમાંથી મિથ્યાત્વ થાય તો દ્રવ્યમાં મિથ્યાત્વ સદાય રહેવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય કીધી ને ? (એ) પરિણામ છે. દ્રવ્ય પરિણામપણે આવ્યું છે. એ પરિણામનો કાળ તો એક સમયનો જ હોય અને તે પરિણામને અહીં તો સ્વભાવ કીધો છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામને પણ તે જ સમયે ઉત્પન્ન થાય તેને ત્યાં સ્વભાવ કીધો છે. એ સ્વભાવમાં દ્રવ્ય રહ્યું છે. આહા..હા...! આવી વાત છે.

(અજ્ઞાની એમ દલીલ કરે) 'ગોમટસાર'માં આમ કહ્યું છે. અરે...! પણ કઈ અપેક્ષાએ કહ્યું છે ? ભાઈ ! બાપુ ! જ્ઞાનાવરણીય કર્મથી (જ્ઞાન હીણું થાય). ઈ તો નિમિત્તનું ટૂંકૂં કથન જણાવ્યું. બાકી જ્ઞાનાવરણીયથી જ્ઞાન અવરાય છે, એ વાત જ જૂઠી છે. એ જ્ઞાનની હીણી દશા થવી તે વખતના તે પરિણામ ઉત્પાદ થાય તેમાં એ દ્રવ્યે તે ઉત્પાદ પરિણામ કર્યા છે, કર્મને લઈને નહિ. જ્ઞાનાવરણીયનો ઉદય છે માટે જ્ઞાનની હીણી દશા થાય છે, એમ નથી. એ હીણી દશાના ઉત્પાદના કાળ વખતે તેનો એ પ્રવાહક્રમમાં સમય હતો તેથી તે હીણી દશાપણે દ્રવ્ય પોતે જ્ઞાનની હીણી પર્યાયપણે આવ્યું છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? અત્યારે (આ વાતનો) મોટો ગોટો છે. આ બે વાતું – નિમિત્તથી થાય અને વ્રત ને તપ ને ભક્તિ કરવાથી ધર્મ થાય. બન્ને મિથ્યાત્વ છે. આહા..હા...! એ મિથ્યાત્વના પરિણામપણે પણ દ્રવ્ય પોતે થાય છે. આહા..હા...! કોઈએ એને ઉપદેશ આપ્યો માટે તેને મિથ્યાત્વના નવા પરિણામ થાય છે, એમ નથી. આહા..હા...! આવું છે. આમાં કોની સાથે ચર્ચા અને વાર્તા કરવી ?

'**દરેક પરિણામ સ્વ-કાળમાં પોતના રૂપે ઊપજે છે,...**' જોયું ? તે-તે સમયમાં તે-તે પરિણામ પોતાપણે ઊપજે છે, પરને લઈને નહિ. વિકાર હો કે અવિકાર હો. સમ્યગ્દર્શનની પર્યાય પણ તેના પ્રવાહક્રમમાં આવવાનો પર્યાય તેના ઉત્પાદપણે દ્રવ્ય પોતે ત્યાં પર્યાયપણે ઊપજે છે. દ્રવ્યના એ પરિણામ છે અને એ પરિણામ એનો સ્વભાવ છે. એમ મિથ્યાત્વ–ઊંધી માન્યતા પણ... આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાથી ધર્મ માનવો એવું મિથ્યાત્વ પણ તે સમયે તે મિથ્યાત્વના પરિણામ તેના કાળે (પ્રવાહના) ક્રમમાં આવ્યા. તે દ્રવ્ય પોતે પરિણામપણે ઊપજ્યું છે. આ..હા..હા..હા...! કર્મથી નહિ. આહા..હા...! એકેન્દ્રિયને કર્મનું જોર છે માટે ત્યાં નિગોદમાં પડ્યા છે, એમ અહીં ના પાડે છે.

શ્રોતા :- શાસ્ત્રમાં તો આવે છે 'કમ્મો બળિયો, જીવો બળિયો'

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ 'કમ્મો બળિયો' (એટલે) રાગના જે સમયે તીવ્ર પરિણામ થવાના તે પોતાથી થયા છે, તે એનો સ્વભાવ છે અને એ સ્વભાવમાં આત્મા છે. આહા..હા...! આવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. દુનિયાની બહુ વિરુદ્ધ ! આહા..હા...!

શ્રોતા :– 'ભાવનગર'ના એક સાહેબ પણ એમ કહેતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ પણ એમ કહેતા હતા. એને બિચારાને શું ભાન ? દીવાન હતો ને દીવાન ? ભાવનગર દરબાર ! વ્યાખ્યાનમાં આવ્યો હતો. (સંવત) ૧૯૯૩ની વાત છે. '૯૩ ! કેટલાં વર્ષ ? ૪૨ વર્ષ થયાં. ૪૨ વર્ષ ! વ્યાખ્યાનમાં ઘણું માણસ ! હજારો માણસ ! ગુરુકુળમાં વ્યાખ્યાન હતું. સાંભળ્યું પછી ઊભા થઈને ભાષણ કર્યું. (એમાં કહ્યું) 'કોઈ વખતે કર્મનું જોર હોય, કોઈ વખતે આત્માનું જોર હોય' કાંઈ ભાન ન મળે. મોટા દીવાન થઈને ફરે છે અને છે મૂઢ ! ભાવનગર દરબારના દીવાન ! વ્યાખ્યાનમાં આવ્યા હતા. વ્યાખ્યાનમાં તો રાજાઓ પણ આવે. આહા..હા...!

ભાવનગર દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા, અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. ગુજરી ગયા ઈ, 'શ્રીકૃષ્ણકુમાર' ! માણસ જરી નરમ, સાંભળતો હતો. મેં તો એને એટલું કહ્યું, 'જે કોઈ માણસ મહિને પાંચ હજાર માગે ઈ નાનો માગણ, લાખ જોવે ઈ મોટો માગણ, કરોડ જોવે ઈ મોટો માગણનો માગણ ભિખારી છે !' ભિખારી છે, કીધું. માગ-માગ (કરે છે). લાવ... લાવ... લાવ... લાવ... ભગવાનમાં અનંત આનંદની લક્ષ્મી પડી છે ત્યાં તો જોતો નથી. એના તને માહાત્મ્ય આવે નહિ અને જગતના પૈસાનું તને માહાત્મ્ય ! નરમ હતો માણસ. અહીં અમારે કાંઈ એની પાસેથી પૈસા લેવા હતા ? રાજાને (એક) કરોડનો તાલુકો છે, કરોડની ઊપજ છે. 'કૃષ્ણકુમાર' ! અત્યારે એનો દીકરો છે. આ રાજા ને શેઠિયાઓ કરોડો-અબજોપતિ બધા ભિખારા છે. શાસ્ત્રમાં પાઠ છે–એને 'વરાંકા' કહ્યા છે. વરાંકા એટલે રાંકા. પોતાની ચીજની કિંમત ન મળે અને પરની ચીજો(ની કિંમત) ટાંકે, કિંમત ટાંકવા જાય એ ભિખારા, રાંકા છે. આ..હા...! પૈસા પાંચ-પચાસ લાખ મળે, બાયડી ઠીક મળે, છોકરા સારા થાય, મકાન પાંચ-પચીસ લાખનું મોટું કરે ત્યાં રાજી-રાજી થઈ જાય, ભિખારા છે. પરની ચીજને લઈને તને રાજીપો ! માગણ છો ! એ વસ્તુ મને મળે તો ઠીક (એમ ભીખ માગે છે). આ..હા...!

અહીં તો દિગંબર સંતો કહે છે ઈ પરમાત્મા કહે છે એ જ કહે છે. 'કુંદકુંદાચાર્યે' આઠ દી' ત્યાં પરમાત્માની સીધી વાણી સાંભળી. આ..હા...! **ત્યાં અમારી હાજરી હતી, બેનની હાજરી હતી.** છેવટે એવો રોગ આવ્યો... અહીં ઊપજવું થઈ ગયું. આહા..હા...!

અહીં મહાસિદ્ધાંત... મહાસિદ્ધાંત...! જે સિદ્ધાંતમાં ત્રણકાળમાં ન્યાય ફરે નહિ. આ..હા..હા...! કહે છે કે, પહેલે સમયે ક્રોધ મંદ હતો ને બીજે સમયે તીવ્ર થયો તો કંઈક કર્મનું નિમિત્તપણું ખરું કે નહિ ? એને લઈને (થયું એવું ખરું કે નહિ ?) (એક ઠેકાણે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું છે કે, પહેલાં અહીં ક્રોધ હતો અને પછી માન થયું. ત્યાં માનનો ઉદય આવે, નિમિત્તપણે તો આવે ને ! આવે ભલે પણ પરિણામ થયા છે તે કાળે પોતાના પ્રવાહક્રમમાં. આહા..હા...! આ તો ૯૯ ગાથા ! ભગવાન 'કુંદકુંદાચાર્ય' ! આ..હા...! દિગંબર સંત ! ચાલતા સિદ્ધ ! એનો જગત પાસે પોકાર છે. તમે ભલે સાંભળ્યું હોય કે ન સાંભળ્યું હોય પણ દરેક દ્રવ્યના જે પરિણામ થવાના તે થાય છે. આહા..હા...!

ચાર-પાંચ પરમાણુ બે ગુણે કરીને ચીકાશવાળા (હોય) એ બીજા ચાર ગુણ ચીકાશવાળામાં જાય (તો) ચાર ગુણ થઈ જાય. કહે છે કે, એ તો વ્યવહારના કથન છે. ઇ ચાર ગુણની પર્યાય ઉત્પન્ન થવાનો તે કાળનો સમય છે. તેથી એ દ્રવ્ય ચાર ગુણપણે ઊપજ્યું છે. આહા..હા...!

**'દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.'** ધ્રુવ ! ત્રણે લીધાં. પોતે ઉત્પન્ન થવાની અપેક્ષાએ ઉત્પન્ન (છે), પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ– વ્યય અને ધ્રુવ–છે... છે... છે... ઈ ધ્રુવ. એક જ પરિણામમાં ત્રણપણું – ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એમાં વર્તતું દ્રવ્ય પોતાના સ્વભાવમાં પોતાના કારણે વર્તે છે. આહા..હા...! શું સ્વતંત્રતા ! આવી વાત વીતરાગ દિગંબર સંત અને સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા...! વાડાવાળાને ખબર નથી ને !

ઉત્પાદ પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય, વ્યય પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય, ધ્રુવ પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? કેમકે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે અને સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. આહા..હા...! એ ઉત્પાદ પર્યાય પ્રગટ છે... આહા..હા...! એને ત્રણપણું લાગુ પડે છે. પ્રગટ પર્યાયને પોતાની અપેક્ષાએ ઉત્પાદ છે, પરની અપેક્ષાએ વ્યય છે અને છે... છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે. પ્રગટ પર્યાયની અપેક્ષાએ (વાત છે). આ..હા..હા...! તે-તે સમયના તે-તે પર્યાયમાં ઊપજતું દ્રવ્ય પોતાના સ્વભાવથી સ્વભાવમાં ઊપજે છે. આહા..હા...!

અજ્ઞાનીઓએ ઈશ્વર કર્તા છે એમ ઠરાવ્યું ત્યારે જૈનમાં કર્મ કર્તા ઠરાવ્યું. જડ કર્મ, હવે એને ઈશ્વર ઠરાવ્યો. કર્મને લઈને બાપુ, રખડવું પડે, કર્મને લઈને વિકાર થાય. આહા..હા...! મારી નાખ્યા ! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' ભક્તિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ' આહા..હા...! આવી વાત ! ૯૯મી ગાથા... (શ્રોતા :– બે નવડા). બે નવડા–અફર ! બન્ને અફર ! આહા..હા...! અને તે પણ આત્મા વસ્તુ પોતાના સ્વભાવમાં વર્તે, સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ઉત્પાદ તે-તે સમયનો પ્રવાહક્રમમાં થવાનો તે (ઉત્પાદ), એને હવે જોવાનું ક્યાં રહ્યું ? એને જોવાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય રહ્યું. જે પરિણામમાં ઉત્પન્ન થાય, વ્યય થાય એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જોવાની રહી. આહા..હા...! તે પણ તે સમયના દ્રવ્યને જોવાના તે પરિણામ પોતે સ્વતંત્ર(પણે) દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. આહા..હા...! મિથ્યાત્વનો વ્યય થયો માટે સમકિતની ઉત્પત્તિ થઈ એમ પણ નથી, એમ કહે છે. ઈ હજી ૧૦૧ (ગાથામાં) આવશે. જે પર્યાય જે સમયે ઉત્પન્ન થઈ તે ઉત્પાદને તેના વ્યય અને ધ્રુવની જરૂર નથી. આહા..હા...! અરે..રે...! આવો વીતરાગનો ધર્મ !

પેલા સ્થાનકવાસી કહે કે, દયા પાળો ને વ્રત કરો... ક્રિયાકાંડ એ બધું એનું ચારિત્ર (માને). દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યા ? શ્વેતાંબરમાં મૂર્તિપૂજા ને ભક્તિ ને જાત્રા ને... ધમાલું ! આહા..હા...!

અહીં કહે છે '**સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે.**' તે પરિણામ તે સમયે તેને ધ્રુવ રહે છે. જેને ઉત્પન્નની અને વ્યયની પણ અપેક્ષા નથી, છે... છે... છે... છે... છે... છે... છે... તે સમયનું સત્ તે પર્યાયરૂપે છે. આહા..હા...! એ પર્યાયને ત્યાં સત્ કહેવામાં આવે છે–ધ્રુવ કહેવામાં આવે છે. આહા..હા...! પણ એ ધ્રુવને પણ અહીં પરિણામ કીધાં છે. ત્રણને પરિણામ કહી અને દ્રવ્ય તે પરિણામના સ્વભાવમાં વર્તે છે – તે પરિણામમાં એ દ્રવ્ય વર્તે છે. આહા..હા...! વાણિયાને વેપાર-ધંધા આડે નવરાશ ન મળે. (એમાં) આવી વાતું ! કલાક નવરો થાય અને (સાંભળવા જાય ત્યાં) જે કંઈ માથે કહે (તેને) જય નારાયણ... (કહીને ચાલ્યો જાય). થઈ રહ્યું, જાવ. સત્ય શું છે અને અસત્ય શું છે (એનો નિર્ણય કરવાનો વખત ન મળે). આહા..હા...! અરે...! આવી જિંદગી જાય છે. એક કોર રામ અને એક કોર ગામ ! એટલે કે વિકલ્પથી માંડીને બધી પરવસ્તુમાંથી ખસી જઈને દ્રવ્યસ્વભાવમાં જા. જ્યાં આતમરામ બિરાજે છે. આ..હા..હા...!

'**ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી,...**' જોયું ? ઉત્પાદ પહેલે સમયે થાય ને વ્યય બીજે સમયે થાય ને ત્રીજે સમયે ધ્રુવ રહે, એમ નથી. એક જ સમયમાં ત્રણ છે. આ..હા...! (એક) સેકંડના અસંખ્યમા ભાગનો સમય–એમાં એક સમયમાં ત્રણ છે. આહા..હા...! ૯૯–ગાથા ગજબ છે ! ઠરી જાય એવું છે !! આ..હા...! ક્યાંય બહારમાં એને જોવાનું છે નહિ. આહા..હા...! પોતે જ ભગવાન અનંત ગુણથી બિરાજમાન છે.

પ્રશ્ન :– ઘરનું કામ કે દી' કરવું ?

સમાધાન :– કોણ કરે ઘરના (કામ) ? વકીલાતના (કામ) કોણે કર્યા હતા ? અભિમાન કર્યા હતા. બીજો એક વકીલ નહોતો ? ભાઈ ! ૧૦૦ રૂપિયા લેતો હતો. બધાં ગપ્પેગપ મારનારા ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...! એક પરમાણુ... આ (શરીર) તો અનંત પરમાણુનો પિંડ છે એનો છેલ્લો Point પરમાણુ (કહેવાય). તે પરમાણુ પોતાના સ્વભાવમાં છે અને તેનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયના પરિણામમાં લાગુ પડે છે. તે પરિણામમાં દ્રવ્ય પોતે પરિણમે છે. એક પરમાણુની આમ ગતિ થાય કે સ્થિર રહે (એમાં) પરની અપેક્ષા એને છે નહિ. આહા..હા...!

શ્રોતા :– પરની અપેક્ષા નથી એવું આમાં ક્યાંય લખ્યું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ શું આવ્યું ? ઉત્પાદ સ્વ-કાળે થાય છે એ દ્રવ્યના પરિણામ છે. એને પરની અપેક્ષા નથી, (એ) પરદ્રવ્યને લઈને નથી. આ..હા...! આ સંતોની વાણી તો સૂક્ષ્મ છે. દિગંબર મુનિઓની વાણી... આ..હા..હા...! ક્યાંય છે નહિ. પણ એને સમજવી કઠણ બહુ. વાડામાં જન્મ્યા એને પણ ખબર ન મળે.

(એક જણ) 'જયપુર'માં કહેતો હતો કે, દિગંબરમાં જન્મ્યા એ બધા સમકિતી છે. હવે એણે ચારિત્ર (લેવાનું). આહા..હા...! બધાં માનનારા આ કે, કર્મને લઈને થાય ને દયા, દાન, વ્રતના પરિણામને લઈને ધર્મ થાય–આ માનનારા મિથ્યાદૃષ્ટિ (છે) અને (માને કે) અમે જૈનધર્મી સમકિતી છીએ ! અર..ર..ર...! શું થાય ? બાપુ ! આ..હા...!

શ્રોતા :– તીર્થંકરો હોય એ સમકિત લઈને આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લઈને આવે છે. પોતાની પર્યાય છે ને ? આહા..હા...! ભગવાન માતાના પેટમાં આવે છે ત્યારે ત્રણ જ્ઞાન અને સમકિત લઈને આવે છે. તીર્થંકર ! એ પર્યાયનું પરિણમન પોતાના દ્રવ્યને લઈને છે. આ..હા..હા...! ગજબ વાત છે !!

**'વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી, ત્રણેય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી...'** આ..હા..હા...! સાદી ભાષા કરી નાખી. ઉત્પાદ-વ્યય અને ધ્રુવસ્વરૂપ પરિણામોની **'પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.'** આહા..હા...! બહુ સરસ ! એ ૯૯ (ગાથા પૂરી) થઈ. હવે, ૧૦૦.

**'હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દૃઢ કરે છે :–'** (અવિનાભાવ એટલે) એક વિના બીજાં ન હોય. (અર્થાત્) ઉત્પાદ વિના વ્યય ન હોય અને વ્યય વિના ઉત્પાદ ન હોય, ધ્રુવ ન હોય. બધું સાથે હોય છે. અવિનાભાવ = 'એક વિના બીજાનું નહિ હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ.' અવિનાભાવ સિદ્ધ કરે છે. ૧૦૦ અખંડ (ગાથા) આવી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथोत्पादव्ययध्रौव्याणां परस्पराविनाभावं दृढयति -

**ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण।।१००।।**
**न भवो भङ्गविहीनो भङ्गो वा नास्ति संभवविहीनः।**
**उत्पादोऽपि च भङ्गो न विना ध्रौव्येणार्थेन।।१००।।**

न खलु सर्गः संहारमन्तरेण, न संहारो वा सर्गमन्तरेण, न सृष्टिसंहारौ स्थितिमन्तरेण, न स्थितिः सर्गसंहारमन्तरेण। य एव हि सर्गः स एव संहारः, य एव संहारः स

---

एवं स्वरूपसत्तारूपेण प्रथमगाथा, महासत्तारूपेण द्वितीया, यथा द्रव्यं स्वतःसिद्धं तथा सत्तागुणोऽपीति कथनेन तृतीया, उत्पादव्ययध्रौव्यत्वेऽपि सतैव द्रव्यं भण्यत इति कथनेन चतुर्थीति गाथाचतुष्टयेन सत्तालक्षणविवरणमुख्यतया द्वितीयस्थलं गतम्। अथोत्पादव्ययध्रौव्याणां परस्परसापेक्षत्वं

---

હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દ્રઢ કરે છે :-

ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય–પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.

---

**ण भवो भंगविहीणो मंगो वा णत्थि संभवविहीणो।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण।।१००।।**

**ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



एव सर्गः, यावेव सर्गसंहारौ सैव स्थितिः, यैव स्थितिस्तावेव सर्गसंहाराविति।तथा हि - य एव कुम्भस्य सर्गः स एव मृत्पिण्डस्य संहारः, भावस्य भावान्तराभावस्वभावेनावभासनात्। य एव च मृत्पिण्डस्य संहारः स एव कुम्भस्य सर्गः, अभावस्य भावान्तरभावस्वभावेनावभासनात्। यौ च कुम्भपिण्डयोः सर्गसंहारौ सैव मृत्तिकायाः स्थितिः, व्यतिरेकाणामन्वयानतिक्रमणात्। यैव च मृत्तिकायाः स्थितिस्तावेव कुम्भपिण्डयोः सर्गसंहारौ, व्यतिरेकमुखेनैवान्वयस्य

---

दर्शयति - **ण भवो भंगविहीणो** निर्दोषपरमात्मरुचिरूपसम्यक्त्वपर्यायस्य भव उत्पादः तद्विपरीतमिथ्यात्वपर्यायस्य भङ्गं विना न भवति। कस्मात्। उपादानकारणाभावात्, मृत्पिण्डभङ्गाभावे घटोत्पाद इव। द्वितीयं च कारणं मिथ्यात्वपर्यायभङ्गस्य सम्यक्त्वपर्यायरूपेण प्रतिभासनात्। तदपि कस्मात्। `भावान्तरस्वभावरूपो भवत्यभाव' इति वचनात्। घटोत्पादरूपेण मृत्पिण्डभङ्ग

---

અન્વયાર્થ :- [भवः] ઉત્પાદ [भङ्गविहीनः] ભંગ વિનાનો [न] હોતો નથી [वा] અને [भङ्गः] ભંગ [संभवविहीनः] ઉત્પાદ વિનાનો [नास्ति] હોતો નથી; [उत्पादः] ઉત્પાદ [अपि च] તેમ જ [भङ्गः] ભંગ [ध्रौव्येण अर्थेन विना] ધ્રૌવ્ય પદાર્થ વિના [न] હોતા નથી.

ટીકા :– ખરેખર સર્ગ સંહાર વિના હોતો નથી અને સંહાર સર્ગ વિના હોતો નથી; સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી, સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી.

---

અત્યારે તો અહીં સિદ્ધ કરવું છે, હોં ! પછી કહેશે–ઉત્પાદને લઈને ઉત્પાદ છે, વ્યયને લઈને નહિ. અહીં તો ત્રણને સિદ્ધ કરવા છે. એક સમયમાં ત્રણે હોય છે એટલું સિદ્ધ કરવું છે.

**ટીકા :– 'ખરેખર સર્ગ...'** એટલે ઉત્પત્તિ–ઉત્પાદ. સર્ગ... સર્ગ...! સર્ગ એટલે સ્વર્ગ નહિ. સર્ગ ! ઉત્પત્તિ ! સર્ગ એટલે ઉત્પત્તિ. **'સંહાર વિના હોતો નથી...'** વ્યય વિના હોતો નથી. આહા..હા...! છે ? (સંહાર એટલે) વ્યય, નાશ. દરેક દ્રવ્યમાં એક સમયમાં જે પર્યાયનો ઉત્પાદ છે તે જ સમયે વ્યય પણ છે. ઉત્પાદ વ્યય વિના ન હોય, વ્યય ઉત્પાદ વિના ન હોય. આ..હા..હા...! અને એ **'સૃષ્ટિ અને સંહાર...'** સૃષ્ટિ એટલે ઉત્પત્તિ અને સંહાર એટલે નાશ. એ **'સ્થિતિ વિના હોતાં નથી,...'** (એટલે) ધ્રુવ વિના હોતા નથી. (સ્થિતિ એટલે) ટકવું, ધ્રુવ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रकाशनात्। यदि पुनर्नेदमेवमिष्येत तदान्यः सर्गोऽन्यः संहारः अन्या स्थितिरित्यायाति। तथा सति हि केवलं सर्गं मृगयमाणस्य कुम्भस्योत्पादनकारणाभावादभवनिरेव भवेत्, असदुत्पाद एव वा। तत्र कुम्भास्याभवनौ सर्वेषांमेव भावानामभवनिरेव भवेत्; असदुत्पादे वा व्योमप्रसवादीनामप्युत्पादः स्यात्। तथा केवलं संहारमारभमाणस्य मृत्पिण्डस्य संहारकारणाभावादसंहरणिरेव भवेत्, सदुच्छेद एव वा। तत्र मृत्पिण्डस्यासंहरणौ सर्वेषामेव भावानामसंहरणिरेव भवेत्; सदुच्छेदे वा संविदादीनामप्युच्छेदः स्यात्। तथा केवलां

---

इव। यदि पुनर्मिथ्यात्वपर्यायभङ्गस्य सम्यक्त्वोपादानकारणभूतस्याभावेऽपि शुद्धात्मानुभूतिरुचिरूपसम्यक्त्वस्योत्पादो भवति, तर्ह्युपादानकारणरहितानां खपुष्पादीनामप्युत्पादो भवतु। न च तथा। **भंगो वा णत्थि संभवविहीणा** परद्रव्योपादेयरुचिरूपमिथ्यात्वस्य भङ्गो नास्ति। कथंभूतः। पूर्वोक्तसम्यक्त्वपर्यायसंभवरहितः। कस्मादिति चेत्। भङ्गकारणाभावात्, घटोत्पादाभावे मृत्पिण्डस्येव। द्वितीयं च कारणं सम्यक्त्वपर्यायोत्पादस्य मिथ्यात्वपर्यायाभावरूपेण दर्शनात्। तदपि कस्मात्। पर्यायस्य पर्यायान्तराभावरूपत्वात्, घटपर्यायस्य मृत्पिण्डाभावरूपेणेव।

---

જે સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે; જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણે : જે કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે – દેખાય છે). વળી જે

---

ધ્રૌવ્ય. ધ્રુવ રહેવું તે, ધ્રૌવ્ય. આહા..હા...! **‘સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી.’** અને ધ્રુવપણું પણ ઉત્પન્ન અને વિનાશ વિના હોતું નથી. આવો ધર્મ ! આમાં કરવું શું ? મંદિર કરવા ને આ કરવું ને ફલાણું કરવું... હવે થઈ ગયા છે, એમ કહે છે પણ હજી થવાના છે ને ?

‘આફ્રિકા’માં ! ‘નાઈરોબી’(માં) ૧૫ લાખ, ૨૦ લાખનું કરશે. શું કહેવાય ? જાન્યુઆરી ! જાન્યુઆરીની ૧૯ તારીખે મંદિરનું મુહૂર્ત છે. ‘આફ્રિકા’, ‘નાઈરોબી’ ! ત્યાં જવાની માંગણી છે. ત્યાં ૬૦ ઘર છે. શ્વેતાંબર બધાં દિગંબર થઈ ગયા. ૬૦ ઘર ! એમાં સાત-આઠ ઘર તો કરોડપતિ છે. બાકી બીજાં ઘર છે વીસ લાખ, પચીસ લાખ, ત્રીસ લાખ, ચાલીસ લાખ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



स्थितिमुपगच्छन्त्या मुत्तिकाया व्यतिरेकाक्रान्तस्थित्यन्वयाभावादस्थानिरेव भवेत्, क्षणिकनित्यत्वमेव वा। तत्र मृत्तिकाया अस्थानौ सर्वेषामेव भावानामस्थानिरेव भवेत्; क्षणिकनित्यत्वे वा चित्तक्षणानामपि नित्यत्वं स्यात्। तत उत्तरोत्तरव्यतिरेकाणां सर्गेण पूर्वपूर्वव्यतिरेकाणां संहारेणान्वयस्यावस्थानेनाविनाभूतमुद्योतमाननिर्विघ्नत्रैलक्षण्यलाञ्छनं द्रव्यमवश्यमनुमन्तव्यम्। ।।१००।।

---

यदि पुनः सम्यक्त्वोत्पादनिरपेक्षो भवति मिथ्यात्वपर्यायाभावस्तर्ह्यभाव एव न स्यात्। कस्मात्। अभावकारणाभावादिति, घटोत्पादाभावे मृत्पिण्डाभावस्य इव। **उत्पादो वि य भंगो ण विणा दव्वेण अत्थेण** परमात्मरुचिरूपसम्यक्त्वस्योत्पादस्तद्विपरीतमिथ्यात्वस्य भङ्गो वा नास्ति। कं विना। तदुभयाधारभूतपरमात्मरूपद्रव्यपदार्थं विना। कस्मात्। द्रव्याभावे व्यतोत्पादाभावान्मृत्तिकाद्रव्याभावे घटोत्पादमृत्पिण्डभङ्गाभाववदिति। यथा सम्यक्त्वमिथ्यात्वपर्यायद्वये परस्परसापेक्षमुत्पादादित्रयं दर्शितं तथा सर्वद्रव्यपर्यायेषु मित्यथः।।१००।।

---

મૃત્તિકાપિંડનો સંહાર છે તે જ કુંભનો સર્ગ છે, કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે). વળી જે કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે, કારણ કે વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી. વળી જે મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે.

---

પચાસ લાખ. પૈસાવાળાં ૬૦ ઘર છે. એ લોકોએ પોર જેઠ સુદ, ૧૧ મુહૂર્ત કર્યું છે. આજે જેઠ વદ ૩ છે. મંદિર તૈયાર થવા આવશે. ત્યાં લઈ જવાની માંગણી છે. જે થાય એ ખરું. ૯૦ વર્ષ તો શરીરને થયા. ૯૦... ૯૦ કોને કહે ?! ૧૦૦માં દસ ઓછા ! શરીર પછી કેટલું કામ કરે ? વ્યાખ્યાન દેવામાં (વાંધો નથી) પણ ચાલવામાં જરીક થાક લાગી જાય. વ્યાખ્યાનમાં કાંઈ ખબર પડતી નથી. કારણ કે '૭૪ની સાલથી વ્યાખ્યાન ચાલે છે. ૬૧-૬૨ વર્ષ થયાં. હજારો માણસમાં (વ્યાખ્યાન આપ્યા છે) ! સંવત ૧૯૭૪ ! સંપ્રદાયમાં હતા ત્યારથી કાયમ વ્યાખ્યાન ચાલે છે. પહેલાં કોઈ વખતે કરતા પણ કાયમ (પછી ચાલુ થયા).

આ..હા..હા...! શું કીધું ? સર્ગ નામ દ્રવ્યના પર્યાયની ઉત્પત્તિ વ્યય વિના હોતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ છે' એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે). એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે) :

કેવળ સર્ગ શોધનાર કુંભની (–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય. ત્યાં (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય (અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે).

વળી કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે, સંહાર જ ન થાય; અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય. ત્યાં (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય (અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય

---

સંહાર વિના ઉત્પત્તિ હોતી નથી અને સંહાર સર્ગ એટલે ઉત્પત્તિ વિના હોતો નથી અને ઉત્પત્તિ અને સંહાર સ્થિતિ નામ ટકવું–ધ્રુવ વિના હોતા નથી અને સ્થિતિ–ટકવું સર્ગ અને સંહાર વિના હોતા નથી. આહા..હા...! પર વિના હોતા નથી, એમ નહિ. એનામાં(ને) એનામાં આ વિના હોતા નથી. એક સમયમાં ત્રણ સાથે છે. આહા..હા...! વીતરાગ સર્વજ્ઞે જે જોયું એ કહ્યું. બીજે ક્યાંય આ વાતની ગંધેય નથી, બધાએ ગપ્પેગપ માર્યા છે. આ..હા..હા...!

આ તો જિનેશ્વરદેવ પરમાત્મા મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. 'કુંદકુંદાચાર્યે' ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા અને ટીકાકાર પણ એવા નીકળ્યા ! તીર્થંકરના ગણધર કામ કરે એવા ! 'કુંદકુંદાચાર્યદેવ'નું તીર્થંકર જેવું કામ ! 'અમૃતચંદ્રાચાર્યે' ગણધર જેવું કામ કર્યું છે ! ઓ..હો..હો..હો...! જરી શાંતિથી બે-ચાર-આઠ 'દી સાંભળે તો ખબર પડે કે આ શું છે અને અમે શું માનીએ છીએ ? એક-બે 'દીમાં એમ કાંઈ પકડાય એવું નથી. બધો ફેરફાર... ફેરફાર... આખો 'દી દુકાન ઉપર બેઠો હોય ત્યારે.. આ હું છું તો બધું ચાલે છે, હું છું તો આ ધંધો ચાલે છે, આમ થાય... ધૂળેય નથી, સાંભળને ! તું જ્યાં છો ત્યાં એ નથી અને એ જ્યાં છે ત્યાં તું નથી. નથી જ્યાં તું ત્યાં તેનું તારાથી થાય એ કેમ બને ? આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય (અર્થાત્ સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે).

વળી કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો – અન્વયનો – તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય. ત્યાં (૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય (અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે – ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈ પણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે – ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય (અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે).

માટે દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું. ૧૦૦.

---

શ્રોતા :– રોજ ઘડિયાળો સમી કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્યા.. કર્યા... અભિમાન ! આ..હા...! જેને જે ધંધો હોય ત્યાં મશગૂલ હોય.

અમારે 'પાલેજ'માં પણ ધંધા (હતા). પાંચ-પાંચ હજારની તમાકુ રાખતા. આ તો ૬૫-૬૬ની વાત છે, હોં ! 'નડિયાદ'માં તમાકુ પાકે ને ત્યાંથી એ લોકો લઈ આવતા. એની દુકાને, અમારી દુકાને નહિ. બે દુકાનું (હતી), મોટા ભાઈ ત્યાં હતા. પાંચ-પાંચ હજારની તમાકુ તે દી' ! મોટો વેપાર – ધંધો ! આ તો ૬૪-૬૫ની વાત છે. સંવત ૧૯૬૪-૬૫ ! પિતાજી ૬૩(ની સાલમાં) ગુજરી ગયા. એમની હાજરીમાં આ દુકાન કરી હતી પછી ગુજરી ગયા. આહા..હા...! એને અભિમાન એવું – અમે કરીએ છીએ. બીજાની દુકાન ચાલી નહિ. મારી ચાલી (કેમકે) મેં ધ્યાન બહુ રાખ્યું, વ્યવસ્થિત ધ્યાન રાખ્યું માટે આ ચાલી. બધું બંબગોળા, (મિથ્યાત્વના) દારૂ પીધેલા છે ! આ..હા...! આ દુકાનની વ્યવસ્થા મારી હાજરીમાં બરાબર થઈ, નોકર બેસે તો કરી ન શકે, કાંઈકનું કાંઈક કરે. એમ માને બધાં. આહા..હા...!

અહીં કહે છે, તે-તે પરમાણુની ત્યાં–ત્યાં અવસ્થા છે. ધંધામાં કે આ (કેશ)લોચમાં લ્યો ને ! એ પરમાણુ છે તેનો વ્યય થવો. અહીં રહ્યા છે તેનો વ્યય થવો (તેનો) તે સમય છે. પાછો બહાર નીકળવાનો સમય તે જ છે અને ટકી રહેવું – તે-તે પરિણામ ટકી રહેવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે ધ્રુવ પણ તે જ છે. એ લોચને આત્મા કરી શકે (નહિ). આંગળી કરી શકે નહિ. કોણ માને ? લોચ કરે ત્યારે માણસ ભેગા થાય અને ઓ..હો..હો...! (કરે). કર્તાબુદ્ધિ અને અજ્ઞાન સેવે અને માને કે અમે ધર્મ કરીએ (છીએ) ! આહા..હા...!

એનું વિશેષ આવશે.

**ગાથા–૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૪**
**તા. ૧૪-૬-૭૯**

૧૦૦મી ગાથા. 'પ્રવચનસાર' છે ને ? બહુ સરસ વાત છે ! સ્વતંત્રતાનો ઢંઢેરો છે ! ફરીને લ્યો. **ટીકા :– 'ખરેખર...'** કોઈ પણ દ્રવ્યની ઉત્પત્તિનો સમય છે તે જ સંહારનો સમય છે. આહા..હા...! આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય છે એ જ મિથ્યાત્વના વ્યયનો સમય છે. દર્શનમોહના વ્યયને કારણે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ એમ નથી. આટલું હજી અંદરથી સિદ્ધ કરે છે પછી તો એક-એક જુદું પાડશે. અહીં તો સમ્યગ્દર્શન જે આત્માનો ધર્મપર્યાય (ઉત્પન્ન થયો), પૂર્વની પર્યાયનો વ્યય એ જ સમયે છે. જે સમયે ઉત્પાદ છે તે જ સમયે વ્યય છે અને તે જ સમયે વ્યય છે, એ સમયમાં (જ વ્યય છે), આઘોપાછો એનો–વ્યયનો (સમય) નથી. આહા..હા...! કેમકે ઉત્પાદનો સમય પોતપોતાનાં અવસરે છે... આહા..હા...! તો તેના પૂર્વની પર્યાયનો વ્યય પણ તે-તે સમયે જ છે. આહા..હા...! આ..હા..હા...!

આ..હા..હા...! દરેક આત્મા કે દરેક પરમાણુ(માં) જે વર્તમાન એની (તે) સમયની ઉત્પત્તિનો અવસર છે તે જ અવસર પૂર્વની પર્યાયના વ્યયનો અવસર છે. વ્યયનો એ જ અવસર છે. તે સમયે તે વ્યય થાય તે તેનો અવસર છે. આહા..હા...! શું સિદ્ધાંત ! આ..હા...! આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીતરાગની વાત ! સર્વજ્ઞ પરમાત્મા (આમ કહે છે). અહીં તો ગોટા વાળ્યા–કર્મને લઈને આમ થાય, ઢીકણાંને લઈને આમ થાય. આહા..હા...! કર્મની પર્યાયમાં પણ, એની પર્યાયરૂપે કર્મની પર્યાય ઉત્પન્ન છે એનો ઉત્પન્ન થવાનો સમય છે. પરમાણુમાં કર્મપર્યાયરૂપે ઉત્પાદ થવાનો સમય છે. તે જ સમયે અકર્મરૂપ પર્યાયનો વ્યય થયો (તેનો પણ) તે જ સમય છે. આ..હા..હા...!

આત્મામાં પણ સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ છે, તે જ મિથ્યાત્વના વ્યયનો સમય (છે), તે જ સમય છે. આહા..હા...! દરેક દ્રવ્યની પર્યાય... આ..હા..હા...! એમાં આ રીતે જ્યાં થાય એમાં બીજું દ્રવ્ય કરે શું ? આહા..હા...! જેનો–વ્યયનો સમય પણ ઉત્પાદનો (જે) સમય (છે) તે જ (વ્યયનો) સમય છે, સમયભેદ નથી. આહા..હા...!

ખરેખર ઉત્પત્તિ સંહાર વિના હોતી નથી. સંહાર ઉત્પત્તિ વિના હોતો નથી–વ્યય પણ ઉત્પત્તિ વિના હોતો નથી. મિથ્યાત્વનો વ્યય થયો એ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. આહા..હા...! મિથ્યાત્વનો વ્યય થયો અને સમકિતની ઉત્પત્તિ થઈ નથી, એમ ન હોય. બન્નેનો એક જ સમય છે. ભલે ત્રણેનાં લક્ષણ જુદાં (છે). એક વ્યય, એક ઉત્પાદ, એક ધ્રુવ. છતાં સમય તો એક જ છે. એક જ સમયમાં સંહાર નામ વ્યય તે વિના ઉત્પાદ હોય નહિ, ઉત્પાદ વ્યય વિના હોય નહિ.

‘**સૃષ્ટિ અને સંહાર...**’ પર્યાયની ઉત્પત્તિ તે સમયે, તે અવસરે, તે કાળે (હોય છે). તે સમયની અવસ્થા અને પૂર્વની અવસ્થાનો વ્યય એ ‘**સ્થિતિ વિના હોતાં નથી,...**’ (અર્થાત્) ધ્રુવ વિના–ટકતા તત્ત્વ વિના બે હોતાં નથી. એનો પણ સમય તે જ છે. આ..હા..હા...! આવી સૂક્ષ્મ વાત ! પરમાત્મા સંતોએ ગજબ કરુણા કરી છે ને !! આહા..હા...! આવી ટીકા...

શ્રોતા :– આવી ટીકા જગતમાં બીજે ક્યાંય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાંય છે નહિ, બધે ફેરફાર છે. શું થાય ? ભાઈ ! બીજાને એમ લાગે કે, બસ ! તમે જ આ છો ? અરે...! અમેની વાત રહેવા દ્યો, બાપા ! વસ્તુનું સ્વરૂપ આ છે. એ રીતે પ્રતીતમાં આવે છે અને એ રીતે જ્ઞાનમાં જણાય છે. આહા..હા...! એમાં શું થાય ? ભાઈ !

સંહાર ઉત્પત્તિ અને સ્થિતિ વિના હોતાં નથી. તેમ સ્થિતિ એટલે ટકવું એ ઉત્પાદ અને વ્યય વિના હોતાં નથી. આ..હા...! એટલું તો કાલે આવી ગયું હતું. ગજબ કામ કર્યું છે ! ૯૯, ૧૦૦, ૧૦૧... (ગાથા)... આ..હા..હા...!

એ વાત થઈ હતી ને ? કે, આત્મામાં જ્ઞાનની જે કમી-બેસી થાય છે – ઓછા-વત્તાપણું (થાય છે) એ જ્ઞાનાવરણીય કર્મને લઈને થાય છે. (દિગંબરના મોટા વિદ્વાન સાથે) ચર્ચા થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતી. (અહીંના) વિરુદ્ધનું પુસ્તક છપાવ્યું ને ? પ્રશ્ન ત્યાં થયો હતો કે, જે સમયે પર્યાયનો અવસર છે તે સમયે થાય, પરથી નહિ અને ક્રમસર થાય. અહીં તો વ્યયનો સમય તે જ છે (એમ કહે છે). આહા..હા...! અજ્ઞાન અને મિથ્યાત્વના વ્યયનો સમય છે તે જ ઉત્પાદનો સમય છે. પછી વિશેષ (સ્પષ્ટ) કરશે. અને જે ઉત્પાદનો સમય છે તે જ વ્યયનો સમય છે અને જે ઉત્પાદ-વ્યયનો સમય છે તે જ ધ્રુવનો સમય છે–ટકવાનો સમય છે. આહા..હા...! એક સમયમાં ત્રણે–ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. આહા..હા...! આમ દરેક દ્રવ્યની અંદર આ રીતે છે.

હવે, (કહે છે) '**જે સર્ગ છે તે જ સંહાર છે,...**' અહીં ભાષા જોઈ ? આહા..હા...! આગળ દાખલો આપશે. ઘટની ઉત્પત્તિનો જે સમય છે તે જ પિંડના વ્યયનો (સમય છે). તે જ છે એમ કહે છે, સમય નહિ. તે જ સંહાર છે. (જે) સર્ગ છે તે જ સંહાર છે. એમ કેમ (કહ્યું) ? જે ઘટની ઉત્પત્તિ–સર્ગ છે તે જ માટીના પિંડનો વ્યય છે. કારણ કે સમય એક છે. તેથી તે જ એમ છે, એમ કહે છે. આહા..હા...!

સર્ગ નામ ઉત્પત્તિ છે તે જ વ્યય છે. ઉત્પત્તિ છે તે જ વ્યય છે એટલે ? સમય તે છે એમ. જે કંઈ દ્રવ્યમાં પર્યાયની ઉત્પત્તિ જે સમયે થાય તે જ સંહાર છે. કેમકે સંહાર થયો છે ત્યારે ઉત્પત્તિ છે. સમય એક છે એટલે ઉત્પત્તિ છે તે જ સંહાર છે. સંહાર છે એનો અર્થ કે, તે વખતે સંહાર થયો છે. આવી ભાષા ! આવો ઉપદેશ ! દિગંબર સંતોએ જગતને કરુણા કરીને (ઉપદેશ આપ્યો) પણ એને પચવવું, સમજવું ભારે કઠણ ! આહા..હા...!

દરેક દ્રવ્યની ઉત્પત્તિનો સમય તે જ પૂર્વની પર્યાયના વ્યયનો સમય (છે). હવે એને પરથી વ્યય થાય અને પરથી ઉત્પન્ન થાય એ ક્યાં રહ્યું ? ભગવાનઆત્માએ કેવળજ્ઞાનની ઉત્પત્તિ કરી તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય (છે). અથવા તે જ વ્યય છે, એમ. કેવળજ્ઞાનનો ઉત્પાદ છે તે જ પૂર્વની પર્યાયનો વ્યય છે. આહા..હા...! કર્મનો વ્યય છે તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે એમ નથી. 'તત્ત્વાર્થસૂત્ર'માં શબ્દ તો એવો આવે છે કે, ચાર ઘાતિકર્મનો નાશ થાય ત્યારે કેવળજ્ઞાન થાય. 'તત્ત્વાર્થસૂત્ર' ! 'ઉમાસ્વામી' ! બાપુ ! એમાં શું કહ્યું ? ભાઈ ! આહા..હા...! એ ચાર ઘાતિકર્મનો ક્ષય એટલે વ્યય (થયો) એનો અકર્મરૂપે પરિણમવાનો સમય પણ એને લઈને છે. અહીં કેવળજ્ઞાન થયું માટે ઘાતિ પરમાણુની અવસ્થાનો વ્યય આવ્યો એમ નથી. આહા..હા...! હવે આવું (સમજવાની) નવરાશ ન મળે, બાપુ ! કરવાનું તો આ છે. આહા..હા...! અને આવો નિર્ણય થયા વિના એને અંતર્મુખ દૃષ્ટિ નહિ થાય, ભાઈ ! જ્યાં ભગવાન બિરાજે છે પૂર્ણાનંદનો નાથ ! (તેની દૃષ્ટિ નહિ થાય). આ..હા..હા...!

એની જે ઉત્પત્તિ છે તે તેના ધ્રુવ વિના નથી અથવા ઉત્પત્તિ છે તે ધ્રુવ છે. એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો કહ્યું ને ? ભાઈ ! ઉત્પત્તિ છે તે જ ધ્રુવ છે. ઉત્પત્તિ છે તે જ સંહાર છે. '**જે સંહાર છે તે જ સર્ગ છે;...**' એટલે સમય એક છે ને ? એટલે તે જ સમયે ઉત્પાદ અને તે જ સમયે વ્યય. ઉત્પાદ તે જ સંહાર છે અને વ્યય તે જ ઉત્પાદ છે. આહા..હા...! હવે આવું ક્યાં (મળે) ? સાંભળવાની નવરાશ કે દી' ? અરે..રે...! મા-બાપ, ગુરુ ક્યાં ગયા હશે ? વસ્તુ રહી ગઈ. આહા..હા...!

'**જે સર્ગ છે તે જ સંહાર છે,...**' તે જ પાછી સ્થિતિ છે–તે જ ટકવું છે. આહા..હા...! ટકવાનો સમય પણ તે જ છે. આહા..હા...! ગજબ કર્યું છે ! આવી વાત દિગંબર સંત સિવાય ક્યાંય નથી. લોકોને દુઃખ લાગે (પણ) શું થાય ? અરે...! દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા એને પણ સાંભળવા મળતું નથી. બાપુ ! જન્મ-મરણ કરી-કરીને (મરી ગયો). વિપરીત માન્યતાથી મારી ઉપસ્થિતિમાં આ દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થઈ (એમ માને છે). અહીં કહે છે કે, એની ઉત્પત્તિ તેના સંહારને લઈને થઈ. આહા..હા...! અને તેનો સંહાર પણ ઉત્પત્તિને લઈને થયો છે. પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા...! આવી ચીજ છે !

શ્રોતા :– પરની અપેક્ષા નથી તો નિરપેક્ષ થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિરપેક્ષ જ છે. હજી તો આગળ વધારે આવશે. ૧૦૧ (ગાથામાં) તો વધારે આવશે. અહીં તો (બધાંનો) એક સમય કહે છે. ત્યાં તો એમ કહેશે કે, ઉત્પાદને વ્યયની અપેક્ષા નથી, ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા...! ગજબ વાત ! આ શ્લોકો, ગાથાઓ...!! ભાઈ ! જન્મ-મરણ કરીને ચોરાશીના અવતાર(માં મરી ગયો). આ..હા..હા...! શરીરની એવી સ્થિતિ થાય–જડની થાય. તે જ સમયે તે શરીરનો પર્યાય જે રીતે રોગરૂપે થવાનો હોય છે તે રીતે જ તે સમયે થાય અને પૂર્વની નીરોગ અવસ્થાનો વ્યય થાય (તેનો પણ) તે જ સમય છે. નીરોગતાનો વ્યય અને રોગનો ઉત્પાદ તે જ સમયે છે અને તે વખતે પણ પરમાણુનું ટકવું–સ્થિતિ–રહેવું એ પણ તે જ સમય છે. આહા..હા...!

સ્થિતિ, ઉત્પાદ અને વ્યયનો સમય એક છે. એની ઉત્પત્તિ સંહાર વિના નથી પણ પરના નિમિત્ત વિના નથી એમ છે ? આહા..હા...! કેટલી વાત કરી છે ! આ..હા...! નિમિત્તથી થાય એમ (જે) કહે છે એનો અહીં નિષેધ કરે છે. જગતમાં નિમિત્ત ચીજ હોય છે, ચીજ ભલે હો. આવ્યું હતું ને ? ઉચિત (નિમિત્ત) હો. પણ અહીં ઉત્પાદ જે થયો છે એ તો વ્યય છે તેનો જ તે ઉત્પાદ છે અને ઉત્પાદનો જ વ્યય છે, વ્યયનો જ તે ધ્રુવ છે અને ધ્રુવનો જ તે ઉત્પાદ છે. આ..હા..હા...! સમય એક જ છે. આ..હા...!

ધીરો થઈને જોવે (કે) આ રીતે જ્યારે પોતાની પર્યાયમાં પણ (થાય છે તો) પરમાં તો જોવાનું રહ્યું નહિ, પોતાની પર્યાયનો ઉત્પાદ તે જ વ્યયનો કાળ છે. તો ઉત્પાદ-વ્યય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્રુવમાં વર્તતું દ્રવ્ય... આ..હા..હા...! તેના ઉપર એણે દૃષ્ટિ કરવી. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીં તો કાળલબ્ધિ એ નાખી. ભાઈ ! જે સમયે પર્યાય થવાની એ કાળલબ્ધિ છે. આહા..હા...! ધર્મકાળલબ્ધિ ! ઓ..હો..હો..હો...! જે સમયે, જે કાળે, જે અવસરે ધર્મની ઉત્પત્તિ છે તે (તે) સમયનો ઉત્પાદ (છે). એ વ્યય તે જ ઉત્પાદ અને ઉત્પાદ તે જ વ્યય અને તે જ સ્થિતિ. અહીં છે એક સમયને ? એટલે 'તે'-'તે' એમ કીધું છે. આહા..હા...!

'**જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે...**' (એટલે) ટકે છે '**તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણે :**' હવે ભગવાન ('અમૃચંદ્રાચાર્ય') દૃષ્ટાંત (આપે છે). મૂળ પાઠમાં તો આટલું છે. '**ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो। उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण।।**' 'અમૃતચંદ્રાચાર્ય' ! આહા..હા...! આવી ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' (કરી) ! શું કહે છે હવે ? '**જે કુંભનો સર્ગ છે...**' (અર્થાત્) ઘડાની ઉત્પત્તિનો જે સમય છે તે જ સમયે માટીમાંથી ઘડાની ઉત્પત્તિ થાય છે. આ..હા..હા..હા...! કુંભારથી નહિ. આહા..હા...! આગળ તો કહેશે, વ્યયથી–પૂર્વની પિંડ પર્યાયના વ્યયથી પણ કુંભનો ઉત્પાદ નહિ. અહીં તો એક સમયમાં ત્રણ સિદ્ધ કરવા છે. ૧૦૧ (ગાથામાં) તો આમ લેશે. આ..હા..હા...! એક પછી એક ગાથા ચડતી છે !! આ..હા...!

(જે) કુંભની ઉત્પત્તિ છે '**તે જ મૃતિકાપિંડનો સંહાર છે,...**' માટીનો પિંડલો છે ને એનો અભાવ થઈ ગયો ને ? આ ભાવ થતાં એનો અભાવ થયો. ઈ સમય તો એક જ છે. ઘડાની ઉત્પત્તિનો સમય છે તે જ પિંડના વ્યયનો સમય છે. આ..હા..હા...! અરે..રે...! શું કીધું ? ઘડાની ઉત્પત્તિ છે '**તે જ મૃતિકાપિંડનો સંહાર છે, કારણ કે...**' શું સિદ્ધાંત આપે છે !! આ..હા..હા..હા...! '**ભાવનું...**' (એટલે) ઉત્પત્તિ કીધી ને ? ઘડાની ! એ ઉત્પત્તિ (છે) એ ભાવ (છે). '**ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે...**' તે ભાવનું બીજા અનેરા ભાવના '**અભાવસ્વભાવે અવભાસન છે...**' આ..હા..હા...! ઘડાની ઉત્પત્તિ તે ભાવ અને તેનાથી બીજી ચીજ અભાવ(સ્વરૂપ). છે ? '**ભાવાન્તર...**' (એટલે) તે ઉત્પત્તિના ભાવથી અનેરો ભાવ એનો અભાવસ્વભાવ. ભાઈ ! ભાષા તો બહુ ચોખ્ખી ! ઉત્પત્તિના ભાવથી અનેરો ભાવ એટલે સંહારનો ભાવ. આહા..હા...! ભાવાન્તરનો અભાવ... છે ? વ્યયનો અભાવ. આહા..હા...! અરે...! આહા..હા...! સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે !! જે થાય એને લાગે. આહા..હા...!

શું કીધું ? ઘડાની ઉત્પત્તિનો જે સમય છે તે ભાવથી અનેરો ભાવ (એટલે) સંહારનો (ભાવ), એ ભાવથી ભાવાન્તરનો અભાવ. એટલે જે ઉત્પત્તિનો ભાવ છે એનાથી અનેરો ભાવ–પિંડનો (ભાવ) એના અભાવસ્વભાવરૂપે પ્રકાશન છે. આહા..હા...! આવું ઝીણું લ્યો ! આ બાયડીયુંને બિચારીને નવરાશ ન મળે, એને આવું સમજવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– બહેનો ઘણાં હોશિયાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો સાચી છે. આખો દી' એને છોકરા સાચવવા ને રાંધવું હોય... કોણ રાંધે ? રાંધે કોણ ? આહા..હા...! એની પર્યાયનો–વિકલ્પનો કાળ ઊઠ્યો, બસ ! તે ભાવ એનાથી અનેરો ભાવાન્તર. સંહાર થવું તે ભાવથી અનેરો ભાવ છે (અર્થાત્) સંહાર થવું તે ઉત્પાદના ભાવથી અનેરો ભાવ છે, એનો અભાવભાવ. ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે પ્રકાશન છે. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો (સાદી છે).

એક પર્યાય ઉત્પન્ન થઈ એ ભાવ (છે). એનાથી ભાવાન્તર (એટલે) અનેરો ભાવ. કોણ ? વ્યય. એ અનેરા ભાવના અભાવસ્વભાવસ્વરૂપ છે (અર્થાત્) એ વ્યયસ્વરૂપ ઉત્પાદ છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! આહા..હા...! પરમાત્મા જિનેશ્વરદેવની શૈલી આ છે ! અત્યારે તો પંડિતો પોકાર કરે છે. 'ઇન્દોર'માં ને ? કયા ગામમાં ? પચાસ પંડિત ભેગા થયા હતા. ત્યાં એમ કહ્યું કે, 'આ 'સોનગઢવાળા' એમ કહે (છે) કે, પરનો કર્તા નથી.' એટલે એ પચાસ ભેગા થઈને કહે કે, 'પરનો કર્તા ન માને એ દિગંબર નથી.' આ 'સોનગઢવાળા' દિગંબર નથી.

(અજ્ઞાની) એમ કહે (છે) કે, વજ્રનારાચસંહનન છે તો અહીં કેવળજ્ઞાન થાય છે. (એની) અહીં ના પાડે છે. કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, એનાથી ભાવાન્તર–અનેરો ભાવ જે પૂર્વ પર્યાય હતો તેના અભાવપણે એ પ્રકાશે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જે કેવળજ્ઞાનનો ઉત્પાદ છે (કે) સમ્યગ્દર્શનનો લ્યો, સમ્યગ્દર્શનનો ઉત્પાદ છે એ ભાવથી અનેરો ભાવ (એટલે) પૂર્વનો વ્યય, એ અનેરા ભાવના અભાવસ્વરૂપે ભાવ પ્રકાશે છે. આ..હા..હા..હા...! ગજબ વાત છે ! ભાવનું એટલે કે ઉત્પાદનું–દરેકનું. આહા..હા...! દરેક દ્રવ્યનો જે સમયે–જે અવસરે– જે કાળે ઉત્પાદરૂપી ભાવ છે એ ભાવથી ભાવાન્તર–અનેરો ભાવ જે સંહાર (છે) એના ભાવનો ત્યાં અભાવ છે. એના અભાવે ઉત્પાદ પ્રકાશે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! ધીમે-ધીમે પકડે તો પકડાય એવું છે ને, બાપુ ! આહા..હા...!

'**ભાવનું...**' એટલે ઉત્પાદ. સમ્યગ્દર્શનનો કહો, મિથ્યાદર્શનનો કહો, ચારિત્રની પર્યાયનો ઉત્પાદ કહો. ચારિત્રની પર્યાય જે સમયે ઉત્પન્ન થવાની તે એનો અવસર છે. એ ઉત્પાદ ભાવાન્તર (એટલે) ચારિત્રની પર્યાયથી અનેરો ભાવ (એટલે કે) પૂર્વે અસ્થિરતાનો ભાવ હતો ઈ, એ ભાવાન્તરનો અભાવ. એ ચારિત્ર ભાવ છે એનાથી ભાવાન્તર એટલે અનેરો ભાવ– સંહાર, એનો આમાં અભાવ છે. આહા..હા...! દિગંબર સંતોએ જગતમાં આવી ટીકા બનાવી છે ! અહીં તો જ્યાં હોય ત્યાં એમ કહે, એકબીજાનું કરીએ... કરીએ... 'સોનગઢવાળા' ના પાડે છે.... 'સોનગઢવાળા' ના પાડે છે. બાપુ ! 'સોનગઢવાળા' નહિ, ભગવાન ના પાડે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહે. આ શું કહે છે ? આહા..હા...! આ 'સોનગઢ'નું પુસ્તક છે ?

ભાષા જે થાય છે, ઈ ભાષાની પર્યાયનો ઉત્પાદ એ ભાવ. એનાથી ભાવાન્તર (એટલે) અનેરો ભાવ. કોણ ? કે, ભાષાની પર્યાય પહેલાં જે ભાષાની પર્યાય નહોતી એવી વચનવર્ગણાની પર્યાય–તે ભાવાન્તરના ભાવનો અભાવ. એના અભાવથી ઉત્પાદ ભાસન થાય છે. ભાવાન્તરના અભાવથી ઉત્પાદનું ભાસન થાય છે. છે ? કૌંસમાં અર્થમાં નાખ્યું છે. '**(અર્થાત્ ભાવ અન્યભાવના...)**' જોયું ? ભાવાન્તર છે ને ? '**(ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે–દેખાય છે).**' કહે છે કે, ઉત્પાદ જે છે એ અનેરા ભાવના અભાવથી જણાય છે. આહા..હા...! 'આ છે' એમ ત્યારે જણાય છે. જે ઉત્પાદભાવ છે એનાથી અનેરો ભાવ જે ભાવાન્તર એવો જે સંહારભાવ, તેનો ઉત્પાદમાં અભાવ છે. વ્યય છે ને ઈ ? આહા..હા...! આવી ભાષા ! ભાષા તો સાદી છે, ભાષા કોઈ એવી સંસ્કૃત ને વ્યાકરણ ને એવું કાંઈ છે નહિ. આહા..હા...!

એક જણ વળી એમ કહેતો હતો, પેલો દક્ષિણ(માંથી) આવ્યો હતો. જે પર્યાય છે એ જ પર્યાય ભાવાન્તર તરીકે ફરીને આવે છે. એક આવ્યો હતો ને ? 'કારંજાવાળો' ! એમ નથી. આવા શબ્દમાંથી એવું કાઢે ! એક આવ્યો હતો, વાંચનારો હતો. એમ કહે કે, કોઈ પણ પર્યાયરૂપ ભાવ થાય, એ જે ભાવ થયો છે એનો અભાવ થઈને તે જ ભાવ થાય. જે પર્યાય છે, તે જ ભાવ છે એનાથી અનેરો પર્યાય થાય એ તે જ ભાવ છે. જે ભાવ છે તે જ ફરીને ત્યાં આવ્યો છે. એમ નથી. 'કારંજા'નો હતો ને કો'ક ? આવ્યો હતો. ચર્ચા ઘણી થઈ ગઈ. આહા..હા...!

અરે... ભાઈ ! આ..હા...! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોક જોયા એમ કહેવું છે એ પણ વ્યવહારનય (છે). કેમકે એ પરમાં તન્મય થઈને જોતાં નથી. આહા..હા...! એ તો પોતાની પર્યાયને જાણે છે.

અહીં તો કહે છે કે, કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકથી તો થઈ નથી. લોકાલોકના અભાવથી પણ થઈ નથી. કેવળજ્ઞાનની પર્યાય પોતાનો ભાવ છે, એનાથી ભાવાન્તર–જે પૂર્વ પર્યાય (હતી) એના અભાવથી કેવળજ્ઞાનનો પર્યાય થયો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

જે સર્ગ–ઉત્પત્તિ છે તે વ્યય છે અને વ્યય છે તે સ્થિતિ–ટકવું છે. કેમ ? (કેમકે) '**(ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે–દેખાય છે).**' ઉત્પાદ છે (તે) એનાથી અનેરા ભાવના અભવસ્વરૂપે દેખાય છે. અનેરી પર્યાયના ભાવસ્વરૂપે દેખાય છે, એમ નહિ. આહા..હા...! શું કહ્યું ? વર્તમાન પર્યાય જે છે એનાથી અનેરી ભાવાન્તર પર્યાય એટલે વ્યય, એના અભાવથી ભાવ પ્રકાશે છે. ઉત્પાદ, પૂર્વના પોતાના ભાવથી અનેરો વ્યયભાવ, એના અભાવથી તે ઉત્પાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખાય છે, એના અભાવથી ઉત્પાદ દેખાય છે, પૂર્વભાવના અભાવથી ઉત્પાદ જણાય છે. આહા..હા...! આવું ઝીણું છે, છતાં પકડાય એવું છે. આહા..હા...! આમાં કેટલાં નિકાલ થઈ જાય છે ! કર્મના, પરના (કર્તાપણાના બધાંના નિકાલ થઈ જાય છે).

આ આંગળી આમ ચાલે છે ઈ ઉત્પાદ છે. એ ઉત્પાદભાવથી અનેરો ભાવ (એટલે) પૂર્વની પર્યાયનો વ્યય. જે આમ હતી એનો વ્યય થયો અને આમ થઈ. પૂર્વની પર્યાયનો વ્યય એટલે અભાવસ્વભાવે ઉત્પાદ પ્રકાશે છે. પરના નિમિત્તને કારણે એ ઉત્પાદ પ્રકાશે છે, એમ નથી. અંદર ભગવાનઆત્મા છે માટે આ અવસ્થા આમ થાય છે, એમ નથી. એ અવસ્થા(નો) ઉત્પાદ છે તેનાથી અનેરો ભાવ એટલે પૂર્વે જે પર્યાય હતી એના અભાવસ્વભાવે આ ઉત્પાદ દેખાય છે. આત્મા અંદર છે માટે આત્માને કારણે આ પર્યાય દેખાય છે એમ નથી. આહા..હા...!

પ્રશ્ન :– પર્યાય પર્યાયના કારણે ?

સમાધાન :– એને કારણે. એ તો વળી પછી (આવશે). અત્યારે તો ઉત્પાદ બીજાના અભાવસ્વભાવે પ્રકાશે છે (એ સિદ્ધ કરવું છે). આહા..હા...! એટલી અપેક્ષા લીધી. પછી ૧૦૧ (ગાથામાં) તો અપેક્ષા પણ કાઢી નાખશે. આહા..હા...! અરે...! આવી વાત છે, બાપુ ! અભિમાન ઊતરી જાય એવા છે. આ..હા...!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર દિવ્યધ્વનિમાં એ કહે છે. એનો ભરતક્ષેત્રમાં વિરહ પડ્યો. આહા..હા...! પણ એમની વાણી રહી ગઈ. આ..હા...! એ વાણીમાં આમ પ્રકાશ્યું. પર જીવની દયાનો ભાવ તું કર, (તો) કહે છે કે, એ ભાવનો ઉત્પાદ (થયો). પૂર્વે (તેવો) રાગ નહોતો એનો અભાવ (થયો), તે અભાવથી તે દયાનો ભાવ પ્રકાશે છે. પણ પરને લઈને દયાનો ભાવ પ્રકાશે છે (એમ નથી) અને તારા દયાના ભાવને લઈને સામાની (–સામા જીવની) જીવતરની પર્યાય ઉત્પાદ છે ઈ પ્રકાશે છે, એમ નથી. સામા જીવનું જીવન–જે ટકવું છે એ એનો ઉત્પાદ છે. એ ઉત્પાદ એના ભાવાન્તરથી અનેરો ભાવ–પર્યાય છે તેના–ભાવના અભાવે પ્રકાશે છે. પણ બીજો એનો દયા પાળનારો છે માટે અવસ્થા ટકી રહી છે, જીવનું જીવતર છે, એમ નથી. એમ દેખાતું નથી, અહીં તો એમ કહે છે ! આહા..હા...! આવી વસ્તુ છે. આહા..હા...! એક વાર મિથ્યાત્વને જીવતો મારી નાખ, કહે છે ! આ..હા..હા...!

ભ્રમણાને માર ! અભ્રમ એવી ઉત્પત્તિ દશામાં ભ્રમણાનો અભાવ (છે), એનાથી અભ્રમ દશા ઉત્પન્ન દેખાય છે. આહા..હા...! શું કીધું ? અભ્રાંતિનો ભાવ એટલે સમકિત, એનો ભાવ. પૂર્વનો જે વ્યય છે એ ભાવાન્તર છે. ઉત્પાદથી એ ભાવાન્તર–અનેરો ભાવ છે. અનેરા ભાવના અભાવથી તે ઉત્પાદ પ્રકાશે છે. આહા..હા...! પણ જોડે જીવ છે માટે આ ભાષા થઈ એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રકાશતું નથી. આહા..હા...!

રોટલી થાય છે, એ રોટલીની જે પર્યાય આટામાંથી (–લોટમાંથી) થઈ, એનો ઉત્પાદ પ્રકાશે છે, કઈ રીતે ? કે, પૂર્વના લોટની પિંડની જે અવસ્થા છે એ આ ઉત્પાદના ભાવાન્તરવાળી–અનેરા ભાવસ્વભાવે છે. એ અનેરા ભાવસ્વભાવના અભાવસ્વરૂપે રોટલીની પર્યાય દેખાય છે. આ..હા...! વેલણાથી અને સ્ત્રીથી એ રોટલીની પર્યાય દેખાતી નથી, એમ કહે છે. અરે..રે...! ક્યાં એણે જાવું ? આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યાં છે ! દિગંબર સંત ! આટલું સ્પષ્ટ ન કર્યું હોય તો લોકોને ઝટ સમજાય નહિ. પાઠમાં તો એટલું છે – (સર્ગ) સંહાર વિના નહિ, સંહાર (સર્ગ) વિના નહિ. પણ એનો દૃષ્ટાંત દઈને સિદ્ધ કર્યું. આહા..હા...!

તને એમ લાગે કે, ઘટની ઉત્પત્તિ કુંભારથી થઈ, એમ ત્રણકાળમાં વાત છે નહિ. એ ઘટની ઉત્પત્તિ, પિંડના પર્યાયના (અભાવસ્વરૂપ છે કે જે), ઉત્પત્તિથી અનેરો ભાવ છે એના અભાવથી તે ઉત્પત્તિ પ્રકાશે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો દાખલા (છે). જેટલાં દાખલા (લેવા હોય તેટલા લેવાય).

આ મંદિર બનાવવું, ગજરથ (કાઢવા). એ વખતની પ્રતિમાની અને મંદિરની જે પર્યાય ઉત્પત્તિરૂપે દેખાય છે ઈ એની પૂર્વની પર્યાય જે ભાવાન્તર છે–વ્યય (છે), એના અભાવસ્વભાવે તે ઉત્પાદ પ્રકાશે છે. પણ કોઈએ કરી માટે પ્રકાશે છે, (એમ નથી). આ..હા..હા...! જૈન પરમેશ્વર સિવાય આવી વાત છે ક્યાં ?

આહા..હા...! અહીં તો કહે છે કે, ભગવાનની ભક્તિનો ભાવ (આવ્યો) એ ઉત્પાદ થયો. એ પૂર્વની પર્યાયના–ભાવાન્તરના અભાવથી તે પર્યાયનો ભાવ પ્રકાશે છે, પણ ભગવાનનાં દર્શન કર્યાં માટે એ ભાવ પ્રકાશે છે, એમ નહિ. ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે એના દર્શનનો શુભ ભાવ થયો. આ..હા..હા...! કહે છે કે, એ શુભ ભાવની ઉત્પત્તિ પૂર્વના ભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે. ભગવાનના દર્શન થયા માટે શુભ ભાવ પ્રકાશે છે, એમ નથી. આહા..હા...! આવી વાત પહેલાં સાંભળી પણ ન હોય. ઘડાનો તો દાખલો આપ્યો. (અત્યારે આ બાબતમાં) મોટી તકરાર છે. (કહે છે કે), કુંભારમાં ઘડાને કરે ઈ કર્તાપણાનો ભાવ છે. આરોપિત (ભાવ) પણ છે ને ? એમ કહે (છે). પણ એનો અર્થ શું ? ભાઈ ! બાપા ! આહા..હા...!

અહીં તો પ્રભુ એમ કહે છે કે, કુંભારની પર્યાય જે થઈ (એટલે કે) હું ઘડો કરું– એવો જે વિકલ્પ ઊઠ્યો, એ વિકલ્પ પણ એમ પ્રકાશે છે કે, પૂર્વે બીજો વિકલ્પ હતો એનો વ્યય થયો. એ ભાવાન્તરનો અભાવ થયો ત્યારે આ વિકલ્પ પ્રકાશે છે. એ ઘડો થયો માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો–ઘડાનો વિકલ્પ પ્રકાશે છે, એમ નથી. આ..હા...! આવું છે.

**'જે કુંભનો સર્ગ છે તે જ મૃતિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું...'** એટલે કુંભની ઉત્પત્તિના ભાવનું. **'ભાવાન્તર...'** એટલે માટીનો પિંડ જે હતો તેના અભાવસ્વભાવરૂપે. ભાવાન્તર (અર્થાત્) કુંભની ઉત્પત્તિથી અનેરો ભાવ. એટલે કે સંહારરૂપ ભાવ–મૃતિકાપિંડનો સંહારરૂપ ભાવ. તેના અભાવે પ્રકાશે છે. આ..હા..હા..હા...! પુસ્તક છે ને સામે ? એનો અર્થ થાય છે. આહા..હા...! આ તો એક સિદ્ધાંતનો દૃષ્ટાંત દીધો.

સિદ્ધાંત તો એ છે કે, ઉત્પાદ છે તે અનેરા ભાવના અભાવસ્વભાવે ઉત્પાદ પ્રકાશે છે. અમને ખ્યાલમાં આવે એને માટે દાખલો (છે) ? દાખલો ઈ કિ, ઘડાની ઉત્પત્તિ છે તે પિંડનો વ્યય જે ભાવાન્તર છે–ઈ અનેરો ભાવ છે, એના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ પ્રકાશે છે, દેખાય છે, એમ છે. એમ છે (અને) એમ દેખાય છે, એમ કહે છે. આ..હા..હા...! આવી વાત !

આ તો મંદિર બનાવો, ગજરથ કાઢો, રથ ચલાવો, ધામધૂમ ! દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ, પચાસ હજાર માણસ ! રથ કાઢે (ત્યારે) એક-એક હજાર માણસના આંતરે... શું કહેવાય ? વાજું ! બેંડવાજા રાખો ! પચીસ હજાર (માણસ હોય તો) એક-એક હજાર (માણસે) બેંડ ! આ..હા..હા...! ભારે શોભા ! ભગવાન ! સાંભળને, ભાઈ ! આ..હા...! એ ગજરથ(માં) હાથીની પર્યાય જે ચાલે છે, એનો ચાલવાનો પર્યાય, એનો પૂર્વનો ચાલવાનો પર્યાય નહોતો તેના અભાવસ્વભાવે પ્રકાશે છે. માણસ માથે બેઠો (છે) ઈ હાથીને ચલાવે છે, એમ નથી. આહા..હા...! એ પંચકલ્યાણકનો કરનારો પ્રમુખ છે... આહા..હા...! માટે આ ગજરથની પર્યાયનો પ્રકાશ થાય છે, એમ નથી કહે છે. આહા..હા...! સંઘવી કરે ને ? પ્રમુખ ! બે-પાંચ લાખ રૂપિયા ખર્ચે ! એને લઈને આ બધી પર્યાયો આમ ઉત્પન્ન દેખાય છે, એમ નથી. ત્યાં તે-તે પર્યાય પૂર્વની પર્યાયનો અનેરો ભાવ–એવા ભાવાન્તરના અભાવસ્વભાવથી તે પ્રકાશે છે. અરે..રે...! કર્તાપણું ક્યાં રહ્યું ? બાપા ! આહા..હા...! એ ગજરથનો (કર્તા) નહિ ને હાથીનો (પણ કર્તા) નહિ. આહા..હા...! હાથી ઉપર બેસવા (માટે) બોલી ઊઠે તો એક-બીજા જાણે કંઈક... પેલો કહે-૧૫૦૦, બીજો કહે–૨૦૦૦, (ત્રીજો)–૫૦૦૦... એ હોય છે પણ એ શુભ ભાવ છે. તને શુભ ભાવ થયો માટે ત્યાં થાય છે, (એમ નથી). આ તમારા બાપેય સાંભળ્યું નહિ હોય.

આહા..હા...! ગજબ વાત છે ! અમૃત રેડ્યા છે સત્‌ના ! 'સતિયા સત્ મત છોડિયે, સત છોડિયે પત જાય' આહા..હા...! 'સતિયા સત્ મત છોડિયે' જે સમયે જે સત્‌ની પર્યાય થાય તે પૂર્વના વ્યયના અભાવસ્વભાવે પ્રકાશે છે, બીજાને લઈને નહિ. એમ તું સત્‌ને છોડીશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. એ તો પેલા માંગવા આવતા ને ? (એ બોલતા) 'સતિયા સત્ મત છોડિયે, સત છોડિયે પત જાય, સત્‌ની મારી લક્ષ્મી ફિર મિલેગી આય.' આહા..હા...! ઈ સાંભળ્યું છે કે નહિ ? અમારે દુકાનમાં ઘણાં આવતા ને ? ત્યાં 'પાલેજ'(માં) દરરોજ રિવાજ છે. દરરોજ એક માગણ આવે જ. એવું સ્થાન છે ત્યાંથી એને અમુક ટિકિટ આપે. ઈ પછી પૈસો... પૈસો... માગે. તે 'દી પૈસો હતો, હવે વધી ગયું. આહા..હા...! ઈ એમ બોલતા.

અહીં કહે છે કે, સત્ પ્રભુ ! એનો ઉત્પાદ છે એ સત્ છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' છે તો દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય (થાય) તે સત્ છે. એ સત્‌ને તું આડીઅવળી ન કરીશ. એ બીજાથી થાય એમ ન માનીશ. નહિતર અસત્ થઈ જશે. તારી માન્યતામાં, હોં ! ત્યાં તો છે એમ છે. ત્યાં તો એ પર્યાય જે થઈ છે, પૂર્વનો ભાવાન્તર જે અનેરો ભાવ–સંહાર, એના અભાવસ્વભાવે છે અને એ જ પર્યાય છે એ બીજે સમયે આવી છે એમ પણ નથી. આમાંથી કેટલાક એવું કાઢે છે કે, એ જે પર્યાય હતી એ જ ભાવાન્તર થઈને પાછી (થાય છે). એ મોટી ચર્ચા થઈ હતી. ઘણી ચર્ચાઓ થઈ. ભણેલા અને વાંચેલા માણસો આવે ને ! અરે... બાપા ! એમ નથી, ભાઈ ! આહા..હા...!

ભાવાન્તરના અભાવસ્વભાવે જણાય છે એટલે છે – એ રીતે જ દેખાય છે. તું બીજી રીતે દેખ તો એ તારી ભ્રમણા છે. એમ કહે છે. શું કીધું ઈ ? ઘટની ઉત્પત્તિની પર્યાય અને દરેક દ્રવ્યની ઉત્પત્તિની પર્યાય તેની અનેરી પર્યાય એટલે વ્યય જે અનેરો ભાવ છે તેના અભાવે તે દેખાય છે. બીજો માણસ ત્યાં નિમિત્ત થઈને આવ્યો એથી ઈ ત્યાં દેખાય છે, એમ નથી. છતાં નિમિત્ત હો. આહા..હા...! પણ નિમિત્તને લઈને અહીં ઉત્પાદ થાય છે, એમ નથી. એ ઉત્પાદ તો એનો અનેરો ભાવાન્તર–વ્યય, તેના અભાવથી તે દેખાય છે. વ્યયના અભાવથી તે ઉત્પાદ દેખાય છે. નિમિત્ત આવ્યું માટે ઉત્પાદ દેખાય છે, (એમ નથી). આહા..હા...! આવી વાત !

શ્રોતા :– આ વાતની ચોખવટ આજે જ થઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સામે આવ્યું છે ને ! આહા..હા...! મંદિરો બનાવ્યા ને માનસ્તંભ બનાવ્યા ને સ્વાધ્યાયમંદિર બનાવ્યા ને સમવસરણ બનાવ્યા...

શ્રોતા :– ઈ તો રોજ ગવરાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! (આપ આ બધું) લાવ્યા.. એવું આવે છે ને ? વ્યવહારથી ભાષા (બોલાય), વસ્તુ એમ નથી. વ્યવહાર કહે છે તેમ નથી. ઈ આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! વ્યવહાર કહે છે તેમ નથી. ફક્ત નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. આહા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો હશે ! 'કલકત્તા'માં સાંભળ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો ? આહા..હા...! એવી આ ઝીણી વાત છે. આ..હા..હા...! ભાઈ ! એક વાર આગ્રહ છોડી અને વસ્તુની જે રીતે સ્થિતિ–મર્યાદા છે એ રીતે તું જ્ઞાન તો કર, પ્રભુ ! આહા..હા...! આહા..હા...!

શાસ્ત્ર લખવામાં અક્ષરની ઉત્પત્તિ થાય છે તે ઉત્પત્તિનો પર્યાય એમ જણાવે છે કે, પૂર્વે જે પર્યાય વ્યય થઈ એ ભાવથી ભાવાન્તરના અભાવસ્વભાવે એ પર્યાય દેખાય છે. લખનારને લઈને એ ભાષા દેખાય, લખાણ દેખાય છે, અક્ષર દેખાય છે, એમ નથી. આહા..હા...!

એ વળી પાછા એમ કહે કે, ભગવાનનો માર્ગ અનેકાંત છે. આ ઠેકાણે આમ કહ્યું પણ બીજે ઠેકાણે કહ્યું છે. અરે... ભાઈ ! આ..હા...! બીજે ઠેકાણે (કહ્યું છે) વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. એવું 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં આવે છે. એ તો અહીં વસ્તુના સ્વભાવનું જ્ઞાન થયું ત્યારે ત્યાં પહેલું કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું. એનાથી થયું છે અને એનાથી થાય છે એમ છે નહિ. અહીં તો મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઉત્પત્તિ પૂર્વના મિથ્યાત્વ, અવ્રત અને કષાયભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે. મોક્ષનો માર્ગ જે પ્રગટ્યો એ ઉત્પન્ન છે એ પૂર્વના સંહારનો ભાવ ભાવાન્તર છે, એવા ભાવાન્તરના અભાવસ્વભાવે એ ભાવ પ્રકાશે છે. આહા..હા...! એનાથી દેખાય છે. તું બીજી રીતે દેખ તો એમ છે નહિ, એમ કહે છે. આહા..હા...!

આહા..હા...! ત્રણલોકના નાથ દિવ્યધ્વનિ કરતા હશે... આ..હા..હા...! એની વાણીમાં કયા ભાવ આવતા હશે !? ગણધરો અને ઇન્દ્રો પણ એક વાર ચમકે... ચમકે કે, આ..હા..હા...! શું છે ! શું કહે છે આ ! બાપુ ! આ તો ચમત્કાર છે ! દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ પરથી નહિ અને એના ભાવથી ભાવાન્તર–અનેરા ભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે. નિમિત્તના ભાવે પ્રકાશે છે, (એમ નથી). ઉચિત નિમિત્ત તો આવ્યું હતું ? (૯૫ ગાથામાં). બહિરંગ ઉચિત નિમિત્ત હો, ઉચિત નિમિત્ત. પણ એનાથી આ ઉત્પાદ પ્રકાશે છે એમ નથી. આ..હા...! એ એક બોલ થયો.

'**વળી જે મૃતિકાપિંડનો સંહાર છે...**' મૃતિકાપિંડનો સંહાર છે – વ્યય. '**તે જ કુંભનો સર્ગ છે,...**' તે જ કાળ છે એટલે તે જ સર્ગ છે. 'તે જ'માં એમ ન લઈ લેવું કે, સંહાર થયો છે તે જ પર્યાય ઉત્પાદપણે આવી છે. એમ નહિ. જે સંહાર છે તે કુંભની ઉત્પત્તિ છે. '**કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે...**' વ્યય જે અભાવ છે એનાથી ભાવાન્તર જે ઉત્પાદ છે એના ભાવસ્વભાવે વ્યયનું ભાસન થાય છે. આ..હા..હા..હા...! ભાષા તો એવી મીઠી છે...! આ..હા...! મૃતિકાપિંડનો સંહાર તે જ કુંભની ઉત્પત્તિ છે. '**કારણ કે અભાવનું...**' એટલે પૂર્વે પિંડનો અભાવ થયો તેનું '**ભાવાન્તર...**' એટલે એનાથી અનેરો ભાવ–ઉત્પાદ–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનેરા ભાવના '**ભાવસ્વભાવે અવભાસન છે...**' દેખાય છે. એમ છે અને એમ દેખાય છે. '**(અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).**' નાશ છે તે અનેરો ભાવ જે ઉત્પાદ તેના સ્વભાવે પ્રકાશે છે. આહા..હા...! નાશ અનેરા ભાવરૂપે–જે ઉત્પાદ તેને એ નાશ પ્રકાશે છે. એનો અભાવ થઈને તે પ્રકાશે છે. પણ ત્યાં કુંભાર હતો માટે તે પિંડનો વ્યય થયો, એમ પ્રકાશતું નથી.

વિશેષ કહેશે...

**ગાથા–૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૫**
**તા. ૧૫-૬-૭૯**

'પ્રવચનસાર' ૧૦૦મી ગાથા. ઝીણું પડે છે, એમ (કોઈ) કહેતા હતા. સવારનું કાંઈક સમજાય છે, બપોરે ઝીણું પડે છે. ધ્યાન રાખે તો પકડાય એવું છે.

'**જે સર્ગ છે તે જ સંહાર છે,...**' શું કહે છે ? જે છ દ્રવ્ય છે એનો જે સમયે પર્યાય ઉત્પન્ન થાય તે સંહારથી (એટલે) પૂર્વની પર્યાયના સંહારથી થાય છે. આ તો સમજાય એવું છે. '**સર્ગ છે તે જ સંહાર છે,...**' એ ઉત્પન્ન જે છે તે જ સંહાર છે. એનો ખુલાસો કરશે. '**જે સંહાર છે...**' (એટલે કે) વ્યય છે '**તે જ સર્ગ છે;...**' જે વ્યય છે તે જ ઉત્પાદ છે. '**જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે,...**' ઉત્પાદ છે, વ્યય છે એ જ સ્થિતિ છે. ત્રણે એક સમયમાં છે.

'**જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે.**' હવે દૃષ્ટાંતથી સમજાશે. કુંભાર કુંભનો–ઘડાનો કર્તા નથી. આહા..હા...! કુંભનો ઉત્પાદ–ઘડાનો ઉત્પાદ... ઘડો ઊપજે છે ને ? '**તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે,...**' ઘડાની ઉત્પત્તિ જે છે એ જ મૃત્તિકાપિંડનો અભાવ (છે). મૃત્તિકાપિંડનો સંહાર કહો કે અભાવ કહો. આહા..હા...! આ તો સમજાય એવું છે. '**કારણ કે ભાવનું...**' એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાદભાવનું. આહા..હા...! ઘડાની ઉત્પત્તિના ભાવનું '**ભાવાન્તર...**' એટલે અનેરા ભાવથી. '**અભાવસ્વભાવે...**' ભાવ એટલે ઉત્પાદ, એનાથી ભાવાન્તર એટલે સંહાર–વ્યય, એના અભાવસ્વભાવે–વ્યયના અભાવસ્વભાવે ઉત્પાદનું '**અવભાસન છે...**'

શ્રોતા :– વધારે ચોખ્ખું કરો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરીએ. આહા..હા...! આ તો ઘડાનો દૃષ્ટાંત આપ્યો. આ ભાષા થાય છે. ભાષાની ઉત્પત્તિ જે છે તે જ સંહાર છે. એટલે વચનવર્ગણારૂપે પર્યાય હતી તેનો સંહાર થયો એટલે કે ભાષાની પર્યાયથી ભાવાન્તરનો અભાવ. ભાષાની પર્યાયથી ભાવાન્તર (એટલે) એ ભાવનો અભાવ. ભાવાન્તર (એટલે) ભાષાની પર્યાયથી બીજો અનેરો ભાવ (અર્થાત્) સંહાર–વ્યય તેના અભાવસ્વભાવે ભાષાની પર્યાય પ્રકાશે છે, આત્માથી નહિ. આહા..હા...!

એને ભુક્કાનો વેપાર છે ને ? શું કહેવાય એને ? પાવડર... પાવડર ! એ પાવડરની જે પર્યાયપણે ઉત્પત્તિ થઈ એ પૂર્વની જે અવસ્થા હતી તેનો સંહાર એટલે ઉત્પત્તિના ભાવથી અનેરો ભાવ એટલે સંહાર, એ ભાવથી ભાવાન્તર (એટલે) એના અભાવે તે ભાવ દેખવામાં આવે છે. આ તમારા (પાવડર) પર ઉતાર્યું. આહા..હા...!

આચાર્યે સીધો કુંભનો દૃષ્ટાંત આપ્યો. ઘડાની ઉત્પત્તિ એવો જે ભાવ એનાથી ભાવાન્તર (એટલે) અનેરો ભાવ એવો જે સંહાર, (તેનો) અભાવ. ભાવાન્તર એટલે ભાવથી અનેરા ભાવનો અભાવ. એ અભાવસ્વભાવે ઉત્પાદ ભાસે છે. કહો, સમજાય છે કાંઈ ? આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે અને સમ્યગ્દર્શનનો વિષય છે. એ રીતે બરાબર પ્રતીતિ થવી જોઈએ. આહા..હા...! પ્રતીતિમાં પણ આવે છે. (એમ) આવ્યું હતું. અવભાસન ! પર્યાયથી જોઈએ તો ઉન્મગ્ન છે અને પ્રતીતિમાં પણ એમ આવે છે. એમ (૯૮ ગાથામાં) આવ્યું હતું. આહા..હા...! આ તો સર્વજ્ઞ ભગવાનના જ્ઞેય પદાર્થની પ્રતીતિ કેમ કરવી અને એનું કેવું સ્વતઃ સ્વરૂપ છે એની વાત છે. આહા..હા...!

અહીં કહે છે કે, ઘડો જે ઉત્પન્ન થયો એ કુંભારથી નહિ પણ તે ઉત્પત્તિનો ભાવ છે એનાથી ભાવાન્તર – અનેરો ભાવ એટલે વ્યય. અનેરો ભાવ–વ્યય, એ અનેરા ભાવનો અભાવ. એ અભાવથી તે ભાવ ભાસે છે. પિંડની અવસ્થાના અભાવથી ઘડાની અવસ્થા ભાસે છે. ઘડાની અવસ્થા ભાવ છે એ ભાવાન્તર નામ એના ભાવથી અનેરો (ભાવ)–પિંડની અવસ્થા (છે) એ અનેરો ભાવ (છે) એનો અભાવ. માટીના પિંડની અવસ્થાનો અભાવ એ જ માટીમાંથી ઘડાની ઉત્પત્તિનો સદ્ભાવ. આ..હા..હા...! શું વાત કરી છે !! ધ્યાન રાખે તો પકડાય એવું છે. આ ભાષા બહુ કાંઈ સંસ્કૃત (જેવી) ઝીણી નથી. આહા..હા...!

આ શરીર છે, જુઓ ! આ પર્યાય છે. એ પર્યાય આમ જે હતી, પહેલી પર્યાય હતી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આ પર્યાયથી ભાવાન્તર છે – અનેરો ભાવ – અનેરી દશા (છે). આ ચાલવાની ઉત્પત્તિ એનાથી અનેરો ભાવ જે અભાવ (છે) એનાથી આ પ્રકાશે છે. પૂર્વભાવના અભાવથી આ ભાવ પ્રકાશે છે. આહા..હા...! આત્માથી એ ભાવ ચાલે છે અને પ્રકાશે છે, એમ નથી. આવી વાત છે.

શ્રોતા :– સમ્યગ્દર્શનની પર્યાયમાં ઉતારો, સાહેબ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાલે દાખલો આપ્યો હતો. સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ, એનાથી ભાવાન્તર એટલે મિથ્યાત્વ તેના અભાવસ્વભાવે સમ્યગ્દર્શન પ્રકાશે છે. દર્શનમોહના અભાવસ્વભાવે સમ્યગ્દર્શન પ્રકાશે છે, એમ નથી. આહા..હા...! વાતું તો બધી મીઠી છે ! આ..હા...!

આ જ્ઞાનમાં હીણી દશાનો ઉત્પાદ (થયો). એ પૂર્વની દશા કાંઈક ઠીક હતી તેનો અભાવ. જ્ઞાનની હીણી પર્યાયની ઉત્પત્તિ (થઈ) એ ભાવથી ભાવાન્તર, એ હીણી પર્યાયની ઉત્પત્તિથી ભાવાન્તર (એટલે) અનેરી પર્યાય, એના અભાવસ્વભાવે જ્ઞાનની હીનતા પ્રકાશે છે, કર્મને લઈને નહિ. આ મોટા વાંધા ઊઠ્યા છે ને ? (એક વિદ્વાને) ચોપડીમાં લખ્યું છે (એમાં) અહીંનો વિરોધ કર્યો છે. જમાદારે બહાર પાડ્યું છે. પાડો, બાપા ! એને ખબર નથી બિચારાને, આહા..હા...!

એમનું એમ કહેવું હતું કે, જ્ઞાનની હીણી અવસ્થા જ્ઞાનાવરણીયના ઉદયને લઈને છે અને જ્ઞાનની વિશેષ દશા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઈને છે. આહા..હા...! આ તો સમજાય એવું છે, બાપા ! ભગવાનઆત્માને ન સમજાય (તો) કોને સમજાય ? આ..હા..હા...! જ્ઞાનની હીણી.. અરે...! અધિક દશા લ્યો. જ્ઞાનની ઉગ્ર વિશેષ દશા થઈ એ જ્ઞાનાવરણીયના અભાવથી થઈ એમ નહિ. આહા..હા...! એ જ્ઞાનની જે અધિક દશા થઈ એ પૂર્વે જે હીણી દશા હતી એ અધિક દશાથી અનેરો ભાવ છે. જ્ઞાનની અધિકદશાથી પહેલી હીણી દશા હતી એ ભાવાન્તર છે–અનેરો ભાવ છે. એના અભાવસ્વભાવે જ્ઞાનની અધિકતા ભાસે છે. આહા..હા...! જ્ઞાનની હીણી દશાના અભાવસ્વભાવે જ્ઞાનની અધિક દશા ભાસે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ્ઞાનની પર્યાય અધિક થઈ એમ ભાસે છે એમ નથી. આહા..હા...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ...! માર્ગ તો જુઓ ! બહુ સરસ વાત ! આવી વાત છે, બાપા ! શું થાય ? (એ વિદ્વાન સાથે) ચર્ચા થતાં બહુ વિરોધ કર્યો (કે) આમની શ્રદ્ધા(ની) આખી લાઈન સંસારમાં ડૂબાડી દેશે. અરે... પ્રભુ ! શાંત થા, ભાઈ ! આ વિદ્વતાની ચીજ નથી, બાપા ! આહા..હા...! ચોપડીમાં છાપ્યું છે, ચોપડી છપાઈ ગઈ. આ..હા...!

(એમને કોઈએ પૂછ્યું કે) 'મહારાજ ! 'કાનજીસ્વામી' એમ કહે છે કે, જ્ઞાનની હીણી-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અધિકતા પોતાની યોગ્યતાથી થાય છે, જ્ઞાનાવરણીયને લઈને નહિ. કેમ મહારાજ ? (તમે શું કહો છો ?)' (ત્યારે એમણે કહ્યું કે) 'અરે...! અગિયાર અંગનો ભણનાર કહે તો પણ એ વાત સાચી નહિ.' એ વસ્તુ ચાલતી નહોતી, બાપુ ! એમાં શું થાય ? અરે..રે..! એણે આત્માના હિતનું કરવું તો છે ને ! એને હિત તો કરવું છે ને ! એ દુઃખી થાય એવું તો (અમે કેમ ઇચ્છીએ ?) પણ ચીજની ખબર ન મળે. આહા..હા...!

પ્રભુ ! કહે છે કે, આત્મામાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ (થઈ) એ ભાવ (છે) એનાથી ભાવાન્તર (એટલે) પૂર્વની હીણી પર્યાય (હતી) એ ભાવાન્તર. એના અભાવસ્વભાવે જ્ઞાનની પર્યાય ભાસે છે. જ્ઞાનાવરણીયના ક્ષયથી ભાસે છે, એમ નહિ. છે ?

આત્મામાં રાગ થાય એ રાગની ઉત્પત્તિ પૂર્વની પર્યાયના સંહારથી થાય છે. કર્મના ઉદયને લઈને રાગ ઉત્પન્ન થાય છે, એમ નથી. એ રાગની ઉત્પત્તિ છે એ ભાવ છે અને એનાથી અનેરો ભાવ એટલે પૂર્વ પર્યાય જે હલકી છે – થોડી છે એ અનેરો ભાવ (છે) તેના અભાવસ્વભાવે (રાગની) દશા દેખાય છે. આહા..હા...! શું આચાર્યોની શૈલી ! ગજબ વાત છે, બાપુ ! આહા..હા...! તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે છે. આ..હા...! એમની દિવ્યધ્વનિ જ્યાં ઇન્દ્રો ડોલી (ઊઠે) ! ઇન્દ્ર ગલુડિયાની જેમ સાંભળવા બેસે, આ..હા...! બાપુ ! એ માર્ગ અલૌકિક છે ! લૌકિક(દૃષ્ટિથી) એ સમજાય એવું નથી. આહા..હા...!

એમ સંપ્રદાન નામનો ગુણ છે અને એમાં પર્યાય પ્રગટ થાય છે. વીતરાગી પર્યાય પ્રગટ થઈને પોતે પોતાને આપે છે. આહા..હા...! પરને દાન દેવાનું તો આત્મા કરી શકતો નથી. પૈસા દેવાનું તો આત્માનું કાર્ય નહિ. અરે..રે...! મુનિને આહાર આપે એ આહાર (આપવાનું) કામ પણ આત્માનું નહિ. આહા..હા...! એ આહારના પરમાણુની જે પર્યાય રોટલીરૂપે છે એ આમ જાય છે એ પર્યાયના ભાવથી પૂર્વે જે ભાવ હતો એ ભાવાન્તરના અભાવસ્વભાવે એ પર્યાય થાય છે. દેનારના ભાવથી તે ભાવ થાય છે, (એમ નથી). આહા..હા...! દેનારના ભાવથી ત્યાં રોટલી અપાય છે કે મોસંબીનો રસ અપાય છે (એમ નથી). આવી વાત ! કોઈ દી' સાંભળ્યું નહોતું. આ..હા..હા...! શું શૈલી ! આ..હા..હા...!

કોઈ કહે કે, મને દૂધ ખપતું નથી. તો એનો અર્થ શો ? દૂધ ખપે છે એવો જે પર્યાય હતો એ પર્યાયનો વ્યય થઈ – સંહાર થઈ અને દૂધ ખપતું નથી એવો જે વિકલ્પ ઉત્પન્ન થયો એનાથી વિરુદ્ધ અનેરો ભાવ – ખપે છે એવો જે ભાવ એના અભાવથી ઉત્પન્ન ભાવ થયો. આહા..હા...! આવું સ્વરૂપ છે. વ્યવહારના તો મીંડાં ઊડી જાય.

પ્રશ્ન :– આ બધું સમજવાની શું જરૂર ?

સમાધાન :– પણ આ જ વ્યવહાર છે. પર્યાય ને ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવું એ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજી વ્યવહાર છે. એનું લક્ષ પછી દ્રવ્ય ઉપર જાય તે નિશ્ચય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ઘડાની ઉત્પત્તિ '**તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે,...**' '**તે જ**' એટલે તે જ સમયે માટીના પિંડનો સંહાર છે. '**કારણ કે ભાવનું...**' એટલે ઘડાની ઉત્પત્તિરૂપી (ભાવનું) – ઘડાની પર્યાય ઉત્પન્ન થઈ એ ભાવનું '**ભાવાન્તર...**' એટલે અનેરા ભાવનું એટલે પિંડરૂપ જે અનેરો ભાવ હતો એનું '**અભાવસ્વભાવે અવભાસન છે...**' આહા..હા...! એક ન્યાય સમજે તો (બધું યથાર્થ સમજાય). આ તો પરનું કરવું... પરનું કરવું... પરનું કરવું... આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, ભગવાને ઉપકાર કર્યો. એટલે એ તો એક સમજાવે છે કે, વાણી નીકળી...

પ્રશ્ન :– ભગવાને ઉપકાર કર્યો ને ?

સમાધાન :– કોણ કરે ? તે ભવ્યના ભાગ્યના જોગે વાણી નીકળે એમ કહ્યું એ પણ વ્યવહારથી છે. બાકી તો તે સમયે ભાષાવર્ગણાની પર્યાય ઉત્પન્ન થઈ તેનાથી અનેરા ભાવનો વ્યય થયો – અભાવ થયો ત્યારે તે ભાષાની પર્યાય થઈ. ભગવાનથી થઈ નથી, જગતના ભાગ્યના ઉદયને લઈને થઈ નથી. પાઠ તો એવો આવે છે 'ભવિ ભાગન જોગ' નથી આવતું ? 'ભવી ભાગન જોગ' વાણી નીકળે. સમજાવવું હોય (ત્યારે) એમ સમજાવે. આહા..હા...! 'एगम् जाणइ सव्व जाणइ'

સમકિતની પર્યાયનો ઉત્પાદ (થયો) એ પૂર્વની મિથ્યાત્વ પર્યાયથી ભાવાન્તર ભાવ છે એના અભાવસ્વભાવે સમકિતની પર્યાય પ્રકાશે છે. દર્શનમોહના અભાવસ્વભાવે સમકિતની પર્યાય પ્રકાશે છે, એમ નથી. થોડું પણ સત્ય હોવું જોઈએ, ભાઈ ! લાંબી-લાંબી મોટી વાતો (કરે) અને સત્ય કાંઈ હાથ ન આવે (એમ ન હોવું જોઈએ). આહા..હા...!

ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સત્ (છે). એ ઉત્પાદભાવથી અનેરો વ્યય ભાવ એના અભાવસ્વભાવે ઉત્પન્ન છે. આ..હા..હા...!

શ્રોતા :– કેવળજ્ઞાની ભગવાન ભાવશ્રુતજ્ઞાનનો ઉપદેશ આપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો આપે છે, ઈ તો જુદું. એ તો બધી ખબર છે. બીજી વાત છે. આહા..હા...! ઉપદેશ કોણ આપે ? એ શ્રુતજ્ઞાનનો ઉપદેશ પણ કોણ આપે ? એ તો પહેલું કહી ગયા નહિ ? 'ભવિ ભાગન જોગ' એ પણ વ્યવહારના કથન છે. તે વખતે તે પરમાણુનો ભાષા થવાનો સ્વઅવસર છે તે ઉત્પાદરૂપે ભાષા (થાય છે). તે જ કાળે, તે જ રીતે દિવ્યધ્વનિ થાય. પૂર્વની પર્યાયનો તે ભાવથી અનેરો ભાવ–પર્યાય નહોતી એ થઈ એ એનો અનેરો ભાવ, એ ભાવના અભાવસ્વભાવે ભાષા થઈ છે. ભગવાને ભાષા કરી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ નથી. ભવ્યના ભાગન જોગે થઈ છે એમ પણ નથી. આહા..હા...!

શ્રોતા :– ભવિના ભાગ્યના ઉદયથી થઈ, એમ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વાતું કીધી ને 'ભવી ભાગન જોગ' એ બધી નિમિત્તથી વાતું છે, બાપા ! સમય-સમયનું સત્ સ્વતંત્રપણે પૂર્વનો ભાવાન્તર – જે પૂર્વનો સંહાર એના અભાવસ્વભાવે ઉત્પન્ન થાય એ વસ્તુની સ્થિતિ છે. બાકી બધી (વાતો આવે કે) નિમિત્તથી થાય ને આમથી થાય (એ કથન માત્ર છે). આ..હા...! બે કારણે કાર્ય થાય–એ વાંધા ઉઠાવે છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં એવું આવે છે કે, બે કારણે કાર્ય થાય. અહીં તો કહે છે કે, એ તો બીજી ચીજ છે એનું જ્ઞાન કરાવ્યું. આહા..હા...! અહીંયાં સાધક રાગ છે એનાથી સમ્યગ્દર્શન થાય, સાધકથી સાધ્ય થાય એમ જે કહ્યું એ પણ નિમિત્તથી કથન છે. બાકી તો સાધક જે શુભ રાગ છે એનો વ્યય થઈને, એની રુચિનો વ્યય થઈને એ સમ્યક્ત્વની પર્યાયથી તેની (–રાગની) રુચિ છે તે અનેરો ભાવ છે, તેનો અભાવ થઈને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આમ છે. ક્યાં આમાં તમારા ચોપડામાં ક્યાંય આવે નહિ, વેપારમાં આવે નહિ. અત્યારે તો સંપ્રદાયમાં આવતું નથી, પ્રભુ ! શું થાય ? આહા..હા...! અને એકાંત... એકાંત... કરીને (વિરોધ કરે છે), આ..હા...! માંડ અનેકાંત બહાર આવ્યું (તો તેનો વિરોધ કરે છે). હળવે બોલો, ઉતાવળથી બોલો, સમજાય એમ બોલો એ બધી વાતું છે. અરે...!

આ પાનામાં ખ્યાલ ગયો અને જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ એ આનાથી (–પાનાથી) નહિ. તે કાળે તે થવાની હતી તે ઉત્પાદ્ થયો અને બહુ કારણ લ્યો તો પૂર્વનો વ્યય છે એના સંહાર–અભાવને કારણે–એના અભાવથી ભાવ ઉત્પન્ન થયો–ભાસ્યો. પૂર્વની પર્યાયના અભાવના કારણે ઉત્પાદનું ભાવભાસન થયું. આહા..હા...! આવું ક્યાં યાદ રહે ? આ 'ખંડવા'ના છોકરાઓ છે ઈ કહે, સવારનું થોડું સમજાય છે, બપોરે જરી ઝીણું પડે છે. ભાષા તો સાદી છે, બાપા ! આહા..હા...! આ ઘડાનો તો દૃષ્ટાંત આપ્યો. સિદ્ધાંત તો છે તે છે. પણ લોકોને એકદમ ખ્યાલમાં આવે (એટલે દૃષ્ટાંતથી વાત સમજાવે છે).

ત્યારે આ કહે કે, કુંભાર વિના ઘડો થાય નહિ. આ..હા...! કુંભારમાં ઘડાના કર્તાપણાનો પણ કર્તાભાવ છે, એમ કહે (છે), ત્યાં સુધી કહે છે. ઘડાનો કર્તાપણાનો જે ભાવ છે એવો કર્તા(ભાવ) કુંભારમાં પણ છે. આહા..હા...! નિમિત્તકર્તા કહ્યું ખરું ને ? (એટલે એમ કહે છે પણ) એમ નથી, ભાઈ ! આ..હા...!

દૂધમાંથી દહીં થાય છે એ છાશ પડી માટે થાય છે, એમ નહિ. એમ કહે છે. એ દહીંની પર્યાયનો જે ઉત્પાદ (થયો) એ પૂર્વની દૂધની પર્યાયનો સંહાર – અભાવ(સ્વભાવે છે). દહીંની પર્યાયનો ભાવ એનાથી ભાવાન્તર (એટલે) પૂર્વની જે (દૂધની) પર્યાય છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવાન્તરનો અભાવ થઈને દહીંની પર્યાય થાય છે. આહા..હા...! આવું છે.

અહીં તો કહે છે, પ્રભુ ! તું જ્ઞાતા છો ને ! એ જ્ઞાતાની જે પર્યાયનો ઉત્પાદ (થયો) એ પરને જાણે છે માટે જ્ઞાતા (છે), એમ નથી. આહા..હા...! જ્ઞાતાની પર્યાય જે છે એનો ઉત્પાદ એના પહેલાંની પર્યાયનો સંહાર નામ અભાવ થઈને પર્યાય થઈ છે. આહા..હા...! શું કહેવું છે ? કે, આત્મા... ('સમયસાર'ની) ૩૨૦ ગાથામાં આવ્યું ને ? કે, આત્મા ઉદયને-બંધને જાણે, નિર્જરાને-મોક્ષને જાણે. આહા..હા...! શું શૈલી પ્રભુની ! નિર્જરાને, મોક્ષને કરે નહિ પણ જાણે. એ જાણવાની પર્યાય પણ નિર્જરા અને મોક્ષની પર્યાય છે માટે તેને જાણવાની પર્યાય (થઈ) છે, એમ નથી. સમજાણું કાંઈ ? મોક્ષની પર્યાય અને મોક્ષના માર્ગની પર્યાય તો દ્રવ્ય કરે નહિ.. આહા..હા...! એને કાળે એને જાણે કે, મોક્ષ છે, નિર્જરા છે. એ જાણવાની પર્યાય પણ એ નિર્જરાને, મોક્ષને જાણે છે એનાથી જાણવાની પર્યાય થઈ, એમ નથી. એ જાણવાની પર્યાય પહેલાં જે જાણવાની પર્યાય હતી એના સંહાર નામ પહેલી જાણવાની પર્યાયથી ભાવાંતર સંહારના અભાવસ્વભાવે જ્ઞાનની પર્યાય ભાસે છે. એ મોક્ષને અને નિર્જરાને જાણે છે – પર્યાયમાં મોક્ષ અને નિર્જરાનું કારણ છે માટે જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. આ તો આઘું-આઘું ચાલ્યું જાય છે. આહા..હા...! આ..હા..હા...! પ્રભુનું પરમ સત્ય કાને તો પડે !

જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય એ પણ જેને જાણે છે માટે એનાથી થઈ છે, એમ નથી. એની પર્યાય પણ પૂર્વની પર્યાયના, પર્યાય ઉત્પન્ન થઈ એનાથી અનેરો ભાવ (એટલે) પૂર્વની પર્યાય, તેનો સંહાર નામ અભાવ–ભાવાન્તરના અભાવસ્વભાવે તે પર્યાય ભાસે છે. આહા..હા...! નવરો નગાર છે, પરથી બિલકુલ નવરો છે. મફતના અભિમાન કરીને (રખડે છે).

શ્રોતા :– પરથી નવરો પણ પોતાથી ભરપૂર છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કામ કે દી' હતું એનું ? આહા..હા...! એનું કામ તો જાણવું-દેખવું એ પર્યાય (થાય) એ એનું કામ. એ કામમાં પણ જેને જાણે છે એ કારણ કામમાં નહિ. આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે માટે લોકાલોક કારણ છે, એમ નહિ. આહા..હા...! એ કેવળજ્ઞાનની પર્યાય પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે. તે જ સમયે ઉત્પાદ છે અને તે જ સમયે પૂર્વ પર્યાયનો અભાવ છે–સંહાર છે. આ..હા..હા...! એક સૂત્ર – ક્રમબદ્ધ જો આ સમજે તો વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી નિશ્ચય થાય એ બધી વાત ઊડી જાય. આહા..હા...! અરે...! પણ એવો વખત ક્યાં છે ? આ..હા...!

પ્રગટ પર્યાય જે છે (એ) પ્રગટ પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દી' ન હોય. એમ અહીં કહે છે કે, ગુણની પ્રગટ પર્યાય જે છે... આહા..હા...! તે પર્યાયથી અનેરી પર્યાય તે પૂર્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયના સંહાર એટલે અભાવસ્વભાવે વર્તમાન પર્યાય દેખાય છે. આ..હા..હા...! કેટલું સમાડી દીધું છે! ઘટની ઉત્પત્તિ કીધી ને ? '(**ભાવ અન્યભાવના અભાવસ્વભાવે પ્રકાશે છે–દેખાય છે).**'

'**વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે...**' હવે બીજો બોલ આવ્યો. આ..હા...! માટીના પિંડનો વ્યય છે '**તે જ કુંભનો સર્ગ છે,...**' તે જ ઘડાની ઉત્પત્તિ છે. '**કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે...**' આહા..હા...! સંહાર છે તે અભાવ છે. એનો ભાવાન્તર (એટલે) અનેરો (ભાવ) તે ભાવ છે (એટલે કે) ઉત્પાદ. આહા..હા...! છે ? પિંડનો સંહાર તે અભાવ, તે કારણનો અભાવ, તેનું ભાવાન્તર (એટલે) એ ભાવથી અનેરો ભાવ. કોણ ? ઉત્પન્ન થાય તે. ઘડાની ઉત્પત્તિ થાય તે ધ્વંસ–સંહારના અભાવનું ભાવાન્તરરૂપે પ્રકાશવું. આહા..હા...! પહેલાંમાં એમ હતું કે, ભાવાન્તરના અભાવસ્વભાવે હોવાથી. અહીં અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે (કહ્યું). ઉત્પન્ન છે ને ? સંહારને સમયે જ ઉત્પાદ છે તે સંહારથી અનેરો ભાવ એટલે ઉત્પાદ, એ ભાવના અભાવસ્વભાવે ભાવ (કહ્યું) અને પહેલાંમાં અભાવસ્વભાવે અભાવ (લીધું હતું). આમાં અભાવસ્વભાવે ભાવ (કહ્યું). આહા..હા...!

'**મૃત્તિકાપિંડનો સંહાર છે...**' પિંડનો વ્યય છે તે જ ઘડાની ઉત્પત્તિ છે. '**કારણ કે અભાવનું...**' એ પિંડના અભાવનું '**ભાવાન્તર...**' (એટલે) અનેરો ભાવ એવી જે ઘડાની ઉત્પત્તિ (થઈ) તેવા '**ભાવસ્વભાવે અવભાસન છે...**' આ..હા..હા...! વાણિયાને વેપાર (આડે) આ બધું કઠણ પડે. ધીરેથી સમજે તો આ તો (સમજાય એવું છે).

શ્રોતા :– ડાહી જાત, હુશિયાર જાત, અક્કલવાળી જાત કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયામાં તો એમ કહે છે કે, ડાહી માના દીકરા ગાંડા! ગાંડી બાઈના દીકરા ડાહ્યા, એમ કહે અને ભરવાડમાં એમ કહે છે કે, ડાહી (માના) દીકરા ગાંડા. ભરવાડ્યું ડાહી (કહેવાય), એના દીકરા ગાંડા એમ કહે અને વાણિયાની બાયું ભોળ્યું–ગાંડા જેવી, એના દીકરા ડાહ્યા એમ કહે છે. બધી વાતું છે. એવી વાતું સાંભળતા. આહા..હા...! ઓ..હો...! અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસાનું શેર–એવી આ કૂંચી ઉતારી છે. આ..હા...! પછી એના દાખલા–પા શેરથી તે ચાલીસ શેર સુધી લઈ જાઓ એટલા દાખલા (ઉતરે). આહા..હા...! પા શેરનો એક પૈસો, પોણી ઓગણચાલીસના પોણી ઓગણચાલીસ આના... (એ રીતે). આહા..હા...!

(અહીંયાં કહે છે કે), સંહારના અભાવસ્વરૂપ... છે ને ? '**કારણ કે અભાવનું...**' સંહાર એટલે અભાવ, એનો '**ભાવાન્તર...**' એટલે ઉત્પત્તિ, એવા ઉત્પન્ન '**ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્) નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).**' નાશ છે એ અન્યભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે. આહા..હા...! મોક્ષમાર્ગની પર્યાયનો નાશ, એનો અનેરો ભાવ જે કેવળજ્ઞાન(નો) ઉત્પાદ (થયો તે) સંહારના અભાવસ્વભાવે ભાવ ભાસે છે. સંહારનો અભાવસ્વભાવ અને ભાવાન્તરરૂપ ભાવ (અર્થાત્) ઉત્પન્ન થયો એ ભાવ (છે). સંહારના અભાવસ્વભાવરૂપ ભાવથી અનેરો ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા...! કર્મથી બિલકુલ નહિ એમ કહે છે. આહા..હા...!

અંતરાય કર્મથી આત્મામાં વિઘ્ન પડે એમ લોકો વાતું કરે. આ..હા...! સમજવાની ઘણી (ઇચ્છા છે) પણ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જોઈએ ને ? એમ કહે છે, લ્યો ! આહા..હા...! જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જોઈએ ને ? પ્રભુ એમ ના પાડે છે. તારો જે ઉઘાડભાવ વર્તમાન સ્વતંત્ર ઉત્પાદ છે (એ) પૂર્વ પર્યાયના – તારા ભાવથી અનેરા ભાવના અભાવસ્વભાવે તારું પ્રકાશન છે. કર્મના અભાવસ્વભાવે જ્ઞાનનું પ્રકાશન છે એમ નહિ. આહા..હા...! આ તો આવી ગયું (છે). જ્ઞાનની હીણી-અધિક દશા જ્ઞાનાવરણીયને લઈને થાય એ વાત સાચી નથી.

આ મોટી ચર્ચા થઈ. સમજાણું ? છે ને એ પણ છે ને ? પુસ્તક છે ને ? (અહીંની) વિરુદ્ધનો ખુલાસો (મૂક્યો છે). જુઓ ! પ્રશ્ન (કર્યો છે). 'જ્ઞાન મેં જો કમી હુઈ, જીવ કા સ્વભાવ તો કેવળજ્ઞાન હૈ ઔર વર્તમાન મેં જો હમારી સંસારી અવસ્થા મેં જિતને ભી જીવોં કે જ્ઞાન મેં કમી હુઈ વહ ક્યા કર્મ કી વજહ સે કમી હુઈ ? યા બિના કર્મોદય સે હુઈ ?' આહા..હા...! (તેનો ઉત્તર) 'કમી દોનોં કે કારણ હૈં. કર્મ કા ઉદય કારણ હૈ ઔર ઉપાદાન કારણ હૈ.' 'મહારાજ ! 'કાનજીસ્વામી' કહતે હૈં કિ, જ્ઞાનાવરણીયાદિ કર્મ કુછ નહીં કરતા.' આ છાપ ઠેઠ (સુધી) રહી ગઈ છે. 'જ્ઞાનાવરણીય કર્મ કુછ નહીં કરતા. અપની યોગ્યતા સે જ્ઞાન મેં કમી હોતી હૈ. મહારાજ ! જ્ઞાન મેં કમી હોતી હે વહ અપની વજહ સે હોતી હૈ, અપની યોગ્યતા સે હોતી હૈ. 'કાનજીસ્વામી' યહ કહતે હૈં કિ, જ્ઞાનાવરણીય કર્મ કુછ નહીં કરતા. મહારાજ, ક્યા યહ ઠીક હૈ ?' (ઉત્તર દિયા કિ) 'ક્યા ઠીક હૈ ? આપ હી સમજો કૈસે ઠીક હૈ ? યહી ઠીક નહીં.' અર..ર..ર...! આવી ચીજ થઈ ગઈ. ઇ આમ કહે છે અને અહીં ભગવાન આમ કહે છે. જ્ઞાનમાં જે કમી છે એ પોતાની પર્યાય(નો) કમી થવાનો કાળ છે એટલે થાય છે. એ પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે થાય છે. એ કર્મના ઉદયને લઈને કમી થાય છે, એમ નથી. આ મૂળ ચીજ (છે), બાપુ ! આ..હા...! હિન્દુસ્તાનમાં નહોતી. આહા..હા...! એ ભગવાનનો પોકાર છે. આહા..હા...! 'જ્ઞાન કી કમી-બેસી જ્ઞાનાવરણયી કર્મ સે હોતી હૈ, યહ ઠીક હૈ. અપની યોગ્યતા સે હોતી હૈ યહ (ઠીક) નહીં.' તો તો એનો અર્થ એ થયો કે, સમકિતની ઉત્પત્તિ પણ દર્શનમોહના અભાવથી થાય. આહા..હા...! અહીં કહે છે કે, મિથ્યાત્વના અભાવથી સમકિતની ઉત્પત્તિ થાય. ઉત્પાદ છે એ સંહાર–અનેરો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંહાર છે એ અનેરો ભાવ છે, એના અભાવથી તેની ઉત્પત્તિ થાય. આહા..હા...! આ તો મહા સિદ્ધાંત છે !

શ્રોતા :– દ્રવ્યાનુયોગ અને કરણાનુયોગની પદ્ધતિમાં તો ફેર પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિમિત્તથી કથન છે. વસ્તુસ્થિતિ આ છે (તેને) રાખીને બધી વાતું છે. કર્મથી થાય એ નિમિત્તના કથન છે. 'એમ નથી–વ્યવહારનય કહે છે એમ નથી.' ભાઈએ ન કહ્યું ? 'ટોડરમલ્લજી'એ ! એમ નથી (એટલે કે) જ્યાં-જ્યાં વ્યવહારથી કહ્યું એમ નથી પણ તેમાં નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે, એનાથી થયું છે એમ નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. આહા..હા...!

શ્રોતા :– કરણાનુયોગને આપ નહિ માનો તો એ શાસ્ત્ર ખોટા પડી જશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં શાસ્ત્ર સાચા પડે છે. જે અપેક્ષાએ કહ્યું તેમાં સાચું (કહે) છે. આહા..હા...! આ વાત ખોટી પડે અને ઈ વાત સાચી પડે, એમ થાય ? (એમ થાય) તો આ 'પ્રવચનસાર' ખોટું પડે છે. ભગવાનની વાણી ખોટી પડે છે, લ્યો ! આહા..હા...!

શ્રોતા :– બન્ને અપેક્ષાએ બન્ને વાત સાચી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બન્ને અપેક્ષાએ સાચી એટલે ? નિમિત્તથી કહ્યું છે એ સાચી, આ સત્યથી કહ્યું છે (એ) સાચી. છે, આહા..હા...! મોટો વાંધો (છે). લખી ગયા છે, 'સોનગઢ'નું સાહિત્ય (ડુબાડી) દેશે.' લખી ગયા છે, શું થાય ? બિચારાને (એમ) બેઠું હશે. (બીજાને) એમ કહ્યું કે, ઈ તો પંડિતોએ બોલાવ્યું છે. પણ બોલ્યા છે ઈ, લખ્યું છે, લખાણ છે. હજારો પુસ્તકો છપાઈ ગયાં છે. અને સૂક્ષ્મતા હતી, બહુ સૂક્ષ્મતા !

**આ તો અંદર પૂર્વનું હતું એટલે આવ્યું,** નહિતર તો ક્યાંય સાંભળ્યું જાય નહિ. આહા..હા...! (સંવત) ૧૯૭૧માં પહેલી (વાર) બહાર કહ્યું. બપોરના પોષા કરીને બધાં બેઠા હોય ને ? આ..હા...! સાંભળે, ગુરુ મહારાજ બેઠા હોય ઇ સાંભળે. પાછળ બેઠા સાંભળે, તેમ પકડી ન શકે. કીધું – કર્મને લઈને આત્મામાં વિકાર થાય (એ) બિલકુલ જૂઠી વાત છે. ત્યાં આ ક્યાં હતું, મેં તો વાંચ્યું પણ નહોતું. આ..હા...! પોતાની પર્યાય પોતાથી થાય, પરથી નહિ – એવો મહાસિદ્ધાંત છે. માનો ન માનો જગતની પાસે (રહ્યું). જૈનમાં તો કર્મથી થાય, કર્મથી થાય... (એમ જ પ્રરૂપણા ચાલે છે). (એક મુમુક્ષુ ભાઈએ શ્વેતાંબરના સાધુ સાથે ચર્ચા કરી). (તેમણે) કહ્યું કે, 'કર્મથી વિકાર થાય એ માન્ય છે ? પછી ચર્ચા કરીએ.' આ કહે કે, 'અમને એ માન્ય નથી.' બીજા દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય ! બાપુ ! (જે) અડે નહિ, તે (તેનાથી) થાય ! આ શું કહે છે ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી.

ભગવાનઆત્મા ! કર્મના ઉદયને અડતો નથી. એ જડ છે, પ્રભુ ચૈતન્ય અરૂપી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અરૂપી રૂપીને કેમ અડે ? અને કર્મનો ઉદય જડ છે એ આત્માને કેમ અડે ? આહા..હા...! અને કર્મનો ઉદય પણ જે ઉત્પન્ન થયો એ સત્તાની પર્યાયનો સંહાર થયો... આહા..હા...! એની સત્તાની પર્યાયનો સંહાર થયો. ઉત્પન્ન ભાવથી અનેરો ભાવાન્તરભાવ–સત્તાના પર્યાયનો અભાવ (થયો) એનાથી ઉત્પન્ન છે. આહા..હા...! આવું છે.

પ્રભુ ત્યાં રહ્યા અને અહીં આવી ગયા. આહા..હા...! આ માર્ગ પ્રભુનો છે, હાલ્યો આવે (છે). એના પડ્યા વિરહ, વાતું રહી ગઈ, એના ઊંધા અર્થ કરીને (લોકો) એકાંત ઠરાવ્યું ! આહા..હા...! શું (થાય) ? બાપુ ! એમાં બીજાને નુકસાન નથી. એકાંત કહે તો એથી કાંઈ બીજાને નુકસાન છે એમ નથી. નુકસાન તો એને છે. આહા..હા...!

આ 'જ્ઞેય અધિકાર' છે. છએ જ્ઞેયો એની પૂર્વ પર્યાયના સંહારનો ભાવ એનાથી ભાવાન્તર જે ઉત્પન્ન (ભાવ) એના ભાવથી તે ઉત્પન્ન ભાસે છે. એના અભાવના ભાવથી ભાવ ઉત્પન્ન ભાસે છે. આહા..હા...! એમાં દાખલા આખી દુનિયાના આવે. આહા..હા...! થોડું-થોડું પકડાય છે કે નહિ ? આહા..હા...! શું ગાથા ! ૧૦૦... ૧૦૦ તે સો ! આ..હા..હા...! ગજબ વાત છે !

હોય છે, જ્ઞાનીને રાગ હોય છે, અશુભ રાગ હોય છે પણ તે અશુભ રાગ અશુભ રાગને કારણે (છે) અને દેહની ક્રિયા દેહને કારણે થાય, ભાઈ ! એને જે અશુભ રાગ છે તેને જાણવાની જે પર્યાય થઈ, એ અશુભ રાગને લઈને નહિ. આહા..હા...! પૂર્વે એ જાતની જાણવાની પર્યાય નહોતી એનો અભાવ થઈને આ જાણવાની પર્યાય થઈ. આહા..હા...! ભાવ અને અભાવ બન્નેની અંદર (વાત) છે. આહા..હા...!

**'કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).'** આહા..હા...! છે ? બે બોલ થયા. ત્રીજો.

**'વળી જે કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે,...'** તે જ સમયે મૃત્તિકાનું રહેવું છે. આહા..હા...! ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયમાં છે. આહા..હા...! કેટલાક એમ કહે છે કે, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (છે) એમાંથી ધ્રુવનો એક અંશ પર્યાયમાં લ્યો, ધ્રુવ આખું ન લેવું. એમ નથી. ધ્રુવ પોતે જ અંશ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ થયા ને ? એ ત્રણેને પર્યાય કીધી છે. એ આવશે. આહા..હા...! કેટલાક એમ કહે (છે) કે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવની સાથે જે ધ્રુવ છે એનો અંશ લેવો અને બીજાું ધ્રુવ દ્રવ્ય ત્રિકાળી છે એ જુદું છે. એમ નથી. આહા..હા...! અરે...! પ્રભુનો માર્ગ પરમ સત્ય !

અહીં સાંભળતાં જે જ્ઞાનની પર્યાય ઊપજે છે એ તો પૂર્વની પર્યાયના સંહારથી ઊપજે છે, શબ્દોથી ઊપજે છે એમ નથી. આહા..હા...! એનું ઊપજવું અને પૂર્વ પર્યાયનું વ્યય (થવું)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક જ સમયે છે. પૂર્વની પર્યાયના વ્યયના–સંહારથી અનેરો ભાવ (એટલે) ઉત્પન્ન થયો એ અનેરો ભાવ ભાસ્યો. શબ્દને લઈને, સાંભળવાને લઈને ભાસ્યો, (એમ નથી). આ..હા..હા...! આવી વાત ! એ પહેલાં એ પર્યાય નહોતી અને અત્યારે સાંભળવા વખતે મગજમાં આ જ પર્યાય આવી. પહેલાં ઘરે નહોતી, પહેલાં વિચારમાં નહોતી. ત્યારે એને સાંભળવાથી થયું એવી કાંઈ એમાં અસર છે કે નહિ ? ના. આહા..હા...!

તે-તે સમયની જ્ઞાનની, શ્રદ્ધાની, વીર્યની પર્યાય... આ..હા..હા...! તે-તે પોતપોતાના અવસરે થઈ છે. એને બહુ (કહેવું હોય) તો પૂર્વની પર્યાયનો સંહાર (થયો) એના અભાવથી ભાવ થયો. અભાવથી થયો તો અભાવથી થયો એમ આવ્યું. અભાવથી થયો એટલે અભાવ થયો એનાથી થયું (એમ) આવ્યું. અભાવ થતાં ઉત્પાદ થયો છે પોતાથી. અભાવને કારણે ઉત્પાદ થયો એમ પણ નથી. ફક્ત અહીં સમજાવે છે. આહા..હા...! એ સ્થિતિની વાત છે...

વિશેષ કહેશે, લ્યો.

**ગાથા–૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૬**
**તા. ૧૬-૬-૭૯**

'પ્રવચનસાર' ૧૦૦–ગાથા. અહીં નીચે આવ્યું. ઉત્પાદ-વ્યયની વાત આવી ગઈ, હવે સ્થિતિની–ધ્રુવની વાત આવે (છે). દરેક પદાર્થનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એ રીતે જો ન માને તો તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિ થાય. એટલે કે દરેક પદાર્થની ઉત્પત્તિ પોતાથી થાય અને તેનો સંહાર પણ પોતાથી થાય, પરથી નહિ.

પ્રશ્ન :– પરની મદદ તો હોય ને ?

સમાધાન :– મદદ જરી પણ નહિ, એ માટે તો (આ વાત કરે છે). દ્રવ્યનો પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ છે. પોતાનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ (છે). એ પહેલાં આવ્યું ને ? પહેલાં આવી ગયું હતું. (૯૯ ગાથાના ભાવાર્થમાં આવી ગયું). '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' આ..હા...! દરેક પદાર્થ–આત્મા અને પરમાણુ આદિ દરેકનો સ્વભાવ પોતાનો પોતાથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ(સ્વરૂપ) છે. એટલે બીજાથી (કંઈ) થાય એ વાત રહી નહિ. આહા..હા...!

શ્રોતા :– બીજાથી ન થાય પણ બીજાનું થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાથી પણ થાય નહિ અને બીજાનું પણ થાય નહિ. આવી વાત છે. શરીરનો પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે પણ એ એનાથી ઉત્પાદ થાય, એનાથી વ્યય થાય અને એનામાં ધ્રુવ રહે. એનામાં ઉત્પાદ, એનામાં વ્યય અને એનામાં ધ્રુવ. આહા..હા...! નજીકનું શરીર છે છતાં તેના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ દરેક પરમાણુનો સ્વભાવ છે તેથી તેનામાં ક્ષણે-ક્ષણે ઉત્પાદ પણ છે, તે ક્ષણે વ્યય પણ છે અને તે ક્ષણે ધ્રુવ પણ છે. અહીં ઉત્પાદ અને વ્યય બેની વાત આવી ગઈ.

'**વળી...**' છે ? '**જે કુંભનો સર્ગ...**' કુંભ એટલે ઘડાની ઉત્પત્તિ '**અને પિંડનો સંહાર...**' પૂર્વે જે પિંડ હતો તેનો વ્યય '**તે જ મૃત્તિકાની સ્થિતિ છે.**' તે જ મૃત્તિકાની સ્થિતિ–ટકવું છે. આહા..હા...! ઉત્પાદ–વ્યય તે જ સ્થિતિ છે એમ કહે છે. તે સ્થિતિ છે એટલે તે જ સમયે સ્થિતિ છે એમ કહે છે. આવી ઝીણી વાત છે. Logic છે. મૃત્તિકા કુંભની જે ઉત્પત્તિ (છે) એ પૂર્વના પિંડનો વ્યય (છે) તે જ મૃત્તિકા તે જ ક્ષણે ધ્રુવ છે. તે જ મૃત્તિકાની સ્થિતિ (છે) તેનો અર્થ તે ક્ષણે ટકેલું તત્ત્વ છે. આ તો સિદ્ધાંતો છે, ભાઈ !

'**કારણ કે વ્યતિરેકો...**' છે ? ભિન્ન-ભિન્ન પર્યાયનો ઉત્પાદ અને વ્યય વ્યતિરેક કહેવાય. અનેરી અવસ્થા ઊપજે, અનેરી અવસ્થા વ્યય (પામે). એ ભિન્ન-ભિન્ન(પણું) વ્યતિરેક (છે). (મૂળ શાસ્ત્રમાં નીચે ફૂટનોટમાં અર્થ આપ્યો છે). 'એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું.' વ્યતિરેકો એટલે ભિન્ન-ભિન્ન અવસ્થાઓ '**અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી.**' શું કહ્યું ? કે, દરેક પદાર્થમાં જે ઉત્પાદ અને વ્યય વ્યતિરેક છે તે તેની સ્થિતિને ઓળંગતા નથી. આ..હા..હા...! છે ? અન્વય એટલે કાયમ રહેવું, અન્વય એટલે કાયમ રહેવું. આ..હા...! છે ને (નીચે) ? 'એકરૂપતા; સદૃશતા;' ઉત્પાદ-વ્યય છે (તે) વિસદૃશ છે. સમજાય છે કાંઈ ? અન્વય છે એ સદૃશ છે. એક જાતનું રહે તે સદૃશ (કહેવાય). ઉત્પાદ-વ્યય વિસદૃશ છે. કારણ કે ઊપજે ને સંહાર (થાય), ઊપજે ને સંહાર (થાય માટે) વિસદૃશ છે. આહા..હા...! આવું છે. વાણિયાને વેપાર આડે નવરાશ નહિ અને આ નિર્ણય કરવાનો વખત (નહિ). આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, ઘડાની ઉત્પત્તિ તે ઉત્પાદ (છે), પિંડનો વ્યય તે સંહાર (છે). એ વ્યતિરેકો કહેવાય. ભિન્ન-ભિન્ન થાય ને ? (માટે વ્યતિરેક કહેવાય). શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, ઉત્પાદ-વ્યય છે એ વિરુદ્ધ છે. કારણ કે ઊપજે છે અને સંહાર છે, એમ થયું ને ? પર્યાય ઊપજે અને તે જ સમયે વ્યય (થાય છે). વિરુદ્ધ થયું ને વિરુદ્ધ ? અને સ્થિતિ–જે અન્વય ટકતું તત્ત્વ છે તે અવિરોધ છે. એમાં આવે છે. શું કહેવાય ઈ ? આગમ ! આગમ નહિ ? 'ધવલ... ધવલ' ! 'ધવલ'માં એ આવે છે. ઉત્પાદ-વ્યય છે એ વિરુદ્ધ છે. કેમકે ઊપજવું અને વ્યય થવું – છે એક સમયમાં વિરુદ્ધ અને ટકવું તે અવિરુદ્ધ છે. કેમકે સદ્દશપણું કાયમ રહે છે અને આ વિસદ્દશ છે. વિસદ્દશ કહો કે વિરુદ્ધ કહો (બન્ને એકાર્થ છે). આહા..હા...! હવે આવું બધું (સમજવું). મુનિઓએ કેટલી મહેનત કરી છે !! જગતની કરુણા માટે ! આ..હા..હા...! એક-એક શ્લોકની એક-એક વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે !

**'વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી.'** ઉત્પાદ-વ્યય જે છે–વ્યતિરેક એટલે ભિન્ન–ભિન્ન જાત. કારણ કે ઊપજવું અને સંહાર ભિન્ન થયા ને ? એ ઊપજવું અને વ્યય (થાવું એ) જાત જ ભિન્ન થઈ. એ ઊપજવું અને વ્યય (અર્થાત્) વ્યતિરેકો અન્વય નામ સ્થિતિ–ટકતા તત્ત્વને છોડતા નથી. આહા..હા...! પરની સાથે અહીં કાંઈ સંબંધ નથી. પરથી થાય (એ વાત જ નથી). (પરને) ઉચિત નિમિત્ત છે એમ એનું જ્ઞાન કરવા કહેવાય પણ તે નિમિત્ત છે માટે આમાં કંઈ ઉત્પાદ-વ્યય થાય છે, એમ નથી. આ..હા...! 'ઉચિત નિમિત્ત' તો (૯૫મી ગાથામાં) આવી ગયું છે.

પ્રશ્ન :– નિમિત્તનું જ્ઞાન કરાવવાનું કામ શું છે ?

સમાધાન :– છે, બીજી ચીજ છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને પ્રકાશવાનો છે. પર ચીજ એક છે એનું જ્ઞાન કરાવવા નિમિત્ત છે (એમ કહે છે). નિમિત્ત નથી એમ નહિ પણ નિમિત્તથી અહીં ઉત્પાદ-વ્યય થાય, એમ નથી. આ..હા..હા...! કુંભાર નિમિત્ત છે, નિમિત્ત કહેવાય પણ એથી કુંભારથી ઘડાની ઉત્પત્તિ થાય છે, એમ નથી. આ..હા..હા...!

મકાન થવામાં કડિયાને નિમિત્ત કહેવાય પણ કડિયો નિમિત્ત છે માટે મકાનની ઉત્પત્તિ થાય છે, એમ નથી. એનો ઉત્પાદનો સમય છે ત્યાં મકાનની પર્યાય થાય છે. પિંડની પૂર્વ પર્યાય કે માટીની કે પથ્થરની (કે) બીજી ચીજની (પર્યાયનો) વ્યય થાય છે અને તે ઉત્પાદ અને વ્યય વ્યતિરેક ભિન્ન-ભિન્ન છે.

પ્રશ્ન :– બધા મજૂરોએ તડકા સેવ્યા એનું શું ?

સમાધાન :– કોણ (સેવે) ? આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! ભારે વાત, બાપા ! આહા..હા...! એક-એક આત્મા અને એક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક પરમાણુ પ્રત્યેક (દ્રવ્ય) પોતાની તે સમયની પર્યાયના ઉત્પાદ વખતે ઊપજે છે, વ્યય વખતે એટલે સમય તો તે જ છે, ઉત્પાદનો જે સમય છે તે જ વ્યયનો છે અને જે ઉત્પાદ-વ્યયનો સમય છે તે જ સ્થિતિ–ટકવાનો સમય છે. સમયમાં ભેદ નથી પણ તેના ત્રણેના લક્ષણોમાં ભેદ છે. આહા..હા...! ઉત્પાદ-વ્યય બે વાત તો આવી ગઈ છે. આ તો (હવે) સ્થિતિ(ની વાત ચાલે છે). '**કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે.**'

'**કારણ કે વ્યતિરેકો...**' (એટલે) ભિન્ન-ભિન્ન બે દશાઓ. આહા..હા...! પિંડનો વ્યય અને ઘટની ઉત્પત્તિ એ વ્યતિરેક એટલે ભિન્ન-ભિન્ન દશાઓ '**અન્વયને...**' એટલે કાયમ રહેનારી માટીને ઓળંગતા નથી. (અર્થાત્) સ્થિતિને–ધ્રુવને એ ઓળંગતા નથી અથવા ધ્રુવથી ભિન્ન સમય નથી. આહા..હા...! એ ઉત્પાદ-વ્યયનો સમય (છે) તે જ ધ્રુવનો સમય છે. આ..હા..હા...! એ ઉત્પાદ-વ્યય થયો છતાં તે ક્ષણે ધ્રુવપણું છે. એ ધ્રુવપણાને વ્યતિરેકો ઓળંગતા–છોડતા નથી. આહા..હા...!

અહીં તો ત્યાં સુધી કહ્યું ને કે, આત્માનો નિર્ણય (જે થાય છે) તે અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે. અનિત્ય એટલે ઉત્પાદ-વ્યય પર્યાય અને તે જ સમયે ટકતું તત્ત્વ (છે) તેનો નિર્ણય ઉત્પાદ-વ્યયથી થાય છે. આહા..હા...! નિત્યનો નિર્ણય અનિત્યથી થાય છે. આહા..હા...! નિત્યનો નિર્ણય નિત્યથી થાય છે, એમ નહિ. નિત્ય છે એ તો સદૃશ કીધું ને ? વ્યતિરેક વિનાનું છે અને નિર્ણય (કરે) છે એ તો ઉત્પાદ-વ્યય છે. આહા..હા...! એ ઉત્પાદ-વ્યય, (નિત્ય એવા) ધ્રુવનો નિર્ણય કરે છે.

શ્રોતા :– ધ્રુવનો પણ કરે અને પોતાનો પણ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાનો કરે નહિ. એ પોતાનો કરે એમાં જ્ઞાન થાય એમાં બધું જાણે. પોતાના આ પ્રમાણે જાણે ત્યારે બીજાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ એ પ્રમાણે જાણે, પણ પહેલાં અહીં પોતાને જાણે ત્યારે. પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવને યથાર્થ ન જાણે અને ગોટા ઊઠે ઈ બીજાના પણ યથાર્થ જાણે નહિ. આ..હા...!

'**વ્યતિરેકો અન્વય...**' નામ કાયમ ટકતી ચીજ છે. તે જ ક્ષણે જે પરમાણુની અને આત્માની સ્થિતિ છે એ સ્થિતિને વ્યતિરેકો ઓળંગતા નથી. ઉત્પાદ-વ્યય તેને છોડીને રહેતા નથી. આ..હા..હા...! એકલા Logic–ન્યાય ભર્યા છે !

'**વળી જે મૃત્તિકાની સ્થિતિ છે...**' (અર્થાત્) માટીનું ટકવું છે '**તે જ કુંભનો સર્ગ...**' છે– ઉત્પાદ છે. તે જ સમયે ઘડાની ઉત્પત્તિ છે. જે સમયે માટીની સ્થિતિ છે – ટકે છે તે જ સમયે કુંભનો ઉત્પાદ છે '**અને પિંડનો સંહાર છે,...**' તે જ સમયે (એટલે કે) મૃત્તિકાની સ્થિતિ સમયે પિંડનો વ્યય અને કુંભની ઉત્પત્તિ (છે), સમય તે જ છે. આહા..હા...! 'પ્રવચનસાર' !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝાઝાં માણસોમાં મૂકે તો (એમ લાગે) આ શું કહે છે ? ધ્યાન રાખે તો (પકડાય એવું છે). ભાષા સાદી છે, લખાણ પણ ઘણું સાદુ, Logic એકદમ સીધા.

ભાઈ ! તું આત્મા છો કે નહિ ? તો આત્મા છે એ તો સ્થિતિ થઈ. હવે, આત્મા છે એનો નિર્ણય કરનાર વ્યક્ત પર્યાય છે કે નહિ ? એ પર્યાય વ્યતિરેક–ભિન્ન-ભિન્ન છે કે નહિ ? એક જ સમમયાં ભિન્ન, હોં ! એક સમયે ઉત્પાદ અને બીજે સમયે ઉત્પાદ, એમ નહિ. અહીં તો તે જ સમયે ઉત્પાદ, તે જ સમયે વ્યય, તે જ સમયે સ્થિતિ છે કે નહિ ? જે સમયે સ્થિતિ છે તે જ સમયે ઉત્પાદ અને વ્યય છે કે નહિ ? આહા..હા...!

જેમ વ્યતિરેકો એટલે ઉત્પાદ-વ્યય ભિન્ન-ભિન્ન (છે) તે માટીની સ્થિતિને ઓળંગતા નથી. તેમ '**જે મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે.**' જુઓ ! ભાષા જુઓ ! આહા..હા...! એ ઉત્પાદ-વ્યય દ્વારા જ સ્થિતિ છે એ પ્રકાશે છે. આ ટકતું છે એ ઉત્પાદ-વ્યય દ્વારા જણાય છે. એનો જે સમય-સમયનો ઉત્પાદ-વ્યય છે તે વડે કરીને સ્થિતિ–ટકતું જણાય છે. આહા..હા...!

સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય અને ભગવાનનું–ધ્રુવની સ્થિતિ–ટકવું, તે જ સમયે (છે). વ્યતિરેકો એટલે સમ્યગ્દર્શન(નો ઉત્પાદ) અને મિથ્યાત્વના વ્યય દ્વારા આત્મા છે એ પ્રકાશે છે. તે જ દ્વારા આત્મા શું છે એ પ્રકાશે છે. આવું ક્યાં (સાંભળવા મળે ?) બધું મુશ્કેલ (લાગે). આહા..હા...! શું કીધું ? સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો જે સમય છે તે જ સમયે તે પર્યાય ઉત્પન્ન થાય છે, તે જ સમયે મિથ્યાત્વનો વ્યય થાય છે તે વ્યતિરેકો તે સ્થિતિને ઓળંગતા નથી. તે જુદા-જુદા ભાવો પણ ધ્રુવને છોડતા નથી. એક વાત.

બીજી વાત કે, વ્યતિરેકો દ્વારા અન્વય પ્રકાશે છે. આહા..હા...! જોયું ! અરસપરસ પહેલાં આમ લીધું કે, ઉત્પાદ-વ્યય વ્યતિરેકો (છે) તે સ્થિતિને છોડતા નથી. વ્યતિરેકો અન્વયને છોડતા નથી. એક વાત. અને જે ઉત્પાદ-વ્યય છે તે સ્થિતિને પ્રકાશે છે. આ..હા..હા...! સ્થિતિને સ્થિતિ પ્રકાશે છે એમ નહિ. સમજાય છે કાંઈ ? આ..હા...! વ્યતિરેકો ધ્રુવને છોડતા નથી એથી કરીને ધ્રુવને જાણવાનું કામ કરે છે એ ઉત્પાદ-વ્યય કરે છે. આત્માને ! આપણે તો અહીં આત્માનું લેવું (છે). આહા..હા...! સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય એ વ્યતિરેકો ટકતા તત્ત્વને છોડતા નથી અને તે વ્યતિરેકો ટકતા તત્ત્વને પ્રકાશે છે. આહા..હા...! સમજાય છે કે નહિ ? આવો ઉપદેશ !

શ્રોતા :– પર્યાયથી દ્રવ્ય ઓળખાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ જ ને ! કાર્ય તો પર્યાયમાં થાય છે ને ? આહા..હા...! એ પર્યાયો ધ્રુવને છોડતા નથી, એક વાત અને તે પર્યાયો ધ્રુવને પ્રકાશે છે. ન્યાયથી (વાત કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે), ભાષા સાદી છે. આહા..હા...! નવરાશથી કંઈ નિવૃત્તિ લઈને (સમજે તો સમજાય). બાપા ! અરે..રે...! આવું ક્યારે ટાણું મળે ? આહા..હા...! વીતરાગી તત્ત્વ ! એને ઓળખવા ને જાણવા ને માનવાનું ટાણું ક્યારે મળે ? ભાઈ !

એથી એમ બે વાત સિદ્ધ કરી કે, ઉત્પાદ-વ્યય જે વિસદૃશ છે તે સદૃશને છોડતા નથી. વિસદૃશ હોવા છતાં સદૃશ જે ધ્રુવ સ્થિતિ (છે) એને છોડતા નથી અને વિસદૃશ છે તે વિસદૃશને જાણે છે એમ ન કહ્યું. આહા..હા...! શું કીધું સમજાણું આમાં ? વિસદૃશ છે એ વિસદૃશને જ પ્રકાશે છે, એમ ન કહ્યું. આહા..હા...! વિસદૃશ એટલે ઉત્પાદ અને વ્યય વિસદૃશ છે. બેના ભાવમાં વિરોધ છે. એક છે ભાવરૂપ અને એક છે અભાવરૂપ. ઉત્પાદ ભાવરૂપ (છે) અને વ્યય અભાવરૂપ (છે). છતાં બન્ને એક સમયે હોય છે. છતાં તે બન્ને સ્થિતિને છોડતા નથી, ટકતા તત્ત્વને એ છોડતા નથી. એક વાત. બીજું એ ટકતા તત્ત્વને તે વ્યતિરેક પ્રકાશે છે. વ્યતિરેક વ્યતિરેકને પ્રકાશે છે એમ ન કહ્યું. અંદર જ્ઞાન થતાં એ આવી જાય. પણ એ વ્યતિરેકો દ્રવ્યને પ્રકાશે છે. આ..હા..હા...! ગજબ વાત કરે છે ને !! આ તો ભાઈ માર્ગ એવો છે. આ કાંઈ વાર્તા નથી. ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ ! એની આ વાણી છે. 'કુંદકુંદાચાર્ય' દ્વારા લખાણી છે. 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી છે. બધા વાંધા કરે કે, નિમિત્ત વિના કાર્ય થાય ? 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં આવે છે. 'બે કારણથી કાર્ય થાય.'

અહીં કહે છે કે, એનું ઉત્પાદ-વ્યયનું કાર્ય જે છે એ પોતાથી થાય છે અને તે કાર્ય સદૃશને છોડતું નથી. તે કાર્ય સદૃશને છોડતું નથી અને તે કાર્ય સદૃશને પ્રકાશે છે. આહા..હા...! વાણિયાને ચોપડામાં આવે નહિ, બહારની ચર્ચામાં આવે નહિ. આહા..હા...! શું વાત કરી છે ! '**વ્યતિરેકો દ્વારા જ...**' જોયું ? ઉત્પાદ અને વ્યય જે સમયના છે તે જ સમયે સ્થિતિ છે છતાં તે સ્થિતિને વ્યતિરેક દ્વારા પ્રકાશે છે. આહા..હા...! એનો અર્થ એ થયો કે, ગુરુ અને દેવ, શાસ્ત્રથી ધ્રુવ પ્રકાશતો નથી. એની પર્યાયનો ઉત્પાદ-વ્યય (છે એ) પર્યાય દ્વારા એ પ્રકાશે છે. આ..હા..હા...! શાસ્ત્ર દ્વારા પણ એ પ્રકાશતો નથી. એનો જે પર્યાય છે (તેના દ્વારા પ્રકાશે છે). એ ટકતું તત્ત્વ જે છે એનાથી બે સમય જુદા નથી. આહા..હા...! અને ટકતા તત્ત્વને પ્રકાશે છે વ્યતિરેક છતાં સમય બીજો નથી. વ્યતિરેકો દ્રવ્યને પ્રકાશે એનો સમય જુદો નથી. આહા..હા...! આટલું બધું યાદ ક્યારે રાખવું ? આ બધી એવી ઝીણી વાત છે. ક્યાંય મળે એવી નથી. બાપા ! આકરું કામ છે. અભિમાનથી કહે કે, મારી પાસે છે, અમે કહીએ ઇ સાચું. એમ નહિ. બાપુ ! વસ્તુ આમ છે, ભાઈ ! આહા..હા...! ગજબ કામ કરે છે ને ! કેટલી એમાં ગંભીરતા છે !! આ..હા..હા...!

સમકિતનો ઉત્પાદ જે મૂળ ચીજ (છે), મિથ્યાત્વનો વ્યય એ ટકતો નિત્યાનંદ પ્રભુ (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(તેનાથી) તે વ્યતિરેકો જુદા નથી, જુદો કાળ નથી. આહા..હા...! વ્યતિરેકો અન્વયને છોડતા નથી. આહા..હા...! અને એ વ્યતિરેકો ધ્રુવને પ્રકાશે છે. ભિન્ન-ભિન્ન વિસદૃશ પરિણામ અથવા ઉત્પાદ અને વ્યય બે અપેક્ષા વિરુદ્ધ છે છતાં તે ઉત્પાદ ધ્રુવને પ્રકાશે છે. આહા..હા...! આહા..હા...!

'**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।**' ('સમયસાર'ની ૧૧મી ગાથા). ભૂતાર્થ વસ્તુને આશ્રયે સમ્યક્ થાય. એનો અર્થ સમ્યગ્દર્શનપર્યાય દ્રવ્યને જાણે છે. આહા..હા...! દ્રવ્યને પ્રકાશે છે. આવી મૂળ ચીજ વિના વ્રત ને તપ ને ભક્તિ... એ બધાં થોથાં છે. મૂળ સમ્યગ્દર્શન શું છે (એની ખબર નથી). આહા..હા...! ભલે ચારિત્રદોષ હોય એથી કરીને દર્શનનો (– શ્રદ્ધાનો) દોષ નથી. બીજો દોષ બીજા ગુણને દોષ કરે એમ નથી. ઈ શું કીધું ? ચારિત્રગુણનો જે દોષ ઉત્પાદ (થયો) એ સમ્યગ્દર્શનની પર્યાયને દોષ કરતો નથી. આહા..હા...! ચારિત્રદોષનો ઉત્પાદ (છે) તે જ સમયે સમ્યગ્દર્શનનો ઉત્પાદ (છે) પણ એ સમ્યગ્દર્શનનો ઉત્પાદ અને ચારિત્રનો દોષ બન્ને એક સમયે હોવા છતાં તે દોષ સમ્યગ્દર્શનની પર્યાયને દોષ કરતો નથી. આહા..હા...!

નરકમાં પણ શીલ લીધું છે. રાતે કહ્યું હતું. નરકની અંદર પણ શીલ છે. શીલ એટલે સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીનો અભાવ એવું શીલપણું ત્યાં પણ છે. બીજા દોષો ભલે હો, પણ એ શીલ ત્યાં છે અને ત્યાં સુધી લીધું છે કે, ત્યાંથી તીર્થંકર થશે ! આ..હા..હા...! ચારિત્રદોષ છે પણ દર્શનદોષ નથી. એ ઉત્પાદ છે તે દ્રવ્યને પ્રકાશે છે. વ્યય છે એ એની જાતની પર્યાયનો વ્યય (છે). ચારિત્રદોષની સાથે જરી સ્વરૂપાચરણનો ઉત્પાદ સાથે છે. સ્વરૂપના અચારિત્રનો વ્યય છે. શું કીધું ઈ ? સમ્યગ્દર્શનની પર્યાય વખતે સમ્યક્જ્ઞાનની પર્યાય છે, સ્વરૂપાચરણની પર્યાય છે. એ પૂર્વની પર્યાય સ્વરૂપાચરણની (પર્યાયથી) વિરુદ્ધ છે તેનો ત્યાં વ્યય છે. આહા..હા...! સ્વરૂપાચરણની પર્યાયનો ઉત્પાદ છે અને એ એનાથી વિરુદ્ધ છે તેનો વ્યય છે પણ એ ઉત્પાદ અને વ્યય સ્થિતિ–ધ્રુવ શું છે તેને જણાવે છે. આહા..હા...! આમાં એમ ન કહ્યું કે, ઉત્પાદ અને વ્યય ઉત્પાદને જણાવે છે એમ ન કહ્યું. આહા..હા...! શું શૈલી ! એ તો જાણવામાં આવી જાય છે. ઉત્પાદ-વ્યય દ્રવ્યને જાણે છે. આ..હા..હા...! જોર અહીં દીધું. નહિતર તો પદાર્થની સ્થિતિનું અહીં વર્ણન છે. જ્ઞેય પદાર્થો – જે જ્ઞાનમાં પદાર્થો જણાણાં, ભગવાનના જ્ઞાનમાં (જણાણાં) એ પદાર્થની સ્થિતિ–મર્યાદા કઈ રીતે છે એમ બતાવે છે. એમાં આ નાખ્યું. આ..હા..હા...!

પરમાણુમાં પણ ઉત્પાદ-વ્યય છે તે પરમાણુની ધ્રુવતાને જણાવે છે. જાણનારો ભલે આત્મા (છે). ધ્રુવ પ્રકાશે છે, એની ઉત્પાદ-વ્યયની પર્યાયથી તે ધ્રુવ પ્રકાશે છે.

શ્રોતા :– જાણે ભલે જ્ઞાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજો ભલે (હોય), જાણનાર ભલે બીજો હોય એનું કાંઈ નહિ. પણ એના ઉત્પાદ-વ્યય જે છે, પોતાને કારણે જે પર્યાયનો ઉત્પાદ-વ્યય છે તે પરમાણુની કાયમની સ્થિતિને પ્રકાશે છે. આહા..હા...! એમ છે ને ? '**વ્યતિરેકો દ્વારા જ...**' 'જ' પણ હોં ! એકાંત કરી નાખ્યું, બીજા દ્વારા નહિ. આત્માના ઉત્પાદ-વ્યય દ્વારા આત્મા જણાય પણ એ ભગવાન અને દેવ-ગુરુ-શાસ્ત્રને લઈને નહિ. આનાથી જ જણાય. એમ એક જ વાત કરી. આહા..હા...! આવી વાત ક્યાં છે ? આ એક-એક શબ્દોમાં (ગંભીરતા છે). દિગંબર સંતો કેવળીના કેડાયતો છે. આ..હા..હા...! જગતને કેવળજ્ઞાન રેડ્યા છે !!

ભાઈ ! તું આત્મા છો ને ! પ્રભુ ! તારી પર્યાય જે ઉત્પન્ન થાય છે એ તારાથી થાય છે, પરથી નહિ. આહા..હા...! આ તો કીધું ને ? જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તેથી અહીં જ્ઞાનની વૃદ્ધિ થાય. એમ અહીં ના પાડે છે. એક ફેરી (સંવત–૧૯૮૧માં એક ભાઈ) આવ્યા હતા. '૮૧ ! 'ગઢડા' ! (એ કહે) 'જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ પ્રમાણે જ્ઞાન ઊઘડે.' ઈ એણે વાંચ્યું છે ને એ વાત કહું એમ. (એને) કીધું, એમ નથી. '૮૧ની વાત છે. 'ગઢડા'ના ચોમાસામાં (વાત થઈ હતી). તમારા જન્મ પહેલાંની વાતું ! '૮૧ (એટલે) કેટલાં (વર્ષ) થયાં ? ૫૪ ! આહા..હા...! વાંચતા હતા ને ! બુદ્ધિ બહુ નહોતી, પણ નવરાશ હતી. તે દી' દસ લાખ હતા. પછી વધી ગયા, કરોડોપતિ (થઈ ગયા). અહીં વ્યાખ્યાનમાં બેઠા હતા (ત્યારે) વાત કરતા એમ બોલ્યા કે, 'જ્ઞાનાવરણીયનો જેટલો ક્ષયોપશમ થાય એટલું જ્ઞાન થાય.' કીધું, એમ નથી. પોતાના પુરુષાર્થથી જ્ઞાનનો પર્યાય જેટલો ઊઘડે તેટલો ક્ષયોપશમ થાય. કર્મ તો સામે બીજી ચીજ છે, એને શું છે ? આ...રે...! આવી વાતું છે.

'ગોમ્મટસાર'માં લખાણ એવા આવે કે, જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે, જ્ઞાનને આવરે. લ્યો ! (આવે) છે ? જ્ઞાન અને જ્ઞાનાવરણીય જુદી-જુદી ચીજ છે.

પ્રશ્ન :– ભાવ જ્ઞાનાવરણીયને રોકે કે...

સમાધાન :– ભાવઘાત, ભાવઘાતિ છે ને ? રાતે કીધું હતું – ભાવઘાતિ. જ્ઞાનની હીણી પર્યાય ભાવઘાતિ પોતે છે. આહા..હા...! ઈ બીજી ચીજ તો નિમિત્તમાત્ર વસ્તુ છે પણ નિમિત્તથી કાંઈ આમાં ફેરફાર (થાય કે) જરીયે ઓછું-વત્તું (થાય) કે અધિક, વિપરીત કાંઈક મદદ થાય એમ નથી. આહા..હા...! ઈ તો આજે ઘણું આવ્યું હતું ને ? ઉપાદાન અને નિમિત્ત. સજ્ઝાયમાં નહોતું આવ્યું ? ઉપાદાન-નિમિત્ત દોહરા.

પ્રશ્ન :– શાસ્ત્રકારે નિમિત્તમાં ફેર તો બતાડ્યો છે ને ?

સમાધાન :– નિમિત્ત છે એમ બતાવ્યું છે. ફેર એટલે ? નિમિત્ત છે. દરેકની ચીજમાં ભિન્ન-ભિન્ન જાતના નિમિત્ત છે, એક જાતના નિમિત્ત ન હોય. ઉચિત નિમિત્ત છે, એમ કીધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું ને ?

શ્રોતા :– નોકર્મને અસદ્‌ભુત નિમિત્ત કીધું અને કર્મને સદ્‌ભુત નિમિત્ત કીધું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નોકર્મ હોય કે ગમે તે (હોય) બધું નિમિત્ત છે. નિમિત્ત છે પણ ઉચિત નિમિત્ત હોય. એને લાયક નિમિત્ત હોય છતાં એને યોગ્ય નિમિત્ત એને કાંઈ કરતું નથી. પાઠ એવો આવે છે–'ઉચિત નિમિત્તની હાજરીમાં' ઉચિત નિમિત્ત (કીધું) એ તો નિમિત્તની ઉચિતતા કીધી. એ નિમિત્ત એને યોગ્ય છે. જેમ આત્મા ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય એને ઉચિત નિમિત્ત છે. છતાં એ ઉચિત નિમિત્ત કાંઈ ગતિ કરાવતું નથી. આહા..હા...! એમ કુંભાર ઘડાને ઉચિત નિમિત્ત કહેવાય, પણ ઉચિત નિમિત્તથી ઘડામાં કાંઈ થાય છે એમ બિલકુલ નહિ. આ..હા..હા...!

સારા અક્ષર લખનારમાં ઉચિત નિમિત્ત એવો ક્ષયોપશમ હોય એને હોય ને ? ઘણો ક્ષયોપશમ હોય એ મોતીના દાણા (જેવા અક્ષર કાઢે). સામે એને ઉચિત નિમિત્ત કહેવાય પણ એને લઈને અક્ષરો પડે છે અને લખે છે (એમ) બિલકુલ નહિ, જરીયે નહિ. આહા..હા...!

જેમકે આ પાપડ થાય, વડી થાય, શીરો થાય, આ શું કહેવાય ? પુડલા... પુડલા ! એ પુડલા હુશિયાર બાઈ હોય ઇ આમ બરાબર સરખા કરે. આમ ઘી પાય ને આમ કરે ને તેમ કરે... એને ઉચિત નિમિત્ત હો, પણ એ ઉચિત નિમિત્તથી એમાં કાંઈ થયું છે (એમ નથી).

શ્રોતા :– ઈ બાઈની હુશિયારી તો ગણાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ (નહિ), એની હુશિયારી એનામાં રહી, એમાં પુડલામાં ક્યાં આવી ગઈ ?

શ્રોતા :– નિમિત્ત હુશિયાર છે એમ તો બતાવે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ખબર પડે કે એની હુશિયારી એનામાં છે એમ જણાય. એને લઈને અહીં કાંઈ થયું છે (એમ નથી). તેથી ઉચિત નિમિત્ત કીધું છે. ઉચિત નિમિત્તનો અર્થ જ એ લોકોએ એવો કરી નાખ્યો કે, જુઓ ! એને યોગ્ય નિમિત્ત છે માટે કાંઈક કાર્ય થાય છે. એમ નથી. એ તો નિમિત્તની યોગ્યતા, એ કાર્ય કાળે આવું નિમિત્ત હોય એમ જણાવ્યું પણ એથી કરીને નિમિત્તને લઈને અહીં ઉત્પાદ પર્યાય થાય છે (એમ નથી). આહા..હા...!

પ્રશ્ન :– બધા કેસો જીત્યા એ બધું પાણીમાં ગયું ?

સમાધાન :– જીત્યા એ બધું પાણીમાં ગયું. પાણીમાં ગયું નથી, અહંકારનું બંધન (થયું છે). કહો, આવી વાત છે. આહા..હા...!

અહીં તો બીજો શબ્દ મગજમાં આવ્યો કે, ઉચિત નિમિત્ત કીધું છે ને ? ઉચિત નિમિત્તનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ જ એ છે કે, સામે એને યોગ્ય નિમિત્ત હોય. હોય છતાં તેનાથી કાંઈ થાય, ઉચિત–યોગ્ય છે માટે અહીં (કાંઈ) થાય, એમ નથી. ભણાવવામાં ઉચિત નિમિત્ત માસ્તર હોય કે કુંભાર હોય ? ઉચિત નિમિત્ત છે માટે ત્યાં છોકરાને જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા...! આવી વાત છે.

પ્રશ્ન :– એકને ઉદાસીન અને એકને પ્રેરક (નિમિત્ત) કહેવામાં કાંઈક મર્મ તો હોવો જોઈએ ને ?

સમાધાન :– બિલકુલ નહિ, બધું એક (જ છે). ઈ તો ગતિ કરતું હોય એને ઉદાસીન (નિમિત્ત છે). પરને માટે બન્ને ઉદાસીન (છે), પરને માટે બન્ને ઉદાસીન (છે). ધર્માસ્તિકાયવત્ ! 'ઇષ્ટોપદેશ' ૩૫મી ગાથા ! આ..હા..હા...! ધજા જે હલે છે (એમાં) પવન ઉચિત નિમિત્ત છે પણ એને લઈને ધજા હલે છે, એમ નથી. આ..હા..હા...! શેરડીમાંથી રસ નીકળવામાં સંચો ઉચિત નિમિત્ત છે પણ એ નિમિત્તથી શેરડીનો રસ નીકળે છે એ વાત જૂઠી છે. એના ઉત્પાદ અને વ્યય એને પ્રકાશે છે, બસ ! આહા..હા...! આવી વાત ! આ તો ઉચિત નિમિત્તનો અર્થ કર્યો. ઉચિત નિમિત્ત હોય છે પણ એને યોગ્ય, ઉચિતનો અર્થ એને યોગ્ય જ હોય છે. એને યોગ્ય હોવા છતાં પરમાં કાંઈ કરતું નથી. આ..હા..હા..હા...! આવી વાત ! સમજાય છે કાંઈ ?

(અહીંયાં કહે છે કે), **'અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે...'** છે ? ભાષા તો સાદી છે, પ્રભુ ! એને સમજવું હોય તો (સમજાય તેવું છે). ટીકા ઘણી સાદી, ઘણી હળવી ભાષાથી (કરી છે). આહા..હા...! છતાં ત્યાં સાંભળનારને વાણી ઉચિત નિમિત્ત કહેવાય પણ છતાં સાંભળનારને પર્યાય જે થાય છે એ ઉત્પાદને આ નિમિત્તથી કાંઈ અસર નથી. આ..હા...! ઉચિત નિમિત્તથી કાંઈ અસર નથી અને એનાથી કાંઈ થાતું નથી. ઘડા થવામાં ઉચિત નિમિત્ત તો કુંભાર જ હોય ને ? ઘડા (બનતી) વખતે કપડાનો વેપારી વાણિયો હોય ? તો નિમિત્તમાં એટલો ફેર પડ્યો કે નહિ ? પણ નિમિત્તમાં ફેર પડ્યો એમાં પરમાં ક્યાં ફેર પડ્યો ? આ..હા..હા..હા...! ગજબ વાત છે, બાપા ! પરમ સત્યને પ્રસિદ્ધ કરવાની સંતોની કળા...! આ..હા..હા...! પરમ સત્ય છે એને પ્રસિદ્ધ કરવાની સંતોની ઘણી સરળતા ! આ..હા..હા...! આવી સરળ ટીકા...! આહા..હા...! જગતના ભાગ્ય ! ભાષાની પર્યાય રહી ગઈ. આ..હા...!

**'અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે,...'** અનેરે કાળે ઉત્પત્તિ છે, અનેરે કાળે સંહાર છે, અનેરે કાળે સ્થિતિ છે **'એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે).'** એક જ સમયમાં ત્રણે છે એમ ન માનતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુદા-જુદા સમયે માનવાનો પ્રસંગ આવે છે. આ..હા..હા..હા...! બહુ સિદ્ધાંત (મૂકી દીધાં છે).

એની માન્યતામાં ફેર પડે કે, ઉત્પાદ-વ્યય છે તેથી જ ધ્રુવ પ્રકાશે છે. પરને લઈને નહિ. એવી શ્રદ્ધા હોય તો એની પરાલંબી શ્રદ્ધા છૂટી ગઈ. આહા..હા...! એટલો તો એને લાભ થાય. આહા..હા...! હવે, એને સ્વ તરફ વળવું રહ્યું અને સ્વ તરફ વળવાની પણ પર્યાય છે તે સ્વ તરફ વળે. ધ્રુવ છે એ તો ધ્રુવ જ છે. આહા..હા...! પરની પર્યાયથી અંતર(માં) વળે એ તો ન રહ્યું અને પોતાની જે પર્યાય છે તેનાથી અંતર(માં) વળે. એટલી પર્યાય એને પ્રકાશે. આ ન હોય તો એક સમયે ત્રણ છે એ સિદ્ધ થતું નથી. આહા..હા...! દાખલા તો ઘણાં (મળે).

**'અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ છે' એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે). એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે) :'** આમ જો ન માને તો કયા-કયા દોષો ઉત્પન્ન થાય તે સમજાવવામાં આવે છે.

'**કેવળ...**' એકલી ઉત્પત્તિ '**શોધનાર કુંભની...**' એકલા ઘડાની ઉત્પત્તિને જાણનાર, શોધનાર. '**(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' આ..હા..હા..હા...! વ્યય છે તે ઉત્પાદનકારણ છે એમ કહે છે. એકલી ઉત્પત્તિ જોવા જાય તો ઉત્પાદનકારણના અભાવને લઈને એકલી ઉત્પત્તિ નહિ દેખાય, એકલી ઉત્પત્તિ નહિ થઈ શકે. આ..હા..હા...! હમણાં ઝીણું તો (આવે) છે. 'મુંબઈ' જેવામાં આવું મૂકે તો (એમ લાગે) શું કહે છે આ ? આહા..હા...!

કેવળ–એકલી એક ઘડાની ઉત્પત્તિને જોવા જાય, (ફક્ત) ઉત્પત્તિને, સ્થિતિને નહિ અને વ્યયને નહિ. તો '**ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' ઉત્પત્તિનું કારણ સંહાર છે. સંહારના અભાવ(રૂપ) કારણ ન હોય તો ઉત્પત્તિનું કાર્ય થઈ શકે નહિ. પિંડની પર્યાયના સંહારનું એટલે કે તેના અભાવનું કારણ ન હોય તો ઉત્પત્તિનું કાર્ય હોઈ શકે નહિ. આહા..હા...! એમાં એમ નથી કહ્યું કે, બીજો ઉચિત નિમિત્ત ન હોય તો ઉત્પન્ન થઈ શકતું નથી. એમ નથી કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? એનામાંને એનામાં ઘડાની જે ઉત્પત્તિ છે એ એકલી જોવા જાય તો ઉત્પત્તિનું કારણ જે વ્યય–સંહાર છે એના અભાવે તે ઉત્પત્તિ જ ન થાય. સમજાણું કાંઈ ? ઉચિત નિમિત્ત વિના ઉત્પત્તિ ન થાય એમ ન કીધું. આહા..હા...! આ..હા..હા...! આવી વાતું છે. અરે...! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ છે, બાપુ ! આ તો પરમાત્માની જ્ઞાનની ધારા છે ! ત્રણલોકના નાથ ! એનું કહેલું તત્ત્વ એની આ ધારા છે, બાપા ! આ..હા..હા...! એ વાત સાધારણ રીતે કાઢી નાખે. આ..હા..હા...! શું પ્રભુના શબ્દો ! શું ટીકાના શબ્દો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(આ) વાણી પ્રભુના શબ્દો છે ! આ..હા...!

કેવળ–એકલી ઘડાની ઉત્પત્તિ જોવે તો '(**–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' આહા..હા...! નીચે (મૂળ શાસ્ત્રમાં અર્થ આપ્યો) છે. (ઉત્પાદનકારણ એટલે) ઉત્પત્તિનું કારણ. ખરેખર તો પર્યાયનો સંહાર છે એ જ ઉત્પત્તિનું કારણ છે. ઈ તો આવ્યું હતું ને ? 'તત્ત્વ મીમાંસા'માં ! પૂર્વ પર્યાયયુક્ત દ્રવ્ય તે કારણ, પૂર્વ પર્યાયયુક્ત દ્રવ્ય તે કારણ. ઉત્તર પર્યાયયુક્ત દ્રવ્ય તે કાર્ય. જો એ પૂર્વ પર્યાય ન હોય તો ઉત્તર પર્યાય ક્યાંથી થાય ? તેમાં પાછું ક્ષય કારણ મૂક્યું ! એ પૂર્વ પર્યાયનો પણ ક્ષય–સંહાર. (માટીના પિંડનો) સંહાર ન હોય (તો) ઘડાની ઉત્પત્તિ ન હોય. આહા..હા...!

મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિનો અભાવ થાય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? મિથ્યાશ્રદ્ધાનો સંહાર ન હોય – વ્યય ન હોય અને ટકતું તત્ત્વ સામે ન હોય... આહા..હા...! તો ઉત્પત્તિ ક્યાંથી થાય ? આહા..હા...! એકલા Logicથી – ન્યાયથી વાત ભરી છે ! આમાં તકરારું કરે – એકાંત છે... એકાંત છે... એકાંત છે...! પ્રભુ.. પ્રભુ...! શું કરે છે ? બાપુ ! આ એકાંત જ છે. અનેકાન્ત પણ અનેકાન્તપણે છે. અનેકાન્ત (પણ) સમ્યક્ એકાંત અને સમ્યક્ અનેકાન્ત, એમ છે. આહા..હા...! તે-તે પર્યાયનો અંશ તેનાથી થાય તે સમ્યક્ એકાંત છે. નય છે એ સમ્યક્ એકાંત છે, પ્રમાણ છે એ સમ્યક્ અનેકાન્ત છે. આહા..હા...!

અહીં એમ કહે છે કે, એકલી ઉત્પત્તિ માનનાર... આહા..હા...! જ્ઞાનના વિશેષ પર્યાયનો ઉત્પાદ થયો એની પહેલાંની પર્યાયનો જો સંહાર જ ન હોય, એની પહેલાંની પર્યાયનો વ્યય ન હોય અને વસ્તુની સ્થિતિ ન હોય તો એ ઉત્પાદ જ થાય નહિ. ઉત્પાદના કારણ વિના ઉત્પાદ થાય નહિ પણ કારણ આ. એના પૂર્વના પર્યાયનો વ્યય તે કારણ. બીજો કોઈ કારણ નહિ, બહારનું કારણ નહિ. આહા..હા...! '**ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય;...**' એક વાત.

'**અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.**' આહા..હા...! અસત્ (એટલે) અધ્ધરથી જેમ આકાશના ફૂલ થાય એમ થાય. સંહાર અને સ્થિતિ ન હોય તો ઉત્પાદ તો આકાશના ફૂલની જેમ થઈ જાય. આહા..હા...! છે ? '**અથવા તો અસત્‌નો જ ઉત્પાદ થાય.**' અસત્ – છે નહિ એનો ઉત્પાદ થાય. આ..હા..હા...! સ્થિતિ અને સંહાર એ વિના જો ઉત્પન્ન થાય તો તો અસત્‌ની ઉત્પત્તિ (થાય), છે નહિ અને ઉત્પન્ન થાય. એમ છે નહિ. એકલો ન્યાયનો વિષય ગોઠવ્યો છે. આહા..હા...! ઇ એક વાત (થઈ).

'**(૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય.**' આ તો દૃષ્ટાંત કીધો. જેમ કુંભની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કારણ વિના ન થાય એમ દરેક દ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયની ઉત્પત્તિ સ્થિતિ અને સંહારનો અભાવ ન હોય તો એ પર્યાય જ ન થાય. દરેક દ્રવ્યમાં–અનંતા દ્રવ્ય છે એમાં સ્થિતિ ન હોય અને પૂર્વનો સંહાર–અભાવ કારણ ન હોય તો દરેક દ્રવ્યમાં ઉત્પાદ જ ન થાય. આ..હા..હા...! શું વસ્તુ ! સમજાય છે કાંઈ ? ઘડાની ઉત્પત્તિમાં કહે છે કે, સંહાર અને સ્થિતિના કારણ વિના ઉત્પત્તિ થાય તો અસત્‌ની ઉત્પત્તિ થાય. એમ બધાં–અનંતા દ્રવ્યો(માં) જે સમયે તેની (પર્યાયની) ઉત્પત્તિ થાય તેના પૂર્વના સંહારના કારણ વિના અને સ્થિતિ વિના તે ઉત્પત્તિ થાય નહિ. સત્ સત્ છે તો ઉત્પત્તિ થાય એમ કહે છે. અધ્ધરથી ઉત્પત્તિ થાય (એમ નહિ). આહા..હા...! ઘણી વાત... મુદ્દાની રકમ છે. **'જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે).'**

**'અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય...'** (અર્થાત્) કાંઈ છે જ નહિ, સ્થિતિ છે જ નહિ. વસ્તુના ઉત્પાદને કાળે પણ સ્થિતિ છે જ નહિ... આ..હા...! તો અસત્‌નો ઉત્પાદ થાય. **'વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય...'** છે ? વ્યોમપુષ્પ = આકાશનાં ફૂલ. આહા..હા...! નથી તેમાંથી ઉત્પન્ન થાય, (જેમ) આકાશના ફૂલ. આ..હા...! શું પણ ન્યાય આપ્યા છે !! વેપારીઓને આ જૈનધર્મ મળ્યો ! (એમાં) આવા ન્યાય ! વકીલાતની જેવા બધા ન્યાય છે. મગજમાં બેસવું કઠણ પડે. છે તો બહુ સાદી ભાષા. આકાશના પુષ્પનો ઉત્પાદ થાય એમ **'(શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે...)'** એમ. શૂન્યમાંથી પણ (પદાર્થ ઉત્પન્ન થાય). સ્થિતિ નથી, સંહારના કારણનો અભાવ નથી (અને) અધ્ધરથી થાય તો શૂન્યમાંથી થાય. એ સ્થિતિ સાથેનું વર્ણન છે. આ..હા...!

વિશેષ કહેશું, લ્યો...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૭**
**તા. ૧૭-૬-૭૯**

'પ્રવચનસાર' ૧૦૦મી ગાથા. આમાં ૧૯૧ પાનું છે. છેલ્લો પેરેગ્રાફ. અહીં શું કહે છે ? કે, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ વસ્તુનો સ્વભાવ છે. દરેક વસ્તુ જેટલી છે એ બધાના સ્વભાવમાં દ્રવ્ય રહે છે અને એ સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. ઝીણી વાત છે, ભાઈ ! હવે અહીંયાં એમ કીધું, ઉત્પાદની વાત તો થઈ ગઈ. એકલો ઉત્પાદ ગોતવા જાય તો સંહારના કારણ વિના ઉત્પાદ નહિ રહી શકે. ઈ વાત કાલે થઈ ગઈ છે. દરેક દ્રવ્યમાં એકલો ઉત્પાદ જોવા જાય–વર્તમાન પર્યાય (જોવા જાય) પણ એના સંહારના–ઉપાદાનકારણના અભાવ વિના એ ઉત્પાદ હોઈ શકે નહિ.

હવે અહીંયાં (કહે છે કે) '**કેવળ સંહાર આરંભનાર...**' આજે આ વિષય છે. બહુ ઝીણો છે. કોઈ પણ દ્રવ્યમાં એકલો સંહાર નામ વ્યય જો ગોતવા જાય, આરંભનાર સંહારને શોધવા જાય '**મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર...)**' આહા..હા...! મૃત્તિકાપિંડનો એકલો વ્યય ગોતવા જાય તો ઉત્પાદ અને ધ્રુવ વિના એ હોઈ શકે નહિ. ઉત્પાદ એનું કારણ છે. ઉત્પાદનું સંહાર કારણ છે અને સંહારનું ઉત્પાદ પણ કારણ છે. આવી વાત છે.

દરેક દ્રવ્યમાં કેવળ વ્યય નામ પર્યાયનો અભાવ–સંહાર જો માનવા જાય તો '**મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે,...**' જોયું ? મૃત્તિકાપિંડનો વ્યય નથી એમ ગોતવા જાય તો '**સંહારકારણના અભાવને લીધે,...**' એટલે કે ઉત્પાદ છે એ સંહારકારણનું કારણ છે. જે પર્યાય ઉત્પન્ન થાય એ સંહાર–વ્યયનું કારણ છે. સંહારનું કારણ ઉત્પાદ છે અને ઉત્પાદનું કારણ સંહાર છે. વાણિયાએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ દી' સાંભળ્યું ન હોય એવી વાત છે. આહા..હા...!

શ્રોતા :– વાણિયા સિવાય બીજું સાંભળે છે કોણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાું કોણ સાંભળે ત્યારે ? આ તો નવી વાત છે. પેલું તો દયા પાળો ને આ કરો ને આ કરો... તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે.

(કહે છે) કેવળ એકલો વ્યય ગોતવા જાય, માટીના પિંડનો અભાવ એકલો શોધવા જાય તો '**મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે,...**' મૃત્તિકાપિંડનો વ્યય (છે) એ ઉત્પાદના કારણથી તેનો વ્યય છે. વ્યય ઉત્પાદનું કારણ છે અને ઉત્પાદ વ્યયનું કારણ છે. પિંડનો વ્યય, એ જો ઘડાની ઉત્પત્તિ ન હોય તો સંહાર ન હોય. આમ છે. ઉત્પત્તિ વિનાનો એકલો સંહાર ગોતવા જાય તો ઉત્પાદના કારણના અભાવથી વ્યય જ હાથ નહિ આવે, વ્યય જ હોઈ શકે નહિ. આ..હા...! એકલા Logic ભર્યા છે ! આહા..હા...!

'**સંહારકારણના અભાવને લીધે,...**' સંહારનું કારણ તો ઉત્પાદ છે. ઘડો ઉત્પન્ન થયો (એમાં) સંહાર એનું કારણ છે અને સંહારનું ઉત્પાદ કારણ છે. એકલો સંહાર ગોતવા જાય તો ઉત્પાદ વિના એ સંહાર હોઈ શકે નહિ. આવું ઝીણું છે. '**સંહાર જ ન થાય;...**' ઉત્પાદના કારણ વિના–ઘટની ઉત્પત્તિના કારણ વિના પિંડનો વ્યય જ ન થાય. સમજાણું કાંઈ ?

'**અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.**' સંહાર એકલો ગોતવા જાય તો 'છે' તેનો નાશ થઈ જાય. સંહારનું કારણ ઉત્પાદ છે. એટલે ઉત્પાદને ન માને અને સંહારકારણ શોધવા જાય તો ઉત્પાદના કારણ (વિના સંહાર હોઈ શકે નહિ). (ઉત્પાદ તો) સંહારનું કારણ છે. તે સંહાર જ સિદ્ધ નહિ થાય અને કાં સત્ છે તેનો સંહાર થાશે–નાશ થાશે. આહા..હા...! સમજાણું આમાં કાંઈ ? એકલો વ્યય ગોતવા જાય તો ઉત્પાદકારણ વિના વ્યય હોઈ શકે નહિ. એક વાત. અથવા એકલો વ્યય ગોતવા જાય તો સત્‌નો જ વ્યય થઈ જશે. 'છે' તેનો નાશ થશે. આહા..હા...! ઝીણી વાત છે. વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ ઝીણું બાપુ ! આ..હા...! લોકોને અભ્યાસ ન મળે અને બહારથી ધર્મ કરીએ એમ માની લ્યે. ધર્મ ક્યાં હતા ? આહા..હા...!

અહીં કહે છે કે, ધર્મની ઉત્પત્તિના અભાવમાં મિથ્યાત્વનો વ્યય હોઈ શકે નહિ. એકલો મિથ્યાત્વનો વ્યય ગોતવા જાય તો સમકિતની ઉત્પત્તિ વિના એ વ્યય હોઈ શકે નહિ. કહો, બરાબર છે આમાં ? અને કાં એકલો વ્યય ગોતવા જાય તો સત્ જે ધ્રુવ ચીજ છે તેનો નાશ થાય. આવું છે. પેલું તો સહેલું હતું, 'એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા, ચતુઇન્દ્રિયા, પંચેન્દ્રિયા.. મિચ્છામિ દુક્કડમ્' થઈ ગઈ સામાયિક ! ધૂડેય સામાયિક નથી. મિથ્યાત્વની સામાયિક થઈ. મિથ્યાત્વનો લાભ થયો. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, સામાયિકની ઉત્પત્તિના અભાવમાં પહેલી જે અસામાયિક–વિષમતા હતી તેનો જ એકલો નાશ ગોતવા જાય, સામાયિકની ઉત્પત્તિ (થઈ) એની પૂર્વે અસામાયિકનો સંહાર (હતો) ઈ એકલો સંહાર ગોતવા જાય તો ઉત્પત્તિના કારણ વિના સંહાર થઈ શકે નહિ. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ વિના મિથ્યાત્વનો નાશ થઈ શકે નહિ. ચારિત્રની ઉત્પત્તિ વિના અચારિત્રનો વ્યય થઈ શકે નહિ અને થાય તો સત્‌નો–ધ્રુવનો નાશ થઈ જાય.

બે કારણ આપ્યા. સંહારકારણ અને ઉત્પાદકારણ જો ન હોય તો ઉત્પન્ન ન થાય અને સંહારકારણ એકલું ગોતવા જતાં ધ્રુવ છે તેનો નાશ થઈ જાય. ઉત્પાદ અને ધ્રુવ બન્નેનો ત્યાં મેળ નથી. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આ 'પ્રવચનસાર' તો ઘણી વાર વંચાઈ ગયું છે પણ હમણાં ઘણાં વર્ષથી નહોતું લીધું.

'**કેવળ સંહાર આરંભનાર...**' એટલે ઉત્પાદ અને ધ્રુવના આશ્રય વિના – ઉત્પાદ અને ધ્રુવના અસ્તિત્વ વિના એકલા સંહારને ગોતવા જાય તો ઉત્પત્તિના કારણ વિના સંહાર હોઈ શકે નહિ અને કાં તે ધ્રુવ છે તેનો સંહાર થઈ જાય. આમ છે.

પ્રશ્ન :– ધર્મના કામમાં Logicનું શું કામ છે ?

સમાધાન :– Logicનું કામ તમારા વકીલાતમાં કેમ કામ કરે છે ? આ પણ ન્યાય છે. તત્ત્વને સિદ્ધ કરવાની આ કૉલેજ છે. તત્ત્વને સિદ્ધ કરવાની ન્યાયની કૉલેજ છે. આહા..હા...!

શું કીધું ? જો એકલો ઉત્પાદ શોધવા જાય, (કેવળ) ઘટની ઉત્પત્તિ (શોધવા જાય) તો પિંડના વ્યય વિના અને માટીની ધ્રુવતા વિના ઘટની ઉત્પત્તિ જ ન થઈ શકે. ઉત્પત્તિ ન થઈ શકે તો દરેક દ્રવ્યની પર્યાયમાં ઉત્પત્તિ ન થઈ શકે. એમ સંહાર–વ્યય, એકલો વ્યય (ગોતવા જાય) તો ઉત્પાદકારણ વિના–ઉત્પન્ન થાય એ કારણ વિના એકલો વ્યય–સંહાર હોઈ શકે નહિ. એટલે ઉત્પાદકારણ વિના સંહારનો અભાવ થાય અને કાં ધ્રુવ છે તેનો સંહાર થઈ જાય. આહા..હા...! આવું છે.

હવે સિદ્ધાંત કહે છે, '**જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય.**' એટલે ? સંહાર જ ન થાય તો બધા દ્રવ્યો છે એની પર્યાયનો વ્યય જ ન થાય. જગતના જે દ્રવ્યો છે તેનો વ્યય ન થાય. માટીના પિંડની ઉત્પત્તિના કારણ વિના મૃત્તિકાપિંડનો વ્યય હોઈ શકે નહિ અને એમ જો હોય તો બધા દ્રવ્યનો સંહાર થઈ જાય. એટલે ? કે, દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ ન હોય અને ઉત્પત્તિના કારણ વિના એના પૂર્વનો જે વ્યય છે એ જ સિદ્ધ નહિ થાય, વ્યય જ નહિ થાય. આહા..હા...! આવું ઝીણું છે. વીતરાગનું તત્ત્વ ઝીણું બહુ ! '(**અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય...**)' પલટે જ નહિ. જેમ મૃત્તિકાપિંડનો એકલો સંહાર ગોતવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય તો ઉત્પાદ અને ધ્રુવ વિના એ હોઈ શકે નહિ. એમ જગતના બધા પદાર્થમાં એકલો સંહાર ગોતવા જાય તો દ્રવ્યની ઉત્પત્તિ અને ધ્રુવ વિના સંહાર હોઈ શકે જ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? '**(કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે).**'

'**અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય).**' આહા..હા...! શું કહે છે ? એકલો મૃત્તિકાપિંડનો વ્યય ગોતવા જાય તો ઉત્પાદના કારણ વિના વ્યય સિદ્ધ નહિ થાય અને કાં સત્‌નો જ વિચ્છેદ થઈ જાય. એમ અહીંયાં બધા (દ્રવ્યમાં) વ્યય લાગુ પાડ તો ચૈતન્ય વસ્તુ છે એનો ઉચ્છેદ થઈ જાય. આહા..હા...! સંહાર એકલો ગોતવા જાય તો ચૈતન્ય છે તેનો સંહાર થઈ જાય. સંહાર તો ક્યારે હોય ? કે, દરેક દ્રવ્યમાં ઉત્પત્તિની પર્યાય હોય અને ધ્રુવ કાયમ હોય એને પર્યાયનો સંહાર લાગુ પડે. પણ ઉત્પાદ અને ધ્રુવ જ જ્યાં નથી એનો સંહાર હોય તો દ્રવ્યનો જ નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં ભગવાન ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય. આહા..હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! આત્મા સત્ છે. આહા..હા...! એકલો જો વ્યય ગોતવા જાય તો સચ્ચિદાનંદ પ્રભુનો ઉચ્છેદ થઈ જાય. આ..હા..હા..હા...! આવું છે. વાણિયાને હાથ આવ્યું અને વાણિયાને નવરાશ ન મળે. આ..હા...! Logic છે, આ બધું Logic–ન્યાય છે.

બે વાત થઈ. શું બે વાત થઈ ? કે, એકલી ઉત્પત્તિ–દ્રવ્યની ઉત્પત્તિ–પર્યાયની ઉત્પત્તિ જ ગોતવા જાય તો વ્યયના કારણ–ઉપાદાનના કારણના અભાવથી ઉત્પત્તિ જ ન થાય અને કાં ઉત્પત્તિ થાય તો દ્રવ્યની જ આખી નવી ઉત્પત્તિ થઈ જાય, (પણ) એમ છે નહિ. અને (કેવળ) સંહાર ગોતવા જાય તો ઉત્પત્તિના કારણ વિના એકલો સંહાર હોઈ શકે નહિ. સંહાર હોઈ શકે નહિ અને કાં દ્રવ્યનો ઉચ્છેદ–નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત વસ્તુ છે (તેનો પણ નાશ થઈ જશે). એકલો સંહાર ગોતવા જાય તો એની ઉત્પત્તિ વિના સંહાર સિદ્ધ નહિ થાય અને ઉત્પત્તિ ને ધ્રુવપણું જો ન રહે તો તો ધ્રુવનો નાશ થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? બે બોલ થયા.

હવે, '**કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા...**' જનાર. એટલે શું કહે છે ? કે, માટીનું રહેવું–ટકવું–એકલું ધ્રુવપણું જો ગોતવા જાય. (કેવળ સ્થિતિ એટલે) '(ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન; (અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે...)' ધ્રુવ છે ઈ ઉત્પાદ-વ્યયના વ્યતિરેકો સહિત જ હોય છે. '(તેથી ધ્રૌવ્ય ઉત્પાદ-વ્યયસહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી).' આહા..હા...! ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ થઈને દ્રવ્ય છે. એકલું ધ્રુવ એ તો અંશ છે. ધ્રુવ અંશની એકલી સ્થિતિ ગોતવા જાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ-વ્યય વિનાની સ્થિતિ હોઈ શકે નહિ. શું કીધું ?

એકલી સ્થિતિ–ટકવું–ટકતું તત્ત્વ ગોતવા જાય તો ઉત્પન્ન અને વ્યય વિના તે સ્થિતિ હોઈ શકે નહિ. કેમકે ઉત્પન્ન અને વ્યય ભિન્ન-ભિન્ન વ્યતિરેક છે. ભિન્ન-ભિન્ન વ્યતિરેક વિના અભિન્ન એકલું અન્વય ધ્રુવ દ્રવ્ય સિદ્ધ થઈ શકે નહિ. આહા..હા...! આવો વીતરાગનો કાયદો છે ! એકલી સ્થિતિ – ધ્રુવ જ ગોતવા જાય કે ધ્રુવ જ છે, તો ધ્રુવ જે છે એ ઉત્પાદ-વ્યયના કારણ વિના વ્યતિરેક વિના–ભિન્ન-ભિન્ન જાત વિના એકલું ધ્રુવપણું હોઈ શકે જ નહિ. આહા..હા...! હવે આમાં કોઈ ઘરે પૂછે કે, શું સમજ્યા ? (તો એમ કહે કે) સાંભળવા આવો તો સમજાશે. આહા..હા...!

'**કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો...**' વ્યતિરેક એટલે ઉત્પાદ-વ્યય ભિન્ન-ભિન્ન છે (તેની) સહિત '**સ્થિતિનો–અન્વયનો...**' સ્થિતિ કહો કે ધ્રુવ કહો કે અન્વય કહો (બધું એકાર્થ છે). '**તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય;...**' ઉત્પાદ-વ્યયના વ્યતિરેક વિના સ્થિતિ જ રહે નહિ–ધ્રુવપણું જ રહે નહિ. આહા..હા...! ઉત્પાદ-વ્યયના કારણ વિના, વ્યતિરેક નામ ભિન્ન-ભિન્ન દશા વિના અભિન્નપણું એકરૂપ રહી શકે જ નહિ. આહા..હા...! કેમકે દરેક દ્રવ્ય નવી-નવી અવસ્થા પલટે છે તે નજરે દેખાય છે અને જૂની અવસ્થા વ્યય થાય છે, તો એ ઉત્પાદ અને વ્યય ન હોય તો એકલું ધ્રુવ રહી શકે જ નહિ. ભિન્ન-ભિન્ન ઉત્પાદ અને વ્યય–વ્યતિરેક–ભિન્ન-ભિન્ન જાત વિના અભિન્નપણું–ધ્રુવ રહી શકે જ નહિ. સમજાણું કાંઈ ? આચાર્યે ઘણાં ન્યાયથી વાત કરી છે પણ આ અભ્યાસ જોઈએ ને ! આ..હા...!

આ તો એક-એક તત્ત્વ સ્વતંત્ર (સિદ્ધ કરે છે). તે તત્ત્વના ઉત્પાદ પોતાને કારણે થાય. એ ઉત્પાદ જો તું એકલો જોવા જા તો ઉત્પાદનું ઉપાદાનકારણ સંહાર (છે એ) સંહાર વિના એ ઉત્પન્ન દેખાય નહિ. સમજાણું ? આ..હા..હા...! અને એકલો સંહાર ગોતવા જાય (તો) સંહારનું કારણ ઉત્પાદ (છે તો તે) વિનાનું સંહાર હોઈ શકે નહિ અને એકલો ધ્રુવ ગોતવા જાય તો ઉત્પાદ-વ્યયના વ્યતિરેકની અનેકતા વિના એકપણું રહી શકે નહિ. આ..હા...! વ્યતિરેક વિના અન્વય હોય નહિ. વ્યતિરેક નામ ભિન્ન-ભિન્ન પ્રકારના ઉત્પાદ-વ્યય વિના ધ્રુવ હોઈ શકે નહિ. આવી વાતું છે. આહા..હા...! આ તો ધીમે-ધીમે સમજવાની વાત છે ને ! વીતરાગમાર્ગ છે, બાપુ ! સંતોએ તો કેટલી... આ..હા..હા...! કરુણા કરીને ટીકાઓ રચી !! આ..હા..હા...!

શ્રોતા :– સ્પષ્ટતા તો આપે કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંતો ! દિગંબર મુનિઓ ! આહા..હા...! જગતને ન્યાલ કરવાનો રસ્તો બતાવ્યો છે. બંધનથી છૂટી જાય અને સંસારનો અંત આવે એની આ વાત છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

તું જો એકલો ધ્રુવ જ છે એમ ગોતવા જાય તો ધ્રુવ છે ઈ વ્યતિરેક વિના ધ્રુવ છે ઈ રહે શી રીતે ? જો એમાં કાર્ય જે છે એ કાર્ય નથી અને એકલું કારણ–ધ્રુવ જ છે (એમ ગોતવા જાય તો) એમ રહી શી રીતે શકે ? ઉત્પાદ-વ્યય તે કાર્ય છે અને ધ્રુવ તેનું કારણ છે. તો ઉત્પાદ-વ્યય વિનાનો એકલો ધ્રુવ ગોતવા જા તો ધ્રુવ–કારણ હોઈ શકે નહિ. કાર્યમાં ધ્રુવતાનો ખ્યાલ આવે છે, કાર્યમાં ધ્રુવતાનો ખ્યાલ આવે છે – ઉત્પાદ-વ્યયમાં ધ્રુવતાનો ખ્યાલ આવે છે. એ ઉત્પાદ-વ્યયનો જો નકાર કર અને જો એકલું ધ્રુવ ગોતવા જા તો ધ્રુવ જ રહેશે નહિ. આહા..હા...! આ તો કોર્ટના કાયદા જેવું બધું આવ્યું. આહા..હા...!

‘**અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.**’ કેમકે વ્યતિરેક વિના એકલું ધ્રુવ (હોય) તો ધ્રુવ પોતે ક્ષણિક થઈ જાય. આહા..હા...! એકલો ધ્રુવ ગોતવા જતાં વ્યતિરેક એટલે ઉત્પાદ-વ્યયના કારણ વિના ધ્રુવપણું લક્ષમાં જ આવે નહિ અને બીજી રીતે લઈએ તો ઉત્પાદ-વ્યય વિના ધ્રુવ જો ગોતવા જા તો ધ્રુવ ક્ષણિક થઈ જાય, કાયમ ટકનાર રહે નહિ. પલટો હોવા છતાં કાયમ રહે છે એવી ચીજ છે. પલટો–ઉત્પાદ-વ્યય હોવા છતાં કાયમ રહે એવી ચીજ છે. એ ચીજ તું એકલી ગોતવા જા તો પલટા ખાધા વિનાના ધ્રુવનું ક્ષણિકપણું આવી જશે, ધ્રુવને ક્ષણિકપણું આવી જશે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આજનો વિષય જરી ઝીણો છે.

આ..હા...! વસ્તુ છે, ભગવાને આ બધી (વસ્તુ)–અનંત દ્રવ્યો (જોયાં) એ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. એક સમયમાં ! હવે, જો કોઈ એમ કહે કે, એ ત્રણમાંથી એક ઉત્પાદ જ છે તો ઉત્પાદ છે ઈ વ્યયના કારણ વિના ઉત્પાદ જ સિદ્ધ નહિ થાય અને કાં અસત્‌નો ઉત્પાદ થઈ જશે. અસત્‌નો ઉત્પાદ થશે–છે નહિ એ ઉત્પન્ન થશે. ધ્રુવનો અભાવ થઈને અસત્ (ઉત્પન્ન થશે). આહા..હા...! અને જો એકલો સંહાર ગોતવા જા તો ઉત્પાદના કારણ વિના સંહાર સિદ્ધ થશે જ નહિ. આહા..હા...! અને કાં સત્‌નો જ સંહાર થઈ જશે. પહેલાંમાં અસત્‌નો (ઉત્પાદ) હતો, (આમાં) સત્‌નો નાશ થઈ જશે (એમ કહ્યું) અને એકલી સ્થિતિ ગોતવા જા તો ઉત્પાદ-વ્યયના વ્યતિરેક કાર્ય વિના કારણ સિદ્ધ જ નહિ થાય. આહા..હા...! અને કાં ધ્રુવ છે તે ક્ષણિકપણું પામી જશે. આહા..હા...! પહેલાંમાં અસત્‌ની ઉત્પત્તિ (કીધી), બીજામાં સત્‌નો નાશ કીધો, ત્રીજામાં ક્ષણિકપણું કીધું. આહા..હા...! ધીમે-ધીમે સમજવાની વાત છે. આવો માર્ગ છે.

એક-એક દ્રવ્ય, એક-એક પરમાણુ અને એક-એક આત્મા દરેક સમયે પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. એ ઉત્પાદમાં પરની કાંઈ સહાય નથી. હા, એ ઉત્પન્નમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંહારનું કારણ છે, પૂર્વની પર્યાયનું સંહારનું કારણ છે. આહા..હા...! અને કાં ટકતું ધ્રુવ છે તે એનું કારણ છે. જો એકલો ઉત્પાદ કરવા જા તો સંહાર વિના ઉત્પાદ ન હોય અને કાં અસત્‌ની ઉત્પત્તિ થઈ જશે. આહા..હા...! ધ્રુવપણા વિના તું એકલું ઉત્પન્ન કરવા જા તો ધ્રુવ પોતે સત્ છે એનો નાશ થઈ જશે, અસત્ થઈ જશે. આહા..હા...! આમાં બે-બે વાર પુનર્યુક્તિ લાગે તો પકડાય એવું છે, હોં ! આહા..હા...! શું આચાર્યોએ (વાત કરી છે) ! આવી વાત ક્યાંય છે નહિ ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ! આ..હા..હા...!

દરેક આત્મા અને દરેક પરમાણુ અનંત છે. એ અનંત છે ઈ પોતાના સ્વભાવમાં છે. કોઈ એક પદાર્થ પરના સ્વભાવમાં નથી. હવે સ્વભાવ શું ? કે, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તેનો સ્વભાવ છે. એમાં એ દ્રવ્ય પોતે સત્ છે. બીજા ઉત્પાદ-વ્યયને કારણે આ દ્રવ્ય છે, એમ છે નહિ. કારણ કે એનો સ્વભાવ જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ(સ્વરૂપ) સ્વભાવ છે અને દ્રવ્ય સ્વભાવમાં રહેલું છે. આ..હા...! સમજાણું કાંઈ ?

એકલો ઉત્પાદ–ઉત્પન્ન થવું... ઉત્પન્ન થવું એમ થાય... આહા..હા...! તો સંહારકારણ વિના એ ઉત્પત્તિ જ સિદ્ધ નહિ થાય અને કાં અસત્‌ની ઉત્પત્તિ થશે. આ..હા..હા...! (એકલો) સંહાર ગોતવા જા તો ઉત્પન્નકારણ વિના–ઉત્પત્તિના કારણ વિના (સંહાર નહિ મળે). એ ઉત્પત્તિના કારણ વિના સંહાર નહિ, હોં ! પરના કારણ વિના નહિ. આહા..હા...! ઉત્પત્તિના કારણ વિના સંહાર સિદ્ધ નહિ થાય અને કાં સત્‌નો સંહાર થઈ જશે. છે તેનો નાશ થઈ જશે. આ..હા..હા...! હવે, એકલું જો ધ્રુવ ગોતવા જા, દરેક પદાર્થ ધ્રુવ જ છે એમ જો તું જાણ તો ધ્રુવ છે એ કાર્ય–ઉત્પાદ-વ્યય–વ્યતિરેક સિવાય ધ્રુવનું લક્ષ થઈ શકે નહિ. વ્યતિરેક વિનાનું ધ્રુવ હોઈ શકે નહિ, અન્વય રહી શકે જ નહિ. વ્યતિરેક વિના અન્વય હોઈ શકે જ નહિ, અન્વયનો અભાવ થઈ જાય અને કાં સત્‌નો ઉચ્છેદ થઈ જાય કાં સત્‌નું ક્ષણિકપણું થઈ જાય. ત્રીજા બોલમાં (એમ આવ્યું કે) સત્‌નું ક્ષણિકપણું થઈ જાય. પહેલાં બોલમાં (કહ્યું કે) અસત્‌ની ઉત્પત્તિ થઈ જાય, બીજા બોલમાં (કહ્યું કે) સત્‌નો નાશ થઈ જાય, ત્રીજા બોલમાં (કહ્યું કે) ક્ષણિકપણું થઈ જાય. આહા..હા...!

આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું ? જે જ્ઞેયો છે (તે) આ રીતે જ છે. એ રીતે તેની શ્રદ્ધામાં ન આવે અને બીજી રીતે શ્રદ્ધામાં આવે કે, એ દ્રવ્યનો ઉત્પાદ સંહારકારણ વિના ન હોય પણ તેનો ઉત્પાદ નિમિત્ત વિના ન હોય, એમ (શ્રદ્ધામાં) આવી જાય તો વસ્તુ વિપરીત થઈ જશે. આ..હા..હા..હા...! શું કહ્યું ઈ ? ધર્મની–સમ્યગ્દર્શનની ઉત્પત્તિ પોતે મિથ્યાત્વના વ્યય વિના હોઈ શકે નહિ. મિથ્યાત્વનો વ્યય એ ઉપાદાનનો અભાવ છે–ઉપાદાન છે એનો અભાવ થયો ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ અને એકલો ઉત્પાદ જ જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોતવા જા (તો) સંહાર વિના ઉત્પન્ન થઈ શકે નહિ અને એકલું જોવા જા તો અસત્‌ની જ ઉત્પત્તિ થઈ જશે. કોઈ ધ્રુવ રહીને ઉત્પન્ન થશે એમ છે નહિ. આહા..હા...! આવું છે આ !

**‘કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની,...’** માટી ધ્રુવ છે તેને જ એકલું માન તો **‘વ્યતિરેકો સહિત સ્થિતિનો–અન્વયનો–તેને અભાવ થવાને લીધે,...’** કારણ કે પલટતી અવસ્થા વિના ધ્રુવપણું રહી શકે જ નહિ. અન્વય વ્યતિરેક વિના હોઈ શકે નહિ. એને લઈને સ્થિતિ જ ન થાય, ટકી શકે જ નહિ. કારણ કે ખ્યાલ આવવાનો છે એ તો ઉત્પાદ-વ્યયથી ધ્રુવનો ખ્યાલ આવવાનો છે ને ? ધ્રુવનો ધ્રુવથી ખ્યાલ આવવાનો નથી. ઉત્પાદ-વ્યયના લક્ષથી, ભલે લક્ષ કરનાર બીજો જીવ છે, પણ તેમાં ઉત્પાદ-વ્યય પર્યાય ન હોય તો એનો અન્વય છે એ એને સિદ્ધ નહિ થાય. કાયમ ધ્રુવ રહેનારું (તત્ત્વ) સિદ્ધ નહિ થાય. આહા..હા...!

મુનિઓએ પણ આવી વાતો કરી છે ! દિગંબર સંત આનંદમાં રહેતા !! અતીન્દ્રિય આનંદમાં ! આ..હા..હા...! એમાં વિકલ્પ આવ્યો, એમાં આવી વાત રચાઈ ગઈ ! શબ્દમાં આવી વાત રચાઈ ગઈ ! આ..હા..હા...! એમણે રચી નથી. એમનામાં આ જાતનું જ્ઞાન હતું કે, સંહાર વિના ઉત્પન્ન ન હોય, ઉત્પન્ન વિના સંહાર ન હોય અને ઉત્પન્ન-સંહાર વિના–વ્યતિરેક વિના અન્વય ન હોય. આહા..હા...! કહો, આ તમારા સ્થાનકવાસીમાં (કોઈ) દી’ સાંભળ્યું હતું ? એકેન્દ્રિયની દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો... (આવું સાંભળ્યું હતું). આહા..હા...!

વસ્તુની દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય છે. આ બધો સમ્યગ્દર્શનનો વિષય છે, હોં ! ‘જ્ઞેય અધિકાર’ ! ૯૨ ગાથા (સુધી) ‘જ્ઞાન અધિકાર’, ૯૩થી ૨૦૦ (ગાથા) સુધી ‘સમકિત અધિકાર’ (છે), પછી ‘ચરણાનુયોગનો અધિકાર’ (છે). આહા..હા...! તો કહે છે કે, તારો પ્રભુ છે ને આત્મા ! એમાં એકલી ધર્મની પર્યાયની ઉત્પત્તિ જોવા જાય તો મિથ્યાત્વના વ્યય વિના એ ઉત્પત્તિ નહિ થાય અને કાં અસત્‌ની ઉત્પત્તિ થાય, કાંઈ નહોતું અને થયું એવું થાય. આહા..હા...! પણ ચૈતન્યભગવાન છે એમાંથી સંહાર થઈને ઉત્પત્તિ થાય છે. આ..હા..હા...! એકલો સંહાર–મિથ્યાત્વનો નાશ જ ગોતવા જા તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના મિથ્યાત્વનો વ્યય નક્કી (નહિ થાય), નિર્ણય જ નહિ થાય. આહા..હા...! અને કાં ભગવાન સત્ છે તેનો નાશ થશે. એકલો જો સંહાર ગોતવા જા તો એનો નાશ થઈ જશે. આત્મા એકલો ટકતો–ધ્રુવ છે એમ જો જોવા જા તો ધ્રુવ જે અન્વય કાયમ રહેનાર છે, એ કાયમ રહેનાર છે એ વ્યતિરેક વિના એ કાયમ રહેનાર હોઈ શકે નહિ. કારણ કે વ્યતિરેક દ્વારા અન્વય જણાય છે. એ પલટતી અવસ્થા દ્વારા અન્વય જણાય છે. એ પલટતી અવસ્થા ન માન અને એકલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્રુવ માન તો એ પલટતી અવસ્થા વિનાનો ધ્રુવ હોઈ શકે જ નહિ અને કાં એ ધ્રુવ તે ક્ષણિક થઈ જશે. આહા..હા...! આટલા વર્ષમાં આવું કોઈ દી' સાંભળ્યું નહિ હોય. આહા..હા...!

આ 'પ્રવચનસાર' છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી ! આ..હા..હા...! સંતો(ને) કરુણાનો વિકલ્પ આવ્યો. એના–વિકલ્પના પણ એ કર્તા નથી અને ટીકા થઈ એના તો કર્તા છે જ નહિ. આ..હા..હા...! પણ ટીકામાં આ વાત રચાઈ ગઈ એમાં એમનું જ્ઞાન, વિકલ્પ નિમિત્ત કહેવાય. જ્ઞાન નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ એવો નથી કે, આ થયું માટે આ જ્ઞાન નિમિત્ત હતું માટે થયું એમ નિમિત્તની વ્યાખ્યા જ નથી. આહા..હા...!

લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત કહેવાય, એથી કાંઈ લોકલોકથી કેવળજ્ઞાન થયું છે ? અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત કહેવાય. કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત કહેવાય એટલે લોકાલોક કેવળજ્ઞાનથી થયા છે ? બસ ! નિમિત્ત કહેવાય (તો) નિમિત્તની વ્યાખ્યા આ છે. નિમિત્ત આવે એટલે (જીવને એમ લાગે કે) આ..હા..હા...! નિમિત્ત આવ્યું ત્યારે થયું ને ? પણ શું નિમિત્ત એટલે ? કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે એથી કરીને કેવળજ્ઞાનને લઈને લોકાલોક છે એમ નથી. તેમ લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? લોકાલોકને કેવળજ્ઞાનનું નિમિત્ત છે. માટે કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે એમ છે ? આહા..હા...!

(અહીંયાં કહે છે કે), '**કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો–અન્વયનો–તેને અભાવ થવાને લીધે,...**' અન્વય જ ન રહે. '**સ્થિતિ જ ન થાય;...**' વ્યતિરેક વિના સ્થિતિ જ ન રહે. આહા..હા...! પલટાની અવસ્થા વિના ધ્રુવ જ ન રહે. આહા..હા...! '**અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.**' ક્ષણિક તે નિત્ય થઈ જાય. આહા..હા...! '**જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય.**' બધા આત્માઓ અને પરમાણુઓનું ધ્રુવપણું જ નહિ રહે. જેમ વ્યતિરેક વિના મૃત્તિકાની એકલી સ્થિતિ ન રહે... આહા..હા...! એમ બધા પદાર્થનું પણ વ્યતિરેક વિના ધ્રુવપણું નહિ રહી શકે. આ..હા..હા...! ઝીણો વિષય છે પણ મૂળ વિષય છે. મૂળ સમ્યગ્દર્શનનો આ વિષય છે. આ રીતે અંદર વસ્તુને માને.

પોતાની ઉત્પત્તિ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ મિથ્યાદર્શનના વ્યયને કારણે થઈ અને તે ઉત્પત્તિ ધ્રુવથી થઈ અને મિથ્યાત્વનો વ્યય થયો એ સમકિતની ઉત્પત્તિના કારણે થયો. એકલો સંહાર–મિથ્યાત્વનો વ્યય જોવા જાય તો ધ્રુવનો પણ નાશ થઈ જાય. એકલું ધ્રુવપણું ગોતવા જા (તો) ધ્રુવ છે ઈ ધ્રુવથી કંઈ જણાય છે ? ધ્રુવ છે ઈ તો વ્યતિરેકો–અવસ્થાથી જણાય છે. આ જડ છે તો એની ઉત્પત્તિથી તે જડ જણાય છે. આ ચૈતન્ય છે એની ઉત્પત્તિનું વ્યતિરેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તેનાથી તે જણાય છે. આ..હા..હા..હા...! કેટલું ગોઠવ્યું છે !

(કોઈ) કહે, ધર્મની ઉત્પત્તિ કર્મના ક્ષયોપશમથી થાય. દેવ-ગુરુની શ્રદ્ધાથી થાય, દેવ-ગુરુની કૃપાથી થાય. આહા..હા...! આ ભગવાનના દર્શન અને મંદિરથી સમકિત થાય. એની અહીં ના પાડે છે. આહા..હા...! એ તો શુભ ભાવ હોય છે, વસ્તુ છે. પ્રતિમા, જિનમંદિર એ વસ્તુ છે પણ એ શુભ ભાવમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે એનાથી શુભ ભાવ થતો નથી, શુભ ભાવમાં એ નિમિત્ત છે. ધર્મમાં નિમિત્ત છે (એમ) નહિ. આ..હા..હા...! આવું (તત્ત્વ) !

ધર્મના કારણમાં તો પૂર્વની પર્યાયનો નાશ (થયો) તે કારણ છે અને કાં પર્યાય જેનાથી ઉત્પન્ન થાય છે–અન્વય એ કારણ છે. આ..હા..હા..હા...! આવું ઝીણું છે. ચારિત્રની પર્યાય, વીતરાગી આનંદની પર્યાય... આ..હા..હા...! એકલી તું ગોતવા જા તો પૂર્વના દુઃખની પર્યાયના વ્યય વિના આનંદની પર્યાયની ઉત્પત્તિ નહિ થાય. આ..હા..હા...! અને કાં અસત્‌ની ઉત્પત્તિ થઈ જશે. આહા..હા...! ભગવાન સત્ છે અને સંહાર થાય છે તેથી ઉત્પત્તિ થાય છે. આ..હા..હા...!

એકલો મિથ્યાત્વનો વ્યય ગોતવા જા તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના મિથ્યાત્વનો વ્યય જણાશે નહિ અને એનો એકલો (સંહાર) ગોતવા જા તો સત્‌નો નાશ થઈ જશે. આહા..હા...! અને (એકલી) સ્થિતિ ગોતવા જા તો ઉત્પાદ-વ્યયના કાર્ય વિના આ ધ્રુવ છે, ઈ પલટતી ક્રિયા દ્વારા જણાય છે કે આ ધ્રુવ છે, તો પલટતી અવસ્થા ન માન તો સ્થિતિ જ નહિ જણાય. સ્થિતિ જ નહિ જણાય, સ્થિતિ જ નહિ રહે અને કાં તે સ્થિતિ ક્ષણિક થઈ જશે. કારણ કે પલટો તો ખાય છે અને સ્થિતિ માનતો નથી. આહા..હા...! આવી વાત છે. આહા..હા...! આજે તો આઠમ છે, જેઠ વદ આઠમ. ધીમે-ધીમે (સમજવું), ન સમજાય તો રાતે પૂછવું.

શ્રોતા :– સમજ્યા જ ન હોય એ રાતે પૂછી શું શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈક-કાંઈક (તો) સમજાય ને ! ઘણાં વર્ષથી તો આ ચાલે છે. સવા ચુમ્માલીસ વર્ષ તો અહીં થયા. 'સોનગઢ' ! સવા ચુમ્માલીસ ઉપર ! વદ ત્રીજ ઉપર જેટલું જાય (તેટલું). આજે તો આઠમ (છે), પાંચ દી' થયા. સવા (ચુમ્માલીસ) ઉપર પાંચ દી' ! આહા..હા...! શું વીતરાગમાર્ગની શૈલી ! આ..હા..હા...!

ધર્મની ઉત્પત્તિમાં સંહાર છે એ કારણ (છે) માટે ઉત્પત્તિ (થઈ છે). ઉપાદાનકારણ છે તે સંહાર થયો–વ્યય થયો... આહા..હા...! ત્યારે તે (ઉત્પાદ) કાર્ય સમકિત આવ્યું. આ..હા..હા..હા...! એક કહ્યું હતું ને ? પૂર્વ પર્યાયસહિત દ્રવ્ય તે ઉપાદાન. આવ્યું છે ને એ ? ઝીણું, મગજમાં વળી આવી ગયું. 'જૈન તત્ત્વ મીમાંસા'માં (આવ્યું છે). 'ફૂલચંદજી'નું ! છે કે નહિ ? બીજી હમણાં છપાણી છે, ઈ છે ? ઈ નહિ હોય. બીજી છપાણી છે. છે ? બીજી... બીજી ! છે ભાઈ ? (નથી). એમ ! ઠીક ! રૂપિયા નવા-નવા આવે છે ઈ કેમ ઘરે રાખે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ? ‘જૈન તત્ત્વ મીમાંસા’ એક જૂની છે અને એક નવી છે. આ..હા...! એમાં મૂક્યું છે કે, પૂર્વની પર્યાયસહિતનું દ્રવ્ય એ ઉપાદાન અને ઉત્તરની પર્યાયસહિતનું દ્રવ્ય તે ઉપાદેય. પેલું કારણ અને (આ) કાર્ય. એમાં છે. હજી (તો) પર્યાયની ખબર ન મળે. પૂર્વની પર્યાયસહિતનું દ્રવ્ય એ ઉપાદાનકારણ છે અને ઉત્તર પર્યાયસહિતનું દ્રવ્ય તે ઉપાદેય છે. અહીં કહે છે કે, ઉત્પાદ છે એ પૂર્વના ઉપાદાનકારણના અભાવ વિના હોઈ શકે નહિ. આહા..હા...! ઉપાદાનકારણ છે એટલે ઉપાદાનકારણ રહીને કાર્ય થાય, એમ નથી. શું કીધું ઈ ? પૂર્વની પર્યાયસહિતનું દ્રવ્ય કારણ છે, પછીની પર્યાયસહિતનું દ્રવ્ય કાર્ય છે. એટલે ? પૂર્વની પર્યાય રહી અને પછીની પર્યાય થાય, એમ નથી. સમજાણું કાંઈ ? પૂર્વની પર્યાયનો વ્યય થઈને (નવી ઉત્પત્તિ થાય છે) તેથી તેને ઉપાદાન કીધું. પણ વ્યય થઈને પછીની પર્યાયનું કાર્ય થાય. આહા..હા...! ઇ પૂર્વની પર્યાય ઉપાદાન તરીકે ટકી રહે અને પછી કાર્ય થાય, એમ નથી. આહા..હા...! ‘જૈન તત્ત્વ મીમાંસા’માં આવે છે. હમણાં બીજું પુસ્તક છપાણું એમાં તો ઘણું નાખ્યું છે. આહા..હા...!

બહુ સરસ વાત છે ! આ..હા..હા...! પ્રભુ ! તું આત્માને એકલો ધ્રુવ જ ગોતવા જા તો ગોતનાર જે કાર્ય છે એના વિનાનો એ ધ્રુવ રહી શકે શી રીતે ? જણાય શી રીતે ? વ્યતિરેક વિના અન્વય–કાયમ ટકતું, ભિન્ન-ભિન્ન દશા વિનાનું એકરૂપ ટકતું તત્ત્વ જણાય શી રીતે ? આહા..હા...! ઈ આમાં આવ્યું ને ? અનિત્ય તે નિત્યનો નિર્ણય કરે છે. જો અનિત્ય જ ન હોય તો અને એકલો નિત્ય જ હોય તો નિર્ણય કરનાર રહેતો નથી. આહા..હા...! બરાબર છે ? આહા..હા...! ચારે કોરથી જુઓ તો ઈ વાત સિદ્ધ થઈ જાય છે.

વ્યતિરેક વિના ધ્રુવ ન હોય કેમકે અનિત્ય તે નિત્યનો નિર્ણય કરે છે. નિત્યનો નિર્ણય નિત્ય ન કરે. આ..હા...! અને નિત્ય–ધ્રુવ જો ન હોય તો ઉત્પાદ-વ્યયની (જેમ) સ્થિતિ ક્ષણિક જ થઈ જાય, આખો આત્મા જ ક્ષણિક થઈ જાય. ઉત્પાદ-વ્યય ક્ષણિક છે એવું ધ્રુવ ક્ષણિક થઈ જાય. આ..હા..હા..હા...!

શ્રોતા :– ક્ષણિકને નિત્યપણું લીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્ષણિક નિત્ય થઈ જાય, ક્ષણિક નિત્ય થઈ જાય. છે ? ‘**ક્ષણિકનું જ નિત્યપણું થાય. ત્યાં (૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય (અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે–ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈ પણ દ્રવ્ય...**)’ આત્મા, સિદ્ધ વિગેરે. ‘**(કોઈ પણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે–ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય...**’ આહા..હા...! અહીં તો ભગવાન નિત્ય દેખાય છે એમાં કહે છે કે, જો ક્ષણિકનું નિત્યપણું થાય ‘**તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય.**’ ચિત્ત જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષણિક છે, ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના પરિણામ ક્ષણિક છે એનું નિત્યપણું થઈ જાય. નિત્ય તો ધ્રુવ છે અને આ ચિત્તના પરિણામ (પણ) ધ્રુવ થઈ જાય. આહા..હા...! આવું છે. વીતરાગનો માર્ગ !

સાચા જ્ઞાન વિના વાસ્તવિક ભાવભાસન ન થાય ત્યાં સુધી એની પ્રતીતિ પણ સાચી ક્યાંથી થાય ? આ..હા..હા...! જે ચીજ જે રીતે છે તે રીતનું ભાસન ન થાય અને ભાસન થયા વિના 'આ આ જ છે' એવી પ્રતીતિ પણ ક્યાંથી થાય ? આહા..હા...!

'**(મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે).**' આહા..હા...! '**માટે દ્રવ્યને...**' એટલે વસ્તુને '**ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે,...**' આહા..હા...! પછી પછીની ઉત્પત્તિ સાથે અને '**પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે...**' દરેક દ્રવ્યને (આ લાગુ પડે છે). આ..હા..હા...! પછી પછીની અનેક અવસ્થા સાથે, પહેલાં પહેલાંની અનેક અવસ્થાના અભાવ સાથે '**અને અન્વયના અવસ્થાન સાથે...**' (એટલે) ટકતા તત્ત્વની સાથે અવિનાભાવપણું છે. આ..હા...! અવસ્થાન = ટકવું તે; ધ્રુવ રહેવું તે. '**જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ લાંછન પ્રકાશમાન છે...**' આ..હા..હા...! '**જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ...**' (અર્થાત્) ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા...! 'તત્ત્વાર્થસૂત્ર'માં આમ સાધારણ વાત કરી કે, 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્', 'સત્ દ્રવ્ય લક્ષણમ્'. પણ સાધારણ નથી, બાપુ ! મોટી ગંભીરતા છે ! આ..હા..હા...! ઘણી વિચારણા માગે છે. અંદર ઘણાં ઊહાપોહ માગે છે. આ..હા..હા...!

શ્રોતા :– આ વાત બરાબર સમજમાં ન આવે તો સાંખ્યમત અને બૌદ્ધમત જેવું થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધું અજ્ઞાન થઈ જાય. અજ્ઞાન છે ને, પછી ગમે તે મત અજ્ઞાન છે. આ..હા...! ક્ષણિક માને તો બૌદ્ધ થઈ જાય, ક્ષણિકપર્યાયને નિત્ય માને તો પણ બૌદ્ધ થઈ જાય. આ..હા...! અને એકલું ધ્રુવ માને તો અનિત્ય વિના એ પણ અજ્ઞાન થઈ જાય. વેદાંત એકલું ધ્રુવ માને છે ને ? વેદાંત એકલું ધ્રુવ માને, બૌદ્ધ એકલું ક્ષણિક માને. આ..હા...! બે મત થઈ જાય. એકલું ક્ષણિક માને તો ધ્રુવ પણ ક્ષણિક થઈ જાય એટલે બૌદ્ધ મત થઈ જાય અને એકલું ધ્રુવ જ માને, ઉત્પાદ-વ્યય ન માને તો વેદાંત જેવું કૂટસ્થ થઈ જાય. આહા..હા...! ઝીણી વાત છે પણ હવે પાઠ આવ્યો હોય ઇ પ્રમાણ અર્થ કરવો (પડે ને) ?

પેલા (લૌકિકના) અભ્યાસ કરવા બિચારા મરી જાય છે. ક્યાંના ક્યાં 'લંડન' જાય ને વિલાયત જાય ! આહા..હા...! પાપના અભ્યાસ ! આ અભ્યાસ ઘરનો અભ્યાસ (છે). આ..હા...! જેનો અભ્યાસ કરતાં-કરતાં પુણ્ય બંધાઈ જાય. પછી અભ્યાસમાં અંતરનો અભ્યાસ થઈ જાય ત્યારે ધર્મ થઈ જાય. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– પુણ્ય ફળે તો સાચા દેવ-ગુરુ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાચો દેવ-ગુરુ આત્મા છે. ગુરુ પણ આત્મા, દેવ પણ આત્મા અને ધર્મ પણ આત્મા, પંચ પરમેષ્ઠી આત્મા છે. આહા..હા...! ઈ આવે છે ને ? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ પદ(સ્વરૂપ) અંદર આત્મા છે. આત્મામાં પાંચ પદ છે. આ..હા..હા..હા...! બહારના પદ તો વ્યવહાર કહેવાય. પોતાનું અંદર નિશ્ચયપદ છે. અરિહંત, સિદ્ધ, કેવળજ્ઞાન આદિ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિ વીતરાગતાનો ભાવ ઈ પોતે અંદર આત્મા છે. આ..હા..હા...! અને વીતરાગભાવ ઈ ક્ષણિક છે અને વીતરાગીસ્વરૂપ ત્રિકાળ છે તે નિત્ય છે. જે વીતરાગીભાવ છે એ તો ક્ષણિક છે. મોક્ષમાર્ગ છે એ તો ક્ષણિક છે. આહા..હા...! આ મોક્ષ પોતે પણ ક્ષણિક છે ! પર્યાય છે ને ! ઈ પર્યાય વિના દ્રવ્ય સિદ્ધ નહિ થાય અને દ્રવ્ય વિના પર્યાય સિદ્ધ નહિ થાય. પર્યાય કોને આધારે થાય છે ? એ સિદ્ધ નહિ થાય. આજનો વિષય થોડો ઝીણો છે, ભાઈ ! રવિવારે આ લોકો 'ભાવનગર'થી આવે છે (ત્યારે) બરાબર આવું આવી જાય છે, લ્યો ! આહા..હા...!

'**દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે અવિનાભાવવાળું...**' આ..હા..હા...! ઉત્પાદ વિના વ્યય ન હોય, વ્યય વિના ઉત્પાદ ન હોય, ઉત્પાદ-વ્યય વિના ધ્રુવ ન હોય, ધ્રુવ વિના ઉત્પાદ-વ્યય ન હોય. (આમ) અવિનાભાવ છે (એટલે કે) એકની સાથે બીજો ભાવ હોય જ. એનું નામ અવિનાભાવ છે. છે ને ? આહા..હા...! અવિનાભાવનો (અર્થ) પહેલાં આવી ગયો છે. ૧૮૯ પાને, બસ ! ઈ. જુઓ ! 'અવિનાભાવ = એક વિના બીજાનું નહીં હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ' તે અવિનાભાવ. ઈ આવી ગયું છે. આહા..હા...! '(**અબાધિત**) **ત્રિલક્ષણપણારૂપ લાંછન...**' એટલે ચિહ્ન '**પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું.**' એવું જરૂર માન્ય કરવું એમ કહે છે. આ રીતે વસ્તુ છે તેનું જ્ઞાન કરીને તેને માન્ય કરવું.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૧૦૦**
**પ્રવચન નં. – ૧૦૮**
**તા. ૧૮-૬-૭૯**

'પ્રવચનસાર' ૧૦૦–ગાથા, ટીકા ફરીને (લઈએ). **'ખરેખર સર્ગ સંહાર વિના હોતો નથી...'** દરેક દ્રવ્યમાં પર્યાયની ઉત્પત્તિ વિના સંહાર હોતો નથી. સર્ગ–ઉત્પત્તિ સંહાર વિના હોતી નથી. સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વના નાશ વિના હોતી નથી. આહા..હા...! સર્ગ એટલે ઉત્પત્તિ. સમકિતની ઉત્પત્તિ સંહાર વિના–મિથ્યાત્વના નાશ વિના હોતી નથી. આ તો દૃષ્ટાંત (છે). એમ બધાં(માં) સિદ્ધાંત (લેવો).

**'અને સંહાર સર્ગ વિના હોતો નથી;...'** સંહાર પણ ઉત્પત્તિ ન હોય અને સંહાર હોય એમ બને નહિ. સંહાર ન હોય એમ બને નહિ. **'સંહાર સર્ગ વિનો હોતો નથી;...'** સંહાર નાશ થાય, એ ઉત્પત્તિ હોય તો નાશ થાય. એટલે ઉત્પત્તિ સંહાર વિના નહિ અને સંહાર ઉત્પત્તિ વિના નહિ. આહા..હા...! મિથ્યાત્વનો નાશ સર્ગ વિના નામ સમકિતની ઉત્પત્તિ વિના હોતો નથી. આહા..હા...!

**'સૃષ્ટિ અને સંહાર...'** સમકિતની ઉત્પત્તિ (એ) સૃષ્ટિ અને સંહાર (એટલે) પૂર્વના મિથ્યાત્વનો નાશ. એ **'સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી,...'** એ સૃષ્ટિ અને સંહાર સ્થિતિ વિના હોતાં નથી. એટલે ? સમકિતની ઉત્પત્તિ, મિથ્યાત્વનો નાશ ધ્રુવ વિના હોતા નથી.

**'સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી'** ધ્રુવ જે છે–ટકવું જે છે એ પણ ઉત્પાદ અને વ્યય વિના હોતા નથી. આહા..હા...! બહુ સિદ્ધાંત (ભરી દીધા છે). એમાં તો મહા સિદ્ધાંત કીધાં કે, જે કોઈ દ્રવ્ય છે તે સમયમાં તેની જે પર્યાય ઉત્પન્ન થાય એ પરને લઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. સંહાર વિના ન થાય પણ પરને લઈને નહિ. પૂર્વની પર્યાયના વ્યય વિના – ઉપાદાનકારણના ક્ષય વિના ઉપાદેય પર્યાય નવી થાય નહિ. મિથ્યાત્વ છે તે ઉપાદાન છે એના ક્ષય વિના–સંહાર વિના સમકિતની ઉત્પત્તિ હોય નહિ. તો સમકિતની ઉત્પત્તિ પરથી હોય એ વાત તો રહી નહિ. આહા..હા...! આ નિસર્ગ, અધિગમ સમકિત કહે છે ને ? અધિગમ સમકિત ! અહીં કહે છે કે, ઈ પર્યાય પોતાથી થઈ છે, અધિગમ–ગુરુથી નથી થઈ. ભલે બે ભેદ પડ્યા–નિસર્ગ (અને અધિગમ). પણ જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ છે એ પર વિના થઈ છે. પર વિના થઈ છે ! આહા..હા...! ક્ષાયિક સમકિતની પર્યાય થાય છે ત્યારે કહ્યું કે, નિમિત્તને કાળે થાય. અહીં કહે છે કે, એ નિમિત્ત વિના પર્યાય થાય છે. ક્ષાયિક સમકિત સમવસરણમાં શ્રુતકેવળીની સમીપ થાય, પણ છતાં એનાથી ન થાય. ક્ષાયિક સમકિત શ્રુતકેવળી અને તીર્થંકરની સમીપથી ન થાય. આ..હા..હા...! અધિગમ અને નિસર્ગ (સમકિત) કીધું તો અધિગમથી ન થાય એમ અહીં તો કીધું. એ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, બાકી થાય છે એ પોતાની પર્યાય પોતાને કારણે ઉત્પન્ન થાય છે. આહા..હા...! આ ફરીને લીધું છે. હવે, નીચે.

**'જે સર્ગ છે તે જ સંહાર છે,...'** (અર્થાત્) જે ઉત્પત્તિ છે તે જ સમયે સંહાર હોય છે. એટલે **'તે જ સંહાર છે'** એમ કીધું. સમકિતની ઉત્પત્તિ છે તે જ મિથ્યાત્વનો સંહાર છે, તે જ સમયે છે. આહા..હા...! ધર્મની ઉત્પત્તિ છે તે જ સમયે અધર્મનો વ્યય નામ નાશ છે. આહા..હા...! **'સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે...'** જે મિથ્યાત્વનો નાશ છે તે જ સમકિતની ઉત્પત્તિ (છે). તે જ સમયે ઉત્પત્તિ છે. તે સમયે છે માટે તે જ છે. આહા..હા...!

**'જે સર્ગ ને સંહાર છે...'** સમ્યગ્દર્શનની પર્યાયનો સર્ગ નામ ઉત્પત્તિ અને મિથ્યાત્વનો સંહાર **'તે જ સ્થિતિ છે,...'** એ જ વખતે એનું ધ્રુવપણું હોય છે. આહા..હા...! દરેક દ્રવ્યની વાત છે. આ તો સમકિતના દૃષ્ટાંતથી વાત કરી. આહા..હા...! પર વિના કાંઈ થાય નહિ એમ જે અત્યારે પોકાર છે, નિમિત્તકારણ હોય ત્યારે કાર્ય થાય એમ જે કહે છે એમાં આ વિરોધ કરે છે. એની પર્યાય જે થાય છે ચાહે તો શરીરની હો, વાણીની હો, કર્મની હો, રાગની હો. રાગની ઉત્પત્તિ એ પણ આત્માનો સ્વભાવ છે. કેમકે દ્રવ્ય સદાય પોતાના સ્વભાવમાં રહે છે અને સ્વભાવ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે, તો ઉત્પાદમાં રાગ અને મિથ્યાત્વ પણ આવી ગયા. આ..હા..હા...! મિથ્યાત્વનો ઉત્પાદ, પહેલી મિથ્યાત્વની પર્યાયના સંહાર વિના મિથ્યાત્વની ઉત્પત્તિ નહિ અને ઈ મિથ્યાત્વની ઉત્પત્તિ અને પહેલાં મિથ્યાત્વનો સંહાર ધ્રુવ વિના નહિ. એ ત્રણે થઈને દ્રવ્યનો સ્વભાવ છે એમ કહે છે. આહા..હા...!

કોઈ કહે કે, મિથ્યાત્વ અને રાગ, દ્વેષ જીવનો સ્વભાવ નથી. ઈ તો કઈ અપેક્ષાએ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઈ તો (સ્વભાવ) શુદ્ધ છે અને પેલું અશુદ્ધ છે ઈ અપેક્ષાએ. બાકી અશુદ્ધ પણ એનો સ્વભાવ છે. એનાથી થયેલો એનો સ્વભાવ છે. આ..હા..હા...! આવું ઝીણું છે.

**'જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે...'** ટકવું છે **'તે જ સર્ગ ને સંહાર છે.'** ધ્રુવ છે તે જ સમયે નવી સમકિતની પર્યાય ઉત્પન્ન થઈ, મિથ્યાત્વનો નાશ થયો, ધ્રુવપણે તત્ત્વ રહ્યું – ભગવાન (રહ્યો). આહા..હા...! **'તે આ પ્રમાણે :'** હવે એને વિસ્તારથી સમજાવે છે.

**'જે કુંભનો સર્ગ છે...'** જે ઘડાની ઉત્પત્તિની પર્યાય થાય છે, ઘડાની ઉત્પત્તિની પર્યાય થાય છે... આહા..હા...! **'તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે,...'** એ મૃત્તિકાપિંડ જે હતો પિંડ, એ પિંડનો વ્યય–સંહાર થાય છે ત્યારે ઘટની પર્યાયનો ઉત્પાદ થાય છે. ઘટની પર્યાયની ઉત્પત્તિમાં પૂર્વની ઉપાદાનની પર્યાયનો ક્ષય એ કારણ છે. આહા..હા...! સમજાણું ? સમકિતની ઉત્પત્તિમાં પૂર્વનું ઉપાદાન મિથ્યાત્વ છે એનો ક્ષય તે કારણ છે. મિથ્યાત્વ પોતે એનું કારણ છે એમ નથી, એનો ક્ષય–સંહાર (કારણ છે). મિથ્યાત્વનો સંહાર તે ઉત્પત્તિનું કારણ છે. કેમકે પૂર્વે હતું ઈ ઉપાદાન કારણ છે. એનો ક્ષય થાય છે ત્યારે નવી પર્યાય થાય છે. આ..હા..હા...! આ તો બીજી વાર ચાલે છે.

**'કુંભનો સર્ગ છે તે જ મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે...'** એટલે કે ઘડાની ઉત્પત્તિ, એનો જે ભાવ, એનાથી ભાવાન્તર–અનેરો ભાવ તેના અભાવસ્વભાવે **'અવભાસન છે.'** આહા..હા...! એટલાં શબ્દોમાં (કેટલું ભર્યું છે) ! ભાવ એટલે કે ઘડાની પર્યાય ઉત્પન્ન થઈ અથવા ભાવ એટલે સમકિતની પર્યાય ઉત્પન્ન થઈ એ **'ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે...'** એ જે સમકિત ભાવ છે એનાથી અનેરો ભાવ (એટલે કે) મિથ્યાત્વ, એના અભાવસ્વભાવે **'અવભાસન છે.'** સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વના અભાવસ્વભાવે પ્રકાશે છે. કહો, સમજાણું ? આ તો દૃષ્ટાંત (છે બાકી) બધાં તત્ત્વોમાં એ રીતે લઈ લેવું. ઓ..હો..હો...! ૧૦૦ ગાથા...!

દરેક દ્રવ્યની જે સમયે જે અવસરે (પર્યાય) થવાની તે અવસરે તે સમયે પર્યાય થાય. તે પર્યાયનું કારણ સંહાર (છે). કારણ કે પર્યાય ભાવ છે તેનાથી ભાવાન્તર સંહાર છે (એટલે કે) પૂર્વની પર્યાયના **'અભાવસ્વભાવે અવભાસન છે. (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે–દેખાય છે).'** આ..હા...! સમજાણું ? આ..હા...! કેવળજ્ઞાનની પર્યાય એવો જે ભાવ એનાથી ભાવાન્તર (એટલે) પૂર્વની પર્યાય એ ભાવાન્તર (છે), એના અભાવસ્વભાવે કેવળજ્ઞાન પ્રકાશે છે. કર્મક્ષયથી કેવળજ્ઞાન પ્રકાશે છે (એમ નહિ). આવા અર્થ !

'તત્ત્વાર્થસૂત્ર'માં તો એમ આવે કે, ચાર કર્મ ક્ષય થાય (ત્યારે) કેવળજ્ઞાન થાય. અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, એમ નથી. એ તો નિમિત્તનું કથન કર્યું. બાકી તો કેવળજ્ઞાન થાય એ ભાવ છે એનાથી અનેરો ભાવ (એટલે) પૂર્વની પર્યાય છે એ અનેરો ભાવ છે, એના અભાવસ્વભાવથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ..હા..હા...! કેવળજ્ઞાન પહેલાં જે ચાર જ્ઞાન આદિની અપૂર્ણ દશા હતી એ કેવળજ્ઞાનના ભાવની અપેક્ષાએ અનેરો ભાવ છે. એ અનેરા ભાવના અભાવ વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ હોઈ શકે નહિ. આ..હા..હા...! અહીં તો (જે એમ કહે છે કે) મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય, વજનારાચસંહનન હોય તો કેવળજ્ઞાન થાય, એ વાત તો રહેતી નથી. આહા..હા...! ગુરુની દેશના મળે તો સમકિત થાય એ વાત પણ રહેતી નથી. આહા..હા...! કુગુરુ ઊંધી શ્રદ્ધાની પ્રરૂપણા કરે અને પેલો માને તે આનાથી માન્યું છે એમ નથી. ત્યાં એની મિથ્યાત્વની પર્યાયની ઉત્પત્તિ, પૂર્વના મિથ્યાત્વના પર્યાયનો સંહાર થઈ એ નવી મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થઈ છે.આ..હા...! કોઈ કહે કે, અમને કુગુરુ મળ્યા માટે આ (મિથ્યાત્વ) થયું છે એમ અહીં ના પાડે છે. આહા..હા...! અમને (એવા) ગુરુ મળ્યા માટે આ થયું એ ના પાડે છે. આ..હા..હા...! કેમકે દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં સદા વર્તે છે અને તે સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયમાં છે તેમાં તે દ્રવ્ય વર્તે છે. આ..હા...! આ તમારા ચોપડામાં ક્યાંય નહિ આવ્યું હોય. લોઢાના (વેપારમાં) આવી વાત આવે ? આહા..હા...!

એ લોઢાના કળશા થાય છે, વાસણ થાય છે એ વાસણની જે પર્યાય થઈ એ પૂર્વ પર્યાય જે ઉપાદાન હતું તેનો અભાવ થઈને થઈ છે, તમારા સંચા વડે થઈ નથી, સંચાના કારીગરો વડે થઈ નથી, એમ કહે છે. કેમ ? ભાવ એટલે સમકિતની પર્યાય અથવા ઘટની પર્યાય, એનાથી ભાવાન્તર એટલે અનેરો ભાવ, ભાવાન્તર એટલે અનેરો ભાવ, એના અભાવસ્વભાવે અવભાસન છે. (અર્થાત્) ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે. આ..હા..હા...! કેટલી વાત કરી ! આ પંડિતો તકરારું (કરે).

આ પરમ સત્ય પદાર્થની વ્યવસ્થા આ રીતે છે. એની વ્યવસ્થામાં બીજા પદાર્થના અવલંબનની જરૂર નથી. જે પદાર્થ છે તેની જે વ્યવસ્થા થાય છે તેમાં બીજા પદાર્થની બિલકુલ જરૂર નથી. તે વ્યવસ્થા થાય છે તે તેના ભાવથી ભાવાન્તર (એટલે) અનેરો પૂર્વ પર્યાય, તેના અભાવથી થાય છે. આહા..હા...! આ તો વકીલાત જેવું લાગે ! આહા..હા...!

'**વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે...**' માટીના પિંડનો જે સંહાર છે... આહા..હા...! '**તે જ કુંભનો સર્ગ છે,...**' કેમકે સંહારકાળે જ ઘટની ઉત્પત્તિ છે. મૃત્તિકાપિંડનો સંહાર એટલે ઉપાદાનકારણનો ક્ષય (છે) તે જ સમયે ઘડાની ઉત્પત્તિ છે. આહા..હા...! વાણિયાને વેપારીને આવું બધું યાદ રાખવું ! આ વસ્તુસ્થિતિ છે. આ મૂળમાં વાંધા છે એટલે તકરાર (કરે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સોનગઢવાળા' એકાંત કહે છે કે, નિમિત્તથી થાય નહિ. તો આ શું કહે છે ? દરેક દ્રવ્યની ઉત્પત્તિનો પર્યાય તેના અનેરા ભાવાન્તરના અભાવ વિના થાય નહિ પણ નિમિત્ત વિના ન થાય, એમ નહિ. આહા..હા...! (જે) મૃત્તિકાપિંડનો સંહાર છે તે જ ઘડાની ઉત્પત્તિ છે.

'**કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે...**' જે સંહાર છે તે અભાવ છે. એ અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે, એ અભાવનું ભાવાન્તર – અનેરો ભાવ (એટલે) ઉત્પત્તિનો (ભાવ), એવા '**ભાવસ્વભાવે અવભાસન છે.**' આ..હા..હા...! છે ? પહેલાંમાં ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન હતું. આમાં અભાવનું ભાવાન્તર એટલે અનેરો ભાવ (એટલે) ભાવ, એના ભાવસ્વભાવે અવભાસન છે. '**(અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે).**' આહા..હા...! જ્યાં મિથ્યાત્વનો વ્યય થયો ત્યાં સમકિતપર્યાય પ્રકાશે છે. આહા..હા...! અને સમકિતપર્યાય પ્રકાશે છે ત્યાં મિથ્યાત્વનો સંહાર (એટલે) સમકિતથી અનેરો ભાવ તેનો અભાવ છે. આ..હા..હા...! આ કાલે તો આવી ગયું છે, ભાઈ કહે કે ફરીને લ્યો. આહા..હા...!

શ્રોતા :– આજે જુદી રીતે આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ પછી ઈનું ઈ કાંઈ આવે ? આ..હા...! બે (મુદ્દા થયા).

'**વળી જે કુંભનો સર્ગ...**' ઘડાની ઉત્પત્તિ છે કે સમકિતની ઉત્પત્તિ છે. એ '**પિંડનો સંહાર છે...**' અહીં મૃત્તિકાની અપેક્ષાએ પિંડનો સંહાર અને સમકિતની અપેક્ષાએ મિથ્યાત્વનો સંહાર. '**તે જ મૃત્તિકાની સ્થિતિ છે,...**' માટીનું ધ્રુવપણું ત્યાં જ છે. સંહાર અને ઉત્પત્તિમાં જ ધ્રુવતા છે. ધ્રુવ–અન્વય વ્યતિરેક વિના હોઈ શકે નહિ. ઉત્પાદ-વ્યય વ્યતિરેક એટલે ભિન્ન-ભિન્ન ચીજ છે. ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય ભિન્ન થયા ને ? ઉત્પાદ ભાવરૂપ છે, (વ્યય) અભાવરૂપ છે. ઉત્પાદ ભાવરૂપ છે, સંહાર અભાવરૂપ છે. એ ભાવ અને અભાવ ધ્રુવની સ્થિતિ વિના હોઈ શકે નહિ. આ..હા..હા...!

જે પર્યાય ઉત્પન્ન થઈ તે પૂર્વના પર્યાયના અભાવથી થઈ અને સંહાર થયો (એ) એનાથી અનેરા ભાવની ઉત્પત્તિથી થયો. ઉત્પત્તિ છે ત્યાં સંહાર થયો અને એ સંહાર અને ઉત્પત્તિનો આધાર (ધ્રુવ છે). વ્યતિરેક અન્વય વિના ન હોય. એ વ્યતિરેક એટલે જુદી-જુદી ચીજ છે એ એકરૂપ ધ્રુવ વિના ન હોય. આહા..હા...! આવી વાત ! વાણિયાને નવરાશ ન મળે. સત્ય તો આ છે.

પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ (જે કહે છે તેને) આ સંતો સાદી ભાષામાં પ્રકાશે છે. પ્રભુ તું કોણ છો ? ક્યાં છો ? અને તું બીજા દ્રવ્યને પણ કઈ રીતે જો છો ? તને અને બીજાને (જેમ છે તેમ જો). તને પણ એમ જોકે ઉત્પત્તિની પર્યાય સંહાર વિના ન હોય, સંહાર વિના ઉત્પત્તિ ન હોય અને સંહાર ને ઉત્પત્તિ વિના અન્વય ન હોય–ધ્રુવ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવી રીતે બીજાને તું જો. આહા..હા...!

કુંભનો જે સર્ગ – ઉત્પત્તિ (છે તે) પિંડનો સંહાર છે (અને) તે જ માટીનું ટકવું છે– સ્થિતિ છે. '**કારણ કે વ્યતિરેકો...**' એટલે કે ઉત્પન્ન અને વ્યય એ વ્યતિરેક છે – ભિન્ન-ભિન્ન (છે). વ્યતિરેક ભિન્ન-ભિન્ન છે ને ? બન્ને ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... હોય તો (ભિન્ન-ભિન્ન ન હોય) આ તો એક ઉત્પાદ ને એક વ્યય, એક ઉત્પાદ ને એક વ્યય. એ વ્યતિરેકો – ભિન્ન-ભિન્ન છે એ '**વ્યતિરેકો અન્વયને અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી.**' ઉત્પન્ન અને વ્યય એ અન્વય એવો જે ધ્રુવ (છે) તેને છોડતા નથી. ધ્રુવ વિના તે વ્યતિરેકો હોય નહિ, વ્યતિરેક વિના તે ધ્રુવ હોય નહિ. આ..હા..હા...!

શ્રોતા :– બન્નેના સ્વરૂપ જુદા હોવા છતાં પરસ્પર અવિનાભાવપણું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સાથે જ છે. એક સમયમાં સિદ્ધ કરવું છે. આ તો એક સમયમાં (છે). પદાર્થની અવસ્થા એક સમયમાં – ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક સમયમાં છે. આહા..હા...! અને તે પણ જે ઉત્પન્ન થવાનો સમય છે તે જ સમયે ઉત્પન્ન થાય અને જે સમયે વ્યય થવાનો તે જ સમયે વ્યય થાય. ધ્રુવ તો (કાયમ) છે. આહા..હા...! સમજાય છે ? આવી વાત છે. ત્યાં ક્યાંય 'લાડનુ'માં નથી અને 'કલકત્તા'માં પણ નથી. આહા..હા...!

આ વાત, બાપુ ! આ..હા...! મહેરામણ છે ! દ્રવ્યનો મહેરામણ ઊછળ્યો છે !! આહા..હા...! જે કંઈ જે ક્ષણે જે દ્રવ્યની પર્યાય તે ક્ષણે જ (થાય). એમ. આહા..હા...! તે-તે અવસરે જ (થાય), આઘી-પાછી નહિ. તે-તે અવસરે હોવા છતાં એ ભાવથી ભાવાન્તર (જે) સંહાર છે એના વિના એ ભાવ રહે નહિ–ઉત્પન્ન થાય નહિ અને સંહાર છે (તે) એનાથી જે અનેરો ભાવ (ઉત્પાદ છે) એ વિના સંહાર હોઈ શકે નહિ અને સંહાર ને ઉત્પત્તિ એટલે વ્યતિરેકો અન્વય વિના–ધ્રુવ વિના હોઈ શકે નહિ. છે... છે... છે... છે... છે... છે... એવું જે અન્વય. આ ઉત્પાદ ને વ્યય (તો) વ્યતિરેક – ભિન્ન-ભિન્ન છે. પેલું છે.. ધ્રુવ... ધ્રુવ છે. એ ધ્રુવ વ્યતિરેક વિના હોઈ શકે નહિ. આ બીજી વાર લીધું છે, હોં !

'**વળી જે મૃત્તિકાની સ્થિતિ છે...**' માટીની જે ધ્રુવતા છે. આત્માની જે ધ્રુવતા છે. સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ, એમાં આત્માની ધ્રુવતા છે. આહા..હા...! '**તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે,...**' મૃત્તિકાની સ્થિતિ છે તે કુંભની ઉત્પત્તિ (અને) પિંડનો અભાવ (છે). એમ આત્મામાં ધ્રુવ આત્મા છે, તેમાં સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ એને આધારે છે. આ..હા..હા...! આ કાયદા જુદી જાતના છે. આ..હા...! (અજ્ઞાની તો કહે) ભગવાનની ભક્તિ કરો, થઈ જશે કલ્યાણ ! અહીં ના પાડે છે. મંદિર બનાવો તો કલ્યાણ થઈ જશે, ગુરુની ભક્તિ ખૂબ કરો તો કહે છે કે, સમકિતની પર્યાયની ઉત્પત્તિ થશે. (અહીં) ના પાડે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહા..હા...!

**'તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે.'** જોયું ? પહેલું શું કીધું ? વ્યતિરેકો અન્વયને છોડતા નથી, એમ કીધું અને આ કીધું કે, વ્યતિરેકો દ્વારા જ અન્વય પ્રકાશે છે. બે-બે વાત લેવી છે ને ? આહા..હા...! સમકિતની ઉત્પત્તિ અને મિથ્યાત્વનો નાશ, એમાં ધ્રુવ સ્થિતિ છે તે જ સમકિતની ઉત્પત્તિનો સમય અને તે જ મિથ્યાત્વના નાશનો સમય (છે). **'કારણ કે વ્યતિરેકો દ્વારા જ...'** (અર્થાત્) મિથ્યાત્વનો નાશ અને સમકિતની ઉત્પત્તિ દ્વારા જ **'અન્વય...'** (એટલે) ધ્રુવ **'પ્રકાશે છે.'** આ..હા..હા..હા...! મિથ્યાત્વનો નાશ અને સમકિતની ઉત્પત્તિ એ દ્વારા ધ્રુવ જણાય છે, કહે છે. આહા..હા...! આવ્યું ત્યાં ને ત્યાં, ધ્રુવ ઉપર પાછું આવ્યું ! આત્મામાં, હોં ! બધામાં એમ છે પણ જાણવાનું તો આને છે ને ? આહા..હા...!

(હવે કહે છે કે), **'અને જો આમ જ (–ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે'...'** એટલે કે ઉત્પત્તિનો સમય જુદો છે, અને **'અન્ય સંહાર છે...'** (અર્થાત્) સંહારનો સમય જુદો છે અને **'અન્ય સ્થિતિ છે'** (સ્થિતિનો) સમય જુદો છે **'એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે). એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે) :'** આ..હા..હા...!

**'કેવળ સર્ગ શોધનાર...'** ઘડાની ઉત્પત્તિ શોધનાર કે એકલી સમકિતની ઉત્પત્તિ શોધનાર. **'(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે,...'** એટલે કે સમકિતને માટે મિથ્યાત્વ ઉપાદાન છે. ગજબ વાત છે ને ! ઉપાદાન (કહ્યું) પણ એનો ક્ષય (છે તેને ઉપાદાન કહ્યું). ઉપાદાનનો ક્ષય. ઘડામાં પહેલાં જે માટીનો પિંડ છે એ એનું ઉપાદાનકારણ છે, પણ એના ક્ષયથી ઉત્પન્ન થાય. ઈ પાધરું ઉપાદાનથી જ થાતું નથી, એના અભાવથી થાય છે. ગજબ વાત છે ! મિથ્યાત્વ ઉપાદન, સમકિત ઉપાદેય ! પણ એ ઉપાદાનનો વ્યય–ક્ષય, ક્ષય તે કારણ છે. આહા..હા...! આવી ચીજ છે. આ બધા તમારા સુધરેલમાં ક્યાંય આવતું નથી. આહા..હા...! વીતરાગ... વીતરાગ... કેવી વાત ! દિગંબર સંતો ! કેવળજ્ઞાનના કેડાયતો ! કેવળજ્ઞાન આમ ઊભું રાખ્યું છે !! આ..હા..હા...! જ્યાં નજર કર ત્યાં પ્રભુ ! આ..હા..હા...!

પાણી જે ઊનું થયું છે એ ઊનાની પર્યાય–ઉત્પત્તિ ઠંડી પર્યાયના વ્યયથી થઈ છે, અગ્નિથી નહિ. આહા..હા...! ઊનું પાણી જે થયું છે એ ઠંડા પાણીનો સંહાર થઈને થયું છે. ઉપાદાનકારણ એ ઠંડી પર્યાય (છે). આહા..હા...! એના અભાવથી ગરમ અવસ્થા થઈ છે, અગ્નિથી નહિ. આવું કોણ માને ? આહા..હા...! ગાંડા જ કહે. પેલો એક પંડિત નહોતો આવ્યો ? (એ કહે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અગ્નિ વિના પાણી ઊનું થાય ? ક્યાંકનો આવ્યો હતો ને ? ઘણાં વર્ષ પહેલાં. આહા..હા...! એક પંડિત આવ્યો હતો, બાયડીને લઈને. (એ કહે કે), 'મનુષ્યપણા વિના કેવળ(જ્ઞાન) થાય નહિ, સંહનન વિના થાય નહિ.' આ બધા પંડિતો ! આહા..હા...!

અહીં કહે છે કે, કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ... આહા..હા...! એકલી શોધવા જાય તો '**(–વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' એકલી સમકિતની જ પર્યાય જોવામાં જાય તો ઉપાદાન જે મિથ્યાત્વ છે તેના કારણના અભાવને લીધે '**ઉત્પત્તિ જ ન થાય;...**' કેમકે પૂર્વનું ઉપાદાનકારણ એમને એમ રહે અને સમકિતની ઉત્પત્તિ થાય (એમ બને નહિ). આહા..હા...! માટીનો પિંડ એમને એમ રહે અને ઘડાની ઉત્પત્તિ થાય એમ બને નહિ. માટીના પિંડનો અભાવ થાય તો ઘડાની ઉત્પત્તિ થાય. આહા..હા...! આવી વાતું છે. વીતરાગનું તત્ત્વજ્ઞાન (બહુ ઝીણું). અત્યારે બધા ગોટા ચાલ્યા છે. આ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા (કરો). એની ઉત્પત્તિ છે, એ રાગની (ઉત્પત્તિ) છે. એ બંધનું કારણ છે અને તે રાગ પણ પૂર્વની પર્યાયના વ્યયથી થયો છે. આહા..હા...! મારે તો બીજું કહેવું છે કે, ભગવાનના દર્શન કર્યા માટે શુભ ભાવ થયો એમ નથી. એ શુભ ભાવ (ભગવાનના) દર્શનથી નથી (થયો) પણ શુભ ભાવ પૂર્વના ભાવના (અભાવથી થયો છે), ભલે પૂર્વે શુભ પણ હોય અને અશુભ પણ હોય, એના અભાવને કારણે ભાવાન્તર થયું. શુભથી ભાવાન્તર જે પૂર્વની પર્યાય એના અભાવે શુભ ભાવ થાય. ભગવાનના દર્શનથી શુભ ભાવ થાય (એમ) નહિ. આવી વાતું છે. આહા..હા...! અરે...! આ..હા..હા...! આ તો સત્યના મંત્રો છે ! આહા..હા...! જેમ સર્પનું ઝેર ચડ્યું (હોય એને) મંત્રથી ઉતારે એમ એકાંત પરથી થાય એમ માનનારાઓ ઝેરમાં ચડી ગયા છે એના આ મંત્રો છે. આ..હા..હા...!

બે કારણે કાર્ય થાય એમ આવે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (એમ કહ્યું છે). એને ઉચિત–યોગ્ય બીજી ચીજ છે. ઉચિત–યોગ્ય (કહ્યું) પણ ઉચિત–યોગ્ય છે માટે અહીં પર્યાય થઈ છે એમ નથી. આ..હા..હા...!

એક વાણિયો હતો, તે વાંઢો હતો. 'ઉમરાળા' પાસે 'વડોદ' (ગામ છે). રોટલી કરે તો આવડે નહિ, આમ ગોળ ચક્કર (કરતા) ન આવડે. આડી-અવળી થઈ જાય, ખૂણા નીકળે. અમે વ્હોરવા ગયા હતા (ત્યાં) એવી રોટલી હતી. એણે બિચારાએ કરી, એને કંઈ આવડે તો નહિ એટલે આમ ખૂણા નીકળે, બાયડીયુંને સરખી (નીકળે) એવી ન નીકળે. પણ એ પર્યાય ત્યાં એ રીતે જ થવાની હતી. આહા..હા...! અને એ પર્યાયનું પૂર્વ કારણ, લોટનો વ્યય છે–એ જાતની પર્યાયનો (વ્યય છે). એ સંહાર કારણ છે. રોટલીની ઉત્પત્તિનું કારણ એનું વેલણું અને આદમી કારણ નથી. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– સૂર્ય અસ્ત થયો ને રાત્રિ આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ એને કારણે નથી, રાતની પર્યાય એને કારણે છે. અંધારાની પર્યાયની ઉત્પત્તિ, પૂર્વની પર્યાયના અંધારાની પર્યાયથી ભાવાન્તર પૂર્વની પર્યાય (છે), તેના અભાવથી ઉત્પન્ન થઈ છે. અભાવથી થઈ છે. શું કીધું ઈ ? પુદ્ગલમાં અંધારાની ઉત્પત્તિ થાય તે ભાવ છે. એનાથી ભાવાન્તર પૂર્વે જે અંધારું નહોતું એ પર્યાયનો અભાવ થઈને આ (અંધારું) થયું છે. આ..હા..હા...! આવો માર્ગ બેસવો કઠણ પડે.

વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ જ આવું છે. છએ દ્રવ્યમાં પ્રત્યેક દ્રવ્ય સદા પોતે પોતાના સ્વભાવમાં વર્તે છે. એથી તેને વર્તે છે તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. માટે આત્માએ ઉત્પાદ-વ્યયમાં દ્રવ્ય વર્તે છે માટે તેણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. આહા..હા...! પરમાં તો ક્યાં (જોવાનું થાય છે ?) વસ્તુસ્થિતિ (આવી છે એમ) પરને તો ક્યાં જાણવું છે ? આ..હા...!

એકલો સર્ગ–ઉત્પત્તિ શોધનાર, એકલી ઘડાની ઉત્પત્તિ શોધનાર '**(–વ્યય અને ધ્રૌવ્યથી જાુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની) ઉત્પાદનકારણના અભાવને લીધે,...**' એટલે માટીના પિંડના અભાવના કારણને લીધે '**ઉત્પત્તિ જ ન થાય;...**' માટીનો પિંડ છે તેનો અભાવ ન થાય તો ઘડાની ઉત્પત્તિ જ ન થાય. આહા..હા...! કુંભાર નથી માટે ઉત્પત્તિ ન થાય, એમ નહિ. આ..હા..હા..હા...! આવી વાતું છે. આહા..હા...!

આ દુકાને હું બેઠો અને પછી આ પાંચ-પચીસ લાખ ભેગા થયા ને આ ધૂડ થઈ ને આ થયું... બધી ગપેગપ છે. આ..હા..હા...!

શ્રોતા :– દુકાને ગયો નથી, ઘરે જ બેઠો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘરે જ બેઠો છે. મફતનો કલ્પના કરે છે. પરમાં અડે છે કે દી' ? શરીરને અડ્યો નથી, વાણીને અડ્યો નથી, તમારા લોઢાના કારખાનાને અડ્યો નથી. આહા..હા...!

પ્રશ્ન :– ધ્યાન પણ ન રાખવું ?

સમાધાન :– ધ્યાન રાખે તો પણ પર્યાય પોતામાં છે, ત્યાં ક્યાં ધ્યાન રાખ્યું છે ? ધ્યાનની પર્યાય તો અહીં (–આત્મામાં) છે. એ પર્યાયની ઉત્પત્તિ તો પોતાના પૂર્વ પર્યાયના અભાવથી થઈ છે. સામી ચીજ દેખે માટે ઉત્પત્તિ થઈ છે ? આહા..હા...! ધંધો ધંધાને કારણે થાય છે. આહા..હા...! લોઢાનો કળશો (થયો) તો એ લોઢાના કળશાની ઉત્પત્તિ લોઢાના કારકથી થઈ છે અને પૂર્વનો જે લોઢાનો ભાવ હતો એનો અભાવ થઈને થઈ છે. અને અભાવ થઈને બે થઈ (–ઉત્પાદ-વ્યય થયા) એ અન્વય વિના હોય નહિ. એ વ્યતિરેકો લોઢું કાયમ રહ્યા વિના હોય નહિ અને એ લોઢું વ્યતિરેક વિના હોય નહિ. વ્યતિરેક વિના લોઢું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ન હોય અને લોઢા વિના વ્યતિરેક ન હોય. કાયમ ટકવું એ વ્યતિરેક વિના ન હોય અને વ્યતિરેક ધ્રુવ વિના ન હોય. આહા..હા...! આવી વાત ! આ 'સોનગઢ'નું છે ? આહા..હા...! આ માર્ગ એવો છે, બાપા !

**'અથવા અસત્‌નો ઉત્પાદ થાય.'** જોયું ? એકલો ઉત્પાદ શોધવા જાય અને પૂર્વના કારણનો નાશ ન હોય અને એની ઉત્પત્તિનું મૂળ કારણ ધ્રુવ ન હોય તો તો ઉત્પાદ જ ન થાય. એક વાત, બીજી વાત–અસત્‌નો ઉત્પાદ થાય. સંહાર વિના ઉત્પત્તિ ન થાય અને ધ્રુવ વિના અસત્‌નો ઉત્પાદ થાય. ધ્રુવ છે તો ઉત્પન્ન થાય. એકલો ઉત્પાદ ગોતે તો ધ્રુવ વિના અસત્‌નો ઉત્પાદ થાય. આહા..હા...! સમજાય છે કે નહિ ? આવા ધર્મ કરવા, કોણ સામું જોવે છે ? 'ઇચ્છામી પડિકમ્મા, ઇરિયા, વિહિયા, તસ્સૂતરી કરણેણં...' થઈ ગયો લોગસ્સ બોલીને 'ણમોત્થુણં' થઈ ગઈ સામાયિક ! ધૂડેય નથી, મિથ્યાત્વ છે. આહા..હા...! 'આ હું કરું છું ને આને હું પૂજું છું, આ મેં પાથરણું પાથર્યું...' (એવું મિથ્યાત્વ છૂટ્યા વિના સામાયિક આવી ક્યાંથી ?). આહા..હા...!

એક-એક પર્યાયની ઉત્પત્તિ તેના ધ્રુવથી અને તેના સંહારથી – પૂર્વના પર્યાયના વ્યયથી થાય (છે). આ..હા..હા..હા...! અહીં તો અભિમાનના પાણી ઉતારી નાખે એવું છે. આ..હા..હા...! ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ! એમણે જે પદાર્થની સ્થિતિ જોઈ તો એ પ્રભુ એમ કહે છે કે, દરેક પદાર્થ પોતાના સ્વભાવમાં સદાય વર્તે છે, પ્રભુ ! અને તે સ્વભાવ તેનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. બીજામાં વર્તે છે અને બીજાથી ઉત્પાદ-વ્યય થાય છે, એમ નથી કહ્યું. આ..હા..હા...! દરેક પદાર્થ પોતાના સ્વભાવમાં વર્તે છે અને એ સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે તેમાં તે વર્તે છે. પરપદાર્થમાં વર્તે છે કે પરપદાર્થથી વર્તે છે એમ નથી. કારણ કે દ્રવ્યનો સ્વભાવ જ આવો છે. આ..હા..હા..હા...! આવું કરશે તો પછી કોઈ પુસ્તક નહિ બનાવે, મંદિર નહિ બનાવે. કે દી' બનાવે છે ? બનાવે છે કે દી' તે નહિ બનાવે ? આ..હા..હા...!

ભગવાનની પૂજા વખતે સ્વા..હા... (કરે છે). એ સ્વાહાની પર્યાય જડમાં ઉત્પન્ન થઈ છે અને પૂર્વે એ પર્યાય નહોતી, પૂર્વે બીજી પર્યાય (હતી) એ પર્યાયનો સંહાર થઈને સ્વાહાની ઉત્પત્તિ થઈ છે. એ પૂર્વની પર્યાયનો વ્યય અને સ્વાહાની ઉત્પત્તિ ધ્રુવને–અન્વયને અવલંબે છે. વ્યતિરેકો અન્વય વિના–ધ્રુવ વિના હોતા નથી અને ધ્રુવ વ્યતિરેક વિના હોતું નથી. ઈ માને કે, સ્વાહા મારા વિના હોતું નથી ! સ્વા..હા...! અરે..રે...! આવી વાતું ! આ 'નાઈરોબી'માં આવું ચાલશે ? આહા..હા...!

પ્રશ્ન :– ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવો છો કે ભેદજ્ઞાન સમજાવો છો ?

સમાધાન :– ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એનો અર્થ જ (એ છે) કે, એક-એક તત્ત્વ સ્વતંત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. બીજાથી તદ્દન જુદું છે. એ ભેદજ્ઞાન છે. ભેદમાં તો હજી પરથી જુદું એટલી અપેક્ષા છે. અહીં તો છે જ આવું. આ..હા...! ભેદજ્ઞાનને પણ અભેદ કીધું છે. એક ઠેકાણે ભેદજ્ઞાનને વિકલ્પ પણ કહ્યો છે – 'સમયસાર નાટક'માં ! અને 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં ભેદજ્ઞાનને અભેદ પણ કીધું છે. અભેદજ્ઞાન એટલે અહીંથી (–પરથી) જુદું પડ્યું એટલે આમાં (–સ્વમાં) અભેદ થયું. અપેક્ષા છે ને ?

અહીં તો આ જ વસ્તુ છે. ત્યાં પરથી જુદો, એ વાત પણ નહિ. કેમકે પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે (છે) એ તો પહેલાં માથે આવ્યું. માથે ન આવ્યું ? ૯૯ (ગાથાના) ભાવાર્થમાં આવ્યું હતું. '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે...**' છે ભાવાર્થ ? દરેક દ્રવ્ય એટલે આત્મા, નિગોદનો જીવ, સિદ્ધનો જીવ, પરમાણુ કે સ્કંધ. '**દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે.**' તેથી તે સત્ છે અને '**તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે.**' આહા..હા...! બીજાનું (ઉત્પાદ-વ્યય-ધ્રુવ) બીજામાં અને બીજાનું બીજામાં એમાં કોઈને કાંઈ લેવા-દેવા ન મળે. આહા..હા...! આ (અજ્ઞાની) કહે કે, બાયડી-છોકરાને સાચવીએ, ધ્યાન રાખીને સાચવીએ, રાજી થાય. બધી ગપેગપ છે, મિથ્યાત્વ છે. આ..હા...!

'**અસત્નો જ ઉત્પાદ થાય.**' ઈ એક વાત આવી. હવે (કહે છે કે) '**જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય.**' હવે બધા (દ્રવ્ય) ઉપર સિદ્ધાંત લીધો. જ્યારે કુંભની ઉત્પત્તિ વ્યય અને ધ્રુવથી જુદી ન થાય તો બધા દ્રવ્યોની પર્યાયમાં ઉત્પત્તિ જ ન થાય. આ..હા..હા...! એકલી ઉત્પત્તિ જોવા જતાં ભલે તે જ સમયે તે પર્યાય ઉત્પન્ન થઈ છતાં તે વ્યય અને ધ્રુવ વિના જો હોય તો ઇ ઉત્પત્તિ જ સિદ્ધ થતી નથી અને ઉત્પત્તિ સિદ્ધ થતી નથી તો બધા દ્રવ્યોની ઉત્પત્તિ સિદ્ધ થશે નહિ. આહા..હા...!

'**જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો...)**' (એટલે) પર્યાયનો, અહીં પર્યાયની વાત છે ને ? પર્યાયનો '**(ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસત્નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય.**' કેમકે ધ્રુવ વિના જો ઉત્પાદ-વ્યય થાય, એમ કહે છે. ધ્રુવ ન હોય અને ઉત્પાદ-વ્યય થાય... આ..હા..હા...! તો અસત્નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ... આહા..હા...! (અર્થાત્) આકાશના ફૂલ '**વગેરેનો પણ ઉત્પાદ થાય.**' ધ્રુવ વિના જો ઉત્પાદ થાય, અન્વય વિના જો વ્યતિરેક થાય... આ..હા..હા...! તો આકાશનું ફૂલ પણ થાય, સસલાના શીંગડા પણ થાય. આહા..હા...! આવી વાતું છે. શ્વેતાંબરમાં આવી સ્પષ્ટ વાત ક્યાંય છે નહિ અને આમ ઊંધી પડે એટલે બીજે રસ્તે ચડી ગયા. આ..હા...!

મૂળ ચીજ છે, પરમાણુ પોતે મૂળ ચીજ છે. પરમાણુમાં પણ જે સ્પર્શગુણની પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ અને પૂર્વ પર્યાયમાં જે સ્પર્શગુણની થોડી પર્યાય હતી એનો અભાવ અને ધ્રુવ. વ્યતિરેક ધ્રુવ વિના હોય નહિ અને અન્વય વિના વ્યતિરેક હોય નહિ. કોઈ એમ કહે કે, એક પરમાણુમાં ચાર ગુણ છે અને બીજા પરમાણુમાં છ ગુણ છે તો ત્યાં છ (ગુણ) આ (બીજાને) લઈને થયો (એની) અહીં ના પાડે છે. આહા..હા...! એક પરમાણુમાં ચારગુણ ચીકાશ છે (અને) બે ગુણ અધિક પરિણમન થયું અને બીજામાં છ ગુણ છે ત્યારે આ છ (ગુણ) થાય. પણ કહે છે કે, ઈ છ થવાની ઉત્પત્તિનો એનો કાળ છે તો એનાથી થયો અને પૂર્વની ચાર પર્યાય હતી એનો સંહાર થયો ત્યારે તે છ પર્યાયની ઉત્પત્તિ થઈ.

(એક જણે એમ કહ્યું હતું કે), ઊનું પાણી એમને એમ થઈ જાય ? આ પરમાણુનું કહેતા હતા. એક પરમાણુમાં ચાર ગુણ ચીકાશ પર્યાયરૂપે છે અને છ ગુણ ચીકાશ બીજા પરમાણુમાં છે, એમાં (ભેગા) થાય ત્યારે છ ગુણ (ચીકાશ) થાય. માટે પરથી કાંઈ ન થાય (એમ કહો) તો આ વાત ખોટી પડે છે. પણ અહીં કહે છે કે, ઈ ચાર ગુણની પર્યાયવાળો (પરમાણુ) ઉત્પન્ન જે થયો તેને એની (પૂર્વ) પર્યાયનો વ્યય થઈ અને છ (ગુણ) પર્યાય થઈ એમાં પરની અપેક્ષા છે જ નહિ. આ..હા..હા..હા...! એક પરમાણુમાં અનંત ગુણની પર્યાય ઉત્પન્ન થાય એ પૂર્વની પર્યાયના સંહારથી (થાય). પણ અનંતગુણવાળો (બીજો) પરમાણુ જોડે મળ્યો માટે થાય છે એમ વસ્તુમાં નથી. વસ્તુની સ્થિતિ આવી છે. પ્રભુનો પોકાર છે ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

માણસ મોટરમાં બેઠો છે અને મોટર ચાલે છે. એની પણ જે સમયે જે પર્યાય ઉત્પન્ન છે તે ઉત્પન્ન છે અને પૂર્વની પર્યાયનો સંહાર–અભાવ (છે) ઈ ઉપાદાન(કારણ) છે અને (બન્ને) ધ્રુવને લઈને છે. ઇ વ્યતિરેકો ધ્રુવને લઈને છે. ધ્રુવ એટલે અન્વય, અન્વયને લઈને એ છે. હવે એમાં બેઠેલો માણસ એમ જાણે કે, આને લઈને આમ ચાલું છું, એની ના પાડે છે. મોટરમાં બેઠો છે માટે મોટર ચાલે છે એટલે હું આમ..આમ.. ચાલું છું એમ નથી. એના પરમાણુની પર્યાયનો જ એ જાતનો ઉત્પાદ, પૂર્વનો વ્યય થઈને ઉત્પાદ થાય અને ધ્રુવને અવલંબે ઈ એનું સ્વતંત્રપણું છે. એક જણો મશ્કરી કરીને કહેતો હતો કે, આ મોટરમાં આપણે જઈએ છીએ એ મોટરને લઈને નહિ, એમ 'સોનગઢવાળા' કહે છે. કો'ક બ્રહ્મચારી હતો. એવી વાત આવી હતી. 'સોનગઢ'ની મોટર પેટ્રોલ વિના ચાલે. એની મોટર પેટ્રોલથી ચાલે. અરે... ભગવાન ! શું કરે છે તું ? આહા..હા...! મોટરના પરમાણુમાં પણ જે પરમાણુની ગતિ થવાની પર્યાય(નો) ઉત્પાદ (થવાનો) છે એ પૂર્વની પર્યાયનો સંહાર થઈ અને ધ્રુવના અવલંબનથી એ થાય છે. આહા..હા...! ગજબ વાતું છે ! આખો સંસાર ફેરવી નાખે ! આ..હા...! આવ્યું ?

**'ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસત્‌નો જ ઉત્પાદ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**થાય. ત્યાં (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય...**' સંહાર વિના થાય તો ઉત્પાદ થાય નહિ અને ધ્રુવ (જેવું) કાંઈ નહોતું અને અધ્ધરથી થયું, (જેમ) આકાશના ફૂલ થયા. આહા..હા...! '**જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય (અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે...)**' આહા..હા...! પર્યાયની ઉત્પત્તિ વખતે ધ્રુવપણું ન હોય, ઉત્પત્તિને સમયે ધ્રુવપણું ન હોય તો શૂન્યમાંથી ઉત્પન્ન થાય. આ..હા...!

એક જણ કહેતો, 'શૂન્યમાંથી ધૂન અને ધૂનમાંથી આ બધું થયું. પહેલાં હતું શૂન્ય, એમાંથી ઊઠી ધૂન, ધૂનમાંથી આ બધી સૃષ્ટિ થઈ.' સ્થાનકવાસી હતો. કાંઈ ખબર ન મળે. 'શૂન્યમાંથી ધૂન થઈ છે, ધૂનમાંથી આ જગત થયું છે.' અરે..રે...! આ તો કહે છે કે, અનાદિથી જે જે પરમાણુ અને આત્મા(માં) જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે તેના સંહારથી અને ધ્રુવથી થાય. પરથી થાય એમ બિલકુલ વાત છે નહિ. આહા..હા...!

(આ સાંભળીને એમ કહે કે), હાથ (જોડીને) બેસી રહો, રોટલી, દાળ-ભાત એની મેળાએ થઈ જશે. પણ હાથને પણ કોણ (કંઈ) કરી શકે છે ? આમ રહેવું કે ન રહેવું ઈ હાથની પર્યાય છે. ખાલી બેસી રહો એની મેળાએ દાળ-ભાત થઈ જશે. એમ માળા મશ્કરી કરે છે. અરે... બાપુ ! એમ રહેવા દે, ભાઈ ! ઈ દાળ, ભાત, શાકનો જે પર્યાય જે સમયે ઉત્પન્ન થવાનો તે પૂર્વની પર્યાયનો સંહાર થઈ અને ધ્રુવનો આધાર લઈને થાય છે. આહા..હા...! 'સોનગઢ'ને નામે એવી મશ્કરી કરે છે. કરો બાપુ ! મશ્કરી તો પોતાની થાય છે. આહા..હા...!

(હવે કહે છે કે), '**વળી કેવળ સંહાર આરંભનાર...**' (અર્થાત્) પર્યાયનો એકલો નાશ થાય. '**મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે,...**' આહા..હા...! સંહારનું કારણ કોણ છે ? ઉત્પાદ. સંહારનું કારણ–સંહાર થાય એનું કારણ ઉત્પાદ (છે). ઉત્પાદનું કારણ સંહાર છે. સંહારનું કારણ ઉત્પાદ (છે). છે ને ? '**સંહારકારણના અભાવને લીધે, સંહાર જ ન થાય;...**' ઉત્પાદ ન થાય તો સંહાર જ ન થાય. આ..હા..હા...! '**અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.**'

'**જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય. (અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય...**' એકલી જ પર્યાય થાય એને ધ્રુવ ન હોય તો સત્‌નો નાશ થાય. '**ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય...**' ચૈતનયભગવાન નિત્યાનંદ પ્રભુ ! આહા..હા...! એનો ઉચ્છેદ થઈ જાય (પરંતુ) એમ બનતું નથી. '**(અર્થાત્ સર્વ દ્રવ્યોનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સમૂળગો વિનાશ થાય એ દોષ આવે).**' શું કીધું ઈ ? કેવળ સંહાર આરંભનાર (એટલે) એકલો નાશ જ જોનાર, ઉત્પત્તિ અને ધ્રુવ નહિ જોનાર, એને ઉત્પત્તિનો અભાવ (થતાં) ચૈતન્યમૂર્તિ ભગવાન નિત્યનો નાશ થઈ જાય. એ કોઈ દી' નાશ થાય નહિ.

વિશેષ કહેશે...

**ગાથા–૧૦૦, ૧૦૧**
**પ્રવચન નં. – ૧૦૯**
**તા. ૧૯-૬-૭૯**

('પ્રવચનસાર' ૧૦૦મી ગાથા). ઉત્પાદનો એક બોલ આવી ગયો છે. શું કહે છે ? કે દરેક દ્રવ્ય સદાય પોતાના સ્વભાવમાં વર્તે છે. આ એક સિદ્ધાંત (કહ્યો). પરદ્રવ્યને અને એને કાંઈ સંબંધ નહિ.

પ્રશ્ન :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે ને ?

સમાધાન :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જ કે, ઈ નહિ. એક જ્ઞાન કરાવવા માટે બીજી વાત કહે. બાકી દરેક દ્રવ્ય નિગોદનો આત્મા હો કે સિદ્ધનો હો કે નરકની ગતિનો જીવ હો, દરેક (આત્મા) પોતાનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવો સ્વભાવ (છે) એમાં એ વર્તે છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનો સ્વભાવ છે.

હવે કહે છે કે, જો એકલો ઉત્પાદ ગોતવા જાય, જેમકે એકલા સમકિતને શોધવા જાય તો મિથ્યાત્વના નાશ વિના અને સમકિતની ઉત્પત્તિનું કારણ ધ્રુવ છે (આ) બે કારણના અભાવે સમકિતની ઉત્પત્તિ જ ન દેખાય. સમજાય છે ? ઘટની ઉત્પત્તિને શોધવા જાય, ઘડો છે તેની ઉત્પત્તિને શોધવા જાય તો ઘડા પહેલાં માટીના પિંડના સંહારના અભાવે ઘડાની પર્યાય ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(થઈ એમ) સિદ્ધ જ નહિ થાય અને માટી કાયમ રહી છે એનાથી ઉત્પન્ન થયેલો ઘડો છે.... આહા..હા...! કુંભારથી નહિ. આ..હા...! આવું છે. કેવળ સર્ગ–ઉત્પત્તિ શોધવા જાય તો વિરોધ થાય છે.

પછી '**કેવળ સંહાર આરંભનાર...**' બન્ને ભાષામાં ફેર છે. ઉત્પાદમાં '**मृगयमाण**' એમ હતું. '**मृगयमाण**' એટલે કેવળ ઉત્પત્તિ શોધનાર, એમ. '**मृगय**' એટલે શોધવું. આહા..હા...! એકલો ઉત્પાદપર્યાય જ જોવા જાય તોપણ સિદ્ધ નહિ થાય. એના પૂર્વ ઉપાદાનકારણના ક્ષય વિના એ ઉત્પાદ સિદ્ધ નહિ થાય. હવે સંહાર-વ્યય(ની વાત કરે છે). '**કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત...)**' મૃત્તિકાપિંડની ધ્રુવતા અને ઉત્પાદ (રહિત) '**(એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે,...**' એટલે ઉત્પત્તિના કારણના અભાવને લીધે. ઘટની ઉત્પત્તિના કારણના અભાવને લીધે એનો સંહાર જ સિદ્ધ નહિ થાય. છે ?

'**કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (–ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે,...**' એટલે કે ઉત્પત્તિ છે ઇ સંહારકારણનો (અભાવ) છે. ઉત્પત્તિ છે ઈ સંહારકારણનો અભાવ છે. સંહારભાવ છે ઈ ભાવ વ્યય તરીકે તો છે પણ ઉત્પત્તિની અપેક્ષાએ સંહારકારણનો અભાવ છે. આહા..હા...! ભાવ તો ત્રણેય કીધાં. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સ્વભાવ કીધાં ને ? પણ અહીં જો એકલો વ્યય ગોતવા જાય, મિથ્યાત્વનો નાશ એકલો ગોતવા જાય તો સમકિતની ઉત્પત્તિ અને એનો આધાર ધ્રુવ આત્મા વિના એકલા મિથ્યાત્વનો નાશ (સિદ્ધ) નહિ (થાય).

જુઓ ! આ આંગળી ચાલે છે. હવે, એમાં ઉત્પત્તિ આમ છે. એનો એકલો સંહાર જ ગોતવા જાય તો આ ઉત્પત્તિના સાધન વિના સંહાર સિદ્ધ થઈ શકે નહિ. ઉત્પત્તિ એનું કારણ છે અને એનું (–ઉત્પત્તિનું) કારણ સંહાર છે. એટલે ઉત્પત્તિના અભાવથી સંહાર જ નહિ થઈ શકે. આહા..હા...!

પ્રશ્ન :– ઉત્પત્તિ નહિ માનો તો સંહાર ક્યાંથી થાય ?

સમાધાન :– ઉત્પત્તિના અભાવમાં સંહારનો અભાવ સિદ્ધ નહિ થાય. અહીં ઉત્પત્તિ છે તો પૂર્વના પર્યાયનો સંહાર છે એમ સિદ્ધ થાય. ઉત્પત્તિ અને ધ્રુવ નથી અને સંહાર–વ્યય–નાશ (જ શોધે તો) એ તો એકલો નાશ થઈ ગયો. ઉત્પત્તિના કારણ અને ધ્રુવના કારણ વિના વ્યય–સંહાર સિદ્ધ થઈ શકશે નહિ. આ..હા..હા...! આ તો ફરી વાર લેવાય છે. વાણિયાને આવું (સમજવાની) ક્યાં નવરાશ છે ?

મૃત્તિકાપિંડના સંહારકારણનો અભાવ (કહ્યું તો) સંહારકારણનો અભાવ કોણ ? (તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે) ઉત્પાદ. એ ઉત્પાદના અભાવથી સંહાર જ સિદ્ધ નહિ થાય. આ ઉત્પન્ન થયું તો આ પહેલાં (જે અવસ્થા હતી તેનો) નાશ થયો એ સિદ્ધ થશે. નહિતર ઉત્પન્ન કારણ વિના સંહાર–વ્યય સિદ્ધ થશે નહિ. આહા..હા...! આવો ઉપદેશ અને આવી ધર્મની રીત જુદી ! પેલી (રીત) સહેલી હતી, દયા પાળવી ને વ્રત કરવા... ધૂડેય નથી, બાપા !

મિથ્યાત્વનો એકલો વ્યય ગોતવા જઈશ તો સમકિતની ઉત્પત્તિના કારણ વિના મિથ્યાત્વનો વ્યય તને મળશે નહિ. આ..હા..હા...! કોઈ એમ કહે કે, મને સમકિતની ઉત્પત્તિ છે પણ મિથ્યાત્વનો નાશ નથી અને મિથ્યાત્વનો નાશ છે પણ સમકિત નથી, એમ કોઈ કહે તો એ તદ્દન જૂઠું છે. વાત સમજાય છે ? આ તો દાખલાઓ લીધા. આહા..હા...! એમ કહે કે, મારે તો એકલો મિથ્યાત્વનો નાશ છે, સમકિતની ઉત્પત્તિ નથી તેમ આત્મા ધ્રુવ નથી. આ..હા..હા...! બહુ ન્યાય આપ્યા છે, ઓ..હો...! વાણિયાને–વેપારવાળાને જરી કઠણ પડે, વકીલોને–મગજવાળાને જરી ઠીક પડે.

એક-એક પરમાણુમાં... આ..હા..હા...! જેમ કે પાણી ઠંડુ છે, એ ઠંડા પાણીમાં એકલો ઠંડાનો સંહાર ગોતવા જાય તો ઊનાની ઉત્પત્તિ વિના ઠંડાનો વ્યય–સંહાર સિદ્ધ થશે જ નહિ અને ઠંડાનો નાશ, ઉત્પત્તિ વિના અને ધ્રુવ વિના એ ઠંડાનો નાશ થશે જ નહિ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? '**સંહાર જ ન થાય;...**' એક વાત. '**અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય.**' ધ્રુવ સિદ્ધ કરવું છે ને ? એક તો એના ઉત્પાદકારણ વિના સંહાર સિદ્ધ નહિ થાય અને કાં સત્‌નો જ ઉચ્છેદ થાય, સત્‌નો જ ઉચ્છેદ થાય. કારણ કે સત્ અને ઉત્પાદ બે સહિત હોય તો સંહાર હોય. પણ બેમાં એક હોય અને બે ન હોય તો એક્કે વાત સિદ્ધ થતી નથી. આ..હા..હા...! થોડું ઝીણું છે. એથી તો આ ફરીને લીધું.

'**ત્યાં, (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય...**' માટીના પિંડનો ઘડાની ઉત્પત્તિ વિના–ઘટની ઉત્પત્તિ વિના એકલા માટીના પિંડનો સંહાર શોધે તો એ નહિ મળે અને જેમ એ મૃત્તિકાપિંડનો સંહાર ન થાય, તો '**બધાય ભાવોનો સંહાર જ ન થાય.**' આહા..હા...! કપડાં છે, કપડું ! એ કપડું છે મેલવાળું. હવે ઈ મેલવાળા (કપડાંમાં) એકલો મેલ શોધવા જાય તો સફેદપણાની પર્યાય વિના મેલનો નાશ સિદ્ધ નહિ થાય. સફેદપણાની ઉત્પત્તિ વિના મેલનો સંહાર સિદ્ધ નહિ થાય અને કાં વસ્ત્ર પોતે છે એનો સંહાર થશે. આહા..હા...! ભાઈ ! 'મુંબઈ'માં ક્યાંય સાંભળ્યું નથી. આ..હા...! આ વાત !

દેવ, ગુરુ અને શાસ્ત્ર ન હોય તો સમકિતની ઉત્પત્તિ ન થાય, એમ નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્ર ન હોય તો સમકિતની ઉત્પત્તિ ન થાય, એમ નહિ. મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિ ન થાય. આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ? અને ઉત્પત્તિ વિના એકલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંહાર ગોતવા જાય તો સત્ છે એનો નાશ થશે. (કેમકે) વસ્તુ સત્ છે ને ? ઉત્પાદકારણ વિના સંહાર સિદ્ધ નહિ થાય અને ઉત્પાદકારણ વિના સત્‌નો નાશ થશે. એકલો સંહાર ગોતવા જાય ત્યાં ધ્રુવનો નાશ થશે. આહા..હા...! આચાર્યોએ...

'**(જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય...)**' કેમકે એકલો સંહાર જોવા જાય તો ઉત્પત્તિ અને ધ્રુવ વિના સંહાર મળશે જ નહિ. બધી ચીજનો નાશ થઈ જશે. આ..હા..હા...! એ દોષ આવે.

'**અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય...**' હવે ધ્રુવનું લીધું. '**તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય...**' અહીંયાં ચૈતન્ય લીધો, જોયું ! ધ્રુવ ભગવાન ! આહા..હા...! જો સંહાર એકલો ધ્રુવ વિના હોય તો ધ્રુવનો–ચૈતન્યનો નાશ થાય છે. આહા..હા...! એ સમકિતની ઉત્પત્તિ મિથ્યાત્વના વ્યયને કારણે (છે). મિથ્યાત્વનો વ્યય–સંહાર ઉત્પત્તિનું કારણ (છે) અને એ ઉત્પત્તિના કારણમાં સત્ છે. એ વ્યતિરેક જે છે એ અન્વયને અવલંબીને છે. જો એ વ્યતિરેકો ન માનો તો ધ્રુવ પણ સિદ્ધ નહિ થાય. ધ્રુવ એટલે અન્વય–કાયમ રહેનારું તત્ત્વ. ઉત્પાદ અને વ્યય વ્યતિરેક–ભિન્ન-ભિન્ન અવસ્થા (છે) પણ એ ભિન્ન-ભિન્ન અવસ્થા એકલી નહિ મળે. એ ભિન્ન-ભિન્ન અવસ્થા સાથે રહેનારું અન્વય છે એના વિના હોય નહિ. એ અન્વય વ્યતિરેક વિના હોય નહિ અને એ વ્યતિરેક અન્વય વિના હોય નહિ. જો વ્યતિરેક અન્વય વિના હોય તો ધ્રુવનો નાશ થઈ જાય. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

શ્રોતા :– થોડું વધારે ચોખ્ખું થાય તો વધારે સારું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચાલે છે, અંદરથી ચાલે ઈ ખરું. કેટલી વાત કરે છે ! ઓ..હો..હો..હો...!

'**ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય...**' જે સત્ છે (તેનો નાશ થાય). એકલો સંહાર ગોતવા જાય તો ઉત્પત્તિ વિનાનો સંહાર હોઈ શકે નહિ અને કાં એકલો સંહાર ગોતવા જા તો સત્‌નો સંહાર થઈ જાય. સત્ ચૈતન્ય છે એનો સંહાર થઈ જાય. બીજા પરમાણુ આદિ (ન લીધાં). ભગવાન ચૈતન્ય (લીધો) ! આ..હા..હા...! અંદર ધ્રુવ છે, ધ્રુવ ચૈતન્ય (છે) એ સંહાર (અને) ઉત્પત્તિમાં વ્યતિરેકનું કારણ અન્વય છે. જો એકલો સંહાર ગોતવા જાય તો એનું કારણ (જે) અન્વય (છે) એનો નાશ થશે. આહા..હા...! આવી ઝીણી વાત છે આ. આ ફરી વાર લેવાનું કીધું. આ..હા..હા...! આચાર્યોની શૈલી તો ઘણી સરળ અને સીધી ! આહા..હા...! '**(સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે).**' બે થયા.

ઉત્પાદ અને વ્યય એકલાં નથી એમ સિદ્ધ કર્યું. ઉત્પાદ, સંહાર અને ધ્રુવ વિના ન હોય, સંહાર ઉત્પાદ અને ધ્રુવ વિના ન હોય. એમ સિદ્ધ કર્યું. હવે ધ્રુવ(ની વાત કરે છે). આહા..હા...! '**કેવળ સ્થિત પ્રાપ્ત કરવા જનારી...**' આને ભાષા આમ કરી. જોયું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**स्थितिमुपगच्छन्त्या**' સંસ્કૃતમાં એમ છે. ત્રણેના શબ્દ જુદા છે. (સંસ્કૃત ટીકામાં) બીજી લીટી છે. '**स्थितिमुपगच्छन्त्या**' (અર્થાત્) સ્થિતિને પ્રાપ્ત કરવા જનારી. એટલે કે એકલો ધ્રુવને જો માનવા જશો... આહા..હા...! '**કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા...**' છે ને ? (કેવળ સ્થિતિનો અર્થ) નીચે છે. '(ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. (અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે...)' ધ્રુવ છે તે પર્યાય અને ઉત્પાદ-વ્યય સહિત જ હોય છે અને 'તેથી ધ્રૌવ્ય ઉત્પાદ-વ્યયસહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે – સમગ્ર દ્રવ્ય નથી...' આહા..હા...! 'ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી.' આ..હા..હા...! સમગ્ર દ્રવ્ય તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ થઈને સમગ્ર દ્રવ્ય છે.

કેવળ–એકલી માટીની સ્થિતિ છે એમ સિદ્ધ કરવા જાય (એ રીતે) આત્મામાં એમ લ્યો કે, આત્મામાં (કેવળ) ધ્રુવપણું છે એમ સિદ્ધ કરવા જાય તો મિથ્યાત્વનો વ્યય અને સમકિતની ઉત્પત્તિ વિના એ ધ્રુવપણું સિદ્ધ થશે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! ખૂબી તો જુઓ ! ધ્રુવ છે એ મિથ્યાત્વના વ્યય વિના અને સમકિતની ઉત્પત્તિ વિના એ સિદ્ધ થશે નહિ. એટલે એનો અર્થ કે સમકિતની ઉત્પત્તિ ધ્રુવને આશ્રયે છે એ ઉત્પત્તિ ધ્રુવ વિના નહિ થાય. આ..હા..હા...! અને ધ્રુવ વિના મિથ્યાત્વનો વ્યય પણ નહિ થાય. કારણ કે બન્ને વ્યતિરેકો ભિન્ન-ભિન્ન છે. એક વ્યય(રૂપ) છે, એક ઉત્પાદરૂપ છે. બન્ને ભિન્ન-ભિન્ન છે એનું અભિન્નરૂપ એક વસ્તુ – ધ્રુવ વિના એ ભિન્ન-ભિન્ન વસ્તુ સિદ્ધ નહિ થાય અને ભિન્ન-ભિન્ન વસ્તુ વિના એકલું ધ્રુવ સિદ્ધ નહિ થાય. આહા..હા...!

બહુ સારી વાત છે ! અંદરમાં બેસવાની વાત છે, બાપા ! તારે જો ધર્મ જોઈતો હોય તો ધર્મની પર્યાયની ઉત્પત્તિમાં ધ્રુવ અને સંહાર બન્ને જોઈશે, બન્ને જોઈશે. ધર્મની પર્યાયની તારે ઉત્પત્તિ કરવી હોય તો ઉત્પત્તિનું મૂળ કારણ ધ્રુવ અને ઉપાદાનકારણ સંહાર (બન્ને જોઈશે). આહા..હા...! અહીંયાં ક્ષણિકઉપાદાન લેવું. કાયમઉપાદાન જે ધ્રુવ છે એના વિના સમકિતની ઉત્પત્તિ ન થાય અને મિથ્યાત્વના વ્યય વિના સમકિતની ઉત્પત્તિ ન થાય. આ..હા..હા...! અને ધ્રુવ વિના સમકિતની (ઉત્પત્તિ નહિ થાય). એકલો ધ્રુવ ગોતવા જાય તો વ્યતિરેક વિના ધ્રુવ કોઈ દી' હોય નહિ. ઉત્પાદ અને વ્યય વ્યતિરેક એટલે ભિન્ન-ભિન્ન છે, એ ભિન્ન-ભિન્ન વિના એકલું હોય નહિ અને એ એકલા વિના ભિન્ન-ભિન્ન હોય નહિ. આહા..હા...! આવી વાત ! અજાણ્યા બેનું-દીકરિયુંને અજાણ્યું પડે, જાણીતા હોય એને તો (સમજાય) ! આહા..હા...! આવો માર્ગ છે.

**'કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો–અન્વયનો–તેને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અભાવ થવાને લીધે,...**' જોયું ? વ્યતિરેકો સહિત સ્થિતિ એટલે ટકવું. અન્વયનો એટલે ટકવાનો '**તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય;...**' આહા..હા...! ઉત્પાદ અને વ્યય વિના એકલું ટકવું સિદ્ધ નહિ થાય. ટકતું તત્ત્વ ઇ શું (છે) ? ઉત્પન્ન છે–ઈ પર્યાય ઉત્પન્ન છે ઈ સિદ્ધ કરે છે કે ટકવું છે અને પૂર્વ પર્યાયનો સંહાર થાય છે એ સિદ્ધ કરે છે (કે ટકવું છે). ખરેખર વ્યય અંદર જાય છે–ધ્રુવમાં અંદર (જાય છે). આહા..હા...! તો એકલો ધ્રુવ સિદ્ધ નહિ થાય. વ્યય અને ઉત્પાદ વિના એકલો ધ્રુવ સિદ્ધ નહિ થાય અને એકલો ઉત્પાદ અને વ્યય ધ્રુવ વિના સિદ્ધ નહિ થાય. આવી વાતું છે. કો'ક કહેશે આવો ધર્મ કાઢ્યો હશે ? 'સોનગઢે' કાઢ્યો, એમ કહે છે ! આ તો અનાદિનો ભાવ છે. આ..હા..હા...! અનંત... અનંત... તીર્થંકરોનું આ એક જ કથન છે. આ..હા...!

સર્વજ્ઞ ભગવાન એમ કહે છે કે, સર્વજ્ઞની પર્યાય તું એકલી ગોતવા જા તો તેના પહેલાંનાં પર્યાયનો વ્યય ન હોય તો સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન નહિ થાય અને સર્વજ્ઞપર્યાયની ઉત્પત્તિનું મૂળ કારણ (જે) ધ્રુવ (છે) એને ન માન તો સર્વજ્ઞની ઉત્પત્તિ જ ન થાય. આ..હા..હા...! જે જૈનધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞ છે ! અને સર્વજ્ઞનું કહેલું તત્ત્વ તે પદાર્થ છે. હવે અહીં કહે છે કે, સર્વજ્ઞપર્યાયની ઉત્પત્તિ નથી અને એકલો ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી ધ્રુવ આત્મા જ છે,... જરી ઝીણી વાત પડશે, ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવી છે એ સર્વજ્ઞની પર્યાયની ઉત્પત્તિ વિના એ ત્રિકાળ સર્વજ્ઞસ્વભાવ સિદ્ધ નહિ થાય. કારણ કે અહીંયાં સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થઈ ત્યારે ત્યાં સર્વજ્ઞસ્વભાવી ધ્રુવ છે એમ સિદ્ધ થયું. આ..હા..હા..હા...! અને જ્યારે સર્વજ્ઞપર્યાયે સર્વજ્ઞસ્વભાવને સિદ્ધ કર્યો ત્યારે પૂર્વની પર્યાયમાં જે અપૂર્ણતા–અસર્વજ્ઞપણું હતું એનો નાશ સિદ્ધ થાય છે. આ..હા..હા...! એટલે કોઈ એમ માને કે, સર્વજ્ઞપણું છે નહિ તો એને ધ્રુવપણાની શ્રદ્ધા નથી અને પૂર્વમાં સર્વજ્ઞપણું નથી તેના અભાવરૂપ–સંહારરૂપ જે પર્યાય હોય (તેનો નાશ થાય) ત્યારે સર્વજ્ઞ(પર્યાય પ્રગટે), એને પણ એણે માની નહિ. સર્વજ્ઞ થવામાં પૂર્વની પર્યાયનો વ્યય છે એ પણ માન્યો નહિ, સર્વજ્ઞ માન્યો નહિ અને ધ્રુવ પણ માન્યો નહિ. કારણ કે જે સર્વજ્ઞપર્યાય છે ઈ ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવમાંથી આવે છે. ત્રિકાળી સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ છે. આ..હા..હા...! ઝીણું છે, ભાઈ ! આ ઝીણું, પણ સાંભળે તો ખરા.

આત્મામાં અનંત આનંદ જ્યારે પર્યાયમાં પ્રગટે છે, અહીં પર્યાયમાં (વાત ચાલે) છે ને ? તો અતીન્દ્રિય આનંદની પર્યાયની સિદ્ધિ, પૂર્વના દુઃખની પર્યાયનો અભાવ ન હોય તો આનંદની પર્યાયની ઉત્પત્તિ થાય નહિ. સંહારકારણ વિના ઉત્પત્તિ હોઈ શકે નહિ. કારણ કે સર્વજ્ઞસ્વભાવ ઉત્પન્ન થયો એનું પૂર્વ ઉપાદાનકારણ જે અપૂર્ણ પર્યાય હતી તેનો ક્ષય થયો. એનો ક્ષય થતાં કેવળજ્ઞાન થયું. આહા..હા...! કેવળજ્ઞાનમાં અપૂર્ણ સ્થિતિ પણ રહે અને પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિતિ પણ રહે, એમ નહિ. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, બાપુ ! આ માર્ગ તો જુદી જાત છે. અત્યારે તો બધી ગડબડ ચાલી છે. વીતરાગનું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર... આ..હા..હા...!

અનંત આનંદની ઉત્પત્તિ એકલી ગોતવા જા તો પૂર્વના દુઃખના અભાવ વિના એ ઉત્પત્તિ નહિ દેખાય. આહા..હા...! અને એના ધ્રુવ વિના (પણ સિદ્ધ નહિ થાય). કારણ કે એ તો ક્ષણિક ઉત્પન્ન થયું. સર્વજ્ઞપણું પણ ક્ષણિક ઉત્પન્ન થયું, એ તો વ્યતિરેક છે. એ વ્યતિરેક, અન્વય જે કાયમ રહેનારી ચીજ વિના ઈ વ્યતિરેક સિદ્ધ થશે નહિ. આ..હા..હા...! આવું ઝીણું છે. આહા..હા...! 'પ્રવચનસાર' ! આ..હા..હા...!

દિવ્યધ્વનિ ! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ નીકળી ! આહા..હા...! એ દિવ્યધ્વનિની ઉત્પત્તિ પણ એના પહેલાંના વર્ગણાના વ્યય વિના (થાય નહિ). વર્ગણાની પર્યાયનો વ્યય થયો તો ભાષાની પર્યાય થઈ. એકલી ભાષાની પર્યાય ગોતવા જાઓ તો વ્યય અને ધ્રુવ વિના સાબિત નહિ થાય. તેમ એકલો ધ્રુવ પરમાણુ જ છે એમ સિદ્ધ કરવા જાઓ તો પરમાણુ તે વ્યતિરેક વિના સિદ્ધ નહિ થાય. વ્યતિરેક એટલે ઉત્પાદ અને વ્યય અને અન્વય એટલે કાયમ રહેનારી ચીજ. આ..હા...! અન્વય વિના વ્યતિરેક નહિ અને વ્યતિરેક વિના અન્વય નહિ. આ..હા..હા..હા...! ઓ..હો...! સમજાણું કાંઈ ?

(સ્થિતિનો) અભાવ થવાને લીધે '**સ્થતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.**' ક્ષણિક જ નિત્ય થઈ જાય. આહા..હા...! એકલી સ્થિતિ ગોતવા જાય તો ક્ષણિક (છે એ) નિત્ય થઈ જાય. કાયમ રહેનારું નિત્ય ત્યાં સિદ્ધ ન થાય. થોડી ઝીણી વાત છે. શું કીધું ? કેવળ ટકતું તત્ત્વ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની વ્યતિરેકો એટલે ઉત્પન્ન અને વ્યય '**સહિત સ્થિતિનો–અન્વયનો–તેને અભાવ થવાને લીધે,...**' વ્યતિરેક વિના એકલી સ્થિતિનો અભાવ થવાને લીધે. પર્યાય વિનાનું એકલું દ્રવ્ય સિદ્ધ થતું નથી માટે. આ..હા..હા...! પર્યાય પોતે જ વસ્તુનો નિર્ણય કરે છે ને ? નિર્ણયની પર્યાય અને એના પહેલાં મિથ્યાત્વની પર્યાય બન્ને વ્યતિરેક છે (એ) બે ન હોય તો ધ્રુવ ન હોય. આ..હા...! ધ્રુવ વ્યતિરેકના છે. ધ્રુવ–અન્વય–કાયમ રહેનારું તેનું આ વ્યતિરેક છે અને વ્યતિરેકો અન્વયના છે. આહા..હા...! ભાષા જુદી છે. આ..હા..હા...! સંતોએ તો ગજબ કામ કર્યા છે ! દિગંબર સંતોએ... આ..હા..હા...! ટૂંકી ભાષામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવને સિદ્ધ કરે છે કે જે વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ છે તેમાં દ્રવ્ય પ્રવર્તે છે. તેના સ્વભાવમાં દ્રવ્ય સદા પ્રવર્તે છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સત્ છે અને 'સત્ દ્રવ્ય લક્ષણમ્' છે. આહા..હા...! 'તત્ત્વાર્થસૂત્ર' !

'**જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય.**' માટીનો નાશ થાય તો બધા દ્રવ્યોનો નાશ થાય. આહા..હા...! સ્થિતિ–ટકવું–ટકતું તત્ત્વ ઉત્પાદ-વ્યય વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોવા જા તો કાં એ સ્થિતિ જ નહિ રહે, કાં એ સ્થિતિનો નાશ થશે. સમજાણું કાંઈ ? વેપારીને આકરાં પડે એવા ન્યાય છે આ તો ! વકીલાતના ન્યાય...! Logicથી બધું મૂક્યું છે. આહા..હા...! 'વીરનો માર્ગ છે શૂરાનો' સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ, બાપુ ! આમાં સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ. આહા..હા...! અમસ્તુ પણ દ્રવ્યને પકડવામાં પણ મતિ-શ્રુતની સૂક્ષ્મ બુદ્ધિ હોય તો પકડી શકે. રાગથી નહિ, દ્વેષથી નહિ, દયાથી નહિ... આહા..હા...! સ્થૂલ ઉપયોગથી પણ (પકડાય) નહિ. આહા..હા...!

ભગવાનઆત્મા ! સ્થિતિ છે ને ? સ્થિતિનો અર્થ ટકવું – (ટકતું) તત્ત્વ. ટકતા તત્ત્વની જો એકલી સ્થિતિ ગોતવા જા... સમજાણું કાંઈ ? તો જે સૂક્ષ્મ ઉપયોગથી જણાય છે એ સૂક્ષ્મ ઉપયોગનો નાશ થાય છે અને કાં એ સૂક્ષ્મ ઉપયોગ ક્ષણિક છે તો સ્થિતિ પણ ક્ષણિક થઈ જાય છે. આ..હા..હા...! સમજાય છે ? આ વાત બીજી જાત(ની) છે, કોઈ દી' બાપ-દાદાએ સાંભળી ન હોય. આ..હા..હા...! ભારે વાત છે, બાપા !

ધ્રુવ એકલો ગોતવા જા તો ઉત્પાદના કારણ વિના અને સંહારના વ્યતિરેક વિના એ અન્વય સિદ્ધ નહિ થાય. વ્યતિરેક સહિત અન્વય છે. જો તું એકલા અન્વયને સિદ્ધ કરવા જા તો વ્યતિરેક વિના અન્વયનો નાશ થશે. આ..હા..હા...! વા.હ...! અથવા ક્ષણિકનું નિત્યપણું થશે. કાં તે પર્યાય ક્ષણિક છે તે જ નિત્ય થશે. એકલું નિત્યપણું ગોતે છે અને એકલું નિત્યપણું ગોતે અને અનિત્યપણું તો ગોતતો નથી. આ..હા...! એટલે પર્યાયમાં નિત્યપણું આવી જશે. આ..હા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો ?

**'જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના ક્ષણિક ભાવોનું...'** (એકલા સંહારમાં) ચૈતન્યનું લીધું હતું. અહીં ચિત્તિની ક્ષણિક કલ્પના (લીધી). **'ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય. (અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે).'** આહા..હા...! એકલી સ્થિતિ ગોતવા જા તો ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય એ પોતે જ નિત્ય થઈ જાય. એ નિત્ય થઈ જાય. વ્યતિરેક વિનાનું નિત્ય છે એ નિત્ય ન રહે. પર્યાય નિત્ય થઈ જાય. આહા..હા...! આ તો ફરી વાર લેવાનું કહ્યું હતું. આ..હા...!

**'માટે દ્રવ્યને...'** ઈ ત્રણ થઈને દ્રવ્ય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તરીકે તો દ્રવ્ય છે અને ત્રણ છે (તે) તેના અંશ છે. ઈ એક-એક દ્રવ્ય નથી. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક-એક દ્રવ્ય નથી. ધ્રુવ પણ એક દ્રવ્ય નથી. આહા..હા...! જે ધ્રુવ દૃષ્ટિમાં (આવે છે), નિશ્ચયનયની દૃષ્ટિનું જે ધ્રુવ દ્રવ્ય છે એ ધ્રુવને અહીં અંશ તરીકે કહ્યું છે. કારણ કે પેલા બે (–ઉત્પાદ અને વ્યય) અંશ છે ને ? એટલે દ્રવ્યના ત્રણ અંશ છે. અહીં તો જ્ઞાન કરાવવું છે ને ? અને ત્યાં તો દૃષ્ટિ કરાવવી છે. આહા..હા...! આ જ્ઞેય અધિકારમાં જ્ઞાનપ્રધાન સમકિતની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ..હા..હા...!

સર્વ દ્રવ્યને '**ઉત્તર ઉત્તર વ્યતિરેકો...**' એક પછી એક ભિન્ન-ભિન્ન અવસ્થા(ના) '**સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે...**' (અર્થાત્) કાયમ રહેનારું ધ્રુવ–અવસ્થાન એની સાથે. (અવસ્થાન એટલે) ટકવું, ધ્રુવ રહેવું. '**અવિનાભાવવાળું...**' ત્રણેનું અવિનાભાવપણું છે. ઉત્પાદ વિના વ્યય નહિ, વ્યય વિના ઉત્પાદ નહિ, ઉત્પાદ વિના ધ્રુવ નહિ, ધ્રુવ વિના વ્યય નહિ, ધ્રુવ વિના ઉત્પાદ નહિ. આહા..હા...! વીતરાગમાર્ગ બહુ ઝીણો ! મૂળ તત્ત્વની અંદરની (લોકોને ખબર નથી).

આમાં તો ત્યાં સુધી કહ્યું કે, જેની જે પર્યાય ઉત્પન્ન છે ઈ બીજાથી તો નહિ. બીજાથી તો એ પર્યાય ન થાય પણ એના વ્યય વિના ન થાય અને ધ્રુવ વિના ન થાય. અને વ્યય પણ કોઈ કરે તો નાશ થાય (એમ નહિ). લાકડી મારીને ઘડાનો ભુક્કો થયો માટે એનાથી વ્યય થયો. (તો કહે છે), ના. આહા..હા...! માટીનો ઘડો હતો તેના કટકા થયા એ વ્યય થયો, એ સંહાર (થયો). ઉત્પત્તિનું કારણ સંહાર અને સંહારનું કારણ ઉત્પત્તિ અને ઉત્પત્તિ ને સંહાર બન્ને વ્યતિરેક (છે). એ વ્યતિરેક કાયમ રહેનારી માટી વિના હોઈ શકે નહિ. આવું છે. આ બધા જૂના દિગંબરો છે, આ વળી સ્થાનકવાસી છે, ત્યાં આવું સાંભળ્યું હતું? આ..હા...!

શ્રોતા :– ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો વસ્તુનો મૂળ પાયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૂળ પાયો, વસ્તુ ઇ છે ને ! ત્રિપદી ! શ્વેતાંબરમાં પણ આ વાત છે. ભગવાને ત્રિપદી કીધી, એવું આવે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું આવે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ કીધું–ત્રિપદી કીધી, ત્રિપદી ! આ..હા...! પછી તો કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. આપણાંમાં પણ આવે છે, ભગવાને ત્રિપદી કીધી છે, એવું આવે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ.

દરેક વસ્તુ ત્રિપદી છે – ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. અનંત પદાર્થ પોતપોતાને કારણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવથી છે. તેના ઉત્પાદને માટે બીજા દ્રવ્યની અપેક્ષા નથી. તેના વ્યયને માટે બીજાની (જરૂર નથી). ઘડા (ઉપર) લાકડી પડી માટે ઘડો ફૂટ્યો એમ નથી. આહા..હા...! ઠીકરાની ઉત્પત્તિ–ઉત્પાદ (થયો તેને) ફૂટવાની દશાનો સંહાર કારણ છે. શું કીધું ઈ ? ઘડાની ઉત્પત્તિ (હતી) એનો નાશ (થયો) અને ઠીકરાની ઉત્પત્તિ (થઈ). એ ઉત્પત્તિનું મૂળ (કારણ) ઘડાનો સંહાર (થયો) એ સંહાર તેનું કારણ છે. આહા..હા...! લાકડી પડી માટે ભુક્કો થયો એમ નહિ, એમ કહે છે. આહા..હા...! બહુ વિચારવા જેવું છે. આહા..હા...!

'**માટે દ્રવ્યને ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના અવસ્થાન સાથે...**' ટકવાના અવસ્થાન સાથે '**અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ત્રિલક્ષણપણારૂપ લાંછન...**' આ..હા..હા...! તે તે દ્રવ્યનું ત્રિલક્ષણ–ત્રણ લક્ષણ એવા ચિહ્ન. તે દ્રવ્યના ત્રણ લક્ષણ એવા જે ચિહ્ન. ચિહ્ન નામ એંધાણ, લક્ષણ. આહા..હા...! એનાથી '**પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું.**' આ..હા..હા...! બહુ ગાથા (ઊંચી આવી) ! આ..હા...!

હવે આ (અજ્ઞાની) કહે કે, 'હું પરની દયા પાળું' તો કહે છે કે, એનું ટકવું જે છે એ એની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે માટે ટકે છે અને એનો જ્યારે નાશ થાય છે ત્યારે એની પૂર્વની અવસ્થા છે એનો વ્યય થાય તો નાશ થાય. આ કહે કે, 'હું એનો નાશ કરું. હું એને જીવાડું અને હું એનો નાશ કરું' બન્ને સિદ્ધાંત જૂઠા છે. 'હું એને જીવાડું' તો એની જે ઉત્પાદપર્યાય છે (તે) એનાથી થઈ છે, એને ઠેકાણે આ કહે કે, 'હું ઉત્પાદ કરું' ! પછી ઉત્પાદ થઈને મરણ થાય છે–દેહ છૂટી જાય છે ત્યારે એનાથી થાય છે. ઉત્પાદનો નાશ થઈ અને સંહાર થાય છે. ત્યારે આ કહે કે, 'હું એને મારી શકું છું' ! આહા..હા...! આવું છે. ધન્ય માર્ગ, બાપા ! આહા..હા...! ચૈતન્યનો રસ્તો તો જુઓ ! આહા..હા...! જેને પર સાથે તો કાંઈ સંબંધ જ નથી. અહીં તો એ સિદ્ધ (કરે) છે.

એક દ્રવ્યને બીજા દ્રવ્યનું કંઈ આલંબન હોય, નિમિત્ત હોય, નજીક હોય તો કાંઈક એમાં થાય (એમ નથી). ઉચિત નિમિત્ત કીધું, ઉચિત નિમિત્ત હોય પણ એ ઉચિત નિમિત્ત (ક્યારે કહેવાય કે) અહીં ઉત્પન્ન થયું છે ત્યારે બીજાને ઉચિત નિમિત્ત કહેવાય. પણ આ ઉત્પન્ન (થવાનો) કાળ જ્યારે છે ત્યારે એને ઉચિત નિમિત્તનો કાળ કહેવાય. પણ આ ઉચિત નિમિત્ત આવ્યું માટે અહીં ઉત્પન્ન થયું (એમ નથી). આહા..હા...! અહીં ઉત્પન્ન થયું એ પૂર્વના વ્યય–સંહારને કારણે ઉત્પન્ન થયું અને ધ્રુવને કારણે ઉત્પન્ન થયું. ઉચિત નિમિત્તને કારણે નથી થયો વ્યય (કે) નથી થયો ઉત્પાદ. આ..હા..હા...! આવી વાતું ! 'મુંબઈ' જેવામાં આવી વાતું મૂકવી કઠણ પડે. લોકો સાંભળે છે. માર્ગ તો આ છે. વાત સાંભળો... સાંભળો...! આહા..હા...! એ ૧૦૦ ગાથા (પૂરી) થઈ. સોએ પૂરું કર્યું. આ..હા...! સોએ પૂરી સ્વતંત્રતા સિદ્ધ કરી.

ઉત્પાદની પૂરી સ્વતંત્રતા ! જે જે ક્ષણે ઉત્પાદ થાય તે તે ક્ષણે તેને બીજા નિમિત્તની અપેક્ષા છે જ નહિ અને તે પણ ઉત્પાદ થાય એ એના અવસરે જ ઉત્પાદ થાય, આઘો-પાછો નહિ. આ..હા..હા...! તેના અવસરે જે તે દ્રવ્યના પર્યાયની ઉત્પત્તિ થાય ત્યારે બીજા નિમિત્તની બિલકુલ જરૂર નહિ. એના સંહાર અને ધ્રુવનો આશ્રય ખરો. એનો ને એનો સંહાર અને ધ્રુવનો આશ્રય (છે). આ..હા...! અને તે તે દ્રવ્યની પર્યાયનો વ્યય (થાય) એને ઉત્પાદ અને ધ્રુવનું કારણ (છે). આહા..હા...! પણ લાકડીએ આ તોડી નાખ્યું કે રોટલીના કટકા કર્યા... આહા..હા...! રોટલીપણે જે ઉત્પાદપર્યાય હતી એનો નાશ થતાં કટકા થયા, એ ઉત્પત્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ. પેલો ઉત્પાદ હતો એને સંહાર થયો ત્યારે કટકા થયા. રોટલી આખી ઉત્પાદરૂપે હતી એના કટકા થયા ત્યારે ઉત્પાદનો નાશ થઈ અને કટકાની ઉત્પત્તિ થઈ. દાંતને લઈને કટકાની ઉત્પત્તિ થઈ એમ નથી. રોટલીના કટકા દાંતને લઈને થયા એમ નથી. આવી વાતું છે. આહા..હા...! શું પ્રભુનું તત્ત્વ ! આ..હા..હા...! એનો આત્મા પોકારીને કબૂલ કરે ! આ..હા..હા...! નિઃસંદેહ ! આ..હા..હા...! આવી ચીજ છે.

લાખો પંડિતો (ભલે) વિરોધ કરે કે, 'નહિ, બે કારણે કાર્ય થાય, બે કારણે કાર્ય થાય.' એ તો બીજું એક (દ્રવ્ય) છે એનું જ્ઞાન કરાવે છે. બીજું છે એનું આરોપથી જ્ઞાન કરાવે છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં બે કારણથી (કાર્ય થાય એમ) આવે છે ને ? આહા..હા...! પણ બીજું કારણ છે માટે અહીં ઉત્પત્તિ થઈ એમ નથી. ઉત્પત્તિ તે સમયે પોતાથી પૂર્વના વ્યયથી અને ધ્રુવના આશ્રયથી (થઈ છે). આ..હા..હા...! ઉત્પત્તિ થઈ તે ક્ષણે જે નિમિત્ત હોય તેને ઉચિત નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા...! આમાંથી એક શબ્દ આડોઅવળો થાય તો મોટો ફેર પડે. આવો વીતરાગધર્મ હશે ? આહા..હા...!

એક-એક ગાથા ચડિયાતી છે ! ૯૯માં (કહ્યું કે) સમયે-સમયે અવસરે થાય એ અવસરે જ થાય એને અહીં સિદ્ધ કર્યું. તે પૂર્વની પર્યાયનો વ્યય થઈ ધ્રુવપણે રહીને ઉત્પત્તિ થાય. આહા..હા...! અને ત્રણ થઈને દ્રવ્ય છે. ત્રણ એક-એક દ્રવ્ય નથી. ધ્રુવ ભલે ત્રિકાળ ધ્રુવ છે પણ એક અંશ છે. અહીં તો પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરવું છે. નિશ્ચયનયનું દ્રવ્ય જે ધ્રુવ એ અહીં સિદ્ધ નથી કરવું. આહા..હા...! આમાં તો સમજવા માટે એકાગ્રતા પણ કેટલી જોવે!! પેલા લોઢાના (વેપારમાં) તો વાટકા (આમ-આમ કરે) એ તો મજૂર કર્યા કરે. એ કરે છે એનો રાગ. આહા..હા...! એ લોટો બનાવી શકતો નથી. લોટાની જે ઉત્પત્તિ (થઈ) એ પહેલાંની જે લોઢાની અવસ્થા હતી તેનો વ્યય થઈ અને એની ઉત્પત્તિ થઈ છે. (બીજાએ) ધ્યાન રાખ્યું માટે થઈ છે એમ છે નહિ. આહા..હા...!

પ્રશ્ન :– ધ્યાન રાખવું કે નહિ ?

સમાધાન :– કોણ રાખે પણ ? અહીં તો એક દ્રવ્ય બીજાને અડતું નથી, એ તો ત્રીજી ગાથાએ સિદ્ધ કર્યું. 'સમયસાર' ! આ..હા..હા...! એક દ્રવ્ય–પરમાણુ કે આત્મા પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે, પરદ્રવ્યને અડતું નથી. આ..હા..હા...! હવે એ અડતું નથી એવું જે દ્રવ્ય (છે) એનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ (છે). આહા..હા...! હવે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ (એનામાં છે). એક પર્યાયની ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવ વિના ન હોય. એ વિના ન હોય, એમ ખરું (પણ) નિમિત્ત વિના ન હોય એમ નથી. આહા..હા...! આવી વાત હતી. ભગવાન સ્પષ્ટ કરે છે ! ભગવાને સ્પષ્ટ કર્યું છે ને ! આ..હા..હા...! ભગવાન બોલે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



! આહા..હા...! આત્મા બોલે નહિ, વાણી બોલે. આહા..હા...!

વાણીનું તો માહાત્મ્ય છે ને ! બીજા શ્લોકમાં આવ્યું છે ને ? અનુભવશીલ ! 'અનુભવશીલ' શબ્દ વાપર્યો છે ને ? ભાઈ ! બીજા શ્લોકમાં, 'સમયસાર' ! અનુભવશીલની વ્યાખ્યા કરી – સર્વજ્ઞ અનુસારીણી વાણી ! તે અનુભવશીલની વ્યાખ્યા કરી. આહા..હા...! એ સર્વજ્ઞને અનુસારી નિમિત્તથી (કહ્યું) એ વાણી પણ પૂજ્ય છે, એમ ત્યાં કહ્યું. વ્યવહારે પૂજ્ય છે. આ..હા..હા...! આવી (ચોખ્ખી) વાત (છે તોપણ) તકરાર કરે, વિરોધ કરે – 'એ..ઈ.. આમ છે ને તેમ છે.' ગમે એ કરો, બાપુ ! અહીં તો કાંઈ ફરે એવું નથી. આહા..હા...! હવે તો નાના-નાના છોકરાઓ વાતું કરવા શીખ્યા છે ! ઘણાં વર્ષથી ચાલ્યું છે ને !

શ્રોતા :– છોકરાઓ કરે, મોટા ઓછી કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોટાને ધંધો ખરો ને ! છોકરાઓને ભણવાનું (હોય) એટલે નિવૃત્તિ ઘણી મળે અને આને ધંધા આડે (નવરાશ ન મળે). ધંધા કેટલા ? (આ ભાઈને હાથ કપાઈ ગયો) તો ઊંહકારો કર્યો નથી, એ વખતે ઊંહકારો કર્યો (નથી) અને આંખમાંથી આંસુ નહિ. જ્ઞાયક ! બસ ! આમ બોલ્યા. થવું (હતું) તે થયું, થાય તે થાય. થાય તે થાય છે, ન થાય તે ન થાય. આહા..હા...! થાય છે તે થાય એને તું ન થાય એમ કેમ કહે છે ? આહા..હા...!

જે જે પર્યાયનો ઉત્પાદ છે, તે થાય છે તે થાય છે. એને તું કહે કે, આ (આમ) કેમ ? કેમ પણ (કેમ કહે છે) ? જે છે તે થાય છે. તે સમયનો અવસર (છે), તે જ વસ્તુનો ઉત્પાદ થવાનો (છે). આહા..હા...! પેલો દાખલો આપ્યો હતો ને ? સોનાનો દાખલો નહોતો આપ્યો ? (એક) સોનાનો ઘડો હતો. જેને સોનું જોઈતું હતું એ ઘડો (ભંગાવીને સોનું કરે) અને જેને ઘડો જોઈતો હતો એ ઘડો ફૂટે એટલે દ્વેષ કરે, ઊં..હું..! અને જેને કટકા (જોઈતા હતા એ રાજી થાય). આહા..હા...! 'ચિદ્‌વિલાસ'માં દાખલો આપ્યો છે ને ? આ..હા...! કહો, આમાં સમજાય છે કે નહિ ? છોકરાઓ ! એ..ઈ.. થોડું થોડું સમજાય છે ને થોડું થોડું ? સમજવાનું તો આ છે.

જેનો પાકો નિર્ણય થઈ જાય એ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. આહા..હા...! કારણ કે થવાનું (હોય) તે થાય. તેના કારણમાં પણ સંહાર અને ધ્રુવ છે. હવે એમાં બીજો કરે શું ? બીજાએ આવીને આમ કર્યું ને આમ કર્યું, એ છે ક્યાં ? બીજાએ મને માર્યો અને બીજાએ મને આમ કર્યું... આહા..હા...! કેટલી કલ્પના જૂઠી થઈ જાય !

શ્રોતા :– છોકરાઓ છોકરાઓ તો મારે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ મારે ? આહા..હા...! પહેલાં છોકરા કહેતા કે, મહારાજ કહે છે કે, કોઈ કોઈનું કરી શકે નહિ. (એમ કહીને) પેલાને મારે. (પછી કહે કે) મેં ક્યાં કર્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ? અરે... પ્રભુ ! ઈ આંગળી આમ વળે છે એ પણ એનો ઉત્પાદ છે માટે આમ વળે છે અને તે પહેલાંની અવસ્થાનો વ્યય થઈને (આમ) થાય છે. આંગળીમાં ઉત્પાદ થયો એ ધ્રુવપણાને આશ્રયે વ્યતિરેક છે. અન્વયને આશ્રયે વ્યતિરેક છે. વ્યતિરેક વિના અન્વય હોય નહિ. આહા..હા...! કોને મારે ? અને કોને હાથ ઉપાડે ? આહા..હા...! આવી ચીજ છે. ૧૦૦ (ગાથા પૂરી) થઈ.

'**હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે.**' (અર્થાત્) દ્રવ્યથી તે ઉત્પાદ-વ્યય જુદાં છે, એમ નથી. દ્રવ્યથી ઉત્પાદ-વ્યય જુદાં છે, એમ નથી. ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું દ્રવ્યથી અર્થાંતરપણું, અર્થાંતર એટલે અનેરો અર્થ, અનેરા પદાર્થપણું નષ્ટ કરે છે. '**(અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે) :–**' આ બધી ગાથા બહુ સારી છે, હોં ! ૧૦૧ ને ૧૦૨ ને...

**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया।**
**दव्वम्हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं।।१०१।।**

**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.**

ઓ..હો..હો...! જ્યાં જ્યાં જે દ્રવ્ય છે તેમાં ઉત્પન્ન પર્યાય છે, વ્યય છે અને ધ્રુવ છે. આ..હા...! તે બધું દ્રવ્ય છે. આહા..હા...! તે બધું તે દ્રવ્ય છે. એના ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં બીજું દ્રવ્ય નથી. આહા..હા...! છે ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ દ્રવ્યથી જુદા નથી. આહા..હા...! '**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે**' પર્યયે સંહાર વર્તે છે. '**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે.**'

વિશેષ કહેશે...

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथोत्पादादीनां द्रव्यादर्थान्तरत्वं संहरति -

**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया।**
**दव्वम्हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं।।१०१।।**
**उत्पादस्थितिभङ्गा विद्यन्ते पर्यायेषु पर्यायाः।**
**द्रव्ये हि सन्ति नियतं तस्माद्द्रव्यं भवति सर्वम्।।१०१।।**

उत्पादव्ययध्रौव्याणि हि पर्यायानालम्बन्ते, ते पुनः पर्याया द्रव्यमालम्बन्ते। ततः समस्तमप्येतदेकमेव द्रव्यं, न पुनर्द्रव्यान्तरम्। द्रव्यं हि तावत्पर्यायैरालम्ब्यते, समुदायिनः समुदायात्मकत्वात्; पादपवत्। यथा हि समुदायी पादपः स्कन्धमूलशाखासमुदायात्मकः

---

अथोत्पादव्ययध्रौव्याणि द्रव्येण सह परस्पराधाराधेयभावत्वादन्वयद्रव्यार्थिकनयेन द्रव्यमेव भवतीत्युपदिशति - **उप्पादट्ठिदिभंगा** विशुद्धज्ञानदर्शनस्वभावात्मतत्त्वनिर्विकारस्वसंवेदन-ज्ञानरूपेणोत्पादस्तस्मिन्नेव क्षणे स्वसंवेदनज्ञानविलक्षणाज्ञानपर्यायरूपेण भङ्गः, तदुभया-धारात्मद्रव्यत्वावस्थारूपेण स्थितिरित्युक्तलक्षणास्त्रयो भङ्गाः कर्तारः। **विज्जंते** विद्यन्ते तिष्ठन्ति।

---

હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે) :-

ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,
ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.

અન્વયાર્થ :- [उत्पादस्थितिभङ्गाः] ઉત્પાદ, સ્થિતિ અને ભંગ [पर्यायेषु] પર્યાયોમાં [विद्यन्ते] વર્તે છે; [पर्यायाः] પર્યાયો [नियतं] નિયમથી [द्रव्ये हि सन्ति] દ્રવ્યમાં હોય છે, [तस्मात्] તેથી [सर्वं] (તે) બધુંય [द्रव्यं भवति] દ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



स्कन्धमूलशाखाभिरालम्बित एव प्रतिभाति, तथा समुदायि द्रव्यं पर्यायसमुदायात्मकं पर्यायैरालम्बितमेव प्रतिभाति। पर्यायास्तूत्पादव्ययध्रौव्यैरालम्ब्यन्ते, उत्पादव्ययध्रौव्याणामंशधर्मत्वात्; बीजाङ्कुरपादपत्ववत्। यथा किलांशिनः पादपस्य बीजाङ्कुरपादपत्वलक्षणास्त्रयोंऽशा भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः सममेव प्रतिभान्ति, तथांशिनो द्रव्यस्योच्छिद्यमानोत्पद्यमानावतिष्ठमानभावलक्षणास्त्रयोंऽशा भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः सममेव प्रतिभान्ति।

---

केषु। **पज्जएसु** सम्यक्त्वपूर्वकनिर्विकारस्वसंवेदनज्ञानपर्यायेण तावदुत्पादस्तिष्ठति स्वसंवेदनज्ञानविलक्षणाज्ञानपर्यायरूपेण भङ्गस्तदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपपर्यायेण ध्रौव्यं चेत्युक्तलक्षणस्वकीयस्वकीयपर्यायेषु। **पज्जाया दव्व हि संति** ते चोक्तलक्षणज्ञानाज्ञानतदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपपर्याया हि स्फुटं द्रव्यं सन्ति। **णियदं** निश्चितं प्रदेशाभेदेऽपि स्वकीयस्वकीयसंज्ञालक्षणप्रयोजनादिभेदेन। **तम्हा दव्वं हवदि सव्वं** यतो निश्चायाधाराधेयभावेन

---

ટીકા :– ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે); તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.

પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે) કારણ કે સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે; વૃક્ષની માફક. જેમ સમુદાયી વૃક્ષ સ્કંધ, મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે (જોવામાં આવે છે), તેમ સમુદાયી દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે (અર્થાત્ જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે – વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે – દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી).

અને પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે) કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે (– અંશીના ધર્મો નથી); બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક. જેમ અંશી એવા વૃક્ષના બીજ–અંકુર–વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે, તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે. પરંતુ જો (ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્ય અંશોનાં નહિ માનતાં) (૧) ભંગ, (૨) ઉત્પાદ અને (૩) ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

यदि पुनर्भङ्गोत्पादध्रौव्याणि द्रव्यस्यैवेष्यन्ते तदा समग्रमेव विप्लवते। तथा हि - भङ्गे तावत् क्षणभङ्गकटाक्षितानामेकक्षण एव सर्वद्रव्याणां संहरणाद्द्रव्यशून्यतावतारः सदुच्छेदो वा। उत्पादे तु प्रतिसमयोत्पादमुद्रितानां प्रत्येकं द्रव्याणामानन्त्यमसदुत्पादो वा। ध्रौव्ये तु क्रमभुवां भावानामभावाद्द्रव्यस्याभावः क्षणिकत्वं वा। अत उत्पादव्ययध्रौव्यैरालम्ब्यन्तां पर्यायाः पर्यायैश्च द्रव्यमालम्ब्यतां, येन समस्तमप्येतदेकमेव द्रव्यं भवति।।१०१।।

---

तिष्ठन्त्युत्पादादयस्तस्मात्कारणादुत्पादादित्रयं स्वसंवेदनज्ञानादिपर्यायत्रयं चान्वयद्रव्यार्थिकनयेन सर्वं द्रव्यं भवति। पूर्वोक्तोत्पादादित्रयस्य तथैव स्वसंवेदनज्ञानादिपर्यायत्रयस्य चानुगताकारेणान्वयरूपेण यदाधारभूतं तदन्वयद्रव्यं भण्यते, तद्विषयो यस्य स भवत्यन्वयद्रव्यार्थिकनयः। यथेदं ज्ञानाज्ञानपर्यायद्वये भङ्गत्रयं व्याख्यातं तथापि सर्वद्रव्यपर्यायेषु यथासंभवं ज्ञातव्यमित्यभिप्रायः। ।।१०१।।

---

આવે, તો બધુંય વિપ્લવ પામે. તે આ પ્રમાણે : (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સત્‌નો ઉચ્છેદ થાય. (૨) જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું આવે (અર્થાત્ સમયે સમયે થતો ઉત્પાદ જેનું ચિહ્ન હોય એવું દરેક દ્રવ્ય અનંતદ્રવ્યપણું પામે) અથવા અસત્‌નો ઉત્પાદ થાય. (૩) જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ આવે અથવા ક્ષણિકપણું થાય.

માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો કે જેથી આ બધુંય એક જ દ્રવ્ય હોય.

ભાવાર્થ :– બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું) ત્રણે એકીસાથે છે. આ રીતે નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય બીજ-અંકુર-વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક વૃક્ષ જ છે. એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે. ૧૦૧.

---

**ગાથા–૧૦૧**
**પ્રવચન નં. – ૧૧૦**
**તા. ૨૦-૬-૭૯**

'પ્રવચનસાર' ૧૦૧–ગાથા. '**હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું...**' ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યથી જુદાં નથી એ સિદ્ધ કરે છે.

પ્રશ્ન :– હોય એ નષ્ટ થાય કે ન હોય એ નષ્ટ થાય ?

સમાધાન :– અર્થાંતરપણું નષ્ટ (કરે છે એટલે) જુદું છે જ નહિ એમ કહે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા નથી. ત્રણ પર્યાય છે એ ત્રણ પર્યાયસ્વરૂપ એક દ્રવ્ય છે. એમ સિદ્ધ કરવું છે. પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરવું છે. નિશ્ચયનયના દ્રવ્યની (અત્યારે વાત નથી). અને તે કહ્યું ને ? 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' નથી કીધું. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય (કહ્યું છે). ધ્રૌવ્ય એટલે ધ્રુવનું ભાવપણું. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય તે સત્ છે એમ કીધું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં ! આહા..હા...! અહીં 'સ્થિતિ' શબ્દ પણ લે છે પણ એ સ્થિતિનો એક અંશ–ભાગ લે છે. ઉત્પાદ-વ્યયની સ્થિતિ વિશેષ નથી, એક સમયની છે અને આ કાયમની સ્થિતિ (છે) એ અપેક્ષાએ એને (ધ્રુવ કહે છે). ઉત્પાદ એટલે સૃષ્ટિ, વ્યય એટલે ભંગ અને ધ્રૌવ્ય એટલે ધ્રુવપણું. એ ત્રણ થઈને દ્રવ્ય છે. આવી વાત છે. આ 'પ્રવચનસાર' મૂળ પદાર્થની વ્યવસ્થા સર્વજ્ઞ ભગવાને જોઈ તે રીતે કહે છે. એ રીતે જોઈએ. આહા..હા...!

અહીંયાં કહે છે, જુઓ ! '**ઉત્પાદાદિકનું દ્રવ્યથી...**' ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યનું '**દ્રવ્યથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અર્થાંતરપણું...**' એટલે અનેરા પદાર્થપણું છે નહિ. માટે '**નષ્ટ કરે છે.**' (એમ કહ્યું). '**(અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...)**' જોયું ? એમાં 'ધ્રુવ' શબ્દ નથી લીધો, 'ધ્રૌવ્ય' (લીધું છે). ત્યાં 'તત્ત્વાર્થસૂત્ર'માં મૂળ સંસ્કૃતમાં ઈ છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' ધ્રૌવ્યયુક્તં સત્ ! ધ્રુવયુક્તં સત્ એમ નથી લીધું. એનું ભાવપણું લેવું છે ને ? એક અંશ લેવો છે. '**(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી,,,)**' આ..હા..હા...! ભગવાનઆત્મા ! એ દ્રવ્ય–વસ્તુ (છે). એમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યપણું વસ્તુથી જુદાં નથી. એ વસ્તુસ્વરૂપ જ છે. એ ત્રણ પર્યાય છે ઈ પર્યાયને આશ્રયે ભેદ (છે), અને ત્રણે પર્યાય દ્રવ્યને આશ્રયે છે. લ્યો, ઠીક !

સવારે આવ્યું હતું કે, જ્ઞાનની ક્રિયાને આશ્રયે આત્મા છે. સવારે એ આવ્યું હતું. જ્ઞાનની ક્રિયાને આશ્રયે (આત્મા છે). એનો અર્થ ઇ કે જ્ઞાનની શુદ્ધ ચૈતન્યની પરિણતિ થઈ એને આશ્રયે ઇ જણાણો એટલે એને એનો આધાર થયો (એમ) કીધું. અહીં એમ નથી. અહીં તો વસ્તુસ્થિતિ સિદ્ધ કરવી છે. ત્યાં (–સવારે) સંવરનો અધિકાર હતો ને (એટલે એમ લીધું હતું). આહા..હા...! શબ્દનો થોડો ફેર (લાગે) પણ ઘણો (ભાવમાં ફેર પડી જાય). આહા..હા...! આ તો અનંત તીર્થંકરો, કેવળીઓએ જે સ્વરૂપ કહ્યું છે ઈ રીતે એને જાણવું. ઇ અંદર આવી ગયું ને ? 'જે ન માને...' એ પહેલાં આવી ગયું. ૯૮ (ગાથા) ! '**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा। सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ।।**' પરસમય મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! ૯૮–ગાથા, મૂળ ગાથા ! છે કે નહિ ? આહા..હા...! જે રીતે વસ્તુ છે એ રીતે જે ન માને તો એ પરસમય મિથ્યાદૃષ્ટિ છે. અહીં એમ કહ્યું. આહા..હા...!

અહીં તો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ત્રણે એક સમયમાં છે. આહા..હા...! ઉત્પાદની પર્યાયનો સમય, ભંગનો સમય અને ધ્રૌવ્યનો સમય એ એક જ સમયે ત્રણ છે. એથી અહીં ત્રણ એમ લેશે, જુઓ ! '**(એમ સિદ્ધ કરે છે) :–**' '**उप्पादट्ठिदि**' અહીં ધ્રૌવ્યને 'સ્થિતિ' શબ્દના અર્થમાં વાપર્યો છે. '**उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया।**' (અર્થાત્) એ પર્યાયના ભેદ છે. આ..હા..હા..હા...! ત્રણ (ભેદ) પડ્યા ને ? ઉત્પાદ – સ્વસંવેદનથી જણાણું, અસંવેદનનો વ્યય થયો અને ધ્રૌવ્યપણાનું ટકવું રહ્યું. ઈ ત્રણેય પર્યાયો (છે), તેના પર્યાયથી જણાણો અને જણાણું શું ? (તો કહે છે) દ્રવ્ય. આહા..હા...! આવી વાત છે.

(હરિગીત) '**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય...**' જોયું ? ધ્રૌવ્ય છે. '**ને સંહાર વર્તે પર્યયે, ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે.**' અહીં તો ભાઈ માર્ગ એવો (છે). વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... આ..હા..હા...! એણે કહેલું તત્ત્વ બીજે ક્યાંય છે નહિ એટલે જગતને આકરું પડે છે. અભ્યાસ વિના (સમજાય તેવું નથી) અને એ રીતે (એટલે કે) જે રીતે છે તે રીતે ન માને એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મિથ્યાદૃષ્ટિ છે એમ કીધું. આવ્યું ને ૯૮ ગાથા(માં) ? આહા..હા...!

ઉત્પાદ-વ્યય, એક જ સમયમાં ઉત્પાદ અને વ્યય વિરુદ્ધ ભાવ (છે) અને તેનાથી વિરુદ્ધ ભાવ સ્થિતિ–ટકી રહેવું (છે). આહા..હા...! આ એક સમય રહે અને આ ટકી રહે, છતાં ટકી રહેનું ધ્રુવપણું અહીં એક સમયમાં લેવું છે પછી ત્રણનો સમુદાય તે દ્રવ્ય (છે એમ કહેશે). આહા..હા...! એમ છે. અરે...! આવું સાંભળવા નવરાશ મળે નહિ. સમ્યગ્દર્શન થવામાં ભગવાને જે તત્ત્વો કહ્યાં તે રીતે તત્ત્વને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું માને ત્યારે તેને ઉત્પાદ થઈ એવી સમ્યગ્દર્શનપર્યાય, મિથ્યાત્વ થયો એ એનો વ્યય થયો અને જે સદૃશપણું રહ્યું–ધ્રૌવ્યપણું રહ્યું એ ધ્રુવ. એ ધ્રુવનું ધ્રૌવ્યપણું રહ્યું એ અને ત્રણે મળીને પછી દ્રવ્ય છે. એનો અર્થ કે એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય માટે બીજા દ્રવ્યની જરૂર નથી. આ..હા..હા...! આત્માના ધર્મની પર્યાયના ઉત્પાદ માટે અને અધર્મની પર્યાયના વ્યય માટે અને તે ચીજનું ધ્રૌવ્યપણું ટકવા માટે પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા...! આવી ધર્મની રીત ! એ કહે છે.

**ટીકા :–** '**ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય...**' જોયું ? ધ્રૌવ્ય (કહ્યું) ! આહા..હા...! '**ખરેખર પર્યાયોને આલંબે છે...**' શું કહે છે ? આહા..હા...! સ્વસંવેદન ઊપજવું, સમ્યગ્દર્શનની પર્યાય ઊપજવી અને મિથ્યાદર્શનની પર્યાયનો વ્યય અને ધ્રૌવ્યપણું એ ત્રણ પર્યાયને અવલંબે છે. ઈ ત્રણ પર્યાય છે–ત્રણ ભેદ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કોને પડી છે કે અંદર વસ્તુસ્થિતિ શું છે ? લોઢાનું બધું નક્કી કરવું હોય તો ત્યાં બધું નક્કી કરે. વકીલ વકીલાતનું કરે. આહા..હા...! આ સર્વજ્ઞ પરમાત્મા (આમ ફરમાવે છે). એક ન્યાય ફરે તો આખું તત્ત્વ વિરુદ્ધ થઈ જાય. આહા..હા...!

ઉત્પાદ વિનાનું દ્રવ્ય એકલું માને તોપણ મિથ્યાદૃષ્ટિ થઈ જાય. વ્યય વિનાનું એકલું દ્રવ્ય માને તો તત્ત્વ એવું નથી માટે મિથ્યાદૃષ્ટિ થઈ જાય અને ઉત્પાદ-વ્યયને જ માને અને ધ્રુવને ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

પ્રશ્ન :– એકને માને એમાં એક તૃતીયાંશ સાચું અને બે તૃતીયાંશ ખોટા, એમ માનવામાં શું વાંધો છે ?

સમાધાન :– એકેએક ખોટું, બધું ખોટું (છે). આવું છે, પ્રભુ ! શું થાય ? આહા..હા...!

એક ઉત્પાદની પર્યાય છે એ નથી એમ માને અને એકલું ધ્રુવ જ છે એમ માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. એકલો વ્યય માને તો ઉત્પાદ વિના વ્યય હોય નહિ તો એ મિથ્યાદૃષ્ટિ છે. નાસ્તિ થઈ ગયો–નાશ થઈ ગયો. આ..હા...! ઉત્પાદ-વ્યય બેને જ માને અને ટકતી સ્થિતિવાળું ધ્રૌવ્યપણું ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. એ ૯૮ ગાથામાં કહી ગયા. આહા..હા...! ઝીણું છે, બાપુ ! માર્ગ, બાપા ! આ..હા..હા...!

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો ધ્રુવ અને ધ્રૌવ્ય માટે 'તત્ત્વાર્થસૂત્ર' જોવું પડ્યું. 'તત્ત્વાર્થસૂત્ર'માં એ લીધું છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' નથી લીધું. સમજાણું ? પાંચમામાં છે ને ? (પાંચમો અધ્યાય–સૂત્ર-૩૦). '**ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્**' આ મૂળ પાઠ છે. પહેલું એ છે કે, '**સદ્દ્રવ્યલક્ષણમ્**' દ્રવ્યનું સત્–હોવાપણું તે લક્ષણ. એક વાત. આ સૂત્ર છે, 'ઉમાસ્વામી' (તેના રચયિતા છે). પજુસણમાં કાયમ વંચાય છે. વાંચનારને પણ ખબર ન મળે અને સાંભળનારને પણ ખબર ન મળે. આ તો એક-એક ન્યાયમાં આટલો મોટો ફેર ! આહા..હા...!

અહીં કહે છે – ૨૯મું સૂત્ર છે. '**સદ્દ્રવ્યલક્ષણમ્**' ઇ અહીંયાં કહેશે. 'સત્દ્રવ્યલક્ષણમ્' હવે સત્ શું ? 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં' નહિ. ધ્રૌવ્યયુક્તં સત્ (એટલે) એના પણું. ઈ ક્યાંક વચમાં આવે છે. ધ્રુવનું ધ્રૌવ્યપણું લેવું–એનો ભાવ લેવો. ઇ ક્યાંક વાંચ્યું (છે). આ તો આજે જોયું હતું. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ નથી કહ્યું. ધ્રૌવ્ય... ધ્રૌવ્ય ! એવી વાત છે. આ તો વીતરાગમાર્ગ છે એણે પદાર્થનું સ્વરૂપ શું કહ્યું એ રીતે એને જાણવું જોઈએ ને ? આ..હા...! એમાં કંઈ પણ વિરોધ થાય તો આખા તત્ત્વનો વિરોધ થઈ જાય. આહા..હા...! પછી (૩૧મું સૂત્ર છે) '**તદ્ભાવાવ્યયં નિત્યમ્**' તદ્ ભાવ અવ્યય–એનો નાશ નહિ એને નિત્ય કહેવાય છે. પાંચમાં અધ્યાયમાં છે. પાંચમામાં ૨૯મું અને 'ઉત્પાદ-વ્યય...' ૩૦મું (સૂત્ર છે).

'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' ઈ અહીં (કહે) છે. અહીં તો વિચાર શું આવ્યો કે, ત્રણને પર્યાય કીધી, સમજાણું ? ભાઈ ! અહીં ત્રણને પર્યાય કીધી ને ? એ ઉપરથી વિચાર આવ્યો. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને અવલંબે છે. એ ત્રણે પર્યાયો છે. આહા..હા...! ભેદ છે, આખું દ્રવ્ય નથી. આહા..હા...! '**ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે.**' આહા..હા...! સમજાય છે ? '(**અર્થાત્** ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય **પર્યાયોના આશ્રયે છે...**)' આલંબે છે એનો અર્થ આશ્રય કર્યો. '(**પર્યાયોના આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે);...**' ઠીક ! સવારમાં એમ કહ્યું હતું, પર્યાયના આશ્રયે દ્રવ્ય છે. '**ઉપયોગમાં ઉપયોગ છે**' જાણક ક્રિયા – જાણન... જાણન... જાણન... શ્રદ્ધા એવી જે નિર્મળ પરિણતી (છે) એનાથી જણાણો માટે એને આધારે જણાણો માટે એ આધાર અને આધેય (છે). આહા..હા...! અહીં કહે છે કે, દ્રવ્યને આશ્રયે ત્રણ છે. '**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ**' આવી વાત છે. આહા..હા...! થોડું પણ એને સત્ય હોવું જોઈએ અને તે પરમાત્મા સર્વજ્ઞના પ્રવચનમાં–દિવ્યધ્વનિમાં આવ્યું છે એ આ (વાત) છે. આહા..હા...! દિવ્યધ્વનિએ તો પરમાત્માને વિસરાવી દીધા છે એવી શૈલી છે !! એવી સીધી વાત છે. જાણે પરમાત્મા જ આ કહેતા હોય !! આ..હા..હા...! જગતને સત્યની પ્રસિદ્ધિ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ ! એકવાર સાંભળ ! દરેક દ્રવ્યમાં જે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે એ ત્રણ પર્યાયોના આશ્રયે છે. પર્યાયને આલંબે છે એટલે પર્યાયના આશ્રયે છે. ધ્રૌવ્ય પણ પર્યાયના આશ્રયે છે. ઉત્પાદ-વ્યય એ તો પર્યાયના આશ્રયે (છે) એ તો ઠીક પણ ધ્રૌવ્યપણું એક ભાગ પડ્યો એ પણ પર્યાયના આશ્રયે છે. આ..હા..હા...! સમજાણું ? '**અને પર્યાયો...**' એ ધ્રૌવ્ય જે પર્યાય લીધી હતી; ઉત્પાદ-વ્યય તો પર્યાય છે જ પણ ભેદ જે ધ્રૌવ્ય લીધું એ પર્યાયો દ્રવ્યના આશ્રયે છે. આહા..હા...! એ ત્રણપણાનું એકરૂપ દ્રવ્ય તે દ્રવ્યને આશ્રયે છે. આહા..હા...! ધ્રૌવ્યપણું પણ દ્રવ્યને આશ્રયે છે. ઉત્પાદ-વ્યયપણું પણ દ્રવ્યને આશ્રયે છે. સમજાય છે કાંઈ ? એ તો જ્યારે અધિકાર ચાલતો હોય ત્યારે વિસ્તાર આવે ને ? આહા..હા...!

'**(પર્યાયો દ્રવ્યના આશ્રયે છે); તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે,...**' એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય પર્યાય ભેદને આશ્રયે છે–પર્યાયને આશ્રયે છે (અને) પર્યાય દ્રવ્યને આશ્રયે છે. '**એ બધુંય એક જ દ્રવ્ય છે,...**' ત્રણ થઈને આખું એક દ્રવ્ય જ છે. અહીં પ્રમાણનું (–પ્રમાણજ્ઞાનના વિષયભૂત) દ્રવ્ય સિદ્ધ કરવું છે અથવા વસ્તુ આખી છે એને સિદ્ધ કરવી છે. નિશ્ચયનયનું દ્રવ્ય એ તો એકલું ધ્રુવ ! આ..હા..હા...! નિશ્ચયનયનું (દ્રવ્ય) એ તો ભૂતાર્થ (છે). ભૂતાર્થ ! એ તો ભૂતાર્થ ધ્રુવ ! એ એક નયનો વિષય છે અને અહીં તો ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય ત્રણ થઈને પર્યાય (છે) અને એ પર્યાય દ્રવ્યને આશ્રયે છે. એટલે ત્યાં પ્રમાણનો વિષય સિદ્ધ કરવો છે. આહા..હા...! ઝીણું લાગશે પણ હવે માર્ગ તો હોય એટલો આવે, બીજું શું થાય ? ચાલતી પ્રથાથી બીજું લાગે. આહા..હા...!

અહીંયાં તો પર્યાયો – વિકારી કે અવિકારી બધી લેવી. પર્યાયો વિકારી કે અવિકારી ઉત્પાદ-વ્યયવાળી અને ધ્રૌવ્ય તો શુદ્ધ છે પણ અહીં એ ત્રણ થઈને દ્રવ્ય છે. સવારમાં તો એમ કહ્યું કે, નિર્મળ પર્યાયને આશ્રયે દ્રવ્ય છે. અહીંયાં તો વિકારી-અવિકારી પર્યાય અને ધ્રૌવ્ય એ ત્રણે પર્યાયના આશ્રયે છે અને ત્રણે પર્યાય દ્રવ્યના આશ્રયે છે. એ ત્રણે દ્રવ્યથી જુદાં નથી. આ..હા...!

પ્રશ્ન :– સવારે આમ ને બપોરે આમ ?

સમાધાન :– ઈ કઈ અપેક્ષા છે એમ જાણ્યા વિના (સમાધાન નહિ થાય). એક ભાઈ કહેતા હતા, સવારે કાંઈક આવે ને (બપોરે) કાંઈક (આવે) ! (બુદ્ધિ સાધારણ પણ પૈસો થઈ ગયો). પૈસા મળવા એ કાંઈ બુદ્ધિને કારણે નથી કે, બહુ બુદ્ધિ અને વ્યવસાય કરતા આવડ્યો માટે પૈસા વધારે (કમાય) છે એમ હશે ? આ તો દાખલો (છે બાકી તો) ઘણાંને એમ છે ને ? આ..હા..હા...!

પર્યાયો દ્રવ્યને આશ્રયે છે. પર્યાયની સિદ્ધિ દ્રવ્યને આશ્રયે છે. આહા..હા...! પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક પણ અંશ પ્રગટ ઉત્પાદ(રૂપ) છે એને ન માને અને એકલું દ્રવ્ય માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. એકલો વ્યય થઈને વ્યયને માને અને તે કાળે ઉત્પાદ થયો છે અને ધ્રૌવ્ય છે એને ન માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. ઉત્પાદ-વ્યયને એકલાને માને–બૌદ્ધ ! બૌદ્ધ એકલા ઉત્પાદ-વ્યયને માને તો એ મિથ્યાદૃષ્ટિ છે અને વેદાંતી એકલા ધ્રુવને માને. ધ્રુવ એકલું ધ્રુવ–ઉત્પાદ-વ્યય નહિ. એ (માનવાવાળા) પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!

**'આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.'** અનેરું દ્રવ્ય નથી. ઉત્પાદનું દ્રવ્ય અનેરું, વ્યયનું અનેરું અને ધ્રૌવ્યનું અનેરું, એમ નથી. કહો, સમજાય છે ? ભાષા તો સાદી છે. આહા..હા...! એક-એક ગાથામાં કેટલું ભર્યું છે ! ગંભીરતાનો પાર ન મળે ! અરે..રે...! સ્વસંવેદનજ્ઞાનની ઉત્પત્તિ એ પર્યાય છે અને અસંવેદન, મિથ્યાત્વની પર્યાય (છે) એ પણ પર્યાય છે તેનો વ્યય છે. આહા..હા...! અસ્તિપણે તો એક જ પર્યાય હોય અને વ્યયની અપેક્ષાએ નાસ્તિને પણ પર્યાય ગણી. આહા..હા...! દરેક દ્રવ્યને પર્યાય અપેક્ષાએ અસ્તિ – છેપણે તો એક જ ઉત્પાદ હોય, વ્યયની અપેક્ષાએ તો પર્યાયનો અભાવ કરી નાખ્યો અને ટકતું (તત્ત્વ) છે એ પણ ભાવરૂપ છે, એને પર્યાય કીધી. એ ત્રણ પર્યાયો ત્રણે પર્યાયને આશ્રયે છે. આહા..હા...! અને ત્રણે પર્યાયો દ્રવ્યને આશ્રયે છે. આ..હા...! એમાં એક પણ પર્યાયને ન માને તો દ્રવ્યને આશ્રયે ત્રણ સિદ્ધ ન થાય. એટલે દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. આહા..હા...! આવું ઝીણું છે. (અજાણ્યાને તો એમ લાગે) આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? એ કરતાં દયા પાળવી (વગેરે સહેલું હતું). પણ બાપુ ! **પ્રભુ ! જેવી વસ્તુ છે તેવું ભાવમાં ભાસન ન થાય તો ત્યાં ઠરી શી રીતે શકશે ?** આહા..હા...! વાત સમજાય છે ? જે રીતે વસ્તુની મર્યાદા છે તે રીતે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આદિ જ્ઞાનમાં ન ભાસે તો એ પર્યાય ધ્રુવમાં ઠરે એ શી રીતે ઠરશે ? આહા..હા...! એક કોર પર્યાય ઉત્પન્ન છે એ ધ્રુવમાં ઠરે એટલે કે તેની સન્મુખ થાય. આ..હા...! છતાં એ પર્યાય પર્યાયપણે રહીને ઉત્પાદ થયેલી છે. પર્યાય ધ્રુવમાં ભળી ગઈ નથી. કારણ કે ત્રણ પ્રકાર સિદ્ધ કરવા છે ને ? પર્યાયના ત્રણ પ્રકાર કહેવા છે પછી પર્યાય દ્રવ્યને આશ્રયે (છે) એ દ્રવ્ય પછી લીધું. બે વાત લીધી. છે ?

**'પ્રથમ તો...'** આહા..હા...! **'દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે.'** ત્રણ–ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય. પછી એક વાત નથી. '**(અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે).**' આહા..હા...! એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય પર્યાયને આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે. તેથી આ બધુંય (એટલે) ત્રણે થઈને એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી. ઉત્પાદ નવો લાગે માટે કોઈ અનેરો નવો પદાર્થ છે, એકદમ સમ્યગ્દર્શનમાં, ચારિત્રમાં, કેવળજ્ઞાનમાં ઝળકી ઊઠે એટલે જાણે કે આ અનેરું દ્રવ્ય છે એમ નથી. આ..હા..હા...! અને એકદમ મિથ્યાત્વનો વ્યય થઈ જાય એટલે જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે આ બીજું કાંઈ દ્રવ્ય હશે ? અને ઉત્પાદ-વ્યયમાં એકદમ ટકતું તત્ત્વ નજરે પડે... આહા..હા...! એટલે જાણે કે આ અનેરું ધ્રુવ હશે ? ઉત્પાદ-વ્યયથી અનેરું દ્રવ્ય હશે ? (એમ લાગે, પરંતુ એમ નથી). આહા..હા...! **'બધુંય એક જ દ્રવ્ય છે,...'** **'એક જ'** (કીધું) છે ને ? (પહેલાંમાં) પણ એમ હતું. **'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે...'** એમાં પણ હતું ને ? એમાં પણ **'ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે.... તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે,...'** આહા..હા...!

ભગવાનઆત્મા ! એની સ્વસંવેદનની પર્યાયથી ઉત્પન્ન થયું... આહા..હા...! એની જે જાત છે – સમ્યગ્જ્ઞાન, દર્શન, આનંદના વેદનથી ઉત્પન્ન થયું. ઉત્પાદ રહ્યો છતાં ધ્રુવ ધ્રુવપણે રહીને (થયો છે). આહા..હા...! અને એ ઉત્પન્ન થયું છતાં પૂર્વની પર્યાયો જે વિકારી હતી, મિથ્યાત્વની હતી એ અસ્તિપણે હતી. એ અત્યારે પાછી નાસ્તિ થઈ. આહા..હા...! પૂર્વે જ્યારે અસ્તિ હતી (ત્યારે તે અંધકારસ્વરૂપ હતી). આ..હા..હા...! એકદમ અંધારાનો નાશ થઈ ગયો. પ્રકાશ, ઝળહળ જ્યોતિ ચૈતન્યમૂર્તિ પ્રભુ સ્વસંવેદનથી પ્રકાશમાં આવ્યો. આહા..હા...! વિકાર (અને) મિથ્યાત્વની પર્યાયથી અભાવરૂપે થયો. છતાં એ બન્ને અને ભાવ્ય–ધ્રૌવ્ય, એ ત્રણેય થઈને પર્યાય કહેવામાં આવી છે. આ..હા..હા...! એ પર્યાયને આશ્રયે ત્રણ કીધું છે. ત્યાં ધ્રૌવ્યને પણ પર્યાયને આશ્રયે કીધું છે, એમ લીધું. ભેદ છે ને (એટલે). આહા..હા...!

પ્રશ્ન :– ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એક પર્યાયના ત્રણ અંશ છે ?

સમાધાન :– એક સમયમાં ત્રણે પર્યાય છે. એ ત્રણે પર્યાય છે. એક સમયમાં ! આ..હા..હા...! મૂળ આ વસ્તુ ચાલે નહિ એટલે લોકોને આકરી લાગે. બાકી વસ્તુની સ્થિતિ તો સંતોએ તો ઘણી સરળ કરી નાખી. આ..હા..હા...!

બીજો પેરેગ્રાફ. **'પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે).'** પર્યાયો દ્રવ્યને આશ્રિત છે. સવારે કીધું કે, પર્યાયને આશ્રયે દ્રવ્ય છે.

શ્રોતા :– આશ્રય નહોતું કીધું, આધાર કીધું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્રય કહો કે આધાર કહો (બધું એક જ છે). આધાર કહો કે દ્રવ્યને આધેય કહો. પર્યાયને આધાર અને દ્રવ્યને આધેય (કહો). ઈ આવ્યું હતું નહિ ? કઈ અપેક્ષા છે (તે સમજવું જોઈએ).

વસ્તુ આખી પ્રભુ પડી છે એનું જ્યાં પર્યાયમાં ભાન થયું; પર્યાયમાં ભાન થાય છે ને ? દ્રવ્ય તો ધ્રુવ છે. ભાન પર્યાયમાં થાય છે ત્યારે તેને પૂર્વની અવસ્થાનો તો વ્યય થઈ જાય છે. અંધકાર હતો, કાંઈ ખબર નહોતી, જે ચીજની પર્યાયમાં કાંઈ ખબર નહોતી એનો વ્યય થઈને ઉત્પાદ થઈને એકદમ ખબર પડી જાય કે, આ દ્રવ્ય ભગવાન છે ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થાનકવાસીમાં આવું સાંભળ્યું હતું કોઈ દી’ ? આ..હા..હા...! દિગંબર એટલે સંતોના અમૃત છે ! અમૃતના ઘડા !! આ..હા..હા...! જરી શાંતિથી, ધીમેથી સમજવાની વાત છે, બાપુ ! અનંતકાળનો અજાણ્યો માર્ગ (છે) એને જાણીતો કરવો. એક ક્ષણમાં જાણીતો કરવો ! અનંતકાળનો અજાણ્યો એક ક્ષણમાં જાણીતો કરવો ! કેમકે એક ક્ષણમાં વ્યય થઈને તેને જાણીતાની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! આ..હા..હા...! ઉપયોગમાં ભલે અસંખ્ય સમયે આવે પણ કામ અહીંયાં એક સમયનું થાય છે, એમ કહે છે. સમયાંતરમાં એકદમ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ જાય છે. આહા..હા...! એવી એની તાકાત છે !!

આમાં થોડો વખત લઈ, નિવૃત્તિ લઈ એનાં બધાં પડખાંનો નિર્ણય કરવો જોઈએ, ભાઈ ! આવો વખત કે દી’ મળશે ? અનંતકાળના... અર..ર..ર...! નરક અને નિગોદના ભવ, બાપુ ! નામ ભલે તમે કહો પણ એના ભાવને જરી વિચાર કરે ને...! આ..હા..હા...! નરક ને તિર્યંચ ને...!

પ્રશ્ન :– આગળ કાંઈક ધર્મ કર્યો હશે તેથી રૂપિયા મળ્યા ને ?

સમાધાન :– ધૂડમાં પણ રૂપિયા નથી. ‘રૂપિયા મને મળ્યા’ એ જ મિથ્યાત્વભાવ છે. પરદ્રવ્ય સ્વદ્રવ્યને મળે ? અને સ્વદ્રવ્યનું ઈ પરદ્રવ્ય છે ? પરદ્રવ્ય તો એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસહિત એનું સ્વદ્રવ્ય છે. એને ઠેકાણે એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું દ્રવ્ય છે એ મારું છે (એ માન્યતા મિથ્યાત્વ છે). આ..હા...! ગજબ વાત છે, બાપુ !

પ્રશ્ન :– પુણ્ય પાણીમાં ગયું ?

સમાધાન :– પાણીમાં ગયું નથી, મિથ્યાત્વમાં ગયું છે. જૂઠાં વેણ વાવ્યાં, નાથ ! તારાં સાચાં વેણ જોઈએ. આહા..હા...! વેણલાં વાવ્યાં સવારમાં ! એ પ્રકાશ થતાં અંધકારનો નાશ થઈ જવો જોઈએ. એવા વેણલાં આવ્યાં છે ! આહા..હા...!

(અહીંયાં શું કહે છે ?) ‘**પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે.**’ પર્યાયો (એટલે) ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્યને આશ્રિત છે. ‘**કારણ કે સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે;...**’ સમુદાયી = સમુદાયવાળું, સમુદાયનું (જથ્થાનું) બનેલું. (દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે). દ્રવ્ય સમુદાયી છે અને એ પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. આહા..હા...! આવી ભાષા કોઈ દી’ (સાંભળી ન હોય). દૃષ્ટાંત આપીને સિદ્ધ કરશે. સમુદાયી સમુદાયસ્વરૂપ છે. એટલે ? સમુદાયવાળું, જથ્થાનું બનેલું દ્રવ્ય સમુદાયી છે. કારણ કે તે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે. સમુદાયી દ્રવ્ય છે અને પર્યાયો તેનો સમુદાય છે. દ્રવ્ય તે સમુદાયી છે અને પર્યાય સમુદાયસ્વરૂપ છે. આહા..હા...!

‘**વૃક્ષની માફક.**’ હવે દૃષ્ટાંત આપે છે. ચોપડા આડે આ જોવાની કોઈ દી’ નવરાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધી નથી, આ..હા..હા...! ત્રણલોકના નાથ જે વાણી મૂકી ગયા છે... આ..હા..હા...! એ વાણીમાં શું છે ? કેવું છે ? કેમ છે ? એને જોવા નવરાશ નથી !

શ્રોતા :– વાણીમાં તો ધર્મ કરવાનું લખ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ધર્મ કેમ થાય ? ધર્મની પર્યાય છે ને ? ધર્મ પર્યાય છે કે કાંઈ બીજું (છે) ? ધર્મ જે નથી થઈ (એવી) પર્યાય છે ને ? નવી થાય માટે પર્યાય છે. અહીં તો હજી ધ્રૌવ્યને પણ પર્યાયનો ભેદ કીધો પછી (નહોતી) અને થઈ એ તો પર્યાય છે. ધર્મ કોઈ પર્યાય છે. ઇ ધર્મની પર્યાયનો ઉત્પાદ થાય ત્યારે અધર્મનો વ્યય થાય. ત્યારે ધ્રૌવ્યપણું ત્યાં હોય છે. એ ત્રણે પર્યાયને અવલંબે છે. આ..હા..હા...! ધર્મની પર્યાય પર્યાયને અવલંબે છે. ધર્મની પર્યાય ધર્મની પર્યાયના આશ્રયે છે અને એ પર્યાય, ત્રણે થઈને દ્રવ્યને આશ્રયે છે. (હવે) દૃષ્ટાંત આપે છે. આહા..હા...!

**'વૃક્ષની માફક. જેમ સમુદાયી વૃક્ષ...'** આખું ઝાડ છે એ સમુદાયી છે. આ..હા...! **'સ્કંધ,...'** એનો સ્કંધ... સ્કંધ ! **'મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી...'** એ બધાં સમુદાયસ્વરૂપ છે. 'સમુદાયસ્વરૂપ' (કહ્યું છે), જોયું ? પેલું સમુદાયી–વૃક્ષ સમુદાયી (છે), એના સ્કંધ આદિ સમુદાયસ્વરૂપ છે. **'સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે (જોવામાં આવે છે),...'** એ વૃક્ષના જે પર્યાય છે એ તેના ભેદથી ભાસે છે. આહા..હા...! વૃક્ષ તો સમુદાયસ્વરૂપ છે અને આ બધાં સમુદાય છે અને એ સમુદાયથી–શાખાઓથી આલંબિત જ છે. પોતાની પર્યાયથી આલંબિત છે (એમ) **'(જોવામાં આવે છે), તેમ...'** એ દૃષ્ટાંત થયો.

વૃક્ષ સમુદાયી છે. એમ કીધું ને ? વૃક્ષ સમુદાયી છે. સમુદાય ! આ નથી કહેતા ? તમે કયા સમુદાયવાળા (છો) ? એ સમુદાયી છે એના માણસો કેટલા એ બધા સમુદાય છે. તમે કયા સમુદાયના છો એમ નથી કહેતા ? દરિયાપરિયાનો સમુદાય, ફલાણાનો સમુદાય. કયા સમુદાયના (છો) ? (એમ પૂછે તો કહે), 'અમે ''બોટાદ' સંપ્રદાયના. એમ અહીં સમુદાયી. આહા..હા...! સમુદાયી એટલે સમુદાયવાળું. સમુદાયનું–જથ્થાનું બનેલું. સમુદાયી (એટલે) સમુદાયના જથ્થાનું બનેલું. આહા..હા...! સમુદાયી (અર્થાત્) સમુદાયનું બનેલું. દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયના સમુદાયસ્વરૂપ છે. આહા..હા...! આવી ભાષા પણ સાંભળી ન હોય, લ્યો ! એમ વૃક્ષ સમુદાયી છે અને તેના, સ્કંધ, મૂળ અને શાખાઓ એ સમુદાયસ્વરૂપ છે. વૃક્ષ સમુદાયી છે અને આ સ્કંધ આદિ એના સમુદાયસ્વરૂપ છે. **'સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે...'** સમુદાયીનો સમુદાય એ પોતાના સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત છે. વૃક્ષના જે ત્રણ (ભેદ) કીધાં... કીધું ને ? સ્કંધ, મૂળ અને શાખા. એ ત્રણે **'સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ...'** છે. એ ત્રણ વૃક્ષથી આલંબિત નથી. સમજાણું કાંઈ ? સમુદાયી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમુદાયસ્વરૂપ છે. જે સમુદાયસ્વરૂપ છે એ ત્રણને અવલંબે છે. (જેમ) સમુદાયી ઝાડ કીધું એમ સમુદાયી દ્રવ્ય.

'**તેમ સમુદાયી દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી...**' તે દ્રવ્ય પર્યાયના સમુદાયસ્વરૂપ હોવાથી '**પર્યાયો વડે આલંબિત જ ભાસે છે...**' આ..હા..હા...! કોરી પાટી હોય તો એને સમજવું સહેલું પડે. આગ્રહ ન હોય એને (સહેલું પડે), આગ્રહ પકડેલા હોય એને આકરું પડે. આગ્રહ પકડી રાખ્યો હોય એને (આકરું પડે). આહા..હા...! સમુદાયી એના સમુદાયસ્વરૂપ છે. વૃક્ષ સમુદાયી (છે) એના મૂળ, સ્કંધ, શાખા એના સમુદાયસ્વરૂપ છે. એ સમુદાય સ્વરૂપથી પર્યાયને આશ્રિત છે. છે ને ? '**સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે...**' વૃક્ષથી નહિ. આહા..હા...! વૃક્ષના મૂળ, સ્કંધ અને શાખા, એ મૂળ, સ્કંધ અને શાખાઓથી જ આલંબિત છે, વૃક્ષથી નહિ. આ..હા...!

'**તેમ સમુદાયી દ્રવ્ય...**' આ ભગવાનઆત્મા સમુદાયી દ્રવ્ય '**પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે.**' આ..હા..હા..હા...! '**સમુદાયી દ્રવ્ય...**' સમુદાયી એટલે પર્યાયોના સમુદાયસ્વરૂપ. સમુદાયી દ્રવ્ય, એના પર્યાયના સમુદાયસ્વરૂપ '**હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે.**' એ પર્યાયો, સમુદાયી જે દ્રવ્ય તેની પર્યાયનો સમુદાય (છે) તે પર્યાયો વડે આલંબિત ભાસે છે. આહા..હા...! '**(અર્થાત્ જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે–વૃક્ષથી ભિન્નપદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે–)**' એ બીજો બોલ લીધો. પહેલાં (એમ કહ્યું કે) એ ત્રણ પર્યાયો પર્યાયને આશ્રિત છે. હવે (એમ કહે છે કે) એ ત્રણ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે. આહા..હા...! છે ને સામે અંદર ? જરી ઝીણું પડે પણ એને સમજવું પડશે કે નહિ ? આંધળી દોડે સમકિત થતું નથી એમ કહે છે. આ..હા...! સમજ્યા વિના કાંઈ સમકિત (થાય નહિ). સમકિત વિના બધાં થોથાં છે. એ બધાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન એકડા વિનાનાં મોટાં મીંડાં છે. રખડી મરશે ચાર ગતિમાં. આહા..હા...! ગમે એટલા ઈ અપવાસ કરે ને વ્રત પાળે ને ભક્તિ કરે ને દાન કરે ને મંદિર બનાવે, પોષા-પ્રતિક્રમણ કરે, પચીસ-પચાસ-સો-બસો અપવાસ કરે અને પછી કંઈક પ્રભાવના આપે. રૂપિયો-રૂપિયો આપો, બે-બે રૂપિયા આપો. એ ક્રિયાકાંડમાં–રાગમાં બધાં મરી જવાનાં. એમાં ધર્મ માનીને રાગ કરે એ તો મિથ્યાત્વને સેવે છે. અર..ર..ર...! આવી વાત છે.

અહીંયાં કહે છે કે, વૃક્ષ સમુદાયી છે. મૂળ, સ્કંધ અને શાખા સમુદાયસ્વરૂપ છે. એમ આત્મા, પરમાણુ, કોઈ પણ દ્રવ્ય તે દ્રવ્ય છે (એટલે કે) સમુદાયી છે અને એના ત્રણ પર્યાયો જે છે એ સમુદાયસ્વરૂપ છે. ધ્રૌવ્ય, વ્યય અને ઉત્પાદ એ સમુદાયીના સમુદાયસ્વરૂપ છે. સમુદાયીનું સમુદાયસ્વરૂપ છે. આ..હા..હા...! એમાંથી એક પણ પર્યાયને કાઢી નાખે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમુદાયસ્વરૂપ(માંથી) એક કાઢી નાખે તો આખો સમુદાયી સિદ્ધ થતો નથી. આહા..હા...! આમાં કોઈ પંડિતાઈનું કામ નથી. આમાં તો રુચિ અને પોષાણ અને વસ્તુ શું છે એની (જિજ્ઞાસાની) જરૂર છે. પંડિતાઈનું અહીં કંઈ કામ નથી.

શ્રોતા :– આ ચોપડામાં નથી, આપ સમજાવો છો તેથી સમજાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમાં બધુંય લખ્યું છે. એના તો અર્થ થાય છે.

સમુદાયી–વૃક્ષ. સમુદાયસ્વરૂપ–શાખા, મૂળ અને શું કીધું ? સ્કંધ... સ્કંધ ! સ્કંધ, મૂળ અને શાખા. આ.હા..હા...! એ સમુદાયસ્વરૂપ છે, સમુદાયી નહિ. ત્રણ થઈને સમુદાય છે. એમ વસ્તુ આત્મા છે એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ત્રણ પર્યાયના સમુદાયસ્વરૂપ છે. સમુદાયી નહિ, સમુદાયી તો દ્રવ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે.**' પર્યાયો, હોં ! '**(જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે–**' એ બીજો બોલ (આવ્યો). '**(વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે–દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી).**' આ..હા...! એકલા Logic ! ન્યાય ભર્યા છે એકલા ! આહા..હા...! વકીલાતના કોર્ટના કાયદા લખ્યા હોય ઈ પ્રમાણે (વકીલો કરે). સરકારે કર્યા ઈ પ્રમાણે કર્યા કરે.

શ્રોતા :– એમાં પણ બુદ્ધિ વાપરવી પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં બહુ અજ્ઞાન વાપરવું પડે.

આ..હા..હા...! કેટલી વાત સિદ્ધ કરે છે ! ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સમુદાયસ્વરૂપ છે અને ત્રણનું એકપણું–દ્રવ્ય તે સમુદાયી છે. સમુદાયી કહેતાં આખો સમુદાય છે. આ આખો સમુદાય છે (એમ કહે છે). હવે એ સમુદાયના માણસ કેટલા છે ? એ સમુદાયસ્વરૂપ છે. આહા..હા...! એમ વૃક્ષ છે એ સમુદાયી છે અને સ્કંધ, મૂળ અને શાખા સમુદાયસ્વરૂપ છે. એમ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય (છે) તે પર્યાયસ્વરૂપ છે, તે સમુદાયસ્વરૂપ છે. સમુદાયસ્વરૂપ છે અને ત્રણનું એકરૂપ તે સમુદાયી છે. આહા..હા...! નિશાળમાં ભણ્યા હોય ત્યાં આવું આવ્યું હોય નહિ, અપાસરે ભણવા જાય તો આવ્યું ન હોય, દેરાસરમાં આવ્યું ન હોય. આહા..હા...!

'**(દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી).**' એથી દ્રવ્યસ્વરૂપ છે એ સમુદાયના સમુદાયસ્વરૂપ છે. શું કીધું ? દ્રવ્ય છે ઈ સમુદાયી છે અને ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય તેના સમુદાયસ્વરૂપ છે. સમુદાય નહિ પણ સમુદાયસ્વરૂપ છે. આહા..હા...! જેમ વૃક્ષ છે એના મૂળ, સ્કંધ અને શાખા (છે) એ એના પર્યાયો છે. ઈ પર્યાય–ભેદ છે, ઈ સમુદાયસ્વરૂપ છે. એ સમુદાયસ્વરૂપ છે તે સમુદાયી (એટલે) એક-એક નથી. ઈ ત્રણ સમુદાયસ્વરૂપ છે એ ત્રણે થઈને એક સમુદાયી છે. આહા..હા...! સમજાણું ? આવો ઉપદેશ ! અપાસરામાં જાય તો વ્રત કરો, તપ કરો, દયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરો, સામાયિક કરો, પોસા કરો, પ્રતિક્રમણ કરો (એમ કહે અને) દેરાવાસીમાં જાય તો જાત્રા કરો ને ભક્તિ કરો (એમ કહે). આ..હા..હા...!

પ્રશ્ન :– યે સબ સમજને સે લાભ ક્યા ?

સમાધાન :– દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એ લાભ (છે). પર્યાય છે એ સમુદાયસ્વરૂપ છે અને સમુદાયસ્વરૂપનું દ્રવ્ય છે એ સમુદાયી છે. માટે ત્રણના ભેદ ઉપરથી લક્ષ છોડી સમુદાયી ઉપર દૃષ્ટિ કરવી. આ..હા...! એ માટે આ કહે છે. જેવું એનું સ્વરૂપ છે તેવું જાણીને દ્રવ્ય છે તે સમુદાયી છે (તેની દૃષ્ટિ કરવી). જેમ આ આખો સમુદાય હોય ને ? સંપ્રદાય ! અને એના જે માણસો આદિ છે એ સમુદાયસ્વરૂપ છે. પણ આને જાણવાનો હેતુ (શું) ? કે, આખો સમુદાય કોણ ? કે, આ સ્થાનકવાસીનો સંપ્રદાય છે, આ દેરાવાસીનો સંપ્રદાય છે. એમ આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સમુદાયસ્વરૂપ છે અને આત્મા સમુદાયી છે. એ સમુદાયસ્વરૂપ દ્રવ્યમાં છે, ઈ સમુદાયસ્વરૂપ તે દ્રવ્યનું છે. આહા..હા...! મૂળ, સ્કંધ અને શાખા વૃક્ષના છે. (તેમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) ઈ પર્યાયના છે (અને) ઇ પર્યાયો દ્રવ્યના (આશ્રયે) છે. આહા..હા...!

**'અને પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે.'** ત્રીજો પેરેગ્રાફ. **'પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...'** (ધ્રૌવ્ય) લીધું, જોયું ? ધ્રૌવ્ય ! ધ્રુવ નહિ. ધ્રુવનું ધ્રૌવ્યપણું. આહા..હા...! **'પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે) કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે.'** આ..હા..હા...! ત્રણ છે એ અંશોના ધર્મો છે. આખો અંશી દ્રવ્યનો એ ધર્મ નથી. એક-એક આખા ઈ અંશીના ધર્મ નથી. આ..હા..હા..હા...! ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય વડે પર્યાય આલંબાય છે. પર્યાય ! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે (– અંશીના ધર્મો નથી);...'** 'અંશી = અંશોવાળું; અંશોનું બનેલું. (દ્રવ્ય અંશી છે)' જોયું ? આખી વસ્તુ છે ઈ અંશી છે અને આ ત્રણ તેના અંશ છે. ત્રણ અંશમાં એક-એકમાં આખું દ્રવ્ય છે એમ નથી. એમ કહે છે. આવું સાંભળીને કહે કે, કરવું શું ? કરવું આ !

સમુદાયસ્વરૂપ તે કંઈ સમુદાયી–વસ્તુ નથી. આહા..હા...! માટે તેનું લક્ષ છોડી અને સમુદાયસ્વરૂપનો સમુદાયી જે છે ત્યાં એની દૃષ્ટિ મૂકવી. આહા..હા...! આ જ્ઞાનપ્રધાન કથન છે. સમજાણું કાંઈ ? **'(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે) કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે.'** ઇ ત્રણે અંશ છે, ત્રણે અંશી નથી. અંશીના ધર્મો નથી. દ્રવ્યનો ધર્મ ધ્રૌવ્ય, દ્રવ્યનો ધર્મ ઉત્પાદ અને દ્રવ્યનો ધર્મ વ્યય એમ નથી. આ..હા..હા...! આ તો નિવૃત્તિ લઈને પાછળ લાગે તો સમજાય એવું છે. અત્યારે એ ચાલતું નથી. અત્યારે આ બધું ઊંધું ચાલે છે એટલે આ સમજવામાં એને નિવૃત્તિ લેવી જોઈએ, ભાઈ ! આહા..હા...! અરે...! ક્યાં જાવું છે ? બાપુ ! ચોરાશીના અવતાર ! નરક ને નિગોદ, કીડા અને કાગડા ! વાસ્તવિક તત્ત્વની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ નહિ હોય તો પછી એને એવા અવતાર થાય. આ..હા...! બધું હારી જશે. માટે હારી ન જવું હોય અને સત્ સિદ્ધ કરવું હોય તો આ રીતે એને સમજવું પડશે. આહા..હા...!

'**બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક.**' શું કીધું ? બીજ, અંકુર અને વૃક્ષત્વ, હોં ! વૃક્ષ નહિ. 'વૃક્ષત્વ' કીધું છે ને ? પહેલાંમાં વૃક્ષ કીધું હતું અને અહીં વૃક્ષપણું (કીધું). આહા..હા...! '**બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક. જેમ અંશી એવા વૃક્ષના બીજ-અંકુર-વૃક્ષત્વસ્વરૂપ...**' જોયું ? વૃક્ષત્વસ્વરૂપ એ પણ અંશ છે. જેમ ધ્રૌવ્ય (છે) એ પણ એક અંશ છે. એમ '**બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક.**' આહા..હા...! બીજનો વ્યય, અંકુરની ઉત્પત્તિ અને વૃક્ષત્વપણું–ભાવપણું રહેવું. પણ ત્રણે અંશ છે. '**જેમ અંશી એવા વૃક્ષના બીજ-અંકુર-વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે,...**' એ ત્રણેય એકસાથે ભાસે છે.

'**તેમ...**' (હવે) દ્રવ્યની વાત (વિશેષ કહેશે)...

**ગાથા–૧૦૧**
**પ્રવચન નં. – ૧૧૧**
**તા. ૨૧-૬-૭૯**

('પ્રવચનસાર') ૧૦૧ (ગાથાનો) ત્રીજો પેરેગ્રાફ છે. '**પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે.**' ત્રણેને પર્યાય કીધી. અંશ છે ને ? ધ્રૌવ્ય પણ અંશ છે. '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે. (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે).**' દ્રવ્યને આશ્રિત નહિ, પર્યાય છે ઈ પર્યાયને આશ્રિત છે. પછી પર્યાય દ્રવ્યને આશ્રિત (છે એમ કહેશે) પણ પહેલી (વાત) પર્યાયને આશ્રિત (કરી). ઝીણું છે, બાપુ ! બહારથી ભક્તિ કરો ને પૂજા કરો ને દાન કરો... થઈ રહ્યું. અનંત વાર કર્યા ને રખડી મર્યો. ૧૦૧ ગાથામાં વસ્તુ એટલી બધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વતંત્ર છે તેમ પ્રસિદ્ધ કરે છે.

આ આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય (છે). એ ત્રણ પર્યાયો '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે.**' ત્રણ પર્યાયો તેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે. આહા..હા...! એના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બીજાના આલંબન વડે થાય છે, આલંબન લેવું પડે છે, એમ નથી. આહા..હા...! આત્માના અથવા પરમાણુના જે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે એ પર્યાયો પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યના આલંબે–આશ્રયે છે, પરને આશ્રયે નથી. આ..હા...! પહેલાં તો દ્રવ્યને આશ્રયે નથી, પર્યાય પર્યાયને આશ્રયે છે. આહા..હા...! પછી સિદ્ધ કર્યું – ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય અંશોના ધર્મો છે. છે ને ?

ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય – અવસ્થા ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય અને સદૃશપણે સ્થિતિ ટકે એ બધા અંશોના ધર્મ છે. ત્રણે અંશ છે – ઉત્પાદ અંશ છે, વ્યય અંશ છે અને ધ્રૌવ્ય અંશ છે. આહા..હા...! સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે તે ઉત્પાદ છે, મિથ્યાત્વનો વ્યય છે એ વ્યય છે અને ધ્રૌવ્યપણું જે છે–કાયમ રહેનારો એનો સ્વભાવ–ધ્રુવ એ ત્રણે પોતપોતાના અવલંબને છે, પર્યાયના અવલંબને છે. અત્યારે અહીં પર્યાયની (વાત લીધી છે). એ પર્યાયો ત્રણને અવલંબે છે. એ પર્યાય બીજા કોઈ દ્રવ્યને અડતું નથી, અવલંબતું નથી, અવલંબન લેતું નથી. આવું છે. વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે અને આવી વાત (સમજવાની) ! શું હશે (કોણ જાણે) ? જય ભગવાન ! ભક્તિ, પૂજા કરો ને મરીને જાઓ ચાર ગતિ(માં) રખડવા. આહા..હા...! બાપુ ! તત્ત્વ એવું છે, ભાઈ ! એમાં આ બધી ગાથાઓ તો એવી છે–૧૦૦, ૧૦૧, ૧૦૨ બહુ ઊંચી ગાથા છે ! આહા..હા...!

'**કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે (–અંશીના ધર્મો નથી);...**' 'અંશી = અંશોવાળું; અંશોનું બનેલું. (દ્રવ્ય અંશી છે)' અને આ ત્રણ છે તે અંશ છે. આહા..હા...! પણ એ દ્રવ્યના અંશ છે. એ ત્રણે અંશ અંશના છે (એમ કહ્યું) પણ એ અંશો અંશીના છે. આહા..હા...! એ બીજા દ્રવ્યને લઈને ઉત્પાદ-વ્યય થાય છે એમ કોઈ દ્રવ્યની સ્થિતિ જ નથી. આહા..હા...! એ પછી આવશે.

'**બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક.**' બીજ વ્યય છે, અંકુર ઉત્પન્ન છે અને વૃક્ષત્વ (છે) તે ધ્રૌવ્ય છે. વૃક્ષત્વ હોં, વૃક્ષ નહિ. વૃક્ષત્વપણું. વૃક્ષ નહિ, વૃક્ષ પહેલાં આવી ગયું છે. વૃક્ષ સ્કંધ, મૂળ અને શાખાઓના સમુદાયસ્વરૂપ છે. અહીં તો વૃક્ષત્વપણું લેવું (છે). અંકુરની ઉત્પત્તિ, બીજનો વ્યય અને વૃક્ષત્વનું ધ્રૌવ્યપણું. વૃક્ષત્વ હોં, વૃક્ષપણું. '**જેમ અંશી એવા વૃક્ષના...**' અંશી તે વૃક્ષ છે, એના '**બીજ-અંકુર-વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ...**' આહા..હા...! '**નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે,...**' આહા..હા...! આ લીટીમાં બધું છે. સંસ્કૃત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ટીકામાં) એ છે. '**भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः**' (અર્થાત્) પોતાના ધર્મને પોતે આલંબે છે. આ..હા..હા...! શું કહે છે ? ઝીણી વાત છે, બાપુ !

ઉત્પાદ છે – સમકિતનો ઉત્પાદ છે, કેવળજ્ઞાનનો ઉત્પાદ છે, અરે...! મિથ્યાત્વનો ઉત્પાદ છે, એ ઉત્પાદ પોતાને અવલંબે છે. દર્શનમોહનો ઉદય છે માટે અહીં મિથ્યાત્વ થાય છે, (એમ નથી) અને સમકિતની પર્યાય ઉત્પન્ન થાય છે એ દર્શનમોહનો ક્ષયોપશમ છે માટે ઉત્પન્ન થાય છે એમ નથી. આહા..હા...! જ્ઞાનગુણમાં હીણી પર્યાય છે એનો વ્યય થઈને અધિક પર્યાય થઈ એ (બન્નેનો) સમય તો એક જ છે અને કાયમ ધ્રુવપણું છે. એ ત્રણે પોતપોતાના અવલંબે રહેલાં છે. રહેલાં, ઠરેલા અને ગયેલા. રહેલો–ઉત્પાદ, ઠરેલો–ધ્રુવ (અને) વ્યય–ગયેલો. આહા..હા...! આવું કોઈ દી' બાપા-દાદામાં ક્યાંય સાંભળ્યું હતું ? આહા..હા...! **આવી વાત... બાપા ! અંદર હતી તે આવી.** આ..હા..હા...!

કહે છે કે, '**ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ...**' ત્રણ અંશો. ભંગ એટલે વ્યય, ઉત્પાદ (એટલે) ઊપજવું અને ધ્રૌવ્યપણું. એ '**નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે,...**' આ..હા..હા...! નિજ ધર્મ વડે (એટલે) ત્રણે પોતે નિજ ધર્મ વડે. આ..હા..હા...! છે ને ? પહેલાં કહ્યું હતું ને ? (સંસ્કૃત) ટીકામાં (છે) એનો આ અર્થ છે. આહા..હા...! ભાવાર્થમાં વધારે સ્પષ્ટ કર્યું છે. એ કર્યું છે, જુઓને ! '**નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...**' નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે. છે ને ? '**ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે;...**' આહા..હા...! વાણિયાને જૈનધર્મ મળ્યો પણ વાણિયાને નિવૃત્તિ લઈને વિચાર અને નિર્ણય કરવાનાં ઠેકાણાં ન મળે. જિંદગી ચાલી જશે. બહાર જાણે કંઈક ભક્તિ કરી, પૂજા કરી ને સામાયિક કરી ને પોષા કર્યા... ધૂડેય એમાં કાંઈ નથી. આહા..હા...!

એક વાત ઈ છે કે, જે સમય ઉત્પન્ન થવાનો છે તે સમય (ઉત્પન્ન થશે). એક વાત. એ તો એનો અવસર છે. દરેક દ્રવ્યને – છએ દ્રવ્યમાં જે સમય ઉત્પન્ન થવાનો (છે) તે તેનો અવસર છે. એક વાત. અને તે ઉત્પન્ન પોતાના કારણે થાય છે, વ્યયને કારણે નહિ, ધ્રુવને કારણે નહિ. આહા..હા...! દરેક દ્રવ્યનો પર્યાય જે (ઉત્પન્ન થાય છે) એનો સમય છે–અવસર (છે) તે કાળે ઉત્પન્ન થાય, તે કાળે વ્યય થાય અને તે કાળે ધ્રુવ રહે. ત્રણેનો કાળ એક જ સમય છે છતાં ત્રણે પોતપોતાના ધર્મને અવલંબે છે. ઉત્પાદ મિથ્યાત્વના વ્યયને અવલંબતો નથી અને અંદર સત્ય પડ્યું છે એને એ અવલંબતો નથી. આહા..હા...! એક કોર એમ કહેવું કે, ક્ષાયિકભાવ છે એ આત્મામાં નથી. આવે છે ને ? અને બીજી રીતે કહેવું કે, પર્યાય વિના એ જણાય નહિ. છતાં પર્યાય પોતાને આલંબને છે. પ્રગટ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે જાણે છે એ પોતાને આલંબને છે, ધ્રુવને આલંબને નથી. આ..હા..હા..હા...!

એક કોર એમ કહેવું કે, ભૂતાર્થને આશ્રિત સમકિત થાય. ('સમયસાર'ની) અગિયારમી (ગાથા). અપ્રમત્ત-પ્રમત્ત પર્યાય નથી. પર્યાય પર્યાયમાં છે પણ જ્ઞાયકભાવમાં નથી. આહા..હા...! અહીંયાં કહે છે કે, ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે, એ ઉત્પાદ દ્રવ્યને આશ્રયે નથી, એ ઉત્પન્ન થયો એ દ્રવ્યને આશ્રયે નથી. સમકિત જે ઉત્પન્ન થયું એ ધ્રુવને આશ્રયે નથી. આ..હા...! આવું બધું ક્યાં 'મુંબઈ'(માં હતું ?) આ..હા...! બહુ (સૂક્ષ્મ) માર્ગ, બાપા ! આ તો ભગવાન સંતોએ – દિગંબર સંતોએ ગજબ (કામ) કર્યાં (છે) ! કેવળજ્ઞાનીના કેવળજ્ઞાન રેડ્યા છે ! એવી વાત ક્યાંય નથી, બીજાને દુઃખ લાગે પણ શું થાય ? બાપુ ! આ વાત દિગંબરોને સાંભળવા મળતી નથી. સત્ય જેના ઘરમાં છે. જુઓને આ, ઘરમાં પડ્યું છે ને ? આ શું છે ? આ સંસ્કૃતમાં પડ્યું છે ત્યાંથી કાઢ્યું છે. અહીંયાં (છે), જુઓને ! '**भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः**' સ્વ ધર્મને આલંબિત છે. સંસ્કૃતમાં છે ને ? ભાઈ ! સ્વધર્મને આલંબિત છે. ક્યાં આવી વાત છે, જુઓ તો ખરા ! 'અમૃતચંદ્રાચાર્ય' ! આ..હા..હા...! કેમકે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ત્રણે પર્યાયમાં છે અને એ ત્રણ પર્યાયને આશ્રયે છે અને એ પર્યાય દ્રવ્યને આશ્રયે છે. પણ એ પર્યાય ઉત્પન્ન થાય છે તેને વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. જે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય એ પોતાના ધર્મને અવલંબીને થાય છે. આહા..હા...! ભલે (ભૂતાર્થને) આશ્રયે (સમ્યગ્દર્શન) કહ્યું પણ આશ્રયનો અર્થ એમાં કંઈ ચોંટે છે એમ નથી. '**भूदत्थमस्सिदो खलु**' એ પર્યાય જે થઈ એ પોતાના અવલંબને થઈ છે. ભલે લક્ષ ત્યાં ગયું છે પણ અવલંબન પોતાનું છે.

'**વૃક્ષના બીજ-અંકુર-વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે,...**' એ વૃક્ષનો દાખલો થયો. '**તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત...**' છે. પેલો તો દૃષ્ટાંત હતો. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ ! આ કોઈ વાર્તા-કથા નથી. આહા..હા...! ગહન સ્વભાવ ! દ્રવ્યનો અને પર્યાયનો ગહન સ્વભાવ ભગવાને જોયો અને વાણીમાં આવ્યો કે, ભાઈ ! તું જે ધર્મ કરવા ઇચ્છતો હો, તો એ ધર્મની પર્યાય જે થાય એ પર્યાયને અવલંબને થઈ છે. દેવ-ગુરુના અવલંબને નહિ, મંદિરના અવલંબને નહિ, દેવદર્શનના અવલંબને નહિ. આહા..હા...! પણ તેના ધ્રુવ અને વ્યયના અવલંબને નહિ. આહા..હા...!

'**भूदत्थमस्सिदो खलु**' પણ એમાં કહ્યું હતું ને ? કે, ઈ પર્યાય સ્વતંત્રપણે કર્તા (થઈને) લક્ષ કરે છે. ઇ પોતાના અવલંબને લક્ષ કરે છે. આ..હા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે કહેલું વાસ્તવિક તત્ત્વ જે રીતે છે એ રીતે ઈ ન સમજે ત્યાં સુધી એની વિપરીતતા મટે નહિ. વિપરીતતા મટે નહિ અને પરિભ્રમણ મટે નહિ. ચોરાશીના અવતારમાં મરીને (ક્યાંનો ક્યાં) જાઈશ.

'**તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ,...**' વ્યય '**ઊપજતો ભાવ...**' સમય તો તે જ '**અવસ્થિત રહેતો ભાવ...**' સમય તો તે જ (છે) '**એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ...**' ઉત્પાદ નિજ ધર્મ વડે આલંબિત, વ્યય નિજ ધર્મ વડે આલંબિત, ધ્રૌવ્ય નિજ ધર્મ વડે આલંબિત '**એકીસાથે જ ભાસે છે.**' ભાષા તો સાદી છે પણ હવે ભાવ બીજા શું લાવવા ? ત્રણલોકના નાથ તીર્થંકરદેવની ગેરહાજરીમાં અત્યારે બધા ગોટા ઊઠ્યા. આહા..હા...! કોઈ કહે કે, ભગવાનના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ મટે, સમકિત થાય. ધર્મના કારણો છે, આકરા વેદન થાય તો થાય, દેવનો મોટો વૈભવ દેખે અને થાય. આ..હા..હા...! કાં કોઈ શ્રવણ કરે તો એને થાય. એ બધી અપેક્ષાઓ એ વખતે શુભ હતું એ સમજાવે છે. આહા..હા...! પણ થાય છે ધર્મની પર્યાય, ચાહે તો સમકિતની, ચાહે તો ચારિત્રની, ચાહે તો કેવળજ્ઞાનની તેને તે સમયે તે પર્યાય તેના અવલંબીને થાય છે. વ્યયને અને ધ્રુવને અવલંબીને નહિ. પરને અવલંબીને તો નહિ. નિસર્ગાત, અધિગમાત (સમ્યગ્દર્શન) તો પછી ક્યાં ગયું ? નિસર્ગાત, અધિગમાત બે પ્રકારે સમકિત થાય. ઈ બે પ્રકારના નિમિત્ત છે એ જણાવ્યું બાકી થયું છે એ વખતે તો એના પોતાના નિસર્ગ(થી). તે સમયનો સમય છે, તે સમયે પર્યાય પોતાને આલંબીને થયેલી છે. આહા..હા...! ક્ષાયિક સમકિત પણ કેવળી અને શ્રુતકેવળીની સમીપ થાય. એ વખતે પણ તે પર્યાય પોતાને અવલંબીને થાય છે. આહા..હા...! આ દાખલા શાસ્ત્રમાં આપે (એટલે એમ કહે કે) આમાં આ લખ્યું (છે), આમાં આ લખ્યું (છે). ભાઈ ! એ તો જ્ઞાન કરાવ્યું છે, બાપુ ! તને ખબર (નથી). આહા..હા...!

વસ્તુ છે – પદાર્થ છે એ ગંભીર છે અને પદાર્થના ત્રણ અંશો પર્યાયવાળા છે અને એ પર્યાયો દ્રવ્યની છે. આહા..હા...! એ પણ અહીં તો હજી પર્યાયને કહે છે. '**અંશી એવા દ્રવ્યના, નષ્ટ...**' એટલે પૂર્વની મિથ્યાત્વ પર્યાયનો નાશ, અચારિત્રનો નાશ. '**ઊપજતો ભાવ...**' (એટલે) સમકિતનો ભાવ, ચારિત્રનો ભાવ. '**અવસ્થિત રહેતો...**' (એટલે) બન્નેમાં સદૃશપણે રહેતો. '**એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ...**' ત્રણે અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ – ભંગસ્વરૂપ, ઉત્પાદસ્વરૂપ – ધ્રૌવ્યસ્વરૂપ '**નિજ ધર્મો વડે...**' (અર્થાત્) પોતાની શક્તિથી, પોતાના સ્વભાવથી '**આલંબિત એકીસાથે જ ભાસે છે.**' આહા..હા...! આવી વાત ! હજી તો બહારની તકરારું (કરે છે કે) આનાથી થાય ને આનાથી થાય ને આનાથી થાય. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં થાય. એ વાત તો ક્યાંય રહી ગઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો સ્વદ્રવ્યનું ધ્રુવ છે તેથી ઉત્પાદ થાય એમ પણ નથી. આ..હા..હા...! ઉત્પાદ ઉત્પાદથી થાય છે. પરથી થાય એનો તો પ્રશ્ન જ નથી પણ સ્વમાં પણ ત્રણ અંશોમાં એક અંશ બીજા અંશને કારણે નહિ. આહા..હા...! એવું એ સત્ છે. સત્‌ને હેતુ, બીજું નિમિત્ત હોઈ શકે નહિ. આ..હા..હા...! ગજબ વાત કરી છે ! આ બધું આપણે પહેલાં વંચાઈ ગયું છે. આ તો ફરીને ચાલે છે.

'**નિજ ધર્મો વડે...**' એક-એક પોતપોતાના ધર્મ વડે આલંબિત પણ '**એકીસાથે જ ભાસે છે.**' સમય તો એક જ છે. આ..હા..હા...! ઉત્પાદનો સમય, વ્યયનો અને ધ્રૌવ્યનો સમય તો એક જ છે. છતાં ત્રણે પોતપોતાના આલંબને થયેલાં એકીસાથે એક સમયમાં ત્રણ ભાસે છે. એક સમયમાં ત્રણ ભાસે છે. આહા..હા...! આવું સત્ય છે એ ખ્યાલમાં ન આવે એટલે (વિરોધ કરે કે) 'એ... 'સોનગઢવાળા' વ્યવહારનો લોપ કરી નાખે છે.' અરે...! સાંભળને, બાપા ! વ્યવહારની તો અહીં વાત પણ નથી કે, રાગ હોય તો સમકિત થાય ને કષાય મંદ કરે ને દેવ-ગુરુની ભક્તિ કરે તો થાય એ તો પ્રશ્ન જ નથી. અહીં તો ધર્મની પર્યાય થાય એ પૂર્વના વ્યયની અપેક્ષાથી થાય એમ પણ નથી. ધર્મની પર્યાય થાય એ ધ્રુવના અવલંબને–આશ્રયે છે, એનો આશ્રય છે માટે પર્યાય થઈ એમ પણ નથી. આશ્રય વ્યવહારથી કહેવામાં (આવે છે બાકી તો) લક્ષ આમ (–સ્વ તરફ) ફરે છે તેથી એમ કહેવામાં આવે છે. આહા..હા...!

'**પરંતુ જો (ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્ય અંશોનાં નહિ માનતાં)...**' ત્રણ અંશ છે એ ત્રણ અંશના નહિ માનતા, '**(૧) ભંગ, (૨) ઉત્પાદ અને (૩) ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં આવે,...**' દ્રવ્યના જ માનવામાં આવે. આહા..હા...! '**તો બધુંય વિપ્લવ પામે.**' અંધાધૂંધી થાય, ઊથલપાથલ, ગોટાળો, વિરોધ ઊભો થાય. હેઠે (મૂળ શાસ્ત્રમાં ફૂટનોટમાં) છે ને ? અરે..રે...! આહા..હા...! ચોરાશીના અવતાર, એક-એકમાં અનંત અવતાર કર્યા, બાપા ! સમકિત વિના એનો ભવનો અભાવ નહિ થાય. આહા..હા...! એ લાખ ક્રિયા કરે, વ્રત ને ભગવાનના ભજન ને કરોડોના દાન (દઈને) કરોડોના મંદિર બનાવે, ભગવાનનું ભજન કરે, ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એ બધો રાગ છે. રાગ એને સમયે થાય છે. રાગને પણ એના વ્યયનું અવલંબન નથી, પરનું તો નથી જ. રાગ થયો માટે કર્મના નિમિત્તનું અવલંબન છે એમ તો નથી જ. આહા..હા...! આવી વાતું છે.

અહીં તો બધાનો એક જ પોકાર છે. (એક જણ તો એમ જ લખ્યા કરે છે), 'જુઓ, આ કર્મને લઈને થયું, જુઓ, આ કર્મને લઈને થયું.' અરે.. ભગવાન ! બાપુ ! શાંત થા, ભાઈ ! આ કોઈ કલ્પિત – ઘરની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે એવું પરમાત્મા સંતો વર્ણવે છે. એને તારે બેસાડવું જોઈએ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભંગ, ઉત્પાદ અને ધ્રૌવ્ય '**દ્રવ્યનાં જ માનવામાં આવે, તો બધુંય વિપ્લવ પામે.**' ગોટાળો ઊઠે. '**તે આ પ્રમાણે : (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો ક્ષણભંગથી લક્ષિત...**' ક્ષણમાં દ્રવ્યનો નાશ થઈ જાય. આહા..હા...! ક્ષણભંગથી લક્ષિત = ક્ષણવિનાશ જેમનું લક્ષણ હોય એવાં. '**સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી...**' '**ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે...**' (અર્થાત્) દ્રવ્યનો અભાવ થાય. આ..હા..હા...! શું કીધું ઈ ? ઉત્પાદ-વ્યય અને ધૌવ્ય જો દ્રવ્યના માનવામાં આવે, દ્રવ્યના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય માનવામાં આવે તો દ્રવ્યનો ઉત્પાદ અને દ્રવ્યનો વ્યય થતાં દ્રવ્યનો નાશ થઈ જાય. અને દ્રવ્યનો ઉત્પાદ (થાય એટલે કે) નહોતું અને દ્રવ્ય (ઉત્પન્ન) થયું એમ થઈ જાય. સમજાણું કાંઈ ?

દ્રવ્યનો જ વ્યય માનવામાં આવે... પહેલું વ્યયથી ઉપાડ્યું છે ને ? '**તો ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે...**' એક બોલ (થયો). હવે એનો ને એનો બીજો બોલ. '**અથવા સત્‌નો ઉચ્છેદ થાય.**' આહા..હા...! સત્ છે તેનો નાશ થઈ જાય. ભંગ જો પર્યાયનો માનવામાં આવે તો તો વાંધો નહિ પણ દ્રવ્યનો ભંગ માનવામાં આવે તો દ્રવ્ય સત્ છે તેનો નાશ થઈ જાય. આહા..હા...! આવું છે. માણસો મધ્યસ્થતાથી સ્વાધ્યાય કરતા નથી. સ્વાધ્યાય કરે તો પાછી પોતાની દૃષ્ટિ રાખીને કરે. શાસ્ત્રની દૃષ્ટિ કરવા આલંબન લે તો બરાબર છે કે, શાસ્ત્ર શું દૃષ્ટિ કરે છે ? પણ (એમ નહિ કરતાં) પોતે જે દૃષ્ટિ માની હોય એ દૃષ્ટિએ એનો અર્થ કરે. આહા..હા...!

અરે..રે...! (આમને આમ) અનંતકાળ થયો. આ..હા..હા...! અહીં કરોડોપતિ, અબજોપતિ માણસ હોય એ બીજે ક્ષણે... અરે..રે...! માંસ આદિ ખાતા હોય તો તો નરકે જાય, પણ વાણિયા હોય અને માંસ આદિ ન ખાય અને હોય અબજોપતિ ! આ..હા..હા...! એ મરીને તિર્યંચમાં જાય. ઊંદરડી થાય, બકરી થાય... આહા..હા...! મિંદડી થાય, ભૂંડ થાય. આ..હા..હા...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ...! તિર્યક યોની ! બાપુ ! વસ્તુનું સ્વરૂપ છે. તું તારા અભિમાનમાં સત્યને ન સાંભળ અને સત્યને ન બેસાડ ઈ તો સ્વતંત્ર છે. આહા..હા...! એ મિથ્યાશ્રદ્ધા છે એનો પણ ઉત્પન્ન થવાનો એ અવસર છે અને મિથ્યાત્વના ઉત્પન્ન (થવાને) પૂર્વના મિથ્યાત્વના વ્યયની પણ અપેક્ષા નથી. આ..હા..હા...! અથવા કોઈ સમ્યક્‌દૃષ્ટિ છે અને પછી પાછી વિપરીત દૃષ્ટિ થઈ... આહા..હા...! (અને એમ કહે કે) આમ ન હોય, આમ હોય, તોપણ એ મિથ્યાત્વને પૂર્વના વ્યયની અપેક્ષા નથી. આહા..હા...! એને ધ્રુવની અપેક્ષા નથી.

આ..હા..હા...! અમૃત રેડ્યા છે ! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંતો ગયા પણ જીવન મૂકી ગયા ! એ જીવતા જ્યોત રહી ગયા, જીવતા છે !! આ..હા..હા...! ભલે સ્વર્ગમાં ગયા (પણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમની જીવનજ્યોત જાગતી પડી છે ! આ..હા..હા...! આ રીતે અમે જીવ્યા હતા, એમ કહે છે. આ..હા...! અમારી ધર્મની ચારિત્રપર્યાય (જે છે) એ વ્રત, દયા, દાન(ના પરિણામ છે) એનાથી ચારિત્રપર્યાય ઉત્પન્ન થઈ નથી. આહા..હા...! અને એ ચારિત્રપર્યાય નહોતી અને થઈ માટે એને દ્રવ્યનો–ધ્રુવનો આધાર છે એમ નથી. ચારિત્રપર્યાય થઈ અને પૂર્વે અચારિત્ર હતું તેનો વ્યય થઈને થયું; થાય તો એમ, પણ એને અપેક્ષા નથી. આ..હા..હા...! સમજાણું ?

આ તો ચર્ચા કરે તો કંઈ પાર આવે એવું નથી. શાસ્ત્રમાં એવા ઘણાં લખાણ આવે. એ તો 'તત્ત્વાર્થસૂત્ર'માં નથી આવતું ? 'સમ્યક્ત્વ બંધનું કારણ છે.' લ્યો ! સમ્યક્ત્વ બંધનું કારણ કીધું. 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. એ તો સમકિતી જીવને ભેગો રાગનો ભાવ છે એ બંધનું કારણ છે. પણ સમકિતસહિત સરાગ. 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે. શાતા વેદનીય બંધાય એ સરાગથી બંધાય. શાતા વેદનીય ! આહા..હા...! દેવનું આયુષ્ય બંધાય એ સરાગ સમકિતથી બંધાય એવો પાઠ છે. (આવું વાંચીને એમ કહે કે), 'જુઓ ! આ સરાગ સમકિત છે.' અરે... બાપુ ! એ તો રાગસહિત ભાવ (છે એ બતાવવું છે). સમકિત તો સમકિત છે, ઈ સરાગ છે જ નહિ અને સમકિતથી બંધ છે જ નહિ. આ..હા...!

એ તો 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં ત્રણ ગાથા લઈને કહ્યું. જેટલે અંશે સમ્યગ્દર્શન છે તેટલે અંશે અબંધ છે. જેટલે અંશે રાગ છે એટલે અંશે બંધ છે. જેટલે અંશે જ્ઞાન છે તેટલે અંશે અબંધ છે. જેટલે અંશે જ્ઞાનમાં રાગ રહેલો છે (તેટલે અંશે બંધ છે). એમ જેટલે અંશે ચારિત્ર અને અરાગ પરિણામ છે તેથી અબંધ છે અને તે વખતે જેટલે અંશે રાગ છે એ બંધનું કારણ છે. બન્ને જુદી જુદી જાત છે. આહા..હા...!

(અહીંયાં કહે છે કે), '**પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો ક્ષણભંગથી લક્ષિત...**' (એટલે) ક્ષણમાં બધું નાશ થઈ જાય. '**સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સત્‌નો ઉચ્છેદ થાય.**' 'છે' તેનો નાશ થાય. ક્ષણમાં નાશ થઈ જાય કાં સત્ છે તેનો નાશ થાય. આ..હા..હા...! એ બે થઈને એક બોલ થયો, હોં !

'(૨) **જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે...**' વસ્તુ જ ઉત્પન્ન થાય એમ માનવામાં આવે, પર્યાય ઉત્પન્ન થાય એમ ન માનવામાં આવે અને વસ્તુ ઉત્પન્ન થાય એમ માનવામાં આવે '**તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત...**' લક્ષણવાળા '**એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું આવે.**' આ..હા..હા...! સમયે સમયે દ્રવ્ય ઉત્પન્ન થાય તો એવા અનંત દ્રવ્ય નવા ઉત્પન્ન થાય. આ..હા..હા...! એક દ્રવ્ય છે, એમાં જો દ્રવ્ય જ (નવું) ઉત્પન્ન થાય તો બીજે સમયે (ત્રીજે સમયે, ચોથા સમયે એમ કરતાં કરતાં) અનંત દ્રવ્યો ઉત્પન્ન થાય. આહા..હા...! જરી આકરી વાત છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માનો માર્ગ કોઈ જુદો છે. અત્યારે સંપ્રદાયમાં તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોટો ઊઠ્યો છે. આ વાત આવતાં લોકોને (બેઠું નહિ એટલે) 'એ..ઈ.. એકાંત છે... એકાંત છે...' અરે... ભાઈ ! વિચારને, બાપા ! ભાઈ ! તું એકાંત શું (સમજીને) કહે છે ? આહા..હા...!

**'જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું આવે.'** એક જ દ્રવ્ય અનંત દ્રવ્યરૂપે થઈ જાય. કારણ કે એક સમયે દ્રવ્ય ઉત્પન્ન થયું, બીજે સમયે દ્રવ્ય ઉત્પન્ન થયું, ત્રીજે સમયે દ્રવ્ય ઉત્પન્ન થયું એમ અનંત દ્રવ્ય ઉત્પન્ન થઈ જાય. આ..હા..હા...! '**(અર્થાત્ સમયે સમયે થતો ઉત્પાદ જેનું ચિહ્ન હોય એવું દરેક દ્રવ્ય અનંતદ્રવ્યપણું પામે).**' એનો અર્થ કર્યો. હવે, બીજો અર્થ (કરે છે). '**અથવા અસત્‌નો ઉત્પાદ થાય.**' નથી તેનો ઉત્પાદ થાય. જગતમાં સસલાના શીંગડા નથી, ગધેડાનાં શીંગડાં નથી એ ઉત્પન્ન થાય. નથી એને ઉત્પન્ન થાય. આહા..હા...! બે વાત (થઈ).

'(૩) **જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે...**' દ્રવ્યનું જ ધ્રૌવ્ય એટલે ધ્રુવપણું (છે) એમ '**માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે...**' એકલું દ્રવ્ય માનવામાં આવે તો ઉત્પન્ન અને વ્યય ક્રમે થનારા (ભાવ છે જ્યારે) ધ્રુવ તો અક્રમ છે, તો ક્રમે થનારા વ્યતિરેકોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ થાય. આહા..હા...! ઉત્પાદ-વ્યય જ ન માને અને એકલું ધ્રુવ જ માને તો ઉત્પાદ-વ્યય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. આ..હા...! દ્રવ્યનો અભાવ થાય. કેમકે ઉત્પાદ-વ્યય વડે જ દ્રવ્ય છે એમ જણાય છે. દ્રવ્ય છે એ વ્યતિરેક વડે અન્વય જણાય છે. અન્વય વડે અન્વય જણાતું નથી. તો જો એને એકલું ધ્રુવ જ કહો તો વ્યતિરેકો એટલે ભિન્ન ભિન્ન અવસ્થા તો એમાં રહી નહિ, તો એ અવસ્થાથી તે જણાય એવું તો રહ્યું નહિ. આહા..હા...! આકરું કામ છે. 'મુંબઈ' જેવામાં આવું માંડે તો કોલાહલ થાય. કહેશે કે, કાંઈ સમજાય નહિ. આહા..હા...! અમુક અમુકને ભાવ આવે. એક એક અક્ષર અને લીટીનો અર્થ કરતાં... આ તો સિદ્ધાંત છે. ભગવાનના શ્રીમુખે નીકળેલો (સિદ્ધાંત છે). 'ૐકાર ધ્વનિ સૂણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે' આ..હા..હા...! એ વાણી છે !

'**જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે...**' (અર્થાત્) એક પછી એક થાય, ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યયનો અભાવ થતાં '**દ્રવ્યનો અભાવ...**' થાય. આહા..હા...! '**અથવા ક્ષણિકપણું થાય.**' દ્રવ્યને ક્ષણિકપણું કહેવાય. આહા..હા...! ઉત્પાદ-વ્યયનો અભાવ માને તો દ્રવ્ય જ ક્ષણિક થઈ ગયું. ક્ષણિક તો ઉત્પાદ-વ્યય પર્યાય છે. જો એનો અભાવ માને તો દ્રવ્ય પોતે જ ક્ષણિક થઈ ગયું. આહા..હા...! વસ્તુનું સ્વરૂપ જે રીતે છે એ રીતે અહીં કહેવામાં આવે છે અને એ રીતે જાણીને પછી આત્મા તરફ વળે ત્યારે તેને ધર્મની દશા ઉત્પન્ન થાય. એમ વાત છે. છતાં વળે છે એ પણ સ્વતંત્રપણે વળે છે. આહા..હા...! એ ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે. આમ કહે કે, '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જીવો।**' અહીં કહે (છે) કે, એ સમ્યગ્દર્શનનો ઉત્પાદ ધ્રુવને આશ્રયે અને ધ્રુવને કારણે નથી. આહા..હા...! ધ્રુવનું કારણ નથી. આ વાત ક્યાંય છે નહિ. આહા..હા...!

'**માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો...**' શું કહે છે ? ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય પર્યાય વડે આલંબિત હો. પર્યાય વડે એને આશ્રય હો, પર્યાયનો એને આશ્રય છે. ત્રણને પર્યાયનો આશ્રય છે. આ..હા...! '**અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો...**' એ પર્યાયો પછી દ્રવ્યની છે, એને આલંબે છે. આહા..હા...! '**જેથી આ બધુંય એક જ દ્રવ્ય હોય.**' ત્રણે થઈને – ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થઈને એક દ્રવ્ય છે. આ..હા...! ઉત્પાદનો એક અંશ દ્રવ્ય નહિ, વ્યયનો એક અંશ દ્રવ્ય નહિ, ધ્રૌવ્યનો એક અંશ દ્રવ્ય નહિ. આ..હા..હા...! આ તો 'હળદરનો ગાંઠિયો લઈને ગાંધી થવાય એવું નથી' એવી ઝીણી વાત છે. આ..હા...! અરે...! આ ચોરાશીના અવતાર...! બાપુ ! ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે અને હજી સમજશે નહિ અને સમ્યગ્દર્શનને માટે પ્રયત્ન નહિ કરે (તો) ક્યાં જઈને ઉત્પન્ન થશે ? બાપુ ! (ત્યાં) પાંજરાપોળ નથી (કે) ત્યાં માસીબા બેઠી નથી. આહા..હા...! અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા ઝાડે ઇયળ થાય ! આ..હા..હા...! તિર્યંચ થાય ને ? ઇયળ થાય, વીંછી થાય. આ..હા..હા...! સર્પ થાય, વળી મરીને પછી... આ..હા..હા...!

ભાવાર્થ સાદી ભાષામાં પંડિતજીએ કર્યો છે. '**બીજ, અંકુર અને વૃક્ષત્વ...**' વૃક્ષત્વ, હોં ! વૃક્ષ નહિ. બીજ–વ્યય, અંકુર–ઉત્પાદ, વૃક્ષત્વ–ધ્રૌવ્ય. '**એ વૃક્ષના અંશો છે.**' વૃક્ષત્વ પણ વૃક્ષનો અંશ છે. આ..હા...! વૃક્ષત્વ પણ વૃક્ષનો અંશ છે, બીજ પણ વૃક્ષનો અંશ છે, અંકુર પણ વૃક્ષનો અંશ છે. '**બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું)...**' જુઓ ! ધ્રૌવ્યનો અર્થ કર્યો છે ને ? ધ્રૌવ્ય એટલે ધ્રુવપણું. '**ત્રણે એકીસાથે છે.**' એક સમયમાં છે.

'**આ રીતે નાશ બીજને આશ્રિત છે,...**' નાશ બીજને આશ્રિત છે. બીજ નાશ થાય છે ને ? '**ઉત્પાદ અંકુરને આશ્રિત છે...**' અંકુર ઉત્પન્ન થાય છે ને ? '**અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે;...**' આ..હા..હા...! '**નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય બીજ-અંકુર-વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી.**' અંકુરનો ઉત્પાદ, બીજનો નાશ અને વૃક્ષપણાનું રહેવું એ વૃક્ષથી ભિન્નરૂપ નથી. '**માટે આ બધાંય, એક વૃક્ષ જ છે.**' એ તો દૃષ્ટાંત કીધો, લોકોને સમજાય માટે. આહા..હા...!

'**એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ,...**' દરેક દ્રવ્યનો વ્યય થતો ભાવ '**ઊપજતો ભાવ...**' ઉત્પન્ન થતો ભાવ '**અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે.**' વસ્તુના ત્રણે અંશો છે. આહા..હા...! આ અંશી ને અંશ ને... આ ચોપડામાં આવે નહિ અને સાંભળવામાં આવે નહિ. તમારા ચોપડામાં-નામામાં આ બધું આવે છે ? આ શેઠ રહ્યા, મોટો ધંધો છે. આવું ત્યાં આવે છે ? આહા..હા...! '**એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના**

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અંશો છે.**'

હવે સ્પષ્ટ કરી નાખ્યું – '**નિજ ધર્મો વડે આલંબિત**' અંદર (ટીકામાં) હતું ને ? એનું સ્પષ્ટ કર્યું કે, '**નષ્ટ થતા ભાવનો નાશ,...**' આહા..હા...! '**નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે.**' આહા..હા...! હવે એનું સ્પષ્ટ કર્યું. '**આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...**' આહા..હા...! શું કીધું ? મિથ્યાત્વનો નાશ મિથ્યાત્વના નાશને આશ્રયે છે. આહા..હા...! માટીનો પિંડ છે એનો વ્યય થઈને ઘડો થાય છે, પણ એ પિંડ પિંડને આશ્રિત છે. એ પિંડ માટીને આશ્રયે નહિ અને એ પિંડ ઘડો ઉત્પન્ન થયો એને આશ્રયે નહિ. આહા..હા...! આવું છે. '**નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે,...**' જોયું ? વ્યય વ્યયને આશ્રિત છે. આહા..હા...!

'**ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે...**' દરેક દ્રવ્યના સમયે સમયે જે અવસરે તે જ પરિણામ થાય તે ઉત્પાદ ઉત્પાદને આશ્રિત છે. આહા..હા...! કોઈ એમ કહે કે, અગિયારમે ગુણસ્થાને તો કર્મનો ઉદય નથી, ઉપશમ છે. હવે જ્યારે કર્મનો ઉદય આવે ત્યારે અગિયારમે ગુણસ્થાનેથી હેઠે આવે. (આ વાત) બરાબર નથી ? અગિયારમેથી હેઠે આવે છે (ત્યારે) ધ્યાન તો અંદર છે, તો શેને લઈને હેઠે આવે છે ? રાગનો–લોભનો ઉદય આવ્યો માટે. એની (અહીં) ના પાડે છે. આહા..હા...! એ અગિયારમે જે લોભનો ઉદય આવ્યો તે ઉદય આવવાનો–ઉત્પાદ થવાનો તેનો અવસર હતો અને તે ઉત્પાદને કર્મની તો અપેક્ષા નથી પણ તેને વ્યય અને ધ્રુવની પણ અપેક્ષા નથી. આ..હા..હા..હા...! એ..ઈ..! ક્યાંય કોઈ દી' સાંભળ્યું હતું ? આ બધા જૂના દિગંબર છે. આવો માર્ગ છે.

દિગંબર જૈનધર્મ એટલે શું ! આ..હા..હા...! દિગંબર ધર્મ એમ કહે છે કે, ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે. મિથ્યાત્વનો ઉત્પાદ, સમકિતનો ઉત્પાદ, ચારિત્રનો ઉત્પાદ, એક પરમાણુમાં ચાર પરમાણુની પર્યાયનો ઉત્પાદ અને પાછો છ પર્યાયનો ઉત્પાદ, એ વખતે છ પર્યાયનો ઉત્પાદ ઉત્પાદને આશ્રયે છે. જોડે પેલો છ (ગુણવાળો) હતો અને અહીં ચાર (ગુણવાળો) હતો માટે અહીં છ (ગુણવાળો) થયો એમ નથી. આહા..હા...! 'ગુણેઅધિકો' આવે છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર'માં ! બે ગુણ અધિક એને લઈને થાય. એ તો એને જ્ઞાન કરાવ્યું છે. આહા..હા...! બાકી તો એ ચાર ગુણની ચીકાશની પર્યાયવાળો પરમાણુ છ ગુણની ચીકાશના પરમાણુને લઈને, ચાર ગુણની ચીકાશ છ ગુણની ચીકાશ થઈ છે એમ નહિ. છ ગુણ એટલે પર્યાય, હોં ! તે અવસરે છ ગુણની પર્યાયનો ઉત્પાદ છે તે ઉત્પાદને આશ્રયે છે, પરને આશ્રયે નથી, ચારનો વ્યય થયો એને આશ્રયે નથી, પરમાણુના આશ્રયે નથી. આ..હા..હા...! મધ્યસ્થ (થઈને) એક વાર બે-ચાર દિ', આઠ દિ' સાંભળે પછી (અભિપ્રાય આપે). આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– લોકો એમ કહે છે કે, સાંભળવા જઈએ તો કાન પકડાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એમ કહે છે. 'કાન-જી' (નામ) છે ને ? તો કાન પકડાવે છે–જી કરાવે છે, જી.. હા..! અહીં 'કાનજી' પણ નથી અને કાંઈ નથી, અહીં તો આત્મા છીએ. કાન પકડીને હા કરાવે (એમ કહે છે). એની પાસે જઈએ તો હા પડાવે તો (આપણે) ફરી જઈએ. એક બાઈ કહેતી હતી કે, એની પાસે જવું નહિ. (છોકરાનો) બાપ ઉદ્‌ઘાટન વખતે આવ્યો હતો, એની મા નહોતી આવી. ઇ બન્ને ત્યાં 'ભાવનગર' આવ્યા હતા અને (અમારે) ત્યાં 'ભાવનગર' આવવાનું થયું (ત્યારે જવાનું કીધું તો કહે કે), ના. છોકરો આખો ફરી ગયો. ત્યાં જઈએ તો બધું ફરી જાય છે, હોં ! ત્યાં કાંઈક જાદુગર લાગે છે ! આવી વાત કરે. આહા..હા...! એ તો વીતરાગનો માર્ગ જ જાદુગર છે, બાપુ ! એની વીતરાગના માર્ગની જાદુઈ...! આ..હા..હા...!

(અહીંયાં કહે છે કે), '**નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત...**' આહા..હા...! '**અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી.**' શું કીધું ? નાશ-ઉત્પાદ અને ધ્રૌવ્ય તે તેના ભાવોથી જુદું નથી. આહા..હા...! એનો પોતાનો ભાવ છે. ઉત્પાદનો ઉત્પાદરૂપે ભાવ છે, વ્યયનો વ્યયરૂપે ભાવ છે. વ્યય કાંઈ ઓછો નથી. ત્રણેય સત્ કીધું છે ને ? 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' કીધું છે. વ્યયને પણ સત્ કીધું છે. અભાવરૂપે (છે) પણ સર્વથા અભાવ નથી થતો. એ વ્યય થઈને દ્રવ્યમાં જાય છે માટે વ્યયને પણ સત્ કીધું છે. અરે..રે...! ત્રણેય સત્ ! 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્‌દ્રવ્યલક્ષણમ્' આ..હા..હા...!

'**નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ...**' (અર્થાત્) ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય '**તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી.**' આ..હા..હા...! શું કીધું ઈ ? પોતાનો ભાવ પોતાના ભાવથી તો ભિન્ન નથી. પોતાનો ભાવ પોતાના ભાવથી ભિન્ન પદાર્થ નથી. પણ પછી કહે છે કે, એ ત્રણેય જે ભાવ છે એ દ્રવ્યના છે. દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. આહા..હા...!

પહેલાં એમ કહ્યું કે, દરેક દ્રવ્યમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે એ તો એનો સમય છે. એ પોતાના ભાવથી છે, ઈ બીજાના ભાવથી નથી. પછી કહે છે કે, એ ત્રણે ભાવો પર્યાયના છે તેથી પર્યાય તે તે સમયે પોતપોતાને કારણે છે. વ્યયને કારણે ઉત્પાદ અને ઉત્પાદને કારણે ધ્રુવ એમ નથી પણ એ ત્રણેય પદાર્થો દ્રવ્યથી ભિન્ન નથી, દ્રવ્યના ભેદ છે. આહા..હા...! '**માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે.**' જોયું ? એક દ્રવ્ય જ છે (એમ કહ્યું).

આહા..હા...! આવી ટીકા કરતી વખતે સંતોની કેટલી દૃષ્ટિ...! આ..હા...! દિગંબર મુનિ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જંગલમાં વસતા 'અમૃતચંદ્રાચાર્ય' ! નગ્ન ! એક મોરપીંછી, કમંડળ પડ્યું હોય. એની પણ કંઈ પડી નથી. આ..હા..હા...! લખવા ટાણે લખાણું. એ તાડપત્ર ત્યાં પડ્યા રહે, પોતે ચાલ્યા જાય. પાછળ (શ્રાવકોને) ખબર પડે કે, આ મહારાજ (લખે છે એટલે) ઈ લઈ જાય. એવા વીતરાગી મુનિ હતા !! લખેલા તાડપત્ર હોય તે ત્યાંને ત્યાં પડ્યા રહે. આહા..હા...!

આ ટીકાની – આ અક્ષરોની પર્યાય થઈ એ ઉત્પાદ ઉત્પાદથી થયો છે. એ અક્ષરની જે ઉત્પત્તિ છે એ કલમથી નહિ, આચાર્યથી નહિ, આચાર્યના વિકલ્પથી નહિ અને રુશનાઈ (–શાહીથી) નહિ અને એ ઉત્પત્તિ થઈ એ પૂર્વના વ્યય અને ધ્રુવની અપેક્ષાથી પણ નહિ. આવી વાત !

'**હવે...**' આ ગાથા પણ બહુ ઊંચી છે ! ૧૦૨. જન્મક્ષણ કહેશે. આ..હા...! દરેક દ્રવ્યને પર્યાયનો જન્મક્ષણ છે. દરેક દ્રવ્યને પર્યાયનો જન્મક્ષણ છે. તે સમયનો કાળ છે તેથી તે જન્મે–ઉત્પન્ન થાય છે. આહા..હા...! દરેક વસ્તુને તે પર્યાય ઉત્પન્ન થાય તે તેનો સમય છે. જન્મ–ઉત્પત્તિનો એ કાળ છે. આહા..હા...!

ઈ પછી વિશેષ કહેવાશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथोत्पादादीनां क्षणभेदमुदस्य द्रव्यत्वं द्योतयति -

**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं।**
**एक्कम्हि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं।।१०२।।**
**समवेतं खलु द्रव्यं संभवस्थितिनाशसंज्ञितार्थैः।**
**एकस्मिन् चैव समये तस्माद्द्रव्यं खलु तत्त्रितयम्।।१०२।।**

इह हि यो नाम वस्तुनो जन्मक्षणः स जन्मनैव व्याप्तत्वात् स्थितिक्षणो नाशक्षणश्च न भवति। यश्च स्थितिक्षणः स खलूभयोरन्तरालदुर्ललितत्वाज्जन्मक्षणो नाशक्षणश्च न भवति। यश्च नाशक्षणः स तूत्पद्यावस्थाय च नश्यतो जन्मक्षणः स्थितिक्षणश्च न भवति।

---

अथोत्पादादीनां पुनरपि प्रकारान्तरेण द्रव्येण सहाभेदं समर्थयति समयभेदं च निराकरोति - **समवेदं खलु दव्वं** समवेतमेकीभूतमभिन्न भवति खलु स्फुटम्। किम्। आत्मद्रव्यम्। कैः सह। **संभवठिदिणाससण्णिदट्ठेहिं** सम्यक्त्वज्ञानपूर्वकनिश्चलनिर्विकारनिजात्मानुभूति-

---

હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છેઃ-

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે
એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.

અન્વયાર્થઃ- [द्रव्यं] દ્રવ્ય [एकस्मिन् च एव समये] એક જ સમયમાં [संभवस्थितिनाशसंज्ञितैः अर्थैः] ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે [खलु] ખરેખર [समवेतं] સમવેત (એકમેક) છે; [तस्मात्] તેથી [तत् त्रितयं] એ ત્રિક [खलु] ખરેખર [द्रव्यं] દ્રવ્ય છે.

ટીકાઃ– (પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છેઃ) અહીં (વિશ્વમાં), વસ્તુની જે જન્મક્ષણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



इत्युत्पादादीनां वितर्क्यमाणः क्षणभेदो हृदयभूमिमवतरति। अवतरत्येवं यदि द्रव्यमात्मनैवोत्पद्यते आत्मनैवावतिष्ठते आत्मनैव नश्यतीत्यभ्युपगम्यते। तत्तु नाभ्युपगतम्। पर्यायाणामेवोत्पादादयः, कुतः क्षणभेदः। तथा हि - यथा कुलालदण्डचक्रचीवरारोप्यमाणसंस्कारसन्निधौ य एव वर्धमानस्य जन्मक्षणः स एव मृत्पिण्डस्य नाशक्षणः स एव च कोटिद्वयाधिरूढस्य मृत्तिकात्वस्य स्थितिक्षणः, तथा अन्तरङ्गबहिरङ्गसाधनारोप्यमाणसंस्कारसन्निधौ य एवोत्तरपर्यायस्य जन्मक्षणः स एव प्राक्तनपर्यायस्य नाशक्षणः स एव च कोटिद्वयाधिरूढस्य

---

लक्षणवीतरागचारित्रपर्यायेणोत्पादः तथैव रागादिपरद्रव्यैकत्वपरिणतिरूपचारित्रपर्यायेण नाशस्तदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपपर्यायेण स्थितिरित्युक्तलक्षणसंज्ञित्वोत्पादव्ययध्रौव्यैः सह। तर्हि किं बौद्धमतवद्भिन्नभिन्नसमये त्रयं भविष्यति। नैवम्। **एक्कम्मि चेव समये** अङ्गुलिद्रव्यस्य वक्रपर्यायवत्संसारिजीवस्य मरणकाले ऋजुगतिवत् क्षीणकषायचरमसमये केवलज्ञा-

---

હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય (–જુદી હોય); જે સ્થિતિક્ષણ હોય તે, બન્નેના અંતરાળમાં (અર્થાત્ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) દૃઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય; અને જે નાશક્ષણ હોય તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી, જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય. – આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે (અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્નભિન્ન હોય, એક ન હોય – એમ વાત હૃદયમાં બેસે છે).

(હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે :) એ પ્રમાણે ઉત્પાદાકિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે, 'જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, પોતે જ અવસ્થિત રહે છે (–ટકે છે) અને પોતે જ નાશ પામે છે' એમ સ્વીકારવામાં આવતું હોય. પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી. પર્યાયોનાં જ ઉત્પાદાદિક છે (એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે); ત્યાં ક્ષણભેદ ક્યાંથી હોય ? (ન જ હોય.) તે સમજાવવામાં આવે છે :

જેમ કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે રામપાત્રની જન્મક્ષણ હોય છે, તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે; તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે, તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



द्रव्यत्वस्य स्थितिक्षणः। यथा च वर्धमानमृत्पिण्डमृत्तिकात्वेषु प्रत्येकवर्तीन्यप्युत्पादव्ययध्रौव्याणि त्रिस्वभावस्पर्शिन्यां मृत्तिकायां सामस्त्येनैकसमय एवावलोक्यन्ते, तथा उत्तरप्राक्तनपर्यायद्रव्यत्वेषु प्रत्येकवर्तीन्यप्युत्पादव्ययध्रौव्याणि त्रिस्वभावस्पर्शिनि द्रव्ये सामस्त्येनैकसमय एवावलोक्यन्ते। यथैव च वर्धमानपिण्डमृत्तिका-त्ववर्तीन्युत्पादव्ययध्रौव्याणि मृत्तिकैव, न वस्त्वन्तरं; तथैवोत्तरप्राक्तनपर्यायद्रव्यत्व-वर्तीन्यप्युत्पादव्ययध्रौव्याणि द्रव्यमेव, न खल्वर्थान्तरम्।।१०२।

---

नोत्पत्तिवदयोगिचरमसमये मोक्षवच्चेत्येकस्मिन्समय एव। **तम्हा दव्वं खु तत्तिदयं** यस्मात्पूर्वोक्तप्रकारेणैकसमये भङ्गत्रयेण परिणमति तस्मात्संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि प्रदेशानामभेदात्त्रयमपि खु स्फुटं द्रव्यं भवति। यथेदं चारित्राचारित्रपर्यायद्वये भङ्गत्रयमभेदेन दर्शितं तथा सर्वद्रव्यपर्यायेष्ववबोद्धव्यमित्यर्थः।।१०२।।

---

વળી જેમ રામપાત્રમાં, મૃત્તિકાપિંડમાં અને માટીપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતાં હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ સમસ્તપણે (બધાંય ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે; તેમ ઉત્તર પર્યાયમાં, પૂર્વ પર્યાયમાં અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતાં હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.

વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે, અન્ય વસ્તુ નથી; તેવી જ રીતે ઉત્તર પર્યાય, પૂર્વ પર્યાય અને દ્રવ્યપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે, અન્ય પદાર્થ નથી. ૧૦૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૧૦૨**
**પ્રવચન નં. – ૧૧૨**
**તા. ૨૨-૬-૭૯**

('પ્રવચનસાર' ૧૦૨–ગાથા) '**હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ...**' છે ને ? ઘણો અધિકાર ચાલ્યો ગયો. દ્રવ્ય જે વસ્તુ છે – આત્મા કે પરમાણુમાં એક-એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ થાય છે. તો કહે છે કે, ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ક્ષણભેદ (એટલે) સમયભેદ નથી. જે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે તે એક સમયમાં છે, ક્ષણભેદ નથી. જે સમયે ઉત્પાદ થાય તે જ સમયે પૂર્વની (પર્યાયનો) વ્યય થાય, તે જ સમયે ધ્રૌવ્યપણે તો (ટકી રહે).

'**ઉત્પાદાદિકનો ક્ષણભેદ નિરસ્ત કરીને...**' (નિરસ્ત એટલે) દૂરી કરીને; નષ્ટ કરીને; ખંડિત કરીને; નિરાકૃત કરીને. '**તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છે :–**' એ ત્રણે થઈને દ્રવ્ય છે. આ દ્રવ્ય પ્રમાણનું છે. ત્રિકાળી દ્રવ્ય જે સમ્યગ્દર્શનનો આશ્રય (છે) એ નયનું દ્રવ્ય છે અને આ દ્રવ્ય છે એ પ્રમાણનું દ્રવ્ય છે. આખી ધ્રુવ વસ્તુ છે એ પણ આમાં ખ્યાલમાં આવે અને ઉત્પાદ-વ્યય (પણ) ખ્યાલમાં આવે. બન્નેનું જ્ઞાન થાય એ પ્રમાણ(જ્ઞાન છે). જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ્ઞાન જો ન કરે, વિરુદ્ધ (જ્ઞાન) કરે તો મિથ્યાદૃષ્ટિ થાય. એ ૯૮ (ગાથામાં) કહેવાણું છે. આ..હા...! આગમે જે રીતે વસ્તુની મર્યાદા જાણી છે અને કહી છે એ રીતે જો ન માને તો પરસમય છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! એથી કહે છે.

શ્રોતા :– આખું જગત મિથ્યાદૃષ્ટિ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘણાં મિથ્યાદૃષ્ટિ છે, મોટો ભાગ ! તત્ત્વની ખબર ક્યાં છે ? વાડામાં જન્મ્યા એટલે (માની લ્યે કે) અમે જૈન છીએ પણ જૈન શું કહે છે ? ઇ તત્ત્વની (ખબર ન મળે). અહીં તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવની (વાતથી) શરૂ કર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દરેક પદાર્થને દરેક સમયે–અવસરે જે પર્યાય થાય તે ઉત્પાદ છે અને તે ક્ષણે પૂર્વની પર્યાયનો વ્યય થાય અને તે જ ક્ષણે ધ્રૌવ્યપણે રહે. એ પર્યાયના ત્રણ ભેદ છે. પછી શિષ્ય શંકા કરશે.

પ્રશ્ન :– જે કાળે જન્મે એ કાળે થોડા જ મરી જાય છે ?

સમાધાન :– જે કાળે જન્મે છે તે (કાળે) પૂર્વનો વ્યય થાય છે ને ? પૂર્વની અવસ્થા વ્યય થાય છે. પૂર્વભવનું મરણ હતું તેનો વ્યય થાય છે અને અહીં જન્મે છે. સમય એક છે. આહા..હા...! જે સમયે દેહ છૂટ્યો (તે સમયે) એની પોતાની પર્યાયની યોગ્યતાથી ત્યાંથી છૂટ્યો છે. ઈ વ્યય થઈને બીજે ઊપજે છે–જન્મે છે (તેનો) સમય એક છે.

સિદ્ધ ભગવાન સિદ્ધ થયા, દેહથી ભિન્ન (થયા), પૂર્ણાનંદ કેવળજ્ઞાન પૂર્ણ શાંતિ પ્રાપ્ત થઈ એ પણ અહીંથી છૂટીને જાય તો એક સમયમાં જ (જાય) છે. અહીં મુક્તિ થઈ છે. કેવળજ્ઞાન અને પૂર્ણાનંદ (પ્રગટ થયા છે). (અહીંથી સિદ્ધાલયમાં) જતાં રસ્તાનો એક સમય છે. આહા..હા...! એ ઉત્પાદનો એ જ સમય છે અને સંસારના અભાવનો વ્યય છે. સિદ્ધપણાનો ઉત્પાદ છે અને સંસારની પર્યાયનો વ્યય છે અને ધ્રૌવ્ય તો છે. એક સમયમાં ત્રણ છે. આ વિષય ચાલે નહિ એટલે શું થાય ? લોકોને (કઠણ પડે છે).

**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं।**
**एक्कम्हि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं।।१०२।।**

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨**

આહા..હા...! મુનિઓએ પણ જંગલમાં રહીને (ગજબ કામ કર્યાં છે) !

**ટીકા :–** '**(પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છે :)**' શંકાકાર શંકા કરે (છે). '**અહીં (વિશ્વમાં), વસ્તુની જે જન્મક્ષણ હોય...**' બધી ભાષા જુદી જાત(ની) છે. જે વસ્તુ છે ને ? આત્મા કે પરમાણુ એની અવસ્થા જે થાય છે એની જન્મક્ષણ છે. તે જ સમયે તે ઉત્પત્તિનો કાળ છે. આહા..હા...! ઈ આત્માથી કર્યો થાય છે એમ નથી. આત્માની પર્યાય પણ જન્મક્ષણ છે. આહા..હા...! જે સમયે તેને પર્યાય ઉત્પન્ન થવાનો (છે) તે એનો જન્મનો–ઉત્પત્તિનો કાળ છે. હવે આ શિષ્યની શંકા છે કે, '**જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી,...**' શિષ્ય શંકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે કે, ઉત્પત્તિની ક્ષણ છે એ ઉત્પત્તિના ક્ષણ સાથે સંબંધ રાખે. આવી વાત છે. માણસને અભ્યાસ ન મળે. ધર્મ શું છે ? (તેની ખબર નથી).

આ તો વીતરાગ સર્વજ્ઞદેવે જોયેલા છ દ્રવ્યો અને એક-એકને તેના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ પર્યાયો અને એ પર્યાયોનો સમુદાય આખું દ્રવ્ય (કેવું હોય) એ અહીં સિદ્ધ કરવું છે. શિષ્ય કહે છે કે, જે ઉત્પત્તિની ક્ષણ છે (તે) '**જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય...**' એમ ઈ કહે છે. જે સમયે ઊપજે, (દા.ત.) રાગ ઊપજ્યો, સમકિત ઊપજ્યું તો તે ઊપજે છે તે સમયે ક્ષય–નાશ અને ધ્રુવતા કેમ હોય ? ઊપજે છે તે સમયે નાશ અને તે સમયે ધ્રુવ કેમ હોય ? એમ શિષ્યનો પ્રશ્ન છે. બધી Logicથી વાત છે પણ અભ્યાસ ન મળે એટલે અજાણ્યાને તો એવું લાગે કે, આ આવું શું કહે છે ? આ તે જૈનધર્મ આવો હશે ? જૈનધર્મની ખબર જ ક્યાં છે ? વાડા બાંધીને બેઠા. આહા..હા...!

(જે જન્મક્ષણ હોય તે) '**સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય.**' શું કહે છે ? શિષ્યનો પ્રશ્ન છે કે, જે દ્રવ્યમાં જે ક્ષણે જે પર્યાય ઉત્પન્ન થાય તે ક્ષણે ક્ષય અને ધ્રૌવ્ય તે સમયે ન હોઈ શકે, એ સમયે ન હોઈ શકે. એમ શિષ્યનો પ્રશ્ન છે. છે ને ? '**(–જુદી હોય);...**' (અર્થાત્) દરેકની સ્થિતિ જુદી હોય. દ્રવ્યમાં જે સમયે–જે અવસરે જે પર્યાય થાય તે પર્યાયનો ક્ષણ અને વ્યયનો ક્ષણ અને ધ્રુવનો ક્ષણ જુદો હોય. ત્રણની એક ક્ષણ (હોય તો પછી) ત્રણ કેમ થયા ? ત્રણનો એક જ સમય હોય તો ત્રણ કેમ ? માટે એની ઉત્પત્તિનો ક્ષણ જુદો, વ્યયનો જુદો અને ધ્રુવનો (ક્ષણ) જુદો. એમ શિષ્યનો પ્રશ્ન છે. આહા..હા...!

'**જે સ્થિતિક્ષણ હોય...**' જે ટકવાનો સમય હોય. આત્માને અને પરમાણુને ટકવાનો સમય હોય '**તે, બન્નેના અંતરાળમાં...**' આહા..હા...! '**(અર્થાત્ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) દૃઢપણે રહેતી હોવાથી,...**' સ્થિતિ તો ક્યારે રહે ? કે, ઉત્પન્ન અને વ્યય છે એની વચમાં રહે તો. (ઉત્પન્ન અને વ્યયની) વચમાં સ્થિતિ રહે. અભાવ થાય પછી સ્થિતિ રહે અને ઉત્પન્ન થાય એના પહેલાં સ્થિતિ રહે. તમે તો (કહો છો કે) એક સમયે સ્થિતિ... એક સમયે સ્થિતિ (છે). આ..હા..હા...! શું કીધું ? (સ્થિતિક્ષણ છે તે) '**(ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) દૃઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય;...**' બે બોલ થયા. ઉત્પત્તિના અને ધ્રુવના–સ્થિતિના.

'**અને જે નાશક્ષણ...**' દ્રવ્યમાં જે નાશનો કાળ છે. આત્મામાં કે પરમાણુમાં અભાવનો–નાશનો કાળ છે. (સ્થિતિક્ષણ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે) '**દૃઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય;...**' આ..હા..હા...! દૃઢપણે રહેતી હોવાથી એ સ્થિતિ (થઈ). જન્મ અને નાશક્ષણમાં વચમાં દૃઢપણે રહેતી સ્થિતિ (છે) એને ટકવું કહેવાય. પણ ઉત્પત્તિની સાથે ઊપજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ ખરું અને ઈનું ઈ ટકે, ઈનું ઈ નાશ થાય ? આમ પ્રશ્ન છે. એનો એ ઊપજે, એનો એ ક્ષય થાય, એનો એ ટકે ? એમ કેમ ? સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'જે નાશક્ષણ હોય તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી,..'** પહેલી તો વસ્તુ ઊપજે અને ટકીને રહે. વસ્તુ ઊપજે, થોડી વાર રહે પછી નાશ થાય. શું કીધું ? શિષ્યનો પ્રશ્ન છે. વસ્તુ ઊપજે અને થોડી વાર ટકે પછી નાશ થાય. તમે તો (કહો છો કે), એક સમયમાં ત્રણ થાય... એક સમયમાં ત્રણ થાય. એટલું તો સમજાણું (ને) ? આવો પ્રશ્ન પણ હજી ક્યાં છે ?

**'વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી,...'** ઊપજે, થોડી વાર ટકે પછી નાશ થાય. કે ઊપજે અને તે જ વખતે નાશ થઈ જાય ? ઊપજે ને (તરત નાશ થાય) તો ટકવું રહેતું નથી. ઊપજે એ વખતે નાશ થઈ જાય તો ટકવું તો રહેતું નથી. આવો ઉપદેશ ! અહીં તો તત્ત્વની વાત છે. મૂળ તત્ત્વનું જ્ઞાન નથી એને ધર્મ જ હોતો નથી. એ દયા ને વ્રત કરે એ બધો સંસાર–રાગ છે. રખડે નરક અને નિગોદમાં ! આહા..હા...! એવી વાત છે.

શિષ્યનો પ્રશ્ન (છે). ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ (એક સમયમાં છે એમ) સાંભળીને તેને પ્રશ્ન ઊઠ્યો કે, (જે) જન્મ છે–ઉત્પત્તિનો ક્ષણ છે તે સ્થિતિનો (અને) નાશનો ક્ષણ કેમ હોય ? ઉત્પન્ન થાય છે એ વખતે સ્થિર રહે અને એ વખતે પાછો નાશ થાય એમ કેમ હોય ? અને ટકતું તત્ત્વ છે એને ઊપજે અને વ્યય થાય તો એમ કેમ થાય ? વચમાં થાય. ઊપજે, ટકે અને નાશ થાય. ઊપજે (પહેલાં) સમયે, ટકે પછીના સમયે, નાશ થાય (એના) પછીના સમયે. પણ ઊપજે ને તરત નાશ થાય (એમ કેમ બને) ? પ્રશ્ન સમજાય છે ? ત્રણ ભેદ બતાવે છે, એટલું.

**'આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે.'** શિષ્ય કહે છે કે, આ રીતે અમને સમજાય છે કે, ઉત્પાદનો કાળ જુદો, ટકવું એ જુદું. હજી તો ઊપજે છે એ ટકે ક્યાંથી ? (માટે) ટકવું જુદું અને નાશપણાનો (સમય) જુદો. આ..હા...! આવો પ્રશ્ન છે. વાડામાં પડ્યા છે એણે તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાંભળ્યું ન હોય કે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ શું છે ? આહા..હા...! આમ હૃદયભૂમિમાં ઊતરે છે. '**(અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્નભિન્ન હોય, એક ન હોય–એમ વાત હૃદયમાં બેસે છે).**' શિષ્યનો પ્રશ્ન છે. એ અમને બેસે છે. કારણ કે ઊપજે ઈ ઊપજેલો પાછો વ્યય થાય ? ઊપજે છે એ વખતે સ્થિત હોય ? ઊપજ્યું, વચ્ચે સ્થિતિ રહી અને પછી નાશ થાય – એમ ત્રણ ભેદ પડવો જોઈએ ને ? તમે તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ... ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક જ સમયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહો છો. આ..હા..હા...! હવે એનો ઉત્તર (કહે છે).

'**(હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે :) એ પ્રમાણે ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે, 'જો દ્રવ્ય પોતે જ ઊપજે છે,...**' જોયું ? દ્રવ્ય ઊપજે, દ્રવ્ય વ્યય થાય અને દ્રવ્ય ટકે એમ હોય તો તો તારી વાત બરાબર છે. અહીં તો દ્રવ્યની પર્યાય ઊપજે અને દ્રવ્યની પર્યાય તે સમયે વ્યય થાય અને તે સમયે દ્રવ્યપણે ટકી રહે એની વાત છે. દ્રવ્ય ઊપજે અને દ્રવ્ય વ્યય પામે એમ ક્યાં કીધું છે ? સમજાણું ? આવી જૈનની વાતું ! વેપારીને આખો દી' પાપ આડે નવરાશ ન મળે, એમાં વળી આવું સાંભળવાનું મળે નહિ. હવે એને નિર્ણય શું કરવો ? અરે..રે...! ઢોરની જેમ જિંદગીયું ચાલી જાય છે. જિંદગી બધી ઢોરની જેવી છે. ભલે પાંચ-પચાસ લાખ-કરોડ ભેગા કર્યા હોય. આહા..હા...!

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર (દ્વારા કહેલું) દ્રવ્યનું–તત્ત્વનું સ્વરૂપ કઈ રીતે છે તે રીતે એ સમજમાં ન આવે તો એ રખડી મરશે. આહા..હા...! ભલે એ વ્રત ને તપ કરતો હોય તોપણ રખડી મરશે. આહા..હા...!

'**જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, પોતે જ અવસ્થિત રહે છે (–ટકે છે) અને પોતે જ નાશ પામે છે' એમ સ્વીકારવામાં આવતું હોય તો. પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી.**' એમ તને કોણે કીધું ? એમ કહે છે. દ્રવ્ય–પદાર્થ ઊપજે છે, દ્રવ્ય નાશ થાય છે, દ્રવ્ય ધ્રુવ રહે છે એમ તને કોણે કીધું ? અમે તો એની પર્યાયના ત્રણ પ્રકાર પાડ્યા. એક સમયમાં ત્રણ પર્યાય થાય છે. '**પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી.**' આ..હા..હા..હા...! છે ? '**પર્યાયોનાં જ ઉત્પાદાદિક છે...**' અવસ્થાના ઉત્પાદ છે. અવસ્થા શું ને દ્રવ્ય શું ? (એની ઘણાંને ખબર ન હોય).

દ્રવ્ય જે કાયમી ચીજ છે એની આ ત્રણ અવસ્થાઓ છે. એ ત્રણ અવસ્થા થઈને આખું દ્રવ્ય છે. ઈ દ્રવ્ય પોતે ઊપજે, વ્યય પામે અને ધ્રુવપણે (રહે) એમ કોણે તને કીધું ? એ તો ત્રણ પર્યાયો છે. પર્યાય ઊપજે એ વખતે પૂર્વની (પર્યાયનો) વ્યય થાય અને (તે બન્ને વખતે કાયમ રહે છે) તે ધ્રુવ છે. એક સમયમાં ત્રણે રહે છે. આ..હા..હા...! આ સમજીને પણ પાછું એને જવાનું ધ્રુવમાં, હોં ! આ..હા..હા...! ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પર્યાયના છે. પણ એ ત્રણ પર્યાયના છે એમ સમજીને પાછું પર્યાયમાં દૃષ્ટિ રાખવી, એમ નથી. આ..હા..હા...! એમાં પર્યાય આવી જાય. જે પર્યાય ત્રિકાળી જ્ઞાયક ભગવાનનો આશ્રય કરે ત્યાં જ્ઞાયકભાવ પણ આવી જાય અને પર્યાય નિર્ણય કરે છે તે પર્યાય પણ આવી જાય. ઈ નિર્ણય કરે ત્યારે. હું તો પરમાત્મા–નિજ પરમાત્મદ્રવ્ય છું. હું પર્યાય છું, એમ નહિ. આહા..હા...! હું તો નિજ પરમાત્મદ્રવ્ય ત્રિકાળ નિરાવરણ એવી અંદર ચીજ છું. અખંડ છું, એક છું, પ્રત્યક્ષ પ્રતિભાસમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છું). જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય તે સ્વરૂપ છે. અવિનશ્વર છું. શુદ્ધ પારિણામિક સહજ સ્વભાવભાવલક્ષણ તે નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. પર્યાય એમ જાણે છે કે, આ હું છું. પર્યાય એમ જાણતી નથી કે, હું પર્યાય છું. પણ પર્યાય આવી ગઈ. પર્યાયે નિર્ણય કર્યો ને ? નિર્ણય કરનારનું અસ્તિત્વ આવી ગયું. દૃષ્ટિ પડી છે ધ્રુવ ઉપર. એ ધ્રુવ છે તે હું છું. આ..હા..હા...! વીતરાગના ઘરની આવી વાતું છે !

‘**પર્યાયોનાં જ ઉત્પાદાદિક છે...**’ છે ? પર્યાયના ઉત્પાદ-વ્યય છે. ‘**(એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે);...**’ એમ સ્વીકાર અને સિદ્ધ કરવામાં આવ્યું છે. પર્યાય પોતે અવસ્થા (છે). વસ્તુની એક અવસ્થા ઉત્પન્ન થાય છે. વસ્તુ ઉત્પન્ન થતી નથી, વસ્તુ તો અનાદિ છે. એની પર્યાય એક સમયમાં ઉત્પન્ન થાય છે, તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થાય છે, તે જ સમયે ટકતું તત્ત્વ છે. તેં એમ કીધું કે, ઉત્પન્ન (અને) વ્યય વચ્ચે ધ્રુવ છે. ઊપજે, થોડી વાર ટકે પછી વ્યય થાય. એમ કીધું ને ? પ્રશ્ન પણ ઝીણો છે. ઊપજે, થોડી વાર ટકે અને પછી નાશ થાય. નાશ અને ઉત્પાદ વચ્ચે ધ્રુવ હોય. (કહે છે કે) એમ નથી. અમે તો પર્યાયોના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ કહ્યા છે, દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યા નથી. આહા..હા...!

‘**ત્યાં ક્ષણભેદ ક્યાંથી હોય ?**’ જ્યાં પર્યાયના ત્રણ (ભેદ) સ્વીકારવામાં આવ્યા છે ત્યાં કાળભેદ, ક્ષણભેદ, સમયભેદ ક્યાંથી હોય ? આહા..હા...! દ્રવ્યના (ઉત્પાદાદિક) સ્વીકારવામાં આવે તો એમ થાય પણ દ્રવ્યનો સ્વીકાર તો ત્રિકાળી દ્રવ્ય છે. દ્રવ્ય ઊપજતું નથી, દ્રવ્ય વ્યય થતું નથી, દ્રવ્ય ટકતું પણ નથી. ઈ તો એક અંશ ઊપજે છે, એક અંશ વ્યય થાય છે અને એક અંશ ધ્રુવ રહે છે. એ ત્રણે મળીને દ્રવ્ય છે. આ..હા...! છતાં પણ સમ્યગ્દર્શનનો વિષય ત્રણ નથી. આ..હા...! આ તો જ્ઞાન કરાવ્યું છે. (સમ્યગ્દર્શનનો) વિષય તો ધ્રુવ છે.

પરમ પારિણામિક સહજાત્મસ્વરૂપ ભગવાન ! સહજાત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપ પૂર્ણ આનંદ, જ્ઞાન આદિથી ભરેલો પરમાત્મા ! પોતે પરમાત્મા છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય આવી ગઈ. પૂર્વની પર્યાયનો વ્યય આવ્યો, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ આવી, મિથ્યાત્વનો વ્યય આવ્યો, સમકિતની ઉત્પત્તિ આવી અને ધ્રુવ (કાયમ) રહ્યું. પણ એના વિષયમાં ઉત્પાદ-વ્યય પર્યાય ન આવે. આ..હા..હા...! આવો કઈ જાતનો આ ધર્મ હશે ? સ્થાનકવાસી અપાસરે જાય તો સામાયિક કરો, પોષા કરો, પ્રતિક્રમણ કરો, છ પરબી આમ કરો ને તેમ કરો, એવું હોય. દેરાવાસીમાં જાય તો ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો. દિગંબરમાં જાય તો લૂગડાં છોડો, પડિમા લઈ લો (એમ આવે). પણ બાપા ! મૂળ તત્ત્વની દૃષ્ટિ વિના (એ બધું થોથાં છે). ભાવભાસન શું છે ? તેના જ્ઞાનમાં આ સ્થિતિ છે એમ ભાસન થયા વિના તેની પ્રતીતિ કઈ રીતે થશે ? જે વસ્તુ જણાણી નથી એની પ્રતીતિ કેવી ? આપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી ગયું છે કે, ગધેડાના શીંગડા નથી તો એને દેખાતા નથી, તો એની પ્રતીતિ શી રીતે (થાય) ? ('સમયસાર') ૧૭-૧૮ (ગાથા) ! આહા..હા...! જે વસ્તુનું અસ્તિત્વ ખ્યાલમાં જ નથી અને ખ્યાલ જ નથી તેને શ્રદ્ધવું (પણ) શી રીતે શ્રદ્ધવું ? આહા..હા...! આમ વાડો બાંધીને બિચારા અનંતકાળથી રખડે છે. 'વાડા બાંધી બેઠા રે, પોતાનો પંથ કરવા' વસ્તુ ભગવાન ! જિનેશ્વરદેવ કેવળજ્ઞાનીએ પદાર્થનું જે સ્વરૂપ જોયું એ રીતે ન સમજતાં, સમજ્યા વિના સામાયિક ને પોષા કરીને (માન્યું કે ધર્મ થયો). ધૂડમાં પણ નથી. સામાયિક પણ નથી અને પ્રતિક્રમણ પણ નથી. આ વર્ષીતપ કરે છે, એકડા વિનાનાં મીંડાં છે. મિથ્યાત્વનું પાપ વધારે છે. આહા..હા...! પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં થતા નથી અને (માને કે) મેં આટલું છોડ્યું, મેં આટલું મૂક્યું (એ) બધું મિથ્યાત્વ છે. આહા..હા...! આકરી વાત છે.

(અહીંયાં કહે છે કે), મિથ્યાત્વની ઉત્પત્તિને સમયે પૂર્વની મિથ્યાત્વની પર્યાયનો વ્યય છે. બન્નેનો સમય એક છે. આહા..હા...! અને સમકિતની ઉત્પત્તિને સમયે ઉપાદાનની પર્યાયનો ક્ષય છે. પૂર્વની પર્યાય ઉપાદાન (છે). સ્વામી 'કાર્તિકેય'માં આવ્યું છે. 'પૂર્વપર્યાયયુક્તં દ્રવ્ય ઉપાદાન' પછીની 'ઉત્તરપર્યાયયુક્તં દ્રવ્ય ઉપાદેય' એટલે જે સમયમાં સમકિત થયું તે જ સમયમાં મિથ્યાત્વનો વ્યય છે. પૂર્વે જે ઉપાદાન હતું, મિથ્યાત્વ, હોં ! એ સમકિતનું ઉપાદાન મિથ્યાત્વ ! પણ એનો ક્ષય–ઉપાદાનનો ક્ષય એ કારણ છે. ભાષા એવી છે. આહા..હા...! અવ્રતનો ભાવ; સાચા વ્રત, હોં ! અત્યારે ક્યાં વ્રત છે ? એ અવ્રતના ભાવ પછી જે વ્રત છે–સ્થિરતા (છે) એનું ઉપાદાન અવ્રત છે. એનો અભાવ ઉપાદાન (છે). આહા..હા...! વાત તો (એમ છે કે) આમાં જે ચારિત્રદોષ છે એ ચારિત્રદોષનો અભાવ ચારિત્રની ઉત્પત્તિનું કારણ છે. આ..હા..હા...!

શ્રોતા :– પૂર્વની પર્યાયનો વ્યય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક સમયે થાય જ. એક ઉત્પન્ન થાય અને વ્યય થાય. તેથી ત્રણેને સત્ કહ્યું છે ને ? ભલે ઉત્પાદ એક જ સમયનો પર્યાય છે, એક જ ઉત્પાદ રહે છે છતાં ઉત્પાદને અને ધ્રુવને સત્ કહ્યું છે એમ નહિ. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' કહ્યું છે. આ..હા..હા..હા...! ઝીણું ભારે, ભાઈ ! નવી પર્યાય ઊપજે, જૂની પર્યાયનો વ્યય અને કાયમનું ટકવું એમ કરીને સત્ કહ્યું છે. એકલા ધ્રુવને સત્ કહ્યું નથી, એકલા ઉત્પાદને સત્ કહ્યું નથી, એકલા વ્યયને સત્ કહ્યું નથી. આહા..હા...! 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્દ્રવ્યલક્ષણમ્' તે સત્ દ્રવ્યનું લક્ષણ છે. આહા..હા...!

'**તે સમજાવવામાં આવે છે : જેમ કુંભાર,...**' જુઓ ! આમાં ગોટો ઊઠે એવું છે. '**કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...**' જોયું ? એ નિમિત્ત છે એની હાજરીમાં. ઘડા(નો) પર્યાય એનાથી થયો નથી પણ એની હાજરી (છે). આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** સંસ્કારની હાજરીમાં **'જે રામપાત્રની જન્મક્ષણ હોય છે,...'** રામપાત્રનો જન્મ થાય, રામપાત્ર ! શકોરું ! ઈ એક દાખલો આવે છે. એક બાઈ હતી (તેને) ધર્મનું કાંઈ નહિ. પછી એને છેવટે (મરણ સમયે) એક છોકરાને (એમ થયું કે) કોઈ રીતે આ રામનું નામ લે છે ? (એટલે) શકોરું બતાવ્યું (અને પૂછ્યું કે) બા, આનું નામ શું ? તો કહે, શકોરું ! એને કહેવરાવવું હતું– રામપાત્ર ! એ લોકોમાં આવે છે. 'રામ' મોક્ષ પધાર્યા પણ એ તો કર્તા માને છે ને ? એને એમ કે, (અંત સમયે) 'રામ'નું નામ આવે તોપણ ઠીક થાય. એટલે શકોરુ બતાવ્યું (અને પૂછ્યું) બા, આ શું છે ? તો કહે, શકોરું. રામપાત્ર છે એમ તો કહે નહિ. આહા..હા...!

શું કીધું ? **'કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કાર...'** એ નિમિત્ત... નિમિત્ત (છે). નિમિત્તની **'હાજરીમાં,...'** નિમિત્તથી નહિ પણ નિમિત્તની હાજરીમાં. ઘડાની પર્યાય થાય ત્યારે અનુકૂળ નિમિત્ત હોય પણ એ અનુકૂળ નિમિત્તથી ઘડો થયો નથી. એ દંડ, ચક્ર અને કુંભારથી ઘડાની પર્યાય થઈ નથી પણ ઉપસ્થિતિ છે. પહેલાં આવી ગયું છે. ઉચિત.. ઉચિત ! ઉચિત (નિમિત્તની) હાજરીમાં. આમાં હાજરીમાં કીધું છે. (આવું) પકડે. એનો ઘણો વિરોધ આવ્યો છે. 'નિમિત્તથી થાય નહિ, નિમિત્તથી થાય નહિ (એમ કહીને) એકાંત કરે છે.' 'કરુણાદીપ'માં ઈ જ આવે છે ને ? નિમિત્ત હોય છે (પણ) એ પરને અડતું નથી. એ કુંભારથી ઘડો થતો જ નથી તેમ દંડ, ચક્રથી પણ ઘડો થતો નથી. આહા..હા...! ઘડો તો માટીની પર્યાયથી થાય છે. આ..હા..હા...! ઘડો માટીની પર્યાય છે. માટીથી ઘડો થયો છે. ઈ માટીની પર્યાય છે. ઈ દ્રવ્યથી પર્યાય થઈ છે. કુંભાર દ્રવ્ય છે કે (એનાથી) ઈ પર્યાય થાય ? શું કીધું સમજાણું ? આહા..હા...! કુંભાર (માટીરૂપ) દ્રવ્ય છે કે એની પર્યાય આ ઘડો છે ? આહા..હા...! દંડ, ચક્ર આદિ હોય એ માટીના ઘડાની વસ્તુ છે કે (જેથી) એની એ પર્યાય છે ? આહા..હા...! થોડા ફેરે ફેર ઘણો ! 'જુઓ ! (આ કહ્યું) સંસ્કારની હાજરીમાં ! એ વિના ન થાય.' એમ કહે.

**'રામપાત્રની જન્મક્ષણ હોય...'** રામપાત્ર માટીથી ઊપજ્યું, **'તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય...'** રામપાત્ર ઊપજ્યું તે જ ક્ષણમાં માટીના પિંડનો વ્યય હોય. માટીના પિંડનો વ્યય– નાશ થઈ અને ઘડાની પર્યાય થાય. આહા..હા...! ઈ દંડ, ચક્ર ઘડાની પર્યાયને ઊપજાવે નહિ પણ તેની હાજરી હોય. આ..હા..હા...! **'તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય...'** શેની ? ઘડો ઉત્પન્ન થયો તે. રામપાત્ર (ઉત્પન્ન થયો તે). રામપાત્રની જન્મક્ષણ તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ. **'અને તે જ બન્ને કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય;...'** પેલો (–શિષ્ય) કહેતો હતો કે, ઉત્પાદ અને વ્યય વચ્ચે ધ્રુવ હોય. ઊપજે, કાંઈક ટકે પછી નાશ થાય ને ? પણ તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત કરે છે દ્રવ્યની અને અહીં તો પર્યાયની વાત છે. ઈ ત્રણ પર્યાય છે. આહા..હા...! ઈ પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને વ્યય વિનાનું દ્રવ્ય ન હોય, ધ્રુવ વિનાનું દ્રવ્ય ન હોય. એ ત્રણની ક્ષણ તો એક જ છે. આહા..હા...! પણ આમાં ધર્મ શું આવ્યો ? બાપુ ! જેણે આવું જાણ્યું એને આત્મામાં ધર્મ એટલે સમ્યગ્દર્શનની પર્યાય સ્વના લક્ષે પર્યાય ઉત્પન્ન થાય છે, એ પર્યાય સ્વતંત્ર છે. એ પર્યાય ઉત્પન્ન થઈ તે ક્ષણે મિથ્યાત્વનો વ્યય છે અને તે જ સમયે આત્મા ધ્રૌવ્ય–હયાતી છે, જેના લક્ષે થયું. એનાથી થયું નહિ પણ એના લક્ષે થયું. આહા..હા...!

પ્રશ્ન :– એનો જન્મક્ષણ હતો ત્યારે થયું ને ?

સમાધાન :– એ તો એની જન્મક્ષણ હતી એથી ધ્રુવમાંથી–આત્મામાંથી થયું અને પૂર્વની મિથ્યાત્વ (પર્યાયનો) વ્યય થયો. આવું અહીંયાં ચાલે, બહારમાં (ન ચાલે). વાણિયાને એકલા પાપ આડે નવરાશ ન મળે, આખો દી' ધંધો.. ધંધો... ધંધો... એકલા પાપના પોટલા બાંધે અને નવરો થાય ત્યારે બાયડી-છોકરા સાથે રમતું કરે પછી છ-સાત કલાક ઊંઘે. આ મજૂર જેવી દશા છે. આહા..હા...! ભગવાન શું કહે છે અને કયું તત્ત્વ છે ? એનો નિર્ણય કરવાનો વખત ન મળે. સાંભળવાનો (વખત) મળે નહિ એ નિર્ણય ક્યારે કરે ? આહા..હા...! આ તો દયા પાળો, વ્રત કરો, બ્રહ્મચર્ય લઈ લ્યો. અરે...! પણ ઈ બ્રહ્મચર્ય પણ શુભ ભાવ છે. ધર્મ ક્યાં હતો ? કાયાથી શીયળ–બ્રહ્મચર્ય પાળવું એ તો પુણ્ય–શુભ ભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આ..હા..હા...! આકરું પડે જગતને ! અપૂર્વ વાત છે ! અનંત... અનંત... કાળમાં આ વાત આ રીતે સમજ્યો નથી. બીજી રીતે ખતવીને એણે બધી ઊંધાઈ કરી છે. આહા..હા...! કાં એ રીતે જાણ્યું હોય તો એનું પ્રયોજન બીજું હોય–માન મેળવવાનું. આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. તો એ પણ અસત્‌જ્ઞાન થયું. જ્ઞાન સાચું હોવા છતાં પ્રયોજન બીજું છે. બીજા (મને) જાણે, આને આ આવડે છે એવા હેતુથી બીજાને કહે એ પણ મિથ્યાજ્ઞાન છે. આ..હા..હા...! વીતરાગ... વીતરાગ... વીતરાગ...

**'તે જ બન્ને કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે; તેમ અંતરંગ અને બહિરંગ...'** એ શું કીધું ? પહેલો રામપાત્રનો દાખલો આપ્યો. રામપાત્રમાં કુંભાર, ચાકડો આદિ સંસ્કારનું નિમિત્ત હોય પણ એનાથી ઊપજે નહિ. હવે, બધા દ્રવ્ય ઉપર ઉતારે છે. '**તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે...**' છે ? બહિરંગ સાધન ! એક અંતર સાધન છે, એક નિમિત્ત છે. સાધનનો આરોપ એની સાથે આપ્યો. આહા..હા...! અંતરંગ–આત્માની સ્થિતિ (અને) દરેક દ્રવ્યની પોતાની (સ્થિતિ) અને બહિરંગ–બાહ્યનું નિમિત્ત. એના '**સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...**' દેખો ! ત્યાં સંસ્કારની હાજરી છે. કુંભારને ખ્યાલ હોય છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘડો આમ કરવો. બીજાને ખ્યાલ હોય છે કે આને આમ કરવું ? શીશપેનને આમ કરવી, ફલાણું કરવું, એવો ખ્યાલ હોય છે–સંસ્કાર હોય છે પણ એ સંસ્કારની હાજરીમાં કાર્ય સ્વતંત્ર થાય છે, સંસ્કારને લઈને નહિ. આહા..હા...! આ બીડીના વેપારી બીડીમાં હુશિયાર હોય. બટનનો વેપાર છે ને ? બટન, પેન એમાં હુશિયારી છે એ સંસ્કાર છે. પણ એ સંસ્કારથી એમાં કાંઈ થાય છે એમ નહિ. પણ સંસ્કારની હાજરી હોય છે. આવું છે. આમાં વાંધા ઊઠાવે.

'**અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...**' જોયું ? આહા..હા...! (દૃષ્ટાંતમાં) એમ હતું ને ? '**દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં**' રામપાત્રમાં ! રામપાત્ર – આ આત્મા રામપાત્ર છે ! આ..હા...! આત્મરામ છે. એને નિમિત્તપણે ગુરુના સંસ્કાર આદિ હો, પણ સમ્યગ્દર્શનનું ઉત્પન્ન થવું એ પોતાથી થાય છે, એ પરથી થતું નથી. એ આત્મરામ ! 'નિજપદ રમે સો રામ કહીએ' ભગવાન પોતે પોતાના સ્વરૂપમાં રમે તો રામ કહીએ. આ..હા..હા...! એ આત્મરામ ! રાગમાં એકાકાર થઈને રમે તે હરામ કહીએ. આહા..હા...! આવું છે.

'**અંતરંગ અને બહિરંગ સાધનો વડે...**' 'બહિરંગ સાધન' આવ્યું આમાં ! નિમિત્ત આવ્યું જુઓ !

શ્રોતા :– હાજરી ન હોય તો ન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પ્રશ્ન જ નથી ને. અહીં તો થાવા કાળે ત્યાં આ હોય છે, બસ એટલું. પહેલી તો એ વાત આવી ગઈ છે. પોતપોતાને અવસરે થાય, તેની જન્મક્ષણ પણ આમાં આવી ગઈ. જન્મક્ષણ છે એ ટાણે આવા નિમિત્ત હોય છે. નિમિત્ત એને કહીએ કે જે અનુકૂળ હોય એને. પણ અનુકૂળ હોય માટે પરને કાંઈ કરે છે એમ નથી. થોડા ફેરે મોટો ફેર છે. આહા..હા...! (કુંભારને) ખ્યાલમાં હોય કે, આનો ઘડો આમ થાય, આનું આમ થાય, રામપાત્ર આમ થાય કે આની પર્યાય આમ ઉત્પન્ન થાય એવો ખ્યાલ હોય. એ ખ્યાલની હાજરીમાં ત્યાં સામે પર્યાય ઉત્પન્ન થાય છે એ એને લઈને થાય છે – અંતરંગ કારણથી (થાય છે). આહા..હા...!

'**અંતરંગ અને બહિરંગ સાધનો વડે...**' આ બધી તકરાર અહીં આવે છે. 'સોનગઢવાળા' બાહ્ય સાધન માનતા નથી. (કહે છે કે) બાહ્ય સાધન વિના કાર્ય થાય (પણ) બે વિના કાર્ય થાય નહિ.' પણ અંતરંગ સાધન જે છે એ વખતે બાહ્ય સાધન હોય છે. હોય છે પણ એનાથી આ થાતું નથી. (સંવત) ૨૦૧૩ની સાલમાં (એક પંડિતને વિરોધ હતો). હવે નક્કી કર્યું છે કે, 'સોનગઢવાળા' નિમિત્ત માનતા નથી એમ નહિ. નિમિત્ત માને છે પણ નિમિત્તથી કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થતું નથી એમ માને છે.' એમ છાપામાં આવ્યું છે. આહા..હા...! એટલે ઊંડેથી વિચારવાનું છે ક્યાં ? વેપાર (આડે) નવરાશ ન મળે, પછી માથે બેઠો હોય ઈ જે કહે ઈ 'જય મહારાજ, જય પ્રમાણ !' જાઓ ! આહા..હા...!

**'અંતરંગ અને બહિરંગ સાધનો વડે...'** જોયું ? **'કરવામાં આવતા...'** કરવામાં આવતા **'સંસ્કારની હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે,...'** જે ઉત્તર પર્યાય થવાની છે એનો જન્મક્ષણ હોય. **'તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.'** આહા..હા...! આચાર્યોએ કરુણા કરીને કેટલું (સમાવી દીધું છે) ! સહેલી ભાષા, સાદી ભાષા ! એ તો સંસ્કૃતમાં બનાવેલું, આ તો ગુજરાતી છે.

**'વળી જેમ રામપાત્રમાં, મૃત્તિકાપિંડમાં અને માટીપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતાં હોવા છતાં....'** હવે અહીં દ્રવ્ય સિદ્ધ કરવું છે. આહા..હા...! જેમ રામપાત્ર ઉત્પન્ન થાય, મૃત્તિકાપિંડનો વ્યય થાય અને માટીપણાએ કાયમ રહે પણ આમાં **'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતાં હોવા છતાં...'** જુદી જુદી જાતના લક્ષણોથી વર્તતા છતાં. એક કાળે જુદી જુદી જાત (છે). ઉત્પાદનું લક્ષણ જુદું, વ્યયનું જુદું અને ધ્રુવનું જુદું. આહા..હા...! **'એક સમયમાં જ જોવામાં આવે છે;...'** માટીના પિંડનો નાશ, ઘડાની ઉત્પત્તિ અને માટીનું કાયમ રહેવું એક સમયમાં જોવામાં (આવે છે). એક સમયમાં 'જ' જોવામાં આવે છે. આ..હા..હા...!

**'તેમ...'** પેલો દૃષ્ટાંત થયો. **'ઉત્તર પર્યાયમાં,...'** એટલે ઉત્પન્ન થાય ઈ પર્યાયમાં. ઉત્પન્ન થાય ઈ પર્યાયમાં. **'પૂર્વ પર્યાયમાં...'** (એટલે) વ્યયમાં. આ..હા..હા...! **'અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતા હોવા છતાં...'** દરેક એક જ સમયમાં ભિન્ન ભિન્ન વર્તતા હોવા છતાં. આહા..હા...! **'ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે...'** આ..હા..હા...! એ ત્રણે દ્રવ્યમાં સમાઈ જાય છે. એનું જે દ્રવ્ય છે (તેમાં સમાઈ જાય છે). ત્રણ પર્યાયો ત્રણ દ્રવ્ય નથી. ત્રણ પર્યાયો ત્રણ દ્રવ્ય નથી. ત્રણ પર્યાયો દ્રવ્યમાં છે એ દ્રવ્ય છે. પર્યાય પર્યાયને આશ્રયે કીધી, પછી પર્યાય દ્રવ્યને આશ્રયે કીધી. આહા..હા...! વાત તો ઘણી આવી ગઈ છે.

**'દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતાં હોવા છતાં...'** (અર્થાત્) ઉત્પાદ ઉત્પાદપણે, વ્યય વ્યયપણે, ધ્રૌવ્ય ધ્રૌવ્યપણે (વર્તતાં) હોવા છતાં. **'ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્ય...'** આ..હા..હા...! એ ત્રણે સ્વભાવને સ્પર્શનારું દ્રવ્ય. દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે, એવા સ્વભાવને દ્રવ્ય ધારે છે. આહા..હા...! છે ? એક આત્મા(માં) સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય અને ધ્રુવ વસ્તુ – એ ત્રણ હોવા છતાં, પ્રત્યેકપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણ હોવા છતાં એક દ્રવ્યનું સ્વરૂપ છે. બીજા દ્રવ્યનું સ્વરૂપ નથી, ઈ એના દ્રવ્યનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! (આમ) **'વર્તતાં હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી...'** જોયું ? ત્રિસ્વભાવસ્પર્શી ! દ્રવ્ય ત્રિસ્વભાવસ્પર્શી (છે). એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ છે અને સ્વભાવમાં દ્રવ્ય વર્તે છે. એમ પહેલાં આવી ગયું છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ છે અને સ્વભાવમાં દ્રવ્ય સદા વર્તે છે. આહા..હા...! એમ અહીંયાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પ્રત્યેક ત્રણ હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યને પોતે સ્પર્શે છે. આ..હા...!

**'ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.'** દ્રવ્યમાં એક સમયમાં ત્રણે ભેગાં જોવામાં આવે છે. પેલું (સહેલું હતું) ઇચ્છામી પડિકમ્મા, ઇરિયા, વિહીયા... મિચ્છામી દુક્કડમ્ થઈ ગયું, લ્યો. તસ્સ સૂતરીકરણેન... થઈ ગઈ સામાયિક ! ધૂડેય નથી કાંઈ. ભાષા બોલાય છે એ જડ છે, અંદર વિકલ્પ ઊઠે છે એ રાગ છે. ભગવાન ભાષા અને રાગથી ભિન્ન છે, એની તો ખબર નથી. આહા..હા...! એને સામાયિક ક્યાંથી (હોય) ? આહા..હા...! સામાયિક એટલે સમતાનો લાભ. સમતાનો લાભ ક્યારે થાય ? વીતરાગસ્વરૂપ ધ્રુવ આત્મા છે તેના ઉપર લક્ષ કરીને જે વીતરાગતાની ઉત્પત્તિ થાય ત્યારે રાગપણાનો વ્યય થાય અને વીતરાગપણાની ઉત્પત્તિ થાય. ત્યારે હજી પહેલું સમકિત થાય પછી એમાં ઠરે–સ્વરૂપમાં ઠરે ત્યારે સામાયિક થાય. આહા..હા...! આવું છે.

સમજાણું ને ઈ ? **'ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે (ત્રણે ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે.'** ઉત્પાદનો સમય જુદો, વ્યયનો કાળ જુદો, ધ્રુવનો જુદો એમ જે તેં કહ્યું હતું એમ નથી. આ..હા..હા...! એ ત્રણસ્પર્શીભાવ–ત્રિસ્પર્શીભાવ દ્રવ્ય છે. આ..હા..હા...! અંતે ત્યાં લઈ ગયા. એટલું બધું કહી-કહીને (ત્યાં લઈ આવ્યા કે) ત્રિસ્પર્શી દ્રવ્ય છે, એકસ્પર્શી પર્યાય છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એકસ્પર્શી પર્યાય છે અને દ્રવ્ય છે એ ત્રિસ્પર્શી દ્રવ્ય છે. આ..હા..હા..હા...! એક કલાક આવું આવે એમાં કોઈ દી' બાપ-દાદાએ સાંભળ્યું હોય નહિ.

**'એક સમયમાં જ જોવામાં આવે છે.'** શેમાં ? **'ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં...'** ત્રણ સ્વભાવથી સ્પર્શેલું દ્રવ્ય. આ..હા..હા...!

**'વળી જેવી રીતે રામપાત્ર,...'** (એટલે) ઉત્પત્તિ **'મૃત્તિકાપિંડ...'** વ્યય **'માટીપણામાં વર્તનારા...'** માટી ધ્રુવ. (તેમાં) **'વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે,...'** ત્રણે માટી જ છે. આ..હા..હા...! એમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય અને આત્માનું ધ્રુવપણું એ ત્રણે આત્મા જ છે. ત્રણે આત્મા છે. ૩૮મી ગાથામાં કહે કે, ત્રિકાળી આત્મા તે જ ખરો આત્મા છે. ('નિયમસાર') 'શુદ્ધ અધિકાર'ની પહેલી ગાથા. **'जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा'** ત્રિકાળી સ્વભાવભાવ ભગવાન પરમ સ્વભાવસ્વરૂપ એ જ એક આદરણીય છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુસ્થિતિ ઈ છે. આહા..હા...!

અહીંયાં તો (જ્ઞાન કરાવે છે કે) '**રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે,...**' પહેલાં કહ્યું હતું કે, ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્ય જ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્ય જ છે એમ આ માટી જ છે. આહા..હા...! આમાં યાદ શું રાખવું ? આવો કઈ જાતનો ઉપદેશ ? પેલું કાંઈક સમજાય તો ખરું. 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મ તિથયરે જિણે...' જાઓ ! જીણી વાતું બહુ, બાપુ !

અરે..રે...! ભવભ્રમણને ટાળવા... ભવભ્રમણ ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. કાગડાના, કૂતરાના, મીંદડાના... આહા..હા...! નરકના ભવો કરી (મરી ગયો છે). એ ભવનો અભાવ સમ્યગ્દર્શન વિના નહિ થાય અને એ સમ્યગ્દર્શન આત્મામાં દ્રવ્યને આશ્રયે થાય, બીજાને આશ્રયે ન થાય. આ..હા..હા...!

'**જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે, અન્ય વસ્તુ નથી;...**' આ..હા..હા...! જોયું ? અન્ય વસ્તુ ત્યાં આવી નથી (તેથી) અન્ય વસ્તુથી એ થયું નથી. આહા..હા...! '**તેવી જ રીતે...**' દરેક દ્રવ્યની '**ઉત્તર પર્યાય,...**' (એટલે) પછીની પર્યાય '**પૂર્વ પર્યાય અને દ્રવ્યપણામાં વર્તનારાં...**' આહા..હા...! '**ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે...**' એ ઉત્પન્ન ને વ્યય ને ધ્રુવ વસ્તુ જ છે. બીજી ચીજની હાજરી હો, પણ હાજરી છે એ વસ્તુથી આ વસ્તુ છે એમ નહિ. આહા..હા...! ભારે ગાથા ! ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેય એક જ દ્રવ્ય છે. બીજા બહિરંગ સાધન કહ્યું ભલે, નિમિત્ત, હો ! એથી કરીને અવસ્તુ થઈ જાય, એનાથી વસ્તુ થાય અને પોતાથી ન થાય, એમ નથી. '**અન્ય પદાર્થ નથી.**'

વિશેષ કહેશું....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याण्यनेकद्रव्यपर्यायद्वारेण चिन्तयति -

**पाडुब्भवदि य अण्णो पज्जाओ पज्जओ वयदि अण्णो।**
**दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं।।१०३।।**
**प्रादुर्भवति चान्यः पर्यायः पर्यायो व्येति अन्यः।**
**द्रव्यस्य तदपि द्रव्यं नैव प्रणष्टं नोत्पन्नम्।।१०३।।**

इह हि यथा किलैकस्त्र्यणुकः समानजातीयोऽनेकद्रव्यपर्यायो विनश्यत्यन्यश्चतुरणुकः प्रजायते, ते तु त्रयश्चत्वारो वा पुद्गला अविनष्टानुत्पन्ना एवावतिष्ठन्ते; तथा सर्वेऽपि समानजातीया द्रव्यपर्याया विनश्यन्ति प्रजायन्ते च, समानजातीनि द्रव्याणि

---

एवमुत्पादव्ययध्रौव्यरूपलक्षणव्याख्यानमुख्यतया गाथात्रयेण तृतीयस्थलं गतम्। अथ द्रव्यपर्यायेणोत्पादव्ययध्रौव्याणि दर्शयति - **पाडुब्भवदि य** प्रादुर्भवति च जायते। **अण्णो** अन्यः कश्चिदपूर्वानन्तज्ञानसुखादिगुणास्पदभूतः शाश्वतिकः। स कः। **पज्जाओ** परमात्मावाप्तिरूपः स्वभावद्रव्यपर्यायः। **पज्जओ वयदि अण्णो** पर्यायो व्येति विनश्यति। कथंभूतः। अन्यः पूर्वोक्तमोक्षपर्यायाद्भिन्नो निश्चयरत्न त्रयात्मकनिर्विकल्पसमाधिरूपस्यैव मोक्षपर्यायस्योपादानकारणभूतः।

---

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :-

ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

અન્વયાર્થ :- [द्रव्यस्य] દ્રવ્યનો [अन्यः पर्यायः] અન્ય પર્યાય [प्रादुर्भवति] ઉત્પન્ન થાય છે [च] અને [अन्यः पर्यायः] કોઈ અન્ય પર્યાય [व्येति] નષ્ટ થાય છે; [तद् अपि] પરંતુ [द्रव्यं] દ્રવ્ય તો [प्रणष्टं न एव] નષ્ટ પણ નથી, [उत्पन्नं न] ઉત્પન્ન પણ નથી (-ધ્રુવ છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



त्वविनष्टानुत्पन्नान्येवावतिष्ठन्ते। यथा चैको मनुष्यत्वलक्षणोऽसमानजातीयो द्रव्यपर्यायो विनश्यत्यन्यस्त्रिदशत्वलक्षणः प्रजायते, तौ च जीवपुद्गलौ अविनष्टानुत्पन्नावेवावतिष्ठेते; तथा सर्वेऽप्यसमानजातीया द्रव्यपर्याया विनश्यन्ति प्रजायन्ते च, असमानजातीनि द्रव्याणि त्वविनष्टानुत्पन्नान्येवावतिष्ठन्ते। एवमात्मना ध्रुवाणि द्रव्यपर्यायद्वारेणोत्पादव्ययीभूतान्युत्पादव्ययध्रौव्याणि द्रव्याणि भवन्ति।।१०३।।

---

कस्य संबन्धी पर्यायः। **दव्वस्स** परमात्मद्रव्यस्य। **तं पि दव्वं** तदपि परमात्मद्रव्यं **णेव पणट्ठं ण उप्पण्णं** शुद्धद्रव्यार्थिकनयेन नव नष्टं न चोत्पन्नम्। अथवा संसारिजीवापेक्षया देवादिरूपो विभावद्रव्यपर्यायो जायते मनुष्यादिरूपो विनश्यति तदेव जीवद्रव्यं निश्चयेन न चोत्पन्नं न च विनष्टं, पुद्गलद्रव्यं वा द्व्यणुकादिस्कन्धरूपस्वजातीयविभावद्रव्यपर्यायाणां विनाशोत्पादेऽपि निश्चयेन न चोत्पन्न न च विनष्टमिति। ततः स्थितं यतः कारणादुत्पादव्ययध्रौव्यरूपेण द्रव्यपर्यायाणां विनाशोत्पादेऽपि द्रव्यस्य विनाशो नास्ति, ततः कारणाद्रव्यपर्याया अपि द्रव्यलक्षणं भवन्तीत्यभिप्रायः।।१०३।।

---

ટીકા :– અહીં (વિશ્વમાં) જેમ એક ત્રિ-અણુક સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો ચતુરણુક (સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે), તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે).

વળી જેમ એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાનજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે જીવ ને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે, તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ અસમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે.

આ પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે) ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદવ્યયરૂપ એવાં દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. ૧૦૩.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૧૦૩**
**પ્રવચન નં. – ૧૧૩**
**તા. ૨૩-૬-૭૯**

'પ્રવચનસાર' ગાથા–૧૦૩. ૧૦૨ ગાથામાં એ આવી ગયું કે, દરેક પદાર્થ – આ આત્મા છે કે પરમાણુ, એક એક દ્રવ્ય એની પર્યાયનો જન્મક્ષણ હોય ત્યારે ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ ? તત્ત્વની ઝીણી વાત ચાલે છે. પરમાણુ કે આત્માની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ હોય તે જન્મક્ષણ છે, (તે) ત્યારે થાય, આઘીપાછી ન થાય અને બીજાના ફેરવવાથી ન થાય. આહા..હા...!

દરેક આત્મા અને દરેક પરમાણુ તેના વર્તમાન સમયની અવસ્થાથી ઉત્પન્ન થાય (તે) જન્મક્ષણ (છે). આહા..હા...! એવો નિર્ણય કરે કે, આત્મામાં પણ જે સમયે જે અવસ્થા થવાની છે તે થાય તો એનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર એની નજર જાય. આવી ઝીણી વાત છે, બાપા ! ધર્મ બહુ ઝીણી ચીજ છે. અંદર આત્મા વસ્તુ દેહથી ભિન્ન છે. આ તો માટી છે, જડ હાડકાં, ચામડાં છે. અંદર ચૈતન્ય છે એની પણ જે સમયે જે અવસ્થા થવાની તે તેનો જન્મક્ષણ (છે). ઈ થવાની તે થઈ, હવે એમાં ધર્મ શું કરવો ? (તો કહે છે કે) જે થવાની છે એ થાય છે એ દ્રવ્યની પર્યાય છે તો એને પર્યાયમાં થાય છે તેની નજર છોડી અને નજર દ્રવ્યની કરવી. આ..હા..હા...! કારણ કે એ તો થાશે જ, એ સમયે પર્યાય થાશે. જે સમયે જે પર્યાય થવાની તે થાશે એટલે એને અવસરે એ થાશે એવો નિર્ણય કરનારને પર્યાયને દ્રવ્ય ઉપર વાળવી જોશે. વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ ! એના તરફ પર્યાય વળે તો એને આનંદનો અંશ – સ્વાદ આવે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. અતીન્દ્રિય આનંદ ! આ ઇન્દ્રિયોના વિષયોમાં કલ્પના માને છે એ તો અજ્ઞાની મૂઢ જીવ પરમાં, સ્ત્રીમાં, શરીરમાં, ઇન્દ્રિયના વિષયમાં સુખ માને એ તો મિથ્યા ભ્રમ છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ જેને જોઈતો હોય તો એણે વર્તમાન પર્યાય થાય છે તે તે સમયે થાય છે એના ઉપરથી નજર છોડીને... આ..હા..હા...! ધ્રુવ જે ભગવાનઆત્મા ! (તેના ઉપર દૃષ્ટિ કરવી). ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (ત્રણ કહ્યાં). જે સમયે પર્યાય ઉત્પન્ન થઈ, પૂર્વની (પર્યાય) વ્યય થઈ અને ધ્રુવપણે રહ્યું. ઈ ત્રણે પર્યાયો દ્રવ્યને આશ્રયે છે, દ્રવ્યના છે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. આવી વાતું છે. દુનિયાના પાપ આડે આખો દી' નવરાશ ન મળે, આવું તત્ત્વ એ ક્યાં સાંભળે ? આહા..હા...! ઈ ૧૦૨ (ગાથામાં) કહ્યું. એક એક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (છે) અને ત્રણે દ્રવ્યના (ભેદ) છે, ત્રણ થઈને દ્રવ્ય છે એમ ૧૦૨ (ગાથામાં) કહ્યું. સમજાણું કાંઈ ?

હવે, ૧૦૩ (ગાથામાં) **'દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :'** ઝાઝા પરમાણુ આદિ ભેગાં થઈને પર્યાય થાય કે આત્મા અસમાનજાતી છે. આ સમાનજાતી પરમાણુ છે. જુઓ ! આ આંગળી છે એ સમાનજાતી રજકણ છે અને એ સમાનજાતીની જે પર્યાય થાય ઇ એનાથી તેને કાળે થાય. આત્મા એને કરી શકે નહિ. આત્મા આંગળી હલાવી શકે નહિ. તત્ત્વ એવું છે, બાપુ ! આ..હા...! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ ! એમણે જે જોયું એવું કહ્યું અને તેને અંતર (અનુભવ્યું). આહા..હા...!

પેલામાં એક શબ્દ છે–'નિયમસાર'માં ! 'પદ્મપ્રભમલધારીદેવે' ટીકા કરી (છે) ને ? 'સકળ સમૂહના હિતકારી માટે આ કહ્યું છે.' એવો શબ્દ છે. સકળ ભવ્ય જીવ–લાયક, હોં ! અભવ્ય નહિ. આ..હા..હા...! સકળ ભવ્ય જીવનો સમૂહ (છે) એના હિતકારી માટે આ શાસ્ત્ર છે. 'નિયમસાર' છે ? 'કુંદકુંદાચાર્યદેવે' (મૂળ) પાઠ કર્યો, આ તો ટીકાકાર કહે છે કે, આ માટે આ કહેવામાં આવે છે. એવો શબ્દ છે–સકળ ભવ્યના સમૂહને... આ આવ્યું હવે. પહેલી ગાથાની ટીકામાં પાછળ છે. **'સકળ ભવ્ય સમૂહને હિતકર,...'** આ શબ્દ છે. સકળ ભવ્યજીવ સમૂહને હિતકર આ 'નિયમસાર' શાસ્ત્ર છે. આહા..હા...! પહેલી જ ગાથામાં છે, હોં ! ટીકા... ટીકા ! કળશમાં નહિ. આહા..હા...! એની પર્યાયને આવવું હોય ત્યારે આવે ને !

અહીં કહે છે, **'હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :–'**

**पाडुब्भवदि य अण्णो पज्जाओ पज्जओ वयदि अण्णो।**
**दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं।। १०३।।**

નીચે હરિગીત.

**ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજાણ્યા માણસને જરી ઝીણી વાત પડશે. લોકોને તત્ત્વનો અભ્યાસ ન મળે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ! એણે જોયેલું તત્ત્વ ઈ પ્રમાણે સમજે તો આગળ વધી શકે. જે રીતે છે એ રીતે ન સમજે તો મિથ્યાદૃષ્ટિ થાય છે. વસ્તુની સ્થિતિ જે રીતે છે એમ ન માને તો મિથ્યાદૃષ્ટિ થાય છે.

**ટીકા :–** '**અહીં (વિશ્વમાં)...**' ૧૦૩ની ટીકા ! '**જેમ એક ત્રિ-અણુક...**' (એટલે) ત્રણ પરમાણુઓ '**સમાનજાતીય...**' છે ? આ ત્રણ પરમાણુ. ઝીણો Point ! આ (આંગળી) કાંઈ એક નથી, ટુકડા કરતાં... કરતાં... કરતાં... કરતાં... છેલ્લો Point રહે એને પરમાણુ કહે (છે). એ '**ત્રિ-અણુક સમાનજાતીય...**' છે ને ? '**અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે...**' આહા..હા...! એ ત્રિ-અણુકની જે પહેલી સમાનજાતીય દ્રવ્યપર્યાય હતી એ વિનષ્ટ થાય છે '**અને બીજો ચતુરણુક (સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે...**' શું કીધું ? બે પરમાણુમાં જે પહેલી પર્યાય છે એનો નાશ થાય છે અને ત્રીજો પરમાણુ ભેગો થાય છે તો ત્રણ પરમાણુની પર્યાય ઉત્પન્ન થાય છે. બેનો વ્યય થયો, ત્રણની ઉત્પત્તિ થઈ. અહીં તો બહુ ઝીણું સિદ્ધ કરે છે.

આ ભાષા આત્મા કરી શકે એમ ત્રણકાળમાં નહિ, આ હાથ ત્રણકાળમાં હલાવી શકે નહિ. આહા..હા...! એ બે પરમાણુ છે એ ત્રણમાં જ્યારે સમાનજાતીએ આવ્યો ત્યારે બે હતો એ વિનષ્ટ થયો અને ત્રણની ઉત્પત્તિ થઈ, પણ એને કારણે થઈ, આત્માથી નહિ. આ..હા...! (આ રીતે) '**(સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે...**' શું કીધું ? પહેલો ત્રિ-અણુક હતો ને ? ત્રિઅણુક (એટલે) ત્રણ (અણુ). (તે) અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થતાં '**બીજો ચતુરણુક...**' ત્રણ પરમાણુઓની પર્યાય તો હતી પણ એ ચોથા પરમાણુમાં જ્યારે જોડાણો ત્યારે ચાર પરમાણુની પર્યાય નવી થઈ. ઈ ઉત્પન્ન થઈ, ત્રણ પરમાણુની પર્યાય વિનષ્ટ થઈ (અને) પરમાણુપણે કાયમ રહ્યાં. આ આખો દી' અમે કરીએ... કરીએ છીએ, દુકાન ઉપર બેઠા અમે ધંધો કરીએ, આ કરીએ.. ભગવાન ના પાડે છે. દુકાને બેઠો હોય તો આ અમે કરીએ, આનું આમ કરીએ, આનું આમ કરો... આમ કરો... ભાષાનો ધણી થાય, શરીરની ક્રિયાનો ધણી થાય, પૈસા આપે એનો ધણી થાય, પૈસા લે એનો ધણી થાય. અહીં ના પાડે છે. આહા..હા...!

શ્રોતા :– ત્યાગીઓ તો ના જ પાડે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુનું સ્વરૂપ એમ છે, ત્યાગી એટલે શું ? વસ્તુનું સ્વરૂપ એમ છે. જે ત્રણ પરમાણુઓ છે અને તે ત્રણ પરમાણુની પર્યાય તો હોય છે. હવે એ ચાર પરમાણુ જ્યારે થાય છે ત્યારે ચારની પર્યાય ઉત્પન્ન થાય અને ત્રણનો વિનાશ થાય, પરમાણુ તો કાયમ છે. આહા..હા...! આ અનંત (પરમાણુનું) છે. દાખલો ત્રણનો અને ચારનો આપ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાકી આ અનંત છે. હવે, આ અનંતા પરમાણુ છે એની પર્યાય છે એ વર્તમાન ઉત્પન્ન છે. હવે એની પર્યાયમાં જ્યારે બીજી પર્યાય થાય ત્યારે એ બીજી પર્યાયપણે ઉત્પન્ન છે અને આ પહેલી પર્યાયપણે વ્યય છે પણ આમ ચાલવાની ઉત્પન્ન પર્યાયનો કર્તા પરમાણુ છે. આત્મા હાથને હલાવે (એમ નથી). આ..હા..હા...! આખો દી' ત્યારે આ શું કરે છે ? આખો દી' અભિમાન કરે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે' આ..હા..હા...!

આ આંગળી એક છે ઈ પર્યાય છે. (હવે) આમ થઈ તો બેની એક પર્યાય થઈ. આની એક પર્યાયનો નાશ થયો, બે થઈ એની ઉત્પત્તિ થઈ પણ પરમાણુ છે એ તો કાયમ છે. એ ઉત્પન્ન થયું, વિનષ્ટ થયું (તે) તેનાથી થયું છે, આત્માથી નહિ. આ..હા..હા...! આ ત્રણ પરમાણુનો તો દાખલો આપ્યો. ત્રણ પરમાણુ સમાનજાતી છે ને ? (તે સમાનજાતીય) **'અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો ચતુરણુક (સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્‌ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે...**' પરમાણુ કાંઈ નાશ થતા નથી, પર્યાય વિનષ્ટ અને ઉત્પાદ થાય છે. આહા..હા...! આવું ઝીણું !

શેરડીનો કટકો છે, એક શરેડીનો કટકો છે. હવે કહે છે કે, એ શેરડીની જે પર્યાય છે એ જ્યારે આમ (સંચા સાથે) ઘસાણી તો એ પર્યાય બદલાઈ ગઈ અને નવી પર્યાય થઈ. એ પર્યાય શેરડીથી થઈ છે, સંચાથી નહિ. આવું કોણ માને ? શું કહ્યું ? શેરડીનો રસ જે નીકળ્યો એ સંચાથી નીકળ્યો નથી. એ રસની પર્યાય પહેલાં શેરડીના સાંઠાપણે હતી એ પર્યાયનો વ્યય થઈ અને રસની પર્યાય ઉત્પન્ન થઈ (અને) પરમાણુ છે એ કાયમ રહ્યા.

પ્રશ્ન :– ચીચોડામાં નાખીને (રસ નીકળ્યો કે) એમને એમ ?

સમાધાન :– કોણ ચીચોડામાં નાખે ? આવું કામ છે, બાપુ ! આકરું કામ છે. વીતરાગ સર્વજ્ઞદેવ... આ..હા..હા...! અત્યારે તો બધા ગોટા (ઊઠ્યા) છે. પરની દયા પાળો (એમ કહે છે). પરના – એના શરીરના પરમાણુઓ છે અને એનો આત્મા છે. એ અસમાનજાતીયમાં આવશે. ઈ તો (એ) સમયે મનુષ્યનું શરીર છે અને આત્મા છે. એ સમયે એનો અસમાનજાતીય પર્યાય છે તે સમયે તે પર્યાય (છે). ફરીને બીજે સમયે એ પહેલી પર્યાયનો વ્યય થાય, બીજી પર્યાય ઉત્પન્ન થાય અને પરમાણુ અને આત્મા તો કાયમ રહે. આવી વાત છે. આ તો સિદ્ધાંત છે પછી એમાંથી દાખલા આપવા (હોય તેટલા અપાય).

પ્રશ્ન :– ધર્મ કરવો છે એમાં આ બધું સમજવાની જરૂર પડે ?

સમાધાન :– સત્ય ધર્મ કરવો છે કે નહિ ? તો વસ્તુની સત્યતા કઈ રીતે છે ? (તે સમજવું પડે). સત્યથી ધર્મ થાય કે અસત્યથી થાય ? તો વસ્તુનું સ્વરૂપ સત્ય કઈ રીતે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની ખબરું વિના એને ધર્મ થાય ક્યાંથી ? આહા..હા...! પરનું અભિમાન કરે કે, મેં આ કર્યું, મેં આ કર્યું.... આખો દી' સવારથી સાંજ ધંધામાં મશગૂલ ! બાયડી-છોકરાને રાજી રાખવામાં મશગૂલ ! આહા..હા...! અને ખાવા વખતે આહાર ને પાણી એવા આવ્યા હોય તો આમ... તૃપ્તિ... તૃપ્તિ... (લાગે અને) ઓ..ઈ..યા... (કરે) !

શ્રોતા :– તે દી' તો સોનાનો સૂરજ ઊગે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂડેય સોનાનો સૂરજ નથી, પાપનો સૂરજ છે ત્યાં ! મેં કર્યું... મેં કર્યું....! આહા..હા...! આકરું કામ, ભાઈ ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે એમની આ વાણી છે ! આ..હા..હા...! આકરી વાત છે.

આ ચશ્માં છે ને ? આ ચશ્માંની જે આમ (વાંકી) પર્યાય છે એ પર્યાયનો વ્યય થઈને આમ (સીધી) થાય છે. ઈ પરમાણુને લઈને થાય છે, હાથને લઈને નહિ. એની પહેલી પર્યાયનો વ્યય થયો, બીજી પર્યાયની ઉત્પત્તિ થઈ (અને) પરમાણુ દ્રવ્ય તરીકે કાયમ રહ્યા. આ..હા..હા...! આવી વાતું ! પેલી (વાતો તો) દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો... ઈ ચાલે. દયા પાળી શકતો નથી અને દયા પાળો (એમ કહે) એ વાત ખોટી–જૂઠી છે. પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકતો નથી. આ..હા..હા...! વ્રત ને તપના પરિણામ હોય તો એ તો શુભ રાગ છે, એ કંઈ ધર્મ નથી. આ..હા...! એ શુભ રાગ પણ તે કાળે થાય તે જન્મક્ષણ છે અને પૂર્વની પર્યાયનો વ્યય થાય, દ્રવ્ય કાયમ રહે. આવો જે નિર્ણય કરે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. દ્રવ્ય ઉપર જતાં શુભ ભાવનો વ્યય થઈ, સમકિતની પર્યાય ઉત્પન્ન થાય (અને) આત્મા આખો એમને એમ રહે. આહા..હા...! આવો માર્ગ છે.

'**તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો...**' જોયું ? પેલો તો દૃષ્ટાંત આપ્યો. ત્રણ પરમાણુ અને ચાર પરમાણુનો દૃષ્ટાંત આપ્યો. '**તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો...**' આ શરીરના, લાકડીના, પુસ્તકના... આહા..હા...! બધા પરમાણુઓ–પુદ્‌ગલો... આહા..હા...! છે ? '**દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે...**' તે દ્રવ્યની વર્તમાન અવસ્થા છે ઈ નાશ થાય છે અને પછી બીજી અવસ્થા '**ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (–ધ્રુવ છે).**' આ..હા..હા...! ત્રણ અને ચાર પરમાણુનો દાખલો આપી (કહે છે કે) ત્રણ પરમાણુનો પિંડ–સ્કંધ હતો ઈ ચારરૂપે થયો તો ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય થયો, ચારપણે ઉત્પન્ન થયો અને પરમાણુ (તેનો તે રહ્યો). એમ બધાં દ્રવ્યનું લઈ લેવું (એમ) કહે છે. સમાનજાતિ બધા પરમાણુ ! આ..હા..હા...! ગજબ વાત છે !

આ થાંભલી છે, લ્યો ! થાંભલી છે ને ? એની વર્તમાન પર્યાય દેખાય છે એ ઘણા પરમાણુના પિંડની પર્યાય (છે). એ પર્યાય બદલે છે અને પછી નવી અવસ્થા એમાં થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને પરમાણુ કાયમ રહે છે. એ કડિયાએ ત્યાં કર્યું કે (બીજાએ) ધ્યાન રાખ્યું માટે થયું, એમ નથી. આ..હા..હા...! શું પ્રભુની વાણી ! આ..હા..હા...!

જેમ ત્રણ પરમાણુ અને ચાર પરમાણુની વાત કરી કે, ત્રણ પરમાણુ એકલા હતા તેની પર્યાય અને ચોથો (ભેગો) થયો એની પર્યાય નવી ઉત્પન્ન થઈ અને ત્રણની વિનષ્ટ થઈ, પરમાણુ એમને એમ રહ્યાં. એમ આ જગતના જેટલાં પદાર્થો (છે) – આ જડ... આહા..હા...! એક પરમાણુથી માંડીને અનંતા પરમાણુના સ્કંધ–પુસ્તકના, આંગળીના, હાથના, જીભના, દાળ-ભાત-રોટલીના કટકાના... આ..હા..હા...! સામે દાળ, ભાત, રોટલી છે એ રોટલીપણે ઘણા પરમાણુની સમાનજાતીય પર્યાય છે. હવે એ રોટલીનું બટકું થયું ત્યારે પહેલી પર્યાયનો વ્યય થયો અને નવી બટકાની પર્યાય ઉત્પન્ન થઈ અને પરમાણુ કાયમ રહ્યા. એ કોને લઈને ? એ બટકું કર્યું (દાંતને) લઈને નહિ, ઈ પુદ્‌ગલને લઈને (બટકું થયું). આવી વાતું ! વાણિયાને નવરાશ ન મળે અને આવી ઝીણી વાતું એણે (સમજવાની) !

શ્રોતા :– જેને ગરજ હશે ઈ આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જેને ગરજ હશે ઈ આવશે, વાત સાચી. આવી વાત ક્યાં (છે) ? આહા..હા...!

આ કપડું છે. ઈ આમ છે ને ? અત્યારે આવી અવસ્થા છે. ઈ પછી આમ (ઊંચું) થાય છે. એમાં પહેલી અવસ્થાનો વ્યય થાય, બીજી અવસ્થાનો ઉત્પન્ન થાય અને પરમાણુ કાયમ રહે. આંગળીથી વસ્ત્ર ઊંચું થયું એમ નહિ.

શ્રોતા :– આંગળીથી નહિ પણ આંગળીની મદદથી થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આંગળીના પરમાણુ, પોતાના અનંત પરમાણુની પર્યાયપણે ઉત્પન્ન થયા. આમ છે, ભગવાન ! શું આ તો વાતું, બાપુ ! જગતથી જુદી છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ! જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એ પ્રભુની વાણીમાં આ આવ્યું. આહા..હા...!

જેમ ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય, ચારનો ઉત્પાદ અને પરમાણુપણે કાયમ (રહેવું). એમ અનંતા પરમાણુઓનો.. આ શું કહેવાય ? આ કાગળ, આ લાકડી, આ નાક, જીભ એ અનંત પરમાણુની પર્યાય છે એ સમાનજાતી (પર્યાય છે). સરખી છે ને ? પરમાણુ-પરમાણુ (સરખા છે). એ જે સમયે ઉત્પન્ન થઈ તે સમયે તે અનંત પરમાણુની પર્યાય છે. બીજે સમયે અનંત પરમાણુમાંથી કેટલાક પરમાણુ નીકળી ગયા તો એ પર્યાય ઉત્પન્ન થઈ અને પરમાણુ કાયમ રહ્યાં. ઈ (પરમાણુને) પોતે કાઢી નાખ્યા એમ નહિ.

રોટલી ખાય છે એમાં અંદર કાંકરી આવી અને આમ કાઢી નાખી. કહે છે કે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માથી થયું નથી, એમ કહે છે.

પ્રશ્ન :– પણ કાંકરીવાળો ભાગ હોય તો કાઢી નાખવો ને ?

સમાધાન :– કાઢ્યા...! આવી વાતું છે. ગાંડી-ઘેલી જેવી વાતું છે. દુનિયા પાગલ, કાંઈ ખબર ન મળે. ક્યાં જઈએ છીએ ? શું કરીએ છીએ ? (એની કાંઈ ખબર ન મળે). મહિને પાંચ-પાંચ હજારના પગાર હોય પણ ભાન ન મળે કાંઈ ! આહા..હા...!

અહીં પરમાત્મા ત્રણ અણુ અને ચાર અણુનો દાખલો આપીને... આ..હા..હા...! પછી બધાં દ્રવ્યો કીધાં ને ? જોયું ? આહા..હા...! '**તેમ બધાય સમાનજાતીય...**' બધામાં તો અનંતા જેટલાં (છે એ) બધાં (આવી ગયાં). આ..હા..હા...! '**બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ...**' (રહે છે). એ પરમાણુ કંઈ નાશ થતા નથી અને ઉત્પન્ન થતા નથી. એ ધ્રુવ રહે છે. બહુ આકરી વાત કરી ! આહા..હા...!

૧૦૨ (ગાથામાં) જન્મક્ષણ કીધી હતી. જેટલા અનંતા બધાં દ્રવ્યો ભગવાને જોયા – અનંતા આત્મા, અનંતા પરમાણુ, ઈ દરેકને પર્યાયની ઉત્પત્તિનો જન્મકાળ–ઉત્પત્તિકાળ હોય છે, ત્યારે (તે) થાય. હવે, અહીં એથી આગળ લઈ ગયા કે, સમાનજાતિના પરમાણુઓ ત્રણ છે અને ચાર છે. એ ત્રણના ચાર થયા ત્યારે ત્રણની પર્યાયનો વ્યય થયો અને ચારની પર્યાયનો (ઉત્પાદ થયો). કોઈએ ભેળવીને ભેગા કર્યા માટે એમ થયું એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

શીશપેનની આમ અણી કાઢે છે, અણી ! ઈ શીશપેન છે એ અનંત પરમાણુનો સ્કંધ છે. હવે અત્યારે એનો જે પર્યાય છે એ આખી (છે). પછી આમ છરી પડીને આમ (અણી નીકળવા મંડી) ત્યારે જે અનંત પરમાણુની પર્યાય હતી તે વખતે તે પર્યાયનો નાશ થયો અને ઝીણી કે સુંવાળી પર્યાયનો ઉત્પાદ થયો. પણ એ પરમાણુથી ઉત્પન્ન થયો, છરીથી નહિ, બીજાથી નહિ. આહા..હા...! છરીથી આમ છોલાણું એ નહિ. છરી શીશપેનને અડતી જ નથી. બાપુ ! આ તો તત્ત્વદૃષ્ટિનો વિષય છે. આ તો કૉલેજ (છે)–તત્ત્વની કૉલેજ છે. આ..હા..હા...!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ત્રણ પરમાણુ અને ચાર પરમાણુનો દાખલો આપી અને (કહે છે કે) '**બધાય સમાનજાતીય...**' આ..હા..હા...! '**દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે...**' આહા..હા...! ઘઉંનો લોટ છે, લોટ ! એ લોટમાંથી શીરો થાય છે. તો કહે છે કે, લોટની પર્યાય વિનષ્ટ થઈ, શીરાની પર્યાય ઉત્પન્ન થઈ અને પરમાણુ તો કાયમ રહ્યાં. ઈ બાઈએ શીરો કર્યો એ વાત સાચી નથી એમ કહે છે.

શ્રોતા :– કોઈ રાંધશે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– રાંધશે નહિ ? રાંધ્યા વિના રહેશે નહિ. આવું છે.

ચૂલામાં થોડી અગ્નિ હોય પછી આમ લાકડા વધારે નાખે. (હવે) વધારે લાકડા નાખે ત્યારે પહેલાંની જે થોડી પર્યાય હતી એનો વ્યય થયો અને અગ્નિ ઉત્પન્ન થઈ, પરમાણુ કાયમ રહ્યાં. એટલે કોઈ માણસે અંદર લાકડું નાખ્યું એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા...! આવું છે. અહીં તો આચાર્યે (બધામાં સિદ્ધાંત) સમાડી દીધો. '**બધાય સમાનજાતીય...**' બસ ! ત્રણે કાળના અને બધાય ! પેલો તો દાખલો આપ્યો હતો. આ..હા..હા...! આવી સ્થિતિ હજી સાંભળવા મળે નહિ એણે શું કરવું અને જાવું ક્યાં ? આ તો જ્યાં હોય ત્યાં અમે કરીએ ને આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ..હા...! મેં પુસ્તક બનાવ્યા, મકાન બનાવ્યું... પ્રભુ ના પાડે છે, ભાઈ ! ઈ પરમાણુની પહેલી પર્યાય અમુક હતી ઈ પછી બીજાં ઘણાં પરમાણુ મળીને બીજી પર્યાય થઈ અને પરમાણુ કાયમ રહ્યાં. (તેથી) તેં એમાં કાંઈ કર્યું છે એમ છે નહિ. આ..હા..હા...!

પ્રશ્ન :– પોતામાં તો રાગ કર્યો છે ને ?

સમાધાન :– ઈ તો રાગ કર્યો. પૂર્વ પર્યાયમાં બીજો રાગ હતો એનો વ્યય થયો અને આ રાગ(નો) ઉત્પાદ થયો અને આત્મા તો એમને એમ રહ્યો. આ..હા..હા...! વાણિયાને વેપારમાં ભારે સરખું કામ ! આખો દી' વેપારી સાથે માથાકૂટ (કરે) અને આ કહે કે, વેપાર કરી શકાય નહિ. ઈ દુકાને થડે બેસે અને તમારે શું (કહેવાય) ? લોખંડ.. લોખંડ ! ઈ લોઢાના કળશા ઉત્પન્ન થયા એ પહેલી પર્યાય લોઢાની હતી પછી આ કળશાની થઈ ઈ એને કારણે થઈ છે. કારીગરના કારણે નહિ, સંચાને કારણે નહિ. વાત તો સાદી છે. આ..હા..હા...!

(કહે છે) હાથ હાલવાનું કામ પણ ભાઈ ! આ અવસ્થા તો જડની છે. બધા સમાનજાતી કીધાં ને ? પહેલાં ત્રણ અને ચાર (પરમાણુનો) દાખલો (આપ્યો). (એ રીતે) આ બધા સમાનજાતીય છે. ઈ સમાનજાતીયની પર્યાય જે આમ છે અને પછી આમ થાય (એમાં) એ પરમાણુઓ કાયમ રહીને એ અવસ્થાનો નાશ થયો અને આ (અવસ્થાનો) ઉત્પાદ થયો. પણ ઈ થયો કોને લઈને ? ઈ પરમાણુને લઈને થયો. અંદર આત્મા છે માટે એને લઈને આમ થયો એ વાતમાં માલ (નથી), એકેય દોકડો સાચો નથી. આવું તત્ત્વજ્ઞાન ! આહા..હા...! આ તો તત્ત્વજ્ઞાનની કૉલેજ છે. આ સાધારણ વાત નથી. આ..હા..હા...! ભાષા તો સાદી આવે છે, ભાવ તો જેવા (છે તેવા છે).

અહીં તો આ કીધું કે, જેમ એ ત્રણ અને ચાર પુદ્ગલો (કાયમ છે) એની ત્રણની પર્યાય હતી એ નાશ થઈ અને ચારની પર્યાય ભેગી થઈ '**તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો...**' આ..હા...! જુઓને ! આ રીતે વાત કરી છે. દ્રવ્યપર્યાય એટલે વ્યંજનપર્યાય – એક દ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયની વાત નથી. સમાનજાતીયની ભેગી લઈને વાત કરી છે. **'દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે...'** એક વાત ઈ સમાનજાતીની કરી.

હવે, બીજી અસમાનજાતી(ની વાત કરે છે). આહા..હા...! અસમાનજાતિ એટલે આ મનુષ્ય (શરીર) જડ છે અને ભગવાન ચૈતન્ય અરૂપી છે. બન્ને એક જાત નથી. અંદર ચૈતન્યસ્વરૂપ જાણનાર-દેખનાર પ્રભુ ! અરૂપી – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે અને આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી માટી–ધૂડ (છે). બન્ને અસમાન છે, બન્ને સરખા નથી. પરમાણુએ પરમાણુ એ બધાં સમાન છે પણ આ આત્મા અને શરીર બે સમાનજાતી નથી, અસમાનજાતી છે.

(કહે છે) **'વળી જેમ એક મનુષ્યત્વસ્વરૂપ...'** (અર્થાત્) મનુષ્યની પર્યાય, યોગ્યતા. **'અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે...'** આ..હા..હા...! **'એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય...'** કારણ કે આ મનુષ્યનું શરીર અને આત્મા બન્ને જુદી જાત છે, એક જાત નથી, અસમાનજાતી છે. આ..હા..હા...! થોડી ભાષામાં પણ કેટલું સમાડ્યું છે !! **'એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ...'** શું કહે છે ? અહીંયાં જે આત્મા અને દેહ છે (એ) અસમાનજાતી છે, બે એક જાત નથી. આનો વ્યય થશે અને દેવમાં જવાશે ત્યારે દેવની પર્યાય ઉત્પન્ન થશે. એ પણ અસમાનાજાતીય ભેગાં (છે). અહીં મનુષ્યમાં અસમાનજાતી વિનષ્ટ થશે અને આત્મા તો અંદર કાયમ છે. આત્મા કાયમ છે (અને) એ પરમાણુ સમાનજાતિ છે એ કાયમ છે. આહા..હા...!

અહીંથી મનુષ્યનો આત્મા દેવમાં જાય તો કહે છે કે એની (મનુષ્યની) પર્યાય વિનષ્ટ થઈને (દેવની) નવી પર્યાય ઉત્પન્ન કરી, (એ) કર્મથી નહિ. કર્મને લઈને અહીંથી દેવલોકમાં જાય એમ નહિ. દેવલોકનું કેમ નાખ્યું ? (કારણ કે) મુનિઓ તો દેવલોકમાં જ જવાના. પંચમઆરાના મુનિ છે. આહા..હા...! સ્વર્ગમાં જવાના. એટલે એમણે કહ્યું કે, આ મનુષ્યપણું છે એ અસમાનજાતીય (છે). આત્મા(ની) જાત જુદી છે, આ જડની જાત જુદી છે એટલે બન્ને અસમાન છે, બન્ને સરખા નથી. એ અસમાનજાતીય મનુષ્યપર્યાયનો નાશ થઈ અને અસમાનજાતીય દેવપર્યાયની ઉત્પત્તિ થશે અને એમાં પરમાણુઓ અને આત્મા છે એ તો કાયમ રહેનારા છે. પર્યાયમાં ઉત્પન્ન અને વિનષ્ટ (થાય) છે. એ વિનષ્ટ અને ઉત્પન્ન કર્મને લઈને થાય છે એમ નહિ. મનુષ્યની ગતિ અહીં પૂરી થઈ ગઈ ઈ કર્મને લઈને પૂરી થઈ એમ નહિ. એ જીવ અને પુદ્‌ગલની એ પર્યાય તેટલી તે પ્રકારે ત્યાં રહેવાની હતી. આ..હા..હા..હા...!

પેલી નાથ આવે છે ને ? શું કહેવાય ? બળદને (નાકમાં) નાથ (નાખે છે). અહીં કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કે, કોઈ કોઈને લઈ જાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા...! એ નાથ છે તે નાકને અડ્યું નથી. જુદી જાત છે, ભાઈ ! આ..હા...! અનંતકાળથી રખડે છે. દુઃખી (છે), ચોરાશીના અવતાર (કર્યા) સત્યને સમજ્યા વિના. વિપરીત સમજે અને વિપરીત માને (ઇ) રખડી મરશે. આહા..હા...!

**'મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે જીવ ને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે,...'** જીવ તો જીવ તરીકે રહે છે. જીવ મનુષ્યની પર્યાયે હતો એ દેવપર્યાયે થયો. આ દેહની મનુષ્યપર્યાયે જે પરમાણુ હતા એ દેવરૂપે બીજી (પર્યાય) થઈ (તોપણ પરમાણુઓ કાયમ રહ્યાં). આ..હા..હા...! ગજબ વાત છે ! તે તે સમયે થાય અને તે તે સમયે ઉત્પન્ન અને વિનષ્ટ સમાનજાતી કે અસમાનજાતીમાં પોતાને કારણે થાય. આહા..હા...! આવી વાત છે.

કાલે બહિરંગ અને અંતરંગ કારણ નહોતું આવ્યું ? અંતરંગ અને બહિરંગ કારણ આવ્યું હતું કે નહિ ? આમાં આવ્યું હતું નહિ ? આ 'પ્રવચનસાર'માં આવ્યું હતું. આ રહ્યું... (૧૦૨ ગાથામાં) **'અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં,...'** આહા..હા...! છે ? ઈ તો એક બહિરંગ નિમિત્ત હોય છે તેનું જ્ઞાન કરાવ્યું. પણ નિમિત્તથી કંઈ પણ એમાં થાય (એમ નથી). એની પર્યાય(થી) (બીજાનો) ઉત્પાદ થાય (કે) સ્કંધ થાય, નિમિત્ત આવીને સ્કંધ (કરે એમ નથી). આહા..હા...! કુહાડો આવ્યો કુહાડો ! એનાથી આમ લાકડાને માર્યું માટે ત્યાં કટકો થયો (એમ નથી), કહે છે કે, લાકડાને કુહાડો અડ્યો જ નથી. ફક્ત એ લાકડાની જે પહેલી અવસ્થા હતી ઈ નાશ થઈને બીજી અવસ્થા થઈ એ પોતાને કારણે થઈ છે. આહા..હા...! ગાંડા કહે એવું છે ! પાગલ જેવી વાતું લાગે કે આવી કેવી (વાત) ! 'પરમાત્મપ્રકાશ'માં કહે છે ને ? કે, પાગલ લોકો ધર્મીને પણ પાગલ કહે એવી આ ચીજ છે. આહા..હા...!

જુઓ ! અમે કાંઈ કરી શકતા નથી, કાંઈ કરી શકતા નથી (એમ તમે કહો છો તો) પ્રરૂપણા શું કરવા કરો છો ? પણ કોણ કરે છે ? બાપુ ! એ ભાષા જે ટાણે આવવાની હોય તે ટાણે આવે. આહા..હા...! એ આત્માનું કર્તવ્ય નથી, બાપા ! તને ખબર નથી. આહા..હા...! ભાષા થઈ (એ) સમાનજાતીય અનંત પરમાણુઓનો સ્કંધ છે. ભાષા સમાનજાતીય અનંત પરમાણુનો સ્કંધ છે. એ સ્કંધ પહેલાં વર્ગણાપણે પર્યાય હતી એ પર્યાયનો વ્યય થઈને ભાષાપણે (પર્યાય) થઈ (અને) પરમાણુ કાયમ રહ્યાં. આત્માએ ભાષા કરી છે કે આ જીભ આત્મા હલાવે છે એ વાતમાં કાંઈ માલ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોકો એમ કહે છે કે, ચાવી ચાવીને ખાવું, પેટમાં દાંત નથી. એમ નથી કહેતા ? ચાવી ચાવીને ખાવું (કેમકે) પેટમાં કંઈ દાંત નથી. કોણ ચાવે ? અરે... પ્રભુ ! આહા..હા...! ગજબ વાત છે ! એ દાંત જે હલે છે એ (પહેલાં) સ્થિર હતા (પછી) હલ્યા. એ સ્થિરની પર્યાયનો વ્યય થયો અને હલવાની પર્યાયનો ઉત્પાદ થયો. પરમાણુ છે એ કાયમ રહ્યાં. પરમાણુથી (કટકા) થયા, આત્માથી નહિ, જીભથી નહિ. આહા..હા...! બહુ ઝીણી વાત ! આ તો સિદ્ધાંત છે ને ! ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ બિરાજે છે. મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દી' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્રરચના કરી.

શ્રોતા :– આ દિવ્યજ્ઞાન ત્યાંથી લાવ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, આહા..હા...! જૂના પંડિતો તો એમ કહે (છે) કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે (એમ જે માને એ) દિગંબર જૈન નથી. કરી શકે. અરે... ભગવાન ! તું તારી પર્યાયમાં ઉત્પન્ન-વ્યય કર. બીજાનું દ્રવ્ય છે એનામાં એના ઉત્પાદ-વ્યય નથી ? અને તેના દ્રવ્યને કારણે તે કાળે ઉત્પન્ન નથી ? તે કાળે ઉત્પન્ન (થવાની) જન્મક્ષણ છે તેનો વ્યય થઈને બીજી પર્યાય થાય–ઉત્પન્ન થાય અને પરમાણુ કાયમ રહે. (એમાં) બીજો શું કરે ? આહા..હા...! આવું બધું (ક્યાંય) સાંભળ્યું નથી. આહા..હા...!

શ્રોતા :– આખી નવી બનાવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નવી ? આ..હા..હા...! આ ભગવાનનો પોકાર છે ! તીર્થંકરદેવ કેવળી જિનેશ્વર પ્રભુ ! એનો પોકાર છે કે, ત્રણ પરમાણુનો જ્યારે ચાર પરમાણુ થાય ત્યારે ત્રણ પરમાણુની પર્યાયનો વ્યય થાય અને ચારની ઉત્પત્તિ થાય પણ પરમાણુ તો કાયમ રહે. એ સમાનજાતીયનો દાખલો (આપ્યો).

હવે, આત્મા અને શરીર અસમાનજાતીય (છે). અહીંયાં અત્યારે આત્માની મનુષ્યની પર્યાય છે પછી દેવમાં જશે ત્યારે દેવની પર્યાય થશે. એ સમયે-સમયે આની પર્યાય બદલે છે (એમાં) પૂર્વની પર્યાય વિનષ્ટ (થાય છે), નવી પર્યાય ઉત્પન્ન (થાય છે) અને આત્માનું કાયમપણું છે. એમ આ શરીરના પરમાણુ પણ સમયે-સમયે પર્યાય (થાય છે). (ઉત્પન્ન થવાની) જે ક્ષણ છે (તે ક્ષણે) ઉત્પન્ન થાય છે. તે જન્મક્ષણનો બીજી પર્યાયે નાશ થાય છે. કારણ કે બીજી પર્યાયનો જન્મક્ષણ પણ એ જ છે. આ..હા..હા..હા...!

પ્રશ્ન :– શુભ ભાવ થયા ત્યારે દેવલોકમાં ગયા ને ?

સમાધાન :– એ બધું ગયું. પહેલે સમયે શુભ ભાવ હોય એ બીજે સમયે વિનષ્ટ થઈ જાય. પછી નવી (પર્યાય) ઉત્પન્ન થાય. ઈ શુભ ભાવ આત્માથી થયેલો છે, કર્મથી નહિ. કર્મ મોળા પડ્યા માટે શુભ ભાવ થયો (એમ નથી). આહા..હા...! આકરું કામ, બાપા ! આ કેળવણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુદી જાતની છે ! કોઈ દી' મળી નથી અને દરકાર પણ કરી નથી. રળવું ને બાયડી-છોકરાને રાજી રાખવાં, રમવું અને રાજી થવું. એ તો બધા ઢોર જેવા અવતાર છે. આહા..હા...!

આવો પ્રભુ આત્મા છે ! કહે છે કે, એ પરનું પાંદડું હલાવી શકે નહિ. આહા..હા...! આ પાંદડાં હલે છે ને ? એ પવનથી નથી હલતા એમ કહે છે. ઈ ધજા છે ને ધજા ? એ પવનથી નથી હલતી. ઈ ધજા જે આમ છે ઈ આમ આમ થાય છે ઈ પૂર્વની પર્યાયનો વ્યય, નવીન પર્યાયનો ઉત્પાદ (અને) સમાનજાતીય પરમાણુનું ટકી રહેવું (થાય છે). એ પવનને લઈને ધજા હલતી નથી. આવી વાતું !

શ્રોતા :– ભગવાન બનવાની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન બનવાની વાત છે, બાપા ! આ..હા...! ભાઈ ! ભગવાન જ છો, પ્રભુ ! તું જ્ઞાતા-દ્રષ્ટા છો. ભગવાનનો અર્થ ઇ છે કે તું જ્ઞાતા-દ્રષ્ટા છો. ઈ જ્ઞાતા-દ્રષ્ટા પોતાની પર્યાયમાં પણ કરવું ઈ પણ નથી. આ..હા..હા...! એને પણ જાણે, એમ છે તો પરની પર્યાય કરે એ તો ત્રણકાળમાં કરી શકે નહિ. આ..હા..હા...! અમે આ કર્યું, અમે આ કર્યું... આટલા સુધારા કર્યા, આટલી વ્યવસ્થા કરી, અવ્યવસ્થા હતી એની વ્યવસ્થા કરી. આ..હા..હા...! અમારે 'કુંવરજીભાઈ'ને તો એટલું (અભિમાન હતું કે) મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... આ કર્યું. શું છે આ ? 'મેં કર્યું... બીજાની દુકાન ચાલી નહિ.' ન ચાલી હોય તો (ન ચાલી હોય), અહીં ચાલી એ તો પુણ્યને લઈને થાય. પુણ્ય છે ઈ નિમિત્ત છે. એ તો સમાનજાતીયના પરમાણુઓ છે એની પર્યાય ત્યાં થાય છે. એ પુણ્યના પરમાણુઓ સમાનજાતીયના છે એનાથી આ બહારનું થાય છે એમ પણ નહિ. પુણ્યને લઈને પૈસા આવે છે એમ નહિ, એમ કહે છે. આહા..હા...!

શ્રોતા :– પૈસા આવતા તો દેખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમ આવે... આમ આવે. આઘા હોય ઈ અહીં આવે. પણ છતાં ઈ તો પૈસાની જે પૂર્વની પર્યાય હતી એનો વ્યય થઈ અને આ ઉત્પન્ન થયું, પરમાણુ કાયમ રહ્યા. કર્મને લઈને નહિ, પરમાણુને લઈને એમ થયું છે. આહા..હા...! ભારે કામ ! આત્માને પાંગળો બનાવી દીધો ! પાંગળો નથી બનાવ્યો. અનંત જ્ઞાનની, જ્ઞાતા-દ્રષ્ટાની શક્તિનો વિકાસ કર્યો છે !! આ..હા..હા..હા...! પ્રભુ ! તું જાણનાર-દેખનાર છો ! બીજી વાત મૂકી દે. આ..હા..હા...! આ..હા..હા...! કો'કનું કરી દઉં, બાયડીનું કરી દઉં. બાયડીને અર્ધાંગના કહે ! આ..હા...! ધૂડેય અર્ધાંગના નથી. એનું શરીર જુદું, એનો આત્મા જુદો. એના આત્માની પર્યાય અને એના શરીરની પર્યાય એનાથી થાય છે. તારાથી ત્યાં થાય છે ? આ..હા..હા...! થોડામાં કેટલું નાખ્યું ! આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો...'** પહેલાં ઈ લીધું, જુઓ ! છે ને ? પહેલાંમાં સમાનજાતીયનો દાખલો લીધો, પછી બધાય સમાનજાતીય દ્રવ્યનું લઈ લીધું. આ..હા...! આખી દુનિયાના પુદ્‌ગલ દ્રવ્યો (લઈ લીધાં). ચાર અરૂપી છે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ. **'તે જીવ ને પુદ્‌ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે, તેમ બધાય અસમાનજાતીય...'** આ..હા..હા...! નારકીનું શરીર અને નારકીનો જીવ એ અસમાનજાતીય (દ્રવ્યપર્યાય છે) અને નારકીના શરીરનો જ સમયે વ્યય થાય તે જ સમયે શરીરના પરમાણુ બીજી રીતે પરિણમે અને આત્માનો ત્યાં વ્યય થાય તો મનુષ્યપણામાં આવે કે તિર્યંચપણામાં આવે એનો ઉત્પાદ થાય, પેલાનો વ્યય થાય અને અંદર આત્મા તો કાયમ છે. કર્મને લઈને નરકમાંથી આવ્યો એમ પણ નહિ. કર્મને લઈને નરકમાં ગયો એમ નહિ. આ 'શ્રેણિક' રાજાએ નરકનું આયુષ્ય બાંધ્યું છે માટે એને કર્મ નરકમાં લઈ ગયા, એમ નથી. એ જીવની પર્યાયનો ઉત્પાદકાળ જ ઈ જાતનો અંદર જવાનો થયો. પૂર્વની પર્યાયનો વ્યય, નવી (પર્યાયનો) ઉત્પાદ અને આત્માનું કાયમ રહેવું. આહા..હા...!

આવું બધું કોણે કર્યું હશે ? ભગવાન કહે છે કે, મેં કર્યું નથી. હું તો (જ્ઞાતા-દૃષ્ટા છું), વાણી આવી હતી, વાણી વાણીને કારણે આવી હતી. સર્વજ્ઞ ભગવાન કહે છે કે, મેં વાણી કરી નથી, વાણી મેં ઊપજાવી નથી. કારણ કે સમાનજાતીય પરમાણુમાં પહેલાં વાણીનો પર્યાય નહોતો, પછી ઉત્પન્ન થયો, પરમાણુ કાયમ રહ્યાં ઈ તો ભાષાને લઈને છે. એના પણ અહીં વાંધા હતા. 'પાલીતાણા' ! (સંવત ૧૯૯૫માં) ગયા (ત્યારે એક સાધુ કહે) 'ખોટી વાત છે. કેવળી પણ પહેલાં ભાષા ગ્રહે. પહેલે સમયે ભાષા ગ્રહે, બીજે સમયે છોડે.' ઈ ગ્રહે અને છોડે ! અરે..રે...! આવી વાતું, ભારે આ તો ! અને એના માનનારા પણ મળે ! જૂઠા ! અનાદિથી જૂઠું સેવ્યું છે તો જૂઠા તો મળે જ ને ! આહા..હા...! કર્મને લઈને થાય એમ ઈ કહે છે. ઈ તો ચર્ચા થઈ ને ? 'ખેડા'વાળા (શ્વેતાંબર ભાઈ હતા), પહેલાં અહીં આવ્યા તો કંઈ રુચે નહિ, ગોઠે નહિ. એકદમ અજાણી વાત ને ! પછી વળી પરિચય કરતાં લાગ્યું કે, વાત તો કંઈક બીજી લાગે છે. પછી એ લોકોમાં પચાસ પ્રશ્ન મૂક્યા કે, 'આનો ઉત્તર આપો. જો ઠીક પડે તો હું આમાંથી ન નીકળું.' એને કાંઈ ઉત્તર સરખો મળ્યો નહિ. છેવટે (પેલા સાધુ) કહે, 'મારી સાથે ચર્ચા કરો. આપણે ચર્ચા કરીએ. પહેલી કબૂલાત કરો કે, કર્મથી વિકાર થાય. એ પહેલાં કબૂલ કરો.' આ કહે કે, 'એ મારે માન્ય નથી.' વિકારી પર્યાય છે એ તો જીવની, જીવમાં અસ્તિત્વને લઈને થાય છે. આહા..હા...!

કર્મની પર્યાય છે એ કર્મમાં કર્મને લઈને થાય છે. જ્ઞાનાવરણીય પર્યાય થાય છે એ કર્મના પરમાણુની પર્યાય (જે) પહેલાં કર્મયોગ્ય નહોતી એનો વ્યય થઈને કર્મરૂપે થઈ. આત્માએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ-દ્વેષ કર્યો માટે તે જ્ઞાનાવરણીયની પર્યાય થઈ એમ નથી. આમાં કેટલો ફેરફાર કરવો ? આ તો બધું ગાંડું કહેવાય એવું છે. આ બધા સંસારના ડાહ્યા તો ગાંડા ઠરાવે એવું છે. આહા..હા...! ભાઈ ! માર્ગ જુદો, બાપા !

કેમકે અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ છે એ અનંતપણે ક્યારે રહી શકે ? કે, તે તે કાળના પોતાના પરિણામમાં પરિણમતો રહે તો રહે, પણ બીજાને પરિણમાવી દે અને બીજાથી આ પરિણમાવી દે (તો) અનંત પૃથક્પણે નહિ રહે. આ..હા..હા...! વીતરાગમાર્ગ અલૌકિક છે, બાપુ ! એવું ક્યાંય છે નહિ. પરમેશ્વર સિવાય આ વાત કોઈ ઠેકાણે છે નહિ. વાડામાં નથી, વાડાવાળા અત્યારે બધા ઊંધું મારે છે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. આ..હા..હા...!

અહીં તો પરમાત્માની પૂજા કરતાં વાણી જે બોલાય તે પર્યાયની ઉત્પત્તિ ભાષાથી થઈ છે. સ્વા..હા...! એ ભાષાની પર્યાય થઈ છે, આત્માથી નહિ અને ભગવાનને આમ ચોખા ચડાવે, નાળિયેર ચડાવે ઈ આ આંગળીથી અને આત્માથી નહિ. ઈ ચોખાની પર્યાય તે રીતે ત્યાં (જવાની હતી). (ચોખા હાથમાં હતા એ) પૂર્વની પર્યાયનો વ્યય (થયો), ત્યાં (ગઈ તે) ઉત્પન્ન થઈ અને પરમાણુ ત્યાં રહેનારા (છે) એ માટે ત્યાં ગઈ છે. આત્માએ આ મૂક્યું છે માટે ચોખા(ના) પરમાણુ ગયા છે એમ નથી. અરે... અરે...! આવી વાતું ! કાને તો પડે ! કાંઈક છે, કાંઈક વાત છે એમ તો માણસને થાય ને ! અત્યાર સુધી માનીએ છીએ એના કરતાં કાંઈક બીજી વાત છે, બાપુ !

**'આ પ્રમાણે પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે) ધ્રુવ...'** છે ને ? ઈ 'દ્રવ્ય'ના બે અર્થ કરવા. નીચે છે. 'દ્રવ્ય' શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે : (૧) એક તો, સામાન્ય-વિશેષના પિંડને...' (અર્થાત્) સામાન્ય (એટલે) ત્રિકાળ રહેવું અને પર્યાય વિશેષ. એ બે થઈને પણ દ્રવ્ય કહેવાય છે. 'સામાન્ય-વિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમકે 'દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.' એ રીતે દ્રવ્ય કહેવામાં આવે છે. '(૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે;...' શું કીધું ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણે થઈને એક (છે) એને પણ દ્રવ્ય કહેવામાં આવે છે અને નયની અપેક્ષાએ ધ્રુવ છે તેને પણ દ્રવ્ય કહેવાય. આ..હા...! દ્રવ્ય કહેવામાં બે પ્રકાર છે. ઉત્પાદ-વ્યય તો છે. ઈ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ મળીને દ્રવ્ય છે એમ પણ કહેવામાં આવે છે, (એ) પ્રમાણનું (દ્રવ્ય) અને ઉત્પાદ-વ્યય વિના એકલું ત્રિકાળીનું લક્ષ કરાવવા ધ્રુવને પણ દ્રવ્ય કહે છે. એ નયનું દ્રવ્ય છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત આખું (દ્રવ્ય) એ પ્રમાણનું દ્રવ્ય છે. અરે... અરે...! પ્રમાણ શું ને નય શું ? વસ્તુસ્થિતિ એવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પોતાથી (અર્થાત્ દ્રવ્યપણે)...'** દ્રવ્યના બે વિભાગ લીધાં ને ? **'ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદવ્યયસ્વરૂપ એવાં દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** દરેક દ્રવ્ય–દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય અને ધ્રુવસ્વરૂપ છે. એ રીતે દ્રવ્ય કહીએ અને એક ઉત્પાદ-વ્યયને છોડીને ત્રિકાળીને પણ દ્રવ્ય કહીએ. દ્રવ્ય કહેવામાં એવા બે પ્રકાર છે.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याण्येकद्रव्यपर्यायद्वारेण चिन्तयति -

**परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं।**
**तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति।।१०४।।**
**परिणमति स्वयं द्रव्यं गुणतश्च गुणान्तरं सदविशिष्टम्।**
**तस्माद्गुणपर्याया भणिताः पुनः द्रव्यमेवेति।।१०४।।**

एकद्रव्यपर्याया हि गुणपर्यायाः, गुणपर्यायाणामेकद्रव्यत्वात्। एकद्रव्यत्वं हि तेषां सहकारफलवत्। यथा किल सहकारफलं स्वयमेव हरितभावात् पाण्डुभावं परिणमत्पूर्वोत्तरप्रवृत्तहरितपाण्डुभावाभ्यामनुभूतात्मसत्ताकं हरितपाण्डुभावाभ्यां सममविशिष्ट-

---

अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याणि गुणपर्यायमुख्यत्वेन प्रतिपादयति - **परिणमदि सयं दव्वं** परिणमति स्वयं स्वयमेवोपादानकारणभूतं जीवद्रव्यं कर्तृ। कं परिणमति। **गुणदो य गुणंतरं** निरुपरागस्वसंवेदनज्ञानगुणात् केवलज्ञानोत्पत्तिबीजभूतात्सकाशात्सकलविमलकेवलज्ञानगुणान्तरम्। कथंभूतं सत्परिणमति। **सदविसिट्ठं** स्वकीयस्वरूपत्वाच्चिद्रूपास्तित्वादविशिष्टमभिन्नम्। **तम्हा**

---

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :-

અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,
તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.

અન્વયાર્થ :- [सद्विशिष्टं] સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે, [द्रव्यं स्वयं] દ્રવ્ય પોતે જ [गुणतः च गुणान्तरं] ગુણમાંથી ગુણાંતરે [परिणमति] પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ–અભિન્ન–એક જ રહે છે), [तस्मात् पुनः] તેથી વળી [गुणपर्यायाः] ગુણપર્યાયો [द्रव्यम् एव इति भणिताः] દ્રવ્ય જ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



सत्ताकतयैकमेव वस्तु, न वस्त्वन्तरं; तथा द्रव्यं स्वयमेव पूर्वावस्थावस्थितगुणादुत्तरावस्थावस्थितगुणं परिणमत्पूर्वोत्तरावस्थावस्थितगुणाभ्यां ताभ्यामनुभूतात्मसत्ताकं पूर्वोत्तरावस्थावस्थितगुणाभ्यां सममविशिष्टसत्ताकतयैकमेव द्रव्यं, न द्रव्यान्तरम्। यथैव चोत्पद्यमान पाण्डुभावेन व्ययमानं हरितभावेनावतिष्ठमानं सहकारफलत्वेनोत्पादव्ययध्रौव्याण्येकवस्तुपर्यायद्वारेण सहकारफलं, तथैवोत्पद्यमानमुत्तरावस्थावस्थितगुणेन व्ययमानं पूर्वावस्थावस्थितगुणेनावतिष्ठमानं द्रव्यत्वगुणेनोत्पादव्ययध्रौव्याण्येकद्रव्यपर्यायद्वारेण द्रव्यं भवति।।१०४।।

---

**गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति** तस्मात् कारणान्न केवलं पूर्वसूत्रोदिताः द्रव्यपर्यायाः द्रव्यं भवन्ति, गुणरूपपर्याया गुणपर्याया भण्यन्ते तेऽपि द्रव्यमेव भवन्ति। अथवा संसारिजीवद्रव्यं मतिस्मृत्यादिविभावगुणं त्यक्त्वा श्रुतज्ञानादिविभावगुणान्तरं परिणमति, पुद्गलद्रव्यं वा पूर्वोक्तशुक्लवर्णादिगुणं त्यक्त्वा रक्तादिगुणान्तरं परिणमति, हरितगुणं त्यक्त्वा पाण्डुरगुणान्तरमाम्रफलमिवेति भावार्थः।।१०४।।

---

ટીકા :– ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે, કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે (અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે – ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી). તેમનું એક દ્રવ્યપણું આમ્રફળની માફક છે. (તે આ પ્રમાણે:) જેમ આમ્રફળ પોતે જ હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા હરિતભાવ અને પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, હરિતભાવ અને પીતભાવની સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ વસ્તુ છે, અન્ય વસ્તુ નથી; તેમ દ્રવ્ય પોતે જ પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી. (કેરીના દ્રષ્ટાંતની જેમ, દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી; અર્થાત્ તે તે ગુણપર્યાયો અને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી.)

વળી જેમ પીતભાવે ઊપજતું, હરિતભાવથી નષ્ટ થતું અને આમ્રફળપણે ટકતું હોવાથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે, તેમ ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે ઊપજતું, પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું અને દ્રવ્યત્વગુણે ટકતું હોવાથી, દ્રવ્ય એકદ્રવ્યપર્યાયદ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

ભાવાર્થ :– આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાયદ્વારા (અનેકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. આ ગાથામાં ગુણપર્યાયદ્વારા (એકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યાં છે. ૧૦૪.

---

**ગાથા–૧૦૪**
**પ્રવચન નં. – ૧૧૪**
**તા. ૨૪-૬-૭૯**

'પ્રવચનસાર' ગાથા–૧૦૪. ઉપરનું મથાળું. '**હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે :–**' ભાષા તો અધ્યાત્મની છે, ભાઈ ! શું કહે છે ? કે, દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા વસ્તુ છે. આ જડ પરમાણુ – આ (શરીર) કાંઈ એક ચીજ નથી. આના કટકા કરતાં... કરતાં... છેલ્લો Point રહે તેને પરમાણુ કહે છે–એને દ્રવ્ય કહે છે. એવા અનંતા દ્રવ્યો છે અને અનંતા આત્માઓ છે. એ દરેક આત્માના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય (છે). નવી અવસ્થા ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય અને સદૃશ ધ્રુવપણે કાયમ રહે એવો એનો સ્વભાવ છે. દરેક આત્મા અને દરેક પરમાણનો (એવો સ્વભાવ છે). એ દ્વારા વિચારે છે. આ તો મથાળું બાંધ્યું, હોં !

**परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं।**
**तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति।।१०४।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.**

ઝીણી વાત છે, ભાઈ ! '**ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે,...**' શું કીધું ઈ ? જેમકે આ આત્મા છે એનો ગુણ છે – જ્ઞાન, દર્શન, આનંદ. ધ્રુવ આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ શાશ્વત રહેનાર છે અને તેના ગુણો એટલે શક્તિઓ–સ્વભાવ એ પણ શાશ્વત છે. એની પર્યાયો એટલે અવસ્થાઓ બદલે છે એને પર્યાય કહે છે. તો કહે છે કે, ગુણપર્યાયો (એટલે) એ ગુણોની જે અવસ્થાઓ (છે) તે દ્રવ્ય છે. દ્રવ્યથી જુદી ચીજ નથી. ઝીણી વાત છે. આહા..હા...! આત્માના ગુણપર્યાયો કહ્યા, એમ પરમાણુમાં પરમાણુના (છે). આ પરમાણુ છે – આ આંગળી છે એ તો એની અત્યારે અવસ્થા છે. પહેલી અવસ્થા લોટની હતી, એની પહેલાં ધૂડની. પરમાણુ–રજકણ જે છે એ તો કાયમના છે. એ રજકણની અવસ્થા રૂપાંતર થાય છે. તે રજકણનાં ગુણ છે. એમાં એક એક પરમાણુ–Point છે એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે અને એ ગુણ ત્રિકાળ છે અને એની વર્તમાન અવસ્થા બદલે છે તે તેની પર્યાય છે. તે ગુણ અને પર્યાય થઈને દ્રવ્ય છે. આવી વાત છે.

શ્રોતા :– ગુણ એટલે તો લાભ. આ દવાએ આ ગુણ કર્યો એટલે લાભ થયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુણ એટલે શક્તિ. વસ્તુ છે – જે આત્મા અને પરમાણુઓ છે એનામાં જે શક્તિઓ છે એને અહીં ગુણ કહે છે. જેમ આત્મા છે તો એમાં ગુણ છે. જાણવું-દેખવું, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી એમાં શક્તિ છે એટલે ગુણ છે અને તેની વર્તમાન હાલત – બદલવું તે તેની પર્યાય છે. તે ગુણ અને પર્યાય (છે) તે દ્રવ્ય છે. ગુણ અને પર્યાય તે દ્રવ્યથી જુદી ચીજ નથી. આ તો આકરું કામ છે, બાપુ ! આ તો વીતરાગની કૉલેજ છે. કેટલોક અભ્યાસ હોય તો સમજાય. અત્યારે તો આ ચાલતું નથી. બધી ગડબડ, ગડબડ (ચાલી છે).

'**ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે,...**' સમજાણું આમાં ? આત્મા વસ્તુ છે. આ તો જડ–માટી છે. વાણી જડ–ધૂડ છે. અંદર આત્મા જે ચૈતન્યસ્વરૂપ છે, જાણનાર છે એનામાં જાણવું-દેખવું, આનંદ આદિ ગુણ છે. એ ગુણની વર્તમાન અવસ્થા, જે ક્ષણે જેની અવસ્થા રૂપાંતર થાય તે અવસ્થા અને તે ગુણ – ગુણ-અવસ્થા તે દ્રવ્ય છે–તે વસ્તુ છે. એના ગુણ અને એની વર્તમાન અવસ્થા તેના દ્રવ્યથી જુદાં નથી. આકરું કામ ! એટલે બીજું દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહા..હા...! '**ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે,...**' એટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શબ્દોનો એ અર્થ છે. આ તો સિદ્ધાંત છે.

'**કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે...**' આત્મા(માં) જે ગુણ (છે) – જ્ઞાન, દર્શન અને આનંદ (અને) એની થતી દશાઓ, એ બધું દ્રવ્ય છે – આત્મા વસ્તુ છે. બે ગુણ-પર્યાય થઈને આત્મા વસ્તુ છે. પરમાણુમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (ગુણ છે) અને આ અવસ્થા (છે એ) પરમાણુની અવસ્થા છે. અત્યારે આ લોહીની અવસ્થા છે એ પરમાણુ છે એની અવસ્થા છે. એની પહેલી અવસ્થા લોટપણે હતી, રોટલીપણે પછી લોટપણે એના પહેલાં ઘઉંપણે એના પહેલાં કાંકરાપણે. પલટતાં... પલટતાં... પલટતાં... અવસ્થા પલટી એ અવસ્થા કહેવાય અને એમાં કાયમ રહેલી શક્તિઓ છે – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ કહેવાય અને એ ગુણ ને પર્યાયનો સમુદાય તે દ્રવ્ય–વસ્તુ છે. ત્રણ થઈને વસ્તુ છે. આકરું કામ છે, બાપુ ! મૂળ તત્ત્વનો અભ્યાસ અત્યારે ચાલ્યો ગયો. ઉપરની વાતું કરે. એક તો ધંધા આડે નવરો ન થાય. પોતાના પાપના ધંધા ! ભલે પછી પાંચ હજાર, દસ હજાર પેદા કરતો હોય. આહા..હા...!

આ આત્મા અંદર વસ્તુ છે તે ગુણપર્યાયરૂપ દ્રવ્ય છે. એ શરીરપણે નથી, વાણીપણે નથી. ખરેખર તો પુણ્ય અને પાપના વિકાર વર્તમાન પર્યાય(માં) છે એ પર્યાય અને ત્રિકાળી ગુણ(નો) સમુદાય એમ થઈને દ્રવ્ય સંધાય છે. સમજાય છે કાંઈ ? સમજાય છે કે નહિ ? શું કહે છે ? એમ કહે છે, પ્રભુ ! કે, કોઈપણ તત્ત્વ છે – આ આત્મા, આ જડ પરમાણુ એ અંદર દ્રવ્ય–વસ્તુ છે. દ્રવ્ય એટલે પદાર્થ. એ પદાર્થ શક્તિ વિનાનો ન હોય. ઈ પદાર્થ શક્તિવાન છે – પદાર્થ સ્વભાવવાન છે તો એના સ્વભાવ વિના ન હોય. એના સ્વભાવને ગુણ કહેવામાં આવે છે અને તેની થતી હાલત–પર્યાય તેને અવસ્થા કહે છે. એ ગુણ અને પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. આહા..હા...! આ તો વીતરાગની કૉલેજ છે, બાપા ! આ તો આખી દુનિયાથી બીજી જાત છે.

'**કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે (અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે...**' એક જ વસ્તુ છે. આ..હા..હા...! આ શરીર છે, આ પરમાણુઓ છે. આ એક નથી, અનંત પરમાણુઓનું દળ – પિંડ છે. એમાં એક એક પરમાણુ (છે) એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એની શક્તિ નામ ગુણ છે અને આમ થવું–અવસ્થા થવી એ એની પર્યાય છે. એ ગુણ અને પર્યાય થઈને તે પરમાણુ છે. એમ દરેક પરમાણુ પોતાના ગુણ અને પર્યાય થઈને દ્રવ્ય છે. એમ દરેક આત્મા(માં) એની શક્તિ છે અને એની બદલતી અવસ્થા છે. એ શક્તિ અને અવસ્થા થઈને ઈ તત્ત્વ છે. બીજો કોઈ એની અવસ્થા પલટાવી દ્યે (એમ નથી). આકરું કામ છે, બાપુ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી દે, એમ નથી. કેમકે પ્રત્યેક દ્રવ્ય પોતાની શક્તિવાળા તત્ત્વ હોવાથી, તે શક્તિની બદલતી અવસ્થાવાળું હોવાથી તે દ્રવ્ય જ છે. એને બીજું દ્રવ્ય કાંઈ કરી શકે (એમ નથી). આખો દી' આ બધા (કામ) કરે છે ને ? ડૉક્ટર ઇંજેક્શન મૂકે, ફલાણું મૂકે... આહા..હા...!

આજે તો મોટા ડૉક્ટર આવ્યા હતા. 'મુંબઈ'માં આંખના (ડૉક્ટર) છે ને ? શું હતું એનું નામ ? આંખનું ઑપરેશન કર્યું હતું. 'ચિટનીસ' ! આવ્યા હતા, બે-ત્રણ વાર આવી ગયા. આંખના મોટા ડૉક્ટર છે. વ્યાખ્યાનમાં બેઠા હતા પણ કાંઈ અભ્યાસ જ ન મળે. આખો દી' એકલી ધૂળધાણી. વેપારના ધંધા કાં નોકરીના ધંધા આદિ પાપ ! એમાં થોડો વખત મળે છ-સાત કલાક સૂઈ જાય. થોડો વખત હોય તો બાયડી-છોકરાને રાજી રાખવામાં રહે. પણ હું કોણ છું ? આ ચીજ શું છે ? અને મારું પરિભ્રમણ કેમ મટતું નથી ? ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. આ કંઈ પહેલો અવતાર નથી, આવા અવતાર તો અનંત કર્યા. આ પહેલાં અવતાર... એના પહેલાં અવતાર... એના પહેલાં અવતાર... એના પહેલાં અવતાર... એમ અનાદિથી અવતાર–ભવ કરતો આવે છે. ઈ આત્મા રખડે છે કેમ ? ઈ કહે છે. એના ગુણ અને પર્યાય દ્રવ્યને આધારે છે, દ્રવ્યના છે એની દૃષ્ટિ કરતો નથી તેથી પરિભ્રમણ કરે છે. આહા..હા...! એની દૃષ્ટિ પરદ્રવ્યથી આનું થાય, આનાથી આનું થાય, આનાથી આનું થાય, ફલાણી દવા લગાડો તો આનું આ થાય (એના ઉપર જ એની દૃષ્ટિ છે). એ બધું અહીં ખોટું પાડે છે. આહા..હા...! છે ?

'**(તેઓ એક જ દ્રવ્ય છે – ભિન્ન-ભિન્ન દ્રવ્યો નથી). તેમનું એક દ્રવ્યપણું...**' દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય કેમ કહે છે ? 'દ્રવતી ઇતિ દ્રવ્યમ્' જેમ પાણીમાં તરંગ ઊઠે એમ આ દ્રવ્યમાં પર્યાય–અવસ્થા ઊઠે (છે). આ ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય છે, જુઓ ! એને દ્રવ્ય કહીએ. 'દ્રવતી ઇતિ દ્રવ્યમ્' દ્રવે – પર્યાય–અવસ્થા પલટે, પર્યાય–અવસ્થા દ્રવે એને દ્રવ્ય કહીએ. આહા..હા...! બીજો એની પર્યાયને પલટાવે એવું ત્રણકાળમાં બનતું નથી. આવી વાત છે.

આ હાથ ચાલે છે, જુઓ ! આ હાથ ચાલે છે ઈ અવસ્થા છે. એમાં વર્ણ, ગંધ છે એ એના ગુણ છે અને આ પરમાણુ એનો ધરનાર છે. આ તો અનંતા પરમાણુ છે. એ અનંતા પરમાણુમાં એક એક પરમાણુમાં અનંતા ગુણ છે–શક્તિ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરે (ગુણ છે). ઈ શક્તિ સમયે સમયે પલટે છે. તે પલટવું અને ગુણ એ બધું થઈને તત્ત્વ–પરમાણુ છે. એ પલટવું અને ગુણ થઈને બીજું દ્રવ્ય છે એમ નથી. આહા..હા...! આવું છે. શું થાય ? બાપુ ! માર્ગ આખો બહુ જુદો.

દૃષ્ટાંત આપે છે. '**તેમનું દ્રવ્યપણું આમ્રફળની માફક છે. (તે આ પ્રમાણે) :**' કેરી... કેરી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**‘જેમ આમ્રફળ પોતે જ હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું,...’** કેરી(નો) દૃષ્ટાંત આપે છે. કેરી જે લીલાપણાના રંગે છે એ પાકે એટલે લીલો રંગ પલટીને પીળો થાય છે. **‘હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા હરિતભાવ અને પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતું...’** (અર્થાત્) બન્ને થઈને પોતાની સત્તા છે. લીલું અને પીળું ઈ એની પોતાની સત્તા – પરમાણુની સત્તા છે. આહા..હા...! **‘પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, હરિતભાવ અને પીતભાવની સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી...’** એક સત્તાવાળું છે – ખાસ એક સત્તા છે. આ..હા...! કેરી લીલામાંથી પીળી થાય છતાં તેની સત્તા તો એક જ છે, બે સત્તા નથી. ઈ તો અવસ્થા પલટી (છતાં) સત્તા એક જ છે. આ..હા..હા...! આવી વાતું ! આવો કઈ જાતનો (ધર્મ) ? માર્ગ એવો છે, બાપુ ! શું કહીએ ? આહા..હા...! અહીંયાં તો ૭૨ વર્ષથી આ શાસ્ત્રનો અભ્યાસ છે. ૧૮ વર્ષની ઉંમરથી ! (અત્યારે) ૯૦ થયા ૯૦ ! આ વાત કોઈ બીજી જાત છે, બાપુ ! શું કહીએ ? પરિચય કરે તો (ખબર પડે).

અહીંયાં એમ કહે છે કે, તને આ જે દેખાય છે ને ? ઈ છે કે નહિ ? છે. તો ઈ જડ છે કે ચૈતન્ય છે ? ત્યારે કહે છે કે, અંદર ચૈતન્ય જાણનાર છે ઈ ચૈતન્ય છે અને આ શરીર, વાણી, મન જણાય છે, આ બધું દેખાય છે ઈ જડ છે. હવે, ‘છે’, ઈ સત્તા એની છે. એનાથી તે સત્ત્વ સત્તાથી જુદું નથી. તેનો સત્તા નામનો ગુણ છે – અસ્તિત્વ નામનો ગુણ છે તે ગુણથી તે તત્ત્વ જુદું નથી અને તે ગુણની થતી અવસ્થા, તે અવસ્થા અને ગુણથી તે દ્રવ્ય જુદું નથી. એ ત્રણે થઈને એક સત્તા છે. આહા..હા...! કહો, સમજાય છે કે નહિ ? આ તો ‘પ્રવચનસાર’ ! વીતરાગની વાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ ! આત્મા સર્વજ્ઞ થાય છે (ત્યારે) ત્રણકાળ ત્રણલોકને જાણે છે. ત્યારે ઇચ્છા વિના જે વાણી નીકળે એ આ વાણી છે !! આ..હા..હા...! પણ એને અભ્યાસ નહિ. એ કહે છે.

**‘અવિશિષ્ટસત્તાવાળું...’** એટલે ? નીચે (મૂળ શાસ્ત્રમાં ફૂટનોટમાં) ‘અભિન્ન સત્તાવાળું; એક જ સત્તાવાળું. (કેરીની સત્તા લીલા તથા પીળા ભાવની સત્તાથી અભિન્ન છે. તેથી કેરી અને લીલો ભાવ તથા પીળો ભાવ એક જ વસ્તુઓ છે. ભિન્ન વસ્તુઓ નથી.’ આ..હા..હા...! આ શરીર જડ છે એમાં તાવ આવે. આ ઝીણા પરમાણુઓ છે, ઈ એક એક પરમાણુમાં રંગ, ગંધ આદિ શક્તિ છે એ શક્તિ ગુણ કહેવાય છે અને તાવ આવ્યો (એવું) તેનું પરિણમન (થયું) એ પર્યાય એની છે – જડની (છે). એ પર્યાય અને ગુણ થઈને ઈ દ્રવ્ય છે. એ તાવની પર્યાય અને શક્તિનો ગુણ થઈને દ્રવ્ય છે. આ..હા...! એને બીજા ઉપર નજર કરવાની નથી, એમ કહે છે. આહા..હા...!

અંદર તારું દ્રવ્ય જે છે... આહા..હા...! એ વસ્તુ તરીકે એમાં વસેલા અનંતા ગુણો અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિ છે. એ ગુણોનું ક્ષણે ક્ષણે પરિણમન થાય છે. એ પરિણમન એટલે પર્યાય એટલે અવસ્થા એટલે બદલવું. એ બદલતી અવસ્થા અને ગુણ (થઈને) દ્રવ્ય છે. એ કોઈ અનેરું દ્રવ્ય નથી. ગુણ અનેરું દ્રવ્ય અને પર્યાય અનેરું દ્રવ્ય (એમ નથી). સમજાય છે ? ભાષા તો સાદી છે પણ ભાઈ ! ભાવ ગમે એટલા લ્યો પણ આ તો અધ્યાત્મભાષા છે. આહા..હા...!

**'અન્ય વસ્તુ નથી;...'** જોયું ? કેરીનો લીલો અને પીળો જે ભાવ (છે) ઈ કેરીથી અનેરો ભાવ નથી, અનેરી ચીજ નથી. ઈ વસ્તુ પોતે જ છે, અન્ય વસ્તુ નથી. **'તેમ દ્રવ્ય પોતે જ પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી...'** દ્રવ્ય પોતે વસ્તુ છે ઈ પૂર્વની અવસ્થાથી અવસ્થિત **'ગુણમાંથી ઉત્તર અવસ્થાએ અવસ્થિત...'** ગુણમાંથી બીજો (પર્યાય) થયો, લીલાની પીળી થઈ. (એવા) **'ગુણે પરિણમતું થકું,...'** આ..હા..હા...! આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એના ગુણ છે–શક્તિ છે. એની પર્યાય જે પરિણમે છે એ પૂર્વની અવસ્થા બદલે છે, નવી અવસ્થા થાય છે. તે **'ગુણે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો વડે..'** પર્યાય પલટી છતાં ગુણ તો એવાને એવા છે. ગુણમાં કોઈ બીજી રીતે શક્તિઓની અવસ્થા થતી નથી. **'તે ગુણો વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે,...'** આ..હા..હા...! આત્મા આ જડના પદાર્થથી તદ્દન જુદો (છે) અને એના અંતરમાં અનંત... અનંત... ગુણ છે. પ્રભુ આત્મામાં અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતી શક્તિઓ રૂપી ગુણ છે અને એ ગુણ, જેમ કાયમ રહેનાર દ્રવ્ય છે તેમ તે શક્તિઓ પણ કાયમ રહેનાર છે. એની વર્તમાન થતી–બદલતી અવસ્થા એ અવસ્થા અને ગુણ, દ્રવ્ય જ છે, બીજું દ્રવ્ય નહિ. આ..હા..હા...! અથવા બીજા દ્રવ્યથી તે ગુણ-પર્યાય થાય એવું એ દ્રવ્ય નથી. આ..હા..હા...! સમજાય છે આમાં ?

આખો દી' આ બધા વેપાર ને ધંધા કરે છે ને ? દુકાને બેસીને (લેવડ-દેવડ કરે છે), આ વેંચ્યું, આ પાંચ રૂપિયા, દસ રૂપિયા, પચીસ-પચાસ (દીધા). બાપુ ! તને ખબર નથી, ભાઈ ! તું એક જ તત્ત્વ છો એમ નહિ, બીજાં તત્ત્વો છે અને બીજાં તત્ત્વો છે ઈ એની ગુણ અને શક્તિથી ખાલી નથી. બીજાં તત્ત્વો છે તે ગુણ અને શક્તિથી ખાલી નથી છતાં વર્તમાનમાં એનું બદલવું થાય છે, પરિણમે છે. એ પરિણમે છે એ પર્યાય અને ગુણ (થઈને) એ દ્રવ્ય છે. બીજા આત્મદ્રવ્યના ગુણ અને પર્યાયથી અહીંયાં (કંઈ) થાય એમ બની શકે નહિ. આકરી વાત બહુ ! આખી દુનિયાથી જુદી જાત છે, ભાઈ ! સંપ્રદાયમાં તો અત્યારે આ ચાલતું નથી. આહા..હા...!

**'પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો...'** પર્યાય ભલે બદલે પણ ગુણ તો અવસ્થિત છે. **'પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે,...'** પૂર્વની પર્યાય અને પછીની પર્યાયમાં પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સત્તા અનુભવતું. એક જ સત્તા છે. આ..હા...! '**પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે,...**' આહા..હા...! પેલામાં આવ્યું હતું ને ? ભાઈ ! ૯૫ ગાથા ! '**अपरिच्चत्तसहावेणु**' (અર્થાત્) દરેક પદાર્થ પોતાના સ્વભાવથી અપરિચિત નામ જુદો નથી. દરેક વસ્તુ છે એમાં અંદરમાં તેની શક્તિઓ વસેલી છે. વાસ્તુ–વસ્તુ છે. વાસ્તુ લે છે એ કોઈ પીપળામાં લેતા નથી, મકાનમાં લે છે. એમ આ આત્મા અને પરમાણુ આદિ વસ્તુ છે એમાં વાસ્તુ અંદર ગુણ (વસેલા છે). વસ્તુમાં રહેલાં અનંતા ગુણો છે. આ..હા..હા..હા...! એ ગુણોની વર્તમાન પરિણતિ તે પર્યાય છે. પરિ+આય = પરિ (એટલે) સમસ્ત પ્રકારે બદલવું, પરિણમવું, આમ રૂપાંતર થઈ જવું. જેમ હરિત–લીલા રંગની પીળી કેરી થઈ. આહા..હા...! એમ દરેક દ્રવ્યની – દરેક તત્ત્વની એક અવસ્થાથી બીજી અવસ્થા થાય તેમાં ગુણ તો અવસ્થિત રહે અને એ ગુણ અને પર્યાય દ્રવ્ય છે. આ..હા..હા...! બીજાનું કાંઈ કરી શકે નહિ, એમ કહે છે. તેમ બીજાથી તારામાં કાંઈ થાય (એની) ના પાડે છે.

જે પૈસો છે એ પણ અસ્તિ છે ને ? એક પૈસો અસ્તિ છે એ એક તત્ત્વ નથી. પૈસામાં... આ તમારે શું કહેવાય ? ભૂલી ગયા. નોટ ! ઈ નોટ અનંત પરમાણુની બનેલી છે. જેમ આ આંગળી અનંત પરમાણુની (બનેલી છે), આ એક પરમાણુ નથી. આના કટકા કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... છેલ્લો Point (રહે) તેને પરમાણુ કહીએ, તેને દ્રવ્ય કહીએ. એવા અનંતા પરમાણુઓ છે. એમ આ આત્મા જે અંદર છે એમાં જ્ઞાન, દર્શન આદિ ગુણ છે અને ક્ષણે ક્ષણે પલટતી એની પર્યાય છે તે પર્યાય એટલે અવસ્થા. અવસ્થા અને ગુણ થઈને દ્રવ્ય છે. પરને લઈને એ દ્રવ્ય છે એમ નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ હવે ? ભાષા તો સાદી છે. ભાવ તો જે હોય ઈ હોય. કરોડ રૂપિયાને સહેલો કરવા માટે ચાર આના કહે ઈ સહેલું કહેવાય ? કરોડને કરોડ રૂપિયા સમજે ઇ સમજાણું સાર કહેવાય. એમ વસ્તુની સ્થિતિ જે રીતે છે તે રીતે સમજવું તો એ સાર છે. સહેલું કરીને–ઊંધું કરીને સમજવું (એ સાર નથી). આહા..હા...! અરે...! ચોરાશી લાખ (યોનીના) અવતાર કરતા કરતા અનંતકાળ થયા. પોતે આત્મા તો નિત્ય છે. કયા ભવે નથી ? બધા ભવમાં ભમતાં... ભમતાં... ભમતાં... ભમતાં... ભૂતકાળના ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આદિ નથી. કાગડાના, કૂતરાના એવા અનંત અનંત ભવ કર્યા છે. આ..હા..હા...!

વસ્તુ પોતે નિત્ય છે અને પર્યાય પલટે છે. વસ્તુ નિત્ય છે, તેની શક્તિઓ નિત્ય છે અને તેની અવસ્થા પલટે છે. એ છએ દ્રવ્યનું સ્વરૂપ છે. છ દ્રવ્ય છે. ઈ વાત લાંબી પડે. અત્યારે આપણે આત્મા અને પરમાણુ બેનું લઈએ છીએ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.'** શું કીધું ઈ ? કેરીની લીલી, પીળી અવસ્થા થાય પણ પરમાણુ તો ઈના ઈ જ છે. બીજું દ્રવ્ય નથી થયું. આહા..હા...! એમ આ શરીરમાં બિલકુલ તાવ નહોતો અને એમાં તાવની પર્યાય થાય એથી તે બીજું દ્રવ્ય થઈ ગયું એમ નથી. એ પૂર્વની ઠંડી પર્યાયનો વ્યય થઈ, ઊની પર્યાયનો ઉત્પાદ થઈ અને દ્રવ્યપણે–વસ્તુપણે કાયમ રહે છે. આ..હા..હા...! આવી ચીજ છે ! આવો માર્ગ છે. આહા..હા...! ગમે તેટલી ભાષા સાદી કરે પણ એની મર્યાદાથી આવે ને ? આહા..હા...!

આ જગતમાં જે દેખાય છે એ 'છે' ઈ દેખાય છે ને ? એક વાત. અને દેખનારો છે તો દેખે છે ને ? બે વાત. શું કીધું ? Logicથી–ન્યાયથી કાંઈક સમજવું પડશે ને ? આ ચીજો દેખાય છે તો એ છે કે નહિ ? અસ્તિ છે કે નહિ ? એની સત્તા છે કે નહિ ? એ મોજૂદગી ચીજ છે કે નહિ ? કે આકાશના ફૂલની પેઠે છે ? આકાશના ફૂલ ન હોય. આ બધું તો અસ્તિ છે. ઈ બધું અસ્તિ છે અને એનો જાણનારો આ (આત્મા) છે. એની એને ખબર નથી, આની આને ખબર નથી, આ તો જડ માટી છે. ભાષા જડ છે એની (એને) ખબર નથી, જડ શરીરને ખબર નથી કે હું જડ છું. જાણનાર એવો આત્મા એ પણ છે અને જણાય એવી ચીજ પણ છે. આહા..હા...! બન્ને ચીજની અંદર જાણનારો આત્મા એક (છે) એવા અનંત આત્માઓ છે. આહા..હા...! અને જણાય એવા પદાર્થો અનંત (છે) એ અનંત તત્ત્વો છે. અનંત તત્ત્વોને જાણનારો આત્મા (છે) એની એક સમયમાં અનંતને જાણવાની પર્યાય એટલે અવસ્થા થાય. પહેલી થોડાને જાણવાની હતી પછી ઘણાંને જાણવાની થઈ અને જે જ્ઞાનગુણ છે એ તો કાયમ રહ્યો. કાયમ એકરૂપ રહીને અવસ્થા પલટી. એ પલટેલી અવસ્થા અને ગુણ દ્રવ્ય – તત્ત્વ છે. એ પલટતી અવસ્થા બીજાથી થઈ છે (એમ નથી). આહા..હા...! કર્મને લઈને એ પલટતી અવસ્થા થઈ છે એમ નથી. ભારે કામ, બાપુ ! આહા..હા...! આ Logic ઝીણી વાત છે. આહા..હા...!

એ અહીં કહે છે. '**(કેરીના દૃષ્ટાંતની જેમ, દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું,...**' જેમ કેરીની પહેલી અવસ્થા લીલી હતી પછી ઉત્તર અવસ્થા પીળી થઈ અને કેરીના ગુણ છે એ કેરીમાં છે. તેમ '**(દ્રવ્ય પોતે જ...**)' તેમ કોઈ પણ વસ્તુ – આત્મા, પરમાણુઓ (આદિ) '**(ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર...**)' પૂર્વ એટલે પહેલું, ઉત્તર એટલે પછી. (એવા પૂર્વ અને ઉત્તર) '**(ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું...**)' પોતાની સત્તાને અનુભવતું. પૂર્વ પર્યાય વ્યય થઈ, નવી પર્યાય (ઉત્પન્ન) થઈ એ પોતાની સત્તાની સ્થિતિ છે. અનુભવતુંનો અર્થ હોય છે. જડને પણ અનુભવતું એમ અહીં કીધું છે ! જાણવું-દેખવું એનામાં નથી, આ તો માટી છે પણ એનામાં ઉત્પાદ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યય જે થાય છે તે તેના પર્યાયને પરમાણુ અનુભવે છે, એની પર્યાયને અનુભવે છે, એમ કહે છે. આ..હા..હા...!

બીજી રીતે કહીએ તો આ શરીરમાં જે તાવ આવે, એ અંદર પરમાણુની શક્તિ છે – રંગ, ગંધ, રસ, સ્પર્શની (શક્તિ છે), એનું એ પરિણમન છે. (એનામાં) સ્પર્શ નામનો ગુણ છે. પરમાણુ છે એ અસ્તિ તત્ત્વ છે. છે... છે... એમાં એક સ્પર્શ નામની શક્તિ – ગુણ છે. સ્પર્શ... સ્પર્શ ! એની ઠંડી અવસ્થામાંથી ગરમ (અવસ્થા) થાય છે. પહેલી ઠંડી હતી, પછી ગરમ થાય. એ ગરમ થતાં અને ઠંડી જતાં, એ ગુણ અને પર્યાય થઈને બધું દ્રવ્ય જ છે. એ પરને લઈને થયું છે અને પરને લઈને મટે છે (એમ નથી). (આવું હોય તો) આ બધાં દવાખાના બંધ કરવા પડે ! આ..હા...! બાપુ ! પ્રભુ ! એ તો એની ચીજ એને કારણે થાય છે. તું મફતનો અભિમાન કરતો હો કે, મારાથી થાય, ઇ કાઢી નાખવાનું. સમજાણું કાંઈ ? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે' 'નરસિંહ મહેતા' કહે છે. 'જૂનાગઢ' ! 'નરસિંહ મહેતા' છે ને ? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર જેમ કૂતરુ તાણે. ગાડું તો ચાલતું હોય બળદથી. ઠીઠું અડ્યું તો (માને કે) મારાથી આ ચાલે છે ! એમ આ દુકાનને થડે બેઠો હોય અને પાંચ-પચીસ હજાર મળતા હોય તો (માને કે) મારાથી આ બધા મળે છે, હું આ વ્યવસ્થા કરું છું. નોકરોને બરાબર વ્યવસ્થા આવડતી નથી, હું થડે બેસું તો વ્યવસ્થા કરું. તમે બેસો અને નોકર બેસે એમાં ફેર ન પડે ? ફેર પડે ? ફેર તો એને લઈને પડે છે. તમારા (બેસવાથી) ફેર પડે છે એમ નથી. એમ કહે છે. ઝીણી વાત છે, બાપુ ! ધર્મ સમજવો (ઝીણી વાત છે). પરિભ્રમણ કરતાં અનંત... અનંત.. કાળ થયો. એ દુઃખી છે, દુઃખી છે.

અંદર અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહા..હા...! પણ એનાથી વિપરીત માન્યતામાં– વિપરીત શ્રદ્ધામાં, જેનું અસ્તિત્વ સ્વતંત્ર છે તેનું ન માનતા, મારે લઈને એમાં થાય અને એને લઈને મારામાં થાય એવી મિથ્યાશ્રદ્ધાથી ઈ દુઃખી છે. ભલે કરોડોપતિ, અબજોપતિ હો, બિચારા ભિખારા દુઃખી, દુઃખી છે. બરાબર હશે ? એ પરમાણુએ પરમાણુ સ્વતંત્ર (છે), એ તારા નહિ. અર..ર..ર...!

પ્રશ્ન :– આટલા કરોડો રૂપિયા આપે એને દુઃખી કહેવા ?

સમાધાન :– કોને કહેવા ? બે અબજ કીધું નહિ ? આપણે 'ગોવા'માં એક સ્થાનકવાસી જૈન છે. બે અબજ ચાલીસ કરોડ ! ગુજરી ગયો હમણાં દોઢ-પોણા બે વર્ષ પહેલાં. 'મુંબઈ' ! એની વહુને હેમરેજ થયેલું. ત્યાં તો ચાલીસ લાખનો બંગલો છે. દસ-દસ લાખના 'ગોવા'માં બંગલા છે અને બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. એની (વહુને) હેમરેજ થયેલું (એટલે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાં આવેલો. ત્યાં બે-ચાર દી' થયા ને કહે કે, મને દુઃખે છે, ડૉક્ટર બોલાવો. જ્યાં ડૉક્ટર આવે છે ત્યાં... જાઓ રખડવા, ચાર ગતિ ! આ..હા..હા...! ક્યાં જવું ? જેવા ભાવ કર્યા એ ભાવે અજાણ્યા ક્ષેત્રે જઈને અવતાર (લેવા). તારા ચાલીસ લાખના બંગલા હેઠે પડ્યા રહ્યા. બે અબજ ને ચાલીસ કરોડ ! વાણિયા દસાશ્રીમાળી ! પાણાસણાનો ! (એનો) છોકરો હમણાં દર્શન કરવા આવ્યો હતો. હમણાં 'મુંબઈ' ગયા ત્યારે આવ્યો હતો. આવે, પણ ક્યાં બિચારાને આ વાત (સમજાય) ? ખ્રિસ્તીને પરણ્યો છે. પૈસા બહુ એટલે છોકરો ખ્રિસ્તીને પરણ્યો છે. હમણાં 'મુંબઈ' હતા ત્યારે દર્શન કરવા આવ્યો હતો. અરે...! બિચારા ભિખારા...! ભિખારા એટલે ? આ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદની અનંત લક્ષ્મી છે એ લક્ષ્મીની જેને ભાવના અને શ્રદ્ધા નથી અને આ લક્ષ્મી આવે, બાયડી આવે, છોકરા આવે એ બધા ભિખારા, પરવસ્તુને માગનારા માગણ છે. આહા..હા...!

દરબારને કહ્યું હતું. ભાવનગર દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. 'શ્રીકૃષ્ણકુમાર' ! અત્યારે છે એના બાપ–'કૃષ્ણકુમાર', 'ભાવસિંહ' એનો દીકરો. બે-ત્રણ વાર વ્યાખ્યાનમાં આવ્યા હતા, કીધું, 'દરબાર ! મહિને લાખ માગે ઈ નાનો માગણ, પાંચ લાખ માગે ઈ મોટો માગણ અને કરોડ માગે ઈ મોટો માગણનો માગણ છે.' અહીં અમારે ક્યાં એની પાસે કંઈ લેવું હતું કે, રાજી થાય તો પૈસા આપે. અહીં શું છે ? માણસ નરમ હતો, બિચારો કહે, 'સાચી વાત, મહારાજ !' અંદર પડ્યું છે, અંતર અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ – શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે, અનંત જ્ઞાન અને અનંત આનંદ જેનો સ્વભાવ છે એની મર્યાદા શી ? આ..હા...! તારી નજરું ગઈ નથી, તેં શ્રદ્ધા કરી નથી. એવો જે ભગવાનઆત્મા ! એને મૂકીને, આ લાવો... આ લાવો... બાયડી લાવો, છોકરા લાવો, છોકરાની વહુરુઓને ઠેકાણે પાડો ને છોકરાને ઠેકાણે પાડો... મરી ગયો અનાદિથી. પોતાની સત્તાનો સ્વીકાર ન કરતાં પરની સત્તાના સ્વીકારમાં પરની સત્તાના કાર્ય હું કરું છું, મારે લઈને બધું થાય છે (એમ માનવું)... આહા..હા...! એ મૂઢતા છે. આવું છે. આહા..હા...!

તમારો શેઠ આવ્યો હતો ને ? 'મુંબઈ' આવ્યો હતો. પચાસ કરોડ ! આવે, જ્યાં જઈએ ત્યાં મોટા આવે તો ખરા, પણ બિચારા સમજે શું ? ધૂડ ! પચાસ કરોડ ! પોતે બધા વૈષ્ણવ અને બૈરાઓ બધા જૈન. આવ્યા હતા બિચારા. કાંઈ ખબરું ન મળે, વાતું મોટી કરે. સાંભળનારા બિચારા સાધારણ હોય એ મોટપનું માન આપીને મારી નાખે ! આહા..હા...! બાપુ ! મોટો તો પ્રભુ ! તું અંદર આનંદ અને જ્ઞાનથી મોટો છો ! આ..હા..હા...! અરે..રે...!

ચૈતન્યહીરલો અંદર છે. ચૈતન્યહીરો ! જેમ હીરાને પાસા હોય છે એમ આ ચૈતન્યને અનંત ગુણના પાસા હોય છે. આ..હા..હા...! એ ગુણની વર્તમાન અવસ્થા થાય તે ગુણપર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ ગુણપર્યાય તે દ્રવ્ય–વસ્તુ છે. ગુણ-પર્યાય તે દ્રવ્યથી અનેરી ચીજ થઈ નથી. આહા..હા...! સમજાય છે કે નહિ ? આપણે તો અહીં ૪૪ વર્ષથી ચાલે છે. સવા ચુમ્માલીસ વર્ષ તો અહીં થયા – આ જંગલમાં ! ૪૫ વર્ષે અહીં આવ્યા છીએ. સવા ચુમ્માલીસ (વર્ષ) થયા. (સંવત-૧૯૯૧માં) ફાગણ વદ ૩, આવ્યા હતા. પછી કરોડો રૂપિયા નખાઈ ગયા. એની પર્યાય થવા કાળે થાય, એમાં (બીજા) કોઈથી થાય નહિ, હોં ! આ..હા..હા...!

અસ્તિ છે કે નહિ ? જે દેખાય છે અને દેખનારો છે – દેખાય છે અને દેખનારો છે એ અસ્તિ છે કે નહિ ? સત્તા છે કે નહિ ? મોજૂદગી ચીજ છે કે નહિ ? તો મોજૂદગી (ધરાવતી) ચીજ એ કાયમ રહેનારી અનાદિ-અનંત છે કે નવી નવી થાય છે ? એ ચીજ છે એમાં અનંતા ગુણ ભર્યા છે. નવું નવું થાય એ તો પર્યાય – અવસ્થા થાય. ગુણ અને દ્રવ્ય તો કાયમ છે. અવસ્થા બદલે–રૂપાંતર થાય. આહા..હા...! એ રૂપાંતર અને ગુણ તે દ્રવ્ય છે, દ્રવ્યથી એ જુદા નથી. આ..હા..હા...! આવો ઉપદેશ ! છે ?

‘**(પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું હોવાને લીધે પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે,...)**’ આહા..હા...! દ્રવ્ય એટલે વસ્તુ અથવા દ્રવ્ય એટલે ‘દ્રવતી ઇતિ દ્રવ્યમ્’ જેમ પાણીનો પિંડ હોય (એમાં) તરંગ ઊઠે–તરંગ દ્રવે એમ વસ્તુ છે ઈ પર્યાય–અવસ્થા બદલે છે એ અવસ્થાને દ્રવ્ય કરે છે તેથી તેને દ્રવ્ય કહીએ. એ દ્રવ્યની પર્યાય પોતે દ્રવ્ય કરે છે પણ એની પર્યાય બીજો દ્રવ્ય કરે એ ત્રણકાળમાં બનતું નથી. માને ન માને સ્વતંત્ર છે. આ..હા..હા...! પરમ સત્ય આ છે !

સત્ સાહેબ ચૈતન્યપ્રભુ અનંત જ્ઞાન અને અનંત આનંદથી ભરેલો સત્ પ્રભુ છે. એની અવસ્થા ક્ષણે ક્ષણે થાય છે એ અવસ્થા અને ગુણ થઈને દ્રવ્ય છે. શરીર થઈને દ્રવ્ય છે, વાણી થઈને દ્રવ્ય છે, પૈસા થઈને દ્રવ્ય છે, બાયડીને લઈને દ્રવ્ય છે (એમ નથી). બાયડી અર્ધાંગના કહેવાય ! ધૂડમાં પણ અર્ધાંગના નથી. બાયડી વળી એને પતિદેવ કહે ! ઈ વળી એને ધર્મપત્ની કહે ! એમ ભાષા લગાડે. કોણ હતા ? બાપા ! વસ્તુ જુદી છે. આહા..હા...! જુદે જુદી ચીજને જુદું કોઈ કરે (એ ત્રણકાળમાં નથી). ઝીણું પડે, ભાઈ ! એક તત્ત્વ બીજા તત્ત્વને અડે નહિ. કેમ બેસે ? ભગવાનઆત્મા અંદર અરૂપી–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો અને જ્ઞાન, દર્શન, આનંદવાળો શરીરને અડતો નથી અને આ શરીરના રજકણો આત્માને અડતા નથી. કેમકે આ તો જડ–રૂપી છે અને આ પ્રભુ અરૂપી છે. આ..હા..હા...!

પ્રશ્ન :– તાવ આવે છે ત્યારે દુઃખે છે કેમ ?

સમાધાન :– દુઃખે છે એ તો દ્વેષ કરે છે માટે. અણગમો કરે છે, ઈ દ્વેષને (કારણે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખ છે, તાવનું (દુઃખ) નહિ. તાવની તો જડની અવસ્થા છે પણ એમાં અણગમો કરે છે (કે) આ ઠીક નથી, એનું નામ દ્વેષ છે, એનું નામ દુઃખ છે. આહા..હા...! ધર્મીજીવને આત્મજ્ઞાન, દર્શન અને આનંદનું ભાન હોવાથી એને એ શરીરમાં રોગાદિ હોવા છતાં પોતાને આનંદ માને, એ આનંદનો અનુભવ કરે. જરી દુઃખ થાય પણ એ જાણે. આ..હા..હા...! બહુ ફેર વસ્તુનો !

અહીં તો સવા ચુમ્માલીસ વર્ષથી ચાલે છે, ભાઈ ! (સંવત–૧૯૯૧ના) ફાગણ વદ ૩ અહીં આવ્યા છીએ. ત્રણ વર્ષ બીજામાં રહ્યા, 'સ્ટાર ઑફ ઇંડિયા' મકાન છે ત્યાં ત્રણ વર્ષ રહ્યા. પછી આ 'સ્વાધ્યાય મંદિર' (સંવત–૧૯૯૪માં) થયું. આ..હા..હા...! અહીંથી બાવીસ લાખ તો પુસ્તક બહાર પડ્યા છે ! (લોકો) વાંચન કરે છે. 'નાઈરોબી' છે, 'આફ્રિકા'માં છે. હમણાં 'આફ્રિકા'માં મંદિર બનાવે છે. પૈસાવાળા છે, આઠ કરોડોપતિ (છે), બીજા પૈસાવાળા છે. જેઠ સુદ ૧૧ (ખાતમૂહુર્ત હતું). પંદર લાખનું મંદિર તૈયાર કર્યું છે. હવે એ લોકોની ત્યાં આવવાની માંગણી છે, થાય એ ખરું. હવે ૯૦ વર્ષ થયા ! દેખાવ લાગે પણ જાવું... માંગણી છે એની. આ..હા..હા...!

આ ચીજ... અરે..રે...! સાંભળવા મળે નહિ અને જે સાંભળવા મળે એ બધું ઊલટું મળે. અરે...! સત્યને કેદી' પહોંચે ? સત્યને સત્ય તરીકે કેદી' સ્વીકાર કરે ? આહા..હા...! છે ? '**(પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે,...)**' વસ્તુ એક જ છે. કેરીની લીલીની પીળી (અવસ્થા) થઈ અને એનો જે વર્ણ ગુણ છે, એ ગુણની લીલી અને પીળી પર્યાય કહેવાય અને અંદર રંગ છે એ ગુણ કહેવાય. એ ગુણ અને પર્યાય (છે) એવા અનંતા ગુણો અને એવી અનંતી પર્યાયો તે વસ્તુ છે – તે તત્ત્વ છે. પરને લઈને નહિ. આહા..હા...! પર તત્ત્વને લઈને પર તત્ત્વના પર્યાયો નહિ, પર તત્ત્વને લઈને પર તત્ત્વના ગુણો નહિ, પર તત્ત્વને લઈને પર તત્ત્વનું દ્રવ્ય નહિ. આ..હા..હા...! હવે આ કેદી' ભેગા થાય ? જે સાંભળવા મળવું મુશ્કેલ, પકડાવું મુશ્કેલ. દુનિયાને જાણીએ છીએ ને, ભાઈ ! ૬૭ (વર્ષ) થયા ૬૭, દુકાન છોડ્યા. દુકાન ઉપર પણ હું તો શાસ્ત્રનો અભ્યાસ કરતો. નાની ઉંમરથી ! દુકાન પિતાજીની (હતી). આ દશવૈકાલિક, ઉત્તરાધ્યયન બધાં દુકાન ઉપર વાંચેલા. સંવત–૧૯૬૪, ૬૫, ૬૬ની (સાલ) ! એટલા વર્ષની વાત છે. આહા..હા...! આ તત્ત્વ કંઈ અલૌકિક છે ! આ તત્ત્વ એ પુસ્તકોમાં ક્યાંય હતું નહિ.

અહીં એમ કહ્યું કે, જેમ કેરી છે એ પરમાણુઓ–રજકણ છે. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ એના ગુણ છે અને તેની લીલી અને પીળી અવસ્થા છે. એ લીલી, પીળી અવસ્થાથી તેના ગુણ અને તેનું દ્રવ્ય જુદું નથી, અભિન્ન છે. એમ દરેક દ્રવ્યને ક્ષણે ક્ષણે થતી અવસ્થા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને તેનો કાયમ રહેનારો ગુણ, એ ગુણ અને પર્યાય તે દ્રવ્ય છે. બીજા દ્રવ્યને લઈને એમાં પર્યાય પલટે છે એમ નથી. સમજાય છે કે નહિ ? આહા..હા...! વાડામાં તો એમ (કહે કે), દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, દેરાસર બનાવો, એમાં શું ધૂડમાં છે ? આહા..હા...!

આનું તાત્પર્ય એ છે કે, જ્યારે દરેક દ્રવ્યના ગુણ-પર્યાય તે દ્રવ્ય છે તો તારો આત્મા જે છે તેના ગુણ અને પર્યાય તે આત્મા છે. તેથી તે આત્મા અખંડ છે તેના ઉપર દૃષ્ટિ કર કે, જેથી તને બધાની સત્તાનો નકાર થશે અને પોતાની પૂર્ણ સત્તાનો સ્વીકાર થશે અને સ્વીકાર થતાં તને અતીન્દ્રિય આનંદ આવશે. આ..હા..હા..હા...! આ એનું તાત્પર્ય છે. એ..ઈ...! આ શું કરવા સમજવું ? પ્રશ્ન કર્યો હતો ને ? આ..હા..હા...!

ભગવાનઆત્મા ! દ્રવ્ય છે – વસ્તુ છે. એમાં જ્ઞાન, જાણવું-દેખવું, આનંદ એ એના ગુણ છે, એવા અનંત (ગુણ છે) અને તેની મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આ પર્યાય થાય છે ને ? થોડું જ્ઞાન (હોય) પછી વધે એવી દશા પલટે છે એ પર્યાય છે. એ પર્યાય (અને) ગુણ તે આત્મા છે. જ્યારે એમ છે તો એને બીજા દ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઉઠાવી (દેવી). કારણ કે બીજાનું કરી શકતો નથી, બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય તેના છે. આહા..હા...! હુશિયાર માણસને આ વેપારનું શું કરવું ? હુશિયાર માણસ કહેવાય છે ને ? દસ હજારનો પગાર (હોય) એ હુશિયાર ન કહેવાય ? ધૂડમાં પણ નથી. આહા..હા...! એ રજકણે રજકણ તેના ગુણ-પર્યાયથી તે દ્રવ્ય છે. એને લઈને તું નથી અને તારે લઈને એ નથી. આ..હા..હા...! આવું બેસવું કઠણ પડે. છે ?

'**(એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી);...**' શું કીધું ઈ ? દરેક પદાર્થનો જે ગુણ – શક્તિ છે અને એની થતી અવસ્થા તે દ્રવ્ય છે. તે દ્રવ્ય એટલે તે જ વસ્તુ છે. દ્રવ્યાંતર એટલે અનેરું દ્રવ્ય એ નથી. અવસ્થા પલટી એટલે એમ થાય કે, આ શું ? લીલીની પીળી ને પીળીની કાળી (અવસ્થા થાય) તો કહે છે કે, એ તો એની અવસ્થા છે, એ કાંઈ અનેરું દ્રવ્ય નથી. એ દ્રવ્યસ્વરૂપ જ છે, એ પદાર્થ એ પદાર્થસ્વરૂપ જ છે. આહા..હા...!

'**(અર્થાત્ તે તે ગુણપર્યાયો અને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, ભિન્નભિન્ન દ્રવ્યો નથી).**' આ..હા..હા...! આ આત્મા શરીરને કે વાણીને અડ્યો પણ નથી. તેનામાં કાયમના જે ગુણો છે – જાણવું, દેખવું, આનંદ (આદિ ગુણો છે) એની વર્તમાન પર્યાય (છે), કોઈની વિકારી અને અવિકારી થાય. એ પર્યાય અને ગુણ તે આત્મા છે. એનું આત્માનું અસ્તિત્વ એના ગુણ-પર્યાયના અસ્તિત્વમાં છે. એનું અસ્તિત્વ–સત્તા (છે) એ અસ્તિત્વ છોડીને પરની સત્તાના અસ્તિત્વમાં છે એમ કદી નથી. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'વળી જેમ પીતભાવે ઊપજતું,...'** કેરી. **'હરિતભાવથી નષ્ટ થતું અને આમ્રફળપણે ટકતું...'** કેરીપણે તો ટકે છે ને ? **'આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે,...'** આમાં શું કહેવું છે ? કે, ઉત્પાદ-વ્યય અને ધ્રુવ અમે સિદ્ધ કરી ગયા છીએ પણ આમાં ગુણપર્યાય તે દ્રવ્ય છે ઈ સિદ્ધ કરવું છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એક સમયમાં ઊપજે, વ્યય થાય અને ધ્રુવ રહે, એ સાબિત કરી ગયા છીએ. અહીં તો ગુણપર્યાય તે દ્રવ્ય (છે એમ) સિદ્ધ કરવું છે. આહા..હા...! પેલા ત્રણ બોલ હતા, આ બે બોલ છે. નવી અવસ્થા ઊપજે, પૂર્વની અવસ્થા જાય અને વસ્તુ તરીકે સદૃશ કાયમ રહે. એ ત્રણ થઈને દ્રવ્ય કીધું હતું. અહીંયાં ગુણપર્યાય બે થઈને દ્રવ્ય કહે છે. આ..હા..હા...! આ કૉલેજ તો જુદી જાતની છે, ભાઈ ! દુનિયાની બધી ખબર નથી ? આખા હિન્દુસ્તાનમાં દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. દસ-દસ હજાર માઈલ ! બધા સમજવા જેવા છે.

આ તત્ત્વ જે અંદર છે એમાં એની જે અવસ્થા–દશાઓ થાય છે – જાણવાની, દેખવાની, માનવાની, અરે...! રાગની, એ બધી દશા અને ગુણ તે તત્ત્વ છે. એનું એ અસ્તિત્વ છે. આનું અસ્તિત્વ (છે તેમાં) પરને લઈને વિકાર થાય, પરને લઈને ગુણ ટકે, પરને લઈને દ્રવ્ય આવે એમ નથી. સમજાણું કાંઈ ? આવો ઉપદેશ કઈ જાતનો ? પેલું તો (સહેલું હતું), આમ કરો, સેવા કરો, દવાઓ કરો, ફલાણું કરો... આહા..હા...! ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, ખાલી જગ્યામાં ઓટલા બનાવો, દવા આપો, ફલાણું કરો. ભગવાન ! સાંભળને પ્રભુ ! તું કર... કર... કર... એમ કહે છે તો સામે એ ચીજ છે કે નહિ ? સામી કોઈ ચીજ છે કે નહિ ? એને તું કરવા માગે છે ને ? તો સામી ચીજ છે તો એ ચીજ એના ગુણ અને શક્તિ વિનાની છે ? કે ગુણ અને શક્તિવાળી છે ? ગુણ અને શક્તિવાળી ચીજ હોય તો એનું પરિણમન એનાથી થાય છે કે તારાથી થાય છે ? આ..હા..હા...! Logicથી–ન્યાયથી આ વાત છે પણ એ સમજવું જોઈએ. આ..હા...!

**'આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે, તેમ ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે ઊપજતું...'** જોયું ? અહીંયાં ગુણ અને પર્યાય સિદ્ધ કરવા છે ને ? **'ઉત્તર અવસ્થાએ...'** દરેક દ્રવ્યની ઉત્તર અવસ્થા – પછીની પર્યાય. **'પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું...'** ગુણ તો અવસ્થિત છે. **'પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું...'** આહા..હા...! **'અને દ્રવ્યત્વગુણે ટકતું હોવાથી,...'** વસ્તુપણે ટકતું હોવાથી **'દ્રવ્ય એકદ્રવ્યપર્યાયદ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** લ્યો ! આ..હા..હા...! માથે (ટીકાની શરૂઆતમાં) તો એમ કહ્યું હતું કે, **'ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે,...'** એનો આ સરવાળો કર્યો છે. ઉત્પાદ-વ્યય પર્યાયમાં આવી અને ગુણ આવ્યો ગુણમાં. એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે ગુણ-પર્યાય છે. એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પણ દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને ગુણ-પર્યાય પણ દ્રવ્ય છે. આહા..હા...! **'અને દ્રવ્યત્વગુણે ટકતું હોવાથી, દ્રવ્ય એકદ્રવ્યપર્યાયદ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'**

**ભાવાર્થ :– 'આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાયદ્વારા (અનેકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં.'** આ..હા..હા...! બે પરમાણુથી માંડી અનંત પરમાણુ ભેગા થાય તેની એક પર્યાયને સમાનજાતીય દ્રવ્યની પર્યાય – અવસ્થા કહેવામાં આવે છે અને આત્મા અને આ શરીર–બેને અસમાનજાતી દ્રવ્ય (કહેવામાં આવે છે). આ જાત જુદી, આની (–શરીરની) જાત જુદી. એને અસમાનજાતીય પર્યાય કહેવામાં આવે છે. આહા..હા...! આ ભાષા કઈ જાતની ? છે ને ? **'આ પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાયદ્વારા (અનેકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. આ ગાથામાં ગુણપર્યાયદ્વારા...'** વાત અહીં છે. સમજાણું ? આ..હા..હા...!


પહેલામાં ત્રણ બોલ હતા – ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય. ઉત્પાદ (એટલે) દરેક પદાર્થમાં નવી નવી અવસ્થા થાય છે, પુરાની અવસ્થા બદલે છે, ધ્રુવપણે રહે છે. એ ત્રણે થઈને એક તત્ત્વ છે. અહીંયાં ગુણ-પર્યાયને લીધું. ગુણ, દ્રવ્યમાં કાયમ રહેનારા (છે) અને એની બદલીને જે પરિણતિ થાય એ પર્યાય અને ગુણ દ્રવ્ય છે. પેલું ઉત્પાદ-વ્યય અને ધ્રવ તે દ્રવ્ય કીધું હતું. અહીંયાં ગુણ અને પર્યાયને દ્રવ્ય કીધું. આહા..હા...! બેમાં કાંઈ ફેર નથી.

**'ગુણપર્યાયદ્વારા (એકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યાં છે.'** લ્યો ! પહેલાં ઉત્પાદ-વ્યયથી બતાવ્યું, આમાં ગુણ-પર્યાયથી બતાવ્યું. આહા..હા...!

(૧૦૪ ગાથા પૂરી થઈ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com